પાટલીપુત્રની પડતી.

VISIT…

LANZAROTE
Caliente.COM

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराअिट विभाग]
अनुक्रमांक ૧૧૫૮૮ वर्गांक .
पुस्तकनु नाम પારસી [illegible]
विषय ૨-'३

રસિક નવલકથામાળા　　　　　　　　પુસ્તક ૧૨ મું

પાટલીપુત્રની પડતી.

લેખક—
ગોવર્દ્ધનદાસ કહાનદાસ અમીન.
સિનોર

પ્રકાશક,
પુંજાલાલ ભગવાન પારેખ.
વઢવાણ સીટી

મુંબઈના એજન્ટ,
મોહનલાલ પિતાંબર—બૂકસેલર
કાલબાદેવી રોડ—મુંબઈ નં. ૨

આવૃત્તિ ૧ લી　　　　　　　　પ્રત ૭૫૦
સંવત ૧૯૮૦　　　　　　　　સને ૧૯૨૪

વસંત મુદ્રણાલયમાં, ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપ્યું
સિવિલ હૉસ્પીતાલ સામે—અમદાવાદ

મૂલ્ય રૂ ૪-૮-૦

(ગ્રંથસ્વામીત્વના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન)

આજ લેખકનાં અન્ય પુસ્તક.

૧૯૮૦૯

ગુજરાત વિદ્યાપીઠ
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

દા બૂકર ટી વૉશિંગ્ટન	૧–૪–૦
પ્રતિજ્ઞાપાલન	૧–૦–૦
અદ્ભુત આગબોટ	૧–૦–૦
દા દાદાભાઇ નવરોજી	૦–૩–૦
યૂરોપનો રણરંગ	૨–૦–૦
છત્રપતિ રાજારામ	૨–૮–૦
જર્મનીની ઉન્નતિ	૨–૦–૦
દક્ષિણનો વાઘ	૩–૦–૦
સુબોધ પુષ્પવાટિકા	૧–૮–૦
જગતનો મહાન પુરુષ	૧–૪–૦
જ્ઞાનેશ્વરી	૩–૦–૦
મહાત્મા ટૉલ્સ્ટૉય	૨-૧૨-૦
દુર્ભાગી દારા	૩–૮–૦

નિવેદન.

ઐતિહાસિક નવલકથા એટલે પ્રજાને પોતાના પ્રાચીનત્વનુ, પ્રાચીન સસ્કૃતિનુ, પ્રાચીન ગૌરવનુ અખડ સ્મરણ રખાવનાર શાસ્ત્રપુરાણ, એમ જ કહેવુ જોઇશે શાળાપાઠશાળાઓના ઇતિહાસ અને ભૂગોળના પુસ્તકો જેટલી તવારીખો ભણાવે છે, જે નિદર્શન ઉત્પન્ન કરે છે તે ક્ષણિક હોય છે જ્યારે ઐતિહાસિક નવલકથાઓ વાચનારના મસ્તિષ્કમા કાયમનુ સ્થાન મેળવે છે, એવો અનુભવ પ્રત્યેક વિચારકને થયા સિવાય રહ્યો નથી, અને તેથી એ દિશામા પ્રયત્ન થાય તો તે ઇચ્છવા જોગ છે, એવી માન્યતાને કેટલાક સસ્કારી મિત્રોએ ટેકો આપવાથી મે તેવા પ્રયત્નો કર્યા છે આ પુસ્તક પણ તેનુ જ પરિણામ છે

પાટલીપુત્ર એ પ્રાચીન ઐતિહાસિક નગર છે આજે તેને પટણા-પટના નામથી ઓળખવામા આવે છે એ ભૂમિએ કાળના અનેક ઝપાટા સહન કર્યા છે, પણ તે સર્વનુ જે ઐતિહાસિક આલેખન થયુ છે તેમા હિંદુ સામ્રાજ્યસત્તાની અવગણના કરવામા આવેલી છે આમ થવાનુ કારણ અન્ય કઇ નહિ પણ બૌદ્ધાનુયાયીઓએ મૂળભૂત હકીકત બહાર આવવા દીધી નથી તે તેમજ હિંદુઓની સત્યસશોધન વૃત્તિની અછત એ છે એ સબધના કેટલાક પુસ્તક નજરે પડયા છે, પણ તેમા છેલ્લા સમ્રાટ શશાકની પેટ ભરીને નિદા કરેલી દષ્ટિએ આવી છે ખરી સ્થિતિ એવી છે કે સમ્રાટ શશાકે કોઇપણ જાતનો ધર્મદ્વેષ કે ભેદ રાખેલો નથી તેણે સામ્રાજ્યના સરક્ષણ માટે આત્મબલીદાન આપેલુ છે આ વસ્તુને સાચા સ્વરૂપમા મુકવાનુ માન સુપ્રસિદ્ધ બગલેખક શ્રીયુત રાખાલદાસ બેનરજી એમ એ એમને ઘટે છે એમની ઐતિહાસિક વાર્તાઓ મારા જોવામા આવી હતી અને તેને

ગુજરાતીમા ઉતરેલી જોવા હુ ઇચ્છતો હતો. તેટલામા દૈવયોગે શશાંક વિષે અન્ય એક પુસ્તકમા કેવળ કાળુચિત્ર આલેખાયેલુ જણાયુ, તેથી તત્કાળ આ પુસ્તક ગુજરાતી વાચક સમક્ષ મુકવાનો નિશ્ચય થયો. પ્રયત્ન શરૂ કર્યો પણ બંગ ભાષાના કાચા અભ્યાસથી મુશ્કેલી પડવા લાગી. કહ્યુ છે કે, સત્ય સંકલ્પનો દાતા શ્રી ભગવાન છે તે પ્રમાણે તે અરસામા મરાઠીમા એ વાર્તા બહાર પડેલી જણાતા તેની મદદથી અનુવાદ પુરો થયો અને અંતે વાચક સમક્ષ આ પુસ્તક મુકી શક્યો છુ તે માટે સહાયક, શુભેચ્છકનો આભારી છુ

સિનોર–વડોદરા } ગો૦ ક૦ અમીન.

* * *

અનુક્રમણિકા.

પ્રથમખંડ.

પ્રકરણ ૧ લુ બાલક્રીડા ૧
" ૨ જુ ચદુભટ્ટની ઇતિહાસકથા ૯
" ૩ જુ પાટલીપુત્રનો રાજમાર્ગ ૧૫
" ૪ થુ શશાંકનુ સ્વાભિમાન ૨૪
" ૫ મુ મિલન ૩૨
" ૬ ઠુ દુર્ગસ્વામીનીના વલય ૪૧
" ૭ મુ મહાદેવીનો ન્યાય ૫૦
" ૮ મુ દુર્ગાધિપતિ ૬૪
" ૯ મુ ભવિષ્ય ૭૬
" ૧૦ મુ પ્રેમ–દૂતી ૮૬
" ૧૧ મુ બૌદ્ધ મઠ ૯૬
" ૧૨ મુ આચાર્યનો ઉન્માદ ૧૦૫
" ૧૩ મુ દરબાર ૧૧૧
" ૧૪ મુ ચિત્રાની સત્તા ૧૨૨
" ૧૫ મુ રાજનીતિ ૧૨૮
" ૧૬ મુ ગુપ્ત મસલત ૧૩૪
" ૧૭ મુ સખીનુ સખીત્વ ૧૪૧
" ૧૮ મુ જીર્ણમંદિર ૧૫૦
" ૧૯ મુ સામ્રાજ્યનુ મંત્રીભૂવન. ૧૬૦
" ૨૦ મુ અભયદાન ૧૭૧
" ૨૧ મુ આ શુ કર્યુ? ૧૮૧
" ૨૨ મુ બધુગુપ્તનુ પલાયન ૧૮૭

દ્વિતીયખંડ

" ૧ લુ સ્કંદગુપ્તનુ ગીત ૧૯૬
" ૨ જુ નૌકાવિહાર ૨૦૬
" ૩ જુ મૃત્યુભય. ૨૧૪
" ૪ થુ વાત ફૂટી! ૨૨૩
" ૫ મુ સખીની સલાહ ૨૩૩

" ૬ ઠ્ઠુ આચાર્યનુ અભિમાન ૨૪૨
" ૭ મુ સમુદ્રગુપ્તનુ ગીત. ૨૫૩
" ૮ મુ રાજકુમારીનો અભિસાર ૨૬૦
" ૯ મુ સ્વારી ૨૭૦
" ૧૦ મુ શંકરનંદનુ યુદ્ધ ૨૮૪
" ૧૧ મુ ભાગ્યકથન ૨૯૨
" ૧૨ મુ મેઘનંદનુ યુદ્ધ ૩૦૨
' ૧૩ મુ માછીની ઝૂંપડીમા ૩૦૯
" ૧૪ મુ અનંતવર્માનુ બંડ ૩૧૮
" ૧૫ મુ જ્યોતીપરનુ પતંગીયુ ! ૩૨૬
" ૧૬ મુ મહાસનગુપ્તનુ ભવિષ્ય ૩૩૪
" ૧૭ મુ નવીનનુ વેર ! ૩૩૯
" ૧૮ મુ જ્ઞાનોદય ૩૪૬

તૃતીયખંડ

" ૧ લુ અતિથી ! ૩૫૬
" ૨ જુ ચિત્રા જળપ્રવાહમા ૩૬૨
" ૩ જુ બે સમ્રાટ ૩૭૩
" ૪ થુ નરસિંહનો ત્યાગ ૩૮૦
" ૫ મુ દૈવ ફર્યું ૩૮૮
" ૬ ઠ્ઠું બોધીવૃક્ષનો નાશ ૩૯૨
" ૭ મુ વેરની વસુલાત ! ૩૯૭
" ૮ મુ નરસિંહનુ બંડ ૪૦૩
" ૯ મુ પ્રતિષ્ટાનનુ યુદ્ધ ૪૧૧
" ૧૦ મુ દ્વંદ્વ યુદ્ધ ૪૧૯
" ૧૧ મુ મૃત્યુશય્યા પર ! ૪૨૬
" ૧૨ મુ પ્રેમયાચના. ૪૩૧
" ૧૩ મુ પાટલીપુત્રને શાપ ! ૪૪૦
" ૧૪ મુ આત્મબલિદાન ૪૪૭
" ૧૫ મુ સહાય પ્રાર્થના ૪૫૩
" ૧૬ મુ કર્ણસુવર્ણનુ પતન ! ૪૬૦
" ૧૭ મુ અનંત પડયો ૪૬૬
" ૧૮ મુ અનંતમાર્ગનો પ્રવાસી ! ૪૭૨

નવીન રસપૂર્ણ ડીટેક્ટિવ નવલકથા

સફેદ ઠગ.

(ભાગ ૧-૨-૩)

મુબઇનો બાહોશ ડિટેક્ટિવ યાકુમખાન, તેનો મદનીશ સોલી તથા વફાદાર શ્વાન જબુ પોતાના અગાધ બુદ્ધિબળ અને ચાલાકીથી બદમાશોના સરદારને તેમના કૃત્યોનો યોગ્ય બદલો આપે છે તેનો રસિક અને મનોવેધક ચિતાર આ નવલકથામા આપેલો છે મુબઇના બદમાશો પણ કાઇ ઓછા ચતુર નથી તેઓ ડિટેક્ટિવને હફાવવાને માટે કેવી કેવી યુક્તિઓ રચે છે તે જોવા યોગ્ય છે તેમા પણ એક મોટી બેકમા ધોળે દિવસે ધાડ પાડનાર રૂસ્તમ પહેલવાનની અદ્‌ભુત શક્તિ ભલભલા ડિટેક્ટિવોને પણ આગળા કરડાવે છે લાલ બુગ્ખો પણ કાઇ ઓછી ચાલાકી બતાવતો નથી અને રાજકુમારના વેશમા લાખોની ઇસકયામત લૂટી લેનાર કાલીપ્રદાનનુ કૌશલ્ય વાચકને આશ્ચર્યચકિત બનાવે છે આ વાર્ત્તા ખાસ નવીન જ લખાવવામા આવી છે તેનુ એક પૃષ્ટ વાચતા બીજુ પૃષ્ટ વાચવાની આતુરતા વધે છે અને પૂરી કીધા સિવાય શાતિ મળતી નથી આજકાલ અનેક નવલકથાઓ લખાય છે અને છપાય છે પણ આવી ડિટેક્ટિવ નવલકથા તો ભાગ્યેજ પ્રકટ થાય છે

પાકુ સોનેરી મનોહર પુઠું, સુદર છપાઇ, ઉંચા એન્ટિક ફેધરવેટ કાગળ, દળદાર મોટા કદના પૃષ્ટ લગભગ ૫૨૫ છતા મૂલ્ય માત્ર રૂા ૪-૮-૦ **મળવાનુ ઠેકાણુ —**

પુંજાલાલ ભગવાન પારેખ.

વઢવાણ **સીટી-**

નવીન રસિક નવલકથાઓ.

	રૂ આ પા
સંકેત રંગ ભાગ-૧-૨-૩	૪—૮—૦
સ્નેહલગ્નની સુંદરી ભાગ ૧-૨	૩—૮—૦
પંચાસરનો જયશિખરી ભાગ ૧-૨ (સચિત્ર)	૫—૮—૦
દુર્ભાગી દારા ખંડ-૧-૨-૩	૩—૮—૦
ચાલીસ ચહેરાનો માણસ	૩—૮—૦
ભયંકર ભેદ ભાગ-૧-૨	[illegible]—૮—૦
કુદરતી કારસ્થાન ભાગ-૧-૨	૫—૦—૦
ચમત્કારીક ખૂન	૨—૦—૦
શેરલોક હોમ્સના સાહસકર્મો	૨—૦—૦
આગ્રાનો ખજાનો	[illegible]—૦—૦
પ્રેમની ખુમારી ભાગ-૧-૨ (સચિત્ર)	[illegible]—૦—૦
વેર વસુલ ભાગ-૧-૨-૩ ”	૯—૦—૦
વિચિત્ર જગત ભાગ-૧-૨	૬—૦—૦
[illegible] ભાગ ૧-૨	[illegible]—૮—૦
અદ્ભુત કટારી ભાગ-૧-૨ નવી આવૃત્તિ (સચિત્ર)	[illegible]—૮—૦
સોનેરી ટોળી ભાગ-૧-૨	૪—૮—૦

આ તમામ પુસ્તકો પાકા સુશોભિત સોનેરી અને મજબુત પુઠાના તથા ફળદાર કદ અને ઉંચ ગ્લેઝડ અથવા એન્ટીક કાગળપર સુંદર રીતે છાપેલા છે.

પુંજાલાલ ભગવાન પારેખ.
વઢવાણ સીટી

પાટલીપુત્રની પડતી.

પ્રથમ ખંડ.

પ્રકરણ ૧લું.

બાલક્રીડા

આજથી હજાર બારમો વર્ષ પર પાટલીપુત્ર નગરની નીચે શોણ નદીનો પ્રવાહ ભાગીરથી નદીમા ભળી જતો હતો આ શોણ સગમના કીનારાપર એક અતિશય ભવ્ય અને પથરથી બધાયલુ પ્રાચીન ભૂવન હતુ અનેક સદીઓ પૂર્વ શોણ નદીના પ્રવાહની ગતી બદલાઈ ત્યારથી એ ભવ્યભુવનની ભાગી તુટી નિશાનીરૂપે રહેલો–સર્વભાગ ગંગા નદીના ઉદરમા ગરક થઈ ગયો છે

વર્ષાઋતુનો પ્રારંભકાળ હતો સધ્યાસમય પહેલા કેટલીક વારથી શોણનદીની સામેના રાજમહાલયની એક બારી આગળ એક બાલક અને એક વૃદ્ધ મનુષ્ય ઉભા રહેલા જણાતા હતા બાલકની કાન્તી ગૌરવર્ણ હોઈ તેના સુવર્ણમય રેશમ જેવા લાબાલચ કેશ તેની પીઠપર ઝુલી રહ્યા હતા સાયકાનનો વાયુદેવ પણ તે બાલકના કેશ મન્દ સાથે હાસ્ય કરતો રમત રમ્યા કરતો હતો

તે બાલક પાસ જે વૃદ્ધ મનુષ્ય ઉભો હતો, તેની તીક્ષ્ણ દૃષ્ટિ જોતાજ તે [illegible] હોય એમ કોઈ પણ પ્રેક્ષકના ધ્યાનમા સ્વાભા-

વિક ગીને આવે તેમ હતુ તેના કેશ શુભ્ર હોઈ લાંબા હતા તેપર તેણે લીલારંગનો પટકો બાંધેલો હતો તે પુરુષ ભવ્ય અને ઉંચો હતો, તથા તેનો દૃઢ અને આકર્ષક દેહ બહુધા વસ્ત્રશૂન્યજ હતો તેનો કટીપ્રદેશ એક સાધારણ વસ્ત્રથી આચ્છાદાયલો હતો હસ્તમા ભાલો પકડી તે સ્તબ્ધતાથી બાલક પાસે ઉભો રહેલો હતો

પાટલીપુત્ર નગરની નીચે શોણનદીનો મલિન પ્રવાહ ગંગાના પ્રવાહમા પ્રવેશ કરતો હોવાથી ત્યા તરંગલહરીનો પ્રસવ થઈ મોટા ઉછળી રહ્યા હતા વૃષ્ટીજળથી ડોળાઈ ગયેલો ગંગાનદીનો પ્રવાહ વેગપૂર્ણ ગતીથી રત્નાકર તરફ દોડી જતો હતો રાજમહાલયની અગાસીમા ઉભેલો બાલક ગંગાના જલપ્રવાહનુ એકાગ્ર ચિત્તથી નિરીક્ષણ કરતો હતો પશ્ચિમ તરફ ગયેલી નૌકાઓ ધીમે ધીમે કિનારા પ્રતિ ધસી આવતી હતી શોણ સંગમના ઉભયતટે પુષ્કળ નૌકાઓ એકત્ર થઈ રહેલી હતી પરંતુ સંધ્યાસમય થતો જતો હોવાથી ક્ષુબ્ધ થયેલા જલપ્રવાહમા નૌકાને વહેતી મુકવાનુ સાહસ નાવિકો કરી શકતા નહતા, બાલક પાસે ઉભેલા પેલા વૃદ્ધ સૈનિકનુ લક્ષ કિનારા તરફ આવતી એ નૌકાઓ તરફજ લાગી રહ્યુ હતુ

ભાગીરથી તરફ જોતા જોતા બાલકે કહ્યુ “દાદા—”

“હા કુમાર !”

“દાદા, આ નૌકાઓ આજે સામે તીર નહિ જાય ?”

વૃદ્ધે ઉત્તર આપ્યો ‘ ના, કુમાર ! અંધકારના ભયથી નાવિકો નૌકાઓ કીનારા તરફ જ લાવે છે !”

બાલકનો ચહેરો સહજ ફીક્કો પડયો બારીમાથી પાછો વળી તે દિવાનખાનામા ગયો તે વૃદ્ધ સૈનિક પણ બાલક પાછળ ધીમે ધીમે ત્યા જ ગયો

આ સમયે ચારે દિશાઓ અંધકારથી વ્યાપ્ત થયેલી હતી શોણ સંગમ વાદળી પડદાથી ઢંકાઈ ગયો હતો દૂર—છેટે નદીના કીનારા પર લંગર કરી પડેલી નૌકાઓમા ચમકતા નાના નાના દીપકો આગીયા જેવા જણાતા હતા.

દિવાનખાનામા એક રૂપક સ્તભપર એક મોટો દીપક હતો, તે ચોતરફ પ્રકાશ અને સુગધ પ્રસારી રહ્યો હતો દિવાનખાનાનુ સાહિત્ય અતિ ઉચ્ચ પક્તીનુ અને અપૂર્વ હતુ દિવાનખાનાની સગેમરમર પાષાણની સફેદ દીવાલપર નાના પ્રકારના શસ્ત્રાસ્ત્રો લટકતા હતા જે રૂપક સ્તભપર દીપક પ્રકટી રહ્યો હતો, તેની ઉભય બાજુએ બે હાથી દાતના પલગ હોઈ તે પર સફેદ વસ્ત્રથી આચ્છાદેલી મૃદુ શય્યાઓ હતી આ પલગ પૈકી એકપર એક મધ્યમાકૃતિ સુવર્ણ મુકુટ હતો અને બન્ને પલગ વચ્ચેની જગ્યા શુભ્ર ચાદરથી ઢકાએલી હતી

દિવાનખાનામા આવતા જ તે બાલક નીચે જમીનપર પથરાયલી ગાદીપર બેઠો અને તે વૃદ્ધ વીર દૂર—ગાદીના એક છેડાપર ધીન રહી ગોઠવાયો ગાદી પર બેઠા પછી કેટલોક વખત સુધી બાલક તદ્દન સ્તબ્ધ રહ્યો હતો, પરતુ એ પછી કેટલીક ક્ષણે બાલ્યોચિત ચપળતાથી તે ગાદી પરથી ઉઠ્યો અને પલગ પાસે જઈ તેણે સુવર્ણ મુકુટ સ્વહસ્તમા લીધો

બાલક સુવર્ણ મુકુટ હસ્તમા લીધેલો જોતા જ તે વૃદ્ધ સૈનિક મનમા ગભરાયા તેણે ઊભા થઈ બાલક પાસે આવી કહ્યુ 'એ ભારે લેવા નહિ કુમાર! મહારાજ જાણશે તો તે અતિ ગુસ્સે થશે'

બાલકે હાસ્ય કરી ઉત્તર આપ્યો "નાના! હવે હુ આ મમુદ-ગુસનો ધ્વજ તદ્દન મહેલાતથી ઉપાડી શકુ છુ! હુ કઈ એને નીચે પડવા દેવા નહિ!"

એમ કહી બાલકે તે પાચ હાથ લાબો જડ સુવર્ણ મુકુટ સહજ લીલાપૂર્વક ઉચો કર્યો તે જોઈ વૃદ્ધ વીર કિચિત હસ્યો અને બોલ્યા 'કુમાર! એવા પણ દિવસ આવશે કે, ઘોડેસ્વાર થઈ આ ગરુડ-ધ્વજ લઈ તમારે યુદ્ધક્ષત્રમા વીચરવુ પડશે"

પરતુ તેના આ શબ્દો બાલકના કર્ણપટે પહોચ્યા જ નહિ તે આ વખત સુવર્ણ મુકુટનુ એકાગ્ર ચિત્ત નિરીક્ષણ કરતો

મગ્ન થયેલો હતો તે સુવર્ણ ફડપર સુંદર નકશી કામ કરેલું હોઇ તેમાં કંઇ શબ્દો પણ લખાયલા હતા બાલક એ શબ્દો વાચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો ફડના શીરોભાગે એક સુંદર અને ધારદાર ગરૂડ બેસાડેલો હોઇ ચોતરફની ભીંતિપરના શસ્ત્ર સમૂહો વચ્ચે તેની છાયાના બીજા ભિન્ન આકારના પ્રતિબિંબ દૃષ્ટિએ પડતા હતા

વચ્ચેજ વૃદ્ધ તરફ દૃષ્ટિ ફેરવી બાલકે કહ્યું 'દાદા, હું સારી રીતે વાચી શકું છું જુઓ આ ફડપર કેટલાક નામ લખેલા છે આ સર્વ શું આર્ય સમુદ્રગુપ્તેજ લખ્યું છે કે ?"

વૃદ્ધે કહ્યું "ગરુડધ્વજપર કંઇ લખેલું છે, એ વાત તો [illegible] કદી સાંભળી જ નથી

આ વખતે તે બાલક કંઇ બોલવાનો હતો પણ તે તેના મુખ માંથી નીકળે તે પૂર્વે જ એક બાલિકા વાયુવેગે ત્યાં દોડી આવી અને તે બાલકના ગળે સજ્જડ વળગી પડી હાંફતી હાંફતી બોલી ઉઠી—' કુમાર, માધવ કહે છે કે હું તારી સાથે પરણીશ ! તેથી હું તેની પાસેથી અહીં દોડી આવી જો જો, તે મને પકડવા આ તરફજ આવે છે ! '

એટલું કહી બાલિકા કુમારના શરીરને સાથ ભીડી લપાઇ બેસવાના પ્રયત્ન કરવા લાગી તે [illegible] કુમાર અને વૃદ્ધ સૈનિક કૌતુકપૂર્વક મોટેથી હસવા લાગ્યા તેમનો તે હાસ્યધ્વની પત્થરના રાજમહાલયની દીવાલે દીવાલપર અથડાઇ પ્રતિધ્વનીમાં પરિણત થઇ ચોતરફ ઘૂમવા લાગ્યો !

આ વખતે બીજો એક બાલક વેગપૂર્વક દોડતો ત્યાં આવતો હતો તે એ બન્નેનું ખડખડાટ હસવું સાંભળી દ્વારમાંજ સ્થિર થઇ અટકી રહ્યો બાલિકાએ જેને 'કુમાર' કહી સંબોધન કર્યું હતું તેને જોઇ આ બીજા બાલકનો ચહેરો તરતજ કરમાઇ ગયો આ દેખાવ કુમારના લક્ષમાં આવ્યા સિવાય રહ્યો નહિ તે પુન મોટેથી

લાગ્યો, તે સાથેજ તે બીજો બાલક દ્વાર પાછળ લપાવા લાગ્યો બાલિકા હજીપણ પોતાના આશ્રયદાતાના વક્ષ:સ્થલમા પોતાનુ મુખકમળ છુપાવી રહી હતી

આ બીજા બાલકનુ શરીર સાધારણ અને અશક્ત હોઇ તેનો બાંધો પણ ઠીંગણો હતો તે રગે કાળો હતો તેના તરફ દૃષ્ટિ કરતા તેનુ વય પાચ વર્ષ કરતા વિશેષ જણાતુ ન હતુ પરતુ ખરૂ કહીએ તો તેનુ વય દશ વર્ષ કરતા કઇક વધુ હતું બાલિકા રૂપમા લાવણ્યવતી હતી તેનુ વય આઠ વર્ષ કરતા વધારે ન હતું તેનો વર્ણ સુવર્ણસમાન કાન્તિમાન હોઇ બાંધો સારો સુઘટિત હતો અને અવયવો કોમળ માધુર્યપૂર્ણ હતા, તોપણ તેને ‘રૂપાળી’ વિશેષણ આપી શકાય તેમ હતુ તેના મસ્તિષ્કપરનો કેશકલાપ વિપુલ, લાંબો અને રગે કાળા ભ્રમર જેવો હતો

તે બન્નેએ દિવાનખાનામા પ્રવેશ કર્યા પછી પહેલા બાલકે બીજા બાલકને કહ્યું “ માધવ, ચિત્રા સાથે તુ લગ્ન કરવા ઇચ્છે છે ? ચિત્રાએ તો કેટલાએ દિવસથી પતિની પસદગી કરી રાખી છે ”

માધવ નીચુ મુખ કરી અચકાતો અચકાતો બોલ્યો ‘ હુ કાળો છુ તેથી ચિત્રા મારો તિરસ્કાર કરે છે કાળો છુ તો પણ હુ રાજપુત્ર જ છુ ને ? ’

આ સાભળી વૃદ્ધ સૈનિક બોલ્યો ‘ માધવ, મને લાગે છે કે સુદર સ્ત્રીનુ દર્શન થયુ કે તેની સાથેજ લગ્ન કરવુ એવો નિશ્ચય તે કર્યો છે, નહિ વારૂ ? ”

આ શબ્દો સાભળી કુમાર મોટેથી હસવા લાગ્યો માધવનુ મર્મસ્થાન તેથી ભેદાયુ હોય એવો કઇક ભાસ થયો તે ખિન્ન મુદ્રાએ ધીમે ધીમે ત્યાથી ચાલ્યો ગયો

ઇ ની છઠ્ઠી સદીના છેવટના ભાગમા ગુપ્તવશનો મહાસેન ગુપ્ત મગધ દેશનો અધિપતિ હતો તે વખતે પ્રાચીન ગુપ્ત સામ્રાજ્યનો

ગૌરવસૂર્ય અસ્તાચળે પહોંચ્યો હતો સમુદ્રગુપ્તનો આ વંશજ સમ્રાટ પદવી ધારણ કરી મગધ અને અંગ દેશપર સત્તા ચલાવતો હતો એ સત્ય હશે, તોપણ સામ્રાજ્યનો ઘણો ભાગ તે વખતે અન્યની સત્તામાં ગયેલો હતો આર્યાવર્તમાં મૌખરી રાજાએ પોતાની નિષ્કંટક સત્તા સ્થાપન કરી હતી બ્રહ્માવર્ત અને પંચનદ દેશમાં સ્થાન્વીશ્વરનો વૈશ્ય રાજવંશ ધીમે ધીમે પોતાનો અધિકાર વિસ્તૃત કરતો જતો હતો કામરૂપદેશે પુષ્કળ સમયપૂર્વે પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધેલી હતી બંગ અને સમતટ એ દેશો કદી કદી સામ્રાજ્યની સત્તા સ્વીકારતા પરંતુ સંધી મળતી કે સમ્રાટને ખંડણી પહોંચાડવા તરફ વિના હરકતે દુર્લક્ષ રાખી શકતા હતા

અંતિમ સમ્રાટ સામ્રાજ્યની પુરાણી રાજધાની પાટલીપુત્રમાંજ રહેતા હતા તે વખતે ભરતખંડની એ પ્રાચીન રાજધાનીને ક્ષય લાગુ પડ્યો હતો—પાટલીપુત્ર તે વખતે પોતાની છેવટની સ્થિતિમાં હતું આ સમયે કાન્યકુબ્જનો ગૌરવ રવિ ધીમે ધીમે ઉદય પામતો જતો હતો આ પછી મગધની રાજધાનીએ સર્વ ભરતખંડની રાજધાનીનું કદીપણ સ્થાન મેળવ્યું નથી પાટલીપુત્રરૂપી ભાંગી તૂટી રાજધાનીમાં રહી ગુપ્તવંશના રાજાઓ સામ્રાજ્યને અભિનય અર્પતા હતા પરંતુ આજુબાજુના રાજાઓના ભયથી તેમને હંમેશ શંકાશીલ સ્થિતિમાંજ રહેવું પડતું હતું કુમારગુપ્ત અને દામોદરગુપ્તે પ્રયત્નની પરાકાષ્ટાથી મૌખરી રાજ્યથી જેમ તેમ આત્મ રક્ષણ કર્યું હતું અતિશય અલ્પ કાળમાં મૌખરી રાજ્યને નષ્ટ કરી પશ્ચિમ પ્રદેશમાં હૂણપ્રજાને પરાજય પમાડી મહાસેનગુપ્તનો ભાણેજ પ્રભાકરવર્ધન ઉત્તર તરફ મહાન બલાઢ્ય અને પ્રતાપી રાજા થઇ બેઠો હતો પરંતુ અદ્યાપિ સમ્રાટપદવી તેના મામાના વંશમાં ટકી રહી હતી પાટલીપુત્રનગરનો સમ્રાટ મહાસેનગુપ્ત પોતાના ભાણેજ—પ્રભાકરવર્ધનના ભયથી સર્વદા ચિંતામગ્ન રહેતો હતો તેની ખાત્રી થઇ ચુકી હતી કે, ગુપ્તવંશનો અધિકાર નામશેષ થઈ રહેશે !

સમ્રાટ મહાસેનગુપ્તને બે પુત્ર હતા આ પ્રકરણના પ્રારભમા, શોણ નદીના પ્રવાહની તરગાવલી તરફ જે કુમાર મુગ્ધ નેત્રે દૃષ્ટિ કરી રહેલો જણાયો હતો, તેજ મહાસેનગુપ્તનો વડીલ પુત્ર, ગુપ્ત સામ્રાજ્યનો ભવિષ્યનો સમ્રાટ અને સ્વામી હતો તેનુ નામ શશાક હતુ ચિત્રાની પાછળ જે બીજો બાલક દોડી આવ્યો હતો તે શશાકનો કનિષ્ઠ બધુ હતો એ માધવ શશાકનો સગો બધુ ન હતો, પણ સાવકો ભાઇ હતો વૃદ્ધ મહાસેનગુપ્તનો આ માધવપર અત્યત પ્રેમ હોઈ તેની ઇચ્છાઓ વિના વિલબે પૂર્ણ કરવામા આવતી હતી માધવને આવી રીતે લાડમા ઉછેરવાથી તે તોફાની, કૃતઘ્ન અને નિષ્ઠુર સ્વભાવનો બન્યો હતો કુમાર શશાક સ્વભાવે દૃઢ, પ્રશાન્ત, અત્યત ઉજ્વળ બુદ્ધિનો અને ઉદાર હતો, તે પ્રમાણે જ શરીરે પણ અતિ સુદર, બલિષ્ટ અને કાતિમાન હતો બાલ્યાવસ્થાથી જ યુવરાજ શશાક સૈનિકોને અતિ પ્રિય હતો બાલિકા ચિત્રા, સ્વર્ગસ્થ મડલદુર્ગાધિપતિ તક્ષદત્તની કન્યા અને શશાકના સુહૃદ નરસિહદત્તની ભગિની હતી તક્ષદત્તના અવસાન પછી મડલદુર્ગ પર જગલી લોકોએ હુમલો કરવાથી તક્ષદત્તની વિધવા પત્ની પોતાના પુત્ર અને પુત્રીને લઈ પાટલીપુત્રમા આવી હતી અને ત્યા તેને આશ્રય મળ્યો હતો નરસિહદત્તનો વશપરપરાનો કિલ્લો અને ભૂમી પરહસ્તમા જવાથી સમ્રાટે પોતાનો સેનાપતિ મોકલી મડલદુર્ગ પોતાના હસ્તમા લીધો હતો તે સમયે મડલ, ગૌડ, મગધ અને બગ પ્રદેશમા અત્યત દુર્જય કિલ્લાઓ શત્રુને ભય પમાડવા માટે અડગ ઉભા રહેલા હતા

તે વૃદ્ધ વીર અને કુમાર શશાક આયુધાલયમા બેસી કેટલીએ વાર સુધી જુદા જુદા પ્રકારની વાતો કરી રહ્યા હતા એટલામા સમીપના મહાલયમા એકાએક પુષ્કળ મનુષ્યોનો પાદધ્વની સભળાયો તે સાભળતા જ ચમકી હસ્તમાનો ભાલો દૃઢ કરી વૃદ્ધ વીર દ્વારમા આવી ઉભો રહ્યો અને કુમાર પણ આશ્ચર્યચકિત થઈ તરતજ ગાદીપરથી ઉઠયો

દીપક તેજમા સવની આગળ સફેદ વસ્ત્રથી પરિધાન થયેલી વૃદ્ધ ભટ્ટની મૂર્તિ દેખાવા લાગી તેની પાછળ પરિચારક અને પરિચારિકાઓનુ ટોળુ ચાલ્યુ આવતુ હતુ કુમારનુ દર્શન થતાજ ભટ્ટે હર્ષાતિશયથી જયધ્વનિ કર્યો, અને નીમિષ માત્રમા સર્વ સેવક મડળ તે દિવાનખાનામા આવી પહોચ્યુ આજે મધ્યાહ્ન સમયથી કુમાર આયુધગૃહમા આવી બેઠો હતો રાજભૂવનમા તેનો કઇ પત્તો ન હતો સર્વ મડળ ચિતાતુર થઈ તેની શોધમા રોકાયુ હતુ તેમને માધવગુપ્ત અને ચિત્રાએ જણાવ્યુ કે, સધ્યા સમયે કુમાર અને કોલ–સેના નાયક વલ્લ એ બને અસ્ત્રાગારમા હતા, તે પરથી એ સર્વ મડળ આ વખતે અહીં આવ્યુ હતુ બપોરથી કુમાર નજર નહિ પડવાથી સમ્રાટ અને પટ્ટમહાદેવી અધીર અને ચિતાતુર બની ગયા હતા મહાદેવીને તો લાગ્યુ કે, આ અચપળ બાલક ઋષિબાગથી છલોમલ ભરાયલી શોણ નદીના ઉદરમા ક્યાય ગડપ થઈ ગયો હશે !

કુમાર દૃષ્ટિએ પડતાજ ભટ્ટે દોડી જઇ તેને ઉચકી લીધો તે અસ્ત્રાગારમાથી બહાર પડયો પરતુ કુમાર ત્યાથી નીકળવાને તૈયાર થયો નહિ વૃદ્ધ ભટ્ટ સાથે તેણે તો મલ્લયુદ્ધ જ શરૂ કર્યુ ! ભટ્ટે તેને કેટલુએ પટાવ્યો, કેટલીએ લાલચો આપી, કેટલાએ કાલાવાલા કર્યા અને કેટલાએ પ્રકારે સમજાવવા પ્રયત્ન કર્યો, પણ તે તો એકજ વાત કહેવા લાગ્યો કે વલ્લના મુખથી આર્ય સમુદ્રગુપ્તની કથા સાભળીશ ત્યારેજ જપીશ ! હુ હમણા અહીંથી ક્યાઇ પણ જઇશ નહિ !”

વલ્લે પણ કુમારને શાત કરવા પ્રયત્ન કર્યો, પરતુ તેમા તેને વિશેષ જય મળ્યો નહિ છેવટે ‘ કાલે સવારે હુ સમુદ્રગુપ્તની કથા કહીશ ” એવી ભટ્ટે કબુલાત આપી ત્યારે કુમાર કંઈક શાત થયો ત્યારપછી ભટ્ટ અને દાસદાસીઓ કુમારને લઇ નીકળી ગયા અને તેમની પાછળ વૃદ્ધ વલ્લ પણ ત્યાથી ધીમે ધીમે ચાલ્યો ગયો

કુમાર શસ્ત્રાક પાસે મહાલયની બારીમા જે વૃદ્ધ ઉભો હતો તે મગધ સૈન્ય માહેનો એક નાયક હોઇ, જગલી કોલ જાતિની સેનાના

પથકનો પ્રમુખ હતો તે કાલ જાતિનો જ હતો તેનુ નામ લલ્લ હતુ અનેક યુદ્ધમા આ લલ્લે પ્રાચીન સામ્રાજ્યની કીર્તિનુ રક્ષણ કર્યું હતુ વૃદ્ધાવસ્થામા સમ્રાટ મહાસેનગુપ્તને પુત્ર પ્રાપ્તી થયા પછી આ વૃદ્ધ લલ્લને તેના અગરક્ષક તરીકે નીમવામા આવ્યો હતો તેણે પણ ક્રમપૂર્વક ભક્તિ પુરઃસર કુમારના પાલન પોષણનુ કાર્ય સ્વીકાર્યું હતુ શશાકનો પણ તેના પર એવો દૃઢ પ્રેમ બધાયો હતો કે તે તેને 'દાદા" એ માનનીય સજ્ઞાથી સબોધતો હતો!

* * *

પ્રકરણ ૨ જું.

યદુભટ્ટની ઇતિહાસ કથા

સૂર્યનારાયણના પ્રચડ, તીવ્ર તાપથી જાણે કે પૃથ્વી બળી રહી હોય તેવો ભાસ થઈ ગયો હતો! એવા વખતે રાજમહાલયના છેક નીચેના ભાગમા આવેલી એક અધારી ઓરડીમા ખુલ્લી જમીનપર પડી વૃદ્ધ યદુભટ્ટ ભોજન કર્યા પછી વિશ્રાતી લેતો હતો

સમ્રાટના વૈભવની સ્થિતિના પરિવર્તન સાથે રાજમહાલયમા પણ સ્થિત્યાતર થયેલુ હતુ શોણ અને ગગાના સગમ સ્થાનપર પુષ્કળ વર્ષપૂર્વે પાટલીપુત્રના લિચ્છવી રાજાએ એક નાનો બગીચો તૈયાર કર્યો હતો ગુપ્તવશની પ્રતિષ્ઠાપના થયા પછી શહેરના મધ્ય ભાગમા આવેલુ રાજભૂવન છોડી પહેલો ચદ્રગુપ્ત નગરના અતિમ ભાગમા આવેલા બાગમા આવી ગયો હતો અને તે વખતે રાજમહાલયનો આ ભાગ બધાયો હતો મોટા મોટા ભવ્ય પત્થરથી બધાયલી આ નાની ઓરડીઓનો ઉપયોગ ઘણા વર્ષો સુધી બાલકુલ થયો ન હતો મગધ રાજ્યને આર્યાવર્તનુ કેદ્રસ્થાન પ્રાપ્ત થયા પછી સમુદ્રગુપ્ત અને બીજા ચદ્રગુપ્તની કારકીર્દિમા પાણીની પેઠે ધનનો વ્યય કરી શોણ તટપર

પ્રચડ રાજમહાલય બાધવામા આવ્યો હતો પહેલા કુમારગુપ્તે આ મહાલય છોડી દઈ પોતાની દ્વિતીય રાણીની હોસ પૂર્ણ કરવા માટે ગગા કીનારે શુભ્ર સગેમરમરી પત્થરનુ એક નવીન નિવાસમદિર બધાવ્યુ હતુ ગુપ્તવશની અવનતિના પ્રારભ કાળમા સમ્રાટ આ કુમારગુપ્તના મદિરમા જ રહેતા હતા આ મદિરના બાકીના ભાગનો ઉપયોગ અધિકારીઓના કાર્યાલયમા થતો હતો એક ગાઉ જેટલો પ્રદેશ રોકી રહેલા આ રાજભૂવનના બાગ અને પ્રશસ્ત ચોકને ભિન્ન ભિન્ન સ્થળે ભિન્ન ભિન્ન નામ અપાયા હતા જે ઓરડીમા યદુભટ્ટ રહેતો હતો તે, ‘ પહેલા ચદ્રગુપ્તની કોઠી ’ નામથી પ્રખ્યાત હતી એવીજ રીતે ‘ ધ્રૂવ સ્વામીનો બાગ,’ ‘સમુદ્રગુપ્તનો મહાલય,’ ‘ ગોવિદગુપ્તનુ વિશ્રામભૂવન’ વગેરે જુદા જુદા નામથી રાજમહાલયના ભાગ પાટલીપુત્રના નાગરિકોમા પ્રસિદ્ધ હતા ગુપ્ત સામ્રાજ્યની પડતીના સમયમા તે વિસ્તીર્ણ રાજમહાલયની એવી સ્થિતિ થઈ ગઈ કે, તેની મરામત કરી તેને સારી સ્થિતિમા રાખવાનુ સામર્થ્ય પણ છેવટના રાજામા રહ્યુ નહિ! સર્વ ભક્ષક કાલના પ્રભાવથી મોટી મોટી અગાશીઓ, બુરજો, દિવાનખાના, ઓરડાઓ તદ્દન અધોગતિને પામી અયોગ્ય બની ગયા હતા તેથી પરીણામે મગધ રાજાના નોકર ચાકરો અને નીચા પ્રકૃતિના કામદારો આ સર્વ ભાગનો ઉપયોગ કરતા થયા હતા રાજમહાલયનુ મોટુ ઉદ્યાન અને પટાગણ ધનવીચ્ચ જગલની સ્થિતિમા પ્રવેશી ચુક્યુ હતુ પાટલીપુત્રની પ્રજા રાત્રીના સમયે કુમારગુપ્તના મહાલય સિવાય અન્ય કોઈ પણ સ્થાને જવાની હિમત કરી શકતી ન હતી કુમારગુપ્તનુ સગેમરમરી મદિર છેવટના સમયમા બધાયેલુ હોવાથી હજી સુધી તેના જેટલુ પ્રાચીન બનેલુ ન હતુ મગધરાજ ગગાતીરે આવેલા આ ત્રિનાળી ભૂવનમાજ રહેતો હતો લાલ પત્થરથી બધાયલા સમુદ્ર ગુપ્તના વિસ્તૃત ભૂવનમા સમ્રાટના સરક્ષકો નિવાસ કરતા હતા પ્રસ્તુત કથાના આરભમા કુમાર શશાક અને સેનાપતિ લલ્લની જે

સ્થાને પ્રિયવાચકોને ભેટ થઇ હતી, તે સ્થાન આ ભૂવનના એક ભાગમાજ આવેલુ હતુ

એકાએક યદુભટ્ટની ઓરડીમા કુમારનુ આગમન થયુ યદુભટ્ટ બેઠો થઇ ગયો તેણે ગઇ કાલે આપેલુ વચન પૂર્ણ કરવા ગુપ્તવશના ઉન્નત કાળની કથા શરૂ કરી તે શૂન્ય શાત સ્થાનમા તેના ગભીર કઠ સ્વરનો પ્રતિધ્વની થવા લાગ્યો

વૃદ્ધ યદુભટ્ટ કુમારને કહેતો હતો—“ શકરાજ આજ સુદર પાટલીપુત્રમા રહેતા હતા પ્રાચીન મગધદેશ તેમના ચરણમા આળોટતો હતો, તીરભુક્તિના રાજા પાટલીપુત્રમા આવી શકરાજના પાદમા પોતાનુ મસ્તક અવનત કરતા હતા અને વર્ષોવર્ષ એક સામાન્ય ખેડુતની માફક ચુપકીથી કર આપે જતા હતા વૈશાલીના પ્રાચીન લિચ્છવિ રાજવશના મનુષ્યો દુર્દશાના દારૂણ વમળમા સપડાઇ પાટલીપુત્રના આશ્રયમા આવી રહ્યા હતા એટલુજ નહિ પણ સામાન્ય ખેડુત પ્રમાણે શકરાજાનુ દાસત્વસ્વીકારી તે જેમ તેમ જીવન વ્યતીત કરતા હતા ”

આટલુ સાભળતામા કુમારનુ મુખકમળ રક્તિમા પૂર્ણ બની ગયુ ક્રોધકપિત સ્વરે શશાકે કહ્યુ “ ભટ્ટ, તે વખતે દેશમા માણસજ નહોતા ? સર્વ મગધ અને તીરભુક્તિના રાજા એ સર્વએ શકની સત્તા કેમ કબુલ કરી ? ”

યદુભટ્ટ ડોસો બની ગયેલો હતો, તેના કર્ણમા પણ સ્વર પૂર્ણ રીતે જઇ શકતો ન હતો તેણે કુમારના ઉદ્‌ગાર બીલકુલ સાભળ્યા નહિ ને પોતાની કહાણીજ કહેવા લાગ્યો “ શકના અત્યાચારથી સર્વ મગધદેશ તદ્દન જર્જર અને હાલ બે હાલ થઇ ગયો દેશ, દેવતા અને બ્રાહ્મણની અવસ્થા શોચનીય બની ગઇ શકરાજના વિલક્ષણ જુલમના ભયથી પ્રજા દેશત્યાગ કરી જવા લાગી મગધ અને તીરભુક્તિના બ્રાહ્મણ અનાથ, નિરાશ્રિત થઇ લિચ્છવીરાજના દ્વારમા આવી પડ્યા ! પરતુ તે વખતે વૈશાલીનો લિચ્છવીરાજ ઘોર દુર્દશાના

ચક્કરમા આવી પડેલો હતો તે વખતે તે કેવળ શકનો પગારદાર નોકર હતો બ્રાહ્મણોને આશ્રય આપવાનુ સાહસ લિચ્છવીરાજ કરી શક્યો નહિ તે વખતે જો તેણે બ્રાહ્મણોને આશ્રય આપ્યો હોત તો તેને શકરાજ સાથે ખૂલ્લુ વેર બાધવુ પડયુ હોત પરતુ લિચ્છવીરાજથી જે સાહસ થયુ નહિ તે તેના આધિનમા રહેતા એક સામાન્ય સામતે કરી બતલાવ્યુ ચદ્રગુપ્તે પ્રસન્ન ચિત્તે બ્રાહ્મણોને સ્વસ્થાનમા બોલાવ્યા ”

યદુભટ્ટ થોડીવાર અટક્યો અને વળી પાછો વશપરપરાથી ચાલી આવેલી તે કથા અસ્ખલિત પ્રવાહથી કહેવા લાગ્યો તે બ્રહ્મવૃદને આ પ્રમાણે આશ્રય મળ્યા પછી પાટલીપુત્રમા ઘેર ઘેર તેઓએ દેવદ્રોહી બૌદ્ધ અને શકના અત્યાચારની કહાણી પહોચાડવાનો પ્રારભ કર્યો, શક રાજાના સૈન્યે મહારાજ ચદ્રગુપ્તના ભુવનને ઘેરો ઘાલ્યો, નગરના નાગરિકો ખળભળી ઉઠયા, તેઓએ બડ કરી શક રાજાનો સહાર કર્યો ! ચદ્રગુપ્તના નેતૃત્વ નીચે પાટલીપુત્રના પ્રજાએ શક પ્રજાને પવિત્ર મગધદેશમાથી હાકી મુકી, બડની જ્વાળા પાટલીપુત્ર શહેરમાથી મગધની ચોતરફ ત્રણે દૂર સુધી વિસ્તૃત બનતી ગઈ નીરભુક્તિ અને મગધ બૌદ્ધની મજબૂત બેડીમાથી મુક્ત થયા ! પાટલીપુત્ર નગરમા પવિત્ર ગગાજલથી ચદ્રગુપ્તને મહાન ઉત્સવ–સમારભથી અભિષેક કરવામા આવ્યો લિચ્છવીરાજને પુત્ર નહતો તે પોતાની એકનીએક કન્યા કુમારદેવી મહારાજાધિરાજ ચદ્રગુપ્તને સમર્પણ કરી તીર્થપર્યટને નીકળી ગયો, દેશમા શાતિનુ સામ્રાજ્ય સ્થાપન થયુ વાસુદેવના ચક્રધ્વજ અને મહાદેવના ત્રિશૂલધ્વજથી ભૂષિત થયેલા મદીરો ઝળકવા લાગ્યા, પુન આકાશમા ધર્મધ્વજ ફરફરવા લાગ્યા ! શકના જુલમથી ત્રાહી ત્રાહી પોકારતા દેશ છોડી ગયેલા પ્રજાજનો પાછા આવવા લાગ્યા, મગધ અને તીરભુક્તિ ધન ધાન્યાદિક સમૃદ્ધિથી પરીપૂર્ણ બની ગયા અને સામત મડલે ભક્તિપૂર્ણ હૃદયથી સેવેલા મહારાજાધિરાજ પરમભટ્ટારક ચદ્રગુપ્તના બાહુબળથી મગધની રાજ્યલક્ષ્મી ગુપ્તવશના આશ્રયમા આવી રહી ! ’

જ્યા સુધી યદુભટ્ટે યુદ્ધ અને સમરક્ષેત્રની કથા કહી ત્યા સુધી કુમારે એકાગ્ર મનથી તેનુ શ્રવણ કર્યુ પણ ત્યાર પછી વૃદ્ધની કહાણીથી તેને ધીમેધીમે નિદ્રા આવવા લાગી રાજમહાલયના તે ઊંડા ભૂભાગમા આવેલા આતરગૃહમાજ મગધ દેશનો યૂવરાજ ધીમે ધીમે નિદ્રાવશ થઇ ગયો

શ્રોતા નિદ્રાધિન થઈ ગયો છે તે કઇ યદુભટ્ટના લક્ષમા રહ્યુ ન હતુ તે પોતાની કહાણીને અસ્ખલિત વહેવરાવી રહ્યો હતો “યોગ્ય સમયે વયપૂર્ણ થયા પછી સમ્રાટ પહેલા ચદ્રગુપ્ત પરલોકવાસી થયા, મહારાણી લિચ્છવીરાજ કન્યા કુમારદેવી કુલાચાર પ્રમાણે સહગમન કરી ગયા અને ત્યાર પછી ગુપ્તવશના મધ્યાહ્ન સૂર્યરૂપ મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત સિહાસનારૂઢ થયા ”

નજીકના મહાલયમા એક પુરૂષ આમતેમ ફરતો હતો, તે આ વખતે એકદમ અદર આવ્યો યદુભટ્ટ વૃદ્ધાવસ્થાથી બહેરો થયેલો હોવાથી તેનો પગરવ તેના કર્ણે સભળાયો નહિ અદર આવેલા પુરૂષની પદવી અતિ મોટી હોવી જોઇએ એમ અનુમાન થતુ હતુ તે પુરૂષે તદ્દન સાધારણ પોષાક પરિધાન કરેલો હોઇ તેના શરીરપર બારીક કુરતુ હતુ પરતુ તેના પાદરક્ષક ચર્મ પગરખા ઉપર હીરા અને મોતી જડાયલા હતા !

મહાલયમા આવતાજ તે પુરૂષે જમીનપર સૂતેલા કુમાર અને પથારી પર બેઠેલા વૃદ્ધ તરફ દૃષ્ટિ ફેકી ત્યાર પછી તેણે ઉચ્ચસ્વરે યદુભટ્ટને કહ્યુ “ યદુભટ્ટ, તુ એક પાગલ પ્રમાણે હમણા શુ લવતો હતો ? ”

તે પુરૂષનો શબ્દ યદુભટ્ટના કર્ણે અથડાતા જ તે ઝટપટ ઉઠયો ને પુરૂષને જોઇ તેનો શુષ્ક ચહેરો અધિક ફીક્કો પડયો હવે શુ કરવુ તે ન સૂઝવાથી તે ગભરાટપૂર્ણ હૃદયે ઉભો રહ્યો

તે પુરૂષે કહ્યું “ યદુભટ્ટ, મે તને કેટલીયે વખત કહ્યુ છે કે, કુમારગુપ્ત અથવા ચદ્રગુપ્તનુ નામ કુમાર આગળ કદી પણ ઉચ્ચા-

રીશ નહિ શશાકને તુ શુ કહેતો હતો ? મે હમણા જ તારા મુખથી કુમારગુપ્તનુ નામ ત્રણ ચાર વાર સાભળ્યુ છે ”

યદુભટ્ટના મુખમાથી શબ્દ પણ નીકળ્યો નહિ ! જાણે કે ભયથી દીવાલને ચોટી ગયો હોયની ! તે પુરુષના ભવ્ય અવાજથી શશાકની નિદ્રામા ભગ પડ્યો તેને જોઇ તે પણ ઉતાવળથી ઉઠી ઉભો થઇ ગયો તે પુરુષે તેને પુછ્યુ, ‘ કુમાર ! મહાલયના આ ઘૃણાપાત્ર ભાગમા તુ શુ કરતો હતો ? ’

કુમાર કંઇપણ પ્રત્યુત્તર ન આપતા માત્ર મસ્તક અવનત કરી ઉભો રહ્યો

તે પુરુષ પુન પુન યદુભટ્ટને ઉદ્દેશી કહેવા લાગ્યો, “ યદુ, તુ તદ્દન વૃદ્ધ થયો છુ—તને હવે શુ કરવુ અને શુ ન કરવુ તેનુ પણ ભાન રહ્યુ નથી એમ લાગે છે મારી આજ્ઞાની તદ્દન વિરુદ્ધ મારી પરવાહ ન રાખતા તુ કુમારને આગમ શિક્ષણ આપે છે ! ભટ્ટ, હવે જો પુન કદી તને હુ સમુદ્રગુપ્તનુ નામ ઉચ્ચારતો જોઇશ તો અવળે ગધેડે બેસાડી પાટલીપુત્રમાથી કાઢી મુકીશ તે ચોક્કસ લક્ષમા રાખજે ! કુમાર, મહાલયના આ ભાગ તરફ તુ કદી પણ આવીશ જઇશ નહિ હવે યદુ વૃદ્ધ થઇ ગયો છે સર્પ કે વ્યાઘ્રના તડાકામાથી તારુ રક્ષણ કરવાની શક્તિ એનામા નથી રહી હવે ! ”

બાલકના તેજપૂજ વિસ્તીર્ણ ચક્ષુ જલથી ભરાઇ આવ્યા મસ્તક નીચુ રાખી કુમાર ધીમે ધીમે તે ઓરડીમાથી નીકળી ગયો વૃદ્ધ દૂરની એક ઓરડીમા ગઇ જઇ ઉભો રહ્યો હતો કુમારને પોતાના હસ્તપર ઉચકી લઇ તે ત્યાથી ચાલ્યો ગયો પણ વૃદ્ધના વક્ષસ્થળનુ વિરામાસન મળતા કુમારે અશ્રુપ્રવાહ વહેવડાવી મુકયો

કેટલીક ખરાબ વાત કર્ણપર આવવાથી સમ્રાટ મહાસેનગુપ્ત અસ્વસ્થ ચિત્તે મહાલયના પટાગણમા આમ તેમ ફરતા હતા ત્યારપછી ધીમે ધીમે નૂતન મહાલય છોડી આ [illegible] પહોચ્યા ।

ઉજ્જડ ભાગ તરફ તે સહજ વળ્યા યદુભટ્ટ આ ભાગમા રહેતો હતો—તે તરફ સમ્રાટ અથવા કોઇપણ મોટી પદવીનો મનુષ્ય કદી પણ આવતો ન હતો આવી સ્થિતિ હોવાથી યદુભટ્ટ નિશ્ચિંત ચિત્તે કુમારને આ નિષિદ્ધ વાત ખુશીથી સભળાવી રહ્યો હતો

પ્રિય વાચકોને કહેવાની આવશ્યકતા નથી કે ત્યા આવેલ પુરુષ તે ખૂદ સમ્રાટ મહાસેનગુપ્ત પોતેજ હતા પુષ્કળ દિવસ પૂર્વ સમ્રાટે મધ્ય દેશના એક જ્યોતિષીના મુખે સાભળ્યુ હતુ કે, ‘શશાકના હસ્તે રાજ્ય નષ્ટ થશે અને તેની ફોઇના વશજ પાટલીપુત્રપર સત્તા સ્થાપશે !’ તે દિવસથી ભયભીત બની મહાસેનગુપ્તે કુમારને ગુપ્તવશના લુપ્ત થયેલા ગૌરવની કથા, અને ચદ્રગુપ્ત તથા સમુદ્રગુપ્તની વાત કદીપણ ન કહેવા માટે યદુભટ્ટ અને ચારણાદિને સ્પષ્ટ કહી રાખ્યુ હતુ

કુમાર ગયા પછી સમ્રાટનુ ચિતન ફરી શરૂ થયુ ધીમે ધીમે તે યદુભટ્ટની ખોલીમાથી બહાર નીકળ્યા અને આમતેમ ફેરા મારવા લાગ્યા

સમ્રાટ નીકળી જતાજ એકાદ વજ્રઘાત થયેલા મનુષ્ય પ્રમાણે વૃદ્ધ યદુ જમીનપર પડયો !

પ્રકરણ ૩ જું

પાટલીપુત્રનો રાજમાર્ગ

બપોરે મેઘવૃષ્ટિ અતિ સખત થયેલી હતી હમણા જોકે વૃષ્ટિ બધ રહી હતી, પરતુ આકાશ કાઇ અદ્યાપિ તદ્દન સ્વચ્છ થયેલુ ન હતુ સધ્યાકાળપૂર્વે થોડા વખત પરતો અતિ અસહ્ય ગરમી થતી હતી પાટલીપુત્રની નજીકજ, વારાણસીના નિર્જન માર્ગપર, અધકાર પોતાની સત્તાનો વિસ્તાર ધીમે ધીમે, પણ દૃઢતાથી વધારતો જતો હતો પર્વતોના અતિ ઉચ્ચ શીખરોપર ઊંચા વૃક્ષની ટોચો ઉપર થોડાજ સમયમા નષ્ટ થનાર સૂર્યના લાલ અને પીળા કીરણો ત

વખતે પણ કોઇ કોઇ સ્થાને ચળકતા હતા, પરતુ આકાશના પૂર્વ ભાગમા કાળા ઘોર રગના વાદળા ઘટ્ટ જામી ગયેલા દેખાવા લાગ્યા હતા મધ્યાહ્ન કાળના પ્રચડ વરસાદથી તે વિસ્તીર્ણ રાજમાર્ગે આ વખતે એક નાની નદી-ખાડીનુ જ સ્વરૂપ ધારણ કર્યું હતુ !

આવા સમયે તે રસ્તે ચાર પ્રાણી પાટલીપુત્ર તરફ ધીમે ધીમે આવતા હતા સર્વની આગળ એક વૃદ્ધ માણસ હતો તેના હસ્તમા એક મોટી લાકડી હતી તેની પાછળ એક બાર વર્ષની બાલા ચાલતી હતી એ બન્નેની પાછળ એક ઘરડો ગધેડો ચાલતો હોઇ તેની પીઠ પર એક નાનો છોકરો બેઠેલો હતો સર્વથી આગળ ચાલતો ડોસો તદ્દન થાકી ગયા જેવો જણાતો હતો તો પણ તે મુગો મુગો જેમ તેમ રસ્તો કાપતો હતો પણ તેની પાછળ આવતી બાલા ચાલતા ચાલતા અતિશય શ્રમથી લોથ બની ગયેલી હતી ક્ષણે ક્ષણે તે વિશ્રાતિની ઇચ્છા પ્રકટ કરતી હતી

ચાલતા ચાલતા ડોસાએ કહ્યુ “આપણે હવે થોડુ ચાલીશુ તો કોઇનુ ઘર, ઝુપડી કે એકાદ ગામ મળી આવશે પણ રસ્તામા જ જો આપણે આવી રીતે વિલબ કરીશુ તો અધકારમા આપણે ચાલી પણ શકીશુ નહિ”

તે બાલા ક્ષીણ સ્વરે બોલી “બાપુજી હુ હવે તદ્દન થાકી ગઇ છુ ‘ હવે હુ બીલકુલ ચાલી ન શકાય તેવી સ્થિતિમા આવી છુ મારા પગમા ક્યા ક્યા ચીરાડા પડ્યા છે તે હુ પોતે જ સમજી શકતી નથી હું સહજ બેસુ છુ, બાપુ !”

બાલાના આ કરૂણાજનક ઉદ્ગાર સાભળી ગધેડાપર બેઠેલો બાલક બોલ્યો “બહેન, હવે તુ આ વાહન પર બેસ ! હવે હું ચાલી શકીશ !”

તે છોકરાના મુખથી આ શબ્દ નીકળતા જ ડોસાને અને બાલાને આવી સ્થિતિમા પણ હસવુ આવ્યા સિવાય રહ્યુ નહિ. તે હાસ્યથી બાલક શરમાઇને ચૂપ થઇ ગયો થોડે દૂર ગયા પછી બાલા તદ્દન નિરૂપાય બની નીચે બેસી ગઇ ક્ષણ વાર પછી

ત્યાંથી ઉઠી રસ્તા પાસેની એક ઉચી અણભીંજી જગ્યાએ જઇ તેણે પડાવ નાખ્યો

તે જોઇ વૃદ્ધ બોલ્યો “ બેટા, છેવટે બેઠો જ ? ” પરતુ ઉત્તરની વાટ ન જોતા તે પણ પાછો ફરી ધીમે ધીમે બાળા પાસે આવી બેઠો પાછળ આવતો ગર્દભરાજ પણ બાલકને પીઠપર લઇ તેની પાછળ આવી ઉભો રહ્યો અધકાર ક્ષણે ક્ષણે આ મડળીને ચોતરફથી ઘેરી લેવા લાગ્યો હતો

આ પ્રમાણે કેટલોક વખત ગયા પછી કાન માડી તે છોકરો બોલ્યો “ બાપુ, ઘોડાઓના ડાબલાનો અવાજ સભળાય છે ! ”

ડોસો એકદમ ચમકી ઉભો થયો તે રાજમાર્ગની પાસે આવેલા ખેતરમા એક આમાના વૃક્ષ નીચે અધકારે પોતાનુ સર્વ બળ વાપરેલુ જણાતુ હતુ બન્નેને લઇ તે ડોસો અંધારામા જઇ લપાઇ બેઠો. ઘોડાઓનો પાદધ્વની વિશેષ નજીક આવવા લાગ્યો, અને થોડીજ ક્ષણોમા તે અધકારમાથી સેકડો ઘોડેસ્વાર પાટલીપુત્ર તરફ ત્વરિત ગતિથી જતા હોવાનુ જણાયુ કદી કદી આકાશમા વિદ્યુતના ઝબકારા થતા, ત્યારે તેના પ્રકાશમા સ્વારોની આકૃતિ વળી ભયકરતામા વિશેષ વધારો કરી દેતી હતી !

આવી સ્થિતિમાજ બીચારો આપણો વૃદ્ધ પ્રવાસી બન્ને છોકરાને હૃદય સાથે દાબી આમ્ર વૃક્ષ પાછળ ઉભો રહી સ્વારોની દૃષ્ટિએ ન પડવા પ્રયત્ન કર્યો હતો લગભગ અર્ધો કલાક સુધી તે સ્વારોની હાર આબાના વૃક્ષ પાસેથી ચાલુ રહી હતી

ઘોડેસ્વારનુ સૈન્ય ઘણે દૂર નીકળી ગયા પછી પણ ડોસો રસ્તા ઉપર આવવાનુ ધૈર્ય કરી શક્યો નહિ ધીમે ધીમે વૃષ્ટિની પણ શરૂઆત થઇ. સર્વ આકાશ કાળા વાદળાથી ભરાઇ ગયુ બન્ને બાલકોને ઝાડના આશ્રયમા રાખી ડોસો પોતે પણ તે વૃક્ષ નીચે બેસી પ્રચડ ધારાથી પડતી વૃષ્ટિમા ભીંજાતો હતો

આ પ્રમાણે એક પ્રહર રાત્રી વહી ગઇ પુનઃ આપણી આ પ્રવાસી મંડળીને કાને ઘોડાઓના ડાબલા સભળાવા લાગ્યા ડોસો અતિશય ભયભીત બની ચક્ષુ ફાડી રસ્તા તરફ જોવા લાગ્યો

અલ્પસમયમા ચાર પાચ સ્વાર કર્મધર્મ સંયોગે તેજ આમ્રવૃક્ષ સામે આવી ઉભા રહ્યા તેમાનો એક જણ બોલ્યો “ થાક્યા હવે તો ! વરસાદનુ જોર વધતુ જ જાય છે ચાલો પેલા ઝાડ નીચે જઈને ઉભા રહીએ ”

તે સ્વારની આ સૂચના અન્ય સર્વને માન્ય થઈ હોય તેમ લાગ્યુ સર્વ સ્વારોએ તરત જ રસ્તો છોડી સામેના ખેતરમા પ્રવેશ કર્યો. ખરેખર આપણા પ્રવાસીપર દુર્દૈવ તૂટી પડ્યુ તેજ વખતે આકાશમા વીજળીનો એક વિસ્તિર્ણ ચમકારો થતા અચાનક વૃદ્ધની ઉચી મૂર્તિ સ્વારોની દૃષ્ટિએ પડી !

ડોસાની આકૃતિ નજરે પડતા જ સર્વથી આગળ જે સ્વાર હતો તે બૂમ પાડી બોલી ઉઠ્યો “ અરે વૃક્ષ નીચે હસ્તમા ભાલો પકડી કોઈ ઉભો છે, જોયો કે ?”

આ શબ્દ સાભળતા જ સર્વ સ્વાર તે ઝાડ તરફ વળ્યા આ અવકાશમા ડોસો ઝાડ નીચેથી નીકળી ખેતરના મધ્ય ભાગમા આવ્યો હતો એક સ્વારે તેને આગળ ન જવા માટે જોરથી આજ્ઞા કરી, પરતુ તેનુ વાક્ય પૂર્ણ થતા પૂર્વે જ પાછળથી પૂર્ણ બળથી ફેંકાયલા એક ભાલાએ ડોસાની છાતી વીંધી નાખી, અને તેનો પ્રાણ શૂન્ય દેહ તે પાણીથી તરબોળ બનેલા ખેતરમા ધબ દઈને એક અવાજ કરી શૂન્ય થઇ પડ્યો ! તે જ ક્ષણે ઝાડ નીચે બેઠેલી બાલિકાએ એક ચીસ પાડી, અને તે સાથે જ ગધેડો ભયથી ભડકી નાશી છૂટ્યો તેની પીઠપર બેઠેલો બાલક માત્ર તેની ગરદન પરના કેસ મજબૂત પકડી જેમનેમ બેસી રહ્યો હતો

સ્વારે પાસે આવી જોયુ તો શું દીઠુ ? મૃત્યુ પામેલો મનુષ્ય વૃદ્ધ હોઈ તેના હસ્તમા શસ્ત્રાસ્ત્ર જેવુ કઈ ન હતુ ! ડોસાના હાથની

લાકડી ભાલા રૂપ લાગી હતી ! તેથી જેણે ડોસાપર ભાલો ફેકવાનુ શૌર્ય બતલાવ્યુ હતુ, તેની સર્વ મશ્કરી કરવા લાગ્યા પરતુ બાલિકાની અસ્ફૂટ ચીસ તેણે જ સાભળી હતી પોતાના સાથીઓની તીરસ્કારયુક્ત મશ્કરી સહન કરીને પણ તે ચુપચૂપ પેલા આમ્ર વૃક્ષ તરફ ચાલ્યો ગયો

વિદ્યુતના ચમકારાની સહાયથી ઝાડના થડની ખોલમા બેઠેલી બાલા આપણા આ બહાદૂર (!) વીરની દૃષ્ટિએ પડી તેણે અપૂર્વ ઉત્સાહથી પોતાના સોબતીઓને ઉદ્દેશી બૂમ પાડી કહ્યુ “ અરે, તમે સર્વ મારી નિર્ભત્સના કરતા હતા કેમ ? પણ ડોસાને મારીને મે શુ મેળવ્યુ છે તે તો જરા જૂઓ ! પણ, કોઇને પણ આ લૂટમા ભાગ મળશે નહિ, પહેલેથી જ કહી દઉ છુ કે તેમા તમારો કોઇનો હક્ક નથી ! ”

સર્વ ત્વરાપૂર્વક ત્યા આવ્યા પેલી બાલિકા તેમની દૃષ્ટિએ પડતા જ સર્વ બોલી ઉઠયા “ વાહ ભાઇ વાહ ! કેવી મઝા છે ! ચદ્રેશ્વરને એક રત્ન જ મળ્યુ, એમ કહેવુ જોઇએ ! ”

બિચારી બાલિકા ભયથી વ્યાકુળ બની ગભરાઇ જઇ શોક કરતી હતી બાલાપર જે સ્વારનો હક્ક હતો તે અશ્વપર આરૂઢ થયો અને બાલાને પણ તે પર ખેચી લીધી વૃષ્ટિનુ બળ સહજ ઘટ્યા પછી સર્વ સ્વાર પુન માર્ગક્રમણ કરવા લાગ્યા.

બાલકને પીઠપર રાખી ઉભેલુ ગધેડુ જે ભડક્યુ હતુ ને કઇ વિશેષ દૂર ગયુ ન હતુ, તે અર્ધો એક ગાઉ જતા તાડવૃક્ષોની એક પક્તિ હતી ત્યા જઇ ઉભુ રહ્યુ બનેલા અકલ્પિત બનાવથી બાલક બ્હી જઇને ઘણા વખત સુધી અશ્રુધારા વરસાવી રહ્યો હતો પણ તેનુ અરણ્યરુદન સાભળનાર ક્યાથી મળે ? કેટલીકવારે છેવટે તે બીચારો થાકી ગયો અને ગર્દભની પીઠપરજ નિદ્રાવશ થયો !

બીજા દિવસે સૂર્યોદયના સુમારે બાલકનો [illegible] એક તેલીના [illegible] આવ્યો ત્યાથી જતા નજીકના એક પગરને તે પોતાનો

માલ વેચવા માટે શહેર તરફ જતો હતો બાલકને આ કરૂણાસ્પદ સ્થિતિમા જોતા જ તેલી–ઘાચીને દયા આવી, તેથી તેને તથા ગર્દભગજને લઈ તે નગર તરફ ગયો.

બીજો પ્રહર વ્યતીત થઈ ગયો હતો નગરના તોરણદ્વારપર મંગલવાદ્ય વાગી રહ્યા હતા તે વખતે બાલકને લઈ તેલી પાટલીપુત્રના પશ્ચિમ તોરણદ્વારે આવી અટક્યો

તોરણનો બહારનો દરવાજો ઉઘાડો રાખી પ્રતીહારો–દ્વારપાલો–શાંતિરક્ષક મનુષ્યો બીજાદ્વારની પાસે જ ઉંઘમા પડયા હતા તેમને બોલાવવાનુ સાહસ તેલી કરી શક્યો નહિ થોડેક છેટે તે બાલક સાથે બેસી રહ્યો પહેરેગીરોએ તો બીચારા તરફ આંખ પણ કરી નહિ! ત્રીજો પ્રહર વહી ગયા પછી રથચક્રોના શબ્દથી ઘણાની નિદ્રા ઉડી ગઇ એક રથ ખડખડાટ કરતો આવી અંદરના દરવાજા આગળ આવી અટક્યો, અને અંદરથી એક વ્યક્તિએ જાણે કે અતિશય ત્રાસી ગયો હોય તેમ કર્કશસ્વરે દરવાજો ઉઘાડવા હુકમ કર્યો તેજ ક્ષણે દ્વારપાલો પથારીમાથી ફટકો મારી ઉભા થઇ ગયા એક પહેરેગીર અદ્યાપિ પણ ઉંઘમા જ પડી રહ્યો હતો, તેની પીઠપર બીજાએ જોરથી લત્તાપ્રહાર કર્યો પહેલો પહેરેગીર ગુસ્સે થઇ તેને મારવા જતો હતો એટલામા ત્રીજા પહેરેગીરે તેને બીછાના સહીત ખેચી તોરણદ્વાર પાસેની એક ઓરડીમા ધકેલી મુક્યો! એક જણ નિદ્રા પૂર્ણ થયા પછી લીંબડાના દાતણનો કટકો લઈ દાત સ્વચ્છ કરવાના કાર્યમા પડ્યો હતો, તેણે મોટેથી બખાળા કરતા કરતા પુછ્યુ "અરે, કોણ આવ્યુ છે?"

બીજા એક દ્વારપાલે તેને જવાબ આપ્યો "આવ્યો છે તારો બાપ!"

"અરે બાપ! મારો બાપ તો કાગનોએ પહોચી ગયો છે!" એમ કહી પેલો માણસ પુનઃ શાન્તિપૂર્વક દતધાવન કરવાનુ કાર્ય પૂર્વવત્ ચલાવવા લાગ્યો તે [illegible] એક સીપાઈએ તેનુ

તે દાતણુ ખેચી લઇ પાસે પડેલા પાણીના લોટાસહ ખાઇમા પધરાવી દીધુ તે જોઇ ખાઇના પીત્તવર્ણી જળમાથી પોતાનો લોટો કાઢવા માટે તે માણુસ નાશી છૂટયો આટલા અવકાશમા અદરના ભાગમા પડેલા બીછાના વગેરે પ્રતીહારોએ દૂર કરી દીધા હતા.

નગર તરફના ભાગમાંથી જેણે દ્વાર ખોલવાનો હુકમ કર્યો હતો, તેણે તો અધીર બની જઇ દરવાજાપર લાતો મારવાનો સપાટો ચલાવ્યો હતો. છેવટે દ્વારપાલોએ એકત્ર થઇ દરવાજાના ચારે આગળા (ભોગળો) મહા મુશીબતે ખેચી કાઢયા

દેવદારના લાકડાનો તે જડ અને પ્રચડ તોરણનો દરવાજો ઉઘડ્યો, અને તોરણની દિવાલો સાથે તેના બે ભાગ સ્થિર થયા પ્રતીહાર અને દ્વારપાલોએ ભયભીત ચિત્તે ધીમે રહી જોયું તો કાળા રગનો, કૃશ અને ઠીંગણા બાધાનો એક વૃદ્ધ મનુષ્ય અતિશય ક્રોધિત બની સમક્ષ ઉભેલો દૃષ્ટિએ પડ્યો તેને જોતા જ, જેમને માથે પાઘડીના આટા નાખવાનો સમય મળ્યો ન હતો, તેમણે પાછુ પણ ન જોતા પોબારા ગણ્યા બીજા રહેલા પ્રતીહાર અને દ્વારપાલો ઘૂટણીએ પડી રહ્યા, પરતુ તેમની પ્રાર્થના તરફ લેશ માત્ર લક્ષ ન આપતા તે વૃદ્ધે તેમને ચાબૂકથી ફટકારવા માડયા ત્યાર પછી ચાર અશ્વોથી ખેચાતો એક રથ ગડગડાટ શબ્દ કરતો તોરણ દ્વારમાથી બહાર નીકળી ગયો

એ પછી આપણો તેલી બળદ, ગર્દભ અને બાલકને સાથે લઇ નગરમા જવાના ઉદ્દેશથી સજ્જ થયો તેને જોતા જ દ્વારપાલોને શૌર્ય, ધૈર્ય, અવસાન વગેરે પુન પ્રાપ્ત થયા. સર્વએ મળી ગરીબ બિચારા તેલીને કાયર કરવાનો આરભ કર્યો. છેવટે કઈ ઉપાય રહેલો ન જોઈ પોતાના માલમાથી થોડાક તે લોકોને બક્ષીસ–લાચ તરીકે આપી તેણે એક વખત જેમ તેમ કરી છૂટકો મેળવી લીધો.

તેલી બાલકને લઈ નગરમા પેઠો તો ખરો, પણ રાજમાર્ગ બહુધા શૂન્ય રૂપ હોઇ, બજારો બધ થઇ ગયેલા હતા! જે કઇ થોડા ઘણા મનુષ્યો રસ્તાપર જતા આવતા હતા, તે શકિત હૃદયે ચાલતા હતા અને તક મળતા જ રાજમાર્ગ છોડી વાકી-ચુકી ગલીઓનો આશ્રય લેતા હતા વચ્ચે વચ્ચે પરદેશી સૈનિકોના ટોળા કોલાહલ કરતા રાજમાર્ગપર ફરતા હતા તેમને જોઈ પાટલીપુત્રની પ્રજા દૂર ભાગી જતી હતી! તે ટોળા નજરે પડતા જ ગૃહમદિરોના ખૂલ્લા દ્વાર અને બારીઓ ધડો ધડ બધ થઇ જતા હતા! દુકાનદારો પોતાની દુકાનો છોડી ટપોટપ પોબારા ગણી જતા હતા!

શહેરની આવી ચમત્કારિક સ્થિતિ જોઇ ઘાચી મનમા અતિશય ગભરાઇ ગયો તરત જ તે રાજમાર્ગ છોડી એક આડા રસ્તે ચાલ્યો. અધકારમય રસ્તે કેટલીક વાર ચાલ્યા પછી એક જીર્ણ ઝુપડી પાસે આવી ઉભા રહી તેણે ધીમેથી દ્વાર ઠોક્યુ ઘણો વખત ગયો પણ કોઇએ બારણુ ઉઘાડયુ નહિ, ત્યારે પુન તેણે દ્વાર ઠોકવા માડયુ

આ પ્રમાણે સુમારે બેએક ઘડી નીકળી ગઇ બિચારો બાલક તદ્દન ગલિત થઈ ગર્દભની પીઠપર ઉઘી ગયો હતો શહેરમા ધીમે ધીમે નિસ્તબ્ધતા પ્રસરતી જતી હતી સૂર્યાસ્ત થઇ જવાથી દિવસે પણ અધકારમા લીન રહેતો તે રસ્તો ગાઢ અધકારથી ભયાનક થતો જતો હતો. હવે બીજો કઈ ઉપાય રહેલો ન જણાતા તેલીએ જોરથી દ્વાર ધકેલવા માડયા હવે દ્વાર ધડાક લઇને ગબડી પડશે એમ લાગ્યુ ઝુપડીમાથી એક સ્ત્રીનો રૂદનમય ડુસ્કાનો ધ્વની સભળાવા લાગ્યો તે રૂદનની ભાષા અને સૂરનુ યથાર્થ વર્ણન થવુ શકય નથી, પરતુ તેનો ભાવાર્થ એ હતો કે “ અરે પ્રભુ! મારા ઘરમા મારા રડયા લૂટારા પ્રવેશ કરે છે! કોઈ નજીકમા હોય તો બાપ, દોડી આવો, ધાવ! અને મારૂ રક્ષણ કરો! રાજાના ભાણેજ સાથે ઢાણેશ્વરથી

જે મૂઆ, જગલી સૈનિકો આવ્યા છે, તેમણે મારા જેવી અનાથ, અસહાય, ગરીબ, રાડીરાડ ઉપર જૂલમ કરવા માડયો છે! તમે બધા દોડી આવી તેને કાઢી મૂકો—નહિ તો હુ મરી ગઇ, બાપ મરી ગઇ રે! મારી જાત, લાજ લજ્જા મારા રોયાઓ લુટવા બેઠા છે રે!" વગેરે વગેરે

પ્રથમ પ્રથમ તો તે સ્ત્રીની શોકમય ચીસો સાભળી એક બે પડોશીઓ ઉપરના માળપરથી એકાદ બારી ધીમે રહી ઉઘાડી શુ ચાલે છે તે જોવા લાગ્યા એક બે જણાએ તો સહજ બે શબ્દ બોલી તેને આશ્વાસન પણ આપ્યુ પરતુ નજીકના એક ઘરમાથી એક જણે ધાચીનો બળદ તેમજ બાલકને તથા ગર્દભને જ્યારે જોયા ત્યારે તેણે મોટેથી કહ્યુ "અરે, તુ શુ કરે છે? રસ્તામા તો ઘોડાઓની હારોની હારો જણાય છે! દાણેશ્વરના ઘોડેસ્વારનુ સૈન્ય ખરેખર આ તરફ ચાલ્યુ આવે છે!"

તે માણસના મુખથી ઉક્ત શબ્દો બહાર પડયા ન પડયા તેટલામા તો પાટલીપુત્રના વીર નાગરિકોએ ધડાધડ બારણા, બારીઓ બધ કરી ઘરના છેક ખૂણામા સ્થાન મેળવી લીધુ! તે સ્ત્રીનો શોકસ્વર ધીમે ધીમે વધવા લાગ્યો રસ્તાપર હવે દૃષ્ટિ પહોચવી પણ શક્ય નથી સમજી તેલીએ બળપૂર્વક લાતો મારી બારણાનો ભાગ્યો તૂટયો આગળો તોડી પાડયો પોતે અદર પેઠો તે વખતે તે સ્ત્રીએ જે ચીસાચીસ કરી મુકી હતી તેનુ વર્ણન થઇ શકે તેમ નથી છેવટે તે મૂર્ચ્છા ખાઇને પડી હતી કે શુ તે કઇ અમે જાણી શક્યા નથી કારણ કે, ધાચીએ ગર્દભરાજ, બળદ અને બાલક અદર આવતાની સાથે જ બારણુ બધ કરી દીધુ હતુ પણ એટલુ તો ખરૂ હતુ કે ત્યારપછી કોઇએ પણ તે સ્ત્રીના રૂદનનો સ્વર સાભળ્યો ન હતો

* * *

પ્રકરણ ૪ મું.

શશાંકનુ સ્વાભિમાન.

આજે અરૂણોદય પૂર્વેજ રાજમહાલયનો દરબાર મડપ સાફ-સુફ થવા લાગ્યો હતો કાળીનિબિડ બ્રહ્મશીલાથી બધાયલો તે પ્રશસ્ત સભામડપ ચોરસ હોઇ તેની છત એકસો આડ સ્તભ ઉપર બાધવામા આવી હતી મડપના તળીયાની જગ્યો ચોરસ, સુદર અને મૃદુ કાળા પત્થરથી તૈયાર કરેલી હતી સભાનુ પટાગણુ–ચોકની ચારે બાજુએ લીલા રગના પત્થગ્ના, અતિશય જાડા પણુ નહિ અને વિશેષ બારિક પણુ નહિ એવા સ્તભ ઉપર રૂપેરી છજુ હતુ છજાપર અત્યત કૌશલ્યથી તૈયાર કરેલા પાષાણી ચિત્રો હતા. આ ચિત્રો મહાભારત અને રામાયણુના ભિન્ન ભિન્ન પ્રસગોના હતા છજાની પાછળ સભામડપના સ્તભ હતા સભામડપની ચોતગ્ફ પત્થરનો કોટ હતો પ્રાચીન સમ્રાટની કારકીર્દીમા આ કોટપર દસ હજાર ઘોડેસ્વાર શસ્ત્રાસ્ત્રાદિથી સજ્જ થઇ હારબધી ઉભા રહેતા હતા, એવી એક દતકથા પાટલીપુત્રની પ્રજામા પ્રચલિત થયેલી હતી સભામડપમા લગભગ એક હજાગ હસ્તીદતી આસનો ગોઠવાયલા હતા, પરતુ તે અતિ જુના હોવા ઉપરાત તે તરફ કોઇએ વિશેષ લક્ષ રાખેલુ નહિ હોવાથી, તેના અસલ દૂધ સમા સફેદ હસ્તીદત અતિશય મલિન થઇ ગયા હતા આ આસનોપગ રાજ્યના અધિકાગી અને મોટા મોટા સન્માન્ય નાગરિકો બેસતા હતા અત્યાર સુધી આર્યાવર્તમા યવન પ્રથા પ્રમાણે રાજસભામા સર્વએ ઉભા રહેવાની રીત પ્રચલિત થઇ ન હતી સભાગૃહમા રાજા આવતા જ સર્વ પોતાના સ્થાનો પરથી ઊભા થતા અને રાજાની આજ્ઞા મળતા જ સર્વ સ્વસ્થાને બેસી જતા હતા છજાપર બે પ્રકારના રૂપેરી સુખાસન સજ્જ કરી રાખવામા આવતા હતા આ આસનોપર રાજકુટુબીજન અને

યૂવરાજપાદીય* અને કુમારપાદીય× અમાત્ય મડળ બેસતુ હતુ અભિજાત વર્ગમા પ્રવેશ થયા સિવાય કોઇને પણ આ છજાપર સ્થાન મળતુ ન હતુ

મત્સ્યદેશથી પ્રાપ્ત કરેલા બહુમૂલ્ય શુભ્ર સંગેમરમરી પત્થરની ઉચ્ચ વેદીપર સમ્રાટનુ સિહાસન ગોઠવવામા આવ્યુ હતુ આ વેદી સભામડપની જમીનથી બે હાથ ઉચી હોઇ તેની ચોતરફ પગથીયા રાખેલા હતા વેદીપર સુવર્ણમય ચાર સ્તભ હતા અને તેનાપર રૂપાનો ચદરવો હતો

સેવકો સર્વ દરબાર મડપ સ્વચ્છ કરી સગેમરમરી પાષાણની વેદી ધોઇ સાફ કરી પારસ્ય દેશમાથી મગાવેલા અમૂલ્ય આચ્છાદન વસ્ત્ર બીછાવી તેપર સુવર્ણના બે સિહાસન યથાસ્થિત ગોઠવવાનો પ્રયત્ન કરતા હતા કેટલાક પરિચારકો ઉપરના ચદરવાને મોતીની ઝાલરથી વિભૂષિત બનાવતા હતા, કેટલાક સિહાસનપર રૂપાનુ સફેદ છત્ર બેસાડતા હતા વેદીના એક ખુણાપર એક લાકડાના આસનપર બેસી એક અધિકારી સેવકોને આજ્ઞા આપતો હતો અને તેમના કાર્યપર નજર રાખતો હતો

કેટલાક દિવસપર શોણ અને ગગાના સગમપર જુના રાજમહાલયની બારીમા ઉભો રહી જે સુવર્ણ કેશવાળો બાલક પાણીના પ્રવાહના તરગ તરફ જોતો હતો, તે આ વખતે સભામડપમા અહીથી તહીં અને તહીંથી અહીં ફરતો હતો ફરતા ફરતા ધીમે

---

* જે આમાત્ય કે રાજ્યના અધિકારના પ્રમાણમા સામ્રાજ્યના ભાવી અધિકારી (યૂવરાજના) સમાન હોતા, તેમને ‘ યૂવરાજપાદીય ’ કહેવામા આવતા

× જે આમાત્ય અથવા અધિકારના પ્રમાણમા યુવરાજ સિવાય અન્ય રાજ્યપુત્રોની બરાબરીના હોતા તેમને ‘ કુમારપાદીય ’ એવી સજ્ઞા હતી.

ધીમે તે વેદી સામે આવી ઉભો રહ્યો તેને જોતા જ સેવકોએ પોતાના કામ જેમના તેમ પડતા મુકી ઉભા થઇ સલામી આપી

બાલકે પુછ્યુ “ આ બીજુ સિહાસન કોના માટે મુક્યુ છે ? ”

એક પરિચારકે કહ્યુ “ દાણેશ્વરના સમ્રાટ માટે ”

તેના મુખના આ શબ્દો કાને પડતા જ બાલક ચમક્યો, તેના સુદર મુખમડલપર તત્ક્ષણે ક્રોધની લાલી તરી આવી તેણે પાસેનુ એક હસ્તીદંતી આસન દૃઢતાથી પકડ્યુ જાણે કે હમણા જ તેના બલવાન હસ્તમા સપડાયલા આસનના તે ભાગનો ચૂરો થઈ જશે એવો ભાસ થયો ! આ દસ્ય જોઇ સેવકવર્ગ ભયથી બે હાથ પાછો હઠી ગયો !

શશાકે ક્રોધોચિત કપિત સ્વરે કહ્યું “ શુ કહ્યુ ? ”

કોઇએ કઇ જ ઉત્તર આપ્યો નહિ જે સેવકવર્ગપર દેખરેખ રાખતો હતો તે નજીક આવ્યો અને યૂવરાજને અભિવાદન કરી તેની સન્મૂખ ઉભો રહ્યો

યૂવરાજે ગુસ્સામાં જ તેને પુછ્યુ “ કોના હુકમથી તમે વેદીપર આ નવુ સિહાસન ગોઠવ્યુ છે ? ”

યૂવરાજને શો ઉત્તર આપવો તે વિચારમા જ તે અધિકારી ગુચાયો. કેટલીક વારે તે અસ્પષ્ટ સ્વરે બોલ્યો “ મે સાભળ્યુ છે કે—”

તેના મુખથી નીકળતુ વાક્ય પૂર્ણ થતા પહેલા જ યૂવરાજ એકજ કૂદકો મારી વેદીપર ચઢ્યો, અને જોરથી લાત મારી તેણે નવીન સિહાસન દસ હાથ દૂર ફેકી દીધુ ! પ્રચડ અવાજ થઇ મડપના કાળા પત્થરપર સિહાસનના ટૂકડા થઇ પડ્યા !

આ વિલક્ષણ પ્રકાર જોઇ સેવકો ત્યાથી ભયના માર્યા નાશી ગયા પેલો કામદાર પણ યૂવરાજનુ નૃસિહ સ્વરૂપ જોઇ ત્યાથી વેગથી ખસી જવાની તૈયારીમા હતો, એટલામા સભામડપની પાછળનો પડદો ખસ્યો અને વીરવેષમા આચ્છાદાયલો એક ઉચો પુરૂષ અને એક જીર્ણ શરીરની વૃદ્ધ સ્રી કેટલાક પરદેશી સૈનિકોસહ સભાગૃહમા પ્રવેશ્યા

વૃદ્ધ સ્ત્રીએ પુછ્યુ “ હમણા શેનો અવાજ થયો હતો ? ”

તેને કોઇએ ઉત્તર આપ્યો નહિ કુમાર–અમાત્ય અને યૂવરાજ શશાક એ બન્ને સિવાય ઉત્તર આપવા માટે આ વખતે મડપમાં કોઇ રહ્યુ ન હતુ આ આવેલા નવીન પુરૂષ અને સ્ત્રીને જોઇ અમાત્ય તો એટલો ગભરાઇ ગયો હતો કે, તે વૃદ્ધ સ્ત્રીને ઉત્તર આપવાનુ સામર્થ્ય જ તેનામા રહ્યુ ન હતુ શશાંકે તો ઇરાદાપૂર્વક જ તેને કઇ ઉત્તર આપ્યો નહિ તે તે બન્ને તરફ પીઠ કરી ઉભો રહેલો હતો

અધિકારીએ ઉત્તર આપવા પ્રયત્ન કર્યો, પરતુ તેના મુખમાથી કેટલાક અસ્પષ્ટ શબ્દો મહા મુશીબતે બહાર પડયા

ત્યારે શશાકે મુખ ફેરવી અવજ્ઞાયુક્ત સ્વરથી ઉત્તર આપ્યો “ પિતાજીના સિહાસન પાસે વેદીપર કાણેશ્વરના રાજાનુ સિહાસન આ નોકર લોકોએ ગોઠવ્યુ હતુ, તેથી તેનો મે લત્તા પ્રહારથી ચૂરો કર્યો છે ! ”

યુવરાજના આ શબ્દો સભામડપની કઠિન દીવાલોપર અફળાઇ તેનો પ્રતિધ્વનિ થવા લાગ્યો તે કર્ણે પડતા જ વૃદ્ધ સ્ત્રી સાથેના તે પ્રૌઢ વીરનો ચહેરો ક્રોધાગ્નિથી લાલચોળ બની ગયો તે જ ક્ષણે સાથેના સૈનિકોની મ્યાનાચ્છાદિત તલવારોનો ખણખણાટ પણ સભળાયો શશાક સાથે જે કામદાર ઉભો હતો તે તો તે શબ્દ સાભળતાની સાથે જ જીવ લઇને સભા મડપમાથી નાશી ગયો !

વૃદ્ધ સ્ત્રી ધીમે ધીમે વેદી પાસે આવી, અને શશાકનો હસ્ત પોતાના હસ્તમા પકડી તેણે તેને વેદીપરથી નીચે આણ્યો તેની સાથેનો પ્રૌઢ વીર તે વખતે મ્યાનમાથી અસિ ખેચતો હતો પણ તેની અર્ધ નગ્ન થયેલી અસિ મ્યાનમા જ રહી એટલામા શુભ્ર વસ્ત્રોથી પરિધાન થયેલો અને ઉઘાડા ચરણવાળો એક વૃદ્ધ પુરૂષ ત્યા આવ્યો, તેને જોતા જ તે પરદેશી સૈનિકોએ નીચે નમી તેનુ અભિવાદન કર્યું. પ્રિય વાચક ! આપણે આ વૃદ્ધ પુરૂષને પ્રથમ એકવાર જોયો છે ગુપ્તવશના પ્રસ્તુત સમ્રાટ મહાસેનગુપ્ત જ હતા !

સમ્રાટને જોતા જ તે વૃદ્ધ સ્ત્રી કિંચિત હસી–તે પ્રૌઢ વીરનુ પણ મસ્તક સહજ નમ્ર થયુ પરતુ સમ્રાટ તદ્દન દયા પાત્ર કરુણાજનક દૃષ્ટિથી તે વૃદ્ધ સ્ત્રી તરફ જોતા હતા. તેમની તે દૃષ્ટિ પરથી કોઇને પણ લાગ્યુ હોત કે, તે પ્રૌઢ વીર અને વૃદ્ધ સ્ત્રી પાસે શશાકના અપરાધ બદલ સમ્રાટ નમ્રતાથી ક્ષમા યાચે છે માત્ર એટલુ જ હતુ કે, સેકડો વર્ષનો સામ્રાજ્યનો ગર્વ તેમના મુખમાથી શબ્દ બહાર પડવા દેતો ન હતો !

સમ્રાટ તરફ જોઈ હાસ્ય કરી વૃદ્ધ સ્ત્રી બોલી “ભાઈ, શશાક વિષે મને કઈ કહેવાની જરૂર નથી ! બાલકના એકાદ ઉચ્છૃખલ કૃત્યથી મારો પ્રભાકર સમતોલતા ગુમાવી બેસે તેમ નથી ! એ કાઇ એવો ગાડો નથી કે અજ્ઞાનતામા થયેલા કૃત્યને અપરાધ માને !” -

પેલો પ્રૌઢવીર નીચુ મુખ કરી હજીપણ દ્વેષથી ઓષ્ટ ચાવતો ઉભો રહ્યો હતો

વૃદ્ધ સ્ત્રીનો પોષાક જોતા તે પચનદદેશ નિવાસી હોવાનુ અનુમાન થતુ હતુ હજી પણ પજાબી સ્ત્રીઓ તે પ્રાચીન પોષાક જ ધારણ કરે છે કપિશા અને ગાધાર દેશની સ્ત્રીઓના પોષાક પ્રમાણે આ પોષાકમા પણ સ્ત્રીઓમા સહજ એવી કોમલતાનો અભાવ જ જણાઇ આવે છે કેટલાક અતરપરથી જોતા તો પુરૂષ અને સ્ત્રીને પોષાકપરથી ઓળખવાનુ પણ અશક્ય બને છે, પરતુ મોટા પહાડ પર્વતોથી વેષ્ટિત થયેલા ડુગરી પ્રદેશમા રહેતી સ્ત્રીઓને આ કરતા યોગ્ય અને ઉપયુક્ત પોષાક મળવાનુ કઠિન જ હોય છે તે સ્ત્રીનો કેશ સમૂહ સફેદ બની ગયેલો હતો ગાલપર કરચલીયો પડી ગઈ હતી તેણે કરચલીઓવાળો પાયજામો પહેરેલો હોઇ અગરખુ પહેરી માથે ધોળો પટકો બાધ્યો હતો તેની પીઠપર તેના લાબા ધોળા કેસ લટકતા હતા અને તેના કોમલ પગમા જોડા પણ હતા

આ વૃદ્ધ સ્ત્રી સમ્રાટ મહાસેનગુપ્તની સગી બ્હેન હોઈ ઠાણેશ્વરાધિપતિ આદિત્યવર્ધનની વિધવા પત્ની હતી તેનુ નામ મહાસેનગુપ્તા હતુ તેની સાથે ઉભેલો પ્રૌઢવીર તે મહારાજ આદિત્યવર્ધનનો જ્યેષ્ઠ પુત્ર અને ઠાણેશ્વરના રાજ્યવશનો પહેલો સમ્રાટ-પ્રભાકરવર્ધન હતો આદિત્યવર્ધનના જીવનકાળથી જ મહાસેનગુપ્તા પોતાના પતિના નામથી ઠાણેશ્વરનો રાજ્યકાર્યભાર ચલાવતી હતી પ્રભાકરવર્ધન જ્યારે ઠાણેશ્વરના સિહાસનપર બેઠો ત્યારે પણ સિહાસનની પાછળ પડદામા રહી મહાદેવી લોહદડ હસ્તમા પકડી રાજ્યકાર્યભાર તરફ લક્ષ રાખતી હતી તેની ઉમર એસી વર્ષ જેટલી થઇ હતી, તોપણ ઠાણેશ્વરમા મહાદેવીની સત્તા અપ્રતિહત ચાલ્યા કરતી હતી સર્વ આર્યાવર્ત જાણતુ હતુ કે, સિહાસનાધિષ્ઠ થયેલો, સમ્રાટ પદવી ધારણ કરનારો, પચનદ દેશનો ઉદ્ધાર કરનારો, હૂણ, આભીર અને ગુર્જરોને પ્રત્યક્ષ યમરૂપ ભાસતો પ્રભાકરવર્ધન મહાદેવીના હાથનુ કેવળ રમકડુ હતો મહાદેવીની જ સહાયથી ઠાણેશ્વરનુ અને તે સાથે જ ઉત્તર તરફના પ્રદેશોનુ રાજ્યચક્ર ફરતુ હતુ

એક હાથમા ભત્રીજાનો હસ્ત અને બીજામા પુત્રનો હસ્ત પકડી મહાદેવી સભાગૃહમાથી હસતી હસતી ચાલી ગઇ તેની પાછળ નીચુ મુખ રાખી સમ્રાટ પણ ત્યાથી ચાલ્યા ગયા ત્યાર પછી નાશી ગયેલા સેવકો ધીમે ધીમે પાછા આવવા લાગ્યા ભગ્ન થયેલુ સિહાસન તેઓએ ઉચકી લીધુ, અને તે ફરી સજ્જ કરવાના કામે લાગ્યા. પણ હવે વેદીપર સમ્રાટ સિવાય અન્ય કોઇનુ પણ સિહાસન ગોઠવાયુ નહિ

* * *

પ્રકરણ ૫ મું.

મિલન.

દુકાનમા બેઠી એક અતિશય કાળી મેશ જેવા વર્ણની, વયે પહોચેલી સ્ત્રી દાળ, ચોખા, મીઠુ, તેલ, ઘી વગેરે વસ્તુઓ સાથે સ્વહાસ્યની પણ વિક્રી કરી રહી હતી મનુષ્યોથી ઉભરાઈ ગયેલા પાટલીપુત્રમા દાળ, ચોખા વગેરે પદાર્થો પ્રમાણે તેના હાસ્યના ગ્રાહકોનો પણ તોટો ન હતો! દુકાનની અંદર આપણો પરીચિત ઘાચી પણ બેઠેલો હોઇ વેચાતા હાસ્યની ગણત્રી કરતો તે સંપૂર્ણ કરડી દૃષ્ટિથી જોઈ રહ્યો હતો ઘાચીભાઇએ સાથે આણેલો પેલો છોકરો દુકાન સામેના રાજમાર્ગપર ધૂળથી શરીર રગદોળતો, કાળી શાહી જેવા રંગના છોકરા સાથે નાના પ્રકારની રમતો રમવામા મશગૂલ બની ગયો હતો

એટલામા એક ઉંચો, લાંબો પહોળો, ગૌરવર્ણનો પુરુષ ચોખા અને ઘી લેવા માટે તે દુકાનમા આવ્યો ચોખા અને ઘી સાથે જ બીજી પુષ્કળ વસ્તુઓ તે દુકાનદાર સ્ત્રીએ તેના ગળામા નાખી જ! ખરીદી પૂર્ણ કરી તે માણસે જ્યારે પોતાના વસ્ત્રમા દાળ, ચોખા, મીઠુ વગેરે પદાર્થો બાંધી લીધા ત્યારે તેને જણાયુ કે વજન વધેલુ હોઇ તે એક માણસથી ઉપડી શકે તેમ નથી તેની આ હરકત પેલી બાઇના લક્ષમા આવી, અને તેના કોમળ હૃદયને તેની દયા આવવાથી મદદ આપવા તે પોતાની જગ્યો પરથી ઉઠી

ઘાચી આ દૃશ્ય સહન કરી શકે તેવો ન હતો! તે તરત જ અંદરથી બહાર આવ્યો, અને તેણે ગ્રાહકને સ્પષ્ટ કહ્યું "તમારો માલ લઈ આવવા હુ પોતે તૈયાર છુ, અગર જો જરૂર હોય તો હુ મારા છોકરાને તમારી સાથે મોકલુ છુ ગમે તેમ હોય, પણ હુ એક અપરીચિત માણસ સાથે મારી સ્ત્રીને ઘરથી દૂર મોકલવા

તૈયાર નથી !" થયુ, બન્ને વચ્ચે તે જ ક્ષણે વાદવિવાદનો આરભ થયો, છેવટે મલ્લ યુદ્ધનો પ્રસગ આવે તેમ જણાવા લાગ્યુ, પરતુ પેલી સ્ત્રીએ ઉભય વચ્ચે પડી તેમની તકરાર બધ પાડી દીધી છેવટે તે ગ્રાહકનો માલ છોકરાએ લઈ જવો એમ ઠર્યું

પેલો ગરીબ બીચારો છોકરો ગ્રાહકે આપેલો બોજો લઇ પાછળ પાછળ ચાલવા લાગ્યો તે માણસ લાબ ટાગી હોવાથી ઝટપટ અને લાબા પગલા ભરતો હતો વચ્ચે વચ્ચે પાછુ ભાળી છોકરો કેટલે દૂર છે તે જોતો હતો એકાદ વખત છોકરો જણાતો નહિ કે, શોધવા માટે તેને પાછુ પણ ફરવુ પડતુ હતુ !

જે રસ્તે તે માણસ ચાલ્યો જતો હતો તે રસ્તો ક્રમે ક્રમે શહેર છોડી નદી કીનારે થઇ આગળ જતા વિશેષ વિસ્તૃત થતો જતો હતો માર્ગની ઉભય બાજુએ મોટા મોટા વૃક્ષ હોઈ તેની છાયાથી તે તદ્દન ઢકાઇ ગયેલો હતો. તેની એક બાજુએ ગગાનો વિશાળ રેતાળ ભૂમિપ્રદેશ હોઇ બીજી બાજુએ લીલાછમ તૃણાકુરોથી આચ્છાદિત થયેલુ પ્રશસ્ત મેદાન હતુ દૂર—ઘણે દૂર—લાબા અતરપર રેતીની બાજુની સીમાપર ગગાના જલપ્રવાહની છેક ઝીણી રેષા દેખાતી હતી અન્ય પ્રસગે તે રસ્તાપર સવાર કે સાજ જનસમાજનો વિશેષ અવર જવર જણાતો ન હતો, પરતુ આજે કઇ વિશેષ કારણ પરત્વે તે રસ્તાપર લોકોની વિલક્ષણ ભીડ જણાતી હતી

તે ભીડમા ઘાચીનો છોકરો વારવાર અદૃશ્ય થતો અને દાળ-ચોખાનો માલીક તેને મહા કષ્ટે શોધી કાઢતો રસ્તામા જમણી બાજુએ પુષ્કળ મનુષ્યો એકત્ર થયા હતા તે લોકો તરફ જોતા સહજ સમજાતુ હતુ કે તે સૈન્ય પૈકીના હતા તે વિશાળ મેદાનમા છાવણી પડેલી હોઇ છાવણી સામે સૈનિકો ભિન્ન ભિન્ન કાર્યોમા પ્રવૃત્ત થયેલા જણાતા હતા તેમાના ઘણા ખરા રસોઇ કે ભોજન અગરતો પેટપાણીના કાર્યમા લિન થયેલા હોઇ, કેટલાક પોતાના

નિત્યકર્મ આટોપી વૃક્ષોની છાયા નીચે સૂતા હતા, અને કેટલાક સુખપૂર્વક લાબા થયા હતા રસ્તાની ડાબી બાજુએ વૃક્ષોની છાયા નીચે ઉત્તમ ઉત્તમ એવા કેટલાક ઉમદા ઘોડા ઉભા હતા તેની સામે ઘોડાનો સામાન, ભાલા, તલવારો, ધનુષ્યબાણ વગેરેના રાશીના રાશી—ઢગના ઢગ પડેલા હોઇ, તે પરથી તે ઘોડેસ્વારોનો વ્યવસાય શો હતો તે સ્પષ્ટ સમજાતુ હતુ રસ્તાની બન્ને બાજુએ સમાન અતરપર શસ્ત્રાસ્ત્રોથી સજ્જ થયેલા પરદેશી વીર ઉભા રહી શાતિ રક્ષકનુ કાર્ય કરતા હતા સૈનિકોના ટોળેટોળા નદીપર સ્નાન કરી આવતા હતા ગધેડાની પીઠપર લોખડી તબ્કા નાખી ગધેડાવાળાઓ સ્વારોને જરૂરનુ પીવા માટેનુ પાણી લાવી આપતા હતા રથ અને ગાડાની ગર્દીને લીધે પગે ચાલનારાઓ બરોબર ચાલી પણ શકતા નહતા શહેરમાથી ગાડાના ગાડા ભરી સ્વાર અને ઘોડા માટે ખાદ્ય પદાર્થો આવતા હતા નીર્મિત સ્થાને તે સરસામાન નાખી ગાડા પાછા શહેર તરફ વળતા હતા વચ્ચે વચ્ચે ઘોડેસ્વારથી ઘેરાયલી રસ્તે જતા પ્રવાસીઓની ગાડીઓ શિબીરમા આવતી અને અદરનો માલ ઉતારી પાડી પાછી જતી હતી

શહેરથી એક ગાઉ જેટલે દુર એક ઘટાદાર વટવૃક્ષની છાયામાં કેટલાક મનુષ્યો ટોળટપ્પા હાકવામા મગ્ન બની ગયા હતા. તેમની સામે એક મોટો ભાલાઓનો જથ્થો જમીનપર ઉભેલો જણાતો હતો એક બાજુએ કેવળ પૃથ્વીપર એક બાલિકા—તેને બાલ્યપણાના અતમા અને તારૂણ્યવસ્થાનો આરભ હોવાથી રમણી સજ્ઞા જ ઘટી શકશે—પડી હતી તેના બન્ને હાથ ચર્મપટ્ટીથી સજજડ બધાયલા હતા તેજ પ્રમાણે તેના ચરણ પણ ચર્મપટ્ટીથી બધાયલા હોઇ જમીનમા ઠોકાયલી એક મેખલાને તે ચર્મપટી બાધી રાખેલી હતી વચ્ચે વચ્ચે તે મસ્તક ઉચુ કરી લોકો તરફ દૃષ્ટિ ફેકતી અને કેટલીક ક્ષણે હતાશ થઇ પુન જમીનપર પડી જતી હતી જે લોકો ઝાડ નીચે બેઠા હતા, તેમના તરફ જોતા જ તે

પરદેશી હોઈ પજાબ નિવાસી હોય તેમ જણાતુ હતુ તેમાનો એક જણ કેદી કરી ચમપાત્રમાથી મદ્ય પીતો અને પોતાના સોબતીઓમા પણ ઉદારતાથી તેની વહેચણી કરતો હતો પરતુ તેમાનો એક મનુષ્ય તે બાળા તરફ દૃષ્ટિ પણ કરતો ન હતો !

દુકાનમાથી દાળ, ચોખા વગેરે વસ્તુઓનો બોજો મસ્તકપર લઈ તેલીનો છોકરો તેજ ઝાડ નીચે આવી ઉભો રહ્યો ચાલી ચાલીને અતિશય થાકી જવાથી માથાપરનો બોજો નીચે ઉતારી વિશ્રાતી લેવાના ઉદ્દેશથી તે નીચે બેઠો, અને બાલ્યોચિત ચપળતાથી આમ તેમ જોવા લાગ્યો તે વખતે બાલિકા એક નરખી નજરથી રસ્તા તરફ જોઈ રહી હતી જુદા જુદા રગના વસ્ત્રો પહેરી વાદ્યોના ગભીર સ્વરમા મગધ દેશનુ પાયદળ તે વખતે માર્ગક્રમણ કરી રહ્યુ હતુ

છોકરાનો બોજો ત્યાનો ત્યા પડી રહ્યો તે ઉઠીને ધીમે ધીમે બાલિકા તરફ જવા લાગ્યો નજીક જતા જ તેના તરફ જોઈ તે આશ્ચર્યથી એકદમ બોલી ઉઠયો “ કોણ ? બહેન ! મારી બહેન !”

તેના તે ઉદ્ગારથી આશ્ચર્યચકિત થઈ તે બાલાએ પણ મુખ ફેરવ્યુ બાલક તેજ વખતે તેની કોટે વળગી પડ્યા ! આવી સ્થિતિમા તે ભાઈ બહેને કેટલીકવાર સુધી સ્તબ્ધપણે અશ્રુ ગાળ્યા કર્યા.

કેટલીક વારે તે પરદેશી સૈનિકોનુ લક્ષ તે તરફ ગયુ આશ્ચર્યથી તે સામે જુએ છે તો, એક કેદીને બદલે બે કેદી થયેલા જણાયા ત્યાર દારૂની બેગાર કરનારો માણસ તે બાલિકા પાસે આવ્યો અને ક્ષણવાર ગભરાયલા જેવો બની તે ભાઈ બહેન તરફ જોતો ઉભો રહ્યો ત્યાર પછી તેણે તેને કહ્યુ ‘ અરે ! આ વળી શુ છે ? આ ક્યાથી તને આવીને વળગી પડ્યો ? ”

બાલિકાએ ડુસકા ભરતા ભરતા ઉત્તર આપ્યો ‘ એ મારો ભાઈ—”

પેલો પરદેશી સૈનિક તેનાપર તરત જ ચીડાઇને બોલ્યો "ચાલ, ચાલ, કયાથી વળી આવ્યો તારો ભાઇને બાઈ? અહીં ભઇ બઇ કઈ ચાલશે નહિ! એને હમણા ને હમણા અહીંથી દૂર કર!"

તેની આ નિષ્ઠુર આજ્ઞા સભળાતા જ બાલિકા રડતા ના મોટેથી પોકાર કરવા લાગી તેનો ભાઇ પણ તેના સૂરમા સૂર પુરાવી રડવા લાગ્યો તે જોઇ પેલો પરદેશી સૈનિક ઘણો ખીજવાયો અને તે બાલકનો હાથ પકડી તેને ખેંચવા લાગ્યો તેમ તેમ તે પણ મોટેથી ચીસો પાડવા લાગ્યો "ઓ બહેન! ના બહેન, હવે બહેન હુ કદીપણ તને છોડીને જઇશ નહિ!"

આ ગડબડાટ ચાલતો સાભળી ચોતરફના લોકો ત્યા આવી એકત્ર થવા લાગ્યા તેમાના એકે પુછ્યુ અરે શુ છે—થયુ છે શુ?"

બીજા એકે પ્રશ્ન કર્યો "આ બાળકોને તમે કેમ હેરાન કરવા માડ્યા છે?"

ત્રીજા એકે ચોથાને કહ્યુ "જુઓ જુઓ! એ છોકરીને આ લોકોએ કેવી કસીને બાધી દીધી છે!"

ભીડ વધતા વધતા એક શાતિરક્ષક સૈનિક ત્યા આવી પહોચ્યો અને તેણે પુછ્યુ "શુ છે? શેની ગડબડ ચાલે છે અહીં?"

તરત જ એકદમ દસબાર માણસોએ તેના પ્રશ્નનો ઉત્તર આપવાનો આરભ કર્યો "આ પરદેશીઓ દારૂ પીને આ છોકરીને મારતા હતા ત્યારે તેનો ભાઇ આવીને તેને છોડાવવા લાગ્યો પણ—!"

બહેનને મુક્ત કરવા ઇચ્છતા તે વીર બન્ધુની આકૃતિ જોઇ તે શાતિરક્ષક ખડખડ હસવા લાગ્યો

શાતિરક્ષકે તે સૈનિકને પુછતા તેણે કહ્યુ "આ છોકરી મારી કેદી છે રસ્તામાથી તે મને મળી આવી છે અને ત્યારથી મારી સાથે જ છે આ છોકરો કોણ છે તે હુ જાણતો નથી, અને મે કોઇને મારહાણુ કરી નથી."

એટલામા આપણા પ્રસગમા આવેલો કાળ ચોખાવાળો પોતાના

મજૂરને ઘણીવાર સુધી શોધતા શોધતા, વડના ઝાડ નીચે ભીડ થયેલી જોઈ ત્યા આવ્યો ભીડની ચોતરફ તે કેટલીક વાર સુધી ફર્યો, પરતુ જ્યારે તેને અદરનો બનાવ જણાયો નહિ, ત્યારે તે ધીમે ધીમે તે ગર્દીમાથી આડો અવળો રસ્તો કાઢી અદર જઇ ઉભો રહ્યો ત્યા આવતા જ તેણે પોતાનો માલ જમીનપર પડેલો જોયો આથી તે સહજ આગળ વધી જોવા લાગ્યો તો ઘાચીનો છોકરો એક સુદર બાલાના અગપર પડેલો હોઇ રૂદન કરતો જણાયો

તેણે છોકરાને પુછ્યુ ‘ અરે આ શુ છે ‘ તુ અહીં કેમ બેસી રહ્યો છે ?”

બાલક તેને જોતા જ પુન મોટેથી રોવા લાગ્યો અને અસ્પષ્ટ સ્વરે બોલ્યો “ હવે હુ મારી બહેનને છોડીને એક ડગલુએ નથી ખસવાનો ! ગમે તેમ કરો ! નહિ ખસું તે નહિ જ ખસુ ! ”

આ સાભળી બોજાનો માલીક આશ્ચર્યચકિત થઇ ગયો. તેની ચોતરફ જે લોકો ઉભા હતા તેમણે તેનાપર ભિન્નભિન્ન પ્રશ્નોનો ભડીમાર ચલાવ્યો

છેવટે તે ધીમે ધીમે પોતાની હકીકત કહેવા લાગ્યો “ હુ પણ કાણેશ્વરના સૈન્યમાનો એક સૈનિક છુ કાલે આખી રાત સુધી રાજભૂવનપર પહેરો ભરવાનુ કામ મને સોપાયલુ હોવાથી હુ ત્યા હતો સવારે રજા મળતા જ શહેરમા ખાદ્યાદિ વસ્તુઓ લેવા હુ ગયો. મે લીધેલો માલ વજનદાર થવાથી દુકાનવાળાએ પોતાના આ છોકરાને બોજો પહોચાડવા મારી સાથે મોકલ્યો છે આ છોકરીને મે મારી જીદગીમા કદીપણ જોઇ નથી—”

જે સૈનિક તે છોકરીને પકડી લાવ્યો હતો, તેણે પણ પ્રતિજ્ઞાપૂર કહ્યુ કે તે પાટલીપુત્રની નથી

જોતજોતામા ત્યા જનસખ્યા વધવા લાગી છાવણીમાથી શાતિરક્ષકો પણ ત્યા આવી પહોચ્યા. પરતુ પુષ્કળ પ્રયત્ન કરવા છતા ત્યાનો કોલાહલ અટકાવી શકાયો નહિ, અને ક્ષણે ક્ષણે વધતી જતી ગર્દી પણ ખસી નહિ ! પ્રચડ દળે નાગરિકોની સખ્યા વધતી ચાલી

અને તેમનો પક્ષ બળવાન થતો ગયો વખતના વહેવા સાથે જ ઉભય પક્ષના ટટાને વિશેષ ગભીર સ્વરૂપ પ્રાપ્ત થવા લાગ્યુ વાદવિવાદ, ગાળાગાળીથી બનાવનો આરભ થયો અને ધીમે ધીમે હાથો હાથ સુધી વાત આવી પહોચી ! બિચારા ગણ્યા ગાઠ્યા રાતિરક્ષકોથી ઉભયપક્ષની તકરાર બધ ન પાડી શકાયાથી તેમને ત્યાથી ખસી જવુ પડયુ !

થોડાજ વખતમા ઉભયપક્ષની મારામારીને નાના યુદ્ધનુ સ્વરૂપ મળ્યુ ઢાણેશ્વરનુ સૈન્ય પ્રથમથી તોફાન માટે તૈયાર થઇને આવેલુ હતુ, એટલે તેમના શસ્ત્રાસ્ત્રો મજબૂત હતા પરતુ પાટલીપુત્રના નાગરિકો કઇ યુદ્ધની તૈયારી કરી આવ્યા નહતા તેમાના કેટલાક તો ગાડીવાળા અને ગધેડાવાળા હતા કેટલાક હમાલ હોઇ કેટલાક જળવાહકો હતા પરતુ પાટલીપુત્રના પક્ષના મનુષ્યોની સખ્યા પરદેશી સૈનિકો કરતા લગભગ ત્રણ ગણી હતી !

ઢાણેશ્વરનુ સૈન્ય પ્રથમથી તૈયાર નહિ હોવાથી પહેલા તો સપાટા સાથે તેઓ બેચાર પગલા પાછા હઠયા, પરતુ તરત જ તે સૈનિકોની તીક્ષ્ણ તલવારોના ઝબકારાથી પાટલીપુત્રના નાગરિકો ઝપાટાબધ પાછા હઠવા લાગ્યા કોઇનુ માથુ ફૂટયુ તો કોઇના હાથપગ કપાયા, કોઇ જન્મ માટે લુલા પાગળા બન્યા તો કોઇ અધ બન્યા ! પરતુ કોઇ મરણ શરણ થયુ ન હતુ ! રક્તપાતનો આરભ થતા જ નગર નિવાસીઓએ પાછા હઠવાનો આરભ કર્યો પણ નાસભાગ કરી નહિ રાવટીઓ અને વૃક્ષ સમૂહની પાછળ લપાઇ લપાઇને તેઓ શત્રુસૈન્યપર મોટા મોટા પત્થર ફેકી તેમને સમીપમા આવવા દેતા નહતા

તે વખતે ગગાતીરે થઇ જતા રાજમાર્ગે પાટલીપુત્રના સૈન્યની એક ટુકડી શહેર તરફથી છાવણી તરફ આવતી હતી પરતુ તે સૈનિકોને જોઇ નાગરિકોને કઇ ઉત્સાહ [illegible] એમ કઇ ન હતુ ઉલટા તેમાના એક એક, બબ્બે ત્યાંથી દૂર થઇ જવા લાગ્યા

કારણ, તેમની ચોક્કસ માન્યતા એવી હતી કે, તકરારની વાત સાભળી આપણા સૈનિકો આપણને મળી જશે નહિ, કિન્તુ તકરાર કરવા માટે આપણને કેવળ દોષ આપવા તત્પર થશે !

આજ વખતે નદી કીનારાના રસ્તે એક રથ અત્યત ત્વરિત ગતીથી નગર તરફ જતો હતો તે રથ આ મારામારીના સ્થાન પાસે આવતાજ સારથીના માથાપર એક મોટો પત્થર આવી પડયો, અને તેજ ક્ષણે તે જખમી થઇ રથ ઉપરથી પટાક લઇને નીચે પડયો ! સારથીના પડવાથી થયેના શબ્દધ્વનીથી રથના બન્ને ઘોડા ચમક્યા અને ગમે તે માર્ગે દોડવા લાગ્યા આ વિલક્ષણ પ્રકાર જોઇ રથમા બેઠેલી વ્યક્તિએ ઝડપથી નીચે કૂદકો માર્યો પણ રથતો શહેર તરફ જ પૂર્ણ વેગથી દોડી ગયો

રથમાથી બહાર આવેલો પુરૂષ પ્રથમ સારથી પાસે ગયો, તેણે તેને બરોબર નીહાળ્યો તે કાળ શરણ થયો ન હતો—તે જીવતો હતો ખરો, પરતુ તેનુ મસ્તક છુદાઇ ગયુ હતુ તેની આવી શોચનીય સ્થિતિ જોઇ તે વીરાત્માનો ચહેરો ક્રોધથી લાલચોળ બની ગયો ! આજ સધીમા પાટલીપુત્રના નાગરિકોએ ફેકેલો એક મોટો પત્થર તેના કર્ણ આગળથી સૂ સૂ કરતો પસાર થયો અને રસ્તાની બીજી બાજુએ જઇ એક રાવટીપર પછડાયો તે રાવટી જમીનપર તૂટી પડી ! આ બનાવ જોઇ તે વીરપુત્ર આશ્ચર્યથી દિંગમૂઢ બની ગયો અને તલવાર ખેચી જે ઝાડ તરફથી પત્થર આવતા હતા, તે તરફ ઝપાટાથી જવા લાગ્યો જેમણે પત્થરની ગોલદાજી કરવાનુ કાર્ય ચલાવ્યુ હતુ, તેઓ વૃક્ષની પાછળ રહી મુખ બહાર કાઢી જોવા લાગ્યા તે વખતે ગોલદાજીનો વેગ ઓછો થતો જતો હતો, અને સૈન્ય પાસે આવતુ જતુ હતુ હવે આપણા નાગરિકો, જેમ ફાવ્યુ તેમ જ્યા રસ્તો મળ્યો ત્યા નાશી જવા લાગ્યા !

આપણા વીરને ઝાડ તરફ આવતો જોઇ ત્યા જે લોકો ઉભા હતા, તેમણે પણ નાશભાગ કરવા માડી ! એટલામા તેમાંનો એક જણ બોલી ઉઠયો “અરે, એતો આપણા યૂવરાજ છે !”

બીજો તિરસ્કાર યુક્ત સ્વરે તેને કહેવા લાગ્યો " તને કઇ ગાડપણ તો નથી થયુને ? આપણા યૂવરાજ ! તે વળી આ વખતે અહીં શા માટે આવે ? "

" કેમ ? યૂવરાજ અહી ફરવા આવે એ સભવિત નથી શુ ?"

" શાબાશ છે તને ! આખા પાટલીપુત્રમા ફરવાની જગ્યા નહિ મળવાથી, આ મધ્યાહ્નકાળના સખ્ત તાપમા પ્રખર અગ્નિ જેવા મેદાનમા યૂવરાજ ફરવા આવે ?"

"અરે, તને ખબર નથી ! આપણા યૂવરાજને કદી કદી લહેર આવે છે લહેર ! "

" ત્યારે તો તુજ જઇને યૂવરાજના દર્શન કરી લે ! હુ તો ભલા મારો રસ્તો જ પકડીશ ! "

પેલા માણસે ઝાડની બાજુમાથી બહાર આવી ' યૂવરાજનો જય થાવ, યૂવરાજનો જય થાવ ! ' એમ પોકારી તે રથપરની વ્યક્તિને પ્રણામ કર્યા તે પુરૂષ વીરસ્મિત નેત્રે તેના તરફ જોઈ રહ્યો આ વખતે બીજા માણસે ઝાડ પાસેથી પોબારા ગણવાનો આરભ કર્યો હતો તેને હાક મારી તે પુરૂષે તેને અટકવા કહ્યુ તેજ વખતે તેનો કઠસ્વર સાભળી તે માણસ ચમકીને અટક્યો અને પોકારી ઉઠયો " યૂવરાજનો જય થાવ ! "

તે વખતે આજુબાજુ જે નાગરિકો લપાઈ રહ્યા હતા, તેમને ધૈર્ય મળ્યુ તેઓ પણ ધીમે ધીમે બહાર આવવા લાગ્યા જોતજોતામાં તે ઝાડ નીચે ટોળુ એકત્ર થઈ ગયુ ! પાટલીપુત્રના લોકો લડાઇમાથી પાછળ હઠી ગયેલા છે, એમ જોઈ ઠાણેશ્વરનુ સૈન્ય હમણા નિશ્ચિત થયુ હતુ, પરતુ વૃક્ષની નીચે થયેલી ગર્દી જોઇ પુન તેમણે પત્થર અને માટીના રોડા ફેકવાનો આરભ કર્યો એક ઇટનો કકડો યુવરાજના શીરસ્ત્રાણને સ્પર્ષ કરી ગયો ! તે જોઇ નાગરિકો પુન ખળભળી ઉઠયા !

આજ અગ્સામા સૈન્યની ટુકડી આ મારામારીના સ્થળપર આવી પહોચી, અને ભીડ થયેલી જોઇ અધિનાયકની આજ્ઞાથી તે અટકી ગઇ તે પરથી રથમાથી ઉતરેલો પુરૂષ તેમની પાસે ગયો, અને તેણે અધિનાયકને પુછ્યુ 'તમે મને ઓળખો છો ?"

અધિનાયકે ઉત્તર આપ્યો " ના "

તેજ વખતે તે પુરૂષે મસ્તકપરનુ શીરસ્ત્રાણ, દૂર કર્યું સૂવર્ણમય, ચક્રચક્રિત કેશ તેના ખભાપર થઇ પીઠપર લટકવા લાગ્યા તરત જ સેના નાયકે તેના ચહેરા તરફ એક વખત લક્ષ પૂર્વક જોઇ તેને અભિવાદન કર્યું

આ દૃશ્ય જોઇ મગધ સૈન્યે જયધ્વની કર્યો, અને નાગરિકોએ પણ તેમના તે ધ્વનીમા પોતાના જયઘોષનુ બલ પ્રેર્યું તે પુરૂષ તે શશાક પોતે જ હતો તેના શરીરપર લોખડી બખતર હોવાથી તે ચઉદ વર્ષનો કુમાર એક ઠીંગણા બાધાના વીર જેવો જણાતો હતો !

કુમારે પુછ્યુ "હકીકત શી છે ?"

નાગરિકો એક સાથે બોલી ઉઠયા " આ પરદેશી સૈનિકો એક બાલિકાને પકડી લઇ જતા હતા, તેથી અમે તેમને તેને છોડી દેવા કહ્યુ ત્યારે તેઓએ એકદમ ચીડાઇ જઇ અમારાપર હૂમલો કર્યો !"

જેઓ જખમી થયા હતા તેઓએ પોતાના શરીરપર શસ્ત્રના પડેલા જખમો ખૂલ્લા કરી યૂવરાજને બતલાવ્યા શસ્ત્રહિન વ્યક્તિઓના શરીરપર શસ્ત્રાઘાત થયેલા જોઇ પાટલીપુત્રની સેના ક્રોધથી કુપિત થઇ ગઇ, અને જ્યારે યૂવરાજના સારથીનુ શબ તેમણે જોયુ ત્યારે તો તેમને શાત રાખવાનુ તદ્દન અસભવિત થઇ પડયુ

કુમારની આજ્ઞાથી સેનાનાયક જ્યારે ઠાણેશ્વરની છાવણી તરફ જવા લાગ્યો, ત્યારે રાવટીઓની આડે રહી તે સૈનિકોએ તેના તરફ પત્થર ફેકવા માડયા, જેથી તેને પાછા ફરવાની જરૂર પડી. આથી છેવટે યુવરાજની આજ્ઞાથી મગધ સેનાએ રાવટીઓપર હલ્લો કર્યો. ઠાણેશ્વરના ઘણા સૈનિકો સુરાપાન કરી નિશામા ચકચૂર બની ગયા

હતા, તેથી સહેલાઇથી તેમનો પરાભવ થયો જેઓ શુદ્ધિમા હતા તેઓએ નાશી જઇ પ્રાણ બચાવ્યા, જેઓ બેહોષ થઇ ગયા હતા તેઓએ તેમના તેમ જમીન ઉપર પડી રહી બેસુમાર માર ખાધો ! અને બેચારને પકડી બાધી લઇ જવામા આવ્યા

કુમાર શશાકની આજ્ઞાથી આપણા પરીચયમા આવેલા બાલક બાલિકાને બધનમુક્ત કરતા તે બન્ને રસ્તાપર આવ્યા તેમને પોતાના રથમા બેસાડી કુમાર નગર તરફ ચાલ્યો ગયો, અને ત્યાર પછી સૈન્ય પણ જતુ રહ્યુ

તે વખતે સધ્યાદેવી પોતાની સત્તા સ્થાપવાનો પ્રારભ કરવાની તૈયારીમા હતી તેટલામા ઉપર કહેલી મારામારીના સમાચાર નગરમા પણ ચોતરફ પ્રસરી ગયા હતા દુષ્ટ અને કલહપ્રિય લોકોના ટોળેટોળા નગરમાથી આવતા જતા હતા અને નાગરિકોની સખ્યા વૃદ્ધિ પામવા લાગી હતી મુઠભર શાતિરક્ષકો તેમનુ નિવારણ કરવાને અશક્ત બની ગયા હતા છેવટે નાગરિકોએ તેમને માર મારી હાકી પણ મુક્યા છાવણીમા લૂટ ચલાવવાનો આરભ થયો અને છેવટે તેને અગ્નિદેવતાને સ્વાધિન પણ કરવામા આવી જ્યારે રાવટીઓ સળગવા લાગી અને આકાશ પર્યત પહોચેલી અગ્નિ જવાળા દાણેશ્વરના સેનાપતિની દૃષ્ટિએ પડી ત્યારે તેણે જાણ્યુ કે છાવણીપર કોઇપણ જાતનુ પ્રચડ સકટ આવી પડ્યુ છે

નગરમા હજાર બારસો અગરક્ષકો જઇ રહેલા હતા, તેમને લઇ સેના નાયક છાવણી તરફ દોડી આવ્યો તે વખતે સર્વ કઇ રક્ષામય થઇ ગયુ હતુ અને આગ પણ ઘણા ભાગમા શાત થઇ ગઇ હતી તેને જણાયુ કે નાગરિકોએ દારૂથી બેહોશ બનેલા સૈનિકો અને કેદીઓની નિર્દયતાથી કતલ કરી છાવણીમા અગ્નિ મુકી સર્વ નષ્ટ ભ્રષ્ટ કરી નાખ્યુ છે પણ હવે તે લાચાર હતો !

* * *

પ્રકરણ ૬ ઠું.

દુર્ગસ્વામિનીનાં વલય.

આર્યાવર્તના ઇતિહાસમા રોહિનાશ્વનો કિલ્લો પ્રાચીન કાળથી અતિ પ્રખ્યાત છે દક્ષિણ મગધ અને કરૂષ દેશની* દક્ષિણ તરફની મર્યાદા ઉપર રોહિનાશ્વદુર્ગ અચળ ઉભેલો હોઈ અરણ્યથી ઘીચ બનેલા આ જગલી પ્રદેશનુ તે એકજ પ્રવેશદ્વાર છે ઇતિહાસના પ્રારભથી તે પ્રસ્તુત કાલ સુધી રોહિતાશ્વદુર્ગનો અધિપતિ તેજ અરણ્યવાસી જગલી જાતોનો નેતા મનાતો હતો મુસલમાન વિજય પછી રોહિતાશ્વનુ ‘ રોહતાસ ’ નામ પડ્યુ છે પઠાણ અને મોગલ રાજાઓના સમયમા રોહિતાશ્વના કિલ્લેદાર સુબા બિહારની દક્ષિણની સીમાના રક્ષક હતા શેરશાહ, માનસિંહ, ઇસ્લામખા, શાયસ્તખાન વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ વ્યક્તિઓના નામ રોહતાસદુગના સારા પરિચયમા આવેલા છે એ સર્વ પુરૂષો એ પ્રાચીન દુર્ગના અવશેષ ભાગમા પોતાના કઇને કઇ સ્મૃતિ ચિહ્નો મુકી ગયેલા છે

અતિ પ્રાચીન સમયે કે જે કાલની વાતો ઇતિહાસમા ઉપલબ્ધ નથી, તેવા સમયે આ રોહિતાશ્વદુર્ગ બધાયો હતો પર્વતનો જે ભાગ નદીની અદરના પ્રદેશ સુધી પ્રસરેલો હતો, તે ભાગના અત્યત ઉચ્ચ શીખરપર રોહિતાશ્વદુર્ગ બાધવામા આવ્યો હતો તે ઉચુ શીખર જોતા જાણે કે શોણ નદીના ગર્ભમાથી તે ઉચે ઉપસી આવ્યો હોયની, એવો ભાસ થતો હતો

આ પછી તેરમી સદીનો દીર્ઘકાલ ઉલટાઇ ગયેલો હોઇ, હજાર બારસો વર્ષમા શોણ નદીએ પોતાની ગતી બદલી નાખેલી છે હવે શોણનો પ્રવાહ પાટલીપુત્ર પાસે થઇ વહી જતો નથી તેમ તે રોહિતાશ્વદુર્ગ નીચે પણ નથી. એક હજાર વર્ષ પૂર્વે શોણ નદીનો પ્રવાહ જ્યાથી જતો હતો, ત્યા હમણા લીલાછમ તૃણાકુરોના ક્ષેત્રો

---

* કરૂષદેશ—હાલનો ‘ આરા ’ અને ‘ સાસારામ

અને વૃક્ષોની હારથી ઘેરાયલા અનેક ગામ માત્ર દૃષ્ટિએ પડે છે ! વિન્ધ્ય પર્વતની તળેટી હમણા નદીથી અતિ દૂર છે

આ રોહિતાશ્વદુર્ગ પર્વતની ટોચે બંધાયલો હતો કિલ્લાના બે ભાગ પડેલા હતા. પ્રચડ અને વિશાલ પર્વત શીખરને પાષાણથી બાધી તેને મજબૂત કોટથી ઘેરી લઇ નીચેનો કીલ્લો બાધવામા આવ્યો હતો પાણીની માફક દ્રવ્યનો વ્યય કરી ખડકમય પર્વતના મસ્તકપરનો પ્રદેશ સપાટ કરી કિલ્લાનો બીજો ભાગ બાધ્યો હતો કિલ્લાના આ ભાગની લબાઇ પહોળાઇ સો હાથ કરતા વધુ ન હતી પરતુ આ ભાગ સુધી ચઢવાનુ લગભગ અસભવિત હોવાથી આ કિલ્લો અજીત જ હતો એમ કહીશુ તો ચાલશે રોહિતાશ્વદુર્ગના સર્વ ઇતિહાસમા કિલ્લાનો આ ભાગ શત્રુના હસ્તમા બે વખત કરતા વિશેષ વખત ગયો નથી !

રોહિતાશ્વદુર્ગના ઉત્તર ભાગના તોરણ નીચે એક સ્થુલ કાય વૃદ્ધ પુરૂષ બેઠો બેઠો દાતણનો કડકો લઇ દાત ઘસી રહ્યો હતો

વૃધ્ધે કેટલીએવાર સુધી એ પ્રમાણે દાત ઘસ્યા કર્યો તેનો પ્રાતવિધિ પૂર્ણ થતા પહેલા જ કિલ્લાના દરવાજાના રસ્તે કોઇનો પગરવ સભળાયો

થોડી જ વારમા એક બાલિકા ત્વરાથી બહાર આવી તે અપૂર્વ સુદર હતી અને તેના ચકચકતા કેશ ખૂલ્લા ઝૂલ્યા કરતા હતા વૃદ્ધને ત્યા બેઠેલો જોઈ તે પોતાની ગતી એકદમ અટકાવવાનો પ્રયત્ન કરતા ખડમચડા પત્થરપર પડી !

તે જોઇ પેલો વૃદ્ધ અને તેનો નોકર ત્યા દોડી ગયા સુદૈવે તેને કઈ વાગ્યુ ન હતુ બાલિકા ઉઠતા જ શ્વાસ લેતી લેતી બોલી “ દાદા ! નાનીયા કહે છે કે ઘરમા આજે ચપટી પણ લોટ નથી આજે દાદાજી, આપણે શુ ખાઇશુ ? ”

પૌત્રીના માથાપર હાથ ફેરવતા ફેરવતા વૃધ્ધે સહજ હાસ્ય કરી કહ્યુ “ એટલી શા માટે ડરે છે ? ઘરમા ઘણી છે ને ? તે દળીને હમણા રઘુ લોટ લાવી આપશે ! ”

“ અરે દાદા ! નાનીયા તો ક્યારની રડયા કરે છે ! તે કહે છે કે, ઘરમા ઘઉંનો એક કણ પણ નથી ! ”

પૌત્રીના મુખના શબ્દ સાભળી વૃદ્ધના મુખમડલપર ગભીરતાની છાયા પ્રકટી આવી કેટલીકવારે તે બોલ્યો “ ઠીક બેટા, હુ હમણા કઇ શિકાર કરી લાવુછુ ? અરે રઘુ, રઘુ, મારા ધનુષ્ય બાણ લાવ તો જલદી ! ”

રઘુ કિલ્લામા ચાલ્યો ગયો બાલિકા ડોસાને ગળે વળગી પડી અને ગદગદિત સ્વરે બોલી “ પણ દાદા ! પક્ષી કે હરીણનુ માસ મારથી ખવાતુ નથી ! મને તેનો એવો કઇ ખરાબ વાસ આવે છે કે દાદા—! ”

આ શબ્દ સાભળી વૃદ્ધ ચિંતામગ્ન થઇ સ્તબ્ધપણે ઉભો રહ્યો આ તરફ રઘુ ધનુષ્યબાણ લઈ આવી ઉભો હતો, તેના તરફ તેનુ લક્ષ પણ ગયુ નહિ બાલા વિસ્મિત થઇ દાદાના મુખ તરફ ટકટક જોતી જ રહી

ઘણો વખત ગયા પછી વૃદ્ધની તદ્રાનો ભગ થયો તેના નેત્રમાથી એક બે અશ્રુબિદુ નીકળી ચીમળાઇ ગયેલા ગાલપર થઇ તેની ધોળી મુછોપર પડયા તેણે નોકરને કહ્યુ “ ધનુષ્યબાણ મુકી આવ અને પછી મારી પાછળ જરા અદર આવ ”

એટલુ કહી પૌત્રીને સાથે લઈ વૃદ્ધ કિલ્લામા ગયો ઘાસ અને જગલી વેલાઓથી આચ્છાદાયલુ કિલ્લાનુ પટાગણ ધીમે ધીમે ઓળગી કિલ્લાના ભોયતળીએ આવેલી એક ઓરડીમા તે પેઠો તેની સાથેની જ ઓરડીમા, ઘરમા ઘઉંનો એકપણ દાણો નહિ હોવાથી ઘરડી દાસી નાનીયા રડતી બેઠી હતી. તે વૃદ્ધને જોઇ અશ્રુલુછી ભયથી ચૂપ થઇ ગઇ

તે ઓરડીના ખુણાના એક ગોખમા અતિ જુની જીર્ણ થયેલી એક નાની સરખી લોખડી પેટી મુકેલી હતી નોકરની સહાયથી વૃદ્ધે તે પેટી અતિ કષ્ટથી ઉઘાડી તેમાથી એક ડાબડી બહાર કાઢી.

તે ડાબડી એક જુના પુરાણા વસ્ત્રમા બાંધેલી હતી તેની ચોતર્ફ સૂકાયલા પુષ્પોની એક માળા વીંટાએલી હતી ઉપરનુ વસ્ત્ર છોડી ડાબડી ઉઘાડતાજ તેમાથી તેજપુંજ હીરા જડિત એક સૂવર્ણ વલય બહાર પડ્યુ

તે રત્નજડિત વલય નોકરના હસ્તમા આપી વૃદ્ધે તેને કહ્યુ “ આ વલય લઇને તુ ગામમા જા! ધનસુખ સોનીને ત્યા જઇ એને વેચી દે! એની જે કીંમત આવે તે લઈ તે પૈસાથી ઘઊં અને લોટ ખરીદી લાવજે!”

તે પ્રાચીન રત્ન વલય નોકરના હસ્તમા મુકતા મુકતા વૃદ્ધનો હસ્ત થરથર કંપતો હતો લાંબા વખતથી આશ્રયમા રહેતા સ્વામીભક્ત સેવકના લક્ષમા એ દર્દનુ કારણ આવ્યા સિવાય રહ્યુ નહિ કેવી રીતે રહે? તેના નેત્ર પણ અશ્રુથી ભરાઇ આવ્યા, પરતુ કંઇ પણ ન બોલતા સ્વામીની આજ્ઞાનુ પાલન કરવા તે ત્યાથી ઝટ પગલે ચાલ્યો ગયો

ડોસો કમર ભાગી ગઇ હોય તેમ એકદમ નીચે બેસી પડ્યો! તેના ચક્ષુમાથી અશ્રુપ્રવાહ જોરથી વહેવા લાગ્યો! ઓરડીના બારણા સાથે ઉભી રહી સ્તભિત થએલી બાલિકા દાદાની આ કરૂણારૂપ સ્થિતિ જોતી હતી

અમે જે સમયની વાત કરીએ છીએ, તે સમયે પ્રાચીન ગુપ્ત સામ્રાજ્ય તદ્દન હિન સ્થિતિમા હતુ મગધ, અગ અને ગડ દેશો સિવાય અન્ય સર્વ પ્રદેશ ગુપ્તસમ્રાટના હસ્તમાથી જતો રહેલો હતો તીરભુક્તિ* પ્રદેશપર જે અધિકારી હતા, તે સામ્રાજ્યની સત્તા માત્ર નામનીજ કબુલ કરતા હતા તે ત્યાના ઉત્પન્નમાથી પાઇ પણ રાજધાનીમા મોકલતા ન હતા તેઓએ ખૂલ્લી રીતે માત્ર સ્વતત્રતા પ્રકટ કરી ન હતી એટલુજ! ગુપ્ત સામ્રાજ્યની સ્થાપનાના વખતથી જે નવીન સરદાર સામતોનો વર્ગ ઉત્પન્ન થયો હતો,

---

* તીરભુક્તિ—હાલનો ‘ ત્રિહુત ’

તેમાના ઘણાખરા મગધ અને ગૌડ દેશના વતની હતા ગુપ્તવશનો સૂર્ય જ્યારે મધ્યાહ્નમા હતો ત્યારે જીતાયલા પ્રદેશોમાથી તેમને બીક્ષસ તરીકે સારી સારી જાગીરો મળી હતી આ ભૂમિ આદિનુ રક્ષણ કરવા માટે તેમાના ઘણાઓએ જન્મભૂમી છોડી પરદેશમાજ નિવાસ કર્યો હતો તેમાના કેટલાકને મગધમા રહેવાની પણ ફરજ પડતી હતી કારણકે સામ્રાજ્યના કેટલાક હક્ક તેમને વશપરપરા માટે અપાયલા હતા, તેઓ સમ્રાટ પાસેથી તે દૂર થઇ શકતા નહતા ગુપ્ત સામ્રાજ્યના વિનાશકાલે આ [illegible] સામતાદિ અભિજાત વર્ગની સ્થિતિ અત્યત શોચનીય બની ગઇ હતી ! [illegible] થી તેમની સત્તા ધીમે ધીમે નષ્ટ થતી થતી હસ્તમાથી જવા લાગી હતી ગૌડ અને બગ દેશમા જેમની સત્તા હતી તેમને કેટલાક વખત સુધી દારિદ્રનુ વિશેષ દુખ લાગુ પડયુ ન હતુ છેવટે, સમ્રાટ મહાસેનગુપ્તના પિતા દામોદરગુપ્તના વખતે તેમના અધિકાર પણ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયા. જેમને બે વખતના અન્નના પણ ફાંફા પડતા હતા તેવા અભિજાત વર્ગના અભિમાની જુના અમાત્ય વશના લોભથી પાટલીપુત્ર નગર અને સર્વ મગધ દેશ ભગાઇ ગયો ! પ્રથમથી જ પડતીમા આવેલા મગધ સામ્રાજ્યની સ્થિતિ [illegible] સામતોથી વિશેષ જ શોચનીય થઇ પડી ગુપ્ત સામ્રાજ્યની ઉન્નતિના સમયે રોહિતાશ્વદુર્ગના સ્વામી અતિશય પરાક્રમી હતા દક્ષિણ તરફના પ્રદેશનુ રક્ષણ કરવાના કાર્યમાટે તેમને સમ્રાટ તરફથી અતિ સન્માન મળતુ હતુ દેશ ઉપર દેશ જીતાઇને જેમ જેમ સામ્રાજ્યમા એકત્ર થતા ગયા તેમ તેમ રોહિતાશ્વના અધિપતિને માલવ અને બગદેશમા પુષ્કળ ભૂમિ વગેરે મળતુ ગયુ સામ્રાજ્યના વિનાશકાળના આરભમા તેમના સ્વામિત્વ નીચેનો માલવ દેશનો પ્રદેશ તેમના હસ્તમાથી જતો રહેલો હતો જ્યાસુધી બગ દેશની ભૂમિ વગેરે સ્વાધિનમા હતુ, ત્યાસુધી તે દુર્દશાના વમળમા વિશેષ સપડાયા ન હતા સમ્રાટ દામોદરગુપ્તના વખતે બગદેશના ન્યાયાધિકારીઓ રાજાનુ ઉત્પન્ન સમ્રાટ તરફ ન મોકલતા દબાવી

પડવા લાગ્યા હતા, પરંતુ એ પછી પણ કેટલાક વખત સુધી રોહિતાશ્વદુર્ગના અધિપતિને બંગદેશમાથી કર મળતો રહ્યો હતો ધીમે ધીમે તે ઉત્પન્ન પણ આવતુ અટક્યુ દુર્ગની ચોતરફનો ડુગરાળ પ્રદેશ દુર્ગાધિપતિની માલીકીનો હતો, તેના ઉત્પન્નના છઠ્ઠા ભાગમાથી દુર્ગાધિપતિનો સંસાર મહા કષ્ટથી જેમ તેમ ચાલતો હતો

જે વૃદ્ધ મનુષ્ય પ્રાતઃકાળે તોરણ નીચે બેસી દાન ધરી રહ્યો હતો, તે રોહિતાશ્વદુર્ગના પ્રસ્તુત કાળના સ્વામી યશોધવલ હતા તેમનો જન્મ અતિ પ્રાચીન કુલમા થયો હતો તેમના પૂર્વજોને વંશ-પરંપરાથી ‘ મહાનાયક ’ ની પદવી મળેલી હતી. ગુપ્ત સામ્રાજ્યમા તેમને રાજકુમારની પદવીના ગણવામા આવતા હતા

યશોધવલદેવનુ વય સીત્તેર વર્ષ કરતા થોડુ વધારે હતુ સમ્રાટ દામોદરગુપ્તના સમયમા તેમણે અનેક યુદ્ધમા વિજયમાળાઓ ધારણ કરી હતી મહાસેનગુપ્તના વખતમા પણ મૌખરી રાજને પરાજય પમાડી યશોધવલદેવે દક્ષિણ મગધનો બંડાગ્નિ ઓલવી નાખ્યો હતો

યશોધવલદેવના એકના એક પુત્રનુ નામ કીર્તિધવલ હતુ, કીર્તિધવલ પોતાના પિતાની કીર્તિ જાળવે તેવોજ પુત્ર હોઇ તેણે પણ યશ મેળવ્યો હતો દારિદ્રની યાતના સહન ન થવાથી, પોતાના પૂર્વજોના સમયની બંગદેશની સત્તા પુનઃ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પિતાની સંમતિ ન લેતા જ કીર્તિધવલ તે તરફ ચાલ્યો ગયો, પણ દૈવેચ્છાથી નદીથી ઘેરાયલા સમતટ દેશના તુમલ યુદ્ધમા તે માર્યો ગયો પતિના મૃત્યુના સમાચાર સાભળી કીર્તિધવલની પત્ની ચિતાગ્નિમા પ્રવેશ કરી પતિના દર્શન માટે આ જગત્માથી ચાલી ગઇ હતી ત્યારથી વૃદ્ધ યશોધવલદેવ ભગ્ન હૃદયી બની પોતાની બાલક પૌત્રીને લઈ કિલ્લામા રહેવા લાગ્યા હતા પુત્રના મૃત્યુકાળથી જ તેમની દીન સ્થિતિનો જન્મ થયો તેમની પ્રજા તેમને નિયમિત કર આપતી અટકી ગઈ વેતન ન મળવાથી દુર્ગના નોકરો અને અધિકારીઓ

એક પછી એક કામ છોડી ચાલ્યા ગયા છેવટે વૃદ્ધ સેવક રઘુ અને દાસી નાનીયા સિવાય યશોધવલના નિવાસ મંદિરમા કોઇપણ રહ્યુ નહિ તે વખતે પણ જો દુર્ગાધિપતિના સ્વામીત્વની ભૂમિનો કર અથવા ઉત્પન્ન થયેલુ ધાન્ય પૂર્વ પ્રમાણે તેમને મળ્યુ હોત, તો રોહિતાશ્વદુર્ગના માલીકને ભૂખમરો વેઠવાની સ્થિતિ આવી નહોત પરતુ કોઈ પણ નોકર ચાકર નહિ હોવાથી ધાન્ય પણ આવતુ બંધ થયુ, કોઈ કર ઉઘરાવવા ન આવ્યાથી પ્રજા પણ કર આપવા તત્પર રહી નહિ છેવટે, યુવરાજ ભટ્ટારકપાદીય મહાનાયક યશોધવલદેવને અન્નનો એક કણ પણ નહિ મળવાથી પોતાની મૃત પત્નીના અલંકાર વેચવાનો વખત આવ્યો !

બાલિકા ઓરડીના બારણા પાસે ઉભી રહી ઘણા વખતથી દાદાની કરૂણાસ્પદ સ્થિતિ જોઈ રહી હતી તેમની તે અવસ્થા જોઇ તેના બન્ને નયન અશ્રુમય થઇ ગયા એટલામા નાનીયા આવી અને તેને ઉંચકી લઇ અંદર ચાલી ગઈ

ધીમે ધીમે બે પહોર દિવસ વ્યતીત થઇ ગયા પછી એક મોટી કોથળી ખભાપર નાખી રઘુ પગલા ભરતો ભરતો ત્યા આવ્યો તેનુ શરીર પ્રસ્વેદથી તરબોળ બની ગયુ હતુ. તેને જોઇ યશોધવલ શુદ્ધિપર આવ્યા તેમણે એક નિઃશ્વાસ નાખી તે વૃદ્ધ નોકરના મુખ તરફ દૃષ્ટિ ફેરવી. રઘુએ પોતાના વસ્ત્રોમાથી દસ સૂવર્ણ મુદ્રા બહાર કાઢી કહ્યુ, “ ધનસુખ સોનીએ આપને પ્રણામપૂર્વક કહેવડાવ્યુ છે કે, કંકણનુ સર્વ મૂલ્ય હમણા આપી શકાય તેમ નથી સંધ્યા સમય પહેલા બાકીની સૂવર્ણ મુદ્રા લઇ હુ સ્વામીના દર્શનાર્થે આવીશ.”

તે દિવસે દુર્ગાધિપતિએ બીલકુલ ભોજન લીધુ ન હતુ, તે રઘુ અને નાનીયાના લક્ષમા આવ્યા સિવાય રહ્યુ નહિ

મધ્યાકાળ પહેલા થોડા જ વખતપર કરચલીયોથી યુક્ત ઢીલી ચામડીવાળો એક ડો[illegible] મંદ ગતીથી પગલા ભરતો ભરતો કિલ્લામા આવી પહોચ્યો તે આશ્ચર્યચકિત થઇ આમતેમ જોતો

હતો કિલ્લાની દુર્દશા જોઈ તે સ્તબ્ધ બની ગયો તોરણદ્વારપર એક પણ દરવાન ન હતો ! તે મહાન દ્વારના આગળા અને લાકડા નષ્ટ ભ્રષ્ટ થઇ ગયેલા હોઇ લોખડી માકળો અને ભોગળો ભાગી તૂટી દરવાજા સામે જમીનપર આમતેમ વીખરાયલી સ્થિતિમા પડી હતી દુર્ગમા પ્રવેશ કરવાનો માર્ગ કટકમય બન્યો હતો દુર્ગમાનુ મેદાન ઘાસ અને જગલી વેલાઓથી ભરાઈ ગયુ હતુ, અને વડ, પીપળા વગેરે પ્રકારના કેટલાક વૃક્ષોનો વિસ્તાર વધી ગયો હતો દુર્ગાધિપતિનુ નિવાસ્થાન અને અન્ય ગૃહો ભાગી તૂટી ગબડી પડેલા હોઇ તેમાના સાહિત્યની કોઇએ કાળજી નહિ રાખ્યાથી તે તદ્દન મલીન અને ગદા બની ગયા હતા કિલ્લાની અદરનો ભાગ જોતા સહજ અનુમાન થતુ હતુ કે ત્યા કોઇપણ મનુષ્યની વસ્તી નહિ હોય !

કિલ્લા નીચે એક નાના મકાન સામે એક બહુ મૂલ્ય, જુના ગાલિચાપર વૃદ્ધ યશોધવલદેવ બેઠા હતા ધનસુખે—વાચકોએ જાણ્યુ જ હશે કે તે ધનસુખ સોની હતો—તેમને જોતા જ ભૂમિ સુધી નીચા વળી નમન કર્યુ યશોધવલદેવે તેને નીચે બેસવા કહ્યુ, પરતુ ધનસુખ બેઠો નહિ, એક કોથળીમાથી કેટલીક સુવર્ણ મુદ્રા કાઢી તેણે દુર્ગાધિપતિ સમક્ષ મુકી કહ્યુ " આપના વલયની કીંમત કેટલી થશે તે હમણા કહી શકાય તેમ નથી મારી પાસે એક હજાર મુદ્રાઓ હતી તે માત્ર લઇને આવ્યો છુ બાકીની થોડા જ દિવસમા પાટલીપુત્રથી મગાવી આપને આપીશ "

" શુ ? વલયની કીંમત એટલી બધી થશે ? "

" આ સેવકમા જે કઇ અલ્પસ્વલ્પ વિદ્યા છે તે પરથી એવું લાગે છે કે, વલયનુ મૂલ્ય જરૂર દસ હજાર સુવર્ણ મુદ્રાથી ઓછુ તો નહિ જ આવે !"

" એટલી બધી કીંમત તુ આપી શકીશ કે, ધનસુખ ? "

" મારા પુત્રને મે પાટલીપુત્ર મોકલ્યો છે તે પાછો આવશે કે તરત બધી રકમ આપી જઇશ "

યશોધવલદેવ નિશ્ચિત થયા હોય તેમ લાગ્યુ, પણ ધનસુખ ત્યાથી ખસ્યો નહિ તે પ્રથમ પ્રમાણે જ તેને તેજ સ્થાને ઉભો હતો કેટલીક વારે વૃદ્ધે પુન પુછ્યુ ' ધનસુખ, જાપિલગ્રામમા માગધ સેનાધિપતિ મહેન્દ્રસિહ રહેતા હતા તે હજી જીવે છે કે ? "

" મહારાજ, મહેન્દ્રને સ્વર્ગસ્થ થયે ઘણા વર્ષ થયા છે તેમનો પુત્ર વીરેન્દ્રસિહ ખેતીનો ધંધો કરે છે પરતુ જાપિલગ્રામમા આપના જુના સેવક સેનાનાયક હરિદત્ત, અક્ષપટલિક વિધુસેન અને ડુંગરી પ્રદેશવાળા સિંહદત્ત હજી છે, મહારાજ !"

વૃદ્ધ યશોધવલદેવના નેત્રો અચાનક તેજપુજ જણાવા લાગ્યા. તે કઈક કંપિત સ્વરે બોલ્યા ' ધનસુખ, તુ આવ્યો તે ઠીક થયુ મે પાટલીપુત્ર જવાનો વિચાર કર્યો છે તુ એ બધાને એક વખત મારી પાસે મોકલીશ કે ? "

વૃદ્ધ ધનસુખે ઘૂટણીએ પડી હસ્ત જોડી કહ્યુ " મહારાજ, આપના જુના સેવકોના આગ્રહથી જ આ મુશ્કેલપૂર્ણ કઠિન ડુગર ચઢીને હુ આપની પાસે આવ્યો છુ દશ વર્ષથી આપનું કોઇને દર્શન થયુ નથી ! જેઓ બગ દેશના રણાગણમાથી પાછા ફર્યા છે તેઓ લજ્જાથી પોતાનુ મુખ બતાવવા હિંમત કરી શકતા નથી ! પરતુ આપનુ દર્શન નહિ થવાથી સર્વ અધીરા બની ગયા છે એ સર્વની આવતી કાલ સવારે આપના દર્શન માટે દુર્ગપર આવવાની ઇચ્છા છે !

યશોધવલદેવના નયન પાણીથી ભરાઇ આવ્યા ને ગદ્ગદ કંઠે બોલ્યા " ધનસુખ, જેમને આવવુ હોય તેમને ખુશીથી આવવા દે તેમને જોઈ મને આનદ થશે પરતુ તેમને કહેજે કે, મારામાં હવે પૂર્વ જેવુ સામર્થ્ય રહ્યુ નથી—મારી પાસે દ્રવ્યબલ નથી—લોકબલ પણ નથી ! તેઓને એક ગ્રામ જેટલુ અન્ન આપવાની પણ મારામા શક્તિ નથી ધનસુખ તુ એ જાણી જ ગયો હોઈશ કે,

જો મારી સુસ્થિતિ હોત તો મારી ધર્મપત્નીના કંકણ, વેચવા માટે મે તારી પાસે મોકલ્યા ન હોત!"

દુર્ગાધિપતિના મુખના શબ્દ સાંભળતા સાંભળતા ધનસુખ મુંગો મુંગો અશ્રુવૃષ્ટિ કરી રહ્યો હતો તેના મુખમાંથી શબ્દધ્વની જ નીકળતો નહતો! તેણે પુન જમીન સુધી નમી દુર્ગાધ્યક્ષદેવનો પ્રણામ કર્યા અને પછી તે ધીમે ધીમે ત્યાંથી ચાલ્યો ગયો

* * *

પ્રકરણ ૭ મું.

મહાદેવીનો ન્યાય

સંધ્યા સમય વીતી ગયાને બે ઘડી થઈ હતી પાટલીપુત્રના જુના રાજભુવનની અંદરના ભાગમા આવેલા એક નાના મહાલયમા બે વ્યક્તિઓ બેઠી હતી

તે મહાલયમા વાદળી રંગના પડદા લટકાવી દીધા હતા નીચે જમીનપર અત્યંત મૃદુ અને બહુમૂલ્ય ગાલિચો બીછાવેલો હતો તે પર ગોઠવેલા એક નાના હાથીદાતના સિંહાસનપર વૃદ્ધ મહાદેવી બેઠા હતા તેમની સામે સુવર્ણાસનપર સ્થાણેશ્વરાધિપતિ પ્રભાકરવર્ધન બેઠો હતો તેણે પીળા રંગનો પોષાક ધારણ કર્યો હતો એક ખુણામા એક સુગંધી દીપક પ્રકાશતો હતો અને વાદળી રંગના સ્વચ્છ પડદા પાછળથી તેનો આછો પ્રકાશ આવી કેટલાક ભાગને કંઇક પ્રકાશવાન કરતો હતો અંધકારમા સિંહાસનપર બેઠેલી તે વ્યક્તિઓના મુખ પણ સ્પષ્ટ જણાતા ન હતા તે માતા પુત્ર અતિ મૃદુ સ્વરમા વાર્તાલાપ કરી રહ્યા હતા

મહાદેવીએ બોલતા બોલતા કહ્યુ "પ્રભાકર, આવી અધીરાઇ તને ન ઘટે! એ ઉમ્મર વહી ગઈ છે! હવે તો તે તારૂણ્યની મર્યાદા ઓળંગી દીધી છે મગધ એ તારા મામાનુ રાજ છે આ મહા-

લય તારા મામાના પૂર્વજોનો છે, તુ આ પાટલીપુત્રનો અતિથી થઇને આવ્યો છુ તે ભૂલી જાય છે ! તારા મામાનુ કુટુમ્બ અતિ પ્રાચીન છે આ આર્યાવર્તમા એ કુટુબ મહાન સન્માન્ય ગણાય છે હજી પણ ઉત્તર દેશમા તો તારા પૂર્વજોના કુટુબ કરતા તારી માતાના જ કુટુબને વિશેષ માન મળે છે કાલના પ્રભાવથી મારા વડીલોના વશજો દુર્દશાને પ્રાપ્ત થયા છે, અને ભાગ્યચક્ર ફરવાથી તારા વડીલોના કુટુમ્બની પ્રગતી થઇ છે, એટલા પરથી મામાને ઘેર અતિથી બની આવેલા તારા જેવા સમ્રાટ પદવી ધારણ કરનાર હાણેશ્વરનો રાજેશ્વર મામાનુ અપમાન કરે એ કોઇ પણ રીતે યોગ્ય નથી ”

મહાદેવી અતિ મંદ સ્વરે બોલતા હતા તેમનો આ વખતનો કંઠસ્વર એટલો મૃદુ હતો કે, મહાલયની બહાર રહી જો કોઇ વ્યક્તિ પ્રયત્નની પરાકાષ્ઠા કરે તો પણ તે સાંભળી શકે કે કેમ તેની શંકા જ હતી !

પ્રભાકર ઉત્તેજીત સ્વરે બોલ્યો “ માતાજી ! પ્રથમ મારી તકરાર તો—”

તેને અટકાવી મહાસેનગુપ્તાએ કહ્યુ “ પ્રભાકર, હુ તારી માતા છુ તુ શુ બોલવાનો છે તે હુ પ્રથમથી જ જાણુ છુ. હુ એમ નથી કહેતી કે, પાટલીપુત્રના ઉચ્છૃખલ નાગરિકો નિર્દોષપૂર્ણ છે તો પણ એ વાત કઇ ખોટી નથી કે, તેઓએ હાણેશ્વરના સૈનિકોના અત્યાચારથી કંટાળીને જ આપણી છાવણીપર હૂમલો કર્યો હતો ”

પોતાનો વિચાર પ્રદર્શિત કરવામા વચ્ચે જ વ્યત્યય આવવાથી હાણેશ્વરનો સમ્રાટ ક્રોધથી કંપવા લાગ્યો અત્યત કષ્ટપૂર્વક પોતાના મનની ભાવના ગુપ્ત રાખી તે બોલ્યો “ આપની ઇચ્છા પ્રમાણે થવા દો ત્યારે ! ”

મહાદેવીએ શાતિપૂર્વક કહ્યુ “ કાલે જે બનાવ બન્યો છે તેનો તપાસ તેના નેતાઓને બોલાવી તારી સમક્ષ જ કરૂ છુ ઉ

એક અક્ષર પણ વચ્ચે બોલીશ નહિ. જો જરૂર જણાય તો પડદામાં આવી તારે જે કહેવુ હોય તે મને કહેજે. તારા અધિકારીઓએ તને શુ કહ્યુ છે ? ”

“ મારા સૈનિકોએ રસ્તામા એક દાસી વેચાતી લીધી હતી, તે શહેરના લોકોની નજરે પડતા જ તેઓ ‘એ પાટલીપુત્રના એક વ્યાપારીની છોકરી છે !’ એમ કહેવા લાગ્યા. એ દાસીના સ્વામિત્વ વિષે નાગરિકો અને મારા સૈનિકો વચ્ચે વાદવિવાદ શરૂ થયો. તેટલામા નશાક ત્યા આવ્યો અને મગધ સેનાની મોટી ટુકડીની સહાયથી ગણેશ્વરના નિઃશસ્ત્ર સૈનિકોનો વધ કરી છાવણી બાળી મુકી. નગરની બીજી બાજુથી મારૂ સૈન્ય ત્યા જઈ પહોચ્યુ તે પહેલા જ આ સર્વ બની ગયુ હતુ ! ”

મહાદેવીએ કહ્યુ : “ તારા અધિકારીઓએ તને જે કહ્યુ છે તે તદ્દન અસત્ય છે. કોની હકીકત ખરી છે તે હુ તારા સમક્ષ જ નિશ્ચિત કરી આપુ છુ. ”

મહાદેવીએ તાળી પાડી. તત્કાલ પડદા પાછળથી એક વૃદ્ધ સેવક ત્યા આવ્યો. મહાદેવીએ તેને કહ્યુ : “મહાપ્રતીહાર* વિનયસેનને બોલાવી લાવ ! ”

બે વખત નમન કરી પ્રતીહાર પડદા પાછળ ચાલ્યો ગયો. કેટલીક વારે પડદો ઉચકી તે અંદર આવ્યો અને બાજુએ ઉભો રહ્યો. ઝળહળતા લોખંડી બખ્તરથી વેષ્ટિત થયેલા એક પુરુષે દ્વારમા ઉભા રહી દેવીને પ્રણામ કર્યા. વાચક ! એ જ મહાપ્રતીહાર વિનયસેન હતો.

મહાદેવીએ તેને પુછ્યુ : “ વિનયસેન, પાટલીપુત્રના રસ્તાપર જે સીપાઈએ દાસી ખરીદી હતી તેનુ નામ શુ ? ”

“ ચંદ્રેશ્વર ને જાનધરનો એક [illegible] છે. ”

“ તેને અહીં લઈ આવ તો ! ”

---

* મહાપ્રતીહાર—નગરપાલ

બે વખત પ્રણામ કરી મહાપ્રતીહાર ત્યાથી નીકળી ગયો કેટલીક વારે પડદો ઉચો કરી મહાપ્રતીહાર ચદ્રેશ્વરને લઇ અદર આવ્યો

કિચિત્ હાસ્ય કરી મહાદેવીએ તેને પુછ્યુ “ તારૂ નામ શુ ? ”

“ ચદ્રેશ્વરસિંહ ”

“ તુ ક્યાનો રહીશ છુ ? ”

“ જાલધરનો ’

“ મને લાગે છે કે, તુ થાણેશ્વરનો સૈનિક છે ? ”

ચદ્રેશ્વરે મસ્તક અવનત કરી મહાદેવીને પ્રણામ કર્યા તેમણે તેને પુન પુછ્યુ ‘ વારાણશીથી પાટલીપુત્ર આવતા તે રસ્તામા એકાદ દાસી ખરીદી હતી કે ? ”

“ હા–પણ પાટલીપુત્રના નાગરિકો મારી પાસેથી તેને પડાવી લઇ ગયા છે ! ”

“ તે તેને કોની પાસેથી ખરીદી હતી ? ”

“ રસ્તામા એક વ્યાપારી પાસેથી ”

“ તેની તે કેટલી કીમત આપી હતી ? ”

“ દસ દિનાર* ”

“ જા, હવે તારી જરૂર નથી વિનયસેન ! જે છોકરીને નાગરિકો લઈ ગયા છે તેને લઇ આવ ! ”

ચદ્રેશ્વર અને વિનયસેન એ ઉભય દેવીને બે વાર પ્રણામ કરી ત્યાથી ચાલ્યા ગયા

એટલામા પડદામાથી એક સેવકે આવી દેવીને અભિવાદન કરી કહ્યુ “ દ્વારમા સમ્રાટ પધારેલા છે ”

આ શબ્દો સાભળ્યા છતા પ્રભાકરવર્ધન જેમનો તેમ બેસી રહ્યો તે જોઇ મહાદેવીએ ગુસ્સે થઇ કહ્યુ “ પ્રભાકર, તારી બુદ્ધિ આજે ક્યા જતી રહી છે ? દ્વારમા તારા મામા ઉભા રહ્યા છે, તે

---

* ગુપ્તસામ્રાજ્યની સુવર્ણ મુદ્રાનુ નામ.

તુ સાભળે છે, છતા તને તે સબધી કંઇ વિચારજ થતો નથી જા, ઉઠ અને મામાને સન્માનપૂર્વક લઇ આવ ”

માતાના આ શબ્દોથી જાણે કે પ્રભાકરના અગમા એકાએક ચૈતન્ય સ્ફૂરણા થઇ હોય, તેમ તે ઝટપટ સિહાસનપરથી ઉઠયો અને મહાલયના દ્વારમા જઈ તેણે મામાને અદર પધારવા નમ્ર વિનંતિ કરી આટલા અવકાશમા સેવકે ત્યા એક આસન લાવી મુકયુ હતુ બન્ને અદર આવ્યા અને સ્વસ્થાને સ્થિત થયા

મહાદેવી પોતાના બન્ધુને કહેવા લાગ્યા “ ભાઇ, હમણા તમે ગમે તે આશયથી આવ્યા હો તોપણ એક શબ્દ સુદ્ધા બોલશો નહિ ! હુ તપાસ કરવા બેઠી છુ અહીં શુ થાય છે તે માત્ર ચૂપકીથી સાભળ્યા કરજો ”

મહાપ્રતીહાર વિનયસેન પ્રિય વાચકોના પરિચયમા આવેલી બાલિકાને લઈ મહાલયમા આવ્યો તેની સૂચનાપરથી બાલિકાએ ત્રણે જણને પ્રણામ કર્યા

મહાદેવીએ બાલિકા તરફ દૃષ્ટિ કરી પુછ્યુ “ તારૂ નામ શુ, બેટા ?”

“ ગગા ”

“ તુ કઇ જ્ઞાતિની છે, બહેન ?”

“ ક્ષત્રીય ”

“ તારા પિતાનુ નામ શુ ?”

મહાદેવીનો આ પ્રશ્ન સાભળી બાલિકાના નેત્ર અશ્રુથી તરબોળ બની ગયા તેણે નીચુ મુખ કરી ગદ્દગદ સ્વરે ઉત્તર આપ્યો “ મારા પિતાનુ નામ યજ્ઞવર્મા ”

પોતાના પ્રશ્નથી બાલિકાની આવી સ્થિતિ થયેલી જોઇ મહાદેવીનુ હૃદય દયાથી ભરાઇ આવ્યુ તેને આશ્વાસન આપવાના આશયથી દયાર્દ્ર સ્વરે મહાદેવી બોલ્યા “ બેટા, લેશ માત્ર ડરીશ નહિ ! તને કોઇ કઇ નહિ કરે બહેન, તુ કયા રહેતી હતી ?”

મહાદેવીના આ ભાષણથી બાલિકાના ચક્ષુમાંથી અશ્રુબિદુ

ગાલપર સરી નીચે પડવા લાગ્યા તે કરુણ સ્વરે બોલી “ અમે ચરણાદ્રિદુર્ગમા રહેતા હતા ”

મહાસેનગુપ્ત અહીં આવ્યા હતા ત્યારથી પાષાણવત્ બની સિંહાસનપર નિશ્ચલ બેસી રહ્યા હતા અહીં જે પ્રશ્નોત્તર થઇ ગયા હતા તેમાના કેટલા શબ્દોએ તેમના કર્ણમા પ્રવેશ કર્યો હતો તે કહી શકાય તેમ નથી ઘણુ કરીને તેમણે કંઇ જ સાભળ્યુ ન હતુ એમ કહીશુ તો ચાલશે પરતુ બાલિકાના મુખથી ‘ યજ્ઞવર્મા ’ અને ચરણાદ્રિદુર્ગ ’ એ શબ્દો પ્રકટ થતા જ સમ્રાટ એકદમ ચમક્યા ! તેમણે તેજ ક્ષણે બાલિકાને પુછ્યુ “ શુ કહ્યુ તે ? ‘ ચરણાદ્રિદુર્ગ ’ તારા પિતાનુ નામ યજ્ઞવર્મા ? કયો યજ્ઞવર્મા ? મૌખરીનાયક શાર્દુલવર્માનો પુત્ર યજ્ઞવર્મા, તેજ તારો પિતા ? ”

બાલિકાએ રડતા રડતા કહ્યુ “ હા ”

સમ્રાટ વિશેષ કંઇ બોલવા જતા હતા, એટલામા મહાદેવીએ તેમને અટકાવી મુખ્ય મહલ્લિકાને બોલાવવા પ્રતીહારને આજ્ઞા કરી.

નમન કરી વિનયસેન ત્યાથી ચાલ્યો ગયો અને કેટલીક ક્ષણ પછી મહલ્લિકાને લઈ પાછો આવ્યો

મહાદેવીએ તેને કહ્યુ “ આ બાલાને લઇ જા અને બે ત્રણ આશ્વાસન મળે તેવી વાતો કહી શાત પાડી લઈ આવ.” ત્યારપછી સમ્રાટ તરફ–વળી તેમણે કહ્યુ “ તમે યજ્ઞવર્મા સબધી શુ કહેતા હતા ? ”

સમ્રાટે એક નિશ્વાસ નાખી ધીમે ધીમે કહેવા માડયુ “ દેવી, હુ જે કહુ છુ તે ઘણા દિવસ પહેલાની વાત છે તે વખતે સામ્રાજ્ય ઉન્નતિના શીખરે હતુ મારા આ બાહુ તે વખતે હાલની માફક દુર્બલ બનેલા ન હતા તે વખતે યજ્ઞવર્મોના નામ સ્મરણથી જ ઉત્તર તરફનો સર્વ પ્રદેશ થરથર કપતો હતો ! જે કાળનુ સ્મરણ પણ નથી તે કાળથી મૌખરીવશની એક શાખાને ચરણાદ્રિદુર્ગના રક્ષણનુ કાર્ય વશપરપરા માટે સોપવામા આવ્યુ હતુ.

મહારાજાધિરાજ સમુદ્રગુપ્તે ચરણાદ્રિદુર્ગના રક્ષણનુ કામ તેમને સોપ્યુ હતુ, એમ મે ભાટ ચારણોના મુખે સાભળ્યુ છે પહેલા કુમારગુપ્ત અને સ્કન્દગુપ્તના વખતે નદીના અપૂર્વ પ્રવાહ પ્રમાણે હૂણ સેનાથી ઉત્તર તરફનો સર્વ પ્રદેશ ભરાઇ ગયો હતો, ત્યારે સામ્રાજ્યપર આવી પડેલા તે મહાન સકટ વખતે મૌખરીવશના દુર્ગાધિપતિએ કિલ્લાનુ રક્ષણ કેવા પ્રકારે કર્યુ તે [illegible] ચારણ લોકો હજુ પણ કવિત કર્યા કરે છે ! ભગિને, બાલ્યકાલનુ સ્મરણ તારા સ્મૃતિપટમાથી નષ્ટ થયુ છે કે શુ ? વૃદ્ધ યદુભટ્ટ હજુ પણ જીવન છે તારૂ લગ્ન થતા પહેલા ગગા કીનારે રેતીમા બેસી આપણે યદુભટ્ટના ગીત સાભળતા હતા ત્યારે આપણે દેહભાન પણ વિસરી જતા હતા તે તુ ભૂલી ગઈ કે શુ ?”

આટલુ બોલી સમ્રાટ સિહાસનપરથી ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા “ મૌખરી નરવર્માએ દુર્ગનુ રક્ષણ કેવી રીતે કર્યુ તે બહેન, તુ ભુલી ગઇ કે ? હજી પણ યદુભટ્ટનો સ્વર મારા કર્ણમા સ્પષ્ટ રીતે ઘૂમી રહ્યો છે ! જે વખતે અન્ન અને પાણીનો દુષ્કાળ પડવાથી સર્વ સૈન્ય હતાશ બની ગયુ હતુ, તે વખતે પણ વીર નરવર્મા તલમાત્ર પણ ડર્યો ન હતો તેના નાના બાલકોએ પાણીના અભાવે પ્રાણ છોડયા હતા તદપિ નરવર્માના હૃદયમા ચલવિચલતાને અણુ જેટલુ પણ સ્થાન મળ્યુ ન હતુ વીરાત્માઓ ! તે મૌખરી વીરે તે વખતે શુ કહ્યુ હતુ તે સાભળો ‘ મૌખરી વશની પ્રતિષ્ઠાપના સમુદ્રગુપ્તે કરી છે, સમુદ્રગુપ્તના વશજ સિવાય દુર્ગમા પ્રવેશ કરવાનો કોઇને હક્ક નથી જ્યા સુધી મૌખરી વશના એક પણ દેહમા પ્રાણ હશે ત્યા સુધી સમ્રાટ સિવાય સૈન્યસહ કોઇ પણ દુર્ગમા પ્રવેશ કરી શકશે નહિ ! વીરબન્ધુઓ, તે મૌખરી વીરે જે કર્યુ તે કઇ આ આર્યાવર્તમા નવાઇ ભર્યું નહતુ સેકડો દુર્ગમા, સેકડો યુદ્ધમા પરદેશીય સૈનિકોએ, વિસ્મિત થઇ આવા દૃશ્યો જોયા છે જુઓ, જુઓ, બરાબર જુઓ ! મૌખરીવશની કુલાગનાના રક્તથી

દુર્ગનુ મેદાન રંગાઇ ગયુ છે! જેમના મસ્તકો ધડથી દૂર થઈ ગયા છે એવા શરીરો નાના નાના વૃક્ષોની ડાળીઓ પરથી ચુટેલા મૃદુ પુષ્પો પ્રમાણે કઠિન વજ્ર જેવા પત્થરની ફરસબંદીપર પડી રહ્યા છે! મૌખરી વીરો ક્યા છે? તેઓ પોતાની સ્ત્રીઓ પોતાની ભગિનીઓ અને માતાઓ માટે વિલાપ કરે છે કે? જુઓ જુઓ સ્થિર દૃષ્ટિથી જુઓ! દુર્ગના તટપર ગરૂડ ચિહ્નાંકિત ધ્વજ ઉંચે હવામા ફરફરે છે! મૌખરી વીરો લાલ અગ્નિ જેવા વસ્ત્રો ધારણ કરી અતિ ઉત્સાહથી જયધ્વની કરે છે! ગળામા લાલ-રક્તવર્ણના પુષ્પોની માળા ધારણ કરી, રક્તચંદનથી શરીર વિભૂષિત કરી વીરશ્રેષ્ઠ નરવર્મા પોતે હસ્તમા ગરૂડ ધ્વજ પકડી સૈન્યને સમયોચિત આજ્ઞાઓ કરે છે! તેનો પ્રચડ જયઘોર સાભળી હજાર હાથ જેટલે દૂર ઉભેલા હૂણ સૈનિકો થરથર કપે છે! યુદ્ધનો ભયકર કોલાહલ સાભળી પશુ પક્ષી તે પર્વતમય પ્રદેશ છોડી દઇ પીઠ બતલાવી રહ્યા છે! વીરશ્રેષ્ઠ નરવર્મા આ વખતે નિશ્ચિત થઈ ગયેલો છે, કુટુબીજનો વિષેની ચિંતા તેના હૃદયમાથી ચિરકાળને માટે નષ્ટ થઇ ગઇ છે! મનુષ્ય પ્રાણી જે કઈ કરવાને શક્તિવાન છે તે સર્વ નરવર્માએ કર્યું છે માત્ર મનુષ્યના હસ્તે જે કાર્ય અસાધ્ય છે તેજ તેણે કર્યું નથી જોતજોતામા હૂણ સેના કિલ્લાના તટપર ચઢી આવી, પરતુ જ્યાસુધી એક મૌખરી વીરના દેહમા પ્રાણ રહ્યો ત્યાસુધી તો તે દુર્ગમા પ્રવેશ કરી શકી નહિ જ! વીરપુગવ નરવર્મા અને તેના શૂર સહચરો દુર્ગના તટપર જ્યારે ચિરનિદ્રામા નિમગ્ન થયા, ત્યારે જ હૂણ સેનાના હસ્તમા કિલ્લો ગયો હતો' દેવી, તુ શાર્દુલવર્માને વિસરી ગઈ? પિતાજીના સિંહાસન પાસે હસ્તમા ફરશી લઇ જે પ્રચડ શરીરવાળો યોદ્ધો ઉભો રહેતો હતો તેનુ તને સ્મરણ છે કે 'યજ્ઞવર્માનુ મને વિસ્મરણ થવુ પણ સભવિત નથી તેના હસ્તમા જો તલવાર ન હોત, તો બ્રહ્મપુત્રાના તીરપર સુસ્થિતવર્માના હસ્તે મારૂ મૃત્યુ થયા સિવાય રહ્યુ ન હોત! હાય! તેજ યજ્ઞવર્માની કન્યા—"

એટલુ કહી વાયુના તોફાનથી જેમ કદલી સ્તભો આડા પડી જાય છે, તેમ સમ્રાટ મૂર્ચ્છિત થઇ જમીનપર પડયા તેટલામા ચપળતાથી જો પ્રભાકરવર્ધને તેમને ઉચકી લીધા ન હોત તો વિશેષ જ આઘાત થયો હોત! મહાદેવીની બૂમાબૂમથી મહાલયના નોકરો ત્વરાથી દોડી આવ્યા અને સર્વ સમ્રાટને શુદ્ધિપર લાવવા પ્રયત્નશીલ થયા

કેટલીક વારે મહાસેનગુપ્ત શુદ્ધિપર આવ્યા મહાદેવી તરફ જોઇ તે કઇક હસ્યા અને બોલ્યા "દેવી, તપાસમા હુ વિઘ્ન ઉપસ્થિત કરવા ઇચ્છતો નથી હું હવે વૃદ્ધ થયો છુ, મારા કેશ ધોળા થયા છે અને મારી શારીરિક શક્તિ નષ્ટ થઈ છે, તેજ પ્રમાણે મારી માનસિક શક્તિ પણ લુપ્ત થઇ છે મારો અપરાધ ક્ષમા કરજે "

મહાદેવી સમ્રાટને સ્નેહાર્દ્ર સ્વરે કહેવા લાગ્યા "ભાઇ, તમારી પ્રકૃતિ ઠીક નથી મહાલયમા જઇ સહજ વિશ્રાતી લો હુ એકલી જ આ તપાસનુ કાર્ય પૂર્ણ કરીશ "

સમ્રાટે કહ્યુ "દેવી, સામ્રાજ્ય માટે મૌખરી વીરોએ અનેક યુદ્ધમા આત્માર્પણ કરેલા છે, સ્વત યજ્ઞવર્માએ અનેક યુદ્ધમા મારા પ્રાણ બચાવ્યા છે અને અનેક આક્રમણોમા મસ્તક નીચે તલવાર મુકી અમે રાત્રીની રાત્રીઓ એકજ સ્થળે કાઢી છે એવા મહા સન્માન્ય મૌખરી મહાનાયકની કન્યા એક સામાન્ય સૈનિકની દાસી કેવી રીતે થઇ એ દૈવચક્રની ગતી અવલોકવાની મારી ઉત્કઠા વધી પડી છે!"

મહાદેવીએ પોતાના બન્ધુને કઇ જ ઉત્તર આપ્યો નહિ. તેમણે એકવાર તેમના મુખ તરફ જોયું અને મહાપ્રતીહારને કહ્યુ "વિનય, પૃથુદકના પાયદળ સૈન્યના નાયક રત્નસિહને બોલાવી લાવ અને તેની સાથે તે બાલિકાના બન્ધુને પણ લઇ આવ!"

થોડીજ વારમા રત્નસિહ અને બાલકને લઈ વિનયસેન આવ્યો. મહાદેવીએ રત્નસિહને પુછ્યુ "તારૂ નામ રત્નસિહ કે?"

" જી હા ! "

" તુ શુ કામ કરે છે ? "

" હુ પૃથુદકના પાયદળનો નાયક છુ "

" કાલ સવારે નગરમા કોઈ દુકાને ભોજન સામગ્રી લેવા માટે તુ ગયો હતો ? "

" હાજી, મારી સત્તા નીચેની સેનાની વ્યવસ્થા જોઇ ગૌલ્મિકની* આજ્ઞાપરથી આ છોકરાના બાપની દુકાને દાળ, ચોખા વગેરે લેવા હુ ગયો હતો "

" તે દુકાનદાર જ એ છોકરાનો બાપ છે એમ તે શા પરથી જાણ્યુ ? "

" તે દુકાનમાથી મે જે માલ ખરીદ કર્યો તેનુ વજન એટલુ બહુ થયુ કે જે મારાથી ઉચકી શકાયુ નહિ ! ત્યારે દુકાનદારે કહ્યુ આ મારો છોકરો તમારી સાથે આવી માલ પહોચાડી જશે "

" તે પહેલા કદી એ લોકોને જોયા હતા ? "

" નાજી "

"જા, પાછળ જઇ ઉભો રહે વિનયસેન, તે દુકાનદાર હાજર છે કે?"

" નાજી, તે માલ ખરીદ કરવા અગદેશ તરફ ગયો છે—"

" ત્યારે તેની દુકાનમા કોણ છે ? "

" તેની ઉપપત્ની છે ! "

" ઠીક, તેને જલદી લઇ આવ "

વિનયસેન ગયા પછી મહાદેવીએ બાલકને પુછ્યુ " ભાઈ, તારુ નામ શુ ? "

" અનન્તવર્મા "

" મૌખરીવશનો યજ્ઞવર્મા તેજ તારો પિતા કે ? "

---

* ગૌલ્મિક—એક ગુલ્મનો અધિનાયક, સો, બસો અથવા તે કરતા પણ અધિક સૈનિકોના પથકનુ નામ ' ગુલ્મ '

મસ્તક અવનત કરી બાલકે કહ્યુ ' હા "

" તમે સર્વ ચરણાદ્રિદુર્ગમા રહેતા હતા કે ? "

" હા, પણ થોડા દિવસ પર મારા કાકાના પુત્ર અવન્તીવર્માએ અમને ત્યાથી કાઢી મુકયા છે "

મહાસેનગુપ્ત આ વખત તદ્દન શાતિપૂર્વક આ પ્રશ્નોત્તર સાભળી રહ્યા હતા બાલકના આ શબ્દોથી તે પુન ચમકયા તેમણે તેને પુછ્યુ ' દુર્ગના સૈનિકોએ તારા પિતા સામે બડફ્ડ કર્યું હતુ ? ' '

અનન્તવર્માએ સમ્રાટ તરફ ફરી કહ્યુ " ના જી, પિતા કહેતા હતા કે, કાણેશ્વરના રાજાએ જો ગુપ્ત રીતે અવન્તીવર્માને સહાય આપી ન હોત તો તે અમને કદી પણ દુર્ગમાથી કાઢી શકત નહિ પિતાજીએ મદદ માટે પાટલીપુત્ર તરફ દૂત મોકલ્યો હતો, પરતુ સમ્રાટે અમને કઇજ સહાય કરી નહિ '

બાલકના આ શબ્દોએ પ્રભાકરવર્ધનનુ મુખ લાલચોળ કરી નાખ્યુ લજ્જાથી મહાસેનગુપ્તે પણ મુખ નીચુ ઘાલ્યુ !

મહાદેવીએ પુન પુછ્યુ " અવન્તીવર્માના હસ્તમા તમારો કિલ્લો ગયા પછી તમે શુ કર્યું "

અનન્તવર્માએ કહ્યુ " મને અને બહેનને લઇ પિતાજી મદદ માટે સમ્રાટ પાસે આવવા નીકળ્યા હતા, તેટલામા રસ્તામા જ—"

બાલકના મુખમાથી શબ્દ નીકળ્યો નહિ ! તેનો કઠ રુધાઇ ગયો તેના કાળા નેત્ર અશ્રુથી છલમલ થઇ ગયા મહાદેવીનુ હૃદય ખળભળ્યુ તેમણે તેને ખેચી ખોળામા લીધો બાલક પણ મહાદેવીના વક્ષ સ્થલમા મુખ લપાવી ડુસ્કા ભરતો અશ્રુવૃષ્ટિ કરવા લાગ્યો

આટલા વખતમા વિનયસેન પેલી દુકાનવાળી સ્ત્રીને લઈ આવી પહોચ્યો મહાલયમા પગ મુકતા સુધી તે બાઇ ભ્રમરના મૃદુ ગુજારવ પ્રમાણે મનમા જ કઇ ગણગણતી હતી પરતુ હવે મહાલયમા પગ પડતા જ તેણે તીણા સ્વરે રૂદન કરવાની શરૂઆત કરી પણ તેટલામા એક પ્રતીહારે પાછળથી તેને સહજ ફટકો લગાવ્યો તે

સાથે જ એનો સ્વર સહજ નીચો ઉતર્યો અંદર આવી ત્યારથી જ 'મેં કંઈ અપરાધ કર્યો નથી. મને વિના અપરાધે નિરર્થક અહીં ખેંચી લાવ્યા છે" એટલા જ શબ્દોનો તે પાઠ કર્યા કરતી હતી! તેનો શોકવેગ ઉત્તરોત્તર ઓછો ન થતાં વધતો જતો જોઈ વિનયસેને તેને ધમકાવીને ચૂપ રહેવા કહ્યું

મહાદેવીએ તેને પુછ્યું "બાઈ! તારૂં નામ શું?"

"મારૂં નામ મલ્લિકા, મારી માનું નામ—"

તરત જ વિનયસેને તેને કહ્યું "અરે, ભલી બાઈ! જે પ્રશ્ન પુછ્યામાં આવે તેટલાનો જ ઉત્તર આપ!"

નીરૂપાયે તે બાઈ ચૂપ રહી. પ્રભાકરવર્ધને તેને પુછ્યું "આ તારા છોકરા છે કે?"

તે સ્ત્રીને લાગ્યું કે, આ એક સરસ તક મળી છે! તે મોટેથી રડતી રડતી બોલી "મારા કુટુંબમાં ચઉદ પેઢીથી કોઈ છોકરા જ નથી. મૂઆ અભાગીયાને ક્યાંથી છોકરા—"

પુનઃ પ્રતીહારે તેને ફટકો લગાવ્યો ત્યારે પાછી તે સરલ બની! તેની હકીકત સાંભળી મહાદેવી મુખે રૂમાલ આડો રાખી હસ્યા કરતા હતા. તેમણે પુછ્યું "મૂઆ અભાગીયા, એમ તેં કોને કહ્યું? તારા ધણીને કે?"

મલ્લિકા આવેગથી બોલી "અરે, પ્રભુ, પ્રભુ! મારો શાનો ધણી? મારા ધણીને મરી ગયે તો કેટલાએ વર્ષ થયા! અભાગીયાને અને મારે ઘણા દિવસનું ઓળખાણ છે એટલું જ! ગામડામાંથી દાણોદુણી લાવી તે મને ચાનો આપે છે, અને નગરમાં કદી આવે છે તો મારે ઘેર ઉતરે છે.'

મહાદેવીએ હસીને કહ્યું 'સમજાયું બધું! તું જા હવે"

આ ભાવતી આજ્ઞા મળતાં જ તે બાઈએ [illegible] નેમ કંઈ ન જોતાં [illegible]

ત્યારપછી મહાદેવીએ બાલકને ખોળામા બેસાડી પુછ્યુ “ કેમ બેટા? તમે પગે ચાલીનેજ ચરણાદ્રિદુર્ગથી અહીં આવતા હતા?”

બાલકે માથુ હલાવી કહ્યુ ‘ હા શુ કરવુ ત્યારે? અવન્તીવર્માએ અમારૂ સર્વસ્વ લૂટી લીધુ! પિતાજીના એક વૃદ્ધ સેવકે અમને એક ગર્દભ આપ્યો હતો અવન્તીવર્માના ભયથી અમે કિલ્લામાથી છાનામાના નીકળી ગયા હુ ગર્દભપર બેઠો હતો, પિતાજી અને બહેન પગેજ ચાલતા હતા!”

“ ઠીક, પછી શુ બન્યુ?”

“ એક દિવસે રસ્તામા જ જોસભેર વરસાદ પડવા લાગ્યો અને કોઈ ગામમા જઈ પહોચીએ તે પહેલાજ સધ્યાકાળ થઈ ગઈ અમને બન્નેને લઇ પિતાજી એક આંબાના ઝાડ નીચે આવી ઉભા રહ્યા એટલામા તે રસ્તે પુષ્કળ ઘોડેસ્વાર આવવા લાગ્યા તેમાના કેટલાક અમે ઉભા હતા તે ઝાડ તરફ આવતા હતા, તેટલામા જ તેમાના એકે ભાલાથી પિતાજીને પ્રાણહિન કરી નાખ્યા! ” બાલક આગળ બોલી શક્યો નહિ તે ડુસ્કા ભરતો રડવા લાગ્યો

વિનયસેનને ઉદ્દેશી મહાદેવીએ કહ્યુ ‘ નાયક રત્નસિંહ હવે જશે તો હરકત નથી ”

રત્નસિંહ ત્રણ વાર નમન કરી ચાલ્યો ગયો

કેટલીકવારે બાલક શાત થયા પછી મહાદેવીએ તેને પુછ્યુ “ બેટા, પછી શુ થયુ? ”

તે સ્વારો બહેનને લઇને ચાલ્યા ગયા ગર્દભતો ચમકીને મને લઇ કઇનો કઇ નાશી છૂટ્યો ' ત્યારે હુ એક વ્યાપારીની દૃષ્ટિએ પડ્યો અને તે મને નગરમા લઇ આવ્યો હમણા જ જે સૈનિક અહીંથી ગયો તે તેની દુકાનમા ચોખા વગેરે અનાજ લેવા આવ્યો હતો. તે માથાપર લઇ હુ તેની સાથે છાવણી તરફ જતો હતો જતા જતા રસ્તામા એક ઠેકાણે [illegible] ને મે [illegible] જોયો હુ તે [illegible]

પાસે જઇ તેને વળગી પડ્યો ત્યાર પછી એક ભલા માણસે અમને અહી આણ્યા ”

સમ્રાટ મહાસેનગુપ્તે સિંહાસનપરથી ઉઠી કહ્યુ “ દેવી, યશવર્માનો એ પુત્ર છે ! મારા સિવાય એનુ પાલન પોષણ કોણ કરશે ? અનત ! તારે હવે કઈ ચિતા કરવાની નથી, સમજ્યોને ? હુ પોતે તારૂ રક્ષણ કરવા તત્પર છુ ”

સમ્રાટના મુખ તરફ જોતા અનતવર્માએ કહ્યુ “ પિતાજી મને હમેશ કહેતા હતા કે, ‘ હુ જો મરણ પામુ તો તુ સમ્રાટ મહાસેનગુપ્તના આશ્રય નીચે જજે એ સિવાય અન્ય કોઇનો આશ્રય ગ્રહણ કરીશ નહિ. ’ આપ કોણ છો તે હુ જાણતો નથી હું મારા સમ્રાટ તરફ જ જઇશ ”

તે સરલ હૃદયી બાલકના મુખના આ શબ્દો સાભળી સમ્રાટનુ અતઃકરણ ગદગદિત થઇ ગયુ અને તેમના ગાલપરથી અશ્રુબિદુની પરપરા વહેવા લાગી કેટલીક વાર સ્તબ્ધ રહી અને તેમણે કપિત સ્વરે કહ્યુ ‘ બેટા, મારો પ્રાણ બચાવનાર જે વીરાત્મા હતો તે જીવનદાતાને હુ વીસરી ગયો હતો ! પરતુ યશવર્મા મને ભૂલ્યો નથી ભાઇ, હુજ તે સમ્રાટ મહાસેનગુપ્ત છુ ! ”

બાલકે તેજ ક્ષણે સમ્રાટના ચરણમા સાષ્ટાગ પ્રણામ કર્યા તરત જ મહાસેનગુપ્તે તેને ઉચકી લીધો અને પછી તે ત્યાથી ધીમે પગલે ચાલ્યા ગયા

પ્રભાકરને ઉદ્દેશી મહાદેવી બોલ્યા “ પ્રભાકર, મારી તપાસ પૂર્ણ થઇ છે કહે, તારે કઇ કહેવાનુ છે ? ”

સમ્રાટ પ્રભાકરે લજ્જિત બની મસ્તક નમાવ્યુ અને અસ્ફુટ સ્વરે કહ્યુ “ માજી, મારીજ ભૂલ હતી મને ક્ષમા કરો ! હુ હમણા જ જઇને ચંદ્રેશ્વરને શિક્ષા કરુ છુ ”

* * *

પ્રકરણ ૮ મું.

દુર્ગાધિપતિ.

રોહિતાશ્વદુર્ગના ખંડિત તટપર બેસીને કાગડા કાવકાવ કરવા લાગ્યા હતા કિલ્લાના મનુષ્યો હજુ પણ નિદ્રાવશ પડેલા હતા પરંતુ કાગડાના કર્ણકઠોર કળકળાટથી છેવટે રઘુની નિદ્રા ઉડી ગઇ

રઘુએ ઉઠીને જોયું તો નાનીયા હજી ઘોરતીજ પડી હતી ! તેણે તેને ઢંઢોળી કહ્યું ' રાંડના કાગડાની કકળાટથી મને લાગે છે કે, મહારાજ પણ ઉઠયા હશે. નાનીયા, તારી બુદ્ધિ ઠેકાણે છે કે નહિ ? ચાલ, અરે, કેટલો દિવસ ચઢયો છે તે તો જો ! "

છેવટે, નિદ્રા ગઇ ! ડોસી આંખો ચોળતી ઉઠી, અને રઘુ તરફ જોઈ પોતાનું દંત રહિત મુખ પહોળું કરી હસતી હસતી બોલી " રઘુ, તું જેમ જેમ ઘરડો થતો જાય છેકને, તેમ તેમ તારો સ્વભાવ વધારેને વધારે મશ્કરો બનતો જાય છે ! મૂઆ, આવી વેદાંતની વાતો કરે છે, પણ તું તો હમણા જ ઉઠે છેને' તે કેમ આ મૂઆ કાગડાઓને હાંકી મુકી મહારાજને સ્વસ્થતાથી ઉંઘવા દીધા નહિ ? "

ગાલમાંને ગાલમાં હસી રઘુએ કહ્યું " શાબાશરે ડોસી ! હજુ પણ ઉંઘમાં પડી રહેવાની ઇચ્છા છે ? સુંઇજા ત્યારે ફરીથી ! હું તારા એ ગડયાઓને કાઢી મુકું છું "

એમ કહી ડોસો બહાર જવા લાગ્યો પણ ઉતાવળમાં જતા જતા એક મોટા કોથળાને અથડાઈ ધબ લઇ ને નીચે પડયો, તે જોઇ નાનીયા બીના બીના 'હા હા ' એ શું ' ' એવી બૂમ પાડી ઉઠી રઘુ જમીનપરથી ઉઠે તે પહેલા જ તે કોથળો ઉંધો થઇ ગયો અને તે ઓરડીના ખૂણામાં કેટલાક માટીના ઘડાનો થર હતો, તે ગબડી ડોસાના માથાપર તૂટી પડ્યો ! તે જોઇ ડોસી નો 'હાય હાય !' કહી મોટેથી બૂમો પાડવા લાગી '

રઘુને ઘણુ વાગ્યુ વૃદ્ધાવસ્થામા કંઇ વાગે છે તો તેની વેદના લાબા વખત સુધી ચાલે છે એ અનુભવ સિદ્ધ છે ફૂટી ગએલા ઘડાઓના ઢગલામા ઉભો રહી રઘુ પોતાના માથા ઉપર અને બરડાપર હાથ ફેરવવા લાગ્યો

ડોસીએ પુછ્યુ "કેમ, શુ તને બહુ વાગ્યું છે?"

ડોસાએ તેને કઇજ ઉત્તર આપ્યો નહિ ત્યારે તેણે પોતાની લાગણી પ્રદર્શિત કરવા પુન તેજ પ્રશ્ન પુછ્યો

આથી ડોસો ખીજવાયો અને બોલ્યો "નકામો પ્રેમ બતલાવવાની કંઈ જરૂર નથી ડોસી, ખરૂ કહુ છુ તને! અરેરે, મારૂ માથુ કેટલુ ફુટાયુ છે તેનુ તને ભાન છે? તુ થઈ છે ડોસી—આખોએ હવે તને બરાબર જણાતુ નથી! ક્યા શુ ગોઠવે છે, તેનુ તને સ્મરણ પણ હવે રહેતુ નથી!"

ડોસી આશ્ચર્યથી બોલી અરે, પણ નકામુ એટલુ માથુ શુ કરવા ભમાવે છે? હુ આ ઓરડીમા આટલા વાસણ શા માટે મુકુ? હમેશ તો હુ કોઠારમા મુકુ છુ હું પણ એજ વિચાર કરૂં છુ કે, આ ઓરડીમા આટલા નવા માટલા, હાડલા અને થેલા આવ્યા ક્યાથી

ડોસો આ શબ્દોથી અધિક જ ચીડાયો અને ક્રોધિત થઇ કહેવા લાગ્યો "ત્યારે તો રાક્ષસના રાજાએ તારા આ સુંદર મધુર રૂપપર મોહિત થઇ જઇ તારા માટે એક રાતમા આ સામાન અહીં લાવી મુક્યો છે કેમ બડબડાટ છોડી દઇને તુ થોડુ પાણી લઇ આવ! જો, જો, મારા બરડામાથી એક સરખી રક્તની નદી વહી રહી છે! [illegible], રક્તથી મારૂ ધોતીયુ પણ જો કેવુ લચબચ થવા લાગ્યુ !"

ડોસી આગળ આવી તાકી તાકીને જોવા લાગી. રઘુના મસ્તકમાથી એક ધોળા રંગનો નાનકડો પદાર્થ બહાર પડી બરડા પરથી

વહેવા લાગ્યો છે, અને તેથી તેના વસ્ત્ર ભીંજાઇ ગયા છે, એમ તેને જણાયુ ડોસીએ ઉચે જોયુ તો ઘડાની સર્વ હાર તૂટી પડેલી ન હતી તેમાથી ચાર હાડના હજી ખૂણામા જેમને તેમ પડેલા જણાયા! ઉપરના હાડલામા કાણુ પડી તેમાથી ધોળા રગના એક પ્રવાહી પદાર્થની ધારા હજી પણ તે ડોસાના મસ્તકપર પડતી હતી! નાનીયાએ જરા આગળ વધી બરાબર દૃષ્ટિ કરી જોયુ તો માટલા, ઘડા પડયા હતા તેમાથી કેટલાક લાડુ અને મીઠાઈ બહાર પડી જમીન ઉપર આમતેમ વીખરાઇ પડયા હતા એક માટલીમાથી બહાર પડેલા મગજથી ડોસાનુ શરીર કાદવ માફક ખરડાઈ ગયુ હતુ! તેમાથી સાકરપાક જમીનપર પથરાઇ આખી ઓરડીમા જ્યા ત્યા કાદવના લોચા માફક પડયો હતો!

આ વિલક્ષણ દેખાવ જોઈ ડોસીનુ હસવુ રોકાઇ રહ્યુ નહિ! એક પણ દતને સ્થાન નહિ આપનારૂ મુખ પહોળુ કરી તે મોટેથી ખડખડાટ હસવા લાગી તે એટલે સુધી હસી કે આખુ ઘર તેના ધ્વની પ્રતિધ્વનીથી ઘોરમય થઇ ગયુ! પરતુ ડોસીના તે પ્રચડ હાસ્યથી ડોસાના ક્રોધની સીમા રહી નહિ તેણે ચીડાઇને ડોસી પર ગાળોની વૃષ્ટિ કરવા માડી!

હાસ્યનો વેગ કેટલીક વારે અટકયા પછી નાનીયા બોલી "અરે રઘુ, એક વખત જો તો ખરો કે, તારા શરીરપર અને માથાપર શુ ચોટી રહ્યુ છે? તને તો લાગે છે કે માથુ ફૂટીને એક મોટો ઘા પડયો છે! અને તેમાથી રક્ત પ્રવાહ વહી રહ્યો છે!"

રઘુએ ભયથી પુછ્યુ "ત્યારે શુ વળગ્યુ છે?"

ડોસી મોટેથી હસતી હસતી બોલી "લાડુ, મીઠાઈ અને સાકરપાક!"

ડોસાએ પોતાના શરીર તરફ નજર કરી જોયુ અને તે અતિશય ગભરાયો તદન ગભરાટ ભરેલી મુદ્રાથી તે બોલ્યો "અરે બાપરે! આ બધુ આવ્યુ કયાથી? હે દૈત્યરાજ! મે હમણા તારી

અવગણના કરી ને એક મહાન અપરાધ કર્યો છે પ્રભુ, ક્ષમાકર, ક્ષમાકર, હુ ભુલ્યો છુ ' કાલે સવારે તારા ઝાડ નીચે તને એક મરઘાનો ભોગ આપીશ જો ડોશી જો, મારી તો ખાત્રી થઈ છે કે, આ બધી ભૂતાવળીની રમત હોવી જોઈએ ! આજ દસ વર્ષથી કિલ્લામા મેવામીઠાઈ કે પકવાન્નનો એક કણ પણ કોઈ લાવ્યુ નથી, અને આજ એકાએક કોણે આવીને મીઠાઈનો વરસાદ વરસાવ્યો ?”

ડોસાના આ ભાષણથી ડોશી પણ ગભરાઈ ! તે બોલી “ હાય બા, તુ કહે છે તે ખરૂ હશે !”

એટલામા દરવાજામા કોઈ માણસનો પડછાયો જણાયો દરવાજામા ઉભા રહી ધનસુખે પુછ્યુ “ ગગુ ઉઠ્યો છે કે ? ”

ઓરડીમા બનેલો બનાવ જોઈ ધનસુખ સહજ આશ્ચર્યચકિત થયો તે દુ:ખમય સ્વરે બોલ્યો ' અરે, હાય હાય ! આ બધા મટકા ફોડી નાખ્યા લાગે છે ! જાપિલગ્રામના મીઠાઈવાળાએ મહારાજને માટે આ બધી મીઠાઈ મોકલી હતી !”

ગગુ ખોખારા કરતો હસીને બોલ્યો ' વાહ વાહ ' ત્યારે તો આ ભૂતાવળીની રમત નથી એમજ ને ' જો આગળથી જ મે તે જાણ્યુ હોત તો કેવી મજા આવત —આ— ! ' એમ કહી જમીનપરથી એક લાડુ ઉચકી તેણે મુખમા નાખ્યો અને તે ખાતા ખાતા બોબડા સ્વરે બોલ્યો “ અરે ! નાનીયા ' કેટલાએ વર્ષથી મે આવો લાડુ ખાધો ન હતો ! જો, જો, તુ એક ખાઈ તો જો ! '

વળી તેણે લાડુપર લાડુ અને મીઠાઈપર મીઠાઈ મુખમા નાખવાનો આરભ કર્યો શરીરપર જે મગજ અને સાકરપાક ચોટ્યો હતો તે પણ ઉખેડી ઉખેડીને યોગ્ય સ્થળે પધરાવવા લાગ્યો !

ડોસાનો આ કાર્યભાર જોઈ ડોશી મુખપર છેડો રાખી ખૂબ હસી રહી હતી ધનસુખ ગભીરતાથી દરવાજા પાસે ઉભો ઉભો આ

દૃશ્ય જોતો હતો સર્વ કારભાર પૂર્ણ થયા પછી રઘુ નાનીયાને કહેવા લાગ્યો "ઉપરના માટલામા શુ છે તે જો તો ડોસી!"

ડોસી હસીને બોલી "હવે તારી નજર હાડલાપર નાખ નહિ આ મેવા મીઠાઇ તો માલીકને માટે આવ્યા છે! અને જો તુ તેમાથી લેશ માત્ર લઇશ તો જરૂર તારૂ પેટ ફાટી જશે અને આજે જ તુ યમરાજાને ત્યા પહોચ્યા સિવાય નહિ રહે! ઉઠ, હવે ઉઠ!"

ધનસુખ મુખમાને મુખમા હસી બોલ્યો "રઘુ! કિલ્લાના મેદાનમા પુષ્કળ મનુષ્યો મહારાજના દર્શન કરવાની આશામા રાહ જોતા બેઠા છે મહારાજને એ હકીકત કહી આવ તો ખરો!"

રઘુએ ઉઠી ધીમે ધીમે પોતાનુ શરીર ધોઇને સ્વચ્છ કર્યું ત્યારપછી એક જુની પુરાણી પાઘડી માથાપર મુકી તે દુર્ગાધિપતિના શયનગૃહમા ગયો

નાનીયાએ ધનસુખને પુછ્યુ "ધનસુખ, આટલા મેવા મીઠાઈ અને આ બીજા પદાર્થો આજે આવ્યા કયાથી?"

ધનસુખે કહ્યુ "એ સર્વ રોહિતાશ્વદુર્ગના પ્રજાજનો લઈ આવ્યા છે હજી તો કેટલીએ વસ્તુઓ બહાર પડી છે અમે તમારો કોઠાર ખાળી વળ્યા પણ જડયો નહિ તેથી સર્વ વસ્તુઓ તમારી આ ઓરડીમા ગોઠવી દીધી બાકીનુ હજી બહાર જ પડયુ છે!"

"ત્યારે સહજ શાંતિથી બેસો હું પ્રથમ જમીન વાળીઝુડી સ્વચ્છ કરી નાખુ છુ"

એમ કહી હાથમા સાવરણી લઈ ડોસી ફૂટેલા ઘડાદિના કટકા વગેરે કાઢી જમીન સાફ કરવાનો પ્રયત્ન કરવા લાગી ધનસુખ ત્યાથી ચાલ્યો ગયો. નાનીયાએ બહાર આવી જોયુ તો તેને જણાયુ કે, કિલ્લાનું વિસ્તીર્ણ મેદાન લોકોથી ભરાઈ ગયુ છે ત્યા હજારો મનુષ્યો એકત્ર થઈ ગયા છે તેમના આગળ ખાદ્ય પદાર્થોના ગગીના ગશી પડ્યા છે લોટ, તેલ, ઘી ચોખા આદિના સેંકડો [illegible] અને વાસણોની મેદાનના એક ભાગમા એક મોટી દીવાલ જ બની

હતી ! ડોસી નાનીયાને જેઓ ઓળખતા ન હતા તેઓ તેને કિલ્લાની સ્વામિની સમજી પ્રણામ કરવા જતા હતા, પરતુ તેને ઓળખનારાઓએ તેવી ભૂલ થતી અટકાવી જ્યારે નાનીયાએ જોયુ કે ત્યા પડેલા પદાર્થ પોતે કોઠારમા લઈ જવાને અશક્ત છે ત્યારે તે ઘરમા જતી રહી

દુર્ગાધિપતિ યશોધવલદેવ હમણા જ જાગ્રત થઈ પર્યકપર બેઠા હતા તેમના વસ્ત્ર વગેરે લઈ રઘુ તેમની સામે ઉભો હતો તેટલામા પીઠપર લટકતા કેશ ઉડાવતી ઉડાવતી હાસ્ય કરતી લતિકા ત્યા આવી અને દાદાના ગળે હસ્ત નાખી બોલી “ દાદા, ઉઠોને હવે ! તમારા માટે કેટલાએ લોકો આવીને બહાર બેસી રહ્યા છે !”

યશોધવલ હસીને બોલ્યા “ બેટા, હુ હવે ઉઠુ જ છુ ”

સ્વામીના હસ્તમા વસ્ત્રો આપી રઘુ ત્યાથી ચાલ્યો ગયો કિલ્લાના મેદાનની એક બાજુએ દૂર મત્સ્યદેશથી આણેલા સફેદ પત્થરથી બાધેલુ એક દરબાર ભૂવન હતુ તે બધાયાને પુષ્કળ વર્ષો થયેલા હોવાથી અને વચમા તેની દુરસ્તી વિશેષત કદી થયેલી નહિ હોવાથી તે તૂટી પડવાની સ્થિતિમા આવેલુ હતુ તેનો એક બાજુનો ભાગ તૂટી પડેલો હતો, અને ત્યા એક પીપળ વૃક્ષ પૂર્ણ વિસ્તારથી વિકાસ પામેલુ હતુ તે દરબાર ભૂવનની શુભ્ર પત્થરથી બધાયલી તક્તપોષીપર એક દ્વાદશકોણુ બ્રહ્મશીલાનુ સિંહાસન ગોઠવેલુ હતુ આ સિંહાસન અને રોહિલાશ્વદુર્ગ એક જ સમયે જન્મ પામ્યા હતા આ જ ભૂવનમા આ જ સિંહાસનપર બેસી દુર્ગાધિપતિ હમેશ પ્રજાજનની હકીકત સાભળી તેમને ન્યાય આપતા હતા ધવલવશના મહાનાયકે મહામૂલ્ય કલાકૌશલ્યથી યુક્ત એવા ધોળા અને કાળા પત્થરથી તે ભૂવનની ભીતો અને સ્તભો સુશોભિત બનાવવામા બાકી રાખી ન હતી જ્યારે દુર્ગાધિપતિ આ ભૂવનમા ન્યાય કરવા બેસતા ત્યારે કિલ્લાનુ રક્ષણ કરનારા સૈનિકો મેદાનમા હારબધ ઉભા રહેતા હતા મહાનાયકના ખાસ સેનાનાયકો અને નાના નાના જમીનદારોને મહા-

નાયકની સામે જ આસન મળતું હતુ બીજા મનુષ્યો ખૂલ્લા પગે ઉભા રહેતા હતા તે કાળા પત્થરના આસનપર બીજુ એક સૂવર્ણાસન મુકવામા આવતુ હતુ તેનાપર સૂવર્ણ, રત્નો અને મોતીથી ભરચક વારાણશીનુ રેશમી આવરણ વસ્ત્ર પાથરવામા આવતુ હતુ, રોહિતાશ્વદુર્ગના અધિપતિ તેપર બેસતા હતા દુર્ગના અધિપતિની ભાગ્ય લક્ષ્મી સાથે જ તે ઉન્નત કાળના ચિહ્નો પણ નષ્ટ થયાને ઘણો કાળ વહી ગયો હતો માત્ર એ બે સિહાસનો હજુ તે કાળનુ સ્મરણ કરાવતા હતા જો કે આ સૂવર્ણ સિંહામન અત્યત મૂલ્યવાન હતુ, પરતુ દુર્દશા અને દુષ્કાળના ચક્રમા સપડાઇ જવાથી મહાનાયકના અભિમાન અને લજ્જાને લીધે તે વ્યાપારી વૈશ્ય જાતિના હસ્તમા પડ્યુ ન હતુ ! તેને પત્થરના એક ચૌરગપર જેમનુ તેમ રાખવામા આવ્યુ હતુ

યશોધવલદેવ પોતાના એકના એક પુત્રના મૃત્યુપૂર્વે વારવાર પ્રજાજનને દર્શન આપતા હતા, અને આવશ્યક કાર્ય કરવા માટે કીતિધવલ પણ હમેશ આ ભૂવનમા બેસતો હતો તેના મૃત્યુ પછી અદ્યાપિ સુધી અહીં કોઇ બેઠુ ન હતુ ! ઉપર કહ્યા પ્રમાણે ત્યા એક પીપલવૃક્ષ માત્ર ફાલીને અધિષ્ઠિત થયુ હતુ !

રઘુ દુર્ગાધિપતિના શયનગૃહમાથી નીકળી દરબાર ભૂવનમા આવ્યો, અને ધનસુખને કહી તેણે કેટલાક યુવકોને પોતાની સાથે લીધા તે તરૂણોની સહાયથી તેણે ભૂવન નીચેના ખડિત પત્થરો દૂર કરી નાખ્યા ત્યાર પછી ધનસુખની સહાયથી પત્થરના ચૌરગપરનુ આચ્છાદાનવસ્ત્ર દૂર કરી રઘુએ સિંહાસન કાઢ્યુ બન્નેએ મળી તે સિંહાસન કાળી બ્રહ્મશીલાના સિહાસનપર બરોબર ગોઠવ્યુ સુવર્ણસિહાસનપરનુ કલા કૌશલ્ય અત્યત સુદર અને અપ્રતિમ હતુ તે જોવા માટે ચોતરફથી જનસમાજની ગર્દી થવા લાગી ! તેમાના વૃદ્ધજનો સિવાય કોઇએ પ્રથમ તે સિહાસન દીઠેલુ ન હતુ. સોનાના ચાર સિહોની પીઠપર

એક ઉત્કૃષ્ઠ વિકસેલુ સૂવર્ણકમલ ગોઠવેલુ હોઇ, તેપર રત્નો અને મોતીથી ભરેલા અત્યત મૂલ્યવાન વસ્ત્રોથી ઢકાયલુ એક સુખાસન હતુ પુષ્કળ વર્ષથી કોઇએ કાળજી નહિ રાખ્યાથી તેપરનુ આવરણવસ્ત્ર તદ્દન જીર્ણ થઇ જઈ આસનમાથી રૂ બહાર નીકળતુ હતુ, સોનાપર પણ સ્થળે સ્થળે કાળા ડાઘ પડી ગયા હતા, તોપણ એકદરે તે સિહાસન અતિ સુદર અને મનોહર જણાતુ હતુ

સિહાસન જોવા માટે સર્વએ ત્યા આગળ એકત્ર થઈ ગડબડાટ કરવા માડયો, તેટલામા રઘુએ મોટેથી પોકાર કર્યો “ દુર્ગાધિપતિ મહાનાયક યૂવરાજ ભટ્ટારકપાદીય યશોધવલદેવ પધારે છે ।” તેનો આ પોકાર સભળાતા જ સર્વ લોકો પાછા હટયા, અને યોદ્ધાઓનો પોશાક પહેરી આવેલા કેટલાક વૃદ્ધજનો આગળ આવી લોકોની સામે ઉભા રહ્યા

ધોળા સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરી પોતાના ધવલ કેશને ધવલ પાઘડીમા સકલિત કરી લઇ હસ્તમા તલવાર ધારણ કરી યશોધવલદેવ સિહાસનપર વિરાજમાન થયા કોઇ એક ખૂણેથી કેટલાક કાળથી ધૂળમા રગદોળાયલો લાલ પટકો ખેચી કાઢી, માથે જેમ તેમ વીંટી રઘુ પણ ત્યા આગળ આવી ઉભો રહ્યો

સર્વથી પ્રથમ દતહિન, સ્વચ્છ સફેદ કેશવાળા એક વૃદ્ધે આગળ આવી મ્યાનમાથી તલવાર બહાર કાઢી તેના અગ્રભાગને પોતાના મસ્તકે લગાડયો તેજ ક્ષણે રઘુએ તેમનો પરિચય આપતા પોકાર કર્યો “ સેનાનાયક હરિદત્ત ।”

હરિદત્તે યશોધવલદેવના પાદમા તલવાર અને એક સૂવર્ણમુદ્રા સમર્પણ કર્યા દુર્ગાધિપતિએ તલવાર ઉંચકી તેમને પાછી આપી અને તે યશોધવલદેવને પુન અભિવાદન કરી પાછે પગલે સ્વસ્થાને ગયા

ત્યારપછી એક ઉચ્ચ અને શસ્ત્રાસ્ત્રયુક્ત બીજા વૃદ્ધ પુરૂષે જનસમૂહમાથી બહાર નીકળી દુર્ગાધિપતિને નમન કર્યું રઘુએ મોટેથી પોકાર કરતા જાહેર કર્યું “ સેનાનાયક સિહદત્ત ।”

હરિદત્તની માફક સિહદત્તે પણ પોતાના તલવાર અને એક સ્વર્ણ મુદ્રા યશોધવલદેવ આગળ મૂકયા મહાનાયકે પણ તે તલવાર ઉઠાવી તેમને પાછી આપી

સિહદત્તના ગયા પછી ધીમેધીમે એક અતિશય વૃદ્ધ પુરૂષ બે યુવકની સહાયથી આગળ આવી ઉભા રહ્યા તેમને જોતા જ યશોધવલે તરત જ સિહાસનપરથી ઉભા થઇ કહ્યુ ‘ કોણ ? વિધુસેન ? ”

દુર્ગાધિપતિના મુખમાથી શબ્દ બહાર પડયા ન પડયા તેટલામા જ વૃદ્ધે તેમના ચરણમા સાષ્ટાગ પ્રણામ કર્યા, અને તે મોટેથી રડવા લાગ્યા, યશોધવલદેવે તેમને ઉઠાડયા. તેમના ચક્ષુ પણ જળથી પૂર્ણ થઈ ગયા ! તેમણે કંપિત સ્વરે પુછ્યુ “ વિધુસેન ! કીર્તિધવલને ગયે પુષ્કળ દિવસ થઈ ગયા છે એટલા સમયમા તમે દુર્ગપર કેમ આવ્યા નહિ ? ”

વિધુસેને ડુસકા ખાતા કહ્યુ “ મહારાજ, કોની સાથે આપની પાસે આવુ ? આપને હુ કેવી રીતે મુખ બતલાવુ ? મારૂ સર્વ કાંઇ હુ મેઘનાદના કીનારાપર મુકીને આવ્યો છુ ! કેવળ ર્તિધવલને જ ત્યા મુકીને આવ્યો છુ એમ કંઇ નથી ! મહારાજ, મારા બન્ને પુત્રોને પણ હુ ત્યા જ મુકી આવ્યો છુ તે ડુગરાળ ભૂમિમા કેટલા પુત્રને, કેટલા પિતાને, કેટલા બધુને, હુ ત્યા મુકી આવ્યો છુ તેની ગણત્રી થાય તેમ નથી ! દેવ, આ બે પુત્ર સિવાય આ જગતમા મારૂ કહેવાને કોઇ નથી ! જયસેનના મૃત્યુ સમાચાર સાભળી આ બેઉ બાલકોને મારા ખોળામા મુકી તેની માતાએ અગ્નિપ્રવેશ કર્યો તે દિવસથી રાજકાર્ય અને યુદ્ધવ્યવસાયનો ત્યાગ કરી આઠ વર્ષ એમના પાલનમાજ પૂર્ણ કર્યા છે ” આટલુ કહી અક્ષપટલિક* વિધુસેને એક બાલક પ્રમાણે મુક્તકંઠે રૂદન કરવા માંડયુ !

---

* અક્ષપટલિક—રાજ્યના ઉત્પન્ન વિભાગપરનો અધિકારી

મહાકષ્ટે વિધુમેનનુ સાત્વન કરી યશોધવલે કહ્યુ " વિધુસેન, તમે એકવાર જો દુર્ગપર આવ્યા હોત, તો પેટને બે ગ્રાસ અન્ન મળત અને મારી પત્નીના વલય વચવાનો પ્રસગ આવ્યો નહોત ! "

દુર્ગાધિપતિના મુખના આ શબ્દો સાભળતા જ વિધુસેન પુન તેમના ચરણમા ઢળી પડયા અને રડતા રડતા બોલ્યા " દેવ, હમણા જ એ વાત ધનસુખના મુખે મે સાભળી છે મને એવી કલ્પના પણ ન હતી કે મારા નહિ આવવાથી સ્વામીની આવી શોચનીય સ્થિતિ થશે ! "

એટલું કહી વિધુસેન પુનરપિ મોટેથી રૂદન કરવા લાગ્યા યશોધવલદેવે તેમને શાત કરી બેસાડયા કેટલીકવારે દુ ખાવેગ શાત પડયા પછી પોતાના બન્ને પુત્રને લઇ વૃદ્ધ દુર્ગાધિપતિ સામે આવ્યા તેમણે પણ પોતાની તલવાર અને સૂવર્ણમુદ્રા દુર્ગાધિપતિ સમક્ષ મુકીને અભિવાદન કર્યું

ત્યારપછી સો સવાસો વૃદ્ધ સૈનિકો પોતાના પુત્ર પૌત્રાદિકોને લઇ દુર્ગાધિપતિને અભિવાદન કરવા ક્રમે ક્રમે આવ્યા રીત પ્રમાણે પોતાની તલવાર અને રૌપ્યમુદ્રા અગર તો તામ્રમુદ્રા રાખી સર્વ એ નમન કર્યા દુર્ગાધિપતિએ પણ તેમના નમનોનો યથોચિત સત્કાર કરી તેમની તલવારો તેમને પાછી આપી ત્યારપછી નાના નાના જમીનદારો અને ખેડુતોએ પોતાની પરિસ્થિતિ પ્રમાણે સૂવર્ણ કે રૌપ્યમુદ્રાઓ મુકી શોધવલને નમન કર્યુ જોતજોતામા સિહાસન આગળ સોના અને રૂપાનો ઢગ થઇ ગયો

છેવટે એક યુદ્ધ વેષધારી બલિષ્ઠ તરૂણને સાથે લઇ ધનસુખ તે તરફ આવ્યો તરૂણે રીવાજ પ્રમાણે યશોધવલ દેવને અભિવાદન કર્યા પછી ધનસુખે કહ્યુ "પ્રભુ, આ તરૂણ તે આપના જુના સેવક મહેંદ્રસિહનો પુત્ર છે એનુ નામ વીરેન્દ્રસિહ છે "

યશોધવલદેવે સ્નેહાદ્ર સ્વરથી વીરેન્દ્રસિહને કહ્યુ "વત્સ, તારા પિતાએ અનેક યુદ્ધમા મારી સાથેને સાથે રહી પ્રચડ પરાક્રમ

પ્રદર્શિત કર્યું છે તારા પિતાની આ તલવાર હુ તને પાછી આપુ છુ મારી ખાત્રી છે કે આ અસિના યશનુ તુ રક્ષણ કરીશ ”

દુર્ગાધિપતિએ આપેલી તલવાર લઇ વીરેન્દ્રસિહે ભૂમિપર્યંત નમ્ર બની નમન કર્યું વૃદ્ધ અક્ષપટલિક હજી પણ ત્યા જ બેઠા હતા સર્વનુ અભિવાદન પૂર્ણ થયા પછી તે ઉઠીને બોલ્યા “ મહારાજ, બગદેશના યુદ્ધ પછી આપની પ્રજાએ નિયમિત રીતે કર ભર્યો નથી હુ, વીરેન્દ્રસિહ અને ધનસુખ એ ત્રણે જણાએ ગામેગામ લોકોને મોકલી કર ભરવાની કબુલતો લીધી છે તેમાના સર્વ મનુષ્યો અહી આવેલા છે આપની આજ્ઞા થતા જ તે સર્વને આપની સમક્ષ લાવવા તૈયાર છુ ”

દુર્ગાધિપતિની અનુમતિ મળતા જ વિધુમેન એક પછી એક પ્રજાજન અને પટેલોને બોલાવવા લાગ્યા, અને તેઓ પણ સિહામન સમક્ષ આવી વીરેન્દ્રસિહની માગણી પ્રમાણે તેમના સમક્ષ કર મુકી પાછા જવા લાગ્યા. ધનસુખે સૂવર્ણ અને રૌપ્યમુદ્રાદિ પ્રકારના નાણા ભિન્ન ભિન્ન પાડી ગણવાનુ કામ કરવા માડયુ

આ પ્રમાણે બે પ્રહર દિવસ વહી ગયો મર્વ ધનની ગણત્રી કરી એક હજાર બસો અઢાર સૂવર્ણમુદ્રા, છસો પચાસ રૌપ્યમુદ્રા અને સો કરતા થોડી વધારે તામ્રમુદ્રા જમા થયાનુ ધનસુખે જણાવ્યુ

ત્યાર પછી સિંહાસન સામે ઘૂટણીએ પડી ધનસુખે વસ્ત્રમાથી દુર્ગસ્વામિનીના વલય બહાર કાઢયા અને તે સિહાસન આગળ મુકી હાથ જોડી તેણે કહ્યુ “ પ્રભુ, આ અમૂલ્ય કકણની વીક્રિ કરવાનુ મામર્થ્ય મારામા નથી એની કીંમત પચામ હજાર સૂવર્ણ મુદ્રા કરતા પણ વધારે છે !”

યશોધવલે સિંહાસન પરથી ઉભા થઇ ધનસુખને આલિગન આપી ગદ્દગદ સ્વરે કહ્યુ “ધનસુખ ! તારૂ કાર્ય મારા લક્ષમા આવ્યુ છે ! તમારા સર્વના અનુગ્રહથી આ વખતે મારી પત્નીના વલય વેચાયા નથી એ ખરૂ છે, પરતુ મારી ખાત્રી છે કે તેનુ

સરક્ષણ કરવાને હુ સર્વ રીતે અપાત્ર છુ! આજે ઘણા દિવસથી રોહિનાશ્વદુર્ગના ખજાનચીની જગ્યો ખાલી છે ધનસુખ! દુર્ગસ્વામિનીના આ વલય અને આ પૈસાનુ તુ જ રક્ષણ કર તારો પગાર તેમાથી તુ કાપી લેજે 'મારા પૌત્ર અગર પૌત્રીના લગ્નના સમયે મારા સ્મરણ ચિહ્ન તરીકે આ વલય તેમને આપજો' એમ મારી મૃત પત્નીએ મને કહ્યુ હતુ જ્યારે કીર્ત્તિધવલની પુત્રીનુ લગ્ન થાય ત્યારે તેને દાદીના સ્મરણ ચિહ્ન તરીકે આ કકણ આપજે"

આ વાત કરતા કરતા જ યશોધવલનો કઠસ્વર ગભીર થતો જતો હતો અને આ વખતે તો તે તદ્દન અટકી પડ્યો! ત્યારપછી તે થોડી વારે વિધુસેન પ્રત્યે બોલ્યા "વિધુસેન, આ સર્વ પ્રજાના ભોજનનો પ્રબધ કેવી રીતે થશે? આ જગલમા પૈસા આપવા છતા પદાર્થ મેળવવાની મારામાર છે!"

ધનસુખે કહ્યુ "મહારાજ, અક્ષપટલિક અને વીરેન્દ્રસિંહે તેની સર્વ વ્યવસ્થા પ્રથમથી કરી રાખી છે"

સર્વએ ભોજન કર્યા પછી યશોધવલદેવે વિધુસેન, સિહદત્ત, હરિદત્ત, વીરેન્દ્રસિહ અને ધનસુખને પોતાના શયનગૃહમા બોલાવ્યા સર્વ સ્થિર થયા પછી તેમણે કહ્યુ "જે દિવસથી મે કીર્તિધવલના મૃત્યુ સમાચાર સાભળ્યા તે દિવસથી કાલ સાજ સુધી મે એક ઉન્માદગ્રસ્ત મનુષ્ય પ્રમાણે કાળ વીતાવ્યો છે! ગઇ કાલે જ મારા નેત્રપડલ તૂટી ગયા અને હુ શુદ્ધિપર આવ્યો! દુર્ગની ચોતરફની મારી ભૂમિ એવી છે કે, તેના લોભથી કોઇ ઉચ્ચ અને સન્માન્ય કુલનો યુવક મારી પૌત્રીની સાથે લગ્ન કરી આ જગલી પ્રદેશમા આવી રહે તે મને સભવનીય લાગતુ નથી જ્યાસુધી મારા દેહમા પ્રાણ છે ત્યા સુધી હુ પણ એક સાધારણ મનુષ્યના હસ્તમા મારી લતિકાને મુકીશ નહિ! કોઇ પણ ઉપાયથી મારે બગ દેશની મારી સપત્તિ પુન પ્રાપ્ત કરવી જોઇએ મે હવે જાતેજ પાટલીપુત્ર

જઇને સમ્રાટની ભેટ લેવાનો નિશ્ચય કર્યો છે તમે સર્વ મળીને એ માટે કોઇ પણ યોગ્ય વ્યવસ્થા કરો

છેવટે એવુ ઠર્યું કે, વિધુસેને દુર્ગમા રહી ત્યાની સવ વ્યવસ્થા જોવી, ધનસુખે કોષ વગેરેનો કાર્યભાર સ્વીકારવો અને વીરેન્દ્રે યશોધવલ સાથે પાટલીપુત્ર જવુ

સાયકાલપૂર્વે અસ્તાચલે જતા સૂર્યના આરક્ત કીરણ જ્યારે દુર્ગના ઉચ્ચ ભાગને રગવા લાગ્યા, ત્યારે યશોધવલદેવની રજા લઈ સર્વ પ્રજાજન પોતપોતાના ગૃહ તરફ વળ્યા સર્વના ગયા પછી રક્ષુએ નાનીયાને કહ્યુ “ આ રાક્ષસની ફોજે આવીને આપણુ સર્વ સાફ જ કરી દીધુ ને ! જ્યારે તેમણે આટલા બધા ખાદ્ય પદાર્થ અહીં મોકલ્યા, ત્યારે તેમને પોતાને જ તેનો આહાર કરી જવાના તસ્દી લેવાનું શુ કારણ હતુ ? પોતાને ઘેર જ બેસીને એ સર્વ પદાથનો ફડચો તે ન લાવી શકયા હોત કે ?”

◆

પ્રકરણ ૯ મુ.

ભવિષ્ય

વૈશાખ મહીનો ચાલતો હતો દિવસને પહેલો પ્રહર પૂર્ણ થતો ન થતો તેટલામા તો સૂર્યના પ્રખર કીરણો અસહ્ય થઇ જતા હતા ભાગીરથીનુ વિશાલ વક્ષસ્થલ સફેદ વાલુકાની રાશીથી પરીપૂર્ણ બની ગયુ હતુ ! તેના મધ્યભાગમા સેકડો નાના નાના વાદળા સૂય કીરણુમા પ્રતિબિબિત થતા હતા વાલુકાની એક બાજુએ હિમગીરીસુતા સાગર તરફ વહી જતી હતી તેનો પ્રવાહ અત્યત ક્ષીણ, પરતુ પાણી અતિ સ્વચ્છ હતુ. તે નાના પ્રવાહની ઉભય બાજુએ રેતીનો પલળેલો ભાગ રગે કાળાશ પડતો હોવાથી સ્વચ્છ અને શુભ્ર રેતીમા

આ કાળી રેખા સફેદ સ્વચ્છ વસ્ત્રપર પડેલી શાહીની રેખા જેવી દેખાતી હતી

તેવા પ્રખર તાપમા પણ નદી પ્રવાહની બાજુએ પલળેલી રેતીમા બેસીને બે બાલક અને એક બાલિકા રમી રહ્યા હતા તે બાલકોમા જે વયે મોટો હતો, તે પોતાના પલળેલા વસ્ત્રસહ પાણીના પ્રવાહમા પગ બોળી બેઠેલો હોઇ કીનારાપર લીલી રેતીથી એક મહેલ બનાવતો હતો ! તેની પાસે નજીકમા જ બીજો બાલક બેઠો હતો, અને તે પણ રેતીનુ ઘર બાંધવામા મગ્ન બની ગયો હતો મોટા બાલકે ત્વરાપૂર્વક કિલ્લો, કોટ, બુરૂજ, ખાઇ વગેરે તૈયાર કરી દીધુ તે હમણા કિલ્લામા રાજભૂવન બાંધવામા લીન થઇ ગયો હતો પલળેલી રેતી લઇ તે રાજભૂવનનુ શીખર ઉતાવળથી તૈયાર કરતો હતો તેની આગળીઓમાથી ભીની રેતી મંદીરપર પડીને શીખર મોટુ મોટુ બનતુ જતુ હતુ, પણ કેટલીક વારે ભાર વધારે થતો કે, તે શીખર આપોઆપ તૂટી પડતુ હતુ બાલિકા એકાગ્ર દૃષ્ટિથી આ સર્વ પ્રકાર જોઇ રહી હતી કદી મોટા બાલકના મંદિરનુ શીખર ઉચુ થતુ તો કદી નાનાના મંદિરનુ શીખર મોટુ થતુ હતુ ! જેનુ મંદિર ઉચુ થતુ તે બાલિકાને બોલાવી પોતાની હુશીયારીનુ મગરૂરી પૂર્વક કૌતુક દર્શાવતો

સૂર્યનો તાપ ધીમે ધીમે તદ્દન અસહ્ય થતો જતો હતો, પણ તે તરફ આ ત્રીપુટીનુ બીલકુલ લક્ષ ન હતુ એમ જણાતુ હતુ તે ત્રણેના અંતઃકરણ રમતમા લીન બની ગયાં હતા નદીના પ્રવાહની ધારે જુના ફાટયા તૂટયા વસ્ત્રોથી પરિધાન થયેલો એક વૃદ્ધ મનુષ્ય ધીમે ધીમે તેમની પાસે આવતો હતો, તે તરફ તેમનુ સહજ પણ લક્ષ ન હતુ તે જ્યારે તેમની પાસે આવી ઉભો રહ્યો ત્યારે તેના છાયા જોઇ બાલિકા એકદમ ચમકી અને મોટા બાલક પાસે જઇ ઉભી રહી તેના પગના ધમકાથી મોટા છોકરાનો કિલ્લો અને મંદિર તૂટી પડ્યા ! તે જોઇ નાનો બાલક વિજયાનંદથી ખડ ખડ હસવા લાગ્યો !

તે બુઢ્ઢો મોટા છોકરાને ઉદ્દેશી બોલ્યો “ કુમાર, તુ નિરાશ થઇશ નહિ આ જન્મમા નિરાશ થવાનો તને સમય જ મળશે નહિ ! કાળના દારૂણ વજ્રાઘાતથી તને પ્રિય એવા કેટલા આશા મંદિરોનો ચૂરો થઇ જવાનો છે તેની ગણત્રી થાય તેમ નથી ! ”

તે ત્રણે અત્યંત વિસ્મિત બની બુઢ્ઢાના મુખ તરફ જોતા જ રહ્યા પોતાના જીર્ણ વસ્ત્રનો એક ભાગ નીચે પહોળો કરી તે ડોસો રેતી પર બેઠો, કેટલીક વારે તેને મોટા છોકરાએ પુછ્યુ “ તમે મને કેવી રીતે ઓળખ્યો ? ”

બુઢ્ઢો હાસ્ય કરી બોલ્યો “ કુમાર શશાક, એવો કોઈ ભાગ્યેજ હશે કે જે તને ન ઓળખતો હોય ! તારા આ પીળા સુવર્ણ દૃશ્ય ઉત્પન્ન કરતા કેશ જ તારો પ્રત્યક્ષ પરિચય કરાવનાર છે ! તારા કેશપરથી જ ઉત્તર પ્રાતના પુષ્કળ મનુષ્યો તને ઓળખી શકશે રણાગણમા શત્રુઓ તારા કેશપર જ નિશાન માડશે તને ઓળખવો એ કઇ મુશ્કેલ વાત નથી ! ”

આટલુ કહી બુઢ્ઢો એક ગાડાની માફક હસ્યો તે જોઇ બાળકો વિશેષ આશ્ચર્યચકિત થયા બાલિકા તો કુમારને વળગીને જ બેઠી બુઢ્ઢો એકદમ ઉભો થઇ ગયો અને તેણે પોતાના વસ્ત્રમાથી એક બંસરી કાઢી પરંતુ કંઇ પણ વિચાર તેના હૃદયમા ઉપસ્થિત થવાથી તેણે તે લપાવી રાખી પછી તે બોલ્યો “ કુમાર, આજે મારે તને કેટલીક વાતો કહેવાની છે તેથી હુ આવ્યો છુ પરંતુ તે હુ તને અહીં કહીશ નહિ, મારી સાથે આવ ”

જાદુથી મોહ પામી ગયા હોય તેમ તે ત્રણ બાળકો પેલા બુઢ્ઢાની પાછળ પાછળ ગયા અગ્નિસમુ તપ્ત થયેલુ રેતીનુ મેદાન ઓળંગીને ડોસો જુના રાજમહાલયના એક ઘાટના તૂટેલા પગથીયાપર બેઠો તે બન્ને બાળકો અને બાલિકા પણ તેની નીચેના પગથીયાપર એકમેકને અડીને બેઠા ત્યારપછી વસ્ત્રમાથી બંસરી—વાંસળી બહાર કાઢી તે ડોસો વગાડવા લાગ્યો વૈશાખ મહીનાના તે અત્યંત તાપ-

દાયક મધ્યાહ્નકાળે તેની બસરીનો કરુણ સ્વર શાત ભાગીરથીના પ્રવાહને ભેદી સામેનો કીનારો કપાવવા લાગ્યો જાણે કે સૂર્યાગ્નિથી ભસ્મ થતુ જગત્ તેની વાસળીના સૂરથી શીતળ બન્યુ ન હોય ! તે ત્રણ બાલકો મુગા રહી તે મધુર કરુણ ગીત સાભળી રહ્યા હતા

એટલામા એકાએક વાસળી અટકી ! ત જ ક્ષણે જાણે કે જગતની શાતિનો ભંગ થયો હોય એમ સર્વને લાગ્યુ બુઢ્ઢો ઉભો થઇ બોલવા લાગ્યો “ કુમાર, ત્રણસો વર્ષપર ગુપ્તવશમા તારી માફક બીજો પણ એક પીળા કેશવાળો રાજપુત્ર જનમ્યો હતો ! તારી માફક તે પણ ઉદારહૃદયી, દયાશીલ અને વીર્યવાન હતો લુપ્ત થયેલા ગૌરવનુ પુનઃજીવન કરવાના પ્રયત્નમા તુ જે પ્રમાણે તારો પ્રાણ આપવાનો છુ તે પ્રમાણે તેણે પણ કર્યું હતુ તેનુ નામ સ્કદગુપ્ત હતુ ઉત્તર પ્રદેશના ઘણા મનુષ્યો હવે તેનુ નામ પણ ભૂલી ગયા છે ! આશ્ચર્ય પામવા જેવુ કઇ નથી, કારણ, પાટલીપુત્રના કૃતઘ્ન નાગરિકો સુદ્ધા સ્કદગુપ્તનુ નામ ભૂલી ગયા છે પરતુ એક દિવસે એજ સ્કદગુપ્તે પાટલીપુત્ર માટે પોતાનુ સર્વસ્વ અર્પણ કર્યું હતુ ! ”

“ કુમાર શશાક ! સમુદ્રગુપ્તનુ નામ તે સાભળ્યુ છે કે ? સમુદ્રગુપ્તની આ સમુદ્રથી પેલા સમુદ્ર સુધીના દિગ્વિજયની કહાણી તે સાભળી છે ? કુમારગુપ્તની વાત કદી પણ તારા કર્ણ પર આવી છે ? સ્કદગુપ્ત એ કુમારગુપ્તનો પુત્ર હતો તારા પિતાના નાના રાજ્યમા, તારા સુવર્ણરગી કેશ જોતા જ જે પ્રમાણે સર્વ લોકો તને યુવરાજ તરીકે ઓળખે છે, તે પ્રમાણે જ સ્કદગુપ્તના પિતાના સામ્રાજ્યમા તેના પીળા કેશ જોઇ સમુદ્રથી સમુદ્ર પર્યત અને હિમાલયથી કુમારિકા સુધી સર્વ તેને કુમાર તરીકે ઓળખતા હતા ! ”

“ તારી ચોતરફ જે સકટની જાળ અધિકાધિક ઘટ્ટ બની ઘેરો નાખતી જાય છે, તે કરતા પણ બળવાન એવી દુર્ભાગ્યની જાળનુ

વેષ્ટન સ્કદગુપ્તની ચોતરફ પડ્યુ હતુ તે તોડી નાખવા તેણે પ્રયત્ન કર્યો, તેમ તુ પણ પ્રયત્ન કરીશ દુર્ભાગ્ય તેની સાથે જ ફરતુ હતુ પરતુ તેની તેને ખબર ન હતી જ્યારે તને મોહ ઘેરી લેશે ત્યારે તુ પણ તે જાણી શકીશ નહિ! તેના ભાઇ, સેવક અને સ્વજાતીય જનોએ વિશ્વાસઘાત કર્યો હતો વિશ્વાસઘાતને લીધે જ તેની જીવન શાતિ નષ્ટ થઇ—તારી શાતિ તેવી જ રીતે નષ્ટ થશે! સ્કદગુપ્તનુ દીર્ઘ જીવન યુદ્ધ વ્યવસાયમા જ વ્યતીત થયુ હતુ તેની સર્વ આશાઓ નષ્ટ થવાથી ભગ્નહૃદયી થઈ તે હમેશ યુદ્ધમા જ કાળ નિર્ગમન કરવા લાગ્યો હતો—કુમાર શશાક! તુ રાજા થઈશ, પરતુ તારો માર્ગ હમેશ કટકથી ભરાયલો રહેશે! તુ કદી પણ સુખી થઇશ નહિ—તારો ભાઈ, તારી વાગદત્ત પત્ની, અમાત્ય અને પ્રજા એ સર્વ તારો ત્યાગ કરશે સર્વને અળખામણો થઇ તુ પણ સ્કદગુપ્તની માફક રણાગણપર મૃત્યુને આધિન થઈશ સ્કદગુપ્તે સ્વદેશમા પરદેશીઓ સાથે યુદ્ધ કરતા કરતા દેહ મુકયો હતો, પરતુ તારૂ મૃત્યુ પરદેશમા સ્વદેશીઓ સાથે—સ્વજાતીય પુરૂષો સાથે લડતા લડતા થશે."

"કુમાર! દુખ માનીશ નહિ તારો જન્મ સિહરાશીમા થયો છે તુ સિહના જેવો પરાક્રમી થઇશ ભાગ્યચક્ર આગળ મસ્તિષ્ક અવનત કરીશ નહિ. સર્વજીવન પર્યત અદૃશ્ય સાથે થનારા કલહ માટે તૈયાર થા! આ બુઢ્ઢાના મુખથી આ વાત સાભળી સ્ત્રીની માફક ડરી જઇશ નહિ, પુરૂષત્વને છાજે તેવા કાર્ય માટે આગળ પગલુ ભર! શશાક! જગતમા કોઇનાપર વિશ્વાસ રાખીશ નહિ. સર્વ સ્વાર્થ માટે આવે જાય છે—પરાર્થ માટે કોઈ પણ આવતુ નથી, તે લક્ષમા રાખ. સ્ત્રી કે પુત્રનો લાભ તને કદીપણ થવાનો નથી—કેમ નહિ થાય તે મને પુછીશ નહિ તારા કાળાભાઇનો કદી પણ વિશ્વાસ રાખીશ નહિ ગૌરવર્ણના, પીઠપર ખૂધવાળા કામરૂપના રાજપુત્રપર પણ કદી વિશ્વાસ કરીશ ના જો વિશ્વાસ રાખીશ તો અદૃષ્ટચક્રના દલનમાથી તુ કદી પણ મુક્ત થઇશ નહિ"

“ પરતુ તારા હસ્તે તેમ બનવુ શક્ય નથી આ જગતમા જેમા કોઈ વિજય મેળવી શક્યુ નથી તેમા તુ કેમ ફાવી શકે ? તારો બધુ તારૂ સિહાસન દબાવી પડશે તારી બાલ્યકાળની સખી, તારી સાથે લગ્ન કરવા માટે વાગ્નિશ્ચય થવા છતા, મોહના ફદામા ફસાઈ સ્વ તનુ અન્યને અર્પશે તદ્દન નજીવા લાભના લોભથી તારા વિશ્વાસુ સેવકો તને દગો દેશે તારા સ્વદેશ બન્ધુઓ તને દેશમાથી હાકી મુકશે અને ઉલટ પરદેશમા પરકીયજનો તને માનપૂર્વક બોલાવશે ! જેઓ ખરેખરી રીતે તારા એકનિષ્ઠ અનુયાયી હશે, તેમને દુષ્ટજનના ઘેરામા સપડાવાથી તુ ઓળખી શકીશ નહિ ! તુ તેમની ઉપેક્ષા કરીશ, છળ કરીશ તોપણ આ જન્મમા તો શુ પણ બીજા જન્મમાએ તેઓ તારી પાછળ પાછળજ આવશે ! ”

તે વિલક્ષણ બુઢ્ઢાના આ વ્યાખ્યાનથી બાલિકા ભયભીત બની રડવા લાગી બીજો બાલક પણ ડરી ગયો તેનુ મુખ સુકાઈ ગયુ. પરતુ શશાકના હૃદયમા ભયનુ નામ પણ ન હતુ તેણે બુઢ્ઢાને પુછ્યુ: ‘ તમે શુ કહો છો તે મને કઈ સમજાતુ નથી તમે કોણ છો ? ”

શશાકનો આ પ્રશ્ન સાભળી બુઢ્ઢો વિકરાળ હાસ્ય કરીને એક પાગલ પ્રમાણે નાચવા લાગ્યો બાલિકા તો બ્હીકથી મુક્ત કઠે રૂદન કરવા લાગી માધવગુપ્તે પણ તેનુ જ અવલબન કર્યું હવે શશાક પણ ભયથી બે પગલા પાછો હઠયો !

ડોસો હાસ્ય કરતા કરતા બોલ્યો “ હુ કોણ છુ તે લલ્લને પુછજે, વૃદ્ધ યશોધવલને પુછજે, તારા પિતાને પણ પુછજે ! કહેજે કે કોઇ એક ‘ શત્રુમેન ’ આવુ આવુ કહીને ચાલ્યો ગયો ! હું જે બોલ્યો છુ તે તુ કેવી રીતે સમજી શકે ? જો તે તુ સમજ્યો હોત તો અદષ્ટને ભુલાવામા નાખવા તે પ્રયત્ન કર્યો હોત જ્યારે તુ મારૂ કથન સમજી શકીશ ત્યારે હુ પુન તારી પાસે આવીશ ! ”

ડોસાએ પુન નૃત્ય કરવા માડ્યુ થોડાજ વખતમા તેણે પોતાના વસ્ત્રમાથી એક ચકચકતુ લોખડી શસ્ત્ર બહાર કાઢ્યુ તે જોઇ શશાક વળી પાછો બે ડગલા પાછળ હઠ્યો બુઢ્ઢો બોલ્યો “શશાક! તુ મારો શત્રુ છે, મારા ધર્મનો શત્રુ છે મારી એવી ઉત્કટ ઇચ્છા છે કે, તારો હૃતપિડ કાપી કાઢી તારી છાતીમાનુ રક્ત પીઇ જાઉ ! પણ, તેમ હુ કેમ કરી શકતો નથી તે તુ જાણે છે ? જે ભાગ્યચક્ર સાથે તુ ભમે છે, તેને જ હુ પણ બધાયલો છુ !’

એટલામા જ એક નાની નૌકા ઘાટ આગળ દૂર નદીના રેતાળ કીનારે આવી ઉભી. તે નૌકામાથી બે વૃદ્ધ, એક તરૂણ અને એક બાલિકા એ પ્રમાણે ચાર મનુષ્ય ઉતર્યા શશાક અને તેની સાથેના બાલક બાલિકાએ પણ તેમને દીઠા નહિ, પરતુ બુઢ્ઢાએ તેમને જોયા હતા તેમને પાસે આવતા જોઇ બુઢ્ઢાએ કહ્યુ “કુમાર ! હુ હવે જતો રહીશ હવે હું અહીં રહી શકુ તેમ નથી ઘણા માણસો આ તરફ આવે છે શશાક, ભવિષ્યમા તુ એક દિવસ ભયકર મર્મઘાતનાથી ભેદાઇ રહ્યો હોઇશ તે વખતે હુ તને પુન દર્શન આપીશ!”

આટલુ બોલી બુઢ્ઢો પીપળાના વૃક્ષની એક ડાળી ભાગી તેનો ઘોડો કરી–તેપર સ્વાર થઇ તીવ્ર ગતીથી ને ત્રણેની દૃષ્ટિથી દૂર થઇ ગયો શશાક, માધવગુપ્ત અને ચિત્રા આશ્ચર્ય અને ભયથી સ્થભિત બની જડમૂર્તિ પ્રમાણે નિશ્ચલતાથી જ્યાના ત્યા ઉભા રહ્યા

નૌકામાથી ઉતરેલા માણસો ઘાટ આગળ આવી ઉભા રહ્યા. તેમાના એક વૃદ્ધે તરૂણને કહ્યુ “મને લાગે છે કે રાજભૂવનનો ઘાટ આજ હોવો જોઇએ પણ હું ગત વીસ વર્ષથી પાટલીપુત્રમા આવ્યો નથી ! વીરેન્દ્ર, આટલા તટવામા કોઇ છે કે કેમ ? હોય તો જો અને રસ્તો પુછી જો !”

વીરેન્દ્રે આમતેમ જોઇ કહ્યુ ‘દેવ, ઘાટપર તો કોઇ જણાતુ નથી !”

વૃદ્ધે પોતાની ક્ષીણ દૃષ્ટિથી ઉચે જોઇ કહ્યું "ઉપરના પગથીયાપર કોઇ ઉભુ હોય એમ તને નથી લાગતુ ?"

ઉપર આવતા જ ત્યા ઉભેલા ત્રણ બાલક વીરેન્દ્રની દૃષ્ટિએ પડ્યા તેમને તેણે પુછ્યું "રાજભૂવનનો ઘાટ આજ કે ?"

શશાક જે રસ્તે પેલો પાગલ ભુક્કો ગયો હતો તે દિશા તરફ જોઈ રહ્યો હતો વીરેન્દ્રનો પ્રશ્ન સભળાતા જ તેણે પોતાની દૃષ્ટિ ફેરવી. પરતુ તેણે શુ પુછ્યુ તે શશાકે બીલકુલ સાભળ્યુ ન હતુ તેથી તેણે પ્રશ્ન કર્યો "આપે શુ કહ્યુ ?"

વીરેન્દ્રે સહજ કટાળો બતાવી કહ્યું "તું બહેરો તો નથી ને ? મે પુછ્યુ કે રાજભૂવનનો ઘાટ આજ કે ? ’

પ્રશ્નનો ઉત્તર ન આપતા શશાકે વીરેન્દ્રને ઉલટ પુછ્યુ "પણ આપ કોણ છો અને કયાથી આવો છો ?"

શશાકના આ પ્રશ્નથી વીરેન્દ્ર અધિક ચીડાયો અને બોલ્યો "અરે બાપુ, તારા આ પ્રશ્નનો ઉત્તર આપવાને મને વખત નથી ! રાજભૂવનનો ઘાટ કયો તે મને કહે એટલે થયુ !"

શશાકે કહ્યુ "રાજભૂવનનો ઘાટ આ જ છે, પણ સામાન્ય માણસ અહીથી જઈ શકશે નહિ."

"અરે ભાઇ, અહીથી જવા ન જવા વિષે મેં તારા આગળ એક અક્ષર પણ ઉચ્ચાર્યો હતો ?" એમ કહી વીરેન્દ્ર તે વૃદ્ધવીર પાસે પાછો આવ્યો અને બોલ્યો "પ્રભુ, આજ રાજભૂવનનો ઘાટ છે ઉપરના પગથીયાપર કેટલાક બાલકો ઉભાં છે તેમાનો એકતો કેવળ રાજપુત્રની માફક બોલે છે ! તેણે કહ્યુ કે, અહીંથી સાધારણ મનુષ્યોને જવાની છુટ નથી"

યશોધવલદેવ હસીને કહ્યુ "વીરેન્દ્ર, તે બાલકોએ તને ખરી જ વાત કહી છે."

"ત્યારે શુ નૌકા પાછી ફેરવવાની છે ?"

યશોધવલે કહ્યુ “ ના, હું આ જ રસ્તે જઈશ વિશિષ્ટ અમાત્ય અને સમ્રાટના કુટુબવર્ગ સિવાય કોઈપણ ગગાના રસ્તે આવી શકતુ નથી કારણ કે પડદામા રહેતી નગરવાસી સ્ત્રીઓ ગગાસ્નાન માટે આ રસ્તે આવે છે આ કારણને લીધેજ મને લાગે છે કે તે બાલકે તને આ રસ્તે નહિ જવા કહ્યુ હશે ચાલ, આગળ થા મને કોઈ અટકાવશે નહિ ”

સર્વ પગથીયા ચઢી આરાપર આવી ઉભા તે વખતે યશોધવલને જણાયુ કે એક બાલક તેમને અટકાવવાના ઉદ્દેશથી વચ્ચે આવી ઉભો રહ્યો છે બીજો એક બાલક અને બાલિકા પાસેજ બેસી રહ્યા હતા

બાલકે પુછ્યુ “ આપ કોણ છો ? ”

યશોધવલે હસીને કહ્યુ “ હુ રોહિતાશ્વદુર્ગનો કિલ્લેદાર છુ. મારૂ નામ યશોધવલદેવ છે ”

“ આપ ક્યા જાવ છો ? ”

યશોધવલદેવે કહ્યુ “ સમ્રાટની ભેટ લેવા માટે રાજભૂવનમા જવાની ઈચ્છા છે ”

શશાકે કહ્યુ “ આ રસ્તે સામાન્ય મનુષ્યો જઈ શકતા નથી તે શુ આપ જાણતા નથી ? આપ અહીથી પાછા ફરી દક્ષિણ તોરણ તરફ જાવ તે રસ્તે આપ રાજભુવનમા જઈ શકશો

વીરેન્દ્ર કહેવા લાગ્યો “ અમે જો આ જ રસ્તે જઈશુ તો શુ આપ નામદાર અમને અટકાવશો કે ? ”

કુમારે હસી કહ્યુ “ પણ તમે જઈ જઈને ક્યા સુધી જશો ? ગગાદ્વારપર ઉભેલા દ્વારપાલો તમને અટકાવ્યા સિવાય નહિ રહે ! તે વખત તમારે આ જ વાટે આવીને નૌકા પાછી ફેરવી પડશે કારણ કે આ સ્થળેથી નદીના માર્ગ સિવાય નગર તરફ જવાનો બીજો રસ્તો જ નથી ! ’

યશોધવલદેવે કહ્યુ " ભાઇ, હુ કઇ મગધ સામ્રાજ્યનો સામાન્ય મનુષ્ય નથી સૈન્યમા મને ' મહાનાયક ' ની પદવી મળેલી છે રાજકીય દરબારનો હુ યૂવરાજ—ભટ્ટારકપાદીય છુ તેથી માત્ર અન્ત પુર સિવાય રાજભૂવનમા બીજે કોઈ પણ સ્થળે જવા મારા માટે અટકાવ રહેલો નથી "

શશાક ચકિત થઇ બોલ્યો " આપ–આપ–મહાનાયક* ? યૂવરાજ ભટ્ટારક ! "

યશોધવલદેવે ખિન્નતાથી હસી કહ્યું " બેટા, તેમા તને આશ્ચર્ય શાનુ લાગે છે ? "

શશાકે કહ્યુ " મારા જીવનમા અત્યાર સુધી કોઈ યૂવરાજ ભટ્ટારક કે મહાનાયકને આવી રીતે રાજભૂવનમા આવતો મે જોયો નથી ! તેઓ જ્યારે આવે છે ત્યારે સેકડો પાયદળ સૈનિકો અને ઘોડેસ્વારો તેમની સાથે રાખે છે ! તેઓ જે રસ્તે આવે છે તે રસ્તેથી નાગરિકો પલાયન કરી જાય છે ! સામ્રાજ્યના કોઇપણ યૂવરાજ ભટ્ટારકને મે કદી પગે ચાલતો જોયો નથી "

યશોધવલદેવે પુછ્યુ " તુ કોણ છે ? "

શશાકે કહ્યુ " હુ સમ્રાટનો વડીલ પુત્ર છુ. મારૂ નામ શશાક છે "

શશાકના મુખમાથી આ શબ્દ બહાર પડતા જ વૃદ્ધ યશોધવલે મ્યાનમાથી તલવાર બહાર કાઢી ! તેમણે તે વખતની અભિવાદન પ્રણાલિકાને અનુસરી તલવારના અગ્રભાગને પોતાના શુભ્રકેશનો સ્પર્શ કરાવ્યો

અભિવાદન કરી યશોધવલે કહ્યુ " યૂવરાજ, હુ કેટલાક વર્ષોથી પાટલીપુત્રમા આવ્યો નથી તેથી મેં આપને ઓળખ્યા નહિ

---

*મહાનાયક—ઉચ્ચપદવીના સામત (યૂરોપના Arch Duke કીંવા Grand Duke ની યોગ્યતા) ની પદવી.

મારો અપરાધ લક્ષમા લેશો નહિ હુ જ્યારે રાજસભામા આવતો હતો ત્યારે આપનો જન્મ પણ થયો ન હતો તે વખતે આપના કાકાના પુત્ર દેવગુપ્તને જ અમે સામ્રાજ્યનો ભાવી સમ્રાટ સમજતા હતા યુવરાજ! સામ્રાજ્યના બીજા મહાનાયકો પાસે જે છે તે મારી પાસે નથી; તેથી જ હું સમ્રાટ પાસે જાઉંછુ ”

શશાક ચૂપકીથી વૃદ્ધ યશોધવલનુ મજબૂત અને ઉંચુ શરીર તથા તેપરનાં અસંખ્ય શસ્ત્રાઘાતોના ચિહ્નો જોઇ રહ્યો હતો તેમનુ કથન પૂર્ણ થયા પછી તેણે કહ્યુ “ ચાલો મારી સાથે પધારો ”

પ્રકરણ ૧૦ મુ.

પ્રેમ-દૂતી

આપણી પ્રસ્તુત કથાના સમયે પાટલીપુત્રની બહાર પુષ્કળ વસ્તી હતી જુના શહેરની ચોતરફ કોટ હોઇ અંદરની જગ્યા મર્યાદિત હોવાથી પુષ્કળ વર્ષથી ત્યા વસ્તીને માટે પૂર્ણ સ્થાન રહેલું ન હતુ જગ્યાના અભાવે નગરના દરિદ્રી કામદારો ઘણુખરૂ કોટની બહાર રહેતા હતા અનેક વર્ષોથી નગરના કોટની પૂર્વ અને દક્ષિણ સીમાપર નાના મોટા ગામો વસ્યા હતા પાટલીપુત્રના નાગરિકોએ એ સર્વને ઉપનગર નામ આપ્યુ હતુ નગરની ઉત્તર અને પશ્ચિમ બાજુએ ભાગીરથી અને શોણ નદીઓ વહેતી હતી, તોપણ નગરની સામી બાજુના કાંઠેએ ઓછી વસ્તી ન હતી પ્રાત કાળમા ઉઠી ત્યાના લોકો પોતાના કામધંધા માટે શહેરમા આવતા અને સંધ્યાકાળે પુન પોતાને ગામ પાછા જતા

દક્ષિણ તરફના એવા એક ઉપનગરમા એક જુના જીર્ણ મંદિ-

રની સામે કેટલાક બૌદ્ધ ભિક્ષુ* એક ખેતરમા ઘાસપર બેસી ટોળટપ્પા મારી રહ્યા હતા મદિરની પાછળની બાજુએ કેટલાક જગલી વૃક્ષથી પરિપૂર્ણ એવો ટેકરો હોઇ તેમા ઠેકાણે ઠેકાણે લાબા પહોળા અને ઉંચા આકારના પત્થરના સ્તભ નજરે પડતા હતા પ્રાચીનકાળે પત્થરથી બધાયલુ એક બૌદ્ધમદિર આ સ્થળે હતુ કાળના જડબામા તે ઝપટાઇ ગયુ અને ભિક્ષુ લોકોએ તેની સામે જ એક નાનુ મદિર બાધી તેમા મૂર્તિની સ્થાપના કરી ખેતરમા બેઠેલા સર્વ ભિક્ષુ યુવાન હતા અને એમ જ લાગતુ હતુ કે તેમણે થોડા દિવસથી જ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હોવો જોઇએ હજુ ગૃહદ્વારનો ત્યાગ કરનારા ભિક્ષુને ઉચિત એવી ગભીરતા તેમનામા દષ્ટિગોચર થતી ન હતી

આ તરૂણ ભિક્ષુઓમા એક પ્રૌઢ વયનો ભિક્ષુ બેઠો હતો અને વયમા મોટુ અતર હોવા છતા તે અન્ય ભિક્ષુઓ સાથે મશ્કરી તથા શૃગારયુક્ત હાસ્ય-પરિહાસ કરવામા લીન બની ગયો હતો! આ ભિક્ષુમડળથી થોડે દૂર બીજો એક તરૂણ ભિક્ષુ બેસી રહેલો હતો તે હમણા કઇ વિચારમા પડેલો હોય તેમ લાગતુ હતુ જાણે કે તેની પાસે બેઠેલા ભિક્ષુઓના હાસ્યનો પ્રચડ ધ્વની તેના કર્ણ પર્યંત પહોચતો પણ ન હોયની! વચ્ચે વચ્ચે ભિક્ષુમડળ તેને ઉદ્દેશી આપસઆપસમા કઇ વાતો તથા ઉપહાસ કરીને પ્રચડ હાસ્ય ધ્વનિથી આકાશમડળ ગજાવી મુકતુ હતુ, પરતુ જેનાપર આ ઉપહાસ અને તિરસ્કારયુક્ત બાણોનો વરસાદ પડતો હતો, તેને આ પ્રચડ હાસ્યધ્વની સભળાતો પણ ન હતો !

આ ભિક્ષુમડળનો આવો કાર્યક્રમ ચાલી રહ્યો હતો તેટલામા એક તરૂણ સ્ત્રી મદિર સામે આવી ઉભી રહી તેને જોતા જ ભિક્ષુમડળનુ હાસ્ય વિરામ પામ્યુ એક ભિક્ષુએ તે પ્રૌઢ ભિક્ષુના શરીરને આગળીનો ગોદો મારી કહ્યુ “ આચાર્ય, મને લાગે છે કે એ તરૂણી તમને જ શોધે છે ! ”

---

* ભિક્ષુ—બૌદ્ધ સન્યાસી

બીજા ભિક્ષુએ તેને અટકાવી વચ્ચે જ હસતા હસતાં કહ્યું “ અરે, તને ગાંડપણ તો નથી લાગ્યુને ? આચાર્ય તો હવે થયા છે ડોસા ! તરૂણ સ્ત્રી પોતાની ખુશીથી કોઈ વૃદ્ધને શોધે એ સંભવિત પણ છે કે ? ”

પહેલા ભિક્ષુનું ભાષણ સાંભળી પ્રૌઢ ભિક્ષુને અતિશય આનંદ થયો હતો તેના ચ્હેરાપર સ્મિતની લાલી પ્રસરવા માંડી હતી પણ તેટલામાં બીજા ભિક્ષુના મુખના શબ્દો સાંભળી તેના મુખપરની હાસ્ય રેષા જયાં ને ત્યાં નષ્ટ થઇ ગઇ ! તે ક્રોધથી બળવા લાગ્યો અને મોટેથી બોલી ઉઠયો “ શું ! તેં મને બુઢ્ઢો કહ્યો, અને તે પણ એક સ્ત્રી સમક્ષ ! ઉભા રહે, અહીંને અહીં તને પુરો કરી નાખું છું ! ”

આ ગર્જના સાંભળી પહેલો ભિક્ષુ કિંચિત હસી તેને કહેવા લાગ્યો “ આચાર્ય, હા અમારી મોટી ભૂલ થઈ ગઈ છે ! પરંતુ તે દિવસે સંઘસ્થવીર અમને કહેતા હતા કે, આચાર્ય દેશાનંદ હવે બુઢ્ઢા થયા છે તરૂણ ભિક્ષુઓને શિક્ષણ આપવા માટે એવા વૃદ્ધ જ ઉપયોગી છે ! ડોસા—”

વૃદ્ધ ભિક્ષુ વચ્ચેજ બૂમ પાડી ઉઠયો “ ડોસો તારો બાપ ! ડોસો તારો દાદો ! આ એક ગાંડો જ મળ્યો છે ખરૂં કે ? ઉભા રહો, તમને બધાને હું હમણાંને હમણાં ઠાર કરૂં છું !—”

એટલું કહી એકાદ ભયંકર પાગલ મનુષ્ય પ્રમાણે વૃદ્ધ ભિક્ષુ તે બન્ને તરૂણ ભિક્ષુપર ધસી ગયો, પરંતુ સર્વએ મળી તેને પકડી નીચે બેસાડવા પ્રયત્ન કર્યો પણ કંઇ દઢતાએ તે બેઠો નહિ ! છેવટે તેને બેસાડયો, પણ તેનું મસ્તિષ્ક ભ્રમિત બની ગયું હતું, તે બળપૂર્વક ઉઠવાનો પ્રયત્ન કરવા લાગ્યો કેટલીકવારે સર્વએ મળી તેને શાંત કર્યો છેવટે સર્વ તરૂણ ભિક્ષુઓએ નિરાભિમાનપણે સ્વીકાર્યું કે તેઓ પોતે વયમાં મોટા છે ! અને આચાર્ય* દેશાનન્દ ખરેખર

---

* આચાર્ય—નવીન દિક્ષા મેળવનાર ભિક્ષુઓને શિક્ષણ આપનારને બૌદ્ધ ભિક્ષુ સંપ્રદાયમાં ‘ આચાર્ય ’ સંજ્ઞા હતી

યુવાન છે, તેમનો અધ્યયન સબંધીનો ઉદ્યોગ પરાકાષ્ટાએ પહોચેલો હોવાથી માત્ર કેશ ધોળા થયા છે, એટલુજ !

જેના માટે ભિક્ષુ મડળમા આટલી તકરાર ઉપસ્થિત થઇ હતી તે તરૂણી ખરેખર અતિ સુદર હતી તેના વસ્ત્રો જોતા તે ઉચ્ચ જાતિની હોઇ ઘણુ કરીને કોઇ ધનાઢ્ય નાગરિકની પરિચારીકા હોય એવુ સહેજ અનુમાન થઇ શકે તેમ હતુ ભિક્ષુમડળનો વાદવિવાદ જોઇ તે દૂર જ ઉભી રહી હતી કેટલીક વારે તે મડળ સ્થિર થયુ ત્યારે તે કોઇને કઇ પુછવાની ઇચ્છાથી આગળ આવી એટલામા આચાર્યે જ તેને અટકાવી પુછ્યુ "તુ મને જ શોધવા આવી છે કે ?"

તે તરૂણી કિચિત હાસ્ય કરીને બોલી "નારે બાપ! ભિક્ષુ જ્ઞાનદ અહીં જ રહે છે કે ?"

તે સ્ત્રીનો આ ઉત્તર સાભળી આચાર્યની આશા ઉડી ગઇ તે તદ્દન હતાશ બની ગયો ! તરૂણીએ પુન તેને પ્રશ્ન કર્યો "ભિક્ષુ જ્ઞાનદ અહીં છે કે ?"

આચાર્ય તરફથી ઉત્તર મળ્યો નહિ ! છેવટે સમીપમા બેઠેલો એક તરૂણ બોલ્યો "હા, છે"

આ ઉત્તરથી તે સ્ત્રીને આનદ થયો હોય તેમ લાગ્યુ તેણે ઉત્કઠાથી પુછ્યુ "મહારાજ, તેમને અહીં સહજ બોલાવશો ?"

"શા માટે ?"

તરૂણી કિચિત અટકી બોલી "તેમનુ કઇક જરૂરી કામ છે"

"શુ કામ છે તે મને કહેશો ?"

"હું તે આપને કહી શકુ તેમ નથી મારા માલીકે બીજા કોઇને તેમાનો એક પણ અક્ષર ન કહેવા આજ્ઞા કરેલી છે"

“ અમારા સઘારામમા* કોઇ પણ તરૂણ ભિક્ષુને કોઇ પણ તરૂણ સ્રીની સાથે એકાતમા ભેટ લેવા છૂટ નથી તે માટે સખ્ત પ્રતિબધ રાખેલો છે ! ”

તે સ્રી સહજ વિચારમા પડીને ક્ષણ વાર બોલી “ પણ, મારે જ્ઞાનાનદને કઇ ગુપ્ત રીતે મળવાનુ નથી ! ”

“ ત્યારે તમે તેને ગુપ્ત રીતે કહેવાનુ છે તે કેવી રીતે કહેશો ? ”

“ મારી પાસે એક પત્ર છે, તે—”

“ મને આપો તે. ”

તરૂણી સહજ પાછી હઠી બોલી “ ક્ષમા કરો, જ્ઞાનાનદ ભિક્ષુ સિવાય પત્ર બીજાના હસ્તમા નહિ મુકવા મારા માલીકે મને ખાસ કહેલુ છે ”

ભિક્ષુ થોડુક હસી બોલ્યો “ પણ સઘારામના આટલા ભિક્ષુઓમા તમે જ્ઞાનાનદ અમુક જ છે એમ કેવી રીતે જાણશો ? ”

“ હુ તેમને સહેલાઇથી ઓળખીશ મારી પાસે કેટલાક સકેત ચિહ્‌ન છે. ”

એટલામા તે બન્નેની પાછળ ઉભેલો એક ભિક્ષુ બોલ્યો “ અરે, જ્ઞાનાનદ ! એઇ જ્ઞાનાનદ ! તુ બહેરો થયો છે કે શુ ? જ્ઞાનાનદ, ઓ જ્ઞાનાનદ ! કેમ કઈ સમાધી બમાધી તો લાગી નથીને ? ”

અન્ય સર્વથી દૂર રહી જે એક તરૂણ ભિક્ષુ તદ્દન એકાગ્રચિત્તે કઇક ચિતન કરી રહ્યો હતો તેણે હવે કઇક મસ્તક ઉચુ કરી નેત્ર ઉઘાડી જોયુ બીજા ભિક્ષુએ તેને કહ્યુ “ આ તરૂણ યુવતી તને મળવા આવી છે તને બહેરો હોય એમ લાગે છે ! એના સબધી હમણા અહીં કેવો મઝાનો ખળભળાટ મચ્યો હતો ! ”

જ્ઞાનાનન્દે તે ભિક્ષુને કઈજ ઉત્તર આપ્યો નહિ તે યુવતીને જોતા જ તે ઉતાવળો ઉતાવળો તેની પાસે ગયો અને ઉત્સુકતાથી

---

* સઘારામ—બૌદ્ધ મઠ

બોલ્યો "તરલા, તુ અહીં ક્યારે આવી ? શા સમાચાર છે ? કહે, કહે !"

તે તરુણી કેટલીકવાર સુધી જીનાનન્દ તરફ એકી ટશે જોઈ રહી, પછી પ્રણામ કરી બોલી "મહારાજ, આ નૂતન વેષમા મે આપને ઓળખ્યા નહિ સમાચાર તો છે, પરંતુ આ બધા ભિક્ષુ બડા વિક્ષિપ્ત જણાય છે આપ જરી એક બાજુએ આવો" એમ કહી ને મદિરની પાછળની વૃક્ષ ઘટામા ગઈ પેલો તરુણ ભિક્ષુ પણ તેની પાછળ પાછળ ગયો

અત્યાર સુધી વૃદ્ધ દેશાનદ સ્તબ્ધ બેસી રહ્યો હતો જીનાનદ અને તરલા વૃક્ષઘટામા દેખાતા બધ થયા કે, તરત જ તે કુદકો મારી ઉઠયો અને તેમની પાછળ જવા લાગ્યો તેનુ આ વર્તન જોઇ કેટલાક ભિક્ષુ ખડખડ હસવા લાગ્યા, પરતુ તે તરફ તીવ્ર-દષ્ટિથી જોતો જોતો દેશાનદ બોલ્યો "અરે, ગમે તેવા પણ તમે હજી નાના બચ્ચા છો ! સ્ત્રીચારિત્રનુ મહાત્મ તમારા જેવા છોકરા ક્યાથી જાણે ? કુમાર્ગે જવા ઇચ્છતા ભિક્ષુને ઠેકાણે લાવવાના પ્રયત્ન માટે જ હુ તેની પાછળ પાછળ જાઉંછુ"

દેશાનન્દની આ વિલક્ષણ દલીલ સાભળી સર્વ ભિક્ષુઓ હસી હસીને આડા પડી ગયા ! પણ ડોસાએ તે તરફ લક્ષ આપ્યુ નહિ વાઘની માફક દબાતો દબાતો ઝાડની બાજુમા લપાતો છુપાતો તે આગળ ગયેલા તરુણ સ્ત્રી-પુરુષની પાછળ ગયો

દેશાનદ દેખાતો બધ થયા પછી એક ભિક્ષુ બોલ્યો "એ જીનાનન્દ કોણ છે તે તમો કોઇ જાણો છો ?"

બીજો ભિક્ષુ બોલ્યો "દેખાવ તો કોઇ રાજપુત્રના જેવો છે ભલા ! એમા તો કઇ શકા નથી કે, તે કોઇ પણ મહાન શ્રીમતનો પુત્ર છે !'

પહેલો ભિક્ષુ બોલ્યો "એમા તો કઇ સંદેહ નથી કે, એ ભિક્ષુ સબધી કઇ પણ ગૂઢ રહસ્ય છે પરતુ એ રહસ્યનો કઈ નિર્ણય થઇ શકતો નથી

"કેમ ! શેનુ રહસ્ય છે ?"

"એટલે ? તને કઇ ખબર નથી એમ લાગે છે ! *સઘસ્થવીરે તને એ સબધમા કઇ કહ્યુ નથી ?"

"ના ભાઇ, ના, કઇપણ બોલ્યા નથી તે તો !"

પહેલા ભિક્ષુએ કહ્યુ "મને લાગે છે કે તે દિવસે તુ બીજે કોઇ ઠેકાણે ગયો હતો જે દિવસ જીનાનન્દ આપણા સઘારામમા આવ્યો તે દિવસે સઘસ્થવીરે અમને બધાને એક બાજુએ બોલાવી કહ્યુ 'જીનાનન્દને કદી પણ નજર બહાર જવા દેશો નહિ,' રાત્ર પણ તેની ઓરડીની બહાર બે ભિક્ષુ સૂઈ રહે છે સઘારામમા મે પુષ્કળ નવા ભિક્ષુ આવેલા જોયા છે, પરતુ સઘસ્થવીરે આવી વિલક્ષણ આજ્ઞા કદી પણ કરી નથી !"

બીજો ભિક્ષુ બોલ્યો "મને લાગે છે કે, આપણા સઘને એ એક મોટો શિકાર મળ્યો છે ! હમણા સઘને ઘણા ખરાબ દિવસ પ્રાપ્ત થયા છે તેથી શિકાર અમૂલ્ય હોવો જોઇએ એમા કઇ શક જેવુ નથી "

"તે તો અમેએ જાણીએ છીએ ! પરતુ એથી જીનાનન્દના રહસ્યનો નિર્ણય શો આવ્યો ? આટલા વખતમા તેનાપર બે ત્રણ પત્રો આવી ગયા છે !"

પુષ્પ રચિત શ્યામ શય્યાપર પડેલો એક ભિક્ષુ એકાએક બેઠો થઇ ગયો, અને બોલ્યો "અરે, અરે–સાવધ–સાવધ ! વજાચાર્ય× આવતા જણાય છે !"

તેની આ સૂચના સાભળતા જ સર્વ ઉભા થઈ ગયા કેટલીકવારે ખભાપર એક વૃક્ષની ડાળ મુકી, ફાટ્યાતૂટયા વસ્ત્રોથી વેષ્ટિત

---

*સઘસ્થવીર—મઠનો મુખ્ય ભિક્ષુ (Abbot) અથવા એક વિશિષ્ટ સપ્રદાયનો નાયક (Grand prior)

×વજાચાર્ય—સિદ્ધ ભિક્ષુ એના હસ્તમા હમેશ વજ રહે છે

થયેલો એક વૃદ્ધ ભિક્ષુ મન્દિર આગળ આવ્યો તેને જોતાજ સર્વ ભિક્ષુએ જમીન સુધી નીચાવળી પ્રણામ કર્યા. આ વૃદ્ધને આપણે એક વખત ભાગીરથીના તીરપર જોયો છે તે યુવરાજ શશાંકને ભયંકર ભવિષ્યનુ શ્રવણ કરાવનારો વિલક્ષણ બુઢ્ઢો જ હતો!

વજ્રાચાર્યે પુછ્યુ "દેશાનંદ ક્યા છે?"

કેટલાક ભિક્ષુએ કહ્યુ "વનમા ગયા છે"

"સંઘસ્થવીર ક્યા છે?"

"મંદિરમા જ છે"

ત્વરિત ગતીથી વૃદ્ધ ત્યાથી ચાલ્યો ગયો

* * * * *

ઉપર કહેલા વનમા પત્થરના જીર્ણ સ્તંભની પાછળ તરલા અને જીનાનન્દ અતિ મૃદુસ્વરે વાત કરતા હતા

"આવી સ્થિતિમા આપ કેટલા દિવસ નિર્ગમન કરશો?"

"તરલા, હુ શુ કરૂ કહે મારો ઉપાય નથી. હા, આ લોકોએ મને પ્રત્યક્ષ બાધી રાખ્યો નથી એ ખરૂ છે, પરંતુ એ કરતા જો તેમણે મને પ્રત્યક્ષ બાધી રાખ્યો હોત તો ઘણુ સારૂ થાત હમેશ–આઠે પહોર–મારી સાથે કોઇને કોઇ હોય છે જ–મને એ લોકો નજર બહાર થવા દેતા જ નથી! નાશી જવાની સવડ બીલકુલ નથી!"

"ત્યારે શુ આપ પાછા નથી આવતા?"

"પાછા આવવાનુ જો મારા હાથમા હોત તો, તરલા, એક પળ પણ હુ અહીં રહ્યો હોત કે?"

"હુ એ સમજતી નથી કે, આપને જુલમથી ભિક્ષુ બનાવી એ લોકોને શો લાભ મેળવવા ધાર્યો છે? આપ આપના પિતાના એકના એક પુત્ર છો હુ પુછુ છુ કે, આપના પિતાને પણ આપનો હમેશાને માટે ત્યાગ કરતા કેમ કંપ છૂટયો નહિ!"

"તરલા, કયા લાભની આશાથી મને ભિક્ષુ બનાવવામા આવ્યો છે તે તે સાભળ્યુ નથી કે 'પિતાના મૃત્યુ પછી તેમની અગણિત સપત્તિનો માલીક હુ જ થાઉં જો હુ મારા હમેશના-ખરા જીવન-ક્રમમા હોત તો મારી—મારી શેની હવે ?—યુથિકા સાથે લગ્ન કરી હુ સસારી થયો હોત પરતુ જે દિવસે મે આ સઘમા પ્રવેશ કર્યો, હુ ભિક્ષુ થયો, તે દિવસથી મારો તે અધિકાર નષ્ટ થયો છે ! એમ જ કહેવુ જોઇએ કે, તે દિવસે જગતમાથી હુ મૃત્યુ પામ્યો છુ માત્ર નામનો જ પિતાના મૃત્યુ પછી હુ તે અઢળક સપત્તિનો સ્વામી થઇશ, પરતુ ખરૂ કહુ તો તે સર્વ સપત્તિ આ બૌદ્ધ સન્યાસીઓને મળશે ! તરલા એ હેતુથી જ મને અહીં લાવવામા આવ્યો છે, અને એજ કારણથી મને નિમીષ માત્ર દૃષ્ટિ બહાર જવા દેવામા આવતો નથી !"

"પરતુ મહારાજ, આપ તો તે જ વસુમિત્ર—"

જીનાનન્દે એક નિશ્વાસ નાખી કહ્યુ "હવે તે નામ પણ મુખમાથી કાઢીશ નહિ, તરલા ! શ્રેષ્ઠી વસુમિત્ર ક્યારનો મરણ પામ્યો છે ! મારૂં નામ તો જીનાનન્દ છે !"

"નહિ મહારાજ ! નહિ ! આપ મૃત્યુ પામ્યા નથી હજી પણ આપ જીવો છો ! જો આ તરલા જીવતી રહેશે તો શ્રેષ્ઠી વસુમિત્ર પણ હજી સજીવન થશે, પુન સત્ય સસારમા તે વિચરશે, યુથિકા સાથે લગ્ન કરી—"

જીનાનન્દે નિશ્વાસ નાખી વચ્ચે જ કહ્યુ "એ આશા કેવળ મિથ્યા છે, તરલા ! દુરાશા પણ નથી, દુસ્વપ્ન પણ નથી—એવુ સ્વપ્ન હવે મારે જોવુ તે પણ પાપ છે !"

"મહારાજ, ધનના પીશાચ એવા આપના પિતાના નામનો જગતમા કોઇ ઉચ્ચાર પણ કરતું નથી ! કેટલાએ ગૃહસ્થોને આપના પિતાએ ભીખારી બનાવ્યા છે ! પહેલા જ્યારે હુ આપના પિતાની નિષ્ઠુરતાની વાત કરતી હતી, ત્યારે મને લાગતુ કે ચારૂમિત્ર કઇ

માણુસ નથી—પશુ છે ! પરંતુ હવે તો હું સમજી શકી છુ કે, ચાડમિત્ર પશુ પણ નથી—કેવળ પાષાણ છે ! પશુના હૃદયમા પણ પોતાના બચ્ચાપર પ્રેમ હોય છે ! ”

“ છટ્ છટ્ તરલા તુ ભૂલે છે ! પિતાની પાસે હૃદયનુ નામ જ નથી એમ નથી ! તેમનો ધનલોભ અતિ વિચિત્ર છે તે ખરૂ છે પરતુ તેથી તેમના મનની કોમલતા નષ્ટ ભ્રષ્ટ થઇ ગઈ નથી તરલા તેમણે બૌદ્ધધર્મની ઉન્નતિ થાય તે માટે પોતાના એકના એક પુત્રનો ભોગ આપ્યો છે ! તેમની ખાત્રી છે કે, મારી સપત્તિથી બૌદ્ધસઘની પ્રગતી થશે રાજા ખૃહની રીતે બૌદ્ધસઘનો શત્રુ નથી એ સત્ય છે, પણ તે બૌદ્ધાનુયાયી નથી એ પણ ખોટુ નથી તેમના મૃત્યુ પછી વારસાઇ માટે હુ કદાચિત બૌદ્ધસઘ સાથે ટટો કરીશ એ શકાથી તેમણે મને જીવિતાવસ્થામાજ માર્યો છે ! પોતાનુ સર્વસ્વ, અરે, પોતાના એકના એક પુત્રને પણ ધર્મની ઉન્નતિની ઇચ્છાથી ભોગ આપી તેમણે અક્ષય પુણ્ય સપાદન કર્યું છે ! ”

“ મહારાજ, હવે આપ બોલશો નહિ આપના પિતા, એ દૃષ્ટિથી મે આપને કઈ કહ્યુ નથી ! ” તરલા સહજ ગુસ્સાથી બોલી

એટલામા નજીકમા સૂકા પત્રોપર માણસના પગલાનો ખખડાટ સભળાયો. જીનાનન્દ બ્હીતો બ્હીતો બોલ્યો “ બસ કર, કોઇ આ તરફ આવતુ હોય એમ જણાય છે ! ”

“ તેમા ડરવા જેવુ શુ છે ? હુ જોઉ છુ—”

એમ કહી એક મોટા ઝાડના થડની બાજુમા રહી તરલા ચોતરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોવા લાગી કેટલીક વારે પાછી આવી તે બોલી “ ડરવાનુ કઇ કારણ નથી મને લાગે છે કે મૂઓ, પેલો બુઢ્ઢો મારી પાછળ આવ્યો છે ! હુ પણ હવે જાઉ છું મહારાજ, લક્ષમા રાખજે કે આપ મૃત્યુ પામ્યા નથી પણ જીવત છો જ્યારે હુ આપને અહીથી લઈ જાઉ ત્યારે જ મારૂ નામ તરલા ! ”

તરલા તરત જ જંગલમા દૃષ્ટિ બહાર થઇ ગઇ ! જ્ઞાનાનન્દે એક દીર્ઘ નિશ્વાસ નાખી પાછા ફરી જોયુ તો આચાર્ય દેશાનન્દ તરલા પાછળ દોડતો જણાયો !

પ્રકરણ ૧૧ મું.

બૌદ્ધ મઠ.

મંદિરમા આછો અંધકાર હતો માત્ર એક ઘીનો દીવો સહજ બળ્યા કરતો હતો તે દીપકના પ્રકાશથી મંદિરમા રહેલી મૂર્તિની આકૃતિ જેવી તેવી જણાતી હતી ! મૂર્તિ આગળ પુષ્પ, ચંદન, નૈવેદ્ય વગેરે પુજન સાહિત્ય તૈયાર કરી રાખેલુ હતુ આમતેમ જોનારને મંદિર નિર્જન હોવુ જોઇએ એમ લાગે તેમ હતુ, પરતુ મંદિરના એક ખુણામા એક ઉંચો પુરુષ બેસી રહ્યો હતો તે તદ્દન નિશ્ચલ અને નિસ્તબ્ધ હતો તે પરથી લાગતુ હતુ કે તે ધ્યાનમા હશે

એટલામા દરવાજામા ઉભા રહી કોઇએ કહ્યુ “ કેમ, સ્થવીર મંદિરમા છે કે ? ”

ઉત્તર મળ્યો “ કોણ ? ”

“ શત્રુસેન ”

“ આવ, અંદર આવ ”

વૃક્ષની શાખા ખભા ઉપર ધારણ કરનારો આપણો પરીચિત વૃદ્ધ વજાચાર્ય મંદિરમા આવ્યો તેને જોઇ પેલા ઉંચા પુરુષે કહ્યુ “ વજાચાર્ય, આ વૃક્ષની ડાળી તુ ક્યાંથી ભાગી લાવ્યો ? ”

વજાચાર્યે કિંચિત હસી કહ્યુ “ એ એ તો મારો ઘોડો છે ! એની જ સહાયથી યશોધવલના ઝપાટામાથી આજે છૂટ્યો છુ, બાપુ !

નહિતો, વજ્રાચાર્યને પરિનિર્વાણનો* લાભ થયાના સમાચાર તને અત્યાર પહેલા ક્યારનાએ મળી ગયા હોત !"

"ત્યારે શુ કામ થયુ નહિ ?"

"કામ થયુ કે નહિ, તે હુ જાણતો નથી ! શશાંક હજી જીવે છે !"

'ત્યારે પછી તુ શા માટે ગયો હતો ?"

"બંધુગુપ્ત, હુ શુ કરવા ગયો હતો તે તુ સારી રીતે જાણે છે તદપિ એ પ્રશ્ન શામાટે કરે છે, ભલા ! મારાજ મુખથી સાંભળવુ હોય તો સાંભળ ! હુ શશાંકનો ઉચ્છેદ કરવા ગયો હતો—"

"ત્યારે છેવટે થયુ શુ ?"

"થવાનુ શુ હતુ ? હુ તેનો વધ કરી શક્યો નથી !"

બંધુગુપ્તે ખિન્ન થઇ પુછ્યુ 'મને લાગે છે કે, સારી તક જ તને મળી નહિ હોય !"

"તક તો સરસ મળી હતી ! શશાંક, માધવગુપ્ત અને ચિત્રા ભાગીરથી તટે તદ્દન પ્રવાહની પાસે જ રમતા હતા તેમની સાથે એક પણ અંગરક્ષક ન હતો !"

'ત્યારે ?"

"ત્યારે શુ ? તેનો વધ હુ કરી શક્યો નહિ ! બંધુગુપ્ત ! શુ કહુ ? તેનુ હૃદય ભેદવા મારો હાથ જ ઉચો થયો નહિ ! તે જે વજ્ર મને આપ્યુ હતુ તે હજી પણ મારા વસ્ત્રમા છુપાવી રાખ્યુ છે પરતુ હુ તે બહાર જ કાઢી શક્યો નહિ ! સ્થવીર નરહત્યા કરી કરીને તુ પાષાણ જેવા બની ગયો છુ ! તારા હૃદયની એકે એક કોમલ વૃત્તિ લુપ્ત થઇ ગઇ છે તેથી શશાંક પાસે જઇ પહોચ્યો તદપિ હુ ખાલી હાથે પાછો કેમ ફર્યો, તે તુ કદી

---

* પરિનિર્વાણ—બૌદ્ધ મત પ્રમાણે મુક્તિ અથવા મોક્ષ

પણ સમજી શકીશ નહિ ! તારા ઉપદેશ પ્રમાણે શશાકનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી હુ અહીથી ગયો, પણ જ્યારે દૂરથી ગગાની વાલુકાપર તદ્દન નિસહાય સ્થિતિમા મે તેને જોયો ત્યારે હુ મારી પ્રતિજ્ઞાથી સહજ પણ વીચલિત થયો નહતો પરતુ ત્યાર પછી જ્યારે હુ તેની પાસે ગયો, ત્યારે મને લાગ્યુ કે, જાણે મારા હસ્ત કોઇએ વજ્રમુષ્ટીથી પકડીને દાબી લીધા ન હોય ! તારા ઉપદેશ પ્રમાણે તેના જીવનનું ભયકર ભવિષ્ય મે તેને સભળાવ્યુ ખરૂ, પરતુ કોઇ પણ રીતે હુ તેનો પ્રાણ લઇ શકયો નહિ સ્થવીર ! ભાગ્યચક્ર સર્વને માટે છે વિધિએ કપાળમા જે લેખ લખ્યા હશે તેનુ કદી પણ ખડન થવુ સભવિત નથી તારા જેવા સેકડો સઘ-સ્થવીર, મારા જેવા હજારો વજ્રાચાર્ય એકત્ર થશે, તોપણ તેઓ ચક્રની ગતી લેશ માત્ર પણ ફેરવી શકશે નહિ ! સ્થવીર, ગગાના વાલુકામય પ્રદેશમા નિર્દોષ રમત રમતા તે બાલકનુ તેજ પુજ દૈવી મુખકમલ જોઇ મારી ખાત્રી થઇ છે કે, શત્રુસેન કે બધુગુપ્ત તેનો વાળ પણ વાકો કરી શકશે નહિ !"

વજ્રાચાર્યના આ ભાષણથી બધુગુપ્તની શાતિ ક્યારનીએ નષ્ટ થઇ ચુકી હતી ! તે સતાપની પરાકાષ્ટાએ જઇ બોલ્યો "બાયલા, તુ કાયર છુ ! તુ ખરે શુદ્ધ નપૂસક છે ! તે લુચ્ચાનો સુદર ચહેરો અને મનોહર કાતિ જોઇ તુ મોહમા પડ્યો ! *મારની આસુરી માયાએ તને ફસાવ્યો હતો ! આ જ કારણથી તુ શશાક જેવા કોમલ બાલકનો વધ કરવાનુ સહેલુ કાર્ય પણ કરી શકયો નથી ! વજ્રાચાર્ય, તુ કોણ ? મગધ સઘનો નાયક ! ઉત્તરપક્ષનો આર્ય સઘ× પણ તારી આગળીપર નાચે છે ! છતા તુ ભાગ્યચક્રની કલ્પનાના અધકારમા છુપાઇ રહેવા ઇચ્છે છે ? શત્રુસેન, નાના અજ્ઞાન

---

* માર-કામદેવ, બૌદ્ધ ધર્મનો સેતાન !

× આર્યસઘ-બૌદ્ધ ભિક્ષુ સપ્રદાય.

બાલકો અને અશક્ત સ્ત્રીઓ સિવાય આ કાળમા ભાગ્યચક્રપર વિશ્વાસ રાખી સ્વસ્થ રહે એવો કયો માણસ છે ? ધિક્કાર છે તને ! તારાથી શશાકનો વધ પણ થયો નહિ ! આયસઘની ઉન્નતિ માટે એક સાધારણ બાલકની હત્યા પણ તારા હસ્તે થઇ નહિ ! વજ્રાચાર્ય ! તારી કીર્તિપરનુ આ ઘોર કલક કદીપણ નષ્ટ થશે નહિ ! યુગપર યુગ વહી જશે, પરતુ તારી આ કલકકહાણી બૌદ્ધ જનોમા ચિરકાલ ઘોષ કરી રહેશે ! તે જ વખતે તે કેમ આપઘાત કર્યો નહિ ? કયુ મુખ બતલાવવા તુ અહીં આવ્યો છુ ?"

"સ્થવીર ! તુ પણ વૃદ્ધ થયો છુ તુ કઇ બાલક નથી ! સઘની સેવામા તારા કાળાના ધોળા થઇ ગયા છે બીજા કયા નવીન ઉપાયથી હુ તને સમજાવુ ? જરા બરોબર નેત્ર ઉઘાડી જો, એટલે સર્વ જીવ ભાગ્યચક્રથી બધાયલા છે એમ તને સહજ જણાશે ! નાના અજ્ઞાન બાલકો અને વૃદ્ધપણાને પ્રાપ્ત થયેલી સ્ત્રીઓ સિવાય આ યુગમા જ્યારે કોઈ ભાગ્યચક્રને માનતુ નથી, ત્યારે અત્યાર સુધી ગણિત શેનુ ગણ્યા કરતો હતો ? હજી પણ શશાકની જન્મપત્રિકા લઈ તુ કેમ બેસી રહ્યો છુ ? બધુગુપ્ત, તે અને મે એકજ દિવસે પ્રવ્રજ્યા* લીધી છે, ઉભયે એકત્ર રહીને જ સઘની સેવા કરવા માડી છે, સુખમા, દુખમા, સપત્તિમા, વિપત્તીમા તારી સાથેને સાથે રહેલો તે મને આજસુધી જોયો છે, પણ તે તુ આજે ભૂલી ગયો છે કે શુ ? આજ સુધી તે કદીપણ જાણ્યુ છે કે, હુ બાલકની ભીતિથી અને કરુણસ્વરથી થયેલી વિનવણીથી કે સ્ત્રીના અશ્રુજલથી ચળ્યો છુ ? બધુગુપ્ત, તુ મને નિરર્થક ફીટકાર આપે છે ! હું નિશ્ચયપૂર્વક જાણુ છુ કે, શશાક મારા હસ્તે મૃત્યુ પામે તેમ નથી સ્થવીર, શશાક હવે કઇ બાલક નથી, તેણે તારુણ્યની હદમા પગ મુક્યો છે તેના મુખપર રાજ્યોચિત ગભીરતા પ્રકટે છે અને તે

---

*પ્રવ્રજ્યા—બૌદ્ધ ભિક્ષુની દિક્ષા

ઓળખતો પણ નથી ! તે મગધનો સમ્રાટ બનવાને સર્વ રીતે યોગ્ય છે સ્થવીર, તુ વ્યર્થ પ્રયત્ન કરે છે અગ, બગ કલિગ, ગૌડ અને મગધ દેશમા એવો કોઈ પણ માણસ નથી કે, જે શશાકની અપ્રતિહત ગતીને અવરોધી શકે ! ”

આટલુ કહી વૃદ્ધ વજ્રાચાર્ય નીચે બેઠો સ્થવીર તો તદ્દન નિસ્તબ્ધ બેસી જ રહ્યો હતો ઘણીવાર પછી તે બોલ્યો “ત્યારે ગણિત ખોટુ જ છે એમ તુ કહે છે ? ”

“ ગણિત ખોટું થવુ કદી પણ સભવિત નથી ! કદાચિત તારી ગણનામા કઈક ભૂલ થઈ હશે ! ”

સ્થવીર ચિતાગ્રસ્ત થઈ બોલ્યો “ ઊભો રહે, વજ્રાચાર્ય ! હુ પુન એકવાર ગણિત જોઈ લઉ છુ ”

એમ કહી સઘસ્થવીરે ધીમે ધીમે બળતો દીપક સહજ મોટો કર્યો, અને તાડપત્ર, લેખિની અને શાહી લઈ તેણે ઝપાટાબધ આકડા માડયા

આવી સ્થિતિમા લગભગ અર્ધોએક ઘટિકા ગઈ હશે, તેટલામા મદિરના દ્વારપર આવી કોઈએ સાકળ વગાડી ધ્વની કર્યો

વજ્રાચાર્યે પુછ્યુ “કોણ છે ?”

બહારની વ્યક્તિ બોલી “હુ બુદ્ધમિત્ર છુ ”

“કેમ, શુ છે ?”

“ કપોતિક* સઘારામથી કઈક મહત્વના સમાચાર લઇને એક દૂત આવ્યો છે તેને અદર લઇ આવુ કે ? ”

“ના, તેને થોડો વખત ઊભો રહેવા કહે ”

કેટલીક વારે બધુગુપ્તે માથુ ઊચુ કર્યું અને કહ્યુ “ મારી ગણત્રી બીલકુલ ખોટી ન હતી આજે બે પ્રહર સુધી શશાકનો

---

* કપોતિક સઘારામ—પાટલીપુત્ર નગરમાનો એક જુનો મઠ એની સ્થાપના સમ્રાટ અશોકે કરી હતી

મૃત્યુયોગ હતો પરતુ નક્ષત્ર પ્રતિકૂલ હોવા છતા સ્વત સૂર્ય તેને મદદગાર હતો ”

વજ્રાચાર્યે કહ્યુ “ ખરી વાત છે હુ તે ભૂલી જ ગયો હતો અમારો વાર્તાલાપ શરૂ થતા પહેલા એક નવીન વિઘ્ન એકાએક ઉપસ્થિત થયુ હતુ ”

“ કયુ ? ” બધુગુપ્તે ઉત્કઠાપૂર્વક પુછ્યુ

“ તે વિઘ્ન રૂપ પ્રત્યક્ષ યશોધવલદેવ હતા ! ’

બધુગુપ્તે ગભરાઇને કહ્યુ “ શુ કહે છે ? ”

વજ્રાચાર્યે કહ્યુ ‘ યુવરાજ ભટ્ટારકપાદીય મહાનાયક યશોધવલદેવ ત્યા આવ્યો હતો ! બન્ધુગુપ્ત ! તે તેના પુત્રને પરલોકમા પાઠવી દીધો છે, અને એટલામા જ રોહિતાશ્વદુર્ગાધિપતિને ભૂલી ગયો કે ? ”

બન્ધુગુપ્ત નીચે બેસી ગયો હતો, પણ વજ્રાચાર્યના મુખના શબ્દ સાભળતા તે ઉભો થઇ ગયો ! કપિત સ્વરે તેણે પુછ્યુ “ શત્રુસેન ! મશ્કરી કરીશ નહિ સાચુ કહે, યશોધવલ શુ ખરેખર નગરમા આવ્યો છે ? એ જો ખરૂ હશે તો અનર્થની અવધી રહેશે નહિ ! કેવળ મારાપર જ સકટ છે એમ નથી, પણ સર્વ સઘપર પ્રચડ સકટ આવ્યુ છે એમ જ સમજ ! વજ્રાચાર્ય, ખરૂ કહે, શુ તે ખરેખર યશોધવલ જ હતો ? ”

વજ્રાચાર્યે કહ્યુ “ શુ તને એમ લાગે છે કે હુ દસ વર્ષ જેટલા સમયમા યશોધવલને ભૂલી ગયો છુ ? શાત થા, શાત થા કપોતિક સઘારામથી શા સમાચાર આવ્યા છે તે આપણે સાભળી લઇએ બુદ્ધમિત્ર, દૂતને અદર લઇ આવ ”

થોડી વારમા એક વૃદ્ધ ભિક્ષુને લઇ એક તરૂણ ભિક્ષુ મદિરમા આવ્યો તે બન્નેએ યથોચિત નમન કર્યા પછી વજ્રાચાર્યે પુછ્યુ “ શી બાતમી છે ? ”

વૃદ્ધ ભિક્ષુએ કહ્યુ “ મહાસ્થવીરને એવી ચોક્કસ ખબર મળી કે, રોહિતાશ્વદુર્ગનો અધિપતિ મહાનાયક યશોધવલદેવ વીસ વર્ષે

પુન નગરમા આવ્યો છે અને તેથી તેમણે વિનતીપૂર્વક મત્રણા માટે સમેલન ભરવાની અનુમતિ ઇચ્છી છે ”

વજ્રાચાર્યે કહ્યું “યશોધવલના નગરમા થયેલા આગમનના સમાચાર અમને મળ્યા છે કાલે સવારે જુના દુર્ગના શીખરપર સમેલન થશે પણ દુર્ગના શીખરપર સૂર્યકીરણ પડે તે પહેલા કામ આટોપી લેવુ જોઇશે !”

વજ્રાચાર્યની આજ્ઞા સાભળી તે બન્ને ભિક્ષુ પ્રણામ કરી ચાલ્યા ગયા

બન્ધુગુપ્તે નિરાશયુક્ત સ્વરે કહ્યુ “ત્યારે, ખરેખર યશોધવલ નગરમા આવી પહોચ્યો છે ! શત્રુસેન ! હવે કોઇનુ ધૈર્ય ટકી શકે તેમ નથી ! અત્યાર સુધી સુપ્ત રહેલો સિંહ નિદ્રામાથી આળસ મરડી ઉભો થયો છે ! તેના પુત્રને મેજ માર્યો છે, તે વાત તેના કર્ણે પહોચી હશે જ યશોધવલ ફક્ત મારો જ નાશ કરીને અટકશે નહિ,—સર્વ બૌધ સઘના મુળ તે ઉખેડી નાખશે અને તેના રાઇરાઇ જેટલા કટકા કર્યા સિવાય રહેશે નહિ !”

ક્ષણવાર સ્તબ્ધ રહી વજ્રાચાર્યે કહ્યુ “હા, અનર્થ તો પાસે જ આવી ઉભો છે !”

વજ્રાચાર્ય તરફ તીવ્ર દૃષ્ટિથી જોઇ બન્ધુગુપ્તે કહ્યુ “તુ મારૂ બોલવુ સમજ્યો નથી એમ જણાય છે ઉભો રહે, ગણિત જોવા દે !”

બીજો દીપક પ્રગટાવી બન્ધુગુપ્ત તાડપત્રપર આકડા મુકવા લાગ્યો કેટલીક ક્ષણ પછી એકાએક તેનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો ! તાડપત્ર અને લેખિની દૂર ફેકી દઇ તે ઉઠી ઉભો થયો અને ફાટયા સ્વરે બોલ્યો “સત્ય, તદ્દન ખરૂ છે, વજ્રાચાર્ય, તે મારો કાળ છે ! ગણિત કદી પણ ખોટુ પડશે નહિ ! શત્રુસેન, મારૂ રક્ષણ કર, રક્ષણ કર ! યશોધવલનુ વેર અતિ ભયકર છે !”

વજ્રાચાર્યે હસીને કહ્યુ “સ્થવીર ! નકામો શા માટે ગભરાય છે ? યશોધવલ હમણા જ કઇ તને મારવા આવ્યો નથી ભાગ્ય ચક્રના અસ્તિત્વપર તુ પોતે જ શકા કરે છે ?”

બન્ધુગુપ્ત ગળગળિત થઇ કહેવા લાગ્યો " મિત્ર ! બન્ધુ ! શત્રુસેન ! ક્ષમા કર સત્ય સમજ્યા વગર મે તને કડુ શબ્દ કહ્યા છે, યશોધવલથી હૂ અતિશય ડરૂ છુ તેના નિઃશસ્ત્ર અને હાથ પગમા શૃંખલાયુક્ત એવા પુત્રને મેં કુત્તાની માફક રેસી કાઢ્યો છે, એ વાત તેના જાણવામા અવશ્ય આવી હશે. યશોધવલ મને કદી પણ ક્ષમા કરશે નહિ. "

વજ્રાચાર્યે હસીને કહ્યુ "બન્ધુગુપ્ત, હજુ પણ તું મરણથી આટલો બધો ડરે છે ?"

" વજ્રાચાર્ય, તુ ગાંડો છે ! હું તને કેવી રીતે સમજાવુ ? હજી હુ મરણ માટે તૈયાર નથી. હજી મારે કેટલાક કાર્યો કરવાના છે "

"બન્ધુગુપ્ત, શાન્ત થા, શાન્ત થા ! ભયથી વ્યાકુળ બની ડહાપણ ગુમાવીશ તેથી તું મૃત્યુને અટકાવી શકીશ કે ? સંઘસ્થવીર, તુ આર્યસંઘનો નેતા ખરો કે નહિ ? આવી રીતે ભયથી અકળાવુ, તારા માટે શોભાસ્પદ નથી "

આટલા આશ્વાસનથી સ્થવીરનો ભય દૂર કેવી રીતે થાય ! તે કંપતો કંપતો બોલ્યો " વજ્રાચાર્ય, મારૂ રક્ષણ કર, રક્ષણ કર ! મને કોઇપણ સ્થાને છુપાવી રાખ મને લાગે છે કે, આ મંદિરના પ્રત્યેક સ્તંભની બાજુમા પુત્રહત્યાનુ વેર–હાય, ભયંકર વેર લેવા અંધકારમા તલવાર ખેંચી એક એક યશોધવલ ઉભો છે !"

વજ્રાચાર્યે સ્મિત કરી કહ્યુ " ચાલ, તને ગુપ્તભુવનમા છુપાવી દઉં છુ "

બન્ધુગુપ્તે થરથર કંપતા કહ્યું " ચાલ–ચાલ–ઝટ કર ! "

વજ્રાચાર્યે બન્ધુગુપ્તનું આસન ઉંચુ કર્યું તે ઉચકતા જ તેની નીચે એક ગુપ્તદ્વાર જણાવા લાગ્યું વજ્રાચાર્યે તે તરત ઉઘાડ્યુ, અને હસ્તમા દીવો લઇ દાદરાવાટે તે નીચે ગયો. બન્ધુગુપ્ત ભયથી પાછળ જોતો જોતો તેની પાછળ ગયો મંદિરમા જ્યા ત્યા અંધકાર પ્રસરી રહ્યો !

* * *

પ્રકરણ-૧૨ મું.

આચાર્યનો ઉન્માદ.

સંધ્યા સમય થયો અને અંધકાર જોસભેર પોતાની સત્તા પ્રસરાવતો જતો હતો તેવા સમયે ઉપનગરના રાજમાર્ગપર એક તરૂણ સ્ત્રી નગર તરફ જતી હતી અંધકાર પ્રસરતો જતો હોવાથી તે ઉતાવળા પગલા ભરતી હતી તે વખતે તે રસ્તાપર કંઇ વસ્તી નહતી એમ કહીશુ તો ખોટુ નથી કદી કદી બે ચાર મનુષ્યો રસ્તે જતા હતા, તેમને કેટલેએ દૂર મુકી દઇ તે સ્ત્રી આગળ ચાલી જતી હતી ! ક્રમેક્રમે અંધકાર ઘટ્ટ બન્યો અને સામેનો માર્ગ પણ દેખાતો બંધ થયો ત્યારે પછી નિરૂપાય બની તે યુવતી ધીમે ધીમે ચાલવા લાગી

ચાલતા ચાલતા પાછળ કોઇનો પગરવ સંભળાયો તે સંભળાતા જ તે અટકી ! કેવો ચમત્કાર ! તે પગરવ પણ બંધ થયો ! આમતેમ જોઇ પુન તે તરૂણીએ આગળ ચાલવા માંડયુ કેટલીક વારે તેને એવુ લાગવા માંડયુ કે, કોઇએ પુઠ પકડેલી છે, કેટલાક અંતરપર કોઇ પાછળ પાછળ આવે છે ! આ વિચારથી તે મનની ખાત્રી કરવા એકદમ અટકી–તે અટકી તે સાથે જ પાદધ્વની-પણ લુપ્ત થયો

તે સ્ત્રી કંઇક વિચારમા પડી હોય એમ જણાયુ ક્ષણવાર પછી થોડુ ચાલવા જેવુ કરી આમતેમ જોઇ તે તરત જ એક ઘરની આડે લપાઇ ગઇ કેટલીકવારે તેને જણાયુ કે પગથી માથા સુધી વસ્ત્રથી આચ્છાદાયલી એક માનવમૂર્તિ ધીમે ધીમે તેજ રસ્તે જતી હતી ! અંધકારને લીધે તરૂણી તેનુ મુખ જોઈ શકી નહિ તે મૂર્તિ આગળ નીકળી ગયા પછી યુવતી ઘર પાછળથી બહાર આવી તેની પાછળ પાછળ જવા લાગી

વસ્ત્રથી સર્વાંગ આચ્છાદિત કરી જે વ્યક્તિ તરૂણીની પાછળ પડી હતી તે કેટલેક દૂર ગયા પછી પોતા પ્રત્યેજ બોલી "છટ્, નહિ, આ રસ્તે તે ગયેલી જણાતી નથી હવે કઇ ઉપાય નથી હવે પાછુ ફરવુ પડશે!"

તે વ્યક્તિની આ સ્વગતોક્તિ પેલી સ્ત્રીના સાભળવામા આવી. તરત જ તે બીજા એક ઘરની પાછળ અધકારમા લપાઇ રહી આગળની વ્યક્તિ પાછી ફરી, અને ધીમે ધીમે ચાલી પણ ગઇ તે જ્યારે અધકારમા લય પામી ગઇ, ત્યારે તરૂણી પુન બહાર આવી પોતાના માર્ગે જવા લાગી પરતુ સુમારે અર્ધી ઘડી પછી પ્રથમની માફક જ પાછો પગરવ સભળાયો

હવે તે સ્ત્રીને ભય લાગવા માડયો રસ્તા પાસે નજીકમા જ એક વૃક્ષપક્તી હતી તેમા તે પેસી ગઇ થોડી જ વારમા પુન તે વસ્ત્રોથી આચ્છાદાયલી વ્યક્તિ જણાવા લાગી તે મૂર્તિ પ્રથમની માફકજ આગળ ચાલી ગઇ, અને કેટલીક વારે પુન તે પાછી ફરી પાછા ફરતા જે સ્થળે પેલી સ્ત્રી છુપાઇ રહી હતી ત્યા આગળથી જતા જતા તે વ્યક્તિ અસ્પષ્ટ સ્વરે બોલી "જવા દો હવે! આ વખતે તો તે જરૂર નાશી ગઇ! તરલાએ મારા હાથમા ખરી તાલી આપી!"

તે મૂર્તિ થોડેક આગળ ગયા પછી યુવતી એકદમ બહાર આવી અને રસ્તા વચ્ચ ઉભી રહી અતિ મોટા અવાજે બુમ પાડી બોલી "મહારાજ, અરે આચાર્ય મહારાજ! એ બાજુ કયા જાવ છો? આવો આ તરફ—"

તે વસ્ત્રાવૃત પુરુષ આશ્ચર્યથી સ્તભિત થઇ જ્યાનો ત્યા ઉભો રહ્યો, અને ક્ષણવારે પાછો ફરી જોવા લાગ્યો ત્યારે તે તરૂણીએ મોટેથી હસીને કહ્યુ 'અરે મહારાજ! ભય પામવાનુ કઇ કારણ નથી એતો હુ આપની તરલા છુ!"

તરત જ શરીરપરના વસ્ત્રો દૂર કરી તે પુરૂષ તરલા પાસે આવી

ઉભો રહ્યો, અને તેના ચહેરા તરફ ટીકીટીકીને જોવા લાગ્યો પછી તે ખોખારો કરી હસીને બોલ્યો “ અરે વાહ ! આતો તેજ ! રાકા જ નથી ! ખરેખર તરલા જ છે ! અરે, સુદરી, કૃપા કર–કૃપા કર ! ’

તરલા સ્મિત કરી બોલી “ આચાર્યરાજ, આવી અધારી રાત્રે તમે મારી પુઠે કેમ પડયા છો ? ”

દેશાનદ જરા ગભરાઈને બોલ્યો “ ઉહુ, તેવુ—નેમ કઇ ન–નથી ! અતિશય ટાઢ—ટા—ઠડી પડવા લાગી ત્યારે કઇ સધડી બનડી મળે છે કે કેમ તે જોતો જોતો આ તરફ નીકળી આવ્યો ! ”

તરલાએ વિકટ હાસ્ય કરી કહ્યું “ ઉંહું કહો છો ! આચાર્ય ! આવા ભયકર ઉનાળામા તમને ઠડી કેમ લાગે છે ? વાહજી વાહ ! આચાર્ય ! કઇ વા બા તો નથી આવ્યોને ? ”

દેશાનદ તરફથી કઇ ઉત્તર મળ્યો નહિ ! તરલાએ ફરી પુછ્યુ. “ ઠીક, બીજુ એક પુછુ છું જો તમે મારી પુઠ પકડી ન હતી તો બધુ અંગ ઢાકી દેવાનું શુ કારણ હતુ ? ”

“ અરે, આ રાત્રીનો સમય ! કોઇ ઓળખી જાય ત્યારે ? ”

તરલાએ હાસ્ય કરતા કહ્યુ “ અરે બાપ ! સમજાયુ હવે ! મને લાગે છે કે, પ્રિયાને મળવા સકેતિક સ્થળે જાવ છો, એમ કહોને ? ”

દેશાનદે ગુચવાતા ગુચવાતા કહ્યુ “ છટ, તરલા, એ શુ બોલે છે ‘ અમે કોણ ? સસારશ્રમનો ત્યાગ કરનાર ભિક્ષુ ! અમોને શુ પ્રિયા બ્રિયા હોય ખરી ? અને શુ સકેત કરી અમે તેને મળવા જઇએ ? વાહરે, વાહ ! ”

તરલા હસીને બોલી “ ઠીક, પણ આચાર્ય, આવો આપણે જરા પ્રકાશમા જઇએ ”

“ પ્રકાશની શી જરૂર છે ? આ સ્થળ શુ ખરાબ છે ? ”

“ પણ આવા સ્થળે જો લોકો આપણને એકત્ર જુએ તો જયા ત્યા આપણા નામની બૂમ પડે અને નિદા ચાલે ! ”

દેશાનંદે માથુ હલાવી કહ્યુ “હા, તુ કહે છે તે ખોટુ નથી!”

“ઠીક ત્યારે, હુ જાઉ છુ હમણા! તમે અહીં જ ઉભા રહેજો!”

દેશાનંદ અકળાઈને બોલ્યો “એટલે! આટલી જ વારમા તુ જઈશ?”

“એટલે? હવે હુ નગરમા જઈશ. હુ અહીં શા માટે રહુ? મને જવાને પણ ઘણુ મોડુ થયુ છે”

“નહિ તરલા, નહિ! એટલી વારમા તુ ના જા! થોડીવાર તો અહીં ઉભી રહે મારા પ્રાણની તૃપ્તી થાય ત્યા સુધી એક વખતે હુ તને બરાબર નીરખી લઉ છુ તરલા, કેવળ તારા માટે જ હુ બે ગાઉથી કુત્રાની માફક દોડી આવ્યો છુ”

તરલાએ સ્મિત કરી કહ્યુ “આચાર્ય! હમણા જ આપ કહેતા હતાને કે હું સઘડી શોધવા આવ્યો છુ!”

“હા! એ તને બોલવાનુ મળ્યુ ખરૂ!”

“ત્યારે ખરી વાત શી?”

“મારૂ મગજ જ ઠેકાણે નથી!”

“એમ! કોને લીધે આપની એવી સ્થિતિ થઈ છે તેતો કહો?”

“તારા—”

તરલા સહજ ફડફડાટ કરતી બોલી “અરે બાપ! વૃદ્ધાપકાળે પ્રેમરસ ઠીક ઉભરાયલો જણાય છે!”

દેશાનંદ તરત જ તીવ્ર અવાજે બોલી ઉઠયો “છટ્, છટ, તરલા, એવું ગમે તેવુ બોલીશ નહિ મને લાગતુ હતુ કે, તારી પ્રેમગમની સોળે કળા પૂર્ણ થઈ છે!”

“આટલા બધા ચીડવઠો કેમ, આચાર્ય હુ પુછુ છુ કે, એવુ થયુ છે શુ?”

કઈ નહિ! એક અરસિક જેવુ બોલવા માડીશ—”

“એવુ હુ શુ બોલી?”

"હુ તેનો ઉચ્ચાર પણ નહિ કરૂ !"

"આપને મે વૃદ્ધ કહ્યા એજ કે ?"

"વૃદ્ધ—પુન વૃદ્ધ ! જા, નગર તરફ ચાલતી થા—મારા—નહિ, હવે એ પ્રેમની વાત જ ન જોઈએ ? હું પણ સઘારામમા જાઉં છુ"

"આચાર્ય, એમ નિરર્થક શુ કરવા ખીજવાવ છો ? આપના જેવા મર્મજ્ઞ પ્રેમી વીરે આવી રીતે જેવી તેવી વાતોમા ચીડાવુ તે સારૂં દેખાય કે !"

દેશાનદ સતુષ્ટ સ્વરે બોલ્યો "હા, તરલા, હવે તુ પ્રેમમર્મના ખરી ખૂબી સમજી ! તારુણ્યાવસ્થાનો જે પ્રેમ હોય છે તે ખરો પ્રેમ નથી તે તો માત્ર પ્રેમની છાયા છે ! વય વધ્યા સિવાય માણસને પ્રેમનુ મર્મ બીલકુલ સમજાતુ નથી દાખલા તરીકે—'

તરલાએ તેને અટકાવી કહ્યુ "દૂધને બાળી બાળીને ખીર કરવામા આવે છે તો તે દૂધ કરતા કેવી સરસ લાગે છે ?"

દેશાનદે મસ્તક હલાવી કહ્યુ 'બસ, બસ, બસ ! હવે તુ તદ્દન ખરૂ બોલી છે, તરલા ! અહા ! જાણે કે મારા હૃદયની વાત જ તે બહાર ખેચી કાઢી હોય નહિ ! તરલા, શુ કહુ તને ! નિરર્થક જ હુ તને જોઈને પાગલ બન્યો છુ ! બેહોશ બન્યો—પ્રેમથી તદ્દન ભાન ભૂલ્યો !"

તરલાને હવે સ્પષ્ટ સમજાવા લાગ્યુ કે, આચાર્યની પ્રેમ સમાધી ધીમે ધીમે બલવત્તર થતી જાય છે—તેના પ્રેમના ધસી જતા પ્રવાહને હવે બાધ નાખવાની આવશ્યકતા છે, એમ વિચાર કરી તે બોલી "આચાર્ય ! આપ આ શુ કરો છો ? શું બોલો છો ? હુ એક સાધારણ સ્ત્રી—ક્ષુદ્ર દાસી, આપ મને આમ કેમ કહી શકો ? આપ તો મહાન પૂજ્ય આચાર્યપાદ ભિક્ષુ ! ભગવાન બુદ્ધની સેવા માટે આપે જીવન અર્પ્યું છે આપના મુખે આવી દુર્ગંધીમય વાતો શોભે નહિ !

દેશાનન્દ નેત્ર વીંચી બોલ્યો "તરલા, પ્રેમથી હુ ઘાયલ થયો છુ ! તુ ગમે તે હોઇશ, પણ મે મારૂ જીવન તારા ચરણમા સમર્પ્યુ છે તુ જો તેનો સ્વીકાર નહિ કરે તો આ તુચ્છ પ્રાણ હુ આ જગતમાથી નષ્ટ કરીશ !"

તરલા મનમાને મનમા હસવા લાગી તેને લાગ્યુ, કે આ પ્રાણીમા રોગના સર્વ લક્ષણ ધીમે ધીમે સપષ્ટ થવા લાગ્યા છે તરલા સ્તબ્ધ છે બોલતી નથી, એમ જોઇ ભૂમિપર પડી દેશાનન્દે એકદમ તેના પગ પકડ્યા અને વિકારવશ થઈ કહ્યુ "કહે તરલા ! કહે–મને સ્પર્શ કરી શપથ લઇ કહે—"

તરલાએ કહ્યુ "આચાર્ય, આપ આ શુ કરો છો ? કરો છો શુ ? છોડો–છોડો–મારા પગ છોડો ! આનો ખૂલ્લો રાજમાર્ગ છે" એમ કહી તેણે પોતાના પગ તેના હાથમાથી મુક્ત કરાવી લીધા

દેશાનન્દ વસ્ત્રપરની ધૂળ ઉરાડતો બોલ્યો "ત્યારે લે શપથ લે–"

'શાના શપથ લઉં ?'"

'શપથ લઇને કહે કે, તમને હુ દૂર કરીશ નહિ !"

'આચાર્ય, આપ જે વાત કહો છો તે અતિ મહત્વની છે એકદમ હુ કેવી રીતે ઉત્તર આપુ ? આ તસતમતા તારુણ્ય, અને રમણીય વસતકાલનો તમે વિચાર કરી શકતા નથી આવી સ્થિતિમા હુ કોઇની સાથે પ્રતિજ્ઞાથી કેવી રીતે બધાઉ "

દેશાનન્દને લાગ્યુ કે, સ્ત્રીઓ એવી જ હઠાગ્રહી હોય છે ! હવે જો વધારે ખેચતાણ કરીશ તો બધુ તૂટી જશે ! જરા વખત લઇ એ વિચાર કરશે તેમા શુ બગડી જવાનુ છે ? જઈ જઈને ક્યા જશે ? નાશી તો નથી જવાની ! જીનાનન્દની પાસ તો આવશે જ !

આ બાજુ તરલા પોતાઅત્યેજ વિચાર કરતી હતી "અસહાયના સહાય ભગવાન ! અનાથના બેલી ! વસુમિત્રને તો હુ મગરૂરતાપૂર્વક કહી આવી છુ કે, તમને મુક્ત કરૂ તો જ મારૂ નામ તરલા !

પણ કયા માર્ગે તેમને મુક્ત કરવા તે મને સુઝતુ ન હતુ તે—નિગશ્રિતાના આશ્રયે મને આ તદ્દન યોગ્ય માર્ગ બતલાવ્યો છે આ ડોસલા માકડાની મદદથી હુ વસુમિત્રને છોડાવી શકીશ. એને થોડો વખત ખેલવીશ તો મારો હેતુ જરૂર પુરો થશે એની મદદથી હુ સંઘારામમા સરળતાથી જઇ શકીશ ત્યારપછી એને લાલચ બનાવી કંઈ પણ યુક્તિથી વસુમિત્રને કારાગૃહમાથી ખસેડીશ !"

તરલાને સ્તબ્ધ જોઇ દેશાન દે પુછ્યુ "શેનો વિચાર ચાલે છે તરલા ?"

"આપ શેનો વિચાર કરો છો ?"

"તારા વિષે—"

"મારો પણ તે જ વિચાર ચાલતો હતો "

દેશાન દે તરલાનો હાથ સજ્જડ પકડ્યો અને ઉત્કંઠાપૂર્વક કહ્યુ.

"સાચુ, તરલા, સાચુ કહે છે તુ ? કહે—કહે એક વખત ! મારા કાનને પવિત્ર કર !"

"આચાર્ય ! આ શુ કરો છો ? મારો હાથ છોડો ! કોઇ અહીં આવી પહોચશે તો ?"

દેશાન દે નિરાશ થઇ તરલાનો હાથ છોડ્યો, અને કહ્યુ "ત્યારે તુ મને ક્યારે ઉત્તર આપીશ ?"

"કાલે "

"જરૂર ?"

"જરૂર."

"ચાલ ત્યારે, તને ઘેર પહોચાડી હુ પાછો જઈશ "

"આગળ થાવ ત્યારે !"

દેશાન દે આગળ ચાલવા લાગ્યો થોડી જ વારમા દૂર નગરના દીપકોનો પ્રકાશ જણાવા લાગ્યો નગરમા પહોચ્યા પછી સર્વ ચિંતા દૂર કરી જેવી તે ઘર આગળ આવી કે તરત જ તેને

ડોસાને યુક્તિથી રજા આપવાની જરૂર જણાઇ કારણ કે, તે જો તેના ધણીનુ ઘર જુએ તો કદાચિત હેતુ સિદ્ધ થવો અશકય થઇ પડે !

કેટલેક દૂર જઇ તરલા બોલી “ આચાર્ય, હવે આપ આવશો નહિ—પાછા જાવ મારો પતિ જો આપના જેવા યુવાન પુરૂષ સાથે મને એકલી જુએ તો કેવો અનર્થ થાય તે હુ કહી શકતી નથી ! ”

તરલા પોતાને યુવક જ સમજે છે એ કલ્પનાથી દેશાનન્દના આનન્દની સીમા રહી નહિ ! તેને પોતાના આનન્દમા તલ્લીન જોઈ તરલા અદૃશ્ય થઇ ગઇ ! પુષ્કળ શોધ કરવા છતા પણ દેશાનન્દ તેને જોઈ શકયો નહિ !

પ્રકરણ ૧૩ મુ.

દરબાર

સમય મધ્યાહ્નનો હતો સમ્રાટનો દરબાર ભરાયો હતો, સમ્રાટ મહાસેનગુપ્ત સભાગૃહમા સિહાસનપર બેઠા હતા, નાગરિકો પોતાની હકીકત રાજાને કહેતા હતા. તે વિસ્તીર્ણ સભાગૃહમા ચોતરફ મુખ્ય મુખ્ય અધીકારીઓ અને અમાત્યો પોતપોતાના સ્થાનપર બેઠા હતા નાગરિકોમાના મુખ્ય મુખ્ય ગૃહસ્થો અને જમીનદારો તેમની પાછળ બેઠેલા હોય, સર્વની પાછળ નગરવાસીઓ ઠેકાણે ઠેકાણે એકત્ર થઇ ઉભા હતા

સમ્રાટના મુખપર પ્રસન્નતાનુ દર્શન થતુ ન હતુ મહાસેનગુપ્ત સ્વભાવત ચિંતાશીલ હતા ઠાણેશ્વરના રાજાની મુલાકત થઇ ત્યારથી તો તેમના ચહેરાપર ચિંતાએ પોતાનો પ્રભાવ વિશેષ જ વધાર્યો હતો સિહાસનની જમણી બાજુએ વેદીની નીચે ગુપ્તસામ્રાજ્યના મુખ્ય પ્રધાન રૂષીકેશશર્મા દર્ભાસનપર બેઠા હતા તેમની પાછળ મહાધર્મા-

ધ્યક્ષ* નારાયણશર્મા એક આસનપર બેઠા હતા ને બન્નેની પાછળ મહાદડનાયક+ રવિગુપ્ત, મહાબલાધ્યક્ષ× હરિગુપ્ત, દરિઆઇ સૈન્યના મુખ્ય અધિકારી મહાનાયક રામગુપ્ત વગેરે સામ્રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓ બેઠા હતા એ સર્વ અધિકારી વયોવૃદ્ધ બનેલા હતા રાજની સેવામા તેમના વાળ કાળાના ધોળા બન્યા હતા એ સર્વ સમ્રાટના કુટુબના જ હતા સિહાસનની બીજી બાજુએ રાજના યુવાન કામદારો બેઠા હતા ઉપરની અગાસીપર અભિજાત— સપ્રદાયના સઘળા સુખાસનો ખાલી હતા તેમજ ઉત્સવના પ્રસગ સિવાય એ મડળ રાજસભામા ક્વચિત આવતુ હતુ

સભામડપના ચારે દરવાજામા સેનાનાયકો પહેરાનુ કામ કરતા ઉભા હતા એટલામા યૂવરાજ શશાકના ખભાપર હાથ મુકી ઉચો અને મજબૂત એવો યુદ્ધવેષધારી કોઈ વૃદ્ધ પુરુષને નદી તીર તરફથી સભાગૃહ તરફ આવતા ઉત્તર દરવાજાના પ્રતીહારે જોયો તે વૃદ્ધ પુરૂષે પોતાના જમણા હસ્તથી એક આઠ નવ વર્ષની બાલિકાનો હસ્ત પકડેલો હતો અને તેની પાછળ પાછળ એક તરૂણ પુરૂષ આવતો હતો આ દેખાવ જોઇ પ્રતીહાર આશ્ચર્યચકિત થઇ ગયો હા, ખરેખર ! તે દેખાવ આશ્ચર્ય પમાડે તેવો જ હતો ! કારણ, નગરના સામાન્ય જનોને, નદી તરફના રસ્તે રાજભૂવનમા આવવાની સમ્મતિ ન હતી ! રાજના ઉચ્ચ પદવીદારો અને સમ્રાટના કુટુબીજનો સિવાય કોઇ પણ ગગાદ્વારમાથી અદર આવી શકતુ ન હતુ અને ગગાદ્વારમાથી જેમને આવવાનો અધિકાર હતો તેઓ કદીપણ એકલા કે પગે ચાલી આવતા ન હતા તેઓ ઠાઠમાઠથી હાથી કે ઘોડા અગર તો પાલખીમા બેસી આવતા અને તેમની સાથે અગરક્ષકો

---

*મુખ્ય ન્યાયાધીશ (Chief Justice) +વડો દડ વિધાયક (Chief Magistrate) × વડોસેનાપતિ —ઉચ્ચ અને પ્રાચીન કાલના સરદાર–અમીર ઉમરાવ (Nobles.)

પણ રહેતા હતા પરતુ તેઓ પૈકી કોઈને પણ પ્રેમથી કે વાત્સલ્યભાવથી યુવરાજ શશાકને સ્પર્શ કરતા કોઈએ જોયો ન હતો

મહાનદમા આવતા આવતા તે વૃદ્ધ પુરુષ કાઈ બોલતો હતો અને શશાક તે સર્વ એકાગ્ર ચિત્તે સાભળતો હતો પ્રતીહારરક્ષી અને તેના નાયક અત્યત આશ્ચર્યચકિત થઈ તેમના તરફ જોતા હતા તે તેમના લક્ષમા પણ ન હતુ !

તે વૃદ્ધ વીર કહેતો હતો ' યુવરાજ, કામરૂપથી પાછો આવ્યો ત્યારે હુ આજ રસ્તે રાજભુવનમા આવ્યો હતો હાય ! તે દિવસો તો ક્યારનાએ વહી ગયા છે ! સુસ્થિતવર્માને શૃખલાબધન કરી મે બાધી આણ્યો હતો તે જોઈ પાટલીપુત્રના નાગરિકોએ મહાન ઉત્સાહ અને ગર્વથી જયધ્વની કર્યા હતા તમારા પિતા યુદ્ધમા ઘાયલ થવાથી પાલખીમા બેસી આવ્યા હતા યુવરાજ, તે વખતે તમારો જન્મ પણ નહોતો તે વખત હુ ખરેખર, મહાનાયક હતો તે વખતે હુ મુઠી વર્ણના દાણા માટે રોહિતાશ્વના ગામડાઓમા ભિક્ષા માગતો ન હતો ! ”

બોલતા બોલતા વૃદ્ધનો કઠ રૂધાઈ ગયો શશાકના નીલ વર્ણ નેત્રો પણ પાણીથી ભરાઈ આવ્યા !

ધીમે ધીમે આ મડળ સભામડપના તોરણ આગળ આવી પહોચ્યુ પ્રતીહારરક્ષી સેનાના નાયકે યુવરાજને નમન કરીને અત્યત નમ્રતાથી તેમની સાથેના વૃદ્ધ વિષે હકીકત પુછી

વૃદ્ધે ખિન્ન હાસ્ય કરી કહ્યુ “મારૂ નામ યશોધવલ છે હુ યુવરાજ ભટ્ટારકપાદીય મહાનાયક છુ ”

વૃદ્ધના મુખથી આ શબ્દો સભળાતા જ પ્રતીહારરક્ષી સેનાનાયક

---

* કામરૂપનો રાજા બ્રહ્મપુત્રાના તટપર મહાસેનગુપ્તે તેનો પરાભવ કર્યો હતો. ભાસ્કરવર્માનો પિતા

ભય અને વિસ્મયથી બે ડગ પાછો હઠ્યો ! રસ્તામા જતા જતા ભયકર વિષમય સર્પ દૃષ્ટિએ પડતા જ પ્રવાસીની જેવી વિલક્ષણ સ્થિતિ થાય છે, તેવી જ આ વખતે તેની અવસ્થા થઇ ! તેની આ સ્થિતિ જોઇ યશોધવલદેવે પુન ફીક્કુ હાસ્ય કર્યું

એટલામા પ્રતીહારરક્ષી સેનાના એક વૃદ્ધ સૈનિક આગળ આવી યશોધવલ તરફ બરાબર નજર કરી, પછી તેણે પોતાની તલવાર નગ્ન કરી પોતાના કપાળે લગાડી ઉચ્ચ સ્વરે કહ્યુ "મહાનાયકનો જય ! મહાનાયકનો જય ! માલવા અને કામરૂપ દેશમા હુ મહાનાયકના હાથ નીચે રહી લડ્યો છુ !

તેનો આ જયધ્વની સાભળી ઉત્તર તોરણદ્વાર પાસેના સર્વ સૈનિકોએ પ્રચડ જયઘોષ કર્યો યશોધવલે આગળ આવી તે વૃદ્ધ સૈનિકને દૃઢ આલિગન આપ્યુ ને સાથે જ પુન એક મહાન જયધ્વની થયો ! યૂવરાજ અને યશોધવલે તોરણમાથી સભામડપમા પ્રવેશ કર્યો પ્રતીહારરક્ષી સેનાના નાયકો તો તદ્દન સ્તભિત થઇ જ્યાને ત્યા જડવત બની ગયા

સભામડપના તોરણ આગળ બે દંડધર* ઉભા હતા તેમણે યુવરાજને જોતા જ નમન કરી સાથેના રક્ષવીર વિષે પૃચ્છા કરી

ક્ષણવાર પછી તેમાનો એક જણ સભામડપના મધ્ય ભાગે ઉભો રહી ઉચ્ચસ્વરે બોલ્યો "પરમેશ્વર પરમવૈષ્ણવ યુવરાજ ભટ્ટારક× મહાકુમાર શશાક નરેન્દ્રગુપ્તદેવ ઉત્તર તોરણમા ઉભેલા

---

* પોલીસ ×પરમેશ્વર પરમવૈષ્ણવ વગેરે પદવીઓ રાજા અને યુવરાજને લગાડાય છે યુવરાજ ભટ્ટારક અને મહાકુમાર એ મોટા રાજપુત્ર (Heir Apparent - Crown Prince) ની પદવી હતી રાજા કે સમ્રાટને પરમભટ્ટારક મહારાજાધિરાજ એવી પદવી હતી (Admiral)

હોઇ, તેમની સાથે રોહિતાશ્વના મહાનાયક યૂવરાજ ભટ્ટારકપાદીય યશોધવલદેવ સમ્રાટના દર્શન માટે પધારેલા છે”

સમ્રાટ મહાસેનગુપ્ત સિહાસનપર કિચિત આડા પડી એક નાગરિકની કથા સાભળી રહ્યા હતા સિહાસનની વેદી નીચે એક કારકુન ઉભો રહી સમ્રાટની આજ્ઞા લખી લેતો હતો યશોધવલદેવનુ નામ સભળાતા જ સમ્રાટ ચમકીને બેઠા થયા અને તેમની એ સ્થિતિ જોઇ કારકુન ગભરાઇ ગયો તેના હાથમાથી કલમ, ખડીઓ અને તાડપત્ર નીચે પડયા ! મહાધર્માધ્યક્ષ નારાયણવર્માની ભ્રમરો વાકી થઇ બિચારા કારકુને પડતા પડતા એક આસન પકડી લીધુ તેથી તે જેમ તેમ બચી ગયો !

સમ્રાટે દડધરને મોટેથી પુછ્યુ “ શુ બોલ્યો ? ’

“ પરમેશ્વર પરમ વૈષ્ણવ—’

“ તે મે સાભળ્યુ પણ યુવરાજ સાથે કોણ આવ્યુ છે ? ”

“ રોહિતાશ્વના મહાનાયક યૂવરાજ ભટ્ટારકપાદીય યશોધવલદેવ–”

“ કોણ યશોધવલદેવ ? ”

દડધરે માથુ હલાવી હકાર સૂચવ્યો મહામત્રીએ હૃષીકેશશર્માને પુછ્યુ “ મહાધર્માધ્યક્ષ કોણ આવ્યુ છે ? સમ્રાટ આમ એકાએક કેમ ચમક્યા ? ”

નારાયણવર્મા માથુ ઉચુ કરી સર્વ વાત સાભળી રહ્યા હતા તેમણે મહામત્રીનો પ્રશ્ન સાભળ્યો જ નહિ સમ્રાટે કહ્યુ ‘ છટ્ ! એ વાત બનવી શક્ય જ નથી રોહિતાશ્વના યશોધવલદેવે ક્યારથીએ હમેશને માટે વિશ્રાતિ મેળવી છે ! રામગુપ્ત, તમે જોઇ આવો તો ! જરૂર કોઇ વેષધારી રોહિતાશ્વ પધારી પડ્યો હોય તેમ લાગે છે ! ’

રામગુપ્ત આસનપરથી ઉઠી તોરણ તરફ જવા લાગ્યા દડધર પણ તેમની પાછળ પાછળ જવા લાગ્યા તેમને કઇ વિશેષ દૂર જવુ પડયુ નહિ યૂવરાજના ખભાપર હસ્ત મુકી વૃદ્ધ યશોધવલ

ધીમે ધીમે તે તરફ જ આવતા હતા તેમને જોઈ રામગુપ્ત સ્થિર ઉભા રહ્યા કેવળ એક ક્ષણ જ! સામ્રાજ્યના નૌકાધ્યક્ષ મહાનાયક રામગુપ્ત હિનદિન વૃદ્ધના ચરણમા ઢળી પડયા એ જોઇ અજાણ્યા નાગરિકોએ પણ ઉચ્ચસ્વરે જયકારનો પ્રચડ ઘોષ કર્યો! દડધરો તેમને શાત રાખી શકયા નહિ સમ્રાટને ઉભા થયેલા જોઈ સર્વ દરબાર ઉભો થઇ ગયો. ત્યા જે તરૂણ રાજપુરૂષ હતા તેમને એક વિલક્ષણ દેખાવ જણાયો! એક ઉંચો મજબૂત બાધાનો વૃદ્ધ પુરુષ યૂવરાજ શશાકના ખભાપર હાથ મુકી ધીમે ધીમે આવતો હોઇ નૌકાધ્યક્ષ રામગુપ્ત એક સામાન્ય સેવક પ્રમાણે તેમની પાછળ પાછળ આવે છે! આ જોઈ તેમના આશ્ચર્યની સીમા રહી નહિ!

હૃષીકેશશર્માને ચાલતો પ્રકાર બીલકુલ નહિ સમજાયાથી તે તદ્દન ત્રાસી ગયા હતા! વૃદ્ધને જોઈ કપિત પાગે તે વેદી આગળ આવ્યા, અને પલકવારમા એકદમ બૂમ પાડી ઉઠયા "કોણ કહે છે કે યશોધવલ મૃત્યુ પામ્યા છે?"

યશોધવલ નીચા વળી તેમને પ્રણામ કરવા જતા હતા પણ તેમને એકદમ અટકાવી હૃષીકેશે અપૂર્વ વેગથી દૃઢ આલિંગન કર્યું તે જોઇ નાગરિકોએ પુન જયધ્વની કર્યો

સર્વ આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયા કપિતપાયે સમ્રાટ મહાસેનગુપ્ત વેદી નીચે ઉતરવા લાગ્યા પિતાજી દૃષ્ટિએ પડતા જ યુવરાજે પ્રણામ કર્યાં પણ સમ્રાટનુ લક્ષ તે તરફ ન હતુ! છત્ર અને ચામર ધરનારા સેવકો પણ સમ્રાટની પાછળ પાછળ વેદીપરથી નીચે ઉતરતા હતા, પરતુ મહાબલાધ્યક્ષ હરિગુપ્તે તેમને સકેત કરી અટકાવ્યા.

સમ્રાટને જોતા જ હૃષીકેશ અને રામગુપ્ત તરત જ એક બાજુએ ખસ્યા યશોધવલ મ્યાનમાથી તલવાર બહાર કાઢતા હતા, તેટલામા સમ્રાટ ત્વરાપૂર્વક જઇ તેમને ભેટી પડયા આ વિલક્ષણ

દશ્ય જોઈ રાજ્યાધિકારી સભાસદ અને નાગરિકોએ આનંદથી બેહોશ બની જઈ જયધ્વની કર્યો

યશોધવલ તરફ જોતા જોતા થડકતે સ્વરે સમ્રાટે પુછ્યુ “ તમે ખરેખર યશોધવલ જ છોને ? ”

યશોધવલ સ્થિર અશ્રુ ગાળી રહ્યા હતા, તે પ્રમાણે હૃષીકેશશર્મા અને રામગુપ્તના નેત્રોમાથી પણ આનંદાશ્રુ નીકળી રહ્યા હતા હરિગુપ્ત સમ્રાટની પાછળ આવી ઉભા હતા યૂવરાજ શશાંક દૂર ઉભો રહી સ્થિરદૃષ્ટિથી આ કરૂણ રસાત્મક અભિનવ દશ્ય જોઈ રહ્યો હતો

સમ્રાટ મહાસેનગુપ્ત યશોધવલદેવને લઈ ધીમે ધીમે વેદી તરફ ગયા યૂવરાજ, હૃષીકેશશર્મા, રામગુપ્ત, નારાયણશર્મા વિગેરે મુખ્ય મુખ્ય રાજ્યાધિકારીઓ તે બન્નેની પાછળ ચાલવા લાગ્યા સમ્રાટે જ્યારે વેદીની પગથીપર પગ મુકયો ત્યારે યશોધવલદેવે અટકી કહ્યુ ‘ મહારાજાધિરાજ, સિંહાસનપર સ્થિત થાવ ! મને મારો ધર્મ બજાવવાની તક આપો ! ”

યશોધવલને પોતાની સાથે વેદી પર બેસાડવા સમ્રાટે પુષ્કળ પ્રયત્ન કર્યા, પરંતુ તે તેમના કથનને આધીન થયા નહિ ! સમ્રાટે સિંહાસનપર સ્થાન લીધા પછી યુવરાજનો હસ્ત પકડી યશોધવલે તેને વેદીપર ચઢાવ્યો યૂવરાજ પણ સિંહાસનપર બેઠો પછી યશોધવલે વેદીની સામે ઉભા રહી મ્યાનમાથી તલવાર બહાર કાઢી કપાળે લગાડી સમ્રાટના ચરણમા મુકી તે સાથેજ સભામા જયજયકારની એક ગર્જના થઈ ! સમ્રાટે તલવાર લઈ પોતાના કપોલપ્રદેશનો સ્પર્શ કરાવી તે યશોધવલને પાછી આપી

ત્યાર પછી હાથમા તલવાર લઈ યશોધવલે યૂવરાજને ઉદ્દેશી કહ્યુ “ મહાકુમાર ! આ યશોધવલ આ પૂર્વે જ્યારે સમ્રાટના દર્શન માટે આવ્યો હતો, ત્યારે આ સિંહાસન શૂન્ય હતુ આજે કેટલાએ

વર્ષંથી મે મહાકુમારને અભિવાદન આપ્યુ નથી આપના પિતાની બાલ્યવસ્થામા જ્યારે તે મહાકુમાર હતા ત્યારે એક વખત યૂવરાજનુ સિહાસન શોભી રહેલુ મે જોયુ હતુ યૂવરાજ, આશા છે કે, આ વૃદ્ધ સેવકના પ્રણામનો સ્વીકાર કરશો ”

એમ કહી યરોધવલે પોતાની તલવાર મસ્તકે લગાડી યૂવરાજના પગ આગળ મુકી યૂવરાજે તે તલવાર લઇ સિહાસનપરથી વેદી નીચે ઉતરી યશોધવલને નમ્રતાયુક્ત પ્રણામ કર્યા

તેજ વખતે હજારો મુખમાથી પ્રચડ જયધ્વની થયો સમ્રાટના ચિતાપૂર્ણ મુખમડલપર પ્રફુલ્લતા પ્રકટી નીકળી મસ્તક નમાવી તેમણે પણ ધન્ય ધન્ય એવા ઉદ્ગાર કાઢયા વૃદ્ધ યશોધવલે યૂવરાજને ઉંચકી લઇ પુન પુન તેના મસ્તકે ચુબન કરી સિહાસનપર સ્થિત કર્યો

ત્યાર પછી કેટલીકવારે સિહાસન આગળ ઉભા રહી યશોધવલ કહેવા લાગ્યા “ મહારાજાધિરાજ ! પુષ્કળ વર્ષે મારા પરમપૂજ્ય સમ્રાટ પાસે હુ કેમ આવ્યો છુ તે હવે આપને કહીશ મેઘનાદ* ના પેલી તરફના તટપર મારા કીર્તિધવલે સામ્રાજ્યના કાર્ય માટે પોતાનો પ્રાણ અર્પણ કર્યો છે તે આપ જાણો જ છો તેની બાલિકાનુ પાલન કરવાનુ હવે મારામા સામર્થ્ય રહ્યુ નથી જે હસ્તમા સામ્રાજ્યનો ગરૂડધ્વજ× ધારણ કરી હુ વિજય યાત્રામા નેતા બનતો હતો, જે હસ્ત સદાસર્વદા અસિ લઇ સમ્રાટની સેવામા પ્રોત્સાહી રહેતો હતો, તેજ હાથ રોહિતાસ્શ્વદુર્ગના પર્વતપર રહેતા પ્રજાજનો પાસેથી ભિક્ષા ગ્રહણ કરે તે સર્વથા અશક્ય છે એકાદ નવીન ધધાનુ શિક્ષણ મેળવવા જેટલુ હવે મારૂ વય નથી મારા કીર્તિધવલે સમ્રાટની સેવામા પોતાનો દેહ અર્પણ કર્યો છે, જો સમ્રાટ તેના પાલનપોષણની વ્યવસ્થા કરશે

---

*મેઘનાદ—હાલનુ મેઘના

×ગરૂડધ્વજ—ગુપ્ત સમ્રાટનો વાવટો

તો આ વૃદ્ધ યશોધવલ નિશ્ચિન્ત થશે સામ્રાજ્યને હજી પણ તલવારની આવશ્યકતા છે, આ વૃદ્ધના બાહુમા શક્તિ છે, તલવાર પકડવાની યોગ્યતા છે એટલે તેને એ કાળીયા જેટલા અન્નની હરકત નહિ પડે હું વૃદ્ધ હરણોના માસપર રહીને પણ આયુષ્યક્રમણ મહેલાઇથી કરી શકીશ પરતુ મહારાજ ! કીર્તિધવલની આ કન્યા કોમલ છે, તેને હરણાદિનુ માસ પ્રિય નથી–તેના ગળામા તે ઉતરતુ જ નથી તેના માટે મે ધર્ણીના ચાર કણની ભિક્ષા પણ માગી. વિશેષ શુ કહુ ! ઘરમા અન્નનો એક કણ પણ નહિ રહેવાથી મારી મૃત પત્નીના રત્નવલય પણ મે વચના કાઢ્યા હતા પરતુ મારા જુના સેવકોને એ વાતની ખબર પડવાથી તેમણે ભિક્ષા વૃત્તિનુ અવલબન કરી પૈસો એકત્ર કર્યો તે જ પૈસાથી મારી પત્નીના કકણ છોડાવી હુ પાટલી પુત્રમા આવ્યો છુ મહારાજાધિરાજ, મારી લતિકા રાજભૂવનમા દાસીની માફક રહેશે, પ્રતિદિન તેને સવાર સાજ પેટ પુરતુ અન્ન મળશે તો બસ થશે ! માત્ર તેને માસ ઉપયોગનુ નથી યશોધવલથી હવે ભિક્ષા માગી શકાય તેમ નથી માલવાની સપત્તિ ગઇ, બગ ગયો, આ નિપુત્રીક ડોસાના અગનુ હવે કોઇ એવુ માણસ રહ્યુ નથી કે, જે પર્વત નિવાસી પ્રજા પાસેથી રાજષષ્ઠ* એકત્ર કરી લાવે અગર તો જગલી લોકોને અટકાવી શકે સમ્રાટ ! ધવલવશનો અત આવ્યો છે તે લુપ્ત થઇ ગયો છે ! ખરેખર યશોધવલ જીવતા છતા મૃત્યુ પામ્યો છે ! રોહિતાશ્વદુર્ગ શૂન્ય થયો છે હુ યશોધવલનુ ભૂત છુ, એક મુઠી અન્ન માટે વાસનામય બની પૃથ્વીપર દિવસો નિર્ગમન કરૂ છુ દુર્ગાધિપતિનુ સ્થાન સાચવવાની યોગ્યતા હવે મારામા રહી નથી ! ”

યશોધવલે કેટલેક દૂર વીરેન્દ્રસિંહ તેમની પૌત્રીને લઇ ઉભો

---

* રાજષષ્ઠ—જમીનમા ઉત્પન્ન થતા માલમાથી છઠ્ઠો ભાગ રાજા લેતા હતા

હતો તેને પાસે લાવવા ઇસારો કર્યો તે બન્ને પાસે આવ્યા એટલે યશોધવલે કહ્યુ "લતિકા, બેટા લતિકા, મહારાજાધિરાજને પ્રણામ કર"

બાલિકાએ નમસ્કાર કર્યા તે સાથે જ વીરેન્દ્રે પાછળ રહી વીરોચિત એવુ સમ્રાટને અભિવાદન કર્યું

યશોધવલ પુન બોલવા લાગ્યા "મહારાજાધિરાજ! આ બાલિકા મારા કીર્તિધવલની કન્યા છે એના પિતાએ બંગદેશના યુદ્ધમા સામ્રાજ્ય માટે પ્રાણ ત્યાગ કર્યો પછી તેની માતાએ પણ વૈધવ્ય યાતના સહન કરી નથી એનો ઉદરનિર્વાહ કરવાની શક્તિ મારામા રહી નથી એ બધુ હુ પ્રથમ કહી ચુક્યો છુ હવે એ ભાર સમ્રાટે સ્વીકારવો જોઇએ અનાદિકાળથી રાજ્ય માટે પ્રાણદાન કરનારા સૈનિકોના સ્ત્રી પુત્રાદિ સંતાન વગેરેનુ પોષણ કરવાનુ કાર્ય રાજાઓ પોતાપર લેતા આવ્યા છે એજ ભરોસાથી હુ પણ આ અનાથ કન્યા માટે એક કોળીયા અન્નની યાચના આપની પાસે કરુ છુ—"

યશોધવલદેવનુ આ ભાષણ સાભળતા સાભળતા સમ્રાટના નેત્રમાથી અશ્રુપ્રવાહ શરૂ થઇ તેમના ગાલ ભીંજાઇ ગયા હતા યશોધવલનુ બોલવુ પૂર્ણ થતા પહેલા જ તે સિંહાસન ઉપરથી ઉભા થયા અને ગદ્ગદ સ્વરે બોલ્યા "યશોધવલ—મારા—બા—બાલ—મિત્ર!"

તેમના મુખમાથી આગળ શબ્દો નીકળી શક્યા નહિ—કંઠ ભરાઇ આવ્યો અને તે એક ચૈતન્યરહિત પ્રેતની માફક સિંહાસનપર ઢળી પડયા! સભાગૃહના સર્વજનો તદ્દન નિસ્તબ્ધતાથી ઉભા રહ્યા હતા

નારાયણશર્મા વેદી આગળ ઉભા રહી બોલ્યા "મહારાજાધિરાજ! આજે દરબારનુ નિત્યકર્મ થઇ શકે તેમ નથી આપની આજ્ઞા હોય તો ન્યાય મેળવવા આવેલા નાગરિકોને રજા આપુ"

સમ્રાટે મસ્તક હલાવી અનુમતિ દર્શાવી યશોધવલદેવ હજી પણ કઇ બોલવાના હતા પરતુ તેમને હૃષીકેશશર્માએ અટકાવ્યા અને વેદી પાસે લઇ ગયા

ધીમે ધીમે સભાગૃહ ખાલી થયુ હજી રાજ્યાધિકારીઓ બેસી રહ્યા હતા દરરોજ દરબારનુ કાર્ય ખતમ થયા પછી મત્રીમડળની સભા બેસતી હતી, અને તેમા વડા અધિકારીઓ હાઝર રહેતા હતા

હૃષીકેશે કહ્યુ “ આજે મહારાજને ઠીક લાગતુ નથી તેથી મત્રીસભા એકત્ર કરવી ઇષ્ટ નથી ”

તરત જ સમ્રાટે કહ્યુ “ આજે તો મત્રીમડળ એકત્ર કરવાની વિશેષ આવશ્યકતા છે સધ્યાકાળ પછી સમુદ્રગૃહમા* મત્રીમડળ મળશે આજે કેટલાક અત્યત મહત્વના કાર્ય છે અહી જે રાજ્યાધિકારી હાઝર ન હોય તેમને દૂત મોકલી ખબર આપી દો ”

રામગુપ્ત યશોધવલદેવને સ્વગૃહે લઇ જવા પ્રયત્ન કરતા હતા યશોધવલે પણ તેમનુ આતિથ્ય સ્વીકારવાનુ કબુલ કરી સમ્રાટ પાસે રજા માગી

સમ્રાટે કહ્યુ “ યશોધવલ, હજી મે તમારી વિનતિનો કઇ ઉત્તર આપ્યો નથી મારી સાથે ચાલો આજે તમે સામ્રાજ્યના અતિથી છો ! ”

ક્ષણવારમા સમ્રાટ, યશોધવલ અને શશાક ત્યાથી નીકળી ગયા

* * *

સમુદ્રગૃહ—મહાલયના એક ભાગનુ નામ

પ્રકરણ ૧૪ મું.

ચિત્રાની સત્તા

રાજભૂવનની પાછળ ગગા કીનારે જ એક નાનો બાગ હતો આજે કેટલાક વર્ષથી તે તરફ ઠીક દૃષ્ટિ નહિ રહ્યાથી રાજભૂવનના વિસ્તીર્ણ પટાગણ અને ઉદ્યાનનુ અરણ્યમા રૂપાતર થયુ હતુ ! પરતુ ગગાતીરપરના આ નાના બાગ પ્રત્યે હજી સુધી કાળજી રાખવામા આવી હતી તેથી તે ભૂમિ રમણીય લાગતી હતી આ બાગમા ફૂલઝાડ સિવાય અન્ય કઇ જણાતુ નહતુ પુષ્પવાટિકાની ચારે તરફની વાડોપર નાના પ્રકારની લત્તાઓ ચઢાવેલી હોઇ, ત્યા તણે પોતાનો વિસ્તાર વધારી સર્વ કઈ આચ્છાદિ દીધુ હતુ કઇ કઈ લત્તાઓ નાના નાના પુષ્પોથી લચી પડી હતી, કેટલીક કોમળ મનોહર સુદર પત્રપ'લવના ભારથી વાકી વળી ગઈ હતી ચતુષ્કોણી પુષ્પવાટિકાની વચ્ચોવચ એક સગેમરમરી પત્થરની વેદી હોઇ તેની ચોતરફ સેકડો પુષ્પવૃક્ષો હતા તેનાપર અસખ્ય સુદર પુષ્પો વિકસેલા હતા સૂર્યોદય પૂર્વે વાયુની લહરી ગગાના વક્ષઃસ્થલપરથી વહી આવતી હોવાથી શીતળ બની વૃક્ષશાખાઓને હલાવતી ડોલાવતી સર્વ બાગને શીતળ બનાવી દેતી હતી વાયુલહરીથી નાના પ્રકારના અસખ્ય ફૂલ ઝાડપરથી નીચે પડી જતા હતા તેથી જમીનપર સુદર ગાલિચો પથરાઈ જતો હતો ! હજી પણ રાત્રીનો અધકાર પૂર્ણરીતે દૂર થયો નહતો ઉષાના પ્રકાશથી ભયભીત બની રાજભૂવનના ખુણાખોચરામા વૃક્ષસમૂહનો આશ્રય લઇ તે હજી સુધી જેમ તેમ ટકાવ–બચાવ કરી રહ્યો હતો સૂર્યનારાયણના પ્રાકટ્યાવધી જ્વાલામય કીરણોની વૃષ્ટિ થયા સિવાય તે પાતાલમા જાય તેમ ન હતો

પુષ્પવાટિકાનુ દ્વાર એકદમ ઉઘડ્યુ તે સાથે જ દ્વારપર આવેલી માધવીલત્તા કપવા લાગી. દરવાજામાથી એક બાલિકા બાગમા આવી તેનો ભ્રમરજેવા કાળો કેશસમૂહ વાયુની લહરીથી નૃત્ય કરવા લાગ્યો ! અદર આવતા જ બાલિકાએ આમતેમ ખૂબ શોધ કરી પણ તેને ત્યા કોઇ જણાયુ નહિ તેથી પાછી ફરી બધ કરેલો દરવાજો તે ઉઘાડવા જતી હતી તેટલામા બહારથી બીજી એક બાલિકા ખડખડ હસી પડીને બોલી "યુવરાજ ! મે ચોર પકડ્યો છે !"

પહેલી બાલિકાએ નાશી જવા પ્રયત્ન કર્યો, પરતુ નવીન આવેલી બાલિકાએ તેને દૃઢતાથી પકડી રાખી હતી એટલામા હસતા હસતા શશાક અને માધવગુપ્ત ત્યા દોડી આવ્યા

શશાકે પહેલી બાલિકાને પુછ્યુ "ચિત્રા, તુ એમ એકદમ નાસી કેમ આવી ?"

ચિત્રાએ કઇ જ ઉત્તર આપ્યો નહિ, ત્યારે બીજી બાલિકા બોલી "ચિત્રા તો રીસાઇ છે ?"

શશાકે હાસ્ય કરી પુછ્યુ "ચિત્રા રીસાઇ છે ? કોનાપર ?"

"આપનાપર !"

"મારાપર ? કેમ ભલા ?"

"આપે મને પુષ્પ ચૂટી આપવાનુ કબુલ કર્યું તેથી !"

આ સાભળી શશાક મોટેથી હસવા લાગ્યો ! ક્રોધ અને લજ્જાથી ચિત્રાનો ચહેરો લાલચોળ થઇ ગયો તેનો ક્રોધ જોઇ બીજી બાલિકા સહજ શરમાવા લાગી તેણે માધવને કહ્યુ "ચાલો કુમાર, આપણે આપણા ફૂલ તોડવા બીજી બાજુએ જઇએ "

ક્ષણવારમા માધવ અને તે બાલિકા પુષ્પવાટિકામા અદૃશ્ય થયા

તેમના ગયા પછી શશાકે પુછ્યુ "ચિત્રા ! તુ મારાપર કેમ રીસાવી છે ?"

તેનો કઇ ઉત્તર ન આપતા ચિત્રા બે ડગ પાછી હઠી શશાક

આગળ વધી તેના હાથ પકડવા લાગ્યો ત્યારે તેણે તેનો હાથ તર છોડી નાખ્યો પરતુ શશાંકે છેવટે જોરથી તેનો હાથ પકડ્યો !

"અરે, પણ એમ ખીજવાના જેવુ શુ થયુ છે તે તો કહીશને ?"

ચિત્રા મુખ ફેરવી રડવા લાગી પુષ્કળ સમય સુધી શશાંકે, તેને સમજાવી શાત કરવા પ્રયત્ન કર્યો પછી તે બોલી "લતિકાને પુષ્પ તોડી આપવાનુ તમે કબુલ કર્યું તેથી જ મને રીસ ચડી !"

શશાંકે કહ્યુ "ગાડી, લતિકા બે દિવસથી આપણે ત્યા અતિથી બની આવી છે ત્યારે મારે તેની સાથે રમવુ ના જોઈએ ? ‘માતાજીએ તેને સતુષ્ટ રાખવા કહ્યુ છે જો હુ લતિકા સાથે હસુ નહિ તો તે પરકીય બાલિકાને કેવુ લાગે ?"

ચિત્રાનુ મુખમડલ અધિક જ ગભીર થયુ તે બોલી "પણ તેથી તેને ફૂલ તોડી આપવાની શી જરૂર ?"

આ ‘શી જરૂર’નો ઉત્તર કુમાર શો આપે ? તેણે વળી પાછો ચિત્રાને સમજાવવા પ્રયત્ન કર્યો, પરતુ તેની સમજવાની ઇચ્છા જણાઈ નહિ !

છેવટે નિરૂપાય બની કુમારે કહ્યુ "ઠીક ત્યારે, તને જ હુ પુષ્પ તોડી આપીશ લતિકાને નહિ આપુ બસ પત્યુ હવે ?"

હવે ચિત્રાનુ હૃદય કઈક શાત થયુ !

પુષ્પોદ્યાનમા જેટલા પુષ્પ વિકસેલા હતા તેટલા તોડી લેવાને તે બાલકો તૂટી પડયા હતા ફૂલ એકત્ર કરી તેઓ વચ્ચેની વેદીપર એકત્ર કરતા હતા શશાક પુષ્પો તોડી તોડીને ચિત્રાના ખોળામા નાખતો હતો ત્યારે માધવ લતિકાને આપતો હતો એટલામા પુષ્પવાટિકાના દ્વારમાથી કોઈએ કહ્યુ "અરે, કુમાર તો અહીં છે, આમ આવ"

કુમારે પુછ્યુ "કોણ છે ?"

"યૂવરાજ, હુ અનત છુ આપને નરસિહ શોધે છે"

બન્ને બાલકો દરવાજો ઉઘાડી અંદર આવ્યા આમાનો એક વાચકના પરીચયમા આવેલો છે જ એ ચરણાદ્રિદુર્ગાધિપતિ યજ્ઞવર્માનો પુત્ર હતો બીજો બાલક તે ચિત્રાનો મોટો ભાઇ નરસિહદત્ત હતો

નરસિંહે પુછ્યુ “ યૂવરાજ, અહીં શુ ચાલતુ હતુ ? ”

ગદાકે હસી કહ્યુ “ તારી બહેનની ગુલામી ઉઠાવતો હતો ! એ દિવસથી રોહિતાશ્વદુર્ગથી લતિકા અમારે ત્યા પરોણા તરીકે આવી છે તેથી પુષ્પો આપી હુ તેને સતુષ્ટ કરવાનો પ્રયત્ન કરતો હતો, પણ તેથી તારી બેન રીસાઇ જતી હતી ! હવે લતિકાનો સોબતી માધવ બન્યો છે ”

કુમારનુ આ ભાષણ સાભળી નરસિહ અને અનત ખડખડ હસી પડયા ચિત્રા લજ્જાથી નીચે જોવા લાગી નરસિહે તેને કહ્યુ “ યૂવરાજ જ્યારે મોટા થશે અને દમ લગ્ન કરશે ત્યારે તુ શુ કરીશ ચિત્રા ? ”

બાળિકા મુખ ફેરવી બોલી “હુ તેમને એમ કરવા જ નહિ દઉં ને ? ”

ચિત્રાનો આ ઉત્તર સાભળી સર્વ સાથે જ હસી પડયા

નરસિહ આમ તેમ જોઇ હસતો હસતો બોલ્યો “ બાગમા પુષ્પનો તો પાર જ આવ્યો છે ને ? મને લાગે છે કે, હવે ઝાડ પણ નહિ રહે ! દિવસ ઘણો ચડયો છે હવે નદી ઉપર જઇએ તો કેવુ સારૂ ? એક પ્રહર પહેલા તો કોઇ સ્નાન જ કરવાના નહિ ! મહાદેવી તરફથી બે ત્રણ તેડા થયા સિવાય કોઈ જમવાનુ પણ નામ નહિ દે ! ”

નરસિંહનુ ભાષણ સાભળી સર્વ હસવા લાગ્યા કુમારે કહ્યુ, ‘ નરસિંહ ! અમારા બધામા તુ જ જાણે કે ડાહ્યો અને સદ્ગુણી બાલક છુ ! ”

કુમારનુ આ વાકય પુરૂ થયુ ન થયુ તેટલામા એક દાસી બાગમા આવી કુમારને પ્રણામ કરી બોલી “ મહાદેવીએ આપ સર્વને સ્નાન કરી લેવા કહ્યુ છે ”

આ સાભળી નરસિહ મોટેથી હસીને બોલ્યો “ કુમાર, હુ કઈ ખોટુ બોલ્યો ન હતો ”

તેજ વખતે સર્વ બાલકો બાગમાથી મહાલયમા ગયા

રાજમહાલયના પટાગણની નજીકના છજામા એક ઉંચો પુરુષ આમતેમ આટા મારી રહ્યો હતો તેને જોતા જ લતિકા દોડી જઇ તેની કમરે વળગી પડી, તેની પાછળ જઇ શશાક અને માધવે પણ પ્રણામ કર્યા બીજા બાલકો જરા દૂર ઉભા રહ્યા તે પુરુષ યશોધવલ જ હતા

શશાકના સુવર્ણરગી માથા પર હાથ ફેરવી યશોધવલે કહ્યુ “ કોણ, યુવરાજ એ કોણ છે ? ”

શશાકે ઇસારો કરતા જ નરસિહ, અનન્ત અને ચિત્રાએ પાસે આવી યશોધવલને પ્રણામ કર્યા શશાકે તેમની ઓળખાણ કરાવી અનન્ત અને ચિત્રાને ઉચકી લઇ યશોધવલ પોતાના મનમા જ વિચાર કરતા ઉભા રહ્યા

યશોધવલ વિચાર કરવા લાગ્યા “ સામ્રાજ્યના સરદાર, સામતો અને મોટા કુટુબોના પુરુષો આશ્રય નહિ હોવાથી રાજધાનીમા આવેલા છે સામ્રાજ્યમા સર્વ રક બની ગયા ! ભિક્ષા આપનાર કોઇજ રહ્યુ નહિ ! એક માત્ર વૃદ્ધ સમ્રાટ જ આશ્રયદાતા ! તે પણ મારા જેવા વૃદ્ધ થયો છે, તેના બન્ને પુત્ર પણ બાલક હોઇ રાજ રક્ષણ માટે અસમર્થ છે ચોતરફ પ્રબલ શત્રુઓ સમ્રાટના મૃત્યુની રાહ જોઈ રહ્યા છે શો ઉપાય યોજના ‘—”

દાસી દૂર ઉભેલી હતી યશોધવલને ચિતાક્રાત જોઇ તેણે પાસે આવી કહ્યુ “ મહારાજ ! દિવસ પુષ્કળ થઈ ગયો છે ! તેથી દેવીએ બાલકોને સ્નાન કરી લેવા કહ્યુ છે ”

યશોધવલે તરત જ અનન્ત અને ચિત્રાને નીચે મૂક્યા સર્વ પ્રણામ કરી દોડી ગયા વૃદ્ધ પુન ચિતનમા મગ્ન બન્યા

તે વિચાર કરવા લાગ્યા “ લતિકાની ચિતાથી દગ્ધ થઇ હુ સમ્રાટ પાસે આવ્યો પરતુ અહી આવ્યા પછી જોઉ છુ તો સર્વની સ્થિતિ શોચનીય થયેલી છે ! રાજકાર્યમા કોઇ પણ જાતની પદ્ધતિ રહી નથી ! સમ્રાટ વૃદ્ધાવસ્થાને લીધે વિશેષ શ્રમ લઇ શકે તેમ નથી બાહ્ય શત્રુઓના ભયથી તે હમેશ ચિતાતુર રહે છે કોઇના ક્ષુલ્લક ભૂલથી પણ તે ચલવિચલ થઈ જાય છે બન્ને રાજપુત્રો હજી રાજ સકટ વહેવાને અયોગ્ય છે હમણા હષીકેશશર્મા અને નારાયણશર્મા સામ્રાજ્યના કેદ્રરૂપ છે પરતુ તે પણ વૃદ્ધ થયેલા હોઇ મહેનત કરવા જેવુ તેમનુ શરીર રહ્યુ નથી ત્યારે સામ્રાજ્યના રક્ષણ માટે શુ કરવુ ? કઇ યુક્તિથી આ પ્રાચીન સામ્રાજ્ય સ્થિર રહેશે ? ”

વિચાર કરતા કરતા વૃદ્ધનો ચહેરો રક્તિમાથી લાલ બની ગયો તે એક જગ્યાએ ઉભા રહ્યા. પુષ્કળ વિચાર કરી છેવટે યશોધવલે નિશ્ચય કર્યો કે, રાજ્યકાર્ય માટે મારે પોતે જ આ જીવનનો યજ્ઞ કરવો ! કીર્તિધવલે સામ્રાજ્ય માટે સમરક્ષેત્રમા દેહ મુક્યો, મારે પણ મારૂ રહેલુ આયુષ્ય સામ્રાજ્ય માટે કર્મક્ષેત્રમા મુકવુ જાપિલીય* મહાનાયક સામ્રાજ્ય માટે જ ચિરકાલ પોતાના દેહ અને મનનુ દાન કરતા આવ્યા છે તેના વશનો આ છેવટનો પુરુષ પણ પોતાના પરમપૂજ્ય પૂર્વજોના દૃષ્ટાતનુ જ અનુકરણ કરશે !

યશોધવલદેવ એ એક દૃઢ મનુષ્ય હતા મનનો એક વખત નિશ્ચય થયા પછી કાર્યક્ષેત્રમા ઉતરવાને તે અધીર બની ગયા તેમણે હાક પાડી “ કોણ છે ? ”

છજાના એક ખુણામાથી એક પ્રતીહાર તેમને પ્રણામ કરી સામે

---

*જાપિલ—રોહિતાશ્વદુર્ગ પાસે એક નાનુ ગામ હતુ તેનુ હાલનુ નામ જાપલા છે યશોધવલદેવના પૂર્વજો ત્યાના વતની હતા

આવી ઉભો રહ્યો યશોધવલે તેને પુછ્યુ "સમ્રાટ કયા છે ? હમણા ને હમણા મારે તેમને મળવુ છે "

પ્રતીહારે કહ્યુ "મહારાજાધિરાજ આ વખતે ગગાદ્વાર તરફ ગયા છે "

" તેમને મારી ઇચ્છા કહી આવ "

પ્રતીહાર પ્રણામ કરી ચાલ્યો ગયો

પ્રકરણ ૧૫ મુ.

રાજનીતિ.

ગંગાદ્વારની બહાર વિસ્તીર્ણ પગથીયા ઉપર સમ્રાટ મહાસેનગુપ્ત બેઠા હતા તેમની સામે વિશાલ વાલુકા પ્રસરેલી હતી અને તેની આગળના ભાગમા ભાગીરથી નદીની પ્રવાહરેષા દેખાતી હતી. સમ્રાટ આગ ઉપરથી બાલકબાલિકાની જલક્રીડા જોઈ રહ્યા હતા એટલામા એક પ્રતીહારે આવી અભિવાદન કરી તેમને કહ્યુ "મહાનાયક યશોધવલદેવ મહારાજનુ હમણાને હમણા દર્શન કરવા ઇચ્છે છે"

સમ્રાટે કહ્યુ "તેમને અહીં જ બોલાવી લાવ "

પ્રતીહાર પુન પ્રણામ કરી ચાલ્યો ગયો અને કેટલીક વારે યશોધવલદેવને લઈ પાછો આવ્યો સમ્રાટે સ્મિત કરી પુછ્યુ "કેમ યશોધવલ ! શા સમાચાર છે ?"

યશોધવલ સમ્રાટને પ્રણામ કરવા જતા હતા, પણ તેમ કરતા અટકાવી સમ્રાટે તેમને પોતાની સમીપમા બેસાડવા પ્રયત્ન કર્યો, પરતુ યશોધવલ તેમની સામે સહજ છેટે બેઠા

થોડીવારે હાથ જોડી તે બોલ્યા "મહારાજાધિરાજ, મારી પાછળ મારી લતિકા નિરાશ્રિત બની તેના હાલ બેહાલ થશે, એ ચિંતાથી તેના માટે અન્નની યાચના કરવા હુ આપની પાસે આવ્યો

હતો પરતુ અહીં આવ્યા પછી મારી દૃષ્ટિએ કઇ વિલક્ષણ જ દેખાવ પડે છે ! અભિજાત સપ્રદાય પૈકી ઘણા ખરા ભીખારી જ બની ગયા છે એમ મને જણાયુ છે નિરાશ્રિત વિધવા અને અનાથ બાલકોને માટે આશ્રયદાતા માત્ર આપજ રહ્યા છો પરતુ આપના કેશ પણ ધોળા થયા છે આપની મહાયાત્રાના દિવસ પણ પાસે આવતા જાય છે ! આપની પાછળ સામ્રાજ્ય અને પ્રજાની શી સ્થિતિ થશે એ વિચારથી મને દારૂણ યાતના થાય છે અહીં આવ્યા પછી અહીંની પરીસ્થિતિનુ અવલોકન કરી મારી ક્ષતિકાની સ્થિતિ હુ વિસરી ગયો છુ આપના બન્ને કુમારોનુ હજી બાલપણ ગયુ નથી એમ કહુ તો ખોટુ નથી તેમને રાજકાર્યભારનુ જ્ઞાન આપવાને હજી કેટલાએ દિવસ લાગશે. આપના મુખ્ય અધિકારી હૃષીકેશશર્મા અને નારાયણશર્મા વૃદ્ધ થયેલા હોઈ પરીશ્રમ સહન કરવા જેવી શક્તિ તેમનામા રહી નથી આપના નવીન અને તરૂણ અધિકારીઓ પોતે થઇને સાહસથી એકાદ કામ કરવાને શક્તિમાન નથી અને તેમના શરીરમા જીવન પ્રવાહની ધમક પણ નથી પ્રત્યેક વાત આપને કહેવામા તેઓ ભય પામે છે એ સર્વ વાતોનુ પરીણામ એ આવ્યુ છે કે, આપ જીવત હોવા છતા રાજકાર્યભારમા અતિશય અવ્યવસ્થા વ્યાપી રહી છે ! ખરી રીતે જોઇએ તો સદ્યસ્થિતિમા રત્નાદ્રિદુર્ગ એ સામ્રાજ્યનુ સિહદ્વાર છે પરતુ રત્નાદ્રિના માલીક શાર્દુલવર્માના પુત્ર મહાવીર યજ્ઞવર્માને દુર્ગમાથી કાઢી મુકયાની ખબર પણ હજી સમ્રાટને પડી નથી ! મડલાદુર્ગ અગ અને બગ દેશની સીમાપર હોઇ મડલાધિપતિ પ્રાચીન કાલથી સમ્રાજ્યનો એક મુખ્ય અમાત્ય ગણાય છે પરતુ તસ્રુદત્તનો કિલ્લો બીજાએ જ પડાવી લીધેલો છે, એટલુ જ નહિ પરતુ તેના પુત્ર પુત્રી યાચકવૃત્તિના અન્ન ઉપર ઉછરે છે ! મહારાજાધિરાજ ! મનને અત્યત ક્ષોભ થવા માટે આ સિવાય

બીજી કઇ વાતોની જરૂર છે ? આપ હયાત હોવા છતા પાટલીપુત્રની શી સ્થિતિ થઇ છે તે તરફ આપ નજર પણ કરતા નથી ! તોરણને દરવાજા નથી નગરનો કોટ ખરતો જાય છે, તદપિ તે દુરસ્ત કરવામા આવતો નથી રાજભૂવનનુ પથ્થરથી બધાયલુ પટાગણ જાણે કે ઘાસનુ બીડ જ બન્યુ છે ! ખજાનામા હજુ પૈસાનો તોટો પડ્યો નથી, મહાલયમા કામદાર પણ પુષ્કળ છે, પરતુ કોઇ પણ કામ વ્યવસ્થિત રીતે થતુ નથી અને કામ કેમ થતુ નથી તે વિષે કોઇ કોઇને એક અક્ષર પણ પુછનાર નથી ચોતરફથી શત્રુઓ હિન દશામા આવેલા સામ્રાજ્યપર કાકદૃષ્ટિથી ટાપી રહ્યા છે વાસ્તવિક રીતે બગદેશ સામ્રાજ્યાધીન છે, પરતુ તેનાપર કોઇની સત્તા જ રહી નથી ! કેવળ દવો મહાસેનગુપ્ત હજી જીવે છે તેથી જ વારાણશી અને ચરણાદ્રિ ખૂલ્લી રીતે દાણેશ્વર સામ્રાજ્યમા મળી ગયા નથી એ વાત આપના લક્ષમા પણ આવી હશે જ આજે જ જો દુર્દૈવ મહાદેવીનો કાળ થાય, કે પ્રભાકર જો માતાની આજ્ઞાને તુચ્છકારી કાઢે તો આત્મરક્ષણની ઇચ્છા છતા, સેના છતા અને શરીરમા શક્તિ હોવા છતા સામ્રાજ્યનુ રક્ષણ થવુ શક્ય જણાતુ નથી આવી સ્થિતિમા ખરૂ કહુ તો શત્રુને પાટનગરને ઘેરો નાખવાની પણ જરૂર નથી—યુદ્ધ સિવાય જ તે શત્રુના હસ્તમા જઇ શકે તેમ છે !"

યશોધવલ સ્તબ્ધ રહ્યા, કેટલીક વાર સુધી ઉભય શાત પણે બેસી રહ્યા પછી મહાસેનગુપ્ત ધીમે ધીમે કહેવા લાગ્યા "યશોધવલદેવ, તમે કહો છો તે સર્વ સત્ય છે, પણ હુ શુ કરૂ ? હુ હવે વૃદ્ધ થયો છુ અને શશાક હજી બચ્ચુ છે ! જ્યોતિષીઓએ મને કહી રાખ્યુ છે કે, શશાકની કારકીર્દિમા સામ્રાજ્યનો નાશ થશે !'

સમ્રાટના આ શબ્દો સાભળી યશોધવલે તીવ્ર સ્વરે કહ્યુ "મહારાજ, એ શબ્દો આપના મુખે શોભતા નથી કોઇ પાગલ કે કોઇ ઠગના શબ્દોપર વિશ્વાસ રાખી આપ સામ્રાજ્યને તિલાજલી

આપવા તૈયાર થયા છો તે માટે શુ કહેવુ ? જ્યોતષીઓ ગમે તેવી વાતો કહે છે, અનેક જાતના બખાળો કાઢે છે, તેમના કહેવા પ્રમાણે ચાલવાનુ હોય તો મનુષ્યે સસારનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારવો જોઇએ કુમાર નાનો હશે, પણ તે તીવ્રબુદ્ધિનો હોઇ યુદ્ધકલામા તેની સારી ગતી છે પરતુ આપ તેને શિક્ષણ જ આપતા નથી ને ! સામ્રાજ્યનુ ચક્ર ચલાવવા માટે શૌર્યવીર્યાદિ કરતા કૂટનીતિની વિશેષ જરૂર છે રાજ્યકાર્યભાર કેવી રીતે ચાલે છે તેનુ દીર્ઘકાલ પર્યત સૂક્ષ્મ અવલોકન કરવુ પડે છે એ વાતો આપ કેમ ભૂલી ગયા ? હું પુછુ છુ કે, આપે પોતે રાજ્યકાર્યભારનુ શિક્ષણ કેવી રીતે મેળવ્યુ હતુ ? કાળના પ્રવાહમા કદી કદી અદ્‌ભુત કર્મ કરનાર બાલકો જન્મે છે, અને એવા બાલકોની કૃતીનો જ ઇતિહાસ બને છે સમુદ્રગુપ્તની ઉમર કેવળ ચઉદ વર્ષની હતી પણ તેણે ઉત્તર તરફના રાજ્યરૂપી સમુદ્રનુ મથન કરી અશ્વમેધનુ અનુષ્ઠાન કર્યું હતુ ! સ્કદગુપ્તની ઉમર કેવળ પદર વર્ષની હતી, પરતુ તેણે હસ્તમા શસ્ત્ર પકડી હૂણ પ્રજાના પહેલા ઉછાળાને અટકાવી દીધો હતો ચઉદ વર્ષનો શશાક નરેદ્ર આ પ્રાચીન સામ્રાજ્યનો ઉદ્ધારક નથી એમ કોણ કહી શકે તેમ છે ? મહારાજાધિરાજ, સર્વ દુશ્ચિતા દૂર કરો ! હજી પણ સામ્રાજ્યના ઉદ્ધારની આશા વિફલ થઇ નથી. હજી પણ સમય છે—પરતુ હવે પછી તે આપણા માટે રાહ જોઇ બેસી નહિ રહે !'

સમ્રાટે ધીમે રહી પુછ્યુ " યશોધવલ, આ સ્થિતિમા હુ શુ કરૂ ? તમે જ કહો "

યશોધવલે ગભીર બની કહ્યુ " આપને જે કામ કરવાનુ છે તે સરળતાપૂર્ણ છે એક વખતે આ સેવકે મહારાજાધિરાજની આજ્ઞાથી સામ્રાજ્યના કાર્યભારનો સર્વ બોજો પોતાના શીરપર ઉઠાવ્યો હતો આ જર્જરિત ચર્મબાહુમા જો કે યુવાવસ્થાની શક્તિ નથી, તો પણ આ હૃદયમા હજી અપાર બલ છે મહારાજાધિરાજની

જો દાસને આજ્ઞા થશે તો આ નમ્ર સેવક પુનરપિ રાજકાર્યભારનુ સર્વ શકટ સ્વીકારવા તૈયાર છે સમ્રાટ, સામ્રાજ્યના કાર્ય માટે કીર્તિધવલે પ્રાણ આપ્યો હતો તેના વૃદ્ધ પિતાની તેજ ઇચ્છા છે લતિકા માટે આશ્રયયાચના કરવા હુ અહીં આવ્યો પરતુ અહીં આવ્યા પછી જોયુ તો આશ્રયદાતાનુ જ ઘર તૂટી પડ્યા જેવુ થયેલુ જણાયુ ! આવી સ્થિતિમા તેને કોણ આશ્રય આપે ? હૃષીકેશશર્મા અને નારાયણશર્મા જ્યા કામ કરે છે ત્યાજ તેમને પોતાનું કામ કરવા દો લોકોની દૃષ્ટિ બહાર રહીને જ સમ્રાટ અને સામ્રાજ્યની સેવા કરવાની મારી ઇચ્છા છે ”

યશોધવલ બોલે જતા હતા તે વખતે સમ્રાટ નીચુ મુખ કરી વિચારમા નિમગ્ન થઈ ગયા હતા ઘણી વારે મસ્તિષ્ક ઉંચુ કરી તે બોલ્યા “ યશોધવલ, શુ ખરેખર, તમે રાજકાર્યભાર સ્વીકારવા તૈયાર છો ? ”

‘ આ દાસે કદી પણ મહારાજાધિરાજને અસત્ય કહ્યુ છે કે ? ’

“ યશોધવલ, શુ કહુ ? આ દુશ્ચિન્તાથી આજ કેટલાએ વર્ષથી મને શાત નિદ્રા પણ પ્રાપ્ત થઇ નથી ! ભવિષ્યકાલની ચિતાથી હુ પાગલ બન્યો છુ યશોધવલ, તમે સર્વકાર્યભાર સ્વીકારશો તો ખરેખર હુ નિશ્ચિન્ત થઇશ ”

યશોધવલે નમ્રતાપૂર્વક કહ્યુ “ સર્વવાત મારા લક્ષમા આવી ચુકી છે ભવિષ્યકાલની ચિતાથી આપના ચિત્તને ક્ષણમાત્ર પણ વિશ્રાતી મળતી નથી, તે વાત કહેવાની જરૂર પડે તેમ નથી કેવળ ભયથી રાજનો એકપણ અધિકારી આપની પાસે આવવા હામ ધરી શકતો નથી કાર્યની ધૂળધાણી થતી નજરે પડવા છતા આપની આજ્ઞા લેવા માટે પણ કોઇની આપના સમક્ષ આવવાની હિમત ચાલતી નથી હૃષીકેશશર્મા પ્રમાણે જે કોઇએ રાજકાર્યભાર ચલાવવામા સર્વજીવન વ્યતીત કરેલુ છે, તે પણ આપને એકાદ વાત પુછવાનુ સાહસ કરી શકતા નથી એ કરતા બીજી કઇ વાત આશ્ચર્યજનક

છે ? નાગરિકો ખૂલ્લી રીતે કહે છે, કે દાણેશ્વરનો રાજા ગયા પછી સમ્રાટે કદી પણ હાસ્ય કર્યું નથી !”

સમ્રાટ મસ્તક નીચુ કરી બોલ્યા “ એ વાત સત્યપૂર્ણ છે, પ્રભાકર પાટલીપુત્ર આવનાર છે એ વાત સાભળીને મારૂ મગજ જ ખસી જવાનો વખત આવ્યો હતો જેટલા દિવસ પ્રભાકર પાટલીપુત્રમા રહ્યો હતો તેટલા દિવસ છાયા પ્રમાણે હુ તેની પાછળ પાછળ ગયો હતો ! દાસની માફક મે તેનો તિરસ્કાર સહન કર્યો ! યશોધવલ, હુ ગુપ્ત સામ્રાજ્યનો સમ્રાટ, હાય ! મે તેની એક ગુલામની માફક સેવા ઉઠાવી ! હુ સમુદ્રગુપ્તનો વંશ જ છુ, અને પ્રભાકર તો મારી બહેનનો પુત્ર છે એ સર્વવાત હુ વિસરી ગયો હતો પ્રત્યેક બાબતમા તેના અનુચરોએ મારા રાજ્યાધિકારીઓના અપમાન કર્યા નજીવા કારણો માટે મારા સૈનિકોપર હુમલા કર્યા, નગરમા પ્રવેશી લૂટફાટ કરી અને નિરપરાધી નાગરિકોને બેસુમાર માર માર્યો ! છેવટે જ્યારે તેમનો આવો અત્યાચાર અસહ્ય થયો ત્યારે નાગરિકોએ તેમનાપર હલ્લો કરી છાવણીમા આગ મુકી દીધી ! યશોધવલ, શુ આવુ અપમાન સહન કરવા માટે જ યજ્ઞવર્માએ લોહતીરપર મારા પ્રાણ બચાવ્યા હતા ? ”

‘ મે સર્વ કાઇ સાભળ્યુ છે અહી આવ્યા પછી મે જે વાતો સાભળી છે તે પૂર્વે કદીપણ મારા કાનપર આવી ન હતી જે વાતો સાભળી છે તેટલા પરથી જ મારામા નવીન જ્ઞાનનો ઉદય થયો છે ! મહારાજાધિરાજ, સેવકને આજ્ઞા કરો, હુ પુન સામ્રાજ્યનો કાર્યભાર માથાપર લઉ છુ ”

“ યશોધવલ, તમારે એ ભાર લેવા માટે મારી અનુમતિ મેળવવાની શી જરૂર છે ? હુ હમણા જ મંત્રી સભા બોલાવુ છુ ’

“ ના, મહારાજ, મંત્રી સભા મેળવવાની આવશ્યકતા નથી ફક્ત હૃષીકેશશર્મા અને નારાયણશર્માને બોલાવો એટલે બસ છે ”

“ ઠીક ત્યારે, તેમજ કરૂં છું કોણછેરે—પ્રતીહાર ? ”

પ્રતીહાર દૂર ઉભો હતો તેણે હાક સાભળતા જ પાસે જઈ અભિવાદન કર્યું સમ્રાટે કહ્યુ “ વિનયસેનને બોલાવ ! ”

પ્રતીહાર પ્રણામ કરી ચાલ્યો ગયો થોડી જ વારમા વિનયસેન આવી હાઝર થયો સમ્રાટે કહ્યુ “ વિનયસેન ! હૃષીકેશશર્મા, નારાયણશર્મા અને હરિગુપ્તને બપોરે રાજભૂવનમા આવવા કહે ”

વિનયસેન ચાલ્યો ગયો. સમ્રાટ અને યશોધવલ પણ ધીમે ધીમે રાજભૂવન તરફ જવા લાગ્યા

પ્રકરણ ૧૬ મું.

ગુપ્ત મસલત.

પાટલીપુત્રના જુના રાજમહાલયની ચોતરફ અતિ ઉડી એવી એક ખાઇ હોઈ તે પૂર્વે હમેશા ગંગાજલથી ભરાયલી રહેતી હતી ખરા ચૈત્ર વૈશાખમા બારે સૂર્ય તપતા હોવા છતા પણ ખાઇમા પાણીનો તોટો રહેતો ન હતો આપણી કથાના સમયે માત્ર વર્ષાઋતુમા જ ખાઇ જળપૂર્ણ રહેતી હતી અન્ય ઋતુમા તેનો અંતર્ભાગ જંગલી વૃક્ષ લત્તાઓથી ઢંકાઇ જતો હતો ' જે પાટમાથી નદીનુ પાણી ખાઇમા આવતુ હતુ તેની જોઇએ તેવી દુરસ્તી થતી નહિ હોવાથી તે નહેર રેતીથી ભરાઇ ગઇ હતી વર્ષાકાળમા નદીના જલ ચઢતા તે સાથે નહેરમા થઇ ખાઇમા પાણી આવતુ હતુ ખાઇપરનો કોટ દુરસ્તીના અભાવે ઠેકાણે ઠેકાણે ખરી પડી કેટલીક જગ્યાએ તદ્દન તૂટી પણ પડયો હતો રાજભૂવનનો કોટ પત્થરથી બાધેલો હતો, પણ નગરનો કોટ તો લાકડાનો જ હતો ! નગરના કોટની મરામત બીલકુલ થયેલી નહિ હોવાથી ઘણા અંશે તે નષ્ટ જ થયો હતો.

બહારનુ લાકડી આવરણ કોહી જવાથી અદરની સર્વ માટી બહાર પડીને ચોતરફની ખાઇ તેનાથી ભરાઇ ગઇ હતી કોટપર એક પ્રકારનુ અરણ્ય જ બની ગયુ હતુ ! નગરનિવાસીઓ ધોળે દિવસે પણ ત્યા જવાની હિંમત કરી શકતા ન હતા !

જે દિવસે સવારે યશોધવલે સમ્રાટ મહાસેનગુપ્ત આગળ રાજકાર્યભાગ ચલાવવાની જોખમદારી પોતાપર લેવાની ઇચ્છા પ્રદર્શિત કરી તે જ દિવસે ઉષ કાલ થતા પૂર્વે રાજભૂવનના આ કોટપર ત્રણ બૌદ્ધ ભિક્ષુ વાતો કરતા બેઠા હતા. તેમનાથી ઘણે દૂર બીજો એક ભિક્ષુ અધારામા ઝાડ નીચે ઉભો હતો તે જગલમા સ્થળે સ્થળે ઉભા રહી અનેક ભિક્ષુ દ્વારપાલનુ કામ કરતા હતા

જે ત્રણ ભિક્ષુ વાતો કરી રહ્યા હતા તે પૈકીના બેને તો વાચકો ઓળખે છે જ ત્રીજો ભિક્ષુ કપોતિક સઘારામનો મહાસ્થવીર* બુદ્ધઘોષ હતો બધુગુપ્ત, શત્રુસેન અને બુદ્ધઘોષ એ ત્રણે ઉત્તર પ્રદેશના બૌદ્ધ સઘના નાયક અને ચાલક હતા

વાત કરતા કરતા બુદ્ધઘોષે કહ્યુ “ભગવાન બુદ્ધનુ નામ સ્મરણ કરતા કરતા આપણે આટલા દિવસ સઘની ઉન્નતિ કરવાના પ્રયત્નમા નિમગ્ન હતા અને તેમા વિશેષ વિઘ્ન પણ આવ્યા ન હતા—પરતુ હવે વિશેષ ભયાનક ચિહ્ન જણાય છે યશોધવલ રોહિતાશ્વદુર્ગ છોડીને પાટનગરમા આવે છે એ વાત તેના અહીં આવતા પહેલા જ મળી જવી જોઇતી હતી કેવી અધાધુધી ! કરૂષ× દેશના સવસ્થવીરો સ્વસ્થચિત્તે નિદ્રામા જ પડયા હોય એમ લાગે છે ! યશોધવલ જેવા, સઘના પરાક્રમી અને ભયકર શત્રુની ખબર એ લોકો રાખતા નથી તે મને નવાઇ જેવુ લાગે છે ”

---

* મહાસ્થવીર—બૌદ્ધ ભિક્ષુના સપ્રદાયનો Archbishop કે Patriarch ની યોગ્યતાનો મુખ્ય અધિકારી

×કરૂષદેશ—હાલનો આરા અગર શાહબાદ પ્રાત

શત્રુસેન બુદ્ધઘોષનુ વ્યાખ્યાન લક્ષપૂર્વક સાભળી રહ્યો હતો તે બોલ્યો "મહાસ્થવીર ! મને નથી લાગતુ કે, એ બાબતમા કરૂષ દેશના સઘસ્થવીરો દોષિત હોય ! પુત્રના મૃત્યુ પછી યશોધવલ કેવળ પાગલ બની ગયો હતો—એક ઉન્માદગ્રસ્ત મનુષ્યની માફક જ તે દુર્ગમા જીવન નિર્ગમન કરતો હતો પોણોસો એસી વર્ષનો ડોસો એકદમ યુવાન બનશે, તેની સર્વશક્તિ અને યુવાવસ્થાની ધમક પાછી તેનામા ઉત્પન્ન થશે, એ ખ્યાલ કોઇને સ્વપ્ને પણ હોઇ શકે કે 'એમ થવુ અસ્વાભાવિક અને અસભવનીય સમજીને જ એ લોકો નિશ્ચિત બેઠા હતા"

શત્રુસેનનો આ મુદ્દો બુદ્ધઘોષને ગમ્યો ન હોય એમ લાગ્યુ તે તીવ્રસ્વરે કહેવા લાગ્યો "વજ્રાચાર્ય, બૌદ્ધસઘનો સેકડો વર્ષનો દુર્દિન દૂર થઇ જવા છતા, સુદિનના ઉષકાળે સાવધાનતા અને ક્ષનો ત્યાગ કરવો એ મહામૂર્ખત્વનુ અને અદૂરદર્શિત્વનુ લક્ષણ છે જેમનાપર સર્વવિશ્વનુ કલ્યાણ અવલબી રહેલુ છે તેમણે આવી રીતે ગફલતપણુ બતલાવવુ તે કદી પણ યોગ્ય નથી ! મારા મત પ્રમાણે કરૂષદેશના સઘસ્થવીરે મહા અપરાધ કર્યો છે તેના એ અપરાધના શાસનનો પ્રશ્ન હુ ભવિષ્યમા ઉપસ્થિત કર્યા સિવાય રહીશ નહિ પરતુ હમણા તે પ્રશ્ન જરૂરી નથી આગળ ઉપર જલદીથી આવતા સકટના નિવારણનો ઉપાય શોધી કાઢવો એજ સાપ્રત સમયનુ કર્તવ્ય છે"

"મહાસ્થવીર, આપનો એ વિચાર યોગ્ય છે" વજ્રાચાર્યે કહ્યુ

યશોધવલ પોતાની દીર્ઘ મહા નિદ્રામાથી જાગૃત થઇ પાટલીપુત્રમા આવેલો છે અરે, રાજસભામા તેનો પ્રવેશ થયો છે સમ્રાટ અને તે એકજ સ્થળે રહે છે તેના આગમનની ખબર જો પ્રથમથી મળી હોત તો, માર્ગમા જ ગમે તે યોજના કરી તે સમ્રાટ પાસે ન પહોચે તેવીજ વ્યવસ્થા કરી હોત—નિદાન તેવો પ્રયત્ન

પણ કર્યા સિવાય અમે રહેત નહિ યશોધવલ એ કઇ જેવો તેવો શત્રુ નથી તેની ચપળતા અને કર્તવ્યનિષ્ઠતાથી આપણે અજાણ્યા નથી જ એ ધ્યાનમા રાખવુ જોઇએ છે કે આ વખતે તે પાટલીપુત્રમા આવ્યો છે તે કોઈ સામાન્ય કારણ નિમિત્ત આવેલો નથી રાજધાનીમા આવ્યા પછી સામ્રાજ્યમા ચોતરફ પ્રસરેલી ભયકર અવ્યવસ્થા અને અધેર તેના લક્ષમા આવ્યા સિવાય રહે તે તદ્દન અસભવિત છે અને એ પણ નિશ્ચયથી માની લો કે, એ સ્વરૂપ ધ્યાનમા આવ્યા પછી તે સ્વસ્થ બેસી રહેનારો માણસ નથી સમ્રાટ સાથે યશોધવલને શી વાતચિત થઇ છે તે જાણવાને કોઈ રસ્તો નથી વજ્રાચાર્ય સઘસ્થવીર, હવે આપણે ચેતીને ચાલવાનુ છે નહિ તો ખાત્રીથી માનજો કે આપણો પૂર્ણ રીતે નાશ થયા સિવાય રહેશે નહિ યશોધવલ નગરમા શા માટે આવ્યો છે તે કોઇના સાભળવામા આવ્યુ છે કે,—

શત્રુસેને કહ્યુ “ તે સબધી મે કઈ સાભળ્યુ નથી, પણ તેને નગરમા પ્રત્યક્ષ જોયો હતો ખરો ”

મહાસ્થવીરે આશ્ચર્યથી પુછ્યુ “ તમે પ્રત્યક્ષ જોયો છે ? કેવી રીતે ? ”

“ શશાકનો વધ કરવાના ઉદ્દેશથી હું રાજભૂવનની ચોતરફ ફરતો હતો–છેવટે શશાક મારી દૃષ્ટિએ પડયો તેનો ઉચ્છેદ કરી નાખવાના ઉદ્દેશથી ગગાદ્વારમા ઉભો રહી હુ તેના ભવિષ્યની વાત અતિ આવેશથી કહેતો હતો મારૂ ભવિષ્ય કથન ખરા રગમા આવ્યુ, તેટલામા મે એક વિલક્ષણ પ્રકાર જોયો ! ”

“ કેવો ? ”

“ એક નાની નૌકા કાઠે લાગી હતી અને તેમાથી એક વૃદ્ધ અને એક તરૂણ નીચે ઉતર્યા તે બન્ને સહજ સ્પષ્ટ રીતે જણાવા લાગ્યા કે તરતજ મે યશોધવલને ઓળખ્યો પરતુ તેણે મને જોયો નહિ, અગર તો જોયો હશે પણ ઓળખ્યો નહિ આવુ એકાએક વિચિત્ર

મ કટ ઉપસ્થિત થવાથી એક ઝાડની ડાળપર ચઢી મે આત્મરક્ષણ કર્યું ।"

"પરતુ ત્યાર પછી શુ થયુ તેનો કોઇએ તપાસ કર્યો છે ?" બુદ્ધઘોષે ઉદાસ મને પુછ્યુ

અદ્યાપિસુધી બધુગુપ્ત સ્તબ્ધ બેસી રહ્યો હતો તે હવે બોલ્યો "હા, સાધારણ ખબર મને મળી છે રાજભૂવનમા રહેતા આપણા ગુપ્તચરે જણાવ્યુ છે કે, ગગાદ્વાર પાસે શશાક અને યશોધવલ મળ્યા હતા અને ત્યા જ તેમને પરસ્પર પરીચય થયો હતો ત્યારપછી કુમાર તેમને ગગાદ્વારથી લઈ દરબારમા આવ્યો યશોધવલ જીવત છે એ વાતપર પ્રથમ તો સમ્રાટને વિશ્વાસ આવ્યો નહિ ત્યાર પછી યશોધવલ સભામડપમા આવ્યા બાદ સમ્રાટ પોતે વેદી નીચે ઉતર્યો અને તેને ગાઢ આલિંગન આપ્યુ યશોધવલે દરબાર સમક્ષ જાહેર કર્યું હતુ કે તે પોતાની પૌત્રી માટે અન્ન યાચના કરવા માટે પાટનગરમા આવ્યો છે"

બુદ્ધઘોષ કે જે, વિચાર કરતો સ્તબ્ધ બેસી રહ્યો હતો તે બોલ્યો "બહુ સારૂ ! સમ્રાટ સાથે યશોધવલે શી વાતચિત કરી તેની કોઇને ખબર પડી છે ?"

શત્રુસેન ઉદાસ થઇ બોલ્યો "તે વિષે એક અક્ષર પણ સભળાયો નથી એટલુ જ જણાયુ છે કે, યશોધવલ મહારાણીના મહેલમા ગયો છે અને ત્યા જ તેનો ભોજનાદિ પ્રબધ થયો છે યશોધવલને ત્યા નિવાસ મળવાથી વિષ પ્રયોગ કરવાનુ સાધન પણ રહ્યુ નથી યથોધવલના આગમન પછી મત્રીઓનો એક મત્રણા દરબાર ભગાયો હતો પરતુ તે દરબારમા શુ બન્યુ તે કોઈના જાણવામા આવ્યુ નથી કારણ કે પેલો હરામખોર વિનયસેન પોતે જ તે વખતે સભાગૃહના દરવાજાપર પહેરેગીરનુ કામ કરતો હતો !"

બુદ્ધઘોષે કહ્યુ "એમ છે ત્યારે રાજભૂવનમા હાલના કરતા બમણા જાસૂસો રાખવાની વ્યવસ્થા કરો અને હવથી અત્યત વિશ્વાસુ

બુદ્ધ ભિક્ષુ સિવાય કોઇને પણ એવા કાર્યપર મુકશો નહિ ”

બધુગુપ્તે કહ્યુ “ ઠીક, હવે પછી આપણી સલાહ મસલતની વ્યવસ્થા કેવી કરવી ? હવે મારે બગદેશમા જવુ જ પડશે ”

બુદ્ધઘોષે આશ્ચર્યથી પુછ્યુ “ બગદેશમા ‘ કેમ, શા માટે ? ”

બધુગુપ્તે ખિન્ન સ્વરે કહ્યુ “ હવે યશોધવલના પુત્રનુ મે રક્ત પીધુ છે એ વાત તેના જાણવામા આવ્યા સિવાય રહેશે નહિ કીર્તિધવલ નિ શસ્ત્ર હતો તે વખતે મદિરમા એક કુત્રાની માફક મે તેના હાલહેવાલ કર્યા હતા એ વાત તેના બાપ યશોધવલના જાણવામા આવ્યા પછી તે શુ કરશે તેની કલ્પના પણ મારાથી થઈ શક્તી નથી તમે કોઇ પણ યશોધવલને ભૂલી નહિ ગયા હો તેની વેર લેવાની ઇચ્છા કેટલી ભયકર હોય છે તેની તમને સારી કલ્પના છે. મહાસ્થવીર, હવે હુ પાટલીપુત્રમા રહુ તે અસભવિત છે હુ હવે બગદેશમા જ જઇશ ત્યા જઇને હુ નિશ્ચિતપણાથી મારૂ કામ કરીશ ”

બુદ્ધઘોષે તીક્ષ્ણસ્વરે કહ્યુ “ સઘસ્થવીર ! તમને ગાડપણ તો નથી લાગુ પડ્યુ ને ? આ ઘોર સકટના સમયે તમે પાટલીપુત્ર છોડીને જશો ‘ તમારા યત્કિચિત્ પ્રાણ માટે સર્વ સઘના કાર્યની ધૂળધાણી કરશો ? ધિક્કાર છે ! એમ બનવુ શકય જ નથી મૃત્યુ તમને કઇ છોડવાનુ નથી જ ત્યારે તમારે સઘના કાર્ય માટે કાલના કરાલ મુખમા પડવુ એ જ ઇષ્ટ છે તમારા પૂર્વે સેકડો મહાસ્થવીરોએ અને હજારો ભિક્ષુઓએ સઘના કાર્ય માટે પોતાના પ્રાણ અર્પ્યા છે તેમણે સઘના કાર્ય માટે આત્માપર્ણ કર્યું તેથી તો અદ્યાપિ સુધી સઘ ટકી રહ્યો છે ! સઘસ્થવીર ! મૃત્યુના ભયથી આવી રીતે ડરી ગયેલા મે તમને આ પહેલા કદી જોયા ન હતા હવે તમે મૃત્યુથી એટલા બધા કેમ ગભરાવ છો ? ’

બધુગુપ્તે કપિત સ્વરે કહ્યુ “ મહાસ્થવીર, સામાન્ય પ્રકારના મૃત્યુના ભયથી આ બધુગુપ્ત કદી પણ ચલિત થતો નથી

એ વાત તમે નથી જાણતા એમ કઇ નથી પણ હાય! યશોધવલના હસ્તનુ મૃત્યુ અત્યત—અત્યત ભયકર—તે મૃત્યુની યાતના દારુણ છે! તે કરતા હજારો આઘાતથી મૃત્યુ થશે તો તેને સુખી મૃત્યુ માનીશ! મહાસ્થવીર! હુ બગદેશમા જાઉં છુ! ત્યા નિશ્ચિત થઇ હુ સઘની ઉત્કૃષ્ટ સેવા કરીશ દૂતદ્વારા અગર પત્રવ્યવહારથી વિચારની આપ લે કરવાનુ કામ હુ સારી રીતે કરી શકીશ ”

બુદ્ધઘોષે દૃઢસ્વરે કહ્યુ “અસભવિત! સર્વથા અશક્ય! બધુગુપ્ત, એમ બનવુ શક્ય જ નથી સકટના સમયે જો તમારે સઘની સેવાથી વિમુખ થવુ હોય તો તમારી ઇચ્છામા આવે ત્યા જાવ!”

“મહાસ્થવીર! આપનો કોઇનો એમા દોષ નથી! આપણે બધાએ ભાગ્યચક્રમા ગુચવાયા છીએ! આ પણ મારા અદૃષ્ટનુ જ ફલ છે! નહિ, હુ અહીંથી જઇશ નહિ ”

આ વખતે પૂર્વ દિશામા નારગી રગનુ પડલ ચઢતુ જતુ હતુ થોડીવારે ત્યા એક ભિક્ષુ આવ્યો અને કહેવા લાગ્યો “ દેવ, આ સ્થળ હવે નિર્ભય નથી સૂર્યોદય થવાને હવે વાર નથી! અને લોકોનો અવરજવર શરૂ થયો છે ”

તરત જ બધા ઉઠીને ભિન્ન ભિન્ન દિશા તરફ ચાલ્યા ગયા પોતાના ધર્મબધુથી છૂટા પડતા પડતા બુદ્ધઘોષે કહ્યુ “ સવસ્થવીર, વિશેષ ભય પામવાનુ કારણ નથી યશોધવલ તમારૂ લેશ માત્ર અનિષ્ટ કરી ન શકે તેવી વ્યવસ્થા હુ પોતે કરૂ છુ હવેથી જીર્ણ મદિરના ભોયરાની ઓરડી સિવાય અન્ય કોઇ પણ સ્થળે આપણો મસલતી દરબાર એકત્ર થશે નહિ ”

બુદ્ધઘોષના ગયા પછી શત્રુસેન સ્મિત કરી બોલ્યો “ સ્થવીર તુ ભાગ્યચક્રને માનતો નથીને ? ”

બધુગુપ્તે તેને કઇજ ઉત્તર આપ્યો નહિ તે નીચા મુખે ચૂપકીથી ચાલ્યો ગયો

* * *

પ્રકરણ ૧૭ મુ.

સખીનુ સખીત્વ.

'અરે તરલા ? કાલે તુ ક્યા હતી ? તારી રાહ જોઇને હુ બેસી રહી, પણ તારો ક્યા છે પત્તો ? તારી રાહ જોઇ જોઇને હુ તો થાકી ગઇ ! આખી રાત આખ તો મીચાઈ જ નહિ ! પણ તને મોઇને ક્યા છે દયા ' રાત્રે ઉઘ આવી નહિ, પથારીપર આમતેમ પાસા ફેરવવા લાગી, પણ નિદ્રાદેવી રીસાઇ તે રીસાઇ જ ! છેવટે ત્રીજા પ્રહરે ઉઠી અને બારી પાસે હુ ક્યા સુધી ઉભી રહી હોઇશ તેની તને કલ્પના છે ? મા પણ જાણી ગઇ છે કે કાલે હુ ઉઘી નથી હુ ત્યા ઉભી હતી તે તેના જાણવામા આવ્યુ હશે એટલે તેણે મને પુછ્યુ પણ ખરૂ ! મે તો તેને કહ્યુ કે, 'હમણા જ ઉઠી છુ આજે ઉષ્ણતા બહુ લાગે છે, તેથી ઉભી હતી !' પણ ખરૂ કહે તરલા, તુ કાલે કેમ આવી નહિ ? ”

ફક્ત એક પ્રશ્ન માટે જેણે આટલી લાબી વાત કરી હતી તે પૂર્ણ યૌવનમા આવેલી એક રમણી હતી તેનુ વય વીસ વર્ષ કરતા થોડુ ઓછુ હતુ તપ્ત કરેલા સુવર્ણ પ્રમાણે તેની કાતિ સહજ પીળાશપર હતી તેનો બાધો સુદર અને મુગ્ધકારક હતો ટુકામા કહીએ તો તે તરુણી અસાધારણ સૌદર્યવતી હતી તેના જેવુ સૌન્દર્ય જગતમા દુર્લભ હતુ એમ કહીશુ તો બસ થશે

તરલા અને દેશાનદને આપણુ જે દિવસે છોડી દીધા, તે પછીના બીજા દિવસની આ વાત છે સુમાર એક પ્રહર દિવસ થયો હતો એટલામા તરલા મકાનમા આવી અને આવતા જ પ્રથમ તેણે પોતાના માલીકની પુત્રીની મુલાકાત લીધી તરલા દૃષ્ટિએ પડતા જ તેની સાથે તેના પ્રભુકન્યા પ્રથમ જે બોલી તે ઉપર કહી ચુક્યા છીએ.

તેનુ ભાષણ સાભળ્યા પછી કિંચિત હાસ્ય છટાથી તરલા બોલી

“ બાઈ સાહેબ, કાલે હુ મારા પ્રિયકરને મળવા ગઇ હતી ! તમારૂં દાસત્વ કરતા કરતા મે મારા પોતાના માટે એક પ્રિયકર મેળવ્યે છે !”

વક્રદષ્ટિથી તરલા તરફ જોઇ ‘ બાઈ સાહેબ ’ બોલ્યા મર, જા એક વખત ! અરે, વળી તુએ શુ કરી આવી છુ કોણ જાણે”

તરલાએ હસતા હસતા કહ્યુ “ વળી બીજુ શુ કરવાની હતી ? મનને ગમે તેવો પ્રિયકર મળ્યો એટલે સર્વ જે કરે છે તેજ મે કર્યું ! બાઇ સાહેબ ! આખી રાત કુંજવનમા વ્યતીત કરી સવારે આંખો ચોળતી અહી આવી છુ હમણા ! બાઇ સાહેબ ! ખરી વાત કહેતા તમે મોટા લોકો ચીડાઇ જાવ છો એ અન્યાય ભરેલુ છે ! હુ તમને સીધી અને સરળ રીતે પુછુ છુ બાઈ સાહેબ ! ચીડાશો નહિ ! શુ અમો ગરીબોને હાડમાસ નથી ! અમને કેમ કઇ હોંશ ન હોવી જોઇએ, શુ અમારે મોજમઝા તરફ નજર પણ નહિ કરવી ! કેમ બાઇ સાહેબ બોલતા નથી ? પ્રભુએ પ્રેમ ઉત્પન્ન કર્યો છે તે તમારા જેવા મોટા માણસ માટે જ ! રસ્તામા જ્યારે મને મનગમતો શ્યામ મળ્યો ત્યારે તેનો તિરસ્કાર કરી શા માટે ચાલી જાઉ ! અને મારી ઉમર એવી કઇ વહી ગઈ છે ! બહુ બહુ તો, બાઇસાહેબ ! તમારા કરતા એક બે વર્ષે મોટી હોઇશ, એટલુ જને ! પણ આમ જુઓ ! હજી મારા દાત પણ પડયા નથી કે કેશ પણ પાકયા નથી !”

બાઈસાહેબ પણ કૃત્રીમ કોપથી બોલ્યા “ મર, મર—જા માઇ ! જા એક વખત યમદ્વારે જા—મુઓ કાળ પણ તને કોણ જાણે કેમ ભૂલી જાય છે ? જ્યારે તને તારો વલ્લભ મળ્યો હતો ત્યારે પાછી આવી શુ કરવા ! મને એ બાબતની ખબર જ શા માટે જોઇએ ?” ત્યારપછી તે આવેશથી બોલી “ તરલા, હવે તારી મશ્કરી પુરી કર ! તુ અહી કેવી રીતે આવી તે કહે ! હવે વખત ન ખોઇશ ! મારાથી સહન થતુ નથી !”

તરલાએ કહ્યુ “ કેવી રીતે આવી તે મને ખબર નથી, પણ કેમ આવી તે કહીશ ખરી તમારા માટે હુ આવી છું ! સાભ-

સાહેબ ! ઓહોહો, હો ! એટલા ઉતાવળા શેના થાવ છો ? અંદર તો ચાલો ! ”

કંઇ પણ બોલ્યા વગર તરલાના ખભાપર હસ્ત મુકી તે તરુણી તેની પાછળ પાછળ ગઈ બીજા માળની એક ઓરડીમા પ્રવેશ કર્યા પછી તરલાએ તેના દ્વાર બંધ કર્યાં અને તેને સાંકળ પણ ચડાવી

તરુણીએ તરલાના ગળે બાથ નાખી અતિશય ઉત્કંઠાથી પુછ્યુ “ મળ્યા કે તને ? ”

“ હા ”

એક શબ્દ પણ ઉચ્ચાર્યા સિવાય તરલાને હૃદય સાથે ચાંપી તરુણીએ તેને આલિંગન આપ્યુ અને તેના મુખપર એક ચુંબન પણ કર્યું

તરલા હસતી હસતી બોલી “ છેવટે, મારા કામનું મને આ જ ઇનામ કે ? ”

યુવતીએ હસીને કહ્યુ “ યોગ્ય બક્ષીસ તો તને મળેલો તારો શ્યામ જ આપશે ! ”

“ મારો શ્યામ, કે આપનો, બાઈ સાહેબ ? ”

“ મોઈ ચબાવલીજ છે ને ?—તારો જ—તારો જ શ્યામ ! જેને મળવા તુ કાલે રાત્રે ગઇ હતી ને તારો શ્યામ !

તરલા ખડખડ હસી પડી “ તે મને શી બક્ષીસ આપવાનો હતો બાઇ સાહેબ ? તે તો મૂઓ એક બુઢ્ઢો બંદર છે ! કાલે ગત્ર હુ તેને ગળે સાકળ બાંધી આવી છુ ! અને એકાદ દિવસ જઇ તેને ખરેખરો નચાવી આવીશ ! ”

“ તુકની, તરલા, ડહાપણ જવા દે ! મગળતાથી એક વખત કહેને કે શુ થયુ ? સાચુ કહેને, તે તને મળ્યા ? સાચુ, હે સાચુ તરલા ? ”

તરલા મુખ મરડી બોલી “ ખરૂ નથી બાઇ સાહેબ, તદ્દન

ખોટું !—અમો ગરીબ લોકોને ખરાની પારખ ક્યાથી હોય ? ખરાનો સર્વ ઇજારો પ્રભુએ શ્રીમતને આપ્યો છે ને ? ”

તે તરૂણીએ તરલાનો હાથ પોતાના હાથમા પકડી તેને બારી પાસે લાવી એક આસનપર બેસાડી, અને પોતે પણ તેની પાસે બેઠી

તરલા કઇ ગણગણવા લાગી તેથી તેણે સહજ ચીડાઇ તરલાના ગાલપર ચપાટી લગાવી તે પ્રહાર સહન કરીને પણ તરલા ખડખડ હસતીજ રહી અને થોડીવારે બોલી “ ત્યારે, બાઈ સાહેબ, બીજુ હું શુ કહુ ? ”

ક્રોધ અને અભિમાનથી તે તરૂણીએ તરલા તરફ પીઠ ફેરવી હવે તરલાએ તેને મનાવવાની શરૂઆત કરી તેના મુખ આગળ—તદ્દન મુખની પાસે મુખ લઈ જઇ તે બોલી “ અરે, બાઇ સાહેબ, અરે, યુથિકાદેવી આટલા બધા આ ગરીબ સખીપર કેમ ખીજવાયા ? મારી સામે બરાબર મોઢુ રાખીને તો બેસો—પછી શુ શું બન્યુ તે બધુ કહુ છુ અરે, બેસોને યુથિકાદેવી ! ”

હવે યુથિકાનુ હૃદય નરમ થયુ, અને તે પૂર્વવત્ તરલા સામે મુખ કરી બેઠી

તરલા કહેવા લાગી “ સાચુ કહુ છુ બાઇ સાહેબ ! વસુમિત્ર મળ્યા તો ખરા ! તેમના પિતાને મળી મે તેમને કહ્યુ ‘ અમારા બાઈ સાહેબે શ્રેષ્ઠી વસુમિત્રને કેટલાક રત્ન પરીક્ષા માટે આપ્યા હતા તે ક્યા છે તે આપ જાણો છો ?’ મારો આ પ્રશ્ન સાભળીને ડોસો તો ચકિત જ થયો, અને કહેવા લાગ્યો ‘ મને બાપુ, કઈ ને વિષે ખબર નથી ’ વસુમિત્ર પણ મને એ બાબતમા કઇ કહી ગયો નથી !’ એક રીતે જોતા ડોસો ભલો તો ખરો ! તેનામા દાવપેચનુ તો નામ નથી જોતજોતામા મારા કથનપર તેને વિશ્વાસ બેઠો, અને તેણે તરત જ વસુમિત્ર શેઠનો પત્તો બતાવ્યો. પણ તે મારી સાથે એક ડોસાને મોકલવા લાગ્યો ! મે જાણ્યુ કે,

ધ્યાનમા કે મનમા નહિ હોવા છતા વળી આ સંકટ ક્યા ઉપસ્થિત થયુ ? એટલે યુક્તિ પ્રયુક્તિ કરી હુ ત્યાથી છટકી, અને બહાર આવતી રહી વસુમિત્રનુ સ્થળ જાણ્યા પછી હુ તે જ દિશા તરફ જવા લાગી શહેરની બહાર એક જુના વિહારમા તેમને રાખ્યા છે તે જો કે પૂર્ણ રીતે કેદી બન્યા નથી, તો પણ તેમને ત્યાથી નાસી જવાનો રસ્તો નથી વિહારના ભિક્ષુમાથી કોઇનો કોઇ તેમના-પર દેખરેખ રાખ્યા કરે છે આ વ્યવસ્થા ખાસ લક્ષપૂર્વક કરેલી જણાય છે ”

યુથિકાએ એક લાબો નિઃશ્વાસ નાખ્યો અને કેટલીકવાર મસ્તક નીચુ રાખી સ્તબ્ધ બેસી રહી વળી પાછુ તેણે ઉચુ જોઇ પુછ્યુ·
“ તેમણે તને કઈ કહ્યુ કે ?”

“ મે તો વસુમિત્ર સાથે કેટલીએ વાતો કરી !”

“ શી વાતો કરી ?” યુથિકાએ અધીરાઇથી પુછ્યું

“ તમે મને જે કહ્યુ હતુ તે બધુ મે તેમને કહ્યુ—અને તેથી પણ વધારે સો વાતો સભળાવી આવી છુ, બાઇ સાહેબ !”

“ પણ શુ કહ્યુ તે તો કહીશને ?”

“ મે કહ્યુ, અરે શ્રેષ્ઠી મહારાજ ! સાગરદત્ત શ્રેષ્ઠીની કન્યા યુથિકાદેવીની દૂતી બની—ચીડાશો નહિ એમ બાઇ સાહેબ '–' આ વખતે યુથિકા તેના તરફ તીવ્ર દૃષ્ટિથી જોતી હતી

તરલા આગળ બોલવા લાગી “ મે કહ્યુ બાઈ સાહેબ, ‘ યુથિકાદેવીની દૂતી બની હુ તમારી પાસે આવી છુ તમારા વિરહથી યુથિકા સૂકાતી જાય છે ! થોડા જ સમયમા તે કરમાયુ પુષ્પ ખરી પડ્યા સિવાય હવે રહેશે નહિ ’ અને બીજુ મે શુ કહ્યુ તે જાણો છો કે ?”

“ શુ કહ્યુ ?”

“ કહ્યુ કે, તે પુષ્પ ખરી ન પડે એવી જો તમારી ઇચ્છા હોય તો, વસતઋતુની એકાદ ચાદની રાત્રે લગ્નનો સુદર પોષાક પહેરી—”

યુથિકાના વદનપર લાલી ચઢી તેણે કિંચિત કોપસ્વરે કહ્યુ

“ ઠીક બોલ, પછી શુ થયુ ?”

તરલા હસીને કહેવા લાગી “ જુઓ, દેવી મને હવે એવું લાગવા માડ્યુ છે કે, તમારા દેહની સર્વ રસિકતા ભસ્મ થવા લાગી છે ! ’

યુથિકા સહજ નરમ પડી અને બોલી “ તરલા, બહેન તરલા, હુ તને પગે પડુ છુ ! હવે એ બધી મશ્કરીની વાત એક બાજુએ રહેવા દે ! તેમણે તને શુ કહ્યુ તે બરાબર કહેને બહેન ! ”

તરલા બોલી “ પણ, મે તમને શુ કહ્યુ તેતો બરાબર સાભળો ? પછી તેમણે શુ કહ્યુ તે કહીશ પ્રથમ મે તેમને પુછ્યુ, ‘ મહારાજ,’ હવે તો તે મઠના ભિક્ષુ થયા છે માટે તેમને એ જ સબોધન ઘટે—‘ મહારાજ આવી જ રીતે હવે આ જીવનનો વ્યય કરશો કે ?’ ‘ મહારાજે કહ્યુ, ‘હા, એમ જણાય છે ખરુ, તરલા !’”

યુથિકાના મનને એથી સહજ સ્ફુરણ પામ્યા તરલા આગળ કહેવા લાગી “ વસુમિત્રને જ્યારે મે પ્રથમ જોયા ત્યારે તો બીલકુલ ઓળખાયા નહિ ! તેમના તે ભ્રમર જેવા કાળા કેશ નષ્ટ થઇ ગયા હતા ! તેમના વસ્ત્રોની વ્યવસ્થિત સુદરતાનુ નામ નિશાન પણ ન હતુ ! શ્રેષ્ઠી વસુમિત્રને, ગમે તે હોય પણ એવી સ્થિતિમા કેવી રીતે ઓળખી શકે ? જેમને વસુમિત્ર તરીકે આપણે ઓળખતા હતા, તેમણે તો મસ્તિષ્કનુ મુડન કરાવ્યુ હતુ, અપવાસથી તેમનુ મુખ ધોળુ પુણી જેવુ થયુ હતુ અને મલીન ભગવા વસ્ત્રથી તેમનુ શરીર ઢકાયલુ હતુ ! બધોએ ફેરફાર, બાઈ સાહેબ ! મારા રડયાઓએ તેમનુ પૂર્વનુ નામ પણ બદલી નાખ્યુ છે ! હવે ત્યા આ-

ગળ વસુમિત્ર નામથી પુછીએ તો ઠગો જ ન લાગે દેવી ! તેમનુ નવીન નામ શુ રાખવામા આવ્યુ છે તેની છે ખબર ?"

યુથિકા નીચુ વદન કરી બેસી રહી હતી તેનાથી તરલાના મુખ તરફ નજર કરવાનુ પણ સાહસ થતુ ન હતુ !

"તેમનુ નવીન નામ જ્ઞાનાનન્દ છે સાભળ્યુ કે બાઇ સાહેબ ! તમને જે ભય લાગે છે તે તદ્દન નિરાધાર છે ! તમારી સાથે વસુમિત્ર લગ્ન કરશે એમ માનીને ચારૂમિત્રે કઇ છોકરાને દેશવટો આપ્યો નથી ચારૂમિત્રના મૃત્યુ પછી તેની અઢળક સપત્તિ વિસુમિત્રને મળવાની હોવાથી બૌદ્ધ ભિક્ષુઓએ ચારૂમિત્રને પોતાના છોકરાને ભિક્ષુ બનાવવા આદેશ કર્યો હતો ભિક્ષુ થયા પછી પુત્રનો –બૌદ્ધનો હક્ક પિતાની સપત્તિપર રહેતો નથી તેની સર્વ મીલકત બૌદ્ધ મઠને મળે છે એ માટે જ ચારૂમિત્રે પોતાના એકના એક છોકરાનુ બળીદાન આપ્યુ છે !"

યુથિકા ડરકા ભરતી બોલી "ત્યારે પછી બહેન, એનો કઈ ઉપાય ?"

"ઉપાય બીજો શો ? ઉપાયમા હવે એક પરમેશ્વર ! મઠમાથી પાછા ફરતા જ મે એકાગ્ર ચિત્તથી પ્રભુનો જાપ જપ્યો તેજ કારણુથી કે કોણુ જાણે શાથી, ભગવાને મને રસ્તામા જ એક ઉપાય બતાવી દીધો ! તે મઠમા કેટલાક દુષ્ટ ભિક્ષુઓ છે તેમાનો જ એક પ્રૌઢ વયનો ભિક્ષુ તે આ જ્ઞાતાઓનો નેતા છે મઠમાથી પાછા ફરતા સધ્યાકાળ થઇ ગઈ તેથી હુ ઉતાવળે પગલે ચાલવા લાગી થોડેક રસ્તે ગઈ તો મને કોઇએ મારી પુઠ પકડી હોય એમ લાગયુ પહેલા તો હુ એટલી બધી બ્હીધી કે કઇ કહેવાની વાત જ નહિ ! બે ત્રણ વખત અધકારમા લપાઇ જઇ તે પાછળ આવતા માણુમને ભૂલાવામા નાખવાનો મે પ્રયત્ન કર્યો, પરતુ તે મુઆએ કેમે કરતા મારો પીછો છોડ્યો નહિ લગભગ બે ત્રણ ઘડી આ રમત રમ્યા

પછી છેવટે તેનુ મુખ મને જણાયુ તે દેખાતા જ હુતો ગભરાઇ ગઇ ! મારા શરીરના રૂવા ઉભા થઇ ગયા શુ કહુ બાઇ સાહેબ ? પણ ક્ષણમા મારી ખાત્રી થઇ કે બ્રહ્મદેવે જ એ સુખ મારા નસીબમા લખ્યુ છે કારણ કે, જેણે મારી પુઠ પકડી હતી તે, તેજ મદનો એ બુઢ્ઢો બદર હતો !"

યુથિકા એકદમ બોલી ઉઠી " એમ ! ' મૂઓ વાદર ? "

તરલા કૃત્રિમતાથી બોલી " તમને ખરેખર કહુ છુ બાઇ સાહેબ, તમે વસુમિત્રના ચહેરા તરફ કલાકના કલાક સુધી કેમ જોઇ રહેતા હતા, અને તમારા નેત્રની પાપણ પણ કેમ હાલતી ન હતી, એનુ રહસ્ય હવે સારી રીતે સમજાયુ બાઇ સાહેબ ! " એમ કહી તરલાએ શ્વાસ ખેચ્યો

યુથિકાએ તેને કઇ પણ ઉત્તર આપ્યો નહિ માત્ર એક પ્રેમી તમાચ મારી !

તરલા કહેવા લાગી " એમજ કહોને કે, મારા બોલવાપર તમને ભરોસો જ નથી ત્યારે નિરર્થક તમારા જેવા અરસિક શ્રોતા આગળ મારા તે પ્રિયકરના રૂપનુ વર્ણન કરી શુ કરવા માથુ પકવવુ ? હવે તમારી જ વાત કહુ છુ ત્યાર પછી છુપાઇ રહેલી જગ્યાએથી બહાર આવી તે શ્યામ સુદર સાથે મે ઘણી વાતો કરી અરે બાઇ સાહેબ, એક વખત માણસ પ્રેમમા પાગલ થાય છે તો પછી તેનો મરણ સિવાય છુટકો થતો નથી તે ગેડના છોકરા સાથે મુખ આગળ મુખ રાખી સર્વ દિવસ બેસી રહેતા હતા તે એટલામા ભૂલી ગયા કે ' વસતની ચાદની રાત્રે શ્યામસુદર પોતાની રાધાને શામાટે ત્યજી જાય ? અગ્નિ તો ત્યાં ન હતો, ત્યારે ચદ્રને જ સાક્ષી રાખી અમે અમારૂ ગાધર્વવિધિથી લગ્ન કરી દીધુ, અને શુ કરૂ બાઇ સાહેબ ? "

યુથિકા રહજ ડટાળીને બોલી "તરલા તુ અતિ દુષ્ટ છે ! હવે તારી આ મશ્કરી મને બીલકુલ મધુર લાગતી નથી ! તારા પગે પડુ

છુ–તને મારા શપથ છે શુ થયુ તે સીધી અને સાદી રીતે કહે—”

તરલાએ કહ્યુ “ બહેન, આવી શી વાત કરો છો ! તમે તો હજુ યુવાવસ્થામા પ્રવેશ કરો છો, હુ તો ઘરડી ડોસી થઈ છુ ! તો પણ માણસ જ ને ? શુ હુ કદી પ્રેમજાળમા સપડાઉ જ નહિ ? ”

યુથિકા ગુસ્સાથી ઉઠીને જવા લાગી, ત્યારે તરલાએ હાથ પકડી તેને નીચે બેસાડી કહ્યુ “ સાભળો બાઇ સાહેબ, બધુ હુ કહુ છુ એટલા અધીરા શેના બની જાવ છો ? તે મૂઓ ભિક્ષુ ખરેખર મારી પાછળ પાગલ બની ગયો હતો, અને તેથી જ તેણે મારો પીછો પકડયો હતો હુ બહાર આવી તે સાથે જ તે માર ચરણમા આળોટી પડયો, મે પણ તેની તે પ્રેમચેષ્ટાને ઉત્તેજન આપી તેને આકાશનો ચદ્ર પકડવા કહ્યુ છે ! મે વસુમિત્રને એવુ આશ્વાસન આપી મુકયુ છે કે “ હુ તમોને મુક્ત કરીશ જ ! ” મઠમાથી પાછા ફરતા હુ મનમા કહેવા લાગી કે મે શેઠને આશ્વાસન તો આપ્યુ પણ તેમને કયે માર્ગે છોડાવીશ ? ત્યારે અચાનક પ્રભુએ આ માર્ગ બતલાવી દીધો એ વાદરની સહાયતાથી હુ વસુમિત્રને તે કેદખાનામાથી છોડાવીશ પરતુ કેવી રીતે બહાર લાવવા તે હજુ સુઝતુ નથી હવે બાઇ સાહેબ એ વિષે એક પણ વાત પુછશો નહિ બાઇ સાહેબ, મારા માટે કઈ પુછે તો કહેજો કે તે તેની માસીની દીકરીના લગ્નમા કઈ દૂર ગઇ છે પાચ સાત દિવસે આવવાની છે ! અને સાચુ કહુ છુ બાઇ સાહેબ, મારી બહેનનુ નામ પણ યુથિકા જ છે ! ”

યુથિકાએ કહ્યુ “ તારા મુખમા પૂળો મુકે ! ”

“ હવે મુખમા પૂળો મુકવાનો નથી, બાઇ સાહેબ ! ”

“ ત્યારે શુ ? ”

“ તારા મુખમા સાકર ! એમ જ કહેવુ જોઇતું હતું ! ” એટલુ કહી તરલા ત્યાથી હસતી હસતી જતી રહી.

* * *

પ્રકરણ ૧૮ મું.

જીર્ણમંદિર.

તરલા પોતાના માલીકનુ ઘર છોડી રાજમાર્ગપર આવી અને બજાર તરફ ચાલી બજારમા જુદી જુદી ત્રણ દુકાનમાથી તેણે ત્રણ પુરૂષના પોષાક—પહેરવા અને ઓઢવાના વસ્ત્ર તથા જોડા અને ફેટા— ખરીદ કર્યા આ પોષાકની પોટલી તે પદર નીચે રાખી પોતાને ઘેર ગઇ નગરના અંતમા તરલાની માસીની એક નાની ઝૂંપડી હતી. તરલાના ઘરમા આજ હતું ! તે હમેશાં—રાત્રે પણ કામકાજના નિમિત્તે પોતાના માલીકને ઘેર રહેતી હતી, તોપણ કદી કદી વચ્ચે વચ્ચે સ્વામીની પાસેથી રજા લઇ બે ત્રણ દિવસના આતરે ઝૂપડીમા આવી પોતાની માસી પાસે રહી જતી હતી તરલાની માસી બહુબોલી હોવાથી તેનાથી વધારે દિવસ એ ઘરમા રહેવાતુ ન હતુ. તરલાની માસીમા ગુણ પણ ઘણા હતા—ઘણુખરૂ તેને કઇ દેખાતુ ન હતુ એમ કહીએ તો ખોટુ નથી તે જ પ્રમાણે તેના કાન પણ શંખનાદથી ડરે તેમ ન હતા માત્ર તે બોલવામા શૂરવીર હતી તેના મુખની તોપ સામે ભાગ્યે જ કોઇ ટકી શકે !

પોતાના આ ઘરમા આવી તરલા પોટલી ઓરડીના એક ખુણામા મુકી ખાઇ પીને ઉંઘી ગઇ ત્રણ પ્રહર વ્યતીત થયા પછી ઉઠીને કેશ બરોબર ઓળી કપડાંનો બનતો ઠાઠ કરી તે ઝૂપડીમાથી બહાર નીકળી. જતી વખતે તેણે માસીને કહ્યુ “માસી બાઇ સાહેબ પાસેથી બે દિવસની રજા લઇને હુ આવી છુ ! હુ જરા કામે જાઉ છુ મને આવતાં રાત પડશે આજે હુ મારી એક સખીને તેડી લાવવાની છુ ”

ઘરમાથી બહાર નીકળી તરલાએ નગરના દક્ષિણ ભાગ તરફ ચાલવા માડ્યુ તે વખતે દિવસ અસ્ત પામવાને વાર ન હતી.

જનસમૂહથી ખીચ રહેતા રાજમાર્ગને છોડી તરલા મહાનગરીના બહાર ઉપનગરમા આવી પહોચી તે દિવસે તે જુના બૌદ્ધ વિહારમાથી જે રસ્તે પાછી આવી હતી તેજ રસ્તે આ વખતે તે મઠ તરફ જતી હતી પરતુ થોડે દૂર ગઇ નહિ તેટલામા જ તેને જણાયું કે, રસ્તાને લાગીનેજ તાડવનમા પુષ્કરણીના કાઠાપર એક માણસ બેઠેલો છે અને તે આવતા જતા માણસ તરફ લક્ષપૂર્વક જોઈ રહ્યો છે।

તે વ્યક્તિ દૃષ્ટિએ પડતા જ તરલાએ સીધો રસ્તો છોડી તાડવનમા પ્રવેશ કર્યો પગનો ખડખડાટ ન થવા દેતા ધીમે ધીમે તે પેલા માણસની પાછળ ગઇ અને એકદમ તેના નેત્ર દાબી દીધા।

તરલાના હાથપર હાથ ફેરવી તે માણસ હસી પડીને બોલ્યો "તરલા, ઓળખી, મે તને ઓળખી! આવો કોમલ સુવાળો હાથ આખા પાટલીપુત્રમા તારા સિવાય બીજો કોનો હોય?"

તરલાએ પણ ખડખડ હસી તેની આખોપરથી હાથ ઉઠાવી લઇ કહ્યુ "આચાર્ય, ઝરાના કીનારાપર—અહીં બેસીને શુ કરતા હતા?"

દેશાનંદ તરલાના વદન તરફ એકાગ્રદૃષ્ટિ જોતો જોતો બોલ્યો "એક તરસ્યા ચકોરની માફક તારા મુખચદ્રના ઉદયની રાહ જોતો હતો, તરલા! પણ ચદ્રનો ઉદય થયો ખરો! ચાલ તરલા, ચાલ આપણે જઇએ!"

"પણ, કયા જવું છે?"

"કયા એટલે? કુજમા!"

"આચાર્ય, તમે તો ભગવા પહેર્યા છે! તમારે શા કુજ ને ગુજ?"

"તરલા, તુ તો અરસિક શીરોમણી છે!" દેશાનદે ખિન્ન થઇ કહ્યુ.

"ઠીક, ગમે તેમ હો! પણ તમારો કુંજ કયા છે?"

દેશાનદના મુખપર પ્રસન્નતા આવી તેણે ઉત્કઠાથી કહ્યુ "કેમ ? સઘારામનો કુજ છેને ?"

તરલા અવિશ્વાસથી બોલી "શુ કહો છો તમે ? સઘારામ શુ એકાત સ્થળ છે ? અરે, તે દિવસે હુ ત્યા આવી ત્યારે તમારા ભિક્ષુઓનો મને તો એક અખાડો જ જણાયો આ વખતે તે ભિક્ષુ તમને પકડયા સિવાય રહેશે કે ?"

દેશાનદ આખો મીંચી માથુ હલાવતો બોલ્યો "તને નિરર્થક ખોટુ કહેવામા મને શો લાભ છે ? તરલા ! સઘારામમા જોઇએ તેટલી એકાત જગ્યા છે તુ મારી સાથે ચાલતો ખરી, પછી હુ તારી ખાત્રી કરી આપુ છુ "

તરલા ક્ષણવાર વિચાર કરીને બોલી "ઠીક ચાલો ત્યારે પણ તમે મારી આગળ ઘણે છેટે ચાલો !"

"ઠીક, તેમ !" દેશાનદ કઇક નિરાશાથી બોલ્યો

દેશાનદ આગળ ચાલવા લાગ્યો તેની પાછળ કેટલેક દૂર રહી તરલા પણ જવા લાગી તે વખતે સાયંકાલ થઇ અંધકાર પણ પ્રસરતો હતો. ઉપનગરનો રાજમાર્ગ હવે બહુધા નિર્જન થયો હતો. દેશાનદને ટેવ હોવાથી તે અધારામા બીન હરકતે ચાલ્યો જતો હતો, પરતુ તરલા ઠોકરો ખાતી ખાતી પગલા ભરતી હતી

કેટલીક વારે તે બન્ને પેલા જીર્ણમદિર આગળ આવી ઉભા રહ્યા વસ્ત્રમાથી ચાવી બહાર કાઢી દેશાનદે તેનું તાળુ ઉઘાડયુ મદિરનો દરવાજો ઉઘાડી તેણે તરલાને ધીમેથી કહ્યુ "અદર આવ તરલા !"

તરલા આ વખત મોટી જાળમા સપડાઇ હતી ! આ સ્થળ તો દેશાનદના કહેવા પ્રમાણે પૂર્ણ રીતે એકાત છે ! હવે શુ કરવુ ? આ નિર્જન સ્થળમા આવા લુચ્ચા મૂર્ખ માણસ સાથે કેમ જવાય ? ઉદ્દેશ પાર પાડવા શી યુક્તિ કરવી ! આ પાગલનો અને મળેલી તકનો કેવો ઉપયોગ કરવો ? વગેરે કેટલાએ પ્રશ્નો

એક પલમા તરલાના હૃદયમા ઉપસ્થિત થયા ! તે પૈકી, આ પાગલ બનેલા માણસના હાથમાથી આ પ્રસંગે પોતે કેવી રીતે છૂટવુ એ પ્રશ્ન અત્યત મહત્વનો હતો !

તરલાને અદર આવવામા વિલબ કરતી જોઇ દેશાનદનુ ધૈર્ય ખૂટતુ જતુ હતુ ! તે સહજ ચીડાઇને બોલ્યો " અરે, આ શુ તરલા ! અદર આવને ! બહાર ઉભી રહીને તુ લા શુ કરે છે ? ખરૂ છે તરલા, તું ગાડી જ છે ! જો કોઇ તે તરફથી આવશે અને તને જોશે તો મોટી ફજેતી થશે ! આવ, ચાલ અદર આવ ! "

તરલા હવે નિરૂપાય બની પગથીયા ચઢી ઉપર ગઇ અને દ્વારના ઉમરામા જ બેઠી !

આ જોઇ દેશાનદ કટાળ્યો ભ્રકૂટી ચઢાવી તે બોલ્યો " અરે, આ શુ તરલા ? ઉપર આવી ત્યારે ત્યા બેઠી ! ચાલ અદર આવ—એટલે દ્વાર બધ કરી લઉં ! "

તરલા થરથરતા અવાજે બોલી " મને તો બહુ બ્હીક લાગે છે ! "

" અરે ગાડી, અહીં શેની બ્હીક છે તને ! "

" આ તો ભયાનક અધકાર છે ! અદર દીવા તો સળગાવો ! "

દેશાનંદે કટાળો ખાઇ કહ્યુ " તને ગાડપણ તો નથી લાગ્યુને ? અરે, દીવો સળગાવુ એટલે સર્વને સહજ જ ખબર ન પડી જાય કે ? વાહરે વાહ ! તુ તો ભલી છે તો ! "

" અરે, પણ અહીં કોણ શોધવા આવવાનુ છે ? દીવો સળગાવ્યા સિવાય હુ અદર પગ મુકીશ નહિ ! "

છેવટે નાઇલાજે દેશાનંદે દીવો પ્રકટાવવાનુ ઠરાવ્યુ અને કાળા ઘોર અધકારમાં તે દીવો શોધવા લાગ્યો તરલા દરવાજા પાસે અધારામા જ ઉભી રહી

એટલામા તરલાને દૂરથી મનુષ્યનો શબ્દ સ્પષ્ટ રીતે સભળાયો તે સાભળતા જ તેણે ગભરાતા ગભરાતા દેશાનદને કહ્યું " અરે, અરે

આચાર્ય ઝટ અહીં આવો ! કોઈ માણસનો અવાજ સંભળાય છે મને !"

તરલાએ ગભરાતા ગભરાતા કરેલા [illegible] ગાતા જ દીપક શોધવાનુ કામ છોડી તરત જ દેશાન [illegible] પાસે આવ્યો બન્નેએ આખો ખેચી દૂર સુધી જોયુ, તો બરાબર ! તેમને બે વ્યક્તિ તે મંદિર તરફ આવતી જણાઈ તે જ ક્ષણે એક શબ્દ પણ ન બોલતા દેશાનંદે તરલાનો હાથ પકડ્યો અને તેને જોરથી ખેચી લઈ અંદર ગયો અંદરની વિશાળ મૂર્તિની આડે બન્ને લપાઈ ગયા

તે બે વ્યક્તિ થોડીવારે મંદિરના બારણા આગળ આવી પહોચી તે પૈકી એકે બીજીને પુછ્યુ ' આ શુ સ્થવીર ? મંદિરનુ દ્વાર તો ઉઘાડુ દેખાય છે !"

બીજી વ્યક્તિ ઝટપટ પગથીયા ચઢી ઉપર આવી, અને બરાબર નજર ફેરવી તેણે પહેલી વ્યક્તિને કહ્યુ " હા સ્થવીર હા ! મંદિરનુ બારણુ ખરેખર ઉઘાડુ છે ! બંધુગુપ્ત તારો દેશાનંદ દિવસે દિવસે ગાડો થતો જાય છે ! આજે જ તેના બદલે બીજા કોઈને મંદિરના રક્ષણ માટે નીમ તેમ કર્યા સિવાય હવે ચાલશે નહિ !"

બન્નેએ થોડીવારે મંદિરમા જઈ બારણા બધ કરી લીધા બંધુગુપ્તે દીવો ઉચકી પ્રકટાવ્યો અને પુન તે જ સ્થળે મુકી દીધો ત્યાર પછી આસનો લઈ તે બન્ને નીચે બેઠા આ તરફ મૂર્તિની પાછળ અંધકારમા ઉભો રહેલો દેશાનંદ વાયુચક્રમા સપડાયલા કદલીસ્તંભ પ્રમાણે થરથર કંપતો હતો !

શત્રુસેને પુછ્યુ " સંઘસ્થવીર, તારૂ મુખ આટલુ કેમ સુકાઈ ગયુ છે ?"

" કેવળ યશોધવલના ભયથી !"

' અરે, પણ યશોધવલથી તુ એટલો કેમ ડરે છે તે હુ સમજતો નથી !"

બંધુગુપ્ત ગદ્ગદ સ્વરે બોલ્યો " તું પાછો બધું ભૂલી ગયો કે

શુ ? અત્યાર સુધી યશોધવલને મરણ પામેલો જાણી હુ નિશ્ચિંત હતો" એમ કહી તેણે દીર્ઘ નિશ્વાસ નાખ્યો.

"હજી પણ હુ મરણથી ડરતો નથી કોઈનાએ હાથના મરણથી હુ ડરતો નથી પણ શુ કરૂ ? યશોધવલનુ નામ સભળાતા જ મારા હાજા ગગડી જાય છે તેના કર્ણપર જો તેના પુત્રના મરણની સર્વ હકીકત જશે તો મારા હાલ બેહાલ કરી તે મને ઠેર માર્યા સિવાય રહેશે નહિ ! હુ સામાન્ય મરણથી બ્હીતો નથી પણ શરીરના રાઈ રાઈ જેટલા ટુકડા થઈ પ્રાપ્ત થતા મૃત્યુનો ભય મને મહાન લાગે છે !"

"સઘસ્થવીર, તે કીર્તિધવલને કેવી રીતે માર્યો હતો ?"

"તને ખબર નથી વજ્રાચાર્ય ?"

"કેવી રીતે હોય ? તે મને કદી પણ કહ્યુ નથી !"

"હા—મે તે વાત ખરેખર કોઈને કહી નથી સાભળ ત્યારે તે બધી હકીકત તને કહુ છુ "

કેટલીક વારે મસ્તિષ્ક ખજવાળતો ખજવાળતો બધુગુપ્ત બોલ્યો "ના, વજ્રાચાર્ય, તે વાત હુ કહીશ નહિ મને અતિશય ભય લાગે છે !"

બધુગુપ્તના મુખના આ શબ્દ સાભળીને શત્રુસેન હસી પડ્યો અને કહેવા લાગ્યો "સ્થાવીર, દિવસે દિવસે તારૂ ભાન જતુ જાય છે એમ લાગે છે તારે તે હકીકત કહેવી હોય તો કહે, નહિ તો ના કહીશ પણ અહીં તે કહેવામા ડરવા જેવુ કઈ નથી ! મદિરનુ દ્વાર આપણે સજ્જડ રીતે બધ કર્યુ છે અદરથી એક શબ્દ પણ બહાર જવાનો સભવ નથી મદિરમા આ દીપક પ્રકાશે છે—એના પ્રકાશથી તુ સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે, મદિરમા તુ, હુ અને દેવની મૂર્તિ સિવાય પક્ષી સરખુ પણ નથી ! છતા તુ એટલો બધો કેમ ડરે છે તે હુ સમજી શકતો નથી !"

“ખરૂ છે વજ્રાચાર્ય, હુ નકામો જ ભય પામુ છુ ! કીર્તિધવલ જ્યારે બગદેશમા પોતાનુ ઉત્પન્ન વસુલ કરવા ગયો હતો, ત્યારે પૂર્વ મન મહાન સકટમા જ હતો ધવલવશના સર્વ મનુષ્યો રાજનીતિ કુશળ અને યુદ્ધકળા વિશારદ હતા, અને હાલ પણ છે વારવાર યુદ્ધમા પરાજય પામી ત્યાની બડખોર પ્રજા જ્યારે બડ કરવા તૈયાર થઈ ત્યારે તેમને કોઇ પણ પ્રકારની શિક્ષા ન કરતા, કીર્તિધવલે તેને પૂર્ણ ક્ષમા બક્ષી તે સર્વને વશ કરી લીધી હુ તે વખતે બગદેશમા હતો પરતુ હજારો પ્રયત્ન કરવા છતા પણ સદ્ધર્મી લોકોને કીર્તિધવલ વિરૂદ્ધ ઉત્તેજીત કરવામા હુ વિજયી થયો નહિ મે ઘણો વિચાર કર્યો યશોધવલના પુત્રને કોઇ પણ રસ્તે હણ્યા સિવાય સવની કાર્યસિદ્ધી થવાની આશા મને જણાઇ નહિ ! મે પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ બીજો એકે ઉપાય મળ્યો નહિ ! પરતુ બગદેશવાસી પૈકી કોઈ પણ કીર્તિધવલપર પ્રહાર કરવાને કબુલ થયો નહિ તે પણ અગરક્ષકોને લીધા સિવાય કદી બહાર નીકળતો ન હતો ઘણા દિવસે મને એક એવી ખબર મળી કે, કીર્તિધવલ દરરોજ સાયકાળે તારાદેવીના મદિરમા દર્શનાર્થે જાય છે ત્યારથી હમેશ સધ્યા સમયે હુ તેની પાછળ જવા લાગ્યો, પરતુ કદી પણ તેના અગને માત્ર સ્પર્શ કરવાની હિમત પણ થઇ નહિ ! એક દિવસે દેવીના મેળા વખતે સદ્ધર્મી અને બ્રાહ્મણોમા કલહ થઈ મારામારી થવા લાગી તે દિવસે યોગ્ય સધી જોઇ દૂર છુપાઇ રહી મે કીર્તિધવલને એક બાણ મારી ઘાયલ કર્યો લોકોમાથી કોઇએ તેને કે મને જોયો ન હતો ! કીર્તિધવલ દેવીના મંદિર આગળ પડ્યો હતો અંધારામા જ્યારે તેના સેવકો તેને શોધવા લાગ્યા ત્યારે તેની પાસે જઈ મે જોયુ તો કીર્તિધવલ જીવતો જણાયો તેને જે જખમ થયો હતો તે કઇ વિશેષ ભયકર ન હતો તે જ વખતે દેવળના ગર્ભસ્થાનમા હુ ગયો અને દેવીના હાથની તલવાર લઇ કીર્તિધવલના

હસ્તપાદ અને મસ્તિષ્કને જુદા પાડી દીધા ! તરત જ યાતનાથી તે શુદ્ધિપર આવ્યો શરીરમાથી અતિશય રક્તપ્રવાહ છૂટવાથી અને ભયકર દુખથી તેને અતિશય તૃષા લાગી તેથી તે પાણી માગવા લાગ્યો શત્રુના રક્તના દર્શનથી આનદી બની ઉન્મત્ત થઇ મે તેની મૃત્યુ સમયની છેવટની દયાજનક પ્રાર્થના તરફ બીલકુલ લક્ષ આપ્યુ નહિ અને પાણી વિના તરફડાવી સઘના એક મહાન શત્રુનો એવી રીતે નિપાત કર્યો !”

કીર્તિધવલના આ ભયકર કરપીણ ખૂનની વાત સાભળતા સાભળતા મદિર પાછળ ઉભેલી તરલા અધકારમા થરથર ધ્રૂજતી હતી તેનુ શરીર પરસેવાથી તરબોળ થઇ ગયુ હતુ !

કેટલીક વાર સુધી ચૂપ રહી નિશ્વાસ નાખતો શત્રુસેન બોલ્યો “ બધુગુપ્ત ! તુ મનુષ્યરૂપી રાક્ષસ છે ! તને બૌદ્ધસઘમા ભિક્ષુની દીક્ષા કેમ આપી તે હુ સમજી શકતો નથી !”

‘ વજ્રાચાર્ય, એ વાત હવે મુખમાથી કાઢીશ પણ નહિ ! તે દિવસથી મને હમેશ સ્વપ્ન આવે છે કે, જાણે દેવીના મદિર સામે કીર્તિધવલ જખમી થઇ પડયો છે અને મત્યુની યાતનાથી કરૂણ સ્વરે પાણી માગે છે, અને હુ તેના રક્તદર્શનથી આનદમા ઉન્મત થઇ નાચુ છુ ! યશોધવલ નગરમા આવ્યો છે, એમ સાભળ્યુ ત્યારથી પ્રત્યેક રાત્રે મને એવો ભાસ થાય છે કે, હુ તે જ દેવળ આગળ પડયો છુ, મૃત્યુની ભયકર યાતનાથી તરફડુ છુ અને હાથમા તલવાર લઇ રક્તથી શરીર રગીને યશોધવલ આનદમા બેભાન થઇ નાચે છે !”

અ ઘટિકા સુધી ઉભય ભિક્ષુઓ સ્તબ્ધ બેસી રહ્યા દેવળમા શાન્તિ પ્રસરી, પણ તેનો ભગ કરી બધુગુપ્તે કહ્યુ “ વજ્રાચાર્ય, ચાલ આપણા સઘારામમા પાછા જઇએ આ એકાન્ત વાસ મને અસહ્ય [illegible]વા લાગ્યો છે !”

દીવો ઓલવી એક શબ્દનો પણ ઉચ્ચાર ન કરતા તે બન્ને ત્યાથી ચાલ્યા ગયા

મૂર્તિ પાછળ આચાર્ય દેશાનદ હજી પણ ટાઢ ચડી હોય તેમ ધ્રૂજી રહ્યો હતો બધુગુપ્ત અને શત્રુસેનને જતા રહેલા જોઈ તરલા બોલી “ચાલો અહીંથી નીકળી જઇએ ”

દેશાનંદે ડોકુ ધૂણાવી કહ્યુ “તરલા, આ વખતે તો હુ ઠાર થઇ ગયો છુ ! તારા પ્રેમમા ડૂબી જવાથી મારી શુદ્ધિ જતી રહી છે !”

તરલાએ કહ્યુ “હવે અહીં રહેશો ત્યારે શુદ્ધિ તો શુ પણ માથુ જતુ રહેશે ખરૂ ! પહેલા ચાલો—ચાલો !”

હતાશ બની દેશાનંદે કહ્યુ “ચાલ ત્યારે જઇયે !”

બન્ને તરત જ મદિર બહાર આવી ઉભા રહ્યા તરલાએ જોયુ કે દેશાનદ ભયથી અર્ધો થઈ ગયો છે તેને ધીરજ આપવા માટે તે બોલી “તમે આટલા ડરી કેમ ગયા છો ? એ વાદરા તમને શુ કરવાના છે ! ચાલો મારી સાથે, હુ તમને એવી જગ્યાએ છુપાવી રાખીશ કે તમે સાત જન્મ સુધી શોધતા જડશો નહિ !’

તરલાના આ ભાષણથી દેશાનદનો ભય દૂર થઇ પ્રાણ રક્ષણની આશા ઉદ્ભવી તે કહેવા લાગ્યો “ત્યારે હવે અહીં ઉભા રહેવામા શો અર્થ છે ? ચાલ, હમણા જ આપણે નાશી જઇએ ”

તરલાએ કહ્યુ “નિરર્થક એમ ગભરાઈ જશો નહિ હજી અહીં થોડુ કામ છે તે પ્રથમ પુરૂ કરવા દો ”

“વળી તારૂ શુ કામ રહ્યુ ?”

“ભિક્ષુ જ્ઞાનાનદને એકવાર મળવુ છે ”

દેશાનદને તરલાનો આ વિચાર પસદ પડ્યો નહિ તેણે કહ્યુ-

“જ્ઞાનાનદ તને કેવી રીતે મળી શકશે ?”

“કેમ ભલા ?”

“તે તો સઘારામમા કેદી બની બેઠા છે—”

"ત્યારે તમારો શો ઉપયોગ ?"

"ઠીક, તારે ત્યા જવાની જરૂર નથી હુ જ તેને અહીં બોલાવી લાવુ છુ"

"સારૂ, પણ વહેલા આવજો ! હુ તમારી વાટ જોતી અહીં બેસુ છુ"

દેશાનદ ચાલ્યો ગયો ડોસાને પકડવાથી તેનો ઉપયોગ થઇ શકશે છે એ વિચારથી તરલાને અતિશય આનદ થયો તે મન્દિર પાછળ ભરાઈ રહી

થોડા જ વખતમા જીનાનદને લઈ દેશાનદ ત્યા આવ્યો અને તરલાને કહેવા લાગ્યો "તારે જે કામ હોય તે જલદીથી પતાવી લે જીનાનદને નહિ દેખે તો સઘના ભિક્ષુ સશયિત બની તેને શોધવા આ તરફ આવ્યા સિવાય નહિ રહે"

"આચાર્ય, હુ મારૂ કામ જોતજોતામા પતાવી લઉ છુ, પણ તમે મદિરમા જશો ? જીનાનદ સાથે મારે કેટલીક ગુપ્ત વાત કરવી છે"

દેશાનદ તરલાની આજ્ઞાને આધીન થઇ તરત જ મદીરમા ગયો. તરલાએ દ્વાર બધ કરી દીધા અને જીનાનદને ધીમે રહી કહેવા લાગી "મહારાજ મને ઓળખી કે ? હુ તરલા છુ આપને અહીંથી લઇ જવા હુ આવી છુ હવે આપ મને કઇ પણ પુછશો નહિ હુ તમને જે જે કરવાનુ કહુ તે વગર બોલેચાલે કરો !"

જીનાનદ ઉર્ફે વસુમિત્ર દિગ્મૂઢ બની ગયો તરલાએ મદિરના દરવાજા પાસે ઉભી રહી ધીમેથી બોલી "આચાર્ય—"

"કેમ ?" આચાર્યે અદરથી ઉત્તર આપ્યો

"તમારા બધા વસ્ત્ર મને આપો તો હુ તે પહેરી લઉ—"

"એટલે ?"

"એટલે શુ છાનામાના કહુ તેમ કરો જો, તમે તમારા

હમેશના વેશમા મારી સાથે રાતને પહોર બહાર નીકળશો તો તમને અહીંના લોકો ઓળખ્યા સિવાય રહેશે કે ? ”

“ હા, તુ કહે છે તે ખરૂ છે, તરલા ! ”

એમ કહી દેશાનંદે પોતાના વસ્ત્રો કાઢી એક પછી એક બહાર આપવા માડયા તેના સર્વ વસ્ત્ર હાથમા આવ્યા પછી તરલાએ વસુમિત્રને તે પોષાક પહેરી લેવા કહ્યુ વસુમિત્રે દેશાનંદના વસ્ત્રો પહેરી લઇ પોતાના વસ્ત્રો તરલાને આપ્યા તરલાએ તે ભિક્ષુ વેષ પોતાના શરીરપર ચઢાવ્યો અને પોતાના વસ્ત્રો મંદિરમા નાખી તે દેશાનંદને ધારણ કરવા કહ્યુ તેણે તે પહેરી લીધા પછી તરલા મંદિરમા ગઇ અને કહેવા લાગી. “ તમે થોડીવાર અંદર જ બેસી રહો—હુ હમણા જ જઇને આવુ છુ સાભળ્યુ કે ? ”

દેશાનંદ તરલાની આજ્ઞા પ્રમાણે તે જીર્ણ મંદિરમા બેસી રહ્યો. તરલાએ બહાર આવી દ્વાર બંધ કરી સાકળ ચઢાવી તાળુ પણ માર્યું ! ક્ષણ માત્રમા તે વસુમિત્ર સહ અંધકારમા અદૃશ્ય થઇ ગઇ !

પ્રકરણ ૧૯ મુ.

સામ્રાજ્યનું મંત્રીભૂવન.

નવીન રાજભવનની અટ્ટાલિકામા ઉભો રહી મહાપ્રતીહાર વિનયસેન કોઇ ચિંતામા મગ્ન થયેલો જણાતો હતો મધ્યાહ્ન સમય હતો પ્રાસાદના પટાંગણમા ચોતરફ સામસુમ હતુ છાયા નીચે એક બે દ્વારપાલો ઉભા હતા અટ્ટાલિકાની અંદરની બાજુના સ્તંભ આગળ રહી બેચાર દંડધરો પણ જતા આવતા હતા.

એટલામા એક પાલખી આવી બરાબર તે અટ્ટાલિકા સામે અટકી ભોઈ લોકોએ તે નીચે મુકતા જ તેમથી વૃદ્ધ હપીરશર્માં

ઉતર્યા મહાપ્રતીહાર વિનયસેન તેમની જ રાહ જોતો હોય એમ જણાયુ કારણ કે, હૃષીકેશશર્માના આગમન સાથે જ વિનયસેન નીચે ઉતરી તેમને પ્રણામ કરી કહ્યુ "મત્રીવર! આપને ઘણુ મોડુ થયુ છે! સમ્રાટ અને યશોધવલદેવ ઘણી જ વારથી આપની રાહ જોઈ બેસી રહ્યા છે"

હૃષીકેશે આપેલો ઉત્તર વિનયસેને સાભળ્યો નહિ તેમને લઈ તે નવીન રાજમહાલયના અત પુર તરફ ગયો વિનયસેને ઝરૂખામાથી ખસ્યો તે સાથે જ તેની જગ્યાએ એક દડધર આવી ઉભો રહ્યો

જતા જતા માર્ગમા હૃષીકેશશર્માએ વિનયસેનને પુછ્યુ "બીજા બધા આવી ગયા છે કે ?"

વિનયસેને કહ્યુ "મહાધર્માધ્યક્ષ અને મહાબલાધ્યક્ષ સિવાય અન્ય કોઈને બોલાવ્યા નથી"

"કેમ વારુ ?"

"મહારાજાધિરાજની આજ્ઞા જ તેવી હતી"

થોડા જ વખતમા તે બન્ને અત પુરના દ્વારમા જઈ પહોચ્યા ત્યાં જતા જ એક પરિચારિકને હાક મારી હૃષીકેશને સમ્રાટ પાસે લઈ જવા કહી વિનયસેન પુન પોતાના સ્થાને પાછો આવ્યો

આટલા વખતમા બીજી એક પાલખી આવી પહોચી હતી તેમાંથી હમણા જ નારાયણશર્મા નીકળતા હતા તેમણે ઉતરીને ચોપદારને કઈ પુછવા મડયુ તેટલામા તો વિનયસેન ત્યા આવી ઉભો.

નારાયણશર્માએ તેને પુછ્યુ "કેમ વિનય! આ કવખતે સભા કેમ બોલાવી છે આજે ? નિરૂપાયે જ આટલો વિલબ થયો છે"

વિનયસેને કહ્યુ "મહારાજાધિરાજ અને યશોધવલદેવ બે ઘડીથી આપની પ્રતીક્ષા કરી રહ્યા છે"

"સર્વ આવી ગયા ?"

"ના, મહામત્રી ત્યા પહોચ્યા હશે તેટલામા આપ આવી પહોચ્યા છો"

"બાકીના ?"

"હવે બીજુ કોઇ આવવાનુ નથી મહારાજાએ આજે કઈ સર્વ મત્રીને બોલાવ્યા નથી"

"ત્યારે હવે કોણ આવવાનુ છે ?"

"મહાબલાધ્યક્ષ હરિગુપ્ત"

"રામગુપ્ત પણ નહિ ?"

"ના, મને એમ લાગે છે પણ હુ ખાત્રી પૂર્વક જાણતો નથી. અન્યની સાથે તેમને નિમત્રણ ન હતુ એટલુ ખરૂં !"

"ઠીક ત્યારે, ચાલ"

"પધારો"

બન્ને રાજમહાલયમા ગયા

એટલામા એક ભીખારી ત્યા આવ્યો અને તેણે દ્વારપાલને પુછ્યુ "ભાઈ, આજે અહીં ભિક્ષા મળશે ?"

"ના"

"ત્યારે કયા અને કયારે મળશે ?"

"આજે કઈ ભિક્ષા મળવાની નથી" દ્વારપાલે કટાળીને ઉત્તર આપ્યો

પરતુ દ્વારપાલના એ ઉત્તરથી લેશ માત્ર હતાશ ન થતા તે ભીખારી ધીમે ધીમે બીજી બાજુએ રહી અંદર ગયો ! છજાના સ્તભની પાછળ રહી એક દડધરે તેને અદર જતા જોયો તેણે બહાર આવી દ્વારપાલને પુછ્યુ "હમણા અદર કોણ ગયો ?"

"કોઇ એક ભીખારી છે"

"શા માટે આવ્યો હતો ?"

“ બીજા શા કામ માટે આવે ? ભિક્ષા માગવાને ! ”

“ તેણે તને કાઇ પુછ્યુ કે ? ”

“ ના ”

“ તેના ચહેરાપરથી તે ખરેખર ભીખારી જણાયો હતો ? કઇ સશય જેવુ નથી ? ”

“ મે તેને કઇ બરોબર જોયો નથી ”

“ કોઇ કઇ પુછે તો સાવચેત રહી ઉત્તર આપજે ”

દ્વારપાલે માથું હલાવી હકાર દર્શાવ્યો એટલામા એક ઘોડેસ્વાર આવીને ઉભો તેને જોતા જ એક દડધર વિનયસેનને બોલાવી લાવ્યો દ્વારપાળ અને દડધરોએ તેને પ્રણામ કર્યા વિનયસેન પણ પ્રણામ કરીને તેને અદર લઇ ગયો

એટલામા બીજો એક દ્વારપાલ પેલા ભીખારીને પકડી નીચે લઇ આવ્યો અને ઝરૂખા પરના એક દ્વારપાલને તેણે પુછ્યુ “ અરે, મહાપ્રતીહાર ક્યા છે ? ’

બીજા દ્વારપાલે કહ્યુ “ મહાબલાધ્યક્ષ સાથે અદર ગયા છે. ”

“ ત્યારે એક દડધરને મોકલ તો ? ”

“ શા માટે ? ”

“ આ માણસ સતાઈ રહી અદર ગયેલા રાજ્યાધિકારીઓની હીલચાલપર બારીકાઇથી નજર રાખતો હતો તેથી હુ એને પકડી લાવ્યો છુ ’

તેણે એક દડધરને નીચે જવા સકેત કર્યો તેણે આવતા જ ભીખારી તરફ જોઇ દ્વારપાલને પુછ્યુ “ આ માણસ તો ભિક્ષા માગવા આવ્યો હતો ને ? ”

“ હા ”

“ ત્યારે એને અહી કેમ પકડી લાવ્યો છુ ? ”

‘ એ લપાઇ છુપાઇને મહાધર્માધ્યક્ષ અને મહાબલાધ્યક્ષની હીલચાલ જોઇ રહ્યો હતો તેથી સશય આવવાથી એને પકડી લાવ્યો છુ ”

દડધરે કહ્યુ "ઠીક કર્યું તે ! એને બરોબર બાંધી રાખ હુ મહાપ્રતીહારને બોલાવી લાવુ છુ "

બીજા દ્વારપાલે ભિખારીના માથાની પાઘડી કાઢી તેને બાધવા વિચાર કર્યો, પણ પાઘડી ઉપાડતા જ તેનુ મસ્તક મુડિત થયેલુ જણાયુ તરત જ દંડધરે બૂમ પાડી "અરે, આ ક્યા છે ભીખારી ! આ તો એક બૌદ્ધ ભિક્ષુ જણાય છે ! ખરેખર એ ગુપ્તચર જ હોવો જોઇએ " એમ કહી દડધર અતઃપુર તરફ ચાલ્યો ગયો અને થોડાજ વખતમા તે વિનયસેનને સાથે લઇ આવ્યો

ભીખારીને નખશીખ પર્યંત જોઇ લઈ વિનયસેને પુછ્યુ "તુ અહી કેમ આવ્યો હતો ?"

"ભિક્ષા માગવા !"

"વાહ ! મહાલયમા ભિક્ષા માગવા ગયો હતો ? અતઃપુરમા કોઇ ભિક્ષા આપે છે કે ?"

"હુ આ શહેરમા હમણા જ આવેલો છુ અહીં કયા કેવી પ્રથા છે તે હુ હજી બરાબર જાણતો નથી "

"વારુ ! ઠીક, તારુ માથુ મુડેલુ કેમ છે ?"

"મને વાયુનો રોગ હોવાથી એમ કરવુ પડ્યુ છે બીજુ કઇ નથી !"

એટલામા એક દડધરે આવી વિનયસેનને કહ્યુ "મહારાજાધિરાજ આપને અદર બોલાવે છે "

વિનયસેને ભીખારીને મહાલયના કારાગારમા પુરી રાખવા પોતાના હાથ નીચેના કામદારને હુકમ કર્યો અને "મારી આજ્ઞા સિવાય મહાલયના પટાગણમા પણ કોઇને આવવા દેશો નહિ " એમ દ્વારપાલોને કહી તે દડધર સાથે અતઃપુર તરફ ગયો

અતઃપુરના એક નાના દીવાનખાનામા સમ્રાટ મહાસેનગુપ્ત મચકપર બેઠા હતા તેમનાથી કેટલેક દૂર જમીનપર ગોઠવેલા ભિન્ન ભિન્ન આસનપર હર્ષિકેશશર્મા અને નારાયણશર્મા બેઠા હતા, તથા

હરિગુપ્ત દીવાનખાનાના દ્વાર પાસે ઉભા હતા દરવાજાથી થોડે દૂર કેટલાક દડધરો પણ ઉભા હતા

વિનયસેને આવી હરિગુપ્તને પુછ્યુ “મહારાજાધિરાજે હમણા મારૂ સ્મરણ કર્યું હતુને ?”

હરિગુપ્તે કહ્યુ “તુ અદર આવ—”

વિનયસેને અદર જઈ સમ્રાટને નમન કર્યું સમ્રાટે તેને જોયો પણ મુખે કઈ બોલ્યા નહિ ! ત્યારે યશોધવલે સમ્રાટને ઉદ્દેશી કહ્યુ “મહારાજાધિરાજ, વિનયસેન આવ્યો છે, યૂવરાજને લાવવા આજ્ઞા થવા વિનતિ છે ”

સમ્રાટે માથુ ઉચુ કરી ધીમેથી કહ્યુ “યશોધવલ, જ્યોતિષ કદી પણ ખોટુ પડશે નહિ અત્યારથી તમે શશાકને રાજકાર્યભારમા ગુચવશો નહિ ”

યશોધવલે તીક્ષ્ણ સ્વરે કહ્યુ “મહારાજાધિરાજ, યૂવરાજને રાજકાર્યભારમા લીધા સિવાય મને તો સામ્રાજ્યનુ રક્ષણ થાય તેવો બીજો કોઇ માર્ગ જણાતો નથી હૃષીકેશશર્મા, નારાયણશર્મા, યુદ્ધ વ્યવસાયમા જીવન વ્યતીત કરી વૃદ્ધ બનેલા મહાબલાધ્યક્ષ અને હુ એમ ચારે વૃદ્ધોએ મહારાજાધિરાજ પાસે આટલા અવકાશમા એની એજ વિનતી કર્યા કરી છે ! હમણા સામ્રાજ્યની જે દુર્દશા થઇ છે તે આપની જાણ બહાર છે એમ નથી હોરાશાસ્ત્ર—જ્યોતિષ શાસ્ત્રપર વિશ્વાસ રાખી રાજકારભાર ચલાવવો શક્ય નથી જો કુમાર શશાકના હસ્તેજ આ સામ્રાજ્યને નષ્ટ કરવાની વિધાતાની ઇચ્છા હશે તો તેનુ રક્ષણ કરવાને કોણ સમર્થ છે ? વિધિલેખનુ ખડન થવુ શક્ય નથી, પરતુ એમ હોય તેટલાપરથી આત્મરક્ષણનો કઇ પણ ઉપાય ન યોજતા એમને એમ સ્વસ્થ બેસી રહેવુ એ ડહાપણ ભરેલુ કૃત્ય છે કે ? કુમાર રાજકારભારથી અજ્ઞાત રહે, અને સામ્રાજ્યના નાશનુ એજ કારણ ગણાઇ હોરાશાસ્ત્રીનુ કથન સિદ્ધ કરવામા આપ જ સહાયભૂત મનાવ એ વાત સહી જાય તેમ નથી ! ”

વૃદ્ધ સમ્રાટ નીચુ મુખ કરી બેસી રહ્યા તે કઇ જ બોલ્યા નહિ ત્યારે હરિકેશશર્માએ કહ્યુ "માહારાજાધિરાજ, મહાનાયકે જે સૂચના કરી છે તે સુયોગ્ય છે અમે સર્વ રાજમત્રીઓ તદ્દન વૃદ્ધ થયા છીએ, અમારો અતકાળ પાસે આવે છે આપની પાછળ કઠોર રાજનીતિના ચક્રમા યૂવરાજ સપડાયા પછી ચોતરફની અસહ્ય પરીસ્થિતિ જોઇ અમે પાગલ જેવા બનીએ નહિ, એવી વ્યવસ્થા થવાની ખાસ જરૂર છે યૂવરાજના હસ્તે જ આ પ્રાચીન સામ્રાજ્યનો નાશ થાય એવી જો વિધાતાની ઇચ્છા હશે તો તેનુ રક્ષણ કોઈ પણ કરી શકશે નહિ પરતુ વિધિની અમુક ઇચ્છા છે, એવા અન્યના કથનપર વિશ્વાસ રાખી હાથપગ હલાવવામા નહિ આવે તો જરૂર સામ્રાજ્યનો સત્વરે નાશ થયા સિવાય નહિ રહે "

હજી પણ સમ્રાટ સ્તબ્ધ બેસી રહ્યા હતા કેટલીક વાર સુધી ત્યા શાતિ પથરાઈ રહી હતી છેવટે નારાયણશર્માએ પણ સમ્રાટને ઉદ્દેશી કહ્યુ "મહારાજાધિરાજ—"

તેમના આ સબોધનથી સમ્રાટના ચિતન પ્રવાહનો ભગ થયો હોય તેમ લાગ્યુ ઉચે જોઇ તેમણે કહ્યુ "યશોધવલ, ત્યારે તો એમ જ થવા દ્યો—વિધિની ઇચ્છા કેવી રીતે ટાળી શકાશે?"

યશોધવલને સમ્રાટના આ ઉદ્દગારથી આનદ થયો તેમણે કહ્યુ: "મહારાજ, વિનયસેન રાહ જુએ છે "

સમ્રાટે વિનયસેન તરફ દષ્ટિ કરી કહ્યુ "મહાપ્રતીહાર, યૂવરાજ શશાંકને અત્યત ગુપ્તપણે અહીં લઇ આવ"

વિનયસેન નમન કરી ચાલ્યો ગયો

સમ્રાટે નિશ્વાસ નાખી કહ્યુ "યશોધવલ, મારે શુ કરવુ? તમે શુ ઇચ્છો છો?"

યશોધવલે કહ્યુ "મારી એકદર ચાર સૂચના છે તે મે મહારાજાધિરાજના ચરણમા નિવેદન કરી છે જ હવે તે માત્ર અહી એકત્ર થયેલા રાજ્યાધિકારીઓને કહેવી બાકી છે "

સમ્રાટે કહ્યુ “યશોધવલ, તમારી સર્વ સૂચનાઓ મત્રીઓને હુ જ કહુ છુ મત્રીઓ! મહાનાયકે મારી પાસે ચાર વાતની પ્રસ્તાવના કરી છે તેમાની પહેલી એ છે કે, પ્રાત* અને ×કોષ્ઠનુ બરોબર રક્ષણ થાય તેવી વ્યવસ્થા કરવી બીજી એવી છે કે, પદાતી, ઘોડેસ્વાર અને નૌકાસૈન્ય એ સર્વની પુન નવીન રચના કરવી રાજ્યના કર અને ગજષષ્ઠ બરોબર રીતે વસુલ થઈ ખજાનામા આવે એવી વ્યવસ્થા કરવાની મહાનાયકની ત્રીજી સૂચના છે અને ચોથી એવી છે કે, બગદેશમા સામ્રાજ્યાધિકાર સુયોગ્ય રીતે પ્રવર્તે તેવી તજવીજ કરવી. મહાનાયકની આ ચારે સૂચના મબધી કોઈની કઇ પણ હરકત નથી યોગ્ય–અધિકારી એવા મનુષ્યોની ચૂટણી અને પૈસાની છત, એ બે બાબતો જ અતિ મહત્વની છે રાજ્યનો ખજાનો ઘણુખરૂ ખાલી થવા આવ્યો છે હમેશનો આવશ્યક ખરચ પણ જેમ તેમ કષ્ટપૂર્વક નભે છે, સામ્રાજ્યના જુના અને નવા સર્વ કામદારો પોતાના કાર્યને માટે અયોગ્ય છે તેમને કામની માહિતી જ નથી ”

યશોધવલે કહ્યુ “જો મારી એ સૂચના જલદીથી પ્રચારમા નહિ મુકાય તો સામ્રાજ્યનુ રક્ષણ થવુ અશક્ય થશે પ્રાત અને કોષ્ઠના રક્ષણ માટે સુશિક્ષિત સૈન્ય અને પુષ્કળ દ્રવ્યની અતિશય આવશ્યક્તા છે સૈન્યની પુનર્રચના અને દ્રવ્યકોષમા પૈસાની વૃદ્ધિ કરવા માટે રાજ્યના હક્ક અને રાજષષ્ઠ વસુલ કરવા ઉત્કૃષ્ટ યોજના થવી જરૂરની છે ”

સમ્રાટે કહ્યુ “યશોધવલ, તમારી એકેએક સૂચના એટલે અત્યત કઠિન એવો એકએક કૂટ પ્રશ્ન જ છે, અને સર્વમા ખરાબ વાત એ છે કે, તે પ્રશ્નનો નિર્ણય કરવાનુ સામર્થ્ય મારામા બીલકુલ રહ્યુ નથી ”

---

* સરહદપરનો પ્રદેશ

× કોટવાળા શહેર વગેરે.

યશોધવલે કહ્યુ “ મહારાજાધિરાજને મે જ્યારે એવા કૂટ પ્રશ્નમા નાખ્યા છે ત્યારે તે છોડવાની વ્યવસ્થા પણ મે કરી રાખી હશે યૂવરાજ આવ્યા પછી હુ તે વ્યવસ્થાના ઉપાય પણ કહેવાનો છે મારી સૂચના પૈકી ત્રણનો તો સત્વર અમલ થશે, પરતુ માત્ર તે માટે પુષ્કળ ધનની જરૂર છે ”

હૃષીકેશશર્માએ કહ્યુ “ યશોધવલદેવ, એ અર્થશૂન્યતા જ સર્વ અનર્થ પરપરાનુ કારણ છે આ સઘળા કાર્ય માટે જરૂરનો પૈસો તમે ક્યાથી મેળવશો ? ”

હરિગુપ્ત દ્વારમા ઉભા હતા તેમણે કુમારના આગમનની ખબર આપી

ક્ષણવારે યૂવરાજ શશાકને લઇ વિનયસેન અદર આવ્યો યૂવરાજ પ્રથમ પિતાજીને પ્રણામ કર્યા પછી એકત્ર થયેલા વૃદ્ધમડળને નમન કરી ઉભો રહ્યો સમ્રાટે તેને નીચે બેસવા કહ્યુ—પરતુ યશોધવલે તેને ખેચી લઇ પોતાના ખોળામા બેસાડયો

પછી સમ્રાટે કહ્યુ “ યશોધવલ, શુ કહેવાના હતા ? કહો હવે ”

“ યૂવરાજ, હમણા સામ્રાજ્યની ઘોર દુર્દશા થઇ આ પ્રાચીન સામ્રાજ્ય ત્વરાથી નષ્ટ થવાના માર્ગે ચઢયુ છે તે તમે જાણતા હશો જ આત્મરક્ષણ કરવુ એ સર્વોપરી સર્વદા આવશ્યક કર્તવ્ય છે અત્યાર સુધી સામ્રાજ્યના રક્ષણ માટે સર્વ ઉદાસિન હતા હમણા સર્વમા જાગ્રતિ અને ચૈતન્ય ઉત્પન્ન થયા છે આ પ્રાચીન સામ્રાજ્ય સાથે લાખો મનુષ્યોના પ્રાણ, માન અને ધન જોડાયલા છે તેનો જો નાશ થશે તો દેશમા મહાપ્રલય પ્રસરી જશે સેંકડો વર્ષમા પાટલીપુત્રની એવી દુર્દશા કદી થઇ નથી શક લોકોના આક્રમણના ઘોર અનર્થ—અત્યાચારની હકીકત પ્રજા વિસરી પણ ગઇ છે હૂણની સ્વારી વખતે પુરૂષપુર અને કાન્યકુબ્જનો નાશ થયો હતો ખરો, પરતુ હૂણો પાટલીપુત્રના કોટને સ્પર્શ પણ કરી શકયા નહતા

સામ્રાજ્યનો નાશ થયો એટલે સમગ્ર દેશનુ સત્યાનાશ વળ્યુ સમજો ! યૂવરાજ, તમારા પિતા વૃદ્ધ થયા છે, તમે બન્ને બધુ નાના છો અને પૂર્વતરફ સુપ્રતિષ્ઠિનવર્મા તથા પશ્ચિમ તરફ પ્રભાકરવર્ધન એ બન્ને સમ્રાટના મરણની પ્રતીક્ષા કરી રહ્યા છે સામ્રાજ્યનુ રક્ષણ કરવાનો કોઇ જ ઉપાય આપણા હાથમા નથી એમ સમજી તમારા પિતાજી સ્વસ્થ બેસી રહ્યા છે પરતુ સ્વસ્થ બેસવુ એ મનુષ્ય માટે યોગ્ય છે કે ' જે આત્મરક્ષણ માટે તત્પર રહેતો નથી, જે કેવળ ભાગ્યપર હાથ નાખી પડી રહે છે, તેના જેવો આત્મઘાતી મનુષ્ય જગતમા અન્ય કોઇ નથી ! યૂવરાજ, એવો કોઇ પણ પ્રયત્ન નહિ થવાથી સામ્રાજ્યની કેવી સ્થિતિ થઇ છે તેનો એક વાર તો વિચાર કરી જુઓ ! સીમા પ્રાતપરના કિલ્લાની કદી મરામત નહિ થવાથી તે તદ્દન નિરૂપયોગી બનેલા હોઇ સૈન્ય અને પૈસાના અભાવે તે સર્વનુ રક્ષણ પણ અસભવનીય બન્યુ છે રાજ્યના હકક નિયમિત વખતે ખજાનામા જમા થતા નથી જમીનના ખરા માલીકોના હકક નષ્ટ થઇ ગયો છે અને નવીન માલીકો રાજ્યાધિકારીઓની આજ્ઞા જ માનતા નથી એ કારણથી જ સામ્રાજ્યનો કોષ ખાલી થયો છે કેટલાએ વર્ષથી પાટલીપુત્રની કિલ્લેબધી સમરાવેલી નથી ચોતરફની ખાઇમા પાણી નથી હવે તેમા ઘાસ ચારોજ થવાનો છે એમ લાગે છે આવા સમયે જો આપણાપર કોઇ ચઢી આવે તો આપણો પૂર્ણ પરાજય થયા સિવાય ન રહે આપણા શરીરને કુત્રા પણ સુવે નહી ! યૂવરાજ, મારી પૌત્રી લતિકા માટે એક ગ્રાસ અન્નની યાચના કરવા માટે હુ સમ્રાટ પાસે આવ્યો, પરતુ અહી આવ્યા પછી મને જણાયુ કે, અન્નદાતાને વેર અન્નનો અભાવ છે ! અનેક વર્ષપર જ્યારે તમારા પિતાજી ગાદીએ બેઠાને થોડો સમય થયો હતો ત્યારે રાજકારભાર મારા હાથમા હતો અને હવે ફરીથી સામ્રાજ્યની આવી ભયકર અવદશા જોઇ હું સામ્રાજ્યનો ભાર લેવા તૈયાર થયો છુ, પરતુ અમે સર્વ વૃદ્ધ—પાકેલા પાન છીએ, અમારાથી ઘણા

દિવસ કામ થઈ શકશે એમ લાગતુ નથી. યૂવરાજ, તમારા પિતાની પાછળ તમે જ આ સિહાસનપર બેસવાના છો ભવિષ્યમા સામ્રાજ્યનો સર્વ ભાર તમારી જ પીઠપર આવવાનો છે માટે રાજકાર્યભારનુ શિક્ષણ મેળવી તેમા હુશીયાર બનવુ એ તમારી ફરજ છે, અને તમારા જેવાનુ સામર્થ્ય અમને મળશે તો તેટલે દરજ્જે અમારો ભાર પણ ઓછો થશે યૂવરાજ, આજથી તમારે રાજકાર્યભારનુ શિક્ષણ લેવુ જોઇએ છે ”

યૂવરાજ શશાક કે જે, હજી મહાનાયકના ખોળામા બેસી રહ્યો હતો તે બોલ્યો “ પિતાજીની જેમ આજ્ઞા થશે તેમ કરવા હું તત્પર છું. ” આટલુ કહી તેણે સમ્રાટના મુખ તરફ જોયુ

સમ્રાટે ઉદ્વિગ્ન સ્વરે કહ્યુ “ શશાક આ સર્વની ઇચ્છા એવી છે કે, આજથી તારે સામ્રાજ્યના કાર્યભારની દિક્ષા લેવી માટે જો કે તુ હજી બાલક છે તો પણ તારે તે ભાર સ્વીકારવો જોઇએ યશોધવલ તને સર્વ કઇ શીખવશે તુ હમેશ મહાનાયકની આજ્ઞાનુ પાલન કરીશ તો બસ થશે ! ”

હવે હાસ્યની પ્રફુલ્લ છટા મહાનાયકના વદનપર ચમકી તેમણે કહ્યુ “ સામ્રાજ્યના રક્ષણ માટે મે ચાર ઉપાય યોજ્યા છે, પહેલો એક, રાજ્યનુ ઉત્પન્ન યોગ્ય રીતે વસુલ આવે તેવી વ્યવસ્થા કરવી પ્રાત અને કોષ્ઠનુ સરક્ષણ કરવુ એ બીજો ઉપાય છે પદાતી, ઘોડેસ્વાર અને નૌકા સૈન્યની પ્રાચીન પ્રણાલિકા દૂર કરી નવીન યોજના કરવી, એ મારી યોજના પૈકીનો ત્રીજો ઉપાય હોઇ બંગદેશમા નષ્ટ થયેલી સત્તાની પુન સ્થાપના કરવી એ ચોથો ઉપાય છે આમાની પહેલી ત્રણ યોજના પૂર્ણ રીતે અમલમા આવ્યા પછી ચોથી યોજનામા હાથ નાખવાનો છે પરતુ એ ત્રણ કામ માટે ધનની જરૂર છે, ત્યારે કોષ તો ખાલી થવા આવ્યો છે ! આપણા કામને જે ધનની જરૂર છે તે માટે મે એક વિચાર કર્યો છે નગરમા અને રાજમા અનેક લક્ષાધિપતિ શેઠીયા છે, તેમની પાસેથી

કરજ કાઢી કાર્યનો આરભ કરવો ”

હૃષીકેશશર્માએ કહ્યુ “ પણ આપણી આવી અવસ્થાથી જ્ઞાત હોવા છતા એટલુ કરજ કોઈ આપશે એમ તમોને લાગે છે યશોધવલ ? ”

“હા, હુ માનુ છુ કે, તેઓ અવશ્ય આપણને કરજ આપશે આ શેઠ શાહુકારોની ખરી થાપણ કહીએ તો તે તેમની અક્કલ છે બુદ્ધિના બળપર જ તેઓએ પ્રચડ સપત્તિ મેળવેલી છે તે સપત્તિના રક્ષણ માટે તેમાનો થોડો અશ આપવાને તેમનુ હૃદય ના કહેશે નહિ તેમના રક્ષણ માટે જ સામ્રાજ્યનુ રક્ષણ કરવાનુ છે ને ? સામ્રાજ્યનો નાશ થાય તો તે સાથે તેમનો પણ નાશ જ સમજવાનો છે ! આ વાત એ લોકોને માત્ર બરોબર સમજાવવી જોઈએ મારી તો ખાત્રી છે કે, આપણને જેટલુ ધન જોઈશે તેટલુ સહેલાઈથી મળી શકશે ! ”

સમ્રાટે કહ્યુ “ ઘણી સરસ વાત ! પણ યશોધવલ, સામ્રાજ્યનો કાર્યભાર તમે લીધો છે એ વાત રાજના કામદારોને જણાવવાની જરૂર નથી કે ? ”

‘ ના, મહારાજ ! તેમ થશે તો બધી વાત બગડી જશે મહામત્રીઓની પાછળ રહીને ચૂપકીથી કામ કરવાની મારી ઇચ્છા છે ”

“ તમારી ઇચ્છા પ્રમાણે થવા દો ત્યારે ! ”

પ્રકરણ ૨૦ મુ.

અભયદાન.

તે રાત્રે વસુમિત્રને સાથે લઈ તરલા પોતાની માસીને ઘેર આવી ઘણી વાર સુધી બૂમાબૂમ કરી, બારણા ખખડાવ્યાં ત્યારે ડોસી જાગી ! મનમા ને મનમા બબડતા બબડતા ઉઠીને તેણે બારણુ ઉઘાડ્યુ.

તરલા વસુમિત્રને લઈ ઝૂપડીમા આવી તરલા અને વસુમિત્રનો વેષ અધકારને લીધે માસીની નજરે પડયો નહિ એક ઓરડીમા વસુમિત્રની શયન વ્યવસ્થા કરી તરલા પોતાની માસીની પથારીમા જઈ પડી ! પણ એથી ડોસી ખીજવાઇ ! વૃદ્ધાવસ્થામા પ્રથમ તો શાત નિદ્રા આવતી નથી, અને તેમા વળી એક વખત આવેલી ઉઘ ભાગી, જાય છે તો પછી તે તદ્દન રીસાઈ બેસે છે.

ડોસી બડબડવા લાગી "કેવી છે છોકરી તુ ? આટલી રાતે બહેનપણીને તેડી લાવી, અને તેને તો બીજી જ બાજુ સુવાડી અહીં મને ત્રાસ આપવા લાગી ! શુ કહેવુ છોકરી તને ! બીજાને ઘેર બોલાવી તેનુ આવુ અપમાન કરવુ તને ઘટે છે કે ?"

"ત્યારે હુ શુ કરૂ માસી ! ત્યા તો મચ્છરનો પાર નથી ઉઘ જ આવતી નથીને !"

આ સાભળતા જ ડોસી ચડભડી—બોલી "તુ તો એક મોટી રાણી જ બનેલી જણાય છે, તરલા ! કહે છે કે મચ્છરને લીધે ઉઘ આવતી નથી ! ત્યારે પારકે ઘેર દાસત્વ કેમ કરે છે ? તારા માબાપે કઇ તારા માટે રાજ કમાવી રાખ્યુ નથી કે, ખુશીથી પગપર પગ ચઢાવી બેચાર વાર ખાઇ પીને તુ ખેલ્યા કરે !"

ડોસી હજી પણ ઘણી વાર સુધી બડબડી રહી હતી તેનુ મુખ એક પ્રચડ તોપખાના જેવુ હતુ તે બડબડાટ કરતી હતી અને તરલા ચુપચૂપ પથારીપર એક બાજુએ પડી રહી હતી ડોસીની બડબડ અને ચિતાથી આખી રાત તેને ઉઘ જ આવી નહિ

ઉષ કાલપૂર્વે જ્યારે ચોતરફ પક્ષીઓનો મધુર કીલકીલાટ શરૂ થયો ત્યારે તરલા પથારીપરથી ઉઠીને બેઠી થઇ, અને માસીને ઘોરતી પડેલી જોઇ તે ધીમા પગે ત્યાથી બહાર આવી આખી રાત તે જે વિચાર પરપરામા પડી હતી તેમાથી છેવટ તેણે એક વિચાર નક્કી કર્યો તેના મત પ્રમાણે વસુમિત્રનુ રક્ષણ કરવાનો એક જ ઉપાય

હતો તે એ હતો કે, તેના તરફ સમ્રાટની દષ્ટિ ખેચી આશ્રય મેળવવો ! દિવસે વસુમિત્ર દૃષ્ટિએ પડતા જ ભિક્ષુ લોકો તેને પકડી મઠમા લઈ ગયા સિવાય રહેશે નહિ એ તે જાણતી હતી, અને તેની સાથે તેને એ પણ ખબર હતી કે સર્વ પાટલીપુત્રમા ભિક્ષુને અટકાવવાનુ કોઈ સાહસ કરી શકે તેમ નથી. રાજભૂવનમા પ્રવેશ કરી અતપુરમા દાસી બની રહેવુ, તેમ થશે એટલે વસુમિત્રને કે મને કોઈ પકડી લઈ જઈ શકશે નહિ, એવો તેનો નિશ્ચય હતો.

પોતાના વસ્ત્ર પહેરી લઈ, આગલા દિવસે જે પોષાક ખરીદ્યો હતો તે તેણે વસુમિત્રને ધારણ કરવા કહ્યુ બન્નેના ભિક્ષુકી વસ્ત્રો તેણે છાપરામા સતાડી દીધા માસી હજી સૂઈ રહેલા છે જાણી તેમણે ધીમે રહી છાપરીમાથી રસ્તો પકડ્યો

હજી રસ્તાપર જનરવ શરૂ થયો ન હતો પૂર્વ દિશામા આછી પ્રકાશ રેખા દષ્ટિગોચર થવા લાગી હતી વસુમિત્ર અને તરલા ઉતાવળે પગલે ટુક સમયમા જ રાજભૂવનના તોરણદ્વારે આવી પહોચ્યા

દરવાજામા હજીપણ દીપક પ્રકાશ બુઝાયો ન હતો આમતેમ કેટલાક પ્રતીહાર સૂઈ રહેલા હતા માત્ર એક પ્રતીહાર ભાલાપર હાથ રાખી ડોલતો હતો તરલા બીલકુલ ધ્વની ન થવા દેતા સહેલાઈથી તેની પાસે રહી ચાલી ગઈ પ્રતીહારને તેની ખબર પણ પડી નહિ !

તોરણ પાસે જ કેટલા કુત્તા સૂતા હતા, તે પરકીય મનુષ્ય દૃષ્ટિએ પડતા જ ભસવા લાગ્યા તત્કાળ ઝોલા ખાતો પ્રતીહાર જાગ્રત થઈ સામે જોવા લાગ્યો તો વસુમિત્ર ઉભો હતો ! તેણે તરત જ તેનો હાથ પકડી એકદમ પુછ્યુ “ક્યા જાય છે તુ ?”

આ વિપરીત પ્રકાર જોતા જ તરલા પાછી આવી અને પ્રતીહારના પગ પકડી રડતી રડતી બોલી ‘ અરે નાયક સાહેબ, અમે ભારે સંકટમા આવી પડ્યા છીએ ! અમાર પર દયા કરો અને છોડી દો.

મારા આ ભાઈના પ્રાણની ભિક્ષા માગવા માટે હુ મહારાજ પાસે જાઉ છુ. દિવસે એ નજરે પડતાજ બૌદ્ધભિક્ષુ એને પકડી લઇ જશે અને મારી પણ નાખશે ! અમે બીજુ ત્રીજુ કઇ કરવાના નથી માત્ર અંત પુરના દ્વાર આગળ ગુપચૂપ બેસી રહીશુ અને મહારાજ આવશે કે તેમના ચરણ કમળમા લોટી પડી પ્રાણ ભિક્ષા યાચીશુ ”

આ ગડબડ સાભળી બીજા પ્રતીહારો પણ જાગી ઉઠયા તેમાનો એક તરલા પાસે જઇ બોલ્યો “ તને થયુ છે શુ ? ”

તરલા ગાભરી બની કહેવા લાગી “ કઇ નથી, જમાદાર સાહેબ ! આ મારો ભાઈ છે તેનાપર જૂલમ કરી મઠમા લઇ જઇ બૌદ્ધોએ એને મારી મચડી ભિક્ષુ બનાવ્યો હતો, પણ કાલે રાતે સધી જોઇ એ ત્યાથી નાશી આવ્યો છે તેથી એને લઇ મહારાજનો આશ્રય માગવા જાઉ છુ કારણ કે દિવસે એ જો પેલા મઠવાલાની દૃષ્ટિએ પડે તો તે દુષ્ટો એને પકડી પાછો મઠમા લઇ ગયા સિવાય રહેજ નહિ. જો મહારાજ એને આશ્રય આપશે તોજ એનુ રક્ષણ થશે કારણ કે નગરમા તો એવો એક પણ માણસ નથી કે જે ભિક્ષુ વિરૂદ્ધ કઇ પણ કરે ! ”

તરલાને પ્રશ્ન પુછનાર એક દડધર હતો પ્રતીહારે તેને પુછ્યુ “ કેમ ત્યારે એને છોડી દઇશુ કે ? ”

દડધરે તરલાને પુછ્યુ, “ પણ તમે જશો ક્યા ? ”

તરલા રડતી રડતી બોલી, “ જમાદાર સાહેબ, અમે બીજે ક્યા જવાના છીએ ! અમે કઇ પણ કરવાના નથી માત્ર અંત પુરના દ્વાર આગળ ઉભા રહીશુ સવારે મહારાજ બહાર નીકળશે કે ચરણમા આળોટી આશ્રય માગીશુ એટલુ જ ! ”

સ્ત્રીના અશ્રુ જલથી—વિશેષત તરૂણ સુદર સ્ત્રીના અશ્રુ જલથી—કઠિન પાષાણ પણ પલળે છે ! તો પછી સામાન્ય પ્રતીહાર

અને દડધરના હૃદયમા તરલા જેવી સુંદર સ્ત્રીના અશ્રુભાવથી કરૂણા ઉત્પન્ન થાય તેમા શી નવાઈ? તે બન્નેને સ્તબ્ધ ઉભા રહેલા જોઈ તરલાએ રૂદનનુ પ્રમાણ પણ વધાર્યું આથી છેવટે દડધર સાહેબનુ હૃદય પણ પાણી પાણી થઇ ગયુ ! તેણે કહ્યુ "આ કઇ ખરાબ સ્વભાવના માણસ હોય એમ લાગતુ નથી છોડીદો બન્નેને ! "

પ્રતીહાર રસ્તો છોડી બાજુએ ખસ્યો અને વિજયી તરલાએ વસુમિત્રને લઈ છેવટે એક વખત રાજભૂવનમા પ્રવેશ કર્યો !

પહેલા તોરણદ્વાર આગળ જ એક મોટુ વિસ્તીર્ણ પટાગણ હતુ, અને તેની ઉત્તર તરફની બાજુએ બીજુ તોરણ હતુ તરલા અને વસુમિત્ર જ્યારે આ બીજા દરવાજા પાસે આવ્યા ત્યારે રજની દેવીની સત્તા ભગવાન રશ્મિકાન્તે છીનાવી લેવા પોતાના સેવકોને મોકલી દીધા હતા બીજા તોરણના પ્રતીહારોને તેમણે પોતાના આગમનનો ઉદ્દેશ જણાવતા જ તેમણે પણ પ્રતિરોધ કર્યો નહિ આ સ્થળે પણ તરલાને સ્ત્રીચારિત્ર—રૂદનનુ નાટક ભજવવુ પડ્યુ હતુ જ !

બીજા તોરણદ્વાર પછી સભાગૃહ, ધર્માધિકરણ, અસ્ત્રશાળા વગેરે વટાવી દઇ તરલા અને વસુમિત્ર ત્રીજા તોરણ પાસે ગયા ત્યા પ્રતીહારોએ તેમને અદર જવા અનુમતિ આપી નહિ તેમણે સ્પષ્ટ કહી દીધુ કે અદર જવાને સમ્રાટનો સખ્ત પ્રતિબધ છે અને નિરૂપાય બની તે બન્ને તોરણ પાસે જ બેસી રહ્યા

જગતમા સૂર્યનારાયણની સત્તા વીચરવા લાગી, પટાગણ જનસમૂહથી પૂર્ણ બની ગયુ એક પછી એક રાજ સેવકો આવવા લાગ્યા સૂર્યની સપૂર્ણ સત્તા વ્યાપે ને પહેલા પ્રતીહારરક્ષી સૈનાની એક ટુકડીએ આવી તોરણ પોતાના તાબામા લઈ લીધા રાત્રીના પ્રતીહારો એક પછી એક પોતાના ઘર તરફ ચાલ્યા ગયા

હવે તરલાને અદર જવા સમ્મતિ મળી ત્રીજા તોરણની અદર જુનુ અને નવુ એમ બે ભૂવન હતા પશ્ચિમ તરફ જુનુ ભુવન હોઇ

તેમા સમાર કામ થયેલુ નહિ હોવાથી તે હિન સ્થિતિમા આવેલુ હતુ, અને ત્યા એક પ્રકારનુ નાનુ અરણ્ય જ હોય એવો ભાસ થતો હતો ઉત્તર તરફ ગગાતટપર નવીન રાજભૂવન હતુ

નવીન રાજભૂવનના અત પુરના દ્વાર આગળ પહોચતા જ તરલાએ મુક્તતાનો એક દમ ખેચ્યો અને હવે તેની ઉદ્વીગ્નતા પણ નષ્ટ થઇ. હવે તેની ખાત્રી થઇ કે, આ સ્થળેથી અન્યાયથી તોફાન કરી વસુમિત્રને કોઇપણ પકડી જઇ શકશે નહિ નિશ્ચિત મનથી તે સમ્રાટની રાહ જોતી ત્યાજ બેસી રહી

ત્રીજા તોરણની બહાર આગણમા જ્યારે લોકોની ભીડ થઇ હતી ત્યારે પણ જાણે કે બન્ને રાજભૂવન તદ્રામા પડ્યા હોય એમ લાગતુ હતુ જે એક બે માણસો તે ભાગમાંથી જતા આવતા હતા, તે પણ અતિ સાવચેતીથી બીલકુલ શબ્દ ન કરતા વિના પગરવે જતા હતા તરલા ત્યા બેઠી બેઠી ભિન્ન ભિન્ન પ્રશ્નો સબધી વિચાર કરતી હતી કયા શબ્દથી સમ્રાટ પાસે યાચના કરવી,, એ એક પ્રશ્નના વિચારથી તો તેનુ મસ્તિષ્ક ભમી ગયુ હતુ જો સમ્રાટ વસુમિત્રને આશ્રય નહિ આપે તો શુ પરિણામ આવશે ? તેને લઇને કયા જઇશ ? કયા શબ્દોથી સર્પિનુ—પ્રભુ કન્યાનુ સમાધાન કરીશ ' એવી જુદી જુદી કે મહત્વની ચિતાથી તરલાનુ હૃદય વિછીના ડખ જેવી યાતના અનુભવતુ હતુ આગલા દિવસે આખી તેણે નિદ્રા રહિત કાઢી હતી જેથી વચ્ચે વચ્ચે નિદ્રાનુ દબાણ ઝોલા પણ ખાતી હતી !

આવી રીતે ડોલતી તરલા ચમકીને એકદમ જાગ્રત થઇ સામે જોવા લાગી તો દૂર જુના રાજભૂવન સામે એક ઉચો પુરૂષ આમતેમ આટા મારતો જણાયો તેણે સહજ ગભરાઇ વસુમિત્રને પુછ્યુ-

“ સમ્રાટ આવ્યા કે શુ ? ”

ના !

“ ત્યારે ત્યા ફરે છે તે કોણ ?”

વસુમિત્રે ટુકામા ઉત્તર આપ્યો “ મને તેની ખબર નથી !”

તરલા એક વખત કંઈ પણ જીવમા ઉત્પન્ન થયા પછી શાત બેસી રહેનારી સ્ત્રી ન હતી ! જગ્યાપરથી ઉઠી તે ધૈર્યથી પેલા ઉચા પુરૂષ તરફ જવા લાગી, અને ત્યા પહોચતા જ દૂરથી તેણે પ્રણામ કર્યા

તેણે પુછ્યુ “ બહેન, તુ કોણ છે ? તારે શુ જોઇએ છે ?”

તરલાના નેત્રમાથી આ વખતે ખરેખર નયનવારિ વહેવા લાગ્યુ તે રડતા રડતા બોલી “ મહારાજ, આપ કોણ છો તે હુ જાણતી નથી આપ ગમે તે હો, પણ આપ સત્પુરૂષ હોઇ મોટા અધિકારી હો એમ લાગે છે હુ મહાન સકટમા સપડાયલી હોવાથી સમ્રાટ પાસ આશ્રયની ભિક્ષા માગવા અહીં આવી છુ મહારાજ મારૂ રક્ષણ નહિ કરે તો પછી મારા ઉપાયનો અત જ આવ્યો છે ! હુ આ શહેરના એક શ્રેષ્ઠીની દાસી છુ મારા માલીકની કન્યાનુ શ્રેષ્ઠી ચારૂમિત્રના એકના એક પુત્ર વસુમિત્ર સાથે લગ્ન નક્કી થઇ ચુક્યુ હતુ ચારૂમિત્ર બૌદ્ધ ધર્માનુયાયી હોવાથી તેને આ લગ્ન પસદ ન હતુ કારણ કે, મારા શેઠ વૈષ્ણવધર્મી છે વિચિત્ર મોહથી અધ બની, ધર્મદ્વેષના વિકારને વશ થઈ અને બૌદ્ધ ભિક્ષુઓએ બતાવેલા અસત્ય લોભમા ફસાઇ જઇ ચારૂમિત્રે પોતાના એકના એક પુત્રનો ભોગ આપ્યો છે ! પોતાની સર્વ સપત્તિ ભિક્ષુસઘને દાનમા આપવાના આશયથી તેણે પોતાના એકનાએક પુત્રને ભિક્ષુ થવાની ફરજ પાડી છે ! કારણ કે, એક વખત કોઇ બૌદ્ધ ભિક્ષુ થાય છે, તો તેનો વડીલોપાર્જીત સપત્તિપર કઇ હક્ક રહેતો નથી ! વસુમિત્રના વિરહથી મારા માલીકની કન્યાનો પ્રાણ જશે એમ જાણી હુ તેને શોધી કાઢવા બહાર નીકળી અને ઉપનગરના એક બૌદ્ધ

વિહારમા તે હોવાની ખબર મેળવી કાલે રાત્રે મોટા પ્રયાસથી અને સાહસિક યુક્તિથી તેને હુ છોડાવી લાવી છુ પણ તેને આશ્રય ક્યા મળશે એ ચિતામા પડી છુ આપ જ સમ્રાટ છો કે નહિ તે હુ જાણતી નથી આપ ગમે તે હો આપનો ચહેરો જોઇને જ મને ખાત્રી થઇ છે કે, આપ દયા—માયાના કૃપાસાગર છો! આપના ચરણમા સ્થાન આપી ત્રણ અનાથ નિરપરાધ માણસોના પ્રાણ બચાવો! ધોળે દહાડે જો રસ્તામા અમે ભિક્ષુની દૃષ્ટિએ પડીશુ તો જોરજૂલમથી તે અમને પોતાના મઠમા લઇ જશે અને અમારો પ્રાણ લીધા સિવાય રહેશે નહિ! નગરમા હજી પણ બૌદ્ધોનુ જ વિશેષ બળ છે આ પાટનગરમા એવો એક પણ માણસ નથી કે, જે અમારૂ બૌદ્ધ ભિક્ષુથી રક્ષણ કરે!" એમ કહી તરલા રડતા રડતા તે પુરુષના પગમા જઈ પડી

તે પુરુષે તરલાને આશ્વાસન આપતા કહ્યુ "તુ બીલકુલ ભય રાખીશ નહિ તે શ્રેષ્ઠીનો પુત્ર ક્યા છે?"

તરલાએ અગુલિ નિર્દેશ કરી વસુમિત્રને બતાવ્યો તેણે તેને ઇશારાથી પાસે બોલાવ્યો વસુમિત્ર સમીપમા આવ્યા પછી તે ઉચ્ચ પુરુષે તરલાને પુછ્યુ "તે એને સઘારામમાથી કેવી રીતે મુક્ત કર્યો?"

તરલા ઉત્તર આપવા જતી હતી તેટલામા પાછળથી કોઇએ કહ્યુ "આર્ય, પિતાજીએ હમણા જ આપનુ સ્મરણ કર્યુ હતુ"

તે પુરુષે પાછા ફરી જોયુ તો કુમાર શશાક ઉભો હતો! કુમારને જોતા જ કોમળ સ્વરે તેણે તેને પુછ્યુ "વત્સ, સમ્રાટે મારૂ સ્મરણ કેમ કર્યુ હતુ?"

શશાકે કહ્યુ "મને લાગે છે કે, નગરની દુરસ્તી માટે—"

તે પુરુષે વચમા જ કહ્યુ "નગરની દુરસ્તી કરતા પણ વિશેષ મહત્વનુ કામ ઉપસ્થિત થયુ છે કુમાર, એક દડધરને બોલાવ તો!"

કુમારે ઇશારો કરતા જ તોરણ દ્વારમાથી એક દંડધર આવી ઉભો તે આવતા જ તે પુરૂષે કહ્યુ “ મહારાજને જઇને કહે કે, હું એક અતિશય મહત્વના કામમા રોકાયો છુ તેથી મને આવવાને સહજ વાર લાગશે ”

દંડધર પ્રણામ કરી ચાલ્યો ગયો પછી શશાકને ઉદ્દેશી તેણે કહ્યુ “ કુમાર, જે સ્ત્રી પુરૂષને તુ જુએ છે, તે બન્ને તારા પ્રજાજન છે એ બન્ને અતિ દુર્બલ હોઈ કેટલાક પ્રબલ માણસોના અત્યાચારથી અતિશય કંટાળી જઇ સમ્રાટ પાસે આશ્રયની યાચના કરવા માટે અહી આવ્યા છે ”

પછી તરલા તરફ જોઈ તે બોલ્યો “ આ યુવરાજ શશાક છે, તે મને જે કહ્યુ તે એમને પણ કહે ”

કુમારનો પરિચય મળતા જ તરલા અને વસુમિત્રે પ્રણામ કર્યા. પછી તે પુરૂષને તરલાએ જે હકીકત કહી હતી તેજ કુમારને પણ કહી

તે પૂર્ણ થતા જ તે પુરૂષે પુન એક વખત પુછ્યુ “ તુ કયા ઉપાયથી આ શ્રેષ્ઠીપુત્રને બૌદ્ધ સઘારામમાથી છોડાવી લાવી છે ?”

આ વખતે તરલાએ દેશાનંદની મુલાકાતથી તે સ્ત્રીનો વેષ લેના સુધી બનેલી સર્વ વાત અવિચ્છિન્નપણે કહી સભળાવી એ વાતમા બધુગુપ્તે કીર્તિધવલના અત્યત ક્રૂરતાથી કરેલા કરપીણ વધની વાત જ્યારે આવી ત્યારે તે પુરૂષનો ચહેરો અગ્નિમય બની ગયો !

તે હકીકત સાભળતા જ તે પુરૂષે તરલાને કહ્યુ “ એ ખુન પુરતી વાત ફરીથી કહે !”

જીર્ણદેવલમા મૂર્તિની પાછળ છુપાઇ રહી હતી ત્યારે તરલાએ બધુગુપ્તના મુખથી જે વાત સાભળી હતી તે જેવીને તેવી પુન તેણે કહી સભળાવી તે કહાણી પૂર્ણ થઇ ત્યારે તે પુરૂષે એક ઉડો નિ શ્વાસ નાખ્યો અને વસુમિત્રને પુછ્યુ “ આ કહે છે તે ખરૂ છે ? ”

“ સર્વ સત્ય છે મહારાજ ! ”

ત્યાર પછી તે પુરૂષે બન્નેને કહ્યું “ તમે લેશમાત્ર ભય રાખશો નહિ તે બૌદ્ધ ભિક્ષુ તમારો વાળ પણ વાંકો કરી શકશે નહિ ! તમે બન્ને મારી સાથે આવો, હુ તમને યોગ્ય આશ્રયમા લઇ જઇશ ”

કૃતજ્ઞતાથી હૃદય પરિપૂર્ણ બનવાથી તરલાએ તે પુરૂષને સાષ્ટાગ પ્રણામ કર્યા થોડા બોલા વસુમિત્રે પણ ડુસકા લેતા પોતાના હૃદયનો ભાવ સ્પષ્ટ કરી બતલાવ્યા તે પુરૂષે કુમાર તરફ જોયુ, તો કુમારના વદનપર શોકના તીવ્ર ચિહ્નો સ્પષ્ટ રીતે ઉપસેલા જણાયા આત્મસયમ અશકય થવાથી તે ક્રોધથી ઓષ્ઠ ચાવતો હતો !

તે પુરૂષે કહ્યુ “ કુમાર ! ”

“ આર્ય !—”

“ આ આત્મસયમ કરવાનો સમય છે આ વખતે એક અક્ષર પણ ઉચ્ચારીશ નહિ ”

શશાકે મનનો વેગ દાબી રાખવાનો અતિ પ્રયત્ન કર્યો પરંતુ તેમા તેને યશ નહિ મળવાથી છેવટે તે રડવા લાગ્યો ! ત્યારે તે વૃદ્ધે તેને પાસે ખેચી લઇ ઉંચકી લીધો અને તેનુ સાત્વન કરતા કહ્યુ “ વત્સ ! તને સ્મરણ રહેશે ? ”

કુમારે દૃઢતાથી ઉત્તર આપ્યો “ જ્યાસુધી આ દેહમા પ્રાણ હશે ત્યાસુધી તો અવશ્ય સ્મરણ રહેશે ! ”

તે વૃદ્ધ પુરૂષ આગળ ચાલતા પાછળ શશાક, વસુમિત્ર અને તરલા અન્તઃપુર તરફ ચાલ્યા ગયા

તે દૃઢ મજબૂત બાંધાનો વૃદ્ધ પુરૂષ તે યશોધવલદેવ હતા એ ચતુર વાચકોને કહેવાની શી જરૂર છે ?

* * *

પ્રકરણ ૨૧ મું.

આ શુ કર્યું ?

વસુમિત્રના પ્રાણરક્ષણ માટે જે વખતે તરલા રાજભુવનના અંતપુરના દ્વાર આગળ બેસી રહી હતી, તે વખતે પાટલીપુત્રનગરની બહાર બૌદ્ધ મંદિરમા એક નાના પ્રહસનનો અભિનય ચાલતો હતો

સવારે ઉઠીને ભિક્ષુઓએ જોયુ તો મંદિરનો દરવાજો બંધ હોઇ તેને હમેશની માફક બહારથી તાળુ મારેલુ હતુ, પરંતુ મંદિરમાથી કોઈ દ્વાર ઠેલતુ હતુ ! આ વિલક્ષણ પ્રકાર જોઇ એક બે એક બે થઇ ઓછામા ઓછા સો ભિક્ષુ જોતજોતામા એકત્ર થઈ ગયા ! વજ્રાચાર્ય અને મધ્યસ્થવીર પણ ત્યા આવી પહોચ્યા ! ભિક્ષુઓએ સન્માનપૂર્વક તેમને માર્ગ આપ્યો

વજ્રાચાર્યે પુછ્યુ “ શુ છે ? ”

એક તરૂણ ભિક્ષુએ આગળ આવી કહ્યુ “ દેવ, મંદિરને બહારથી તાળુ છે, પરંતુ અંદરથી કોઇ દ્વાર ઉઘાડવાનો પ્રયત્ન કરે છે ! ”

બંધુગુપ્ત અને શત્રુસેને પાસે જઇ લક્ષપૂર્વક જોયુ તો ખરેખર, અંદરથી કોઇ બારણુ હલાવતુ હતુ ! ત્યારે શત્રુસેને કહ્યુ “ તાળુ તોડો, અને બારણુ ઉઘાડો ! ”

થોડા જ વખતમા તાળુ તોડી દરવાજો ઉઘાડવામા આવ્યો સર્વ જીજ્ઞાસાથી અને આશ્ચર્યથી અંદર જોવા લાગ્યા તો સ્ત્રી વેષયુક્ત દેશાનંદ જણાયો !

શત્રુસેને આગળ આવી પુછ્યુ “ દેશાનંદ, આ શો પ્રકાર છે તે તો કહે ! ”

દરવાજો ઉઘડતા જ પોબારા ગણવાના વિચારમા આચાર્ય

પડયો હોય તેમ જણાયુ પરતુ સામે ભિક્ષુમડળ એકત્ર થયેલુ જોઇ તે નાસી જવાનું સાહસ કરી શકયો નહિ !

આચાર્ય કઈ જ બોલ્યો નહિ ત્યારે બધુગુપ્તે આગળ આવી પુછ્યુ "કેમ રે આચાર્ય ! તમે બોલતા કેમ નથી ? આ અપૂર્વ વેષ ક્યાથી કમાયા ?

હજી પણ દેશાનદ ચૂપ રહ્યો હતો શત્રુસેને તેને પુન હાક મારી "દેશાનદ ! અરે દેશાનદ !"

પાલવથી મુખ ઢાકી સ્ત્રીની માફક કોમલ સ્વર કાઢવાનો પ્રયત્ન કરી દેશાનદ બોલ્યો "હુ તો તરલા છુ !"

આચાર્યનો આવો અકલ્પિત ઉત્તર સાભળી શત્રુસેને ગુસ્સે થઇ તેના મુખપરનો છેડો ખેચી કાઢી બૂમ પાડી કહ્યુ "તરલા ! તારી ઇકોતેર પેઢીમા કોણ છે તરલા, દેશાનદ ?"

દેશાનદના હવે હોશ કોશ ઉડી ગયા રડતા રડતા તેણે કહ્યુ "તરલાએ મારી આવી ફજેતી કરી છે !"

આ સાભળીને શત્રુસેને વિશેષ ચીડાઇ તીવ્ર સ્વરે પુછ્યુ "અરે, પણ તરલા તે તારી કોણ ?"

દેશાનદે કપતા કપતા કહ્યુ 'તરલા–તરલા–મારી"

"તરલા તારી કોણ છે તે તો હુ પુછ્યા કરૂ છુ ?"

"તરલા મારૂ સર્વસ્વ છે ! તરલા—તરલા—મારી તરલા તરલા—"

એટલામા પાછળથી એક ભિક્ષુ બોલ્યો "દેવ, કાલે રાત્રે જ્ઞાનાનદ આચાર્ય સાથે બહાર નીકળ્યો હતો અને ત્યાર પછી તે પાછો સઘારામમા આવેલો જણાતો નથી !"

બધુગુપ્તે ખળભળીને કહ્યુ "ત્યારે જ્ઞાનાનદ પણ શુ મદિરમા છે ?"

જ્ઞાનાનદને શોધવા માટે કેટલાક ભિક્ષુઓ તરત જ મદિરમા પેઠા અને તેમણે મદિરનો ખુણે ખુણો બારીકાઈથી જોઇ લીધો પછી

બહાર આવી બધુગુપ્તે કહ્યુ “ આખુ મદિર જોઈ વળ્યા પણ જીનાનદ તો છે જ નહિ!”

ક્રોધ અને ક્ષોભથી સઘસ્થવીરનો ચહેરો લાલચોળ થઈ ગયો! તેણે દેશાનદની ગરદન પકડી અતિ જોરથી ધુધવાટો કરી પુછ્યુ “ કહે હરામખોર, જીનાનદને ક્યા છુપાવ્યો છે? બોલ, જલદી બોલ! નહિ તો તને અહીજ મારી નાખ્યા સિવાય રહેવાનો નથી!”

દેશાનદ ભયથી ધ્રૂજી ઉઠયો અને મોટેથી રૂદન કરવા લાગ્યો ત્યારે વજ્રાચાર્યે સઘસ્થવીરને પાછળ ખેચી કહ્યુ “ સઘસ્થવીર! તુ પણ એના જેવો ગાડો બને છે? એને ભય આપવાથી શુ આ વખતે એ તને બાતમી આપશે? ખરેખર, તુ પાગલ જ બને છે?”

બધુગુપ્ત સહજ શાત થઇ પાછો હઠયો નજીકના ભિક્ષુઓને ઉદ્દેશી શત્રુમેને કહ્યુ “ તમે એને સઘારામમા લઈ જાવ અમે બન્ને પાછળથી આવીએ છીએ ”

સ્ત્રીવેષધારી આચાર્ય દેશાનદને લઇ ભિક્ષુમડળ મદિરની બહાર નીકળ્યુ તે વખતે આચાર્યનો કેવો ઉપહાસ થયો હશે, તે વાચકની કલ્પનાપર જ કોશુ તો ઠીક થશે! બધુગુપ્ત અને શત્રુસેન એ બે જ માત્ર મદિર પાસે રહ્યા

સર્વ ભિક્ષુ ગયા પછી બધુગુપ્ત બોલ્યો “ વજ્રાચાર્ય, આ પ્રકરણ શુ હશે તે તારા ધ્યાનમા કઇ આવે છે? જીનાનદ ખરેખર નાશી ગયો હશે? અતિ પ્રયત્નથી ચારૂમિત્રને વશ કરી તેના પુત્રને ભિક્ષુની દિક્ષા આપી સઘમા લાવવામા આવ્યો હતો હાય! આપણો સર્વશ્રમ વ્યર્થ જ થયો ને?”

શત્રુસેને ઉદ્દામ થઈ કહ્યુ “ એ ગોટાળો શો છે, તે મારા લક્ષમા આવતુ નથી પણ શ્રેષ્ઠી વસુમિત્ર અહીંથી નાશી ગયો તેથી શુ તે કઇ હમેશને માટે આપણા હાથમાથી છટકી શકશે? તેણે પ્રવ્રજ્યા લીધેલી છે એમ જણાતા જ નગરમા કોઈ પણ તેને રાખવાનુ સાહસ કરી શકશે નહિ પરતુ દેશાનંદે શુ કર્યું અને તેને

સ્ત્રી બનાવી મંદિરમા કોણે પુરી રાખ્યો તે કઇ મારા જાણવામા આવ્યુ નહિ। દેશાનંદ સિવાય બીજો કોઇ પણ એ વાત કરી શકશે નહિ। બન્ધુગુપ્ત। આ વખતે દેશાનંદપર તુ ચીડાયો છે એમ જણાવા દઇશ નહિ નહિ તો, તે આપણને કઇ પણ વાત નહિ કહે જીનાનંદ મઠમાથી કેવી રીતે નાઠો, દેશાનંદને સ્ત્રીના વસ્ત્રો કોણે અને કેવી રીતે આપ્યા અને તરલા કોણ છે, એ સર્વ વાત યુક્તિપ્રયુક્તિથી તેની પાસેથી મેળવી લેવી જોઇએ ”

બન્ધુગુપ્ત થોડી વાર વિચાર કરી બોલ્યો “ જુઓ વજ્રાચાર્ય, કાલે સંધ્યાકાળે આપણે બન્ને જ્યારે અહીં આવ્યા ત્યારે તો મંદિરનુ દ્વાર ઉઘાડુ હતુ, અને દેશાનંદ પણ તે તેખતે મંદિરમા ન હતો ”

કંઇક શ્વાસ લઇ શત્રુસેને કહ્યુ “ હા, તુ કહે છે તે ખરૂ છે, તુ જ્યારે કીર્તિધવલના ખુનની વાત કહેતો હતો ત્યારે મંદિરમા કોઇ જ ન હતુ મંદિરના દ્વાર પણ ખૂલ્લા હતા ”

“ ત્યારે વજ્રાચાર્ય, કોઇએ સંતાઇ રહી આપણી વાતો સાભળી લીધી તો નહિ હોયને ‘

“ મને એમ લાગતુ નથી। ”

બન્ધુગુપ્ત ચિંતાગ્રસ્ત થઇ કહેવા લાગ્યો “ મને મોટી ભીતિ લાગવા માડી છે હવે હુ અહીં રહીશ નહિ તુ જ અહીં રહીને દેશાનંદની હકીકતનો તપાસ કરજે। હુ હમણા ને હમણા બંગદેશમા જતો રહુ છુ યશોધવલ હવે પાટલીપુત્રમા આવ્યો છે આપણી વાતો સાભળી જો કોઇએ તેને કહી હશે તો મારી જીંદગી તો પૂર્ણ થઇ જ સમજી લેવી। ”

“ તુ કહે છે તે સર્વથા ખોટુ નથી હવે મને પણ એમ લાગે છે કે, આપણે અહીંથી ચાલ્યા જવુ જોઇએ કારણ, કોઈ પણ રીતે જો કીર્તિધવલના ખુનની વાત યશોધવલના કાનપર જશે તો તે તેનુ વેર લીધા સિવાય કદી પણ નહિ રહે પરંતુ તુ બંગ-

દેશમા જાય તે નહિ બને ! તુ ત્યા જઇશ તો સઘને અતિશય નુકશાન થશે હમણા આપણે દેશાનદને લઇ કપોતિક સઘારામમા જઇને રહીએ ત્યા બુદ્ધઘોષ જરૂર આપણુ રક્ષણ કરશે "

" ચાલ ત્યારે, હમણા જ જતા રહીએ "

" ચાલ, પણ મદિર અને સઘારામની કઇ પણ વ્યવસ્થા કરીને પછી જઇએ "

" ભગવાનની વ્યવસ્થા ભગવાન પોતે કરી લેશે ! આપણને એ પચાતમા પડવા માટે અવકાશ કયા છે ? અને કારણ પણ શુ છે ? ચાલ, ચાલ, હમણા જ ખસી જઇએ "

" તુ ભયથી બાયલો બની ગયો છે, સઘસ્થવીર ! "

" મારૂ મસ્તક ધડથી જુદુ પડી નગરના તોરણદ્વાર વચ્ચે જ્યારે ભાલાપર ખોસી લટકાવવામા આવશે ત્યારે બુદ્ધ, ધર્મ કે સઘ મારૂ રક્ષણ કરશે કે ? "

" ચાલ, પણ સઘારામમાથી દેશાનદને તો તેડી લઇએ "

તત્કાળ બન્ને મદિરમાથી બહાર નીકળી સઘારામ તરફ ગયા ભિક્ષુઓએ દેશાનદનો સ્ત્રીવેષ દૂર કરી તેને તેના હમેશના વેષમા બેસાડયો હતો શત્રુસેને તેને ઉદ્દેશી કહ્યુ " આચાર્ય, તમારે એક વખત કપોતિક સઘારામમા જવુ જોઇએ "

દેશાનન્દે રડતા રડતા કહ્યુ " કપોતિક સઘારામમા શા માટે ? "

વજ્રાચાર્યે કહ્યુ " નિરર્થક ડરીશ નહિ. મહાસ્થવીરે ભોજનનુ નિમત્રણ આપ્યુ છે "

પરતુ આ કથનપર દેશાનદને ભરોસો આવ્યો નહિ તે એક બાલકની માફક પોક પાડી રડવા લાગ્યો તેને ચોક્કસ લાગતુ હતુ કે પોતાને ઠેર કરવા કપોતિક સઘારામમા લઇ જવામા આવે છે !

એક ભિક્ષુને બોલાવી શત્રુસેને કહ્યુ " જીનેન્દ્રબુદ્ધિ ! મદિર અને સઘારામનુ રક્ષણ કરવાનુ કામ તમને સોપવામા આવે છે

કેટલાક જરૂરી કાર્ય માટે અમે કપોતિક સઘારામમા જઇએ છીએ એ ભિક્ષુ સાથે આચાર્ય દેશાનન્દને હમણા જ ત્યા મોકલી આપો ”

બન્ધુગુપ્ત અને શત્રુસેન સઘારામમાથી ચાલ્યા ગયા ભિક્ષુ દેશાનદને સધા બનાવવા લાગ્યા પરતુ આ વખતે તેણે કોઇને કઇ જવાબ આપ્યો નહિ તે તો એક સરખો રડયા કરતો હતો વચ્ચે વચ્ચે “ તરલા, તે આ શુ કર્યુ ? ” એમ ડસ્કા ખાતો ખાતો બોલતો હતો

બધુગુપ્ત અને શત્રુસેન મઠમાથી ગયાને બે ઘટિકા થઇ હશે, એટલામા બારસો સ્વારોએ આવ તથા સઘારામને ઘેરો નાખ્યો વસુમિત્રને સાથે લઇ મહાબલાધ્યક્ષ હરિગુપ્ત અને યશોધવલદેવ બન્ધુગુપ્તને શોધવા લાગ્યા પરતુ તે કઇ મળ્યો નહિ ત્યારે તેમણે ભિક્ષુઓથી તપાસ કર્યો, પણ કઇ માહિતી મળી નહિ

અતે દેશાનદ તરફ આગળી કરી વસુમિત્રે કહ્યુ “ મહારાજ ! મારા છૂટકા માટે આ આચાર્યે ઘણી મદદ આપી છે એનાથી તપાસ કરશો તો કઇ પત્તો લાગશે ”

યશોધવલે આચાર્યને એક બાજુએ લઇ જઇ તેને મુક્ત કરવાનો લોભ બતલાવતા જ તેણે કહ્યુ કે “ બન્ને કપોતિક સઘારામમા ગયા છે ”

તે જ ક્ષણે—એક ક્ષણનો પણ વિલબ ન કરતા સૈન્ય લઇ મહાનાયક યશોધવલ કપોતિક સઘારામ તરફ ધસ્યા હરિગુપ્તની આજ્ઞાથી દેશાનદ અને જીનેન્દ્રબુદ્ધિને કેદ કરી તેમને સાથે લઈ બે સ્વાર રાજભુવન તરફ ચાલ્યા ગયા.

* * *

પ્રકરણ ૨૨ મું.

બધુગુપ્તનું પલાયન

તરલાના મુખથી કીર્તિધવલના કરપીણ વધની વાત સાભળવામા આવી ત્યારથી યશોધવલના અતકરણમા અવર્ણનીય ક્ષોભ ઉત્પન્ન થઇ રહ્યો હતો. મહા કષ્ટે જેમ તેમ હૃદય દૃઢ કરી વસુમિત્ર અને તરલાને લઇ તે સમ્રાટ પાસે ગયા કીતિધવલની ભયકર હત્યા કહાણી સાભળી મહાસેનગુપ્ત તો એક બાલક પ્રમાણે મોટે સાદે રડવા લાગ્યા મહાબલાધ્યક્ષ હરિગુપ્ત તે વખતે ત્યા જ હતા તેમણે અને યશોધવલે મહાકષ્ટથી તેમનું સાત્વન કર્યુ

કેટલીકવારે હરિગુપ્તે કહ્યુ “ કીર્તિધવલના ખુનની હકીકત ગહાર પડી છે એ વાત હજી બધુગુપ્ત જાણતો નહિ હોય હમણાને હમણા કેટલાક સ્વર લઇ આપણે જો તે બૌદ્ધ મદિર અને સઘારામને ઘેરો નાખીશુ તો તે દુષ્ટ અવશ્ય હાથમા આવશે અને કદાચિત તે જો નાશી ગયો હશે તો જઇ જઇને કેટલે દૂર જશે ? આપણે તેને જોત જોતામા પકડી પાડીશુ ! ”

સમ્રાટે ઉત્સાહપૂર્વક હરિગુપ્તની સૂચનાને સમતિ આપી તેમણે કહ્યુ “ તમે આ શ્રેષ્ઠીપુત્રને સાથે લઇ જાવ, એટલે રસ્તો જાણવામા હરકત પડશે નહિ ”

યશોધવલે વસુમિત્રને પુછ્યુ “ તમને ઘોડાપર બેસતા આવડે છે કે ? ”

“ હાજી ! બાલ્યાવસ્થાથી ઘોડાપર બેસવાની મને ટેવ છે એટલે અડચણ નથી ”

“ પણ સઘારામમા પાછા જવાને તમને કઇ ભયતો નહિ લાગે ને ? ”

“ મહારાજ, હુ તદ્દન અસહાય, નિશસ્ત્ર અને નિરૂપાય

સ્થિતિમા હોવા છતા ભિક્ષુમઠમા એકલોજ રહેતો હતો, તદપિ એક ક્ષણ પણ મને ભય જણાયો ન હતો ”

“ તમે શસ્ત્રાસ્ત્ર વિદ્યા જાણો છો ”

“ મારી પરીક્ષા લેશો એટલે સમજાશે, મહારાજ ! ”

યશોધવલે સતુષ્ટ થઈ કહ્યુ “ વાહ, બહુ સરસ ! મારી સાથે આવો હુ તમને શસ્ત્રાસ્ત્ર આપુ છુ ”

વસુમિત્રને સાથે લઈ યશોધવલ રાજભૂવનના અતર્ભાગમા ગયા ભયથી વ્યાકુળ થઇ બીચારી તરલા જ્યાને ત્યા ઉભી રહી હતી તેના ચક્ષુમાથી અશ્રુપ્રવાહ ખળખળ વહેતો જોઇ આશ્વાસન આપવાના ઉદ્દેશથી સમ્રાટે કહ્યુ “ બેટા, તારે ભય પામવાનુ કારણ નથી ! શ્રેષ્ટીપુત્ર સાથે હજાર બારસો સવાર જશે હવે તેને કોઇ બલપૂર્વક પકડી શકશે નહિ ! તુ બીલકુલ ડરીશ નહિ ! ”

પછી વિનયસેન તરફ દૃષ્ટિ કરી મહાસેનગુપ્તે કહ્યુ “ એને મહાદેવી પાસે મુકી આવ ”

સમ્રાટનુ આશ્વાસન મળવા છતા પણ તરલાની ચિતા વિશેષત દૂર થઇ નહિ વિનયસેન સાથે તે મહાદેવી પાસે ગઇ

બીજા તોરણની બહાર તૈયાર થયેલા શરીરરક્ષક ઘોડેસ્વારોની ટુકડી રાહ જોઈ ઉભી રહેલી હતી તોરણની સન્મૂખ ત્રણ ઉત્તમ ઘોડા પકડી ઘોડાવાળા ઉભા હતા આ એકદર પ્રકાર શો છે તે ન સમજાયાથી જીજ્ઞાસાથી આતુર બનેલા કેટલાએ તમાસગીર લોકો માથા ઉચા કરી બહાર ઉભા રહ્યા હતા

એટલામા યૂવરાજ શશાક અને વસુમિત્રને લઇ યશોધવલદેવ તોરણ બહાર આવ્યા તેમને જોતા જ સૈનિકોએ પોતાની પ્રચલિત રૂઢિ પ્રમાણે અભિવાદન કર્યું ત્યાર પછી ઘોડાવાળાઓ પાસેથી ઘોડા લઇ તેઓ સ્વાર થયા અને ત્રીજા તોરણ તરફ તેમણે પોતાના ઘોડા ચલાવ્યા તેમની પાછળ બારસો ઘોડેસ્વારો

પણ જવા લાગ્યા સ્વત મહાબલાધ્યક્ષ હરિગુપ્તને ત સ્વારોને વચ્ચે વચ્ચે હુકમ આપતો જોઇ લોકો તો આશ્ચર્યચકિત થઇ જ્યાને ત્યા જડવત ઉભા રહ્યા એ સર્વ પ્રકરણ શુ છે તે તેમને બીલકુલ સમજાયુ નહિ !

આ સ્વારોની ટુકડી સાથે લઈ બૌદ્ધમદિરમા ગયા પછી યશોધવલે શુ કર્યું તે વાચકો પાછલા પ્રકરણથી જાણી ચુકયા છે. સઘારામમા વસુમિત્રને કોઇએ ઓળખ્યો ન હતો કારણ, રાજભુવનમાથી બહાર નીકળતી વખતે યશોધવલે તેનુ સર્વાગ બખતરથી ઢાકી દીધુ હતુ

તે જુના મદિરમા બૌદ્ધગુપ્ત નહિ મળવાથી તત્ક્ષણે યશોધવલ અને યુવરાજે સૈન્યસહ કપોતિક સઘારામ તરફ મોરચો ફેરવ્યો મદિરથી લગભગ બે ગાઉપર નગરના મધ્યભાગમા કપોતિક સઘારામ હતો હરિગુપ્તના હુકમથી સ્વારોએ પોતાના ઘોડા નગર તરફ ફેરવ્યા ઘોડાના દાબડાના અવાજથી અને ધબકારાથી ઉડતી ધૂળને લીધે ઉપનગરના રસ્તા કેટલીક વાર સુધી અધકારમય બની રહ્યા

સઘારામ છોડી બધુગુપ્ત અને શત્રુસેન બહુ દૂર ગયા નહિ તેટલામા એકદમ ચમકી ઉભા રહ્યા શત્રુસેને કહ્યુ "બધુગુપ્ત ! પાછળ અનેક ઘોડાઓના દાબડાના અવાજ સભળાય છે."

બધુગુપ્ત જ્યાનો ત્યા ઉભો રહ્યો અને લક્ષપૂર્વક કાન માડી સાભળવા લાગ્યો તો અનેક ઘોડા પોતે હતો તેજ દિશા તરફ આવતા હોય તેમ લાગ્યુ

બધુગુપ્ત કપિત સ્વરે બોલ્યો "તુ કહે છે તે ખરૂ જણાય છે, આચાર્ય !"

"ત્યારે તો હવે ઉતાવળથી કઇ છુપાઇ જવુ એજ ડહાપણ ભરેલુ છે સઘારામમાથી ના[illegible]લા વસુમિ[illegible] અનર્થ કરશે તે કઇ સમજાય તેમ નથી"

બધુગુપ્ત ધ્રૂજતો ધ્રૂજતો કહેવા લાગ્યો “ વજ્રાચાર્ય ! મને ખાત્રી છે કે, યશોધવલને મારી ખબર મળી છે, અને મને પકડવાને જ તે સ્વાર લઇ આ તરફ આવે છે ! હાય ! હવે મારી શી દશા થશે ? ”

પોતાના મિત્રને બનતુ આશ્વાસન આપતા શત્રુસેને કહ્યુ ‘ મિત્ર, ભયથી હાથપગ ઢીલા કરવામા શો અર્થ છે ? બ્હીશ નહિ બ્હીશ નહિ એમા તો કઇ શકા નથી કે અલ્પ સમયમા કોઇ પણ ભયકર સકટ આવી પડશે પણ આ વખતે ડરીશ ના મરણ શરણ થયો સમજી લેજે તુ તો મરીશ જ અને સાથે મને પણ મારતો જઇશ ચાલ, ચાલ, સામે દેખાતા તાડવનમા જઇ સતાઇ જઇએ ચાલ ઉતાવળ કર, મારી પાછળ ચાલ્યો આવ ! ”

તે સ્થળથી થોડે જ દૂર એક જુના તલાવ પાસેથી રાજમાર્ગ જતો હતો, અને તેની આજુબાજુ પુષ્કળ નાના મોટા તાડવૃક્ષો ઉછરી ચુક્યા હતા શત્રુસેન અને બધુગુપ્ત આ વનમા દોડી આવી ભરાઈ ગયા

થોડાજ વખતમા સ્વારોની ટુકડી ત્યા આવી પહોચી સર્વની આગળ એક સિધી કાળા અશ્વપર યુવરાજ શશાક હતો તેનુ સર્વ શરીર સૂવર્ણખચિત લોખડી બખતરથી આચ્છાદેલુ હતુ અને તેના રૂપા જેવા ધોળા શુભ્ર શિરસ્ત્રાણની બાજુમાથી પીળા ચકચકતા કેશ બહાર પડતા હતા સૂર્યકીરણમા તેનુ બખતર જાણે કે, અગ્નિ માફક બળતુ ન હોય ! એવો ભાસ થતો હતો યુવરાજની પાછળ યશોધવલદેવ હોઇ તેમનુ શરીર પણ બખતરથી આચ્છાદાયલુ હતુ તેમના શિરસ્ત્રાણમાથી તેમની લાબી ડાઢી બહાર પડી ઉદર સુધી ઝૂલી રહી હતી

યશોધવલ નજરે પડતા જ બધુગુપ્તના હાજા ગગડી ગયા અને તેનુ સર્વ શરીર પ્રસ્વેદમય થઈ ગયુ તેણે ધીમે રહી પુછ્યુ “ વજ્રાચાર્ય, મને લાગે છે કે એજ પેલો યશોધવલ છે ! ”

" હા, એજ કીર્તિધવલનો પિતા ! "

યશોધવલની પાછળ બખ્તર યુક્ત બે સ્વારો આવતા હતા પણ તેમને શત્રુસેને કે બધુગુપ્તે ઓળખ્યા નહિ પરતુ તેઓ તલાવની પાસે આવ્યા તેજ વખતે એકનુ શિરસ્ત્રાણ અચાનક નીચે પડ્યુ ઝાડ પાછળ ભરાઇ રહેલા બધુગુપ્ત અને શત્રુસેને તે શ્રેષ્ઠીપુત્ર વસુમિત્રને તત્કાળ ઓળખ્યો તેમના આશ્ચર્ય અને ભયની હવ સીમા રહી નહિ !

તે બે સ્વારની પાછળ પ્રત્યેક હારમા પાચ પાચ સ્વારની કેટલીએ હારો ચાલતી હતી તરતજ ઘોડો અટકાવી વસુમિત્ર પોતાનુ શિરસ્ત્રાણ ઉચકી લીધુ, અને ત્વરાથી ઘોડો દોડાવી તે પાછો સૈન્યને મળ્યો

સૈન્ય નીકળી જતા જ બધુગુપ્તે પુછ્યુ " વજ્રાચાર્ય, હવે ઉપાય શો ? "

" તુ હમણાને હમણા બગદેશમા ચાલ્યો જા તે સિવાય અન્ય રસ્તો નથી પાટલીપુત્રમા એક ક્ષણ પણ રહેવુ તે હવે તારે માટે જોખમ ભરેલુ છે "

" તુ શુ કરીશ ? "

" હુ તો નગરમા જ રહીશ "

" ત્યારે હુ પણ ત્યાજ મરીશ ! "

" એટલે ? એમ કેમ બોલે છે ? "

" પ્રાણ જશે તો પણ હુ હવે અહીંથી કોઇ પણ સ્થાને એકલો નહિ જાઉ ! "

શત્રુસેને બધુગુપ્તના મુખ તરફ ટીકીને જોયુ તો તેને જણાયુ કે, બધુગુપ્ત ભયથી સફેદ પૂણી જેવો થઇ ગયો છે બધુગુપ્તને હવે કોઇ પણ રીતે સમજાવી શકાય તેમ નથી, એવી શત્રુસેનની ખાત્રી થઇ ત્યારે તેણે કહ્યુ " ચાલ, ત્યારે આપણે હમણા જ જતા રહીએ "

આમ તેમ જોઈ બન્નેએ તાડવનમાથી બહાર પડી ગગાતીરનો માર્ગ સ્વીકાર્યો

સવારે કપોતિક સઘારામના આગણામા બેસી મહાસ્થવીર બુદ્ધઘોષ ગુપ્તચરોદ્વારા આવેલા સમાચાર સાભળતો હતો તે સર્વ ગુપ્તચર બુદ્ધ ભિક્ષુ જ હતા એક આચાર્ય મહાસ્થવીર સામે ઉભો રહી એક એક જાસૂસની માહિતી તેને આપતો જતો હતો અને તે પણ લક્ષપૂર્વક આવેલા સમાચારપર વિચાર કરતો હતો

એક ગુપ્તચર આગલા દિવસે રાત્રે રાજભૂવનમા શુ શુ બન્યુ હતુ તે બુદ્ધઘોષને કહેતો હતો તેણે કહ્યુ “ કાલ બપોરે સમ્રાટ ગગા કાઠે ઘાટપર બેઠા હતા, એટલામા યશોધવલે આખી સામ્રાજ્યનો કારભાર ચલાવવાની જોખમદારી પોતે લેવા તૈયાર હોવાનુ જણાવ્યુ એક ઝાડ પાછળ છુપાઈ રહી મે તેનુ સર્વ સભાષણ સાભળ્યુ હતુ—”

તે જાસૂસ આ વાતનો થોડો વિસ્તાર કરવા જતો હતો, એટલામા સઘારામના મુખ્ય દરવાજામાથી એક ભિક્ષુ ઉતાવળથી હાફતો હાફતો ત્યા આવી કહેવા લાગ્યો “દેવ, અસખ્ય સ્વારો સઘારામ તરફ ધસી આવતા જણાય છે !”

તે સાભળી મહાસ્થવીરે તરત જ આજ્ઞા કરી “સઘારામના દરવાજા એકદમ બધ કરો !”

તેનો હુકમ સાભળી ભિક્ષુ ત્વરાથી ચાલ્યો ગયો મહાસ્થવીર પણ ઉઠીને દરવાજા તરફ ગયો

પાટલીપુત્ર નગરના આ કપોતિક સઘારામની ઇમારત અતિ જુની હતી આ સઘારામ સમ્રાટ અશોકે સ્થાપ્યો હતો, એવી દતકથા ચાલતી હતી આ મકાન પાયામાથી જ મજબૂત પત્થરથી બધાયલુ હોઈ તેની ચોતરફ ઉચો અને કઠિન પત્થરનો કોટ હતો આ પ્રચડ અને વિસ્તીર્ણ સઘારામમા પાચ હજારથી પણ વધારે ભિક્ષુ સુખપૂર્વક રહી શકે તેમ હતુ, અને આપણી કથાના સમયે તેમા

હજાર બારસો ભિક્ષુ રહેતા પણ હતા! સઘારામની ચોતરફ ચાર સિહદ્વાર હતા અને તે હમેશ ખુલ્લા રહેતા હતા રાજક્રાતી કે બળવા વખતે નાગરિકોએ અનેકવાર સઘારામને ઉદ્ધ્વસ્ત કરી નાખેલો હોવાથી પુન તેમ ન થાય તે માટે અસખ્ય લોખડી ખીલાઓથી આચ્છાદાયેલા દ્વાર ચારે તોરણદ્વારોએ લગાડેલા હતા વિશેષ સકટનો સમય જણાયા સિવાય મઠના મહાસ્થવીર આ દરવાજા બધ કરવા હુકમ કરતા ન હતા, કારણ કે નાગરિકોને દેવદર્શનની ગમે તે વખતે છૂટ હતી.

તોરણ ઉપર ચઢી મહાસ્થવીર તે બખ્તરયુક્ત પુરુષને ઉદ્દેશી કહેવા લાગ્યો "આપ કોણ છો? દેવનુ આવુ અપમાન કરવાનુ કારણ શુ છે? આટલા સશસ્ત્ર સૈનિક લઇ નિરપરાધી ભિક્ષુઓના મઠપર આપે કોની આજ્ઞાથી ઘેરો નાખ્યો છે?"

તે બખ્તરી પુરુષોમાના એકે મહાસ્થવીર તરફ જોયુ અને પુછ્યુ "તમે કોણ છો?"

મહાસ્થવીરે કહ્યુ "ભગવાન બુદ્ધની આજ્ઞાથી હુ આ સઘારામની સર્વ વ્યવસ્થા જોઉ છુ મારૂ નામ બુદ્ધઘોષ"

તે પુરુષે હસીને કહ્યુ "મને લાગે છે કે, તમે મને ઘણુ કરીને ઓળખી શકશો જ મારૂ નામ યશોધવલ હુ રોહિતાશ્વદુર્ગમા રહુ છુ હુ આ સામ્રાજ્યનો મહાનાયક છુ મારા પુત્રના ખુનીને શોધી કાઢવા હુ અહીં આવ્યો છુ સઘારામના બધ થયેલા દરવાજા ઉઘાડી નખાવો અમે સઘારામમા તે દુષ્ટ નરઘાતક પિશાચ બધુગુપ્તને શોધી કાઢવા આવ્યા છીએ!"

મહાસ્થવીર જોકે કોટના શીખરપર હતો, તોપણ મહાનાયકનુ નામ સભળાતા જ તે ભયથી ધ્રુજી ઉઠ્યો! પરતુ આત્મસયમન કરી તેણે કહ્યુ "મહાનાયક યશોધવલના વિમલ યશની કથા પાટલી-

પુત્રમા રહેનાર એક પણ માણસની જાણ બહાર નહિ હોય આપની કંઇ ભલતી જ કલ્પના થયેલી હોવાથી આપના પુત્રને મારનાર મનુષ્યને અહીં શોધવાને આપ પધાર્યા છો સંઘારામમા નિર્દોષ, નિષ્પાપ ભિક્ષુઓ રહે છે નરઘાતક પિશાચને આ પવિત્ર સ્થાનમા આશ્રય ક્યાંથી હોય ? આપના પુત્રના ખુની તરીકે આપ જેને ઓળખાવો છો, તે ઉત્તર તરફના પ્રદેશના બૌદ્ધસંઘનો એક સ્થવીર છે આ આર્યાવર્તમા બંધુગુપ્તનુ નામ કોણે સાંભળ્યુ નથી ? તે બોધી સત્યવાદી મહર્ષિતુલ્ય વ્યક્તિના હસ્તે નરહત્યા જેવુ મહાપાતક થવુ કદી પણ શક્ય છે કે ?"

"મહાસ્થવીર, તમે આ વૃદ્ધના ધોળા કેશપર વિશ્વાસ રાખો તેવો જ કંઇ મહત્વનો અને વિશ્વાસનીય પુરાવો મળ્યા સિવાય, આ યશોધવલ એકાદ દેવના પવિત્ર સ્થાનને ત્રાસ આપવાનુ કાર્ય કદી કરતો નથી બંધુગુપ્ત જો સંઘારામમા આવ્યો હોય તો તેને અમારે સ્વાધીન કરો—અમે તો સમ્રાટ પાસે લઇ જઇશુ "

બુદ્ધઘોષે કહ્યુ "સંઘસ્થવીર બંધુગુપ્તે આજે આખા દિવસમા આ સ્થળે પગલુ પણ મુક્યુ નથી મારા શબ્દોપર વિના હરકતે વિશ્વાસ રાખો જો બંધુગુપ્તને ફક્ત શોધવા માટે જ અહીં આવ્યા હો તો આપ દિશા ભૂલ્યા છો—સૈન્યસહ બીજી તરફ ચાલ્યા જાવ"

"બંધુગુપ્ત જ્યારે સંઘારામમા નથી ત્યારે તમે દરવાજા કેમ બંધ કર્યા છે ?"

"આપના સશસ્ત્ર સૈનિકોના ભયથી !"

"અમે સમ્રાટની આજ્ઞાથી બંધુગુપ્તને શોધવા સંઘારામમા આવ્યા છીએ—અમે અંદર આવીએ તે માટે તમને કંઇ હરકત છે કે ?"

"બીલકુલ નહિ !"

ત્યારે દરવાજા ઉઘડાવી નાખો !"

મહાસ્થવીરની આજ્ઞાથી તોરણ ઉઘાડવામા આવ્યું, પાચમો સ્વારને સાથે લઈ યશોધવલદેવ, ગશાક અને હરિગુપ્ત સઘારામમા ગયા અને બાકીના ઘેરો નાખી પડી રહ્યા સર્વએ સઘારામનો પ્રત્યેક ખૂણો બરોબર રીતે જોયો પણ બન્ધુગુપ્ત મળ્યો નહિ ।”

નિરાશ હૃદયથી યશોધવલદેવ પોતાના સ્વારસહ રાજભુવન તરફ ગયા

* * * * *

આજ વખતે ગગા પ્રવાહમા એક નાની નૌકા ત્વરિત ગતીથી પૂર્વ દિશા તરફ ચાલી જતી હતી, તેમા બેઠેલો શત્રુસેન બધુગુપ્તને કહેતો હતો “ મિત્ર, અનેક જન્મના પુણ્ય બલથી આજે યશોધવલથી આપણુ રક્ષણ થયુ છે ।”

દ્વિતીય ખંડ.

મધ્યાહ્ન

પ્રકરણ ૧ લુ.

સ્કંદગુપ્તનુ ગીત

પ્રથમ ખડમા વર્ણન કરેલો બનાવ બન્યા પછી ત્રણ વર્ષ નીકળી ગયા છે. એ ત્રણ વર્ષમા મગધ સામ્રાજ્યમા અને પાટલીપુત્રમા કેટલુએ વિલક્ષણ પરિવર્તન થઇ ગયુ છે તે પ્રાચીન નગરમા યૌવનશ્રી જાણે કે, પાછી આવી હમેશને માટે નિવાસ કરી રહી હોય તેમ લાગે છે નગરની ચોતરફનો કોટ હવે પૂર્વ પ્રમાણે મજબૂત અને પ્રેક્ષણીય થયો છે જુનુ રાજભુવન પણ દુરસ્ત થઇ સુન્દરતામા વધારો કરી રહ્યુ છે હવે રાજકાર્યભાગ પદ્ધત પુરઃસર અને સુવ્યવસ્થાથી ચાલે છે મગધના પ્રાચીન સામ્રાજ્યને જાણે કે, હવે નવીન જ બલ મળ્યુ હોય તેમ તે બલાઢ્ય બન્યુ છે સામ્રાજ્યની સીમાપરના જુના અને જીર્ણ થયેલા કિલ્લા સારી મરામતથી ઉત્કૃષ્ટ થયા છે તેની ઉપરના લશ્કરની યોજના પણ ઉત્તમ બની છે. દુષ્કાળે હેરાન કરેલા સામ્રાજ્યનુ સૈન્ય હવે સુશિક્ષિત બની શસ્ત્રઆદિકોની તૈયારી પણ ઉત્તમ અને વિજયી થઇ છે. મગધના સૈનિકો પોતાના વેતન માટે અગર એક મુઠભર અનાજ માટે હવે વણિકના ઘરને ઘેરો નાખતા નથી. આજસુધી નિદ્રાની ધૂનમા સપડાયલા મગધવાસી જનો પૂર્ણ રીતે જાગ્રત થયા છે અને તેમના મનમા મોટી મોટી આશાઓએ જન્મ લીધાં છે. હવે મગધ પ્રજાને

લાગે છે કે, ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્તનો સમય આવશે, પાટલીપુત્રના નાગરિકો ગાધારના હિમધવલ પર્વત શૃંગપર પુન પોતાનો જયધ્વજ રોપાશે અને દક્ષિણ તરફ કેરલ દેશની તરૂણીઓ અકાલ વૈધવ્ય આપ્યા બદલ હમેશ શાપ આપતી રહેશે. આ સર્વ અત્યંત વિલક્ષણ પરિવર્તનનુ પ્રત્યક્ષ કારણ જોઇએ તો યૂવરાજ શશાક છે, પણ પરોક્ષ કારણમા તો વૃદ્ધ યશોધવલદેવ જ છે

યશોધવલ પુન રોહિતાશ્વદુર્ગમા ગયા ન હતા પાટલીપુત્રમા આવ્યા ત્યારથી તે પોતાની પૌત્રીને લઇ રાજભૂવનમાં જ રહ્યા હતા સમ્રાટ મહાસેનગુપ્ત હવે તદ્દન વૃદ્ધ બની ગયા હતા તે સાયંકાલે એક વખત જેમ તેમ કરી દરબારમા આવીને બેસતા હતા યૂવરાજ શશાક અને મહાનાયક યશોધવલદેવ એજ સમ્રાટવતી સર્વ દરબાર કાર્ય જોતા હતા

શશાકના સર્વ સ્નેહીઓ હવે મોટી મોટી જગ્યાપર આવ્યા હતા નરસિંહદત્તને એક મુખ્ય સેનાપતિનુ સ્થાન મળેલુ હોઇ માધવવર્માએ દરીયાઇ સૈન્યના આધકારીનુ પદ પ્રાપ્ત કર્યું હતુ અનંતવર્માને યૂવરાજના મુખ્ય અંગરક્ષકનુ કાર્ય સોપાયુ હતુ યૂવરાજે હવે બાલ્યાવસ્થામાથી તારૂણ્યાવસ્થામા પગ મુક્યો હતો. કીશોર અવસ્થાની બાલિશ ચંચલતા તેમનામા રહી ન હતી યુવાવસ્થામા યૂવરાજ ધીર, પ્રશાત, વિચારી અને ચિતાશીલ બન્યા હતા

યશોધવલની ત્રણ સૂચનાઓ હવે પ્રત્યક્ષ પ્રચારમા આવી હતી સર્વ કિલ્લા દુરસ્ત થઇ મજબૂત બન્યા હતા, સામ્રાજ્યનુ સૈન્ય સુશિક્ષિત થયુ હતુ અને રાજના હક્ક વગેરેનુ ઉત્પન્ન ખજાનામા બરોબર વસુલ આવે તેવી વ્યવસ્થા થઇ હતી અને એટલુ થયા પછી બંગદેશમા સામ્રાજ્યની સત્તા પુન સ્થિર કરવા માટે પ્રયત્ન શરૂ થયા હતા.

આ સર્વ વ્યવસ્થા એવી ઉત્તમ રીતે કેવા પ્રકારે અમલમા આવી તે પ્રત્યક્ષ સરકારી અધિકારીઓને પણ નહિ સમજાયાથી પ્રથમ તેઓ આશ્ચર્ય પામ્યા હતા યૂવરાજ શશાકને સાથે રાખી પાટલીપુત્રના મોટા શાહુકારોને ઘેર જઈ મહાનાયક યશોધવલદેવે પૈસા એકત્ર કરવા પ્રયત્ન કર્યો, અને તેમા યશ પણ ઉત્કૃષ્ટ રીતે મળ્યો. તેમણે એકત્ર કરેલા અગણિત દ્રવ્યના બલપર જ તેમને અશકય જણાતી સૂચના આટલા અલ્પકાળમા ઉત્તમ રીતે પ્રચારમા આવી હતી ટુંક સમયમા જ દેશપર કેવી ભયંકર આફત આવનાર છે તેનુ ભયંકર ચિત્ર શેઠ સાહુકારો આગળ તેમણે અતિ પ્રખર રંગમા ઉપસ્થિત કરી વસ્તુસ્થિતિની સ્પષ્ટ સમજ આપી એટલે તેઓ સમ્રાટને આનંદ પૂર્વક જોઈએ તેટલુ કરજ આપવા તૈયાર થયા આ ધનથી સૈન્યની સરસ પુનર્રચના કરી યશોધવલે ચરણાદ્રિદુર્ગ પુન સમ્રાટના તાબામા મુક્યો તે જ પ્રમાણે મંડલ અને ગૌડ પણ સામ્રાજ્યના સૈન્યે પાછા લીધા શરયૂથી કરતોયના તીર સુધીના વિસ્તીર્ણ પ્રદેશમાના સામંત હવે પોતાના મસ્તક નમ્ર કરી સામ્રાજ્યની ખંડણી વિના વિલંબે આપતા હતા સામ્રાજ્યના સીમાપ્રાંત હવે સારા સુરક્ષિત બન્યા હતા અને કેવળ ત્રણ વર્ષના અલ્પ અવકાશમા યશોધવલદેવે સાહુકારોનુ સર્વ કરજ પતાવી દીધુ હતુ

પરંતુ સાગર સમ દુસ્તર એવી નદીઓથી ઘેરાયલો બંગદેશ માત્ર સામ્રાજ્યની સત્તા હજીપણ માથે ચડાવતો ન હતો, બૌદ્ધ આચાર્યની ઉશ્કેરણીને લીધે બંગપ્રજા યશોધવલના કથન તરફ કાન પણ દેતી ન હતી ! પૂર્વ તરફ કામરૂપનો રાજા અને પશ્ચિમ તરફ ઠાણેશ્વરનો રાજા વિસ્મયાકુલ દૃષ્ટિથી આ પ્રાચીન સામ્રાજ્યની નવીન શક્તિનો પ્રભાવ લક્ષપૂર્વક જોઈ રહ્યા હતા તેમની જ ઉશ્કેરણીથી ઉદ્ધત બંગવાસી પ્રજા સામ્રાજ્યને કર આપવા કબુલ થતી ન હતી આ સર્વ કારણથી બંગદેશપર આક્રમણ કરવાની તૈયારીમા યશોધવલદેવ નિમગ્ન થઈ ગયા હતા

હજુ અર્ધ ઘટિકા દિવસ રહ્યો હતો ગગા તટે ઘાટના પગથીયા પર બેસી યશોધવલ વિશ્રાતી લેતા હતા દૂર રેતીપર ચિત્રા અને લતિકા આમતેમ ફરતા હતા નીચેના પગથીયાપર ઉભો રહી શશાક અસ્ત પામતા રજનીકાન્તથી ગગાજલમા પ્રતિબિબિત થયેલા નિર્જીવ તાપહિન કીરણો જોતો હતો ઘાટપર બે વૃદ્ધ બેઠા હતા—એક લ’ન અને બીજો યદુભટ્ટ

બોલતા બોલતા યશોધવલે કહ્યુ ‘ ભટ્ટ ! કેટલાએ દિવસથી મે તારુ ગીત સાભળ્યુ નથી જ્યારે હુ યુવાન હતો ત્યારે યુદ્ધમા જતી વખતે તારુ મગલગીત સાભળીનેજ અમે રાજભૂવનમાથી બહાર નીકળતા હતા ! હજી પણ તારા તે મધુર કઠ સ્વરનો ધ્વની મારા મગજમા ઘૂમી રહ્યો છે ! ભટ્ટ, તે વાતને પચાસ વર્ષ થયા છે અર્ધસદી પછી પુન તુ તારૂ ગીત એક વાર મને સભળાવીશ ?”

સર્વાગે શિથીલ બનેલા ધોળા કેશવાળા દતહિન વૃદ્ધે કહ્યુ “ પ્રભુ, ભાટ અને ચારણના દિવસો હવે ક્યા રહ્યા છે સામ્રાજ્યમા ભાટ કે ચારણ ખોળ્યો પણ મળતો નથી તે પ્રમાણે લોકો પણ હવે મગલગીત વિસરી ગયા છે ! તપ્તસૂવર્ણકાતિ નાયિકાના નીલ કમલ પ્રમાણે શોભતા નયનોનુ વર્ણન કરી કવિમડળ તેમનુ મન ખુશ કરે છે ! લોકોને યુદ્ધ અને સ્વાતત્ર્યને સ્ફૂર્તિદાયક એવી કથા હવે પ્રિય રહી નથી ! તે દિવસ જતા રહ્યા છે પ્રભુ ! મારામા શક્તિ રહી નથી, સ્વર ક્ષીણ બની ગયો છે ! હવે હુ શુ ગાઉ પ્રભુ ?”

યશોધવલે ઉદાસ ચહેરે હસીને કહ્યુ ‘ ભટ્ટ, યુવાવસ્થાને તો મે કેટલેએ દૂર મુકી દીધી છે ! હવે તારૂણ્યાવસ્થાનો સ્વર મને પણ મધુર લાગશે નહિ ! હુ પણ આ જીવનના અસ્ત–ક્ષિતિજપર આવી પહોચ્યો છુ ! અહાહા, પણ યુવાન સ્થિતિનુ સ્મરણ અતિ આનદ

આપનારૂ હોય છે ! ભટ્ટ, તારૂણ્યમા પુષ્કળ વખત સભળાવેલુ તે ગીત પુન એકવાર ગા ભટ્ટ, લલકાર એક વખત ! તારો કંઠ ક્ષીણ પડ્યો છે ! હશે ! તેથી શુ થયુ ? અમર કીર્તિવાળી વ્યક્તિ હમેશ અમર જ રહેશે ! જ્યાસુધી સ્મરણ સભવિત છે ત્યાસુધી તે અમર જ રહેશે !

“ શુ ગાઉ દેવ ? ”

“ ભટ્ટ, એક વખત સ્કદગુપ્તના પવિત્ર નામનુ સ્મરણ કરાવ જો, ભટ્ટ, દિનમણી અસ્તાચલે પહોચ્યો છે આપણે વૃદ્ધ પણ અતિમ ઘટનાને આધીન થવાની તૈયારી કરી રહેલા છીએ ! આ વખતે સામ્રાજ્યના અભ્યુદયની કથા મીઠી નહિ લાગે ! ધ્વસોન્મુખ સામ્રાજ્યની કહાણી એક વખત ગાઈ સભળાવ ! ”

વૃદ્ધ યદુભટ્ટ મનમા જ ગણગણવા લાગ્યો વૃદ્ધાવસ્થાને લીધે બહેરો બની ગયેલો લલ્લ પણ આગળ આવી ભટ્ટ પાસે બેઠો.

પગથીયા નીચે ઉભા રહેલા યુવરાજ શશાકે પુછ્યુ “ યદુદાદા, કયુ ગીત ગાવ છો તમે ‘ કયુ ગીત ગાશો ? ”

યશોધવલે કહ્યુ “ શશાક, આમ આવીને બેસો ભટ્ટ સ્કદગુપ્તનુ કવિત કવે છે ”

યશોધવલની આજ્ઞા થતા કુમારે બે ત્રણ પગથીયા ચઢી યદુભટ્ટ પાસે પડાવ નાખ્યો

કેટલીક વાર ગણગણાટ કરી યદુભટ્ટે સૂર સ્થિર કરીને કવિતનો આરભ કર્યો પ્રથમ તો તેનો સ્વર અસ્પષ્ટ હતો, પરતુ હવે તે સ્પષ્ટ થયો હજી પણ ગીત ઝીણા તાનમા હતુ કેટલીક વારે ઘૃતની આહૃતિ મળેલા અગ્નિ પ્રમાણે વૃદ્ધના સૂરે આકાશ ગજાવ્યુ !

ભટ્ટ, નીચેના અર્થનુ ગીત ગાવા લાગ્યો —

“ નાગરિકો, સર્વ પ્રમાદને ફેકી દો ! પુન હૂણ આવે છે ગાધારની પર્વતશ્રેણી ઓળગી હૂણ સૈન્ય પુનરપિ આર્યાવર્તમા

પ્રવેશ્યુ છે નાગરિકો ! વ્યસનને ભસ્મ કરી શરીરપર બખતર ચઢાવો પુન, હૂણ આવે છે હવે તે સ્કદગુપ્ત રહ્યો નથી, કુમાર કાર્તિક જેવા પ્રતાપશાલી કુમારગુપ્તનો તે નદન હવે નથી કે જે તમારુ શત્રુઓથી રક્ષણ કરે !

“ દૂર—ઘણે દૂર—ગગા યમુનાના સગમપર પ્રતિષ્ઠાનના દુર્ગમા સમ્રાટે કેવળ તમારા માટે જ પ્રાણ આપ્યો જેણે વિતસ્તાના તટપર, શત્રદ્રુની પેલી તરફ, મથુરાના લાલ બનેલા દુર્ગના કોટપર, બ્રહ્માવર્તના ભયકર રણક્ષેત્રપર સામ્રાજ્યના સન્માનનુ, દેવતાના સન્માનનુ અને આર્યાવર્તના સન્માનનુ રક્ષણ કર્યું, તે પણ હવે રહ્યો નથી ! સ્કદગુપ્તના સૈન્યમા કોઈ બીકણ, કાયર કે, કોઈ કૃતઘ્ન વિશ્વાસઘાતી પુરૂષ નહતો, તેથી જ તેઓ પાછા આવ્યા નથી તેમણે પોતાના પ્રભુની પાસે ઉભા રહી તેમનુ સરક્ષણ કરવામા કાલિદીનુ કાળુ પાણી રક્તમય રગથી રગી નાખ્યુ હતુ ! પરતુ તે સ્વદેશમા પાછા ફર્યા ન હતા ! *પ્રતિષ્ઠાનના ભયકર દુર્ગ સામે તેમણે દુશ્મનની ગતીને અટકાવી રાખી હતી ! તે સ્કદગુપ્તના સાથીઓ હતા, જીવનના અતમા તેમની સાથે તે જીવનની સામેપાર નીકળી ગયા હતા ! હૂણ આવે છે, નાગરિકો ! તૈયાર થાવ, કમર બાધી તત્પર બનો ! હૂણ આવે છે !

“ યુવતીના સ્વર્ગીય રૂપથી મોહ પામેલા વૃદ્ધ સમ્રાટને જ્યારે પ્રજાના મગલનુ અને પોતાના કલ્યાણનુ પણ વિસ્મરણ થયુ, ત્યારે આર્યાવર્તનુ રક્ષણ કોણે કર્યું ? બ્રાહ્મણ અને શ્રમણ, સ્ત્રી અને બાળક, દેવળ અને ધાન્યક્ષેત્રનુ રક્ષણ કોણે કર્યું, તે તમે જાણો છો ? વાલુકાના સ્તભ હસ્તમા લઈ મહાસાગરના પ્રચડ ઉછાળા કોણે અટકાવ્યા, તેનુ નામપણ, નાગરિકો ! તમે કદી સાભળ્યુ છે કે ?

---

*પ્રયાગ—અલ્હાબાદનુ પ્રાચીન નામ

“ કુમાર કાર્તિકની માફક પ્રતાપશાલી સ્કદગુપ્તે જ ! શહેરીઓ ! ઉઠો, આળસ છોડો, હૂણ આવે છે !

“ હૂણ આવે છે ! આત્મરક્ષણ માટે પણ કમર કસો ! નહિતો હૂણ રૂપી મહા પ્રવાહમા સર્વદેશ ખેચાઇ જશે ! અજ્ઞાન બાલકો, અશક્ત વૃદ્ધો અને અનાથ અબલાઓમાથી કોઇનુ પણ રક્ષણ થશે નહિ. ગૃહકલહોને ત્યજીદો, દેવ અને બ્રાહ્મણનુ રક્ષણ કરો, ગૃહકલહથી આજ સુધીમા મોટા મોટા સામ્રાજ્ય નષ્ટ થઇ ગયા છે ! કુમારગુપ્તમા જો ડહાપણ હોત તો કદાચિત્ સામ્રાજ્યનો નાશપણ થયો નહોત બળપૂર્વક કમર કસો ! આત્મરક્ષણ તરફ દૃષ્ટિ કરો, નાગરિકો ! હૂણ આવે છે !

“ જેણે ફક્ત દસ હજાર સૈનિકો સાથે રાખી શતદ્રુના કીનારાપર એક લાખ સૈનિકોને અટકાવ્યા હતા, તે વીરશ્રેષ્ઠનુ નામ સ્કદગુપ્ત ! જેણે ફક્ત એક હજાર સૈન્યથી શૌરસેન દુર્ગમા—લાખોની સખ્યામા ધસી આવતા સૈનિકોનો પ્રતિરોધ કર્યો હતો તેનુ નામ સ્કદગુપ્ત ! કોશલમા પાચસો વીરજનો સહ ધસી આવતા વીરરત્નને તે હૂણ રાજા અટકાવી શક્યો ન હતો તેનુ નામ સ્કદગુપ્ત ! નાગરિકો, ઉઠો, તે ચિરસ્મરણીય નામનો જાપ જપો અને મ્યાનમાથી તલવાર ખેચો ! હૂણ આવે છે !

“ જુઓ—બરાબર જુઓ ! કેવળ એક ક્ષણ માટે સૂર્ય વાદળાથી મુક્ત થયો છે વૃદ્ધ સમ્રાટ સ્વર્ગગમન કરી ગયો ગોવિદગુપ્ત અને સ્કદગુપ્તે કઇ નિશક્ત હસ્તમા તલવારો પકડી ન હતી ! સામ્રાજ્ય પુન ઉન્નત સ્થિતિમા આવ્યુ છે હૂણનુ મહાપુર જ્યાને ત્યા અટક્યુ છે ! બ્રહ્માવર્તમા ગગાની વાલુકામા પડેલા હૂણ સેનાના ધોળા હાડજ એ વાતની સાક્ષી આપે છે ! ગોપાદ્રી પર્વતની તળેટીમા નાસિકા વિનાના હૂણ સેનાના શીર તેની ખાત્રી કરાવે છે ! ઉત્તર તરફના પ્રદેશમા શાતિ સ્થાપન થઇ છે, દુશ્મનો દેશમાથી દૂર થયા છે, સ્કદગુપ્ત સિહાસનપર અધિષ્ઠિત થયો છે જુઓ—

જુઓ, પુન હૂણ આવે છે ! ઉત્તરકુરુનુ વિશાલ મેદાન આ પુરથી ખોદાઇ ગયુ છે ! ગાંધારની પર્વતમાલા આ પુર પ્રવાહને અટકાવી શકતી નથી ! પુન હૂણ આવે છે ! પણ કાયર બનો નહિ સ્કંદગુપ્તની તલવાર હવામા ચળકે છે ! તેનુ નામ સભળાતા જ હૂણ સૈન્યને ટાઢ ચડવા લાગી છે ! પણ હાય સ્કંદગુપ્તનો શો ઉપયોગ ? ઉત્તર તરફ વિશ્વાસઘાતકનાનો નિવાસ છે, આર્યાવર્તમા કૃતઘ્નતા છે ! પુન હૂણ આવે છે ! નાગરિકો, આત્મરક્ષણ માટે કમર કસો, ઘર અને બ્રાહ્મણ, સ્ત્રી અને બાલક, દેવળ અને ધાન્યક્ષેત્રનુ રક્ષણ કરો !

‘ વિશ્વાસઘાતથી આર્યાવર્તનુ હમેશને માટે સત્યાનાશ વળ્યુ છે ! જુઓ—બરાબર જુઓ ! સામ્રાજ્યનુ સર્વ કઇ નષ્ટ થયુ ! જુઓ—તે તરફ જુઓ—બીકણ પુરૂષાધમ પુરગુપ્તે સિહાસન કાળના મુખમા નાખ્યુ છે ! હૂણોએ પ્રતિષ્ઠાનના કિલ્લાને ઘેરો નાખ્યો છે, સમ્રાટ પોતાના સૈન્યસહ કિલ્લામા અટકી પડયો છે વિશાલ આર્યાવર્તમા એવો એક પણ વીર નથી કે, જે સમ્રાટને સહાય કરવા ધસી આવે ! દાવાનળ વ્યાપી ગયો ! સૌરાષ્ટ્ર, આનર્ત, માલવ, મત્સ્ય મધ્યદેશ એ સર્વ પ્રદેશને હૂણોએ ભડકાવી મુકયો છે ! મગધનુ સિહાસન લઇ પુરગુપ્ત પોતાના મનમા આનદ માને છે સમુદ્રગુપ્તનું વિશાલ સામ્રાજ્ય, મહાપુરમા એક મુઠી ઘાસ ભળે તેમ ક્યાનુ ક્યા તણાઇ ગયુ ! પ્રતિષ્ઠાનના કિલ્લામા દસ હજાર સૈનિકો છે પરતુ બે દિવસ પહોચે તેટલુ પણ પાણી રહ્યુ નથી વૃદ્ધ સમ્રાટ પોતે જળ લાવવા માટે જાય છે, શુભ્ર રણ–ભાઠુ લાલ બની ગયુ છે હૂણ સેનાએ તેમનાપર હુમલો કર્યો, હવે કોણ ટકી શકે ! એક તીવ્ર શરે સમ્રાટનુ ડાબુ નેત્ર ફોડી નાખ્યુ ! સામ્રાજ્યનુ સૈન્ય પોતાના પ્રભુનુ રક્ષણ કરવા ઉલટયુ, પણ જેણે વિનસ્તા અને શતદ્રુના તટે શૌરસેનમા અને બ્રહ્માવર્તમા આર્યાવર્તની ઉજ્વલ કીર્તિનુ રક્ષણ કર્યું, તેઓ કઇ પાછા આવ્યા નહિ—”

વૃદ્ધ ભટ્ટનુ ગળુ ભરાઇ આવ્યુ આખોમાથી દડદડ વહેતા અશ્રુજલથી તેનુ હૃદય ભીંજાઇ ગયુ તેની પાસે બેઠેલો વૃદ્ધ લલ્લ પણુ સ્તબ્ધતાથી અશ્રુ વિસર્જન કરતો હતો ! યશોધવલના નેત્ર પણુ શુષ્ક ન હતા ! પગથીયામા પડી ચિત્રા અને લતિકા પણુ ડૂસકા ભરતા હતા

ભટ્ટનુ કવિત અટક્યુ લગભગ એક ઘડી સુધી સર્વ મડળ નિસ્તબ્ધ રહ્યુ પૂર્વ દિશામા તે વખતે અધકાર ઉદ્ભવ્યો ધીમે ધીમે સર્વ દિક્પ્રાતમા ઘનઘોર અધકાર પ્રસરી ગયો યશોધવલે કુમાર તરફ જોયુ તો જણાયુ કે તેનુ વદન ફિક્કુ પડી ગયુ છે, ચક્ષુ શુષ્ક—પણુ અતિશય ઉજ્વલ બન્યા છે અને તે શૂન્ય અધકાર તરફ જોઈ રહ્યો છે યશોધવલે તેને સબોધી કહ્યુ "વત્સ !—"

પરતુ યશોધવલને કઇ જ ઉત્તર મળ્યો નહિ ! લલ્લને આ સહજ ચમત્કારિક લાગ્યુ તેથી તેણે ઉઠી કુમારના અગને સ્પર્શ કર્યો પછી તેના ખભાપર હસ્ત પણ મુક્યો અને હાક મારી, "કુમાર—"

નિદ્રામાથી એકદમ ચમકી તેના તરફ જોઇ શશાકે કહ્યુ "કેમ ?"

યશોધવલે તેમને પુછ્યુ "વત્સ, શા વિચારમા છુ ?"

"સ્કદગુપ્તના ! આપ જ્યારે પ્રથમ પાટલીપુત્રમા આવ્યા—

"હા, તે દિવસે શું થયુ હતુ ?"

"મે તે કોઇને પણુ નહિ કહેવાનો નિશ્ચય કર્યો હતો તે દિવસે એક જણે મને સ્કદગુપ્તની કહાણી કહી હતી"

"કોણે ?" યશોધવલે આશ્ચર્યથી પુછ્યુ

"શત્રુસેને !"

લલ્લ એકદમ બોલી ઉઠયો "સત્યાનાશ ! શત્રુસેન અને તમે
રીતે એકઠા થયા ?"

"તે દિવસે તમે કઇ ગયા હતા? તમને શોધવા છતા તમે નહિ મળવાથી ચિત્રા અને માધવ સાથે હુ આ ભાઠામા રમવા આવ્યો હતો કેમ ચિત્રા યાદ છે?"

અશ્રુ લુછી પગથીયા ચઢી ચિત્રા આગપર આવી બેઠી હતી, તે મસ્તક હલાવી બોલી, "હા!"

યશોધવલે પુછ્યુ "શત્રુસેને શુ કહ્યુ હતુ?"

"તેણે મને શુ કહ્યુ તે બધુ કંઇ મારા લક્ષમા નથી પણ તેણે એટલુ કહ્યાનુ તો મને ખાસ સાભળે છે—'તુ કદીપણ સુખી થઇશ નહિ! જેનાપર તુ વિશ્વાસ રાખીશ તેજ વિશ્વાસઘાત કરશે! તારો એક પણ મિત્ર તારી સાથે નહિ હોય તેવા વખતે તુ એકલો પરદેશમા મરણ પામીશ!'"

યશોધવલે થોડી વાર વિચાર કરી કહ્યુ "વત્સ! વજ્રાચાર્ય શત્રુસેન બૌદ્ધસઘનો એક મુખ્ય ચાલક હોઇ સામ્રાજ્યનો મહાન શત્રુ છે. તુ તેના કથનપર કદી પણ વિશ્વાસ રાખીશ નહિ, અગર તેની પાસે પણ કદી જઇશ નહિ."

લલ્લ ચિંતાક્રાંત મુદ્રાથી કહેવા લાગ્યો "મહારાજ, તે જ્યોતિષવિદ્યામા અત્યત પારગત છે વજ્રાચાર્ય એ માટે પ્રસિદ્ધ છે"

"લલ્લ! સ્વાર્થ માટે એ શુ કરશે અને શુ નહિ કરે તે કહી શકાય તેમ નથી"

અધકાર સર્વત્ર વિચરી રહ્યો હતો, એટલામા હસ્તમા દીપક લઇ એક પરિચારક ત્યા આવ્યો અને બોલ્યો "યુવરાજ, મહારાજાધિરાજે આપનુ સ્મરણ કર્યુ છે"

તત્કાળ સર્વ ત્યાથી રાજભુવન તરફ ગયા

* * *

પ્રકરણ ૨ જું.

નૌકા વિહાર

પ્રચડ જલપ્રવાહ—નદીઓથી વીટાયલા બગદેશપર સ્વારી કરવી હોય તો પાયદળ કે ઘોડેસ્વાર કરતા નૌકા અને સામુદ્રિક સૈન્યની આવશ્યકતા અધિક રહે છે, એ વાત યશોધવલના લક્ષ બહાર ન હતી મગધદેશમા એવી એક પણ નદી ન હતી, કે જેમા સર્વ કાલે નૌકા ચલાવવી શક્ય હોય ' આ કારણથી મગધદેશના નાવિકોસહ બગદેશપર ચઢાઇ કરવી ઇષ્ટ નથી, એવો વિચાર કરી યશોધવલે ગૌડદેશમાથી કૈવર્ત જાતિના નાવિક એકત્ર કરી તેમનુ જ આરમારી લસ્કર તૈયાર કર્યુ હતુ ગૌડદેશના ઠીગણા બાધાના કાળા મીઢી જેવા કૈવર્ત નાવિકોની નૌકા ચલન ગતી અને કૌશલ્ય જોઇ પાટલીપુત્ર નિવાસીઓ આશ્ચર્ય પામતા હતા હમેશ સૂર્યોદયથી સૂર્યાસ્તસુધી મગધ સામ્રાજ્યનુ આ નવીન નૌકા સૈન્ય ગગા પ્રવાહમા નૌકા ચલાવવાનો અને કૃત્રીમ યુદ્ધ કરવાનો અભ્યાસ કરતુ હતુ મગધના નાવિકો કીનારાપર રહી આ ગૌડ નાવિકોનુ વિલક્ષણ કૌશલ્ય જોઇ પહોચા કરડતા હતા

[illegible]નાક, યશોધવલદેવ, અનતવર્મા, નરસિહદત્ત અને હલ્લ ત્રીજા પ્રહરે નૌકા સૈન્યની કવાયતમા ભાગ લેતા કદી કદી સમ્રાટ પુરાગનાને સાથે લઈ નૌકા વિહાર કરવા જતા હતા તેમજ ચાદની રાત્ર પોતાના સ્નેહીઓને સાથે લઇ ચિત્રા, લતિકા અને ગગાસહ કુમાર પણ નૌકામા ફરવા જતો હતો તે વખતે યુવક—યુવતીઓના કઠમાથી નીકળતા મધુર હાસ્યના અને સગિતના ધ્વનીથી સર્વ વાતાવરણ ધમધમી જતુ હતુ !

કુમારની બાલ્યાવસ્થાની સહચરી હવે મોટી થઇ યુવાવસ્થામા પ્રવેશ પામેલી હોવાથી તેમની સાથે કોઇપણ પ્રૌઢ સ્ત્રીને ગણ્યા

સિવાય મહાદેવી તેમને નૌકા વિહાર માટે જવા દેતા ન હતા આ બે ત્રણ વર્ષમા રાજભુવનના અ ત પુરમા તરલા સર્વને પ્રિય બની ચુકી હતી સર્વ ગૃહ કાર્યમા ચપળ—સદા હાસ્યમુખી અને આળસથી અજ્ઞાત એવી તરલા અ ત પુરની પરિચારિકાઓની નેતા બન તેમા શુ આશ્ચર્ય ! ભિક્ષુઓના મઠમાથી મુક્ત થઈ આવ્યા પછી વસુમિત્ર યશોધવલની પાસેજ રહ્યો નૌકા સૈન્યનો મુખ્ય અધિકારી બન્યો હતો કુમાર જ્યારે નૌકા વિહાર માટે જતો ત્યારે યશોધવલની આજ્ઞાથી તે હમેશ વસુમિત્રને સાથે રાખતો હતો

વર્ષાકાલના અ તમા ભાગીરથી બે કાઠે વહેતી હતી નૌકા સૈન્ય તૈયાર થયેલુ હોઇ તેમનુ શિક્ષણ કાર્ય પણ પૂર્ણ થયુ હતુ હેમન્ત ઋતુના આર ભમા બ ગ દેશપર સ્વારી લઇ જવાનુ નક્કી થયુ હતુ સામાન્ય સૈનિકથી તે યશોધવલ સુધી પ્રત્યેક મનુષ્ય શિઆળાની અપૂર્વ ઉત્કંઠાથી રાહ જોતો હતો વર્ષાઋતુમા સર્વ બ ગ પ્રદેશ પાણીની પ્રબલતાથી મહાસાગર રૂપ જ બની જતો હતો શરદ ઋતુમા ચોમાસાનુ સર્વ પાણી બહાર ગયા પછી તે સઘળો પ્રદેશ કાદવથી અને ભેજથી તરબોળ રહેતો હતો તેથી હેમન્ત પૂર્વે બ ગદેશપર ચઢાઈ લઈ જવાનુ કાર્ય મુશ્કેલપૂર્ણ હતુ ! બ ગદેશની આ સ્વારીમા મગધના યશોપયશપર સામ્રાજ્યનુ ભવિષ્ય અવલબી રહેલુ છે એવો વિચાર કરી યશોધવલ જો કે અત્ય ત અધીર બન્યા હતા, પણ યોગ્ય સમયની પ્રતીક્ષા કર્યા સિવાય ચાલે તેમ ન હતુ

શરદ ઋતુના શુક્લ પક્ષની એક રાત્રી હતી સર્વ પૃથ્વી ચ દ્રપ્રભામા ડૂબી ગયેલી હોઇ પોતાના મિત્ર અને મૈત્રિણીસહ કુમાર શશાક નૌકા વિહાર માટે નીકળ્યો હતો નરસિહદત્ત, અનતવર્મા, માધવગુપ્ત, ચિત્રા, લતિકા અને ગ ગાસહ શશાક ચ દની–છત્ર નીચે બેઠેલો હોઈ, લલ્લ, વસુમિત્ર અને તરલા પણ ચ દનીની બહાર બેઠા હતા સો સવાસો ગૌડ નાવિકો સૂરમાં સૂર મેળવી પોતાનુ રાજગીત ગાતા ગાતા હલેસા મારતા હતા ચ દ્રના શુભ્ર કીરણ વેરી

લેપથી સર્વ દિગાન્તરને ચળકાવી રહ્યા હતા ! નદીના વિશાલ પ્રવાહમા હજારો તરગમાલામા એ ઉજ્વલ કીરણોનુ પરાવર્તન થતુ હતુ નૌકા શરવેગથી પ્રવાહને અનુકૂળ દિશામા વહી જતી હતી

ચિત્રાનુ વદનકમળ અતિશય ગભીર થયેલુ હોઈ તે તદ્દન વિલક્ષણ બની બેઠી હતી તેના ચિત્તને આ વખતે શાતિ કે આનદ ન હતા સર્વ સ્ત્રી પુરૂષ તેને પ્રસન્ન કરવાના પ્રયત્નમા પડયા હતા, પરતુ તેમના યત્નને વિજય મળતો ન હતો ! તેના આ વિષાદનુ કારણ એટલુજ હતુ કે, હમણા જ તેણે સાભળ્યુ હતુ કે યુદ્ધમા જનારા મનુષ્યોને મૃત્યુ આધીન થવુ પડે છે !

કુમાર શશાક દૂરદેશ જતા રહેશે, એ ભયથી ચિત્રા દિનપ્રતિદિન સુકાતી જતી હતી કુમાર જશે, તોપણ તે સત્વરે પાછા આવશે એમ સાભળ્યા પછી તેના મનને સહજ ઠીક લાગ્યુ હતુ, પરતુ આજે જ તેને કોઇએ કહ્યુ હતુ કે, યુદ્ધમા હજારો મનુષ્યને કાળ ગળી જાય છે, મનુષ્યોના રક્તથી રણાગણ રેલાઇ રહે છે ! જે યુદ્ધ માટે જાય છે, તે પાછા ફરવાની આશા છોડીનેજ રણક્ષેત્રમા જાય છે !

આ સાભળ્યા પછી ચિત્રા એક સરખી રૂદન કરી રહી હતી. યુવરાજના ચરણમા લોટી તેણે કહ્યુ હતુ કે ‘ હુ તમને યુદ્ધમા જવા દઈશ નહિ.” યુવાવસ્થાના પહેલા પગથીયાપર જોકે ચિત્રાએ પગ માડ્યો હતો, પણ તે હજી ઉછરતી બાલિકા જ હતી ! બાલ્યકાલની સરલતા અને છોકરવાદીપણુ હજી તેને સર્વાશે ત્યજી ગયા ન હતા ! ચિત્રાની આ હઠ જોઇ સર્વએ તેનો અતિ ઉપહાસ કર્યો હતો, તેથી ક્રોધ અને અભિમાનથી ચહેરો ગભીર કરી તે બેસી રહી હતી.

ચિત્રા ઘણા વખત સુધી ચૂપ બેસી રહેલી હતી, પણ એકાએક યુવરાજને તેણે પુછ્યુ. “ પણ તમે સર્વ યુદ્ધમા જાવ છો શા માટે ‘ ”

અનતવર્મા જો કે તે સર્વમા નાનો હતો, તો પણ તેનો સ્વભાવ અતિ ગભીર હતો ચિત્રાના આ પ્રશ્નનો તેણે ઉત્તર આપ્યો "અમે તો દેશ જીતવા જઇએ છીએ"

"પણ, તમે દેશ જીતશો તેથી શુ થશે?"

શશાકે કહ્યુ, "બીજા દેશ જીતીશુ એટલે અમારૂ રાજ્ય વધશે. રાજ્યના કોષમા પુષ્કળ ધન એકત્ર થશે"

"પણ માણસો મરશેને?"

શશાકે હસીને કહ્યુ "મરશે સો બસો!"

"જે માણસો લડાઇમા માર્યા જશે તેમને યાતના તો થશેને"

"અલબત્!"

"ત્યારે તમે તેમને હણવા કેમ તત્પર થાવ છો?"

"તે સમ્રાટની પ્રજા હોવા છતા તેમની આજ્ઞા માન્ય કરતા નથી તે માટે તેમને હણવા જ જોઇએ!"

"સમ્રાટની પ્રજા ન હોય એવી અન્ય વસ્તી નથી કે?"

શશાકે કહ્યુ "ઘણી છે!"

"ત્યારે પછી તમે જેમને મારવા ઇચ્છો છો તેઓ મહારાજની પ્રજામા નહિ હોય તો શી હરકત છે?"

શશાકે સહજ અટકતા અટકતા કહ્યુ 'છટ્! તેમ થવુ કદી નથી! ચિત્રા! તોફાની પ્રજાને શાસન કરવુ તે રાજાનુ કર્તવ્ય કર્મ છે બખેડો જો નષ્ટ કરવામા ન આવે તો રાજાનુ માન કેવી રીતે રહે' યશોધવલદેવ હમેશ કહે છે કે—જે સ્વમાન સાચવી શકતો નથી, તેની રાજશક્તિ કદીપણ ચીરસ્થાયી થતી નથી!"

હવે ચિત્રા વાદવિવાદમા હારી તેથી તે વિશેષ જ ગભીર બની બેસી રહી તે જોઈ નરસિહે કહ્યુ "આવા મનુષ્યોના હસ્તમા જો રાજકાર્યભાર હોત તો આપણને આટલુ કષ્ટ સહન કરવુ પડ્યુ ન હોત!"

નરસિહના આ ભાષણથી સર્વ મડળ હસી પડ્યુ, પરતુ તેમનુ હાસ્ય ચિત્રાના કર્ણપર ગયુ નહિ ! તે અત્યત ગભીર એવા ચિતનમા નિમગ્ન થઈ હતી તેના મનમા પ્રશ્ન થતો હતો કે, જેનુ આટલુ મોટુ રાજ છે, તેણે રાજ વધારવા માટે આટલુ મથન શા માટે કરવુ જોઇએ ? અને બીજાના રાજ લઈ લેવામા આટલા મનુષ્યોનો ભોગ આપી, રક્તપ્રવાહ વહેવડાવી નવીન રાજ મેળવવામા શી મહત્તા છે તે બિચારી ચિત્રાને કેમે કરી સમજાયુ નહિ !

એટલામા અચાનક કઇ વિચાર આવ્યો અને ચિત્રાએ એક ચીસ પાડી ! કુમારે ગભરાઈ જઈ પુછ્યુ, “ શુ—શુ ? શુ છે ? ’

ચિત્રાના બન્ને નેત્ર પાણીથી પૂર્ણ બન્યા હતા, તે ગદ્ગદ સ્વરે કહેવા લાગી “ તમે જેને મારવા જશો તે તમને પણ નહિ મારે કે ? ”

શશાકે હસીને ઉત્તર આપ્યો “ હા, મારશે તો ખરાસ્તો ! ”

“ ત્યારે તમારા માણસો પણ મરશે ? કેટલા મરશે તેનો કઈ આક થઇ શકે તેમ છે ? ”

‘ તેનો આક ન આકી શકાય ચિત્રા ? શત્રુના શસ્ત્રોના આઘાતથી કેટલાએ સૈનિકો હમેશને માટે લુલા, પાગળા, આધળા થઈ જશે ! ’

કુમારના આ ઉદ્ગારથી ચિત્રાના શરીરે કપારી છૂટી ! તેણે ગદ્ગદ સ્વરે પુછ્યુ “ ત્યારે તમે યુદ્ધમા શામાટે જાવ છો ? ”

“ અમે કેમ જઇએ છીએ તે હુ જાણતો નથી, ચિત્રા ! અનાદિકાળથી ક્ષત્રિયસમાજમા એ રીત ચાલી આવી છે તેથી જ અમે યુદ્ધમા જઇએ છીએ ! સેકડો સૈનિકો કાળના ભક્ષ રૂપ બનશે, હજારો આધળા થશે, હજારો લુલા થશે, મરતી વખતે અને શસ્ત્રોના આઘાત થતા સર્વને કેટલીએ મર્મયાતના થશે અને કેટલાએ આશ્રયહિન થઇ પડશે ! પણ ચિત્રા ! અમારે સ્વારીમા જવુ જ જોઇએ ! ”

અત્યાર સુધી લતિકા શાત બેસી રહી હતી તે બોલી "કુમાર, તમે જેમને મારવા જાવ છો તે પણ તમારા સૈનિકોને મારશે! તમને પણ તે મારશે કે યુવરાજ?"

"તેમને તક મળશે તો તેઓ મને પણ અવશ્ય મારશે! શા માટે છોડે?"

હવે લતિકા કાઈજ બોલી નહિ, ચિત્રા તો આ વખતે છૂટા મોએ રડવાની તૈયારીમા આવી ગઈ હતી અને ક્ષણવાર કુમાર તરફ એક વખત દૃષ્ટિ કરી તેણે લતિકાના વક્ષસ્થલમા પોતાનુ મુખ છુપાવી મોટેથી આક્રદ કરવા માડ્યુ! કુમાર અને નરસિહ નાના પ્રકારે તેને સમજાવવા લાગ્યા! આ સર્વ ભાષણ પ્રસગથી, ચાંદની રાત્રીના નૌકા વિહારના આલ્હાદમા વિઘ્ન આવ્યુ અને સર્વત્ર વિષાદની છાયા ફરી વળી!

મૃત્યુની ભયકર કલ્પના એકાએક ઉપસ્થિત થવાથી સર્વના ચિત્તનો આનદ નષ્ટભ્રષ્ટ થઇ ગયો!

ઘણા વખત સુધી સ્તબ્ધ રહી કુમારે નાવિકોને નૌકા નગર તરફ ફેરવવાની આજ્ઞા કરી તરતજ નૌકાનુ સુકાન ફર્યું

અત્યત વેગથી નૌકા ચાલતી હોવાથી તે આટલા વખતમા શેહેરથી એટલી તો દૂર આવી ગઇ હતી કે, તેને રાજભુવન તરફ જતા ઘણો વખત લાગ્યો ચિત્રાના પ્રશ્નોથી કુમારના મનમા એક નવીનજ ભાવનાનો આ વખતે ઉદય થયો હતો આ પૂર્વે કદી પણ તેના ચિત્તમા મૃત્યુની કલ્પના ઉત્પન્ન થઈ ન હતી યુદ્ધમા મૃત્યુ થવુ સર્વથા સભવનીય છે એ વાત અદ્યાપિ સુધી તેને કોઈએ પણ કહી ન હતી કુમારે વિચાર કરવા માડ્યો યશોધવલે મને અનેક વખત કહ્યુ છે કે, 'યુદ્ધમા જય અને પરાજય બન્ને સભવિત છે' પરતુ જય અને પરાજય સાથે મૃત્યુ પણ સભવિત છે એ વાત તો તેમણે કદી પણ કહી નથી મનુષ્ય મૃત્યુવશ થયો કે સર્વ કાર્ય પૂર્ણ થયુ!

તેના જીવનની સર્વ આશા અને સુખ તે જીવન સાથે જ નષ્ટ થઈ જશેને? જે મનુષ્યો આક્રમણ માટે જવાના છે તેમાના ઘણાખરા કદાચિત પુન સ્વદેશનુ દર્શન પણ નહિ કરી શકે!—તેમના આપ્ત મિત્રો તેઓને પુન કદી પણ મળી શકશે નહિ! તેઓ જ્યારે રણાગણપર મૃત્યુ પામશે ત્યારે તેમનુ કોઈ પ્રિયજન પણ પાસે નહિ હોય! અસહાય સ્થિતિમા તીવ્ર યાતનાથી તરફડી તરફડીને યુદ્ધક્ષેત્ર પર તેઓ પ્રાણ છોડી જશે કદાચિત મૃત્યુ વખતે તૃષાથી જીવ ચૂથાતા એક ઘૂટડો પણ જળ તેમના મુખમા રેડનાર કોઈ નહિ હોય!

“કદાચિત મને પણ મૃત્યુ ગળી જશે! તેમા શુ અસભવિત છે? રણાગણપર ઘાયલ થઈ હુ પડયો હોઇશ ત્યારે કદાચિત મારૂ સૈન્ય મને પણ છોડીને ચાલ્યુ જશે! વિજયના ઉત્કટ આનદના આવેશમા જયધ્વની કરતા ઘોડેસ્વારો જશે ત્યારે હજારો ઘોડાની કઠિણ ખરીઓના આઘાતથી મારા દેહના રાઇરાઇ જેટલા ટુકડા થઇ જશે, તે સમયે મને સહાય કરવા કોઇ પણ આગળ નહિ આવે! આ સુદર પાટલીપુત્ર—નગર પુન મારી દૃષ્ટિએ કદી પણ નહિ પડે! મારી બાલ્યકાલની મધુર લીલા ભૂમિ અને મારા પ્રિય સ્નેહીજનોનુ હુ પુન કદી પણ દર્શન કરી શકીશ નહિ! મૃત્યુ—મૃત્યુ! અત્યત ભયકર યાતના!”

કુમારના નયન જળથી ભરાઈ આવ્યા, પરતુ તે તરફ કોઇનુએ લક્ષ ગયુ નહિ!

સુમારે પ્રહર રાત ગયા પછી નૌકા પાટલીપુત્રમા પાછી આવી. સર્વ મડળ ગગાદ્વાર પર્યંત આવ્યુ ત્યારે બીજા પ્રહરની પણ ૭ ઘટિકા વહી ગઇ હતી ગગાદ્વારની ચોતરફ પુષ્કળ નૌકાઓ નાગરેલી હતી એ સર્વ બગદેશપર આક્રમણ કરવા માટે ખાસ બાધવામા આવી હતી આ નૌકાઓની બહારની બાજુ એક નાની નૌકા બાધી

રાખેલી હતી તેમાથી એક પ્રતીહારે બૂમ પાડી કહ્યુ "કોની નૌકા છે?"

વસુમિત્રે ઉત્તર આપ્યો "સામ્રાજ્યની જ નૌકા છે"

"નૌકામા યૂવરાજ છે?"

"હા"

"યૂવરાજને કહો કે, સ્વત મહારાજાધિરાજ અને મહાનાયક યશોધવલદેવે એમનો બે ત્રણ વખત તપાસ કરાવ્યો હતો"

યૂવરાજ ઉપર કહ્યા પ્રમાણે ચિતનમા નિમગ્ન થઇ ગયો હતો તેની કલ્પનાના અકુરો વધતા જતા હતા! તે વિચાર કરતો હતો–"જો રણાગણમા હુ મૃત્યુ પામીશ તો મારા પ્રિય વૃદ્ધ પિતાની શી સ્થિતિ થશે? સામ્રાજ્યની શી અવસ્થા થશે? મારાપર સર્વ મદાર બાધી–સર્વ ભરોસો રાખી પોતાની વૃદ્ધાવસ્થામા પણ જેમણે મારો આ કર્મક્ષેત્રમા પ્રવેશ કરાવ્યો છે તે પિતૃતુલ્ય આર્ય યશોધવલદેવની શી સ્થિતિ થશે? આ સિવાય પણ બીજા એક બે માણસ છે મારા પ્રિય માતુશ્રી–તેમને મારા સિવાય કોણ છે? અને–અને–ચિત્રા–"

એટલામા વસુમિત્રે કુમાર પાસે આવી જોયુ તો જણાયુ કે, કુમાર વિચાર તદ્રીમા પડયો છે તે પ્રતીહારે કહેલો સદેશ કહેવાનુ સાહસ કરી શકયો નહિ

અનતવર્માએ તેને પુછ્યુ "શ્રેષ્ઠી, પ્રતીહારે શુ કહ્યુ?"

વસુમિત્રે કહ્યુ "તે કહે છે–સમ્રાટ અને યશોધવલદેવ કુમારને શોધે છે"

નિદ્રામાથી ખળભળી જાગ્રત થયા પ્રમાણે કરી કુમારે પુછ્યુ "શુ–શુ છે?"

વસુમિત્રે કહ્યુ "મહારાજ, ગગાદ્વારના પ્રતીહારે હમણા જ કહ્યુ કે, મહારાજાધિરાજ અને મહાનાયક યશોધવલદેવે બે ત્રણ વખત આપનુ સ્મરણ કર્યું હતું."

તેટલામા નૌકા આવી ગંગાદ્વારના ઘાટે અટકી કુમાર તરત જ નીચે ઉતર્યો

નરસિંહે કહ્યું “ રડતા રડતા છેવટે ચિત્રા તો ઉંઘી જ ગઇ !”

માધવવર્મા બોલ્યો “ લતિકા પણ ભગ્નનિદ્રામા પડી છે ”

એટલામા કુમારને ઉદ્દેશી લલ્લે કહ્યું “ કુમાર મહારાજાધિરાજ આપને બોલાવે છે આપ આગળ થાવ, અમે બધા પાછળ આવીએ છીએ ’

કુમાર ધીમે ધીમે રાજભુવન તરફ જવા લાગ્યો

પ્રકરણ ૩ જું.

મૃત્યુભય

નવીન રાજભૂવનના અંદરના ભાગના એક મહાલયમા સમ્રાટ મહોસનગુપ્ત, મહાનાયક યશોધવલ દેવ, મહામંત્રી હર્ષીકેશશર્મા, મુખ્ય ન્યાયાધીશ નારાયણશર્મા, મહાબલાધ્યક્ષ હરિગુપ્ત, મહાનાયક રામગુપ્ત વગેરે મુખ્ય અધિકારીઓ બેઠા હતા સર્વના વદન કમલો પર ઉદાસિનતા છવાઇ રહેલી હોઈ તેઓ કોઈ પણ મહાન ચિંતામાં પડયા હોય એમ લાગતુ હતુ મહાપ્રતીહાર વિનયસેન બહાર ઉભો હતો તે પણ ચિંતામગ્ન જણાતો હતો દૂર કેટલાક અંતર પર કેટલાક દંડધર અને પ્રતીહાર ચૂપકીથી ઉભા હતા અંતપુરમાથી પણ વચ્ચે વચ્ચે રૂદનનો અસ્પષ્ટ શબ્દ સંભળાતો હતો

કુમારે ગંગાદ્વાર તરફથી એક દંડધર સહ અંતપુરમા પ્રવેશ કર્યો, ભયભરી કલ્પના અને વિચારોથી તેનુ શરીર ગળાઇ ગયા જેવું થઈ ગયુ હતુ અંતપુરમાનો રૂદન સ્વર સંભળાયો ત્યારથી તેના

ગાત્ર શીથીલ થઈ ગયા હતા ! તેણે દડધરને પુછ્યુ “ આ સર્વ કેમ શોક કરે છે ? થયુ છે શુ ? તને કઈ ખબર છે ?”

“ મને કઇ ખબર નથી મહારાજ ! ”

દૂરથી કુમારને આવતા જોઇ વિનયસેને અદર જઇ કહ્યુ મહારાજાધિરાજ, યુવરાજ આવ્યા છે ”

હાથપર ટેકવેલુ મસ્તિષ્ક ઉચુ ન કરતા સમ્રાટે કહ્યુ “ અહિ આવવા કહે ”

બહાર જઇ વિનયસેન કુમારને લઈ પુન અદર આવ્યો કુમાર પિતાજીને નમન કરી સ્હામે ઉભો રહ્યો પણ સમ્રાટ સ્તબ્ધ જ હતા !

કેટલીક ક્ષણ પછી હૃષીકેશશર્માએ કહ્યુ “ મહારાજાધિરાજ ! યુવરાજ આવ્યા છે ! ”

તો પણ સમ્રાટ નિસ્તબ્ધ જ રહ્યા ! ત્યા એકત્ર થયેલા સર્વના મુખ પરનો વિષાદ અને તેમની અચનતાનુ કારણ નહિ સમજાયાથી હવ શુ કરવુ તે નક્કી થઈ શકયુ નહિ તેથી કુમાર જેમને તેમ ઉભો રહ્યો

છેવટે યશોધવલે સમ્રાટને ઉદ્દેશી કહ્યુ “ મહારાજાધિરાજ, શશાક અહી આવી કયારના ઉભા રહ્યા છે, તેમને બેસવાને તો આજ્ઞા કરો !”

મસ્તક ઉચુ નહી કરતા સમ્રાટે ખિન્ન સ્વરે કહ્યુ “ વત્સ, નીચે બેસ, આપણુ સત્યાનાશ વળ્યુ છે ! તારી ફોઇ અને ઠાણેશ્વરની મહાદેવી મરણ પામી છે ! ”

આ અનુચિત સમાચાર સભળાતા યુવરાજ ભૂમિપર બેસી પડયો, તેનાથી પણ મસ્તિષ્ક ઉચુ થયુ નહિ ! ઘણી વારે યશોધવલદેવે કહ્યુ “ મહારાજાધિરાજ ! કેવળ શોકમા ડુબી રહેવાનો આ પ્રસગ નથી પાટલીપુત્રથી ઠાણેશ્વર પર્યંતનો પ્રવાસ પુષ્કળ દિવસનો છે, પણ ઠાણેશ્વરનુ સૈન્ય ચરણાદ્રિદુર્ગની પાસે જ

છે એટલે સામ્રાજ્ય પર ચઢી આવવામા પ્રભાકરવર્ધનને આ વખતે વિશેષ પ્રયત્ન કરવો નહી પડે ! મહારાજ આ પ્રસગે સર્વ શોકને ત્યજી દો આ સમય જ એવો છે કે, આત્મરક્ષણના કાર્યમા તગ્તજ રોકાઇ જવુ જોઇએ છે ”

સમ્રાટે ખિન્ન સ્વરે કહ્યુ “ યશોધવલ ! સામ્રાજ્યના રક્ષણનો મને તો એક પણ ઉપાય સુઝતો નથી શશાંકેશ્વર સાથે જો યુદ્ધ થશે તો આપણો પરાભવ થશે એ નક્કીજ છે વૃદ્ધ અને બાલક જનો કદી પણ યશ મેળવે એ શક્ય છે ? ”

યશોધવલે દઢ સ્વરે કહ્યુ “ ઉપાય ભલેને ન હોય, પણ પ્રયત્ન તો કરવો જોઇએ આત્મરક્ષણ માટે જે હાથ પગ હલાવતો નથી તેને તો આત્મઘાતીજ કહી શકાય ! ”

સમ્રાટે ગદ્‌ગદ સ્વરે કહ્યુ “ હાય ! મહાદેવીના મૃત્યુ પૂર્વે મારૂ મરણ કેમ ન થયુ ? તેમ થયુ હોત તો આ નેત્રથી તો સામ્રાજ્યના નાશનો પ્રસગ જોવાનો વખત આવ્યો ન હોત ! ”

રામગુપ્ત બોલ્યા “ પ્રભુ ! આ સમયે શોક અસ્થાને છે હવે તો બને તેટલી ત્વરાથી ચરણાદ્રિદુર્ગ સૈન્ય મોકલી દેવુ જોઇએ ”

યશોધવલે પુછ્યુ “ ચરણાદ્રિદુર્ગ પહોચવાને કેટલા દિવસ લાગશે રામગુપ્ત ?”

“ ઘોડેસ્વાર ત્રણ દિવસમા જશે અને પદાતીઓ દશ દિવસ પહેલા ત્યા પહોચી શકશે નહિ ”

સમ્રાટે કહ્યુ “ ચરણાદ્રિદુર્ગ તરફ કેટલુ સૈન્ય મોકલો છો ?”

યશોધવલે ખુલાસો કર્યો “ ઓછામા ઓછુ દશહજાર તો જવુ જ જોઇએ પાચ હજાર પદાતી અને તેટલાજ સ્વારો ! ”

સમ્રાટે કહ્યુ “ ચરણાદ્રિદુર્ગ ગગા તીરે છે એટલે દુર્ગનુ રક્ષણ કરવુ હોય તો નૌકા સૈન્યની પણ જરૂર પડશે ”

“ બગદેશ પર આક્રમણ કરવા માટે જે સૈન્ય તૈયાર થયેલુ છે તેમાથી થોડુ ઘણુ મોકલીશુ તો ચાલવા જેવુ છે ”

“ છાવણીમા એકદર કેટલુ સૈન્ય છે, હરિગુપ્ત ? ”

“ પદર હજાર ઘોડેસ્વાર, પચીસ હજાર પાયદલ અને પાચ હજાર દરીઆઇ સૈનિકો ”

“ નવીન નૌકાઓ કેટલી છે ? ”

“ પાચસો કરતા થોડી ઓછી છે તેમાની બસો મગધના નાવિકો ચલાવે છે ”

સમ્રાટે કહ્યુ “ બગ દેશમા ઘોડેસ્વાર લઇને જવામા કઈ અર્થ નથી માટે ચરણાદ્રિદુર્ગ તરફ દશ હજાર સ્વાર મોકલવાને કઇ હરકત નથી પણ નૌકા સૈન્ય ત્યા વિશેષ મોકલી શકાય તેમ નથી. કારણ, બગ આક્રમણમા નૌકા યુદ્ધ જ વિશેષ થશે ”

યશોધવલે જણાવ્યુ “ મહારાજ, લગભગ બે હજાર ઘોડેસ્વારની બગ દેશમા પણ જરૂર છે કારણ કામરૂપનો રાજા શુ કરશે તે કઇ હમણા કહી શકાય તેમ નથી ”

“ તમો કહો છો તે ખરૂ છે, યશોધવલ ! આઠ હજાર સ્વાર પાચ હજાર પાયદલ અને બસો નૌકા હમણાને હમણા ચરણાદ્રિદુર્ગ તરફ મોકલી દો મગધના નાવિકોને બગ દેશમા લઈ જવામા કઇ અર્થ નથી ઠીક ! પણ ચરણાદ્રિ તરફ સૈન્ય લઇને કોણ જશે ?”

યશોધવલે કહ્યુ “ હરિગુપ્ત અને રામગુપ્ત સિવાય ત્રીજો કોઈ નહિ ! પણ એમાથી એક તો પાટલીપુત્રમા અવશ્ય રહેવુ જોઇએ ”

સમ્રાટે નિર્ણય આપ્યો “ત્યારે હરિગુપ્તને તે તરફ જવા દ્યો ”

હરિગુપ્તે હાથ જોડી કહ્યુ “ મહારાજાધિરાજની આજ્ઞા શિરસાવદ્ય છે, પરતુ યશોધવલના હસ્ત નીચે પુન એક વખત સ્વારીમા જવાની ઘણી ઇચ્છા હતી, મહારાજ ! ”

યશોધવલે કિંચિત હસી કહ્યુ “ હરિગુપ્ત, તમારી તે ઇચ્છા સત્વરે પૂર્ણ થશે ”

"કેવી રીતે ?"

યશોધવલે કહ્યું "હજી તો આપણને કેટલીએ સ્વારીઓ કરવી પડશે !"

સમ્રાટે કહ્યું ' હરિગુપ્ત ! યશોધવલનુ કહેવુ તદ્દન ખરૂ છે. આપણને અલ્પ સમયમા એટલી સ્વારીઓ ચઢાવવી પડશે કે, તેમા મોકલવાને યોગ્ય સેનાપતિ પણ મળવા કઠિન થશે "

હૃષીકેશશર્મા અત્યાર સુધી સ્તબ્ધ બેસી રહ્યા હતા, વાર્ધક્યથી હમણા તે ઘણુ ઓછુ સાભળતા હતા અત્યાર સુધીની વાર્તાનો ઘણો ભાગ તેમણે સાભળ્યો ન હતો ! તે હવે બોલ્યા 'યશોધવલ, તમે છેવટ શો વિચાર કર્યો તે મને કેમ કહેતા નથી?"

યશોધવલે તેમના કાન આગળ મુખ લઇ જઇ મોટેથી બૂમ પાડી કહ્યું "મહારાજાએ એવો નિશ્ચય કર્યો છે કે, આઠહજાર સ્વાર, પાચ હજાર પાયદલ અને બસો નૌકા લઇ હરિગુપ્તને ચરણાદ્રિદુર્ગ મોકલવા રામગુપ્ત નગર રક્ષણ માટે અહીજ રહેવાના છે બંગદેશ પર ચઢાઇ કરવાને પણ બે હજાર સ્વાર જવાના છે, કારણ કામરૂપનો રાજા કેવુ વર્તન રાખશે તે હમણા કઈ સમજાતુ નથી "

વૃદ્ધે માથુ હલાવી કહ્યું "સરસ વ્યવસ્થા થઇ છે ! પણ ઠાણેશ્વરની શી યોજના કરી ?"

સમ્રાટે કહ્યું "જે વ્યવસ્થા કરવી હશે તે ચરણાદ્રિદુર્ગમા રહીને હરિગુપ્તજ કરશે "

હૃષીકેશે જણાવ્યુ ' પ્રભો, આ વૃદ્ધના બડબડાટ માટે ક્ષમા કરશો ઠાણેશ્વરની સેનાથી દેશનુ રક્ષણ કરવા ઉપરાત બીજુ પણ આ વખતે એક કર્તવ્ય છે ઠાણેશ્વરનો રાજા આપનો ભાણેજ છે તેણે પોતાની માતાની કાળોત્રી લઈ દૂતને મોકલ્યો છે, તે દૂત પાટલી પુત્રમા આવી પહોચે તે પહેલા જ આપની ભગિનીની શ્રાદ્ધાદિ

ઉત્તર ક્રિયા થઇ જશે માટે પાટલીપુત્રના સમ્રાટ કુટુબમાથી કોઇ પણ પુરૂષે આ વખતે ઠાણેશ્વર જવાની જરૂર છે

સચીવની આ યોગ્ય સૂચના સાભળી યશોધવલદેવ, નારાયણ શર્મા, રામગુપ્ત વિગેરે અમાત્યોએ તેમની અતિશય પ્રશસા કરી

સમ્રાટે કહ્યુ “ અમાત્ય, આપની આ સૂચના તદ્દન યોગ્ય અને ન્યાય પૂર્ણ છે, પરતુ ઠાણેશ્વર હુ કોને મોકલુ ? દૂતના કોઈ સગાને જો આ વખતે હુ ત્યા મોકલીશ તો પ્રભાકરવર્ધન પોતાનુ અપમાન થયુ સમજશે ”

હષીકેશે કહ્યુ “ દૂતનો આપ્ત આ પ્રસગે ત્યા મોકલવો ઇષ્ટ નથી, કારણ બીજો કોઇ પણ મનુષ્ય ત્યા મોકલીશુ તો તત્કાળ યુદ્ધાગ્નિ પ્રજ્વલિત થયો જ સમજવો ! યુવરાજ શશાક સાથે પ્રભાકરને બનતુ નથી માટે તેમને પણ ત્યા મોકલવા યોગ્ય નથી. આ સર્વ વાતનો વિચાર કરતા મને લાગે છે કે કુમાર માધવગુપ્તને ત્યા મોકલવા સિવાય અન્ય માર્ગ નથી ”

સમ્રાટે નિશ્વાસ નાખી કહ્યુ “ પણ માધવ તો હજી બાલક છે ? ”

“ મહારાજાધિરાજ, આવા સમયે બાલકને મોકલવો એજ ઇષ્ટ હોય છે, કારણ તેથી કલહ થવાનો સભવ ઘણો થોડોજ રહે છે ”

“ ત્યારે માધવ જ ત્યા જશે પણ તેની સાથે કોણ જશે ? ”

યશોધવલે કહ્યુ “ માધવ સાથે કોઈ પણ પ્રૌઢ અને સુજ્ઞ મનુષ્યને મોકલવાની આવશ્યકતા છે નારાયણશર્મા કુમાર સાથે ઠાણેશ્વર જવાને તૈયાર છે કે ? ”

નારાયણશર્માએ હસ્ત જોડી કહ્યુ “ મહારાજાધિરાજની આજ્ઞા થશે તો આ વૃદ્ધ વયમા શસ્ત્ર લેવાને પણ હું તૈયાર છુ તો પછી ઠાણેશ્વર જતા શા માટે અચકાઉં ? ”

સમ્રાટે મસ્તક હલાવી કહ્યુ “ બહુ સરસ ! ત્યારે તો મહા ધર્માધિકારી કુમાર સાથે જશે ”

હૃષીકેશે સર્વ વાત સાભળી નહોતી તેમણે પુછ્યુ “યશોધવલ, ત્યારે છેવટે શુ ઠરાવ્યુ ? ”

યશોધવલે કહ્યુ “ કુમાર માધવગુપ્ત જ ઠાણેશ્વર જશે, મહા ધર્માધિકારી નારાયણશર્મા પણ તેમની સાથે જવાના છે ”

હૃષીકેશે મસ્તિષ્ક હલાવી કહ્યુ “ વાહ, અત્યુતમ ! પરતુ યશોધવલ, હરિગુપ્ત ચરણાદ્રિ તરફ જાય છે, નારાયણ શર્મા ઠાણેશ્વર જશે અને રામગુપ્ત નગરનુ રક્ષણ કરવા અહિ રહેશે અને હુ તો આવો વૃદ્ધ અને નીરુપયોગી છુ તો તમે કોને સાથે લઇને યુદ્ધ પર જશો ”

યશોધવલે કહ્યુ “ સેનાપતિની શી ખોટ છે ? નરસિંહ, માધવ, યુવરાજ શશાંક, એટલુજ નહિ પણ નાનો અનતવર્મા સુદ્ધા યુદ્ધકલામા નિપૂણ છે, બગદેશની સ્વારીમા એજ યુવાનો મારી પીઠ સાચવશે જો સામ્રાજ્યનુ રક્ષણ થવાનુ હશે તો આ કાર્ય એ યુવક મડળના હસ્તે જ થવા જોઇએ અમે હવે વૃદ્ધ થયા છીએ, અમારે તો આ દિવસો વિશ્રાતિમા નિર્ગમન કરવા જોઇએ ભવિષ્ય કાળના કામ એ મડળને સોપીને તેમના હસ્તે સારી રીતે પાર પડતા આપણે જોઇશુ તો પ્રભુની આપણા ઉપર પૂર્ણ કૃપા છે એમ સમજીશુ ”

હૃષીકેશે કહ્યુ “ વાહવાહ ! તમારા સર્વ હેતુ પૂર્ણ થાય એવો મારો આશિર્વાદ છે ”

યશોધવલે સમ્રાટને ઉદ્દેશી કહ્યુ “ મહારાજ, હવે વખતનો વ્યર્થ વ્યય કરવામા લાભ નથી, આજે રાત્રે જ હરિગુપ્તને તેના સૈન્ય સાથે મોકલી દો ”

“ ઠીક છે, હરિગુપ્ત તમે તૈયાર થાવ આજે રાત્રે જ સૈન્ય સહ કૂચ કરો ”

હરિગુપ્તે પ્રણામ કરી અનુમતિ દર્શાવી સમ્રાટે વિનયસેનને કહ્યુ. “તુ હમણાજ શિબિર તરફ જા અગ અને તીરભુક્તિ તરફ

જનારૂ સૈન્ય હરિગુપ્ત સાથે આજે રાત્રે જ ચરણાદ્રિદુગ તરફ જવાનુ છે આઠ હજાર સ્વાર અને પાચ હજાર પદાતી બે પ્રહર રાત્રે નગરમાથી જશે—બાકીનુ સૈન્ય અહીં જ રહેશે સેનાપતિને તૈયાર થવા કહે ”

વિનયસેન પ્રણામ કરી ચાલ્યો ગયો સમ્રાટે પુન કહ્યું “રામગુપ્ત, મગધના નાવિકોની બસો નૌકા હરિગુપ્ત સાથે ચરણાદ્રિદુર્ગ તરફ જવાની છે તેમને તૈયાર થવા આજ્ઞા આપો ”

રામગુપ્ત અભિવાદન કરી ચાલ્યા ગયા

ઘણી રાત થઈ ગયેલી જોઇ હૃષીકેશશર્મા અને નારાયણશર્મા સમ્રાટની રજા લઈ નીકળી ગયા યશોધવલ અને શશાક પણ તે મહાલયમાથી બહાર આવ્યા યશોધવલે પુછ્યુ “ વત્સ, હુ હવે શિબિર તરફ જઉ છુ સૈન્ય જાય છે તે જોવા આવવુ છે ? ”

“ આર્ય, હુ તદન ગલિત થઇ ગયો છુ ”

“ ઠીક છે, સૂઇ જાવ ! ” એમ કહી યશોધવલ ચાલ્યા ગયા યશોધવલ બહાર જતાની સાથેજ ચિત્રાએ ત્યા દોડી આવી યુવરાજને વળગી પડી કહ્યુ “કુમાર, તમે તો લડાઈપર જતા નથી ને ?”

“ આશ્ચર્યથી કુમારે પુછ્યુ “ કેમ ? ”

“ હરિગુપ્ત જાય છે ને સ્વારીમા ? ”

“ તે શાથી જાણ્યુ ચિત્રા ? ”

“ હુ મહાલયની પાસે ઉભી રહી સર્વ સાભળતી હતી ”

“ તુ ઉઘીજ નથી કે ? ”

“ અહ, મને ઉઘ જ નથી આવતી ! તમે યુદ્ધમા જશો એમ સાભળ્યુ છે ત્યારથી મને કઇકઇ થાય છે, કુમાર, સાચુ કહોને ?”

“ હું યુદ્ધ માટે જવાનો છુ, તે તો તુ આજ કેટલાએ દિવસથી જાણે છે ને ? ”

“ પણ યુદ્ધમા માણસ મરી જાય છે એ વાત તો તમે કદી જ કહી નહતી ! ”

મત્રણા ગૃહમા આવીને કુમાર મૃત્યુને ભૂલી ગયો હતો ચિત્રાનુ ભાષણ સાભળી તે દુશ્ચિતા પુન તેના મનમા એકદમ જાગ્રત થઈ અને ચિત્રા સાથે કઇ પણ ન બોલતા તે વિચાર પરપરામા લીન થઈ ગયો

કુમારને અવાક્ જોઈ ચિત્રાએ કહ્યુ, “ કુમાર—”

“ કેમ ચિત્રા ? ”

“ કહો ! તમે યુદ્ધ માટે નહિ જાવ ને ? ”

“ ચિત્રા, ગાડી, પિતાની આજ્ઞાનુ કેવી રીતે ઉલ્લઘન કરૂ ‘ ”

“ ત્યારે શુ તમારા પિતા સ્વેચ્છાથી મૃત્યુ મુખમા તમને હોમી દેશે ? ”

ખિન્નતાથી હસીને કુમારે કહ્યુ “ એમ કેમ બને ? પિતા મને ઇચ્છા પૂર્વક કાળને સોપે ખરા ? ”

“ ત્યારે ? ”

“ ત્યારે પછી શુ, ચિત્રા ? ”

“ ત્યારે તમે મરશો નહિ ને, કુમાર ? ”

કુમારે હાસ્ય કરી કહ્યુ ‘ મરણ શુ કોઇની ઇચ્છાપર અવલબી રહેલુ છે ? ”

પણ ચિત્રાએ સાભળ્યુ નહિ,—તે બોલી “ પણ કહોને !—હુ મરીશ નહિ એમ ! ”

“ ઠીક ત્યારે, હુ નહિ મરૂ ! ”

“ છટ, એમ નહિ ! મારો સ્પર્શ કરી શપથ લઇ કહો ”

“ આ તને સ્પર્શ કરી શપથ લઉ છુ, ચિત્રા !—બગ દેશના યુદ્ધમા મરીશ નહિ ! ”

“ કહોને ! તમે પાછા આવશો ને ? ”

“ ક્યા ? ”

“ કેમ વારૂ ? મારી પાસે ! અરે—આ પાટલીપુત્રમા ? ”

“ તને સ્પર્શ કરી શપથ લઉ છુ કે, બગદેશના યુદ્ધમાથી હુ તારી પાસે આ પાટલીપુત્રમા પાછો આવીશ ! બસ થયુ હવે ?

આ પ્રમાણે મનોરથ પૂર્ણ થયા પછી ચિત્રાએ કુમારને મુક્ત કર્યો પછી બન્ને એક બીજાનો હસ્ત પકડી શયનગૃહ તરફ ગયા

પ્રકરણ ૪ થું.

વાત ફૂટી !

બે પ્રહર રાત્રી વીતી ગઇ હતી નગરના પ્રત્યેક તોરણ દ્વારમા પ્રહર નોબત વાગી રહી હતી અન્ય સર્વ સ્થળોએ શાત નિસ્તબ્ધતા છવાઈ રહી હતી કહો કે, સર્વ નગર ગાઢ નિદ્રામા નિમગ્ન હતુ

એક નાના રસ્તાની બાજુની દુકાનમા એક નાનો દીવો બળ્યા કરતો હતો દુકાનમા બેસી દુકાનદારની સ્ત્રી અસ્પષ્ટ સ્વરે એક પુરૂષ સાથે વાત કરતી હતી

તે પુરૂષે વાત કરતા કરતા કહ્યું ‘ હુ કઇ બહુ દિવસ રહેવાનો નથી થોડા જ વખતમા સ્વદેશમા પાછો જઇશ મને આવે કેટલા બધા દિવસ થઈ ગયા છે ! હવે જો વાર થશે તો માલીક ગુસ્સે થશે ”

તે સ્ત્રી પ્રેમભાવ દર્શાવી બોલી “પુરૂષની જાત જ એવી નિષ્ઠુર હોય છે ! સ્વદેશ પર જ્યારે એટલો પ્રેમ હતો ત્યારે પરદેશમા આવ્યા શા માટે–અને મારી સાથે સ્નેહ શામાટે કર્યો એમ ફસાવવી હતી ત્યારે ? કઈ નહિ–પુરૂષની જાત જ પાષણ હૃદયની ! ”

“ મલ્લિકા, તુ મારાપર ચીડાઈશ નહિ તારા વિરહની યાતના મારાથી અધિક દિવસ સહન થશે કે ? છટ–કદી પણ નહિ. એક વર્ષમા અવશ્ય હુ પાછો આવીશ ”

“ચાલો, જાવ! તમારી વાતનુ કઈ જ ઠેકાણુ નથી!”

“મલ્લિકા! તારા મસ્તકે સ્પર્શ કરી શપથ લઉ છુ કે આવતી શરદઋતુ પહેલા જ હું પાછો આવીશ”

પરતુ તેના કથન તરફ લક્ષ ન આપતા મલ્લિકા તેના તરફ પીઠ કરી બેઠી તે પુરુષ એક લાકડી ચૌરગપર બેઠો હતો, તે વત્રભા સમજતી નથી જાણી પોતાની જગ્યા પરથી ઉઠયો અને તેની પાસે જવા લાગ્યો એટલામા રસ્તાપર કોઇ માણસનો પગરવ સભળાયો

બીજી પળે એક સૈનિક દુકાનમા આવ્યો અને તે સ્ત્રીને ઉદ્દેશી કહેવા લાગ્યો ‘મલ્લિકા, તારૂ દેવુ આપી દેવા આવ્યો છુ તારી દુકાન હજી પણ ઉઘાડી છે? મને લાગતુ હતુ કે, તુ તો ક્યારનીએ ઉઘી ગઈ હોઈશ! મારી કલ્પનાતો એવી હતી કે તને બૂમ પાડીને ઉઠાડવી પડશે”

મલ્લિકા હસીને બોલી “ત્યારે તમે આ ગરીબ મલ્લિકાને ભૂલી નથી ગયા એમજને? કદી કદી સ્મરણ થાય છે ખરૂ! પણ દેણુ માટે એટલી ઉતાવળ શી હતી? કાલે દિવસે આપવા આવ્યા હોત તો ન ચાલત’”

“મલ્લિકા, હમણાને હમણા અમારે શહેર છોડી જવાનુ છે સેનાપતિએ આવીને અમને તૈયાર રહેવા હુકમ આપ્યો છે મધ્યરાત્રેજ કૂચ કરવાનો વિચાર હતો, પરતુ કેટલાક કારણથી વાર થઈ! પણ ત્રીજા પ્રહરે તો અવશ્ય કૂચ થશે!”

“પણ ઉભા કેમ રહ્યા છો? બેસોને થોડીવાર!”

સૈનિકે કહ્યુ “બેસવાને વખત જ નથી મલ્લિકા! હજી પણ બે ત્રણ દુકાનમા જવાનુ છે”

મલ્લિકા ફડફડાટ કરતી બોલી “ત્યારે અહીં આવવાનુ શુ કારણ હતુ? જ્યા જવુ હોય ત્યા જઈને પછી આવીને પૈસા આપ્યા હોત તો ન ચાલત’ એટલો તો વિશ્વાસ રાખતી હતી!”

સૈનિક સહજ હાવરો બાવરો બની બોલ્યો “ નહિ, નહિ ! મલ્લિકા, નકામો રોષ કરીશ નહિ ખરેખર આજે હુ અતિ ઉતાવળમા છુ બેસી શકાય તેમ નથી ! પણ તને શુ આપવાનુ છે તે કહે !”

“ શુ એટલુ આપવાનુ છે ? બધા મળીને પદર કે સોળ દ્રામ* હશે વધારે શુ ? ”

સૈનિકે તરત જ એક સૂવર્ણ મુદ્રા મલ્લિકા તરફ ફેંકી હાથમા લઇ દીપક પ્રકાશમા બરોબર જોઇ લીધી અને તે આશ્ચર્ય ચકિત થઈ બોલી “ અરે બાપ ! આતો દીનાર× છે હમણા જ પડેલો હોય એમ લાગે છે ! તદ્દન નવીન ! કયાથી મળ્યો તમને ? ”

“ ડરીશ નહિ, મલ્લિકા, બ્હીશ નહિ એ કઈ બનાવટી દીનાર નથી અહીંથી કૂચ કરવા આજ્ઞા થતા જ અમને ત્રણ ત્રણ મહીનાનો પગાર આપી દેવામા આવ્યો છે ”

“ પણ તમે એમ કયા જાવ છો ? ”

“ તે હું કહી શકુ તેમ નથી કોઈ ને એક અક્ષર પણ નહિ કહેવા ફરમાન નીકળેલુ છે ! ”

મલ્લિકા મુખ ફેરવી સૈનિકના પગ પાસે ચાર રૌપ્ય મુદ્રા ફેંકી દઇ નિસ્પૃહતાથી બોલી “ ઠીક, ત્યારે જાવ હવે ! ”

“ અરે, પણ હુ જાઉં કેવી રીતે ? તુ તો મારા પર ગુસ્સે થઇને વાત કરે છે ? ”

મલ્લિકા સૈનિકતરફ વાકી નજરે જોઇ બોલી “ પણ મારા રોષથી તમને શી હાનિ થવાની છે ? ફક્ત કયા જવાનુ છે તે તમારાથી મને કહેવાતુ નથી ત્યારે મારા રોષની શી દરકાર ? ”

---

* દ્રામ–પ્રાચીન કાલની રૌપ્ય મુદ્રાનુ નામ

× દીનાર–પ્રાચીન કાલની સૂવર્ણ મુદ્રાનુ નામ આ વખતે એક દીનારની કીંમત પદર કે વીસ દ્રામ હતી

“ એક નાના બાલકની માફક એમ કેમ રોષે ભરાય છે મલ્લિકા ? ક્યા જવાનુ છે તે તદ્દન ગુપ્ત રાખવા અમને ખાસ તાકીદ કરવામા આવી છે, પણ મલ્લિકા, તારાથી મારે કઈ ગુપ્ત રાખવાનુ નથી આમ આવ, હુ તારા કાનમા કહુ છુ ” એમ કહી સૈનિક આગળ આવ્યો અને મલ્લિકાના કાનમા ધીમે રહી કઈ શબ્દ ગણગણ્યો, પરતુ તે પૈકી એક્કે અક્ષર ત્યા પ્રથમથી આવી બેઠેલા પુરૂષને સભળાયો નહિ

છેવટે મલ્લિકાએ “ ઠીક જા–” એમ કહી તે સૈનિકને હસતા હસતા રવાના કર્યો, અને ગૈપ્ય મુદ્રા ઉચકી લઇ તે પણ મધુર હાસ્યાનદ અનુભવતો ચાલ્યો ગયો પહેલો આવેલો પુરૂષ છાનોમાનો પોતાના ચૌરગ પર બેઠો હતો સૈનિક ગયા પછી મલ્લિકાએ તેના તરફ મુખ ફેરવ્યુ

તેના તરફ જોઈ તે પુરૂષે કહ્યુ “ અરે આમ કેમ ‘ તારો હાસ્ય પ્રવાહ કેમ ઉતરી ગયો ? ”

મલ્લિકાએ કઇજ ઉતર આપ્યો નહિ છેવટે તેણે ઉઠી તેના મસ્તકપર સ્પર્શ કરી ઉપર કહ્યા પ્રમાણે પુન શપથ લીધા ત્યારે તે પ્રસન્ન થઇ આ દુકાનદાર સ્ત્રીનો વાચકોને પરિચય છેજ આપણી કથાના આરભમા યજવર્માના પુત્ર અનતવર્માને જેની દુકાનમા આશ્રય મળ્યો હતો તેજ આ બાઇ હતી ! મહાદેવી મહાસેનગુપ્તા સૈનિકનો નપાસ કરતા હતા ત્યારે વિનયસેન એને જ પકડી લાવ્યો હતો

મલ્લિકાને સતોષ થયા પછી તે પેલા પુરૂષ સાથે વાત કરવા લાગી બોલતા બોલતા હમણા જ આવી ગયેલા તે સૈનિકની વાત કાઢી તેણે તેની માહિતી યુક્તિ પ્રયુક્તિથી મેળવી લીધી, પરતુ તે ક્યા જાય છે તે વિષે માત્ર તેણે પ્રશ્ન પણ કર્યો નહિ સૈનિક ચાલ્યો ગયો ત્યાર બાદ બે ઘટિકા પછી તે પણ ઉઠીને રસ્તા તરફ જવા લાગ્યો

મલ્લિકાએ તેને પુછ્યુ " ક્યા જશો ?"

" દક્ષિણ તોરણ પાસે રહેતા મારા એક સ્નેહીને ત્યાં હું એક મૂલ્યવાન વસ્તુ ભૂલી આવ્યો છુ, તે જો હું મેળવી નહિ લઉં તો તે મને પાછી મળશે પણ નહિ "

" પણ આજ રાત્રે તમે ન જાવ તો ઠીક "

" કેમ વારુ ? "

" રસ્તામા ચોરનો ભય છે "

" મારી પાસે શસ્ત્ર છે "

" સાવચેત રહીને જજો રાત્રે પાછા આવશો કે ? "

" હા, જરૂર ! "

મલ્લિકાની દુકાનમાથી નીકળી તે પુરૂષ ત્વરાથી ગલીની બહાર નીકળી ગયો, અને રાજમાર્ગમા આવી પહોચ્યો ત્યારપછી તે દક્ષિણ દિશા તરફ ઉતાવળે પગલે જવા લાગ્યો આ પ્રમાણે કેટલીકવાર ચાલ્યા પછી બે ચાર વખત તેણે પાછળ લક્ષ આપ્યુ, પણ કોઇ આવતુ નથી એવી ખાત્રી થતા રાજમાર્ગ છોડી તે પશ્ચિમ દિશા તરફ વળી, છેવટે પશ્ચિમ તોરણ પાસે આવી ઉભો તોરણ દ્વાર હજી પણ ઉઘાડુજ હોઈ રસ્તા પર મોટી મોટી મસાલો સળગતી હતી અને ઘોડેસ્વારની ટુકડીઓ દરવાજા બહાર જતી હતી તે દૃષ્ટિએ પડી તે વખતે પ્રતીહાર કોઈને પણ નગર બહાર જવા દેતા નહતા તોપણ કેટલાએ નાગરિક સૈન્યના કૂચની મઝા જોવા એકત્ર થયા સિવાય રહ્યા ન હતા

તેમાના એકને આપણા આ માણસે પુછ્યુ " આ સૈન્ય ક્યા જાય છે તે જાણો છો ? "

" ના, તે વિષે કોઈ કઇ બોલતુ નથી "

પછી તે પુરૂષ નાગરિક મંડળમા ઘુસી જઈ સૈન્યની હીલચાલ જોતો ઉભો રહ્યો ઘોડેસ્વારની એક ટુકડી નગર બહાર નીકળી

ગયા પછી પાછળ પાછળ કેટલાક સેનાપતિ ધીમે ધીમે ઘોડાપર બેસી આવતા જણાયા તેમાના એક તરૂણ સેનાપતિએ પાસેના એક પ્રૌઢ સેનાપતિને પુછ્યુ “ આ વખતે ચરણાદ્રિ તરફ સૈન્ય મોકલવાની શી જરૂર હતી તે મને સમજાતુ નથી ! ”

તે પ્રૌઢ સેનાપતિએ સહજ હસીને કહ્યુ ‘ માટેજ ડાહ્યા લોકો કહે છે કે, તરૂણ અને બાલક આગળ ગુપ્ત વાત કરવી નહિ ! એટલામા જ વડા સેનાપતિની આજ્ઞા વિસરી ગયો કે ? ”

તોરણની પાછળ અધારામા છુપાઈ રહી પેલા પુરૂષે તે બન્ને સેનાપતિનુ સભાષણ સાભળી લીધુ હતુ તે સેનાપતિની પાછળ ઘોડેસ્વારની બીજી એક ટુકડી આવતી હતી તે દરવાજા પાસે આવી પહોચતા જ ભીડમા ભળી જઈ તે તોરણ બહાર નીકળી અધકારમા પૂર્વ દિશા તરફ જવા લાગ્યો

રાત્રીનો ત્રીજો પ્રહર પૂર્ણ થવા આવ્યો હતો એટલામા પેલો પુરૂષ સઘારામના તોરણ દ્વાર આગળ આવી પહોચ્યો તે શહેરના પ્રત્યેક તોરણ પર નોબત ગડગડી રહી હતી, સઘારામના પ્રત્યેક વિહારમા દેવપૂજનના શખઘટાદિનો ગભીર નાદ થતો હતો આ વખતે સઘારામમા સેકડો ભિક્ષુ અને ઉપાસિકાઓ એકત્ર થયા હતા

આપણો પુરૂષ દૃષ્ટિએ પડતા જ એક ભિક્ષુએ તેને ઓળખી લઈને પુછ્યુ “ નયસેન, આટલી રાતે ક્યાથી આવ્યો ? ”

તેના પ્રશ્નનો ઉત્તર ન આપતા નયસેને સામુ પુછ્યુ “ મહાસ્થવીર ક્યા છે ’

ભિક્ષુ ધીમેથી બોલ્યો “ વજ્રતારાના મદિરમા ”

નયસેન તે ભિક્ષુને છોડી ગર્દીમા અદૃશ્ય થયો

સઘારામના મધ્યભાગમા બુદ્ધદેવનુ મદિર હોઈ તેની જમણી બાજુએ બોધિસત્વ લોકનાથનુ દેવળ હતુ લોકનાથના વિહારના

ઇશાન ખુણામા વજ્રતારાનુ મંદિર હતુ આ મંદિરમા અષ્ટધાતુથી તૈયાર કરેલા અષ્ટપત્રી કમલની કળીમા દેવીની ધાતુમૂર્તિ ઉભી કરેલી હતી કમલની પ્રત્યેક પાખડી પર ધુપઘટા, વજ્રઘટા ઇત્યાદિ દેવીની મૂર્તિઓ હતી આ વખતે આ નવદેવીની મોટા ઠાઠથી અર્ચા ચાલી રહી હતી એક ભિક્ષુ ધુપતારાની આરતી ઉતારતો હતો મંદિરના એક ખુણામા દર્ભાસન પર બેસી મહારથવીર બુદ્ધઘોષ સર્વ પૂજનની વિધિપર દેખરેખ રાખતો હતો મંદિરના દ્વાર આગળ ઉપાસક અને ઉપાસિકાઓની ભીડ જામી રહી હતી

આ ગીર્દીમાથી નયસેન દરવાજામાથી અંદર જઇ શકતો નહતો તેથી છેવટે દરવાજા આગળથી પાછો ફરી તે બારી પાસે આવ્યો અને તેમાથી તેણે ડોકીયુ કર્યું મહાસ્થવીર બારી પાસે જ બેઠેલો જણાયો દેવ પૂજનમા ફક્ત શુભ્ર પુષ્પનો ઉપયોગ થતો હોઈ કદી કદી એકાદ બે લાલ જાસવદીના પુષ્પ દેવીને અર્પણ કરવામા આવે છે એ પણ તેની દૃષ્ટિએ પડ્યુ

નયસેને પુન બારી પાસેથી મંદિરના દ્વાર આગળ આવી ઉપાસક પાસેથી એક લાલ જાસવદીનુ પુષ્પ માગી લીધુ તેણે પુન બારી આગળ આવી તે ફૂલ બુધઘોષપર ફેંક્યુ મહારથવીર એક ગ્રંથ વાચતો વાચતો પૂજન વિધિ કરી રહ્યો હતો એટલામા સામેની પોથીપર લાલ ફૂલ પડેલુ જોઇ તેણે મસ્તક ઉચુ કરી આમ તેમ જોયુ બારીમા નયસેનને ઉભેલો જોઇ બુદ્ધઘોષે તે ફુલ પાછુ તેના તરફ ફેંક્યુ, અને મંદિરના એક ભિક્ષુને બોલાવી કહ્યુ “ મારે ઉઠવુ પડશે એમ લાગે છે તુ અહી બેસીને પોથી વાચ ! ”

મહાસ્થવીર મંદિરમાથી બહાર નીકળવા ઉઠ્યો નયસેને બારીમાથી તેને ઉઠતા જોયો તે પણ બારી આગળથી ખસી જઇ લોકોની ગીર્દીમા પેઠો

મહાસ્થવીર મદિરમાથી બહાર નીકળે છે જાણી ઉપાસક અને ઉપાસિકાઓએ તરત જ તેમને માર્ગ કરી આપ્યો બુદ્ધઘોષ આમ કે તેમ દૃષ્ટિ પણ ન કરતા ધીમે ધીમે ચાલવા લાગ્યો એટલામા નયસેને પણ ગર્દીમાથી બહાર આવી તેને પ્રણામ કર્યાં

તેને આશિર્વાદ આપી બુદ્ધઘોષ તેવીજ રીતે ચાલવા જતો હતો પણ નયસેને તેના કર્ણમા ધીમે રહી કઇ કહ્યુ

બુદ્ધઘોષે પણ તેને ધીમે રહી કહ્યુ “ ત્રીજા માળની ઓરડીમા આવ થોડીવાર પછી ”

નયસેન પુન જનસમુહમા પેઠો અને મહાસ્થવીર સઘારામ તરફ ચાલ્યો ગયો

સઘારામમા આવતા જ બુદ્ધઘોષ ત્રીજા મજલે જઇ એક નાની ઓરડીમા બેઠો અદર આવીને તેણે તેના દ્વાર બધ કરી દીધા. ઓરડીમા એક નાનો ધુપદીપક બળી રહ્યો હતો મહાસ્થવીર તરફ આ વખતે કોઇએ પણ દૃષ્ટિ કરી હોત તો જોનારને જાણે તે જપ કરવામા એકાગ્ર બની ગયો છે એમજ લાગત, પરતુ આ વખતે અતિશય ઉત્કઠાથી ખરેખર તે નયસેનની જ રાહ જોતો હતો

સુમારે અડધી ઘટિકામા દ્વારપર કોઇએ થાપ મારી મહાસ્થવીરે ઉઠી ધીમે રહી દ્વાર ઉઘાડ્યુ અને આમ તેમ જોતા નયસેન અદર પેઠો

મહાસ્થવીરે દ્વાર બરોબર બધ કરી સાકળ દીધી અને ધીમેથી પુછ્યુ “ નયસેન, આટલી રાત્રે કેમ આવ્યો ? કઇ નવીન સમાચાર છે કે ? ”

નયસેને કિંચિત હસીને કહ્યુ ‘ દેવ, તેવી કઇ બાતમી હોયા સિવાય આપને આટલી રાત્ર ત્રાસ આપવા હુ આવુ એમ આપ માનો છો કે ? ”

‘ શી ખબર છે ? ” બુદ્ધઘોષે ઉત્કઠાપૂર્વક પુછ્યુ

" હમણા જ થોડા વખતપર અનેક ઘોડેસ્વાર પશ્ચિમ તોરણમાથી ચરણાદ્રિદુર્ગ તરફ ગયા "

" શુ કહે છે ? કેટલા સ્વાર હતા ?"

" તે હુ બરાબર જાણી શક્યો નથી, પણ ને પાચ હજારથી તો વધારે જ હોવા જોઇએ એમ લાગે છે "

થોડીવાર વિચાર કર્યા પછી મહાસ્થવીરે પુછ્યુ ' ઠીક તેનો સેનાપતિ કોણ હતો ? "

" તે પણ સમજાયુ નથી ? "

" ત્યારે હવે એ સમાચાર ક્યા પહોચાડવાનુ કહે છે ? "

" કાન્યકુબ્જ કે પ્રતિષ્ટાન "

" ઠીક છે તેમ વ્યવસ્થા કરુ છુ "

નયસેન હજી પણ ધીમેથી બોલ્યો " પણ વાત મોકલવાનુ કાર્ય કંઇ સહેલુ નથી કારણ, આ વખતે નગર જનોને બહાર જવાની મના કરવામા આવી છે "

ક્ષણવાર સ્તબ્ધ રહી મહાસ્થવીરે કહ્યુ હા તુ કહે છે તે સ્પષ્ટ છે આ બાતમી કેવી રીતે મોકલવી એ એક પ્રશ્ન જ છે નયસેન, તુ સહજ અહી બેસી રહે હુ થોડો પ્રયત્ન કરી જોઉ છુ ! "

" જેવી આજ્ઞા ! "

મહાસ્થવીરની સામે એક નાની વેદી હતી તે પર એક નાની પૂજન ઘટા હતી તે હાથમા લઈ તેણે બે વખત હલાવી એકજ પલમા બહારથી કોઇએ દ્વાર પર થાપ મારી નયસેને ઉડી બારણુ ઉઘાડયુ અને એક વૃદ્ધ ભિક્ષુએ અદર આવી મહાસ્થવીરને પ્રણામ કર્યા

મહાસ્થવીરે કહ્યુ " મૃગદાબ સઘારામના આચાર્ય બુદ્ધશ્રી નીકળી ગયા કે નહિ તેનો તપાસ કરી આવતો ! "

પ્રણામ કરી ભિક્ષુ ચાલ્યો ગયો અને થોડીવાર પછી પાછો આવી બોલ્યો "આચાર્ય ગયા નથી—સંઘારામમા જ છે"

આ શબ્દોથી મહાસ્થવીરને સંતોષ થયો હોય તેમ લાગ્યુ તેણે કહ્યુ "આચાર્યને અહી બોલાવી લાવ જોઇએ"

તે ભિક્ષુ બહાર ગયા પછી મહાસ્થવીરે નયસેનને કહ્યુ "આ વખતે ચરણાદ્રિ તરફ એટલુ લશ્કર કેમ જાય છે તે સમજાતુ નથી!"

નયસેને કહ્યુ "એટલુ મદ્ભાગ્ય છે કે એક સૈનિકના મુખથી આટલી ખબર પણ મળી ગઇ! આ સંબધી મારી તેજ વખતે જિજ્ઞાસા ઉત્પન્ન થઇ તેથી મે પશ્ચિમ તોરણ પાસે આવી જોયુ તો ખરેખર સૈન્ય નગર બહાર નીકળી ગયુ હતુ! તત્કાળ એ વાત કહેવા દોડતો અહીં આવ્યો"

મહાસ્થવીરે દીર્ઘ નિશ્વાસ નાખી કહ્યુ "આપણે મોટી પંચાતમા આવી પડ્યા છીએ! યશોધવલ રાજમા આવ્યો છે ત્યારથી ગુપ્તચરો કઇ વાત મેળવી લાવતા જ નથી નગરમા, છાવણીમા અને રાજભુવનમા આપણા અનેક ગુપ્તચર છે, પરંતુ તેમાનો કોઇપણ એક વાત લઇને મારી પાસે આવ્યો નથી! કેવુ આશ્ચર્ય! સંઘના કાર્યમા અતિ કટક ઉપસ્થિત થાય છે એ વાત મે 'સમ્રાટ' ને જણાવી છે પણ તેથી કઈ લાભ થયો નથી કારણ મહાદેવી આગળ સમ્રાટનુ કઈ પણ ચાલતુ નથી"

પરંતુ મહાસ્થવીરનુ ભાષણ પૂર્ણ થયુ નહિ તેટલામા જ થોડા વખતપર ગયેલો ભિક્ષુ એક પ્રૌઢવયના, સાધારણ બાંધાના, શરીરની ચામડીપર કરચલીઓ પડેલા ભિક્ષુને લઈ ત્યા આવ્યો

આ નવીન ભિક્ષુએ મહાસ્થવીરને પ્રણામ કરતા જ તેણે કહ્યુ, "આચાર્ય મહજવાર અહીં બેસો"

ભિક્ષુએ આગળ મુકેલા એક દર્ભાસનપર તે નવીન ભિક્ષુ બેઠા પછી મહાસ્થવીરે કહ્યુ, "આચાર્ય! કેટલાક જરૂરના કાર્ય માટે

તમારે હમણાને હમણા નગર બહાર જવુ જોઈએ કેટલીક અત્યત મહત્વની બાતમી આપી તમને કાન્યકુબ્જ અથવા પ્રતિષ્ઠાન મોકલવાનો વિચાર છે આજે થોડા જ વખતપર પાટલીપુત્રમાથી પુષ્કળ સ્વારો ચરણાદ્રિ તરફ નીકળી ગયા છે ‘સામ્રાજ્ય’ના કોઈ મુખ્ય સેનાપતિને એ વાત બને તેટલી વહેલી પહોચાડવી જોઈએ તોરણપરના પ્રતીહારો રાત્રે કોઈને પણ નગર બહાર જવા દેતા નથી પણ તમારે હમણાને હમણા જવુ જોઈએ કઈપણ યુક્તિ કરી તમે તુરતમા નગર બહાર જઈ શકશો ?”

“પ્રયત્ન કરી જોઉં છુ ”

“ક્યા રસ્તે જશો ?”

“ખુશકી રસ્તે જવુ શક્ય નથી જલમાર્ગે જવાય છે કે કેમ તે માટે યત્ન કરી જોઉં છુ ”

“ઠીક છે, નયસેન, ગગાકાઠે તુ આચાર્ય સાથે જા ”

આચાર્ય બુદ્ધશ્રી, અને નયસેન મહાસ્થવીરને પ્રણામ કરી ચાલ્યા ગયા

પ્રકરણ ૫ મું.

સખીની સલાહ.

લગભગ પ્રહર દિવસ વહી ગયો હતો શરદ્કાલના દિવસ હોવાથી તાપ વિશેષ ન હતો પાટલીપુત્રના એક મોટા રસ્તે બહુ મૂલ્ય પડદાવાળો મેનો વેગથી પૂર્વ દિશા તરફ જતો હતો પાટલીપુત્રના જે ભાગમા શ્રેષ્ઠી અને સર્થવાહ લોક રહેતા હતા, તે ભાગના રસ્તા નાના, સાકડા અને ખરાબ હતા રાજભૂવનનો મેનો અને તેની પાછળ તથા આગળ સમ્રાટના દડધરોને ચાલતા

જોઈ નાગરિકો નમ્રતાથી મેનાને માર્ગ આપતા હતા પરતુ કદી કદી મેનો લઈ જવાને અડચણ આવતી હતી, કારણ ચોતરફના રસ્તેથી જતા આવતા ગાડી ઘોડા, રથાદિનો આ સ્થળે ભેટો થતો હતો ની કદી તે પડદામા બેઠેલી વ્યક્તિ પડદામાથી બાહ્ય લોકોને રસ્તો દેતી હતી

આ પ્રમાણે કેટલીક વાર સુધી માર્ગક્રમણ થયા પછી તે વ્યક્તિની આજ્ઞાનુસાર એક સ્થળે મેનો પૃથ્વીપર મુકવામા આવ્યો અને તેમાથી બુરખા યુક્ત એક સ્ત્રી બહાર નીકળી તેને બહાર આવતી જોઈ દડધરો ઉતાવળથી આગળ આવ્યા અને તેમાના એકે નમ્ર પણે પુછ્યુ " આપ અહીં શા માટે ઉતર્યા ? મહા પ્રતીહારે અમને શ્રેષ્ઠીના ઘરના દ્વાર આગળ જ ઉતારવા કહ્યુ છે "

તે સ્ત્રીએ કહ્યુ ' કઈ હરકત નહિ તમે એ વિષે કઈ વિચાર કરશો નહિ અને મહા પ્રતીહારને પણ કહેશો નહિ મેનામા બેસીને તે ઘેર મારાથી જવાય તેમ નથી એક વખત જેને ઘેર હુ દાસી હતી, તેને ઘેર આજે હુ રાજસેવિકા બની માટે એક રાજાની રાણીની માફક મેનામા બેસી કેમ જઈ શકુ ? મેના અને ભોઈને અહીજ રહેવા દો માત્ર તમે બે મારી સાથે આવો એટલે બસ છે !"

એમ કહી તે સ્ત્રી આગળ ચાલવા લાગી કેટલેક દૂર ગયા પછી તે એક મકાનમા પેઠી અને સાથેના દડધરોને દ્વાર આગળ ઉભા રહેવા કહ્યુ

તે મકાનના આગણામા જ એક દાસી હાથમા સાવરણી લઈ ઉભી હતી તે સ્ત્રીને અદર આવતા જોઈ તેણે આગળ આવી પુછ્યુ- 'તમે કોણ છો ? ક્યાથી આવ્યા ? શુ કામ છે ? કોને મળવુ છે ?"

તે સ્ત્રી સહજ હસી અને બુરખો દૂર કરી બોલી " અરે વસતિકા ! ભલી છે તુ તો ! બહુ સારી ઓળખાણ રાખે છે !

આટલા વર્ષ આપણે એકજ ઘરમા એકજ ઠેકાણે કાઢયા, એકજ સ્થળે ખાધુ પીધુ તોએ ફક્ત ત્રણ વર્ષમા તે બધુ એકદમ ભૂલી ગઇ લાગે છે ! કમાલ થઇ બા, તારા આગળ ! મોઇ મને પુછે છે, ‘ કયાથી તમે આવ્યા અને કોને મળવુ છે ! અહાહાહા ! આરતી ઉતારો બાઈના પગથી ! ”

આ લાબુલચ ભાષણ સાભળી તે સ્ત્રીના હાથમાથી સાવરણી પડી ગઇ અને તે આશ્ચર્યથી સ્તભિત થઇ તેના તરફ ટગર ટગર જોઇ રહી ! એક બે ક્ષણ પછી તે બોલી “ અરે મા ! તરલા તો ન હોય ?”

તે સ્ત્રી કઇ પણ બોલ્યા સિવાય માત્ર ગાલમા ને ગાલમા હસી !

‘ અરે મા, તરલાજ છે ને બહેન, અવસ્ય તરલા ! કેવી નવાઇ ? કહે છે કે મને ઓળખી જ નહિ ! અરે, પણ તને ઓળખવી જ કેવી રીતે, હુ તો કહુ છુ ! તુ આટલી બનીઠનીને આવી છે તેથી મારા ડોળા અન્જાઇ ગયા એટલે તને ઓળખુ કેવી રીતે ? તારો આ ઠાઠમાઠ જોઇ મને તો લાગ્યુ કે, કોઇ મોટા શેઠની શેઠાણી બાઇ સાહેબને મળવા આવ્યા છે ! તરલા, સાચુ કહુ છુ. તુ બહુ ખરાબ બાયડી છે ! ”

તરલાએ વચ્ચે જ કહ્યુ “ કેમ ! એવુ તે શુ થયુ છે મારા હાથે ? ”

“ બધાએ તારા નામના ગીત ગાય છે ! બા, તુ તો હવે મોટુ માણસ થઇ ! રાજભૂવનના અતપુરની તુ તો દાસી થઇ છે ! અરે મા ! તારા રૂપ અને જુવાનીનો મદ કોણ જાણે કેટલેએ પહોચ્યો હશે ? તને હવે જુનુ ઘર કયાથી યાદ આવે ? ”

તરલાએ કહ્યુ “ વસતિકા, તારો બડબડાટીઓ સ્વભાવ પહેલાના જેવો જ રહ્યો ! તુ બુઢ્ઢી થઇ એટલે દુનિઆના બધા જ માણસો ડોસા અને કદરૂપા બની જાય ”

વસતિકા ચીડવાઈને બોલી "મોઈના મોઢામા જીભને હાડકુ જ નથી ! જાણે કે હવે રાજની દાસી બની એટલે આસમાનને ચાર આગળનુ છેટુ રહ્યું ન હોય ? આંખો તો ચાર થઇ ગઇ ! મારૂ સોનુ પણ મોહને લોઢુ દેખાય છે બગલાને પણ કાગડો જુએ છે મારામા રૂપ કે જુવાની હશે કે નહિ હોય, તારે તેની શુ કરવા પચાત જોઇએ ?"

તરલા ખડખડ હસતી બોલી " અરે છે કે નહિ તે જરી આરસામા જો એટલે બધુ જણાઇ આવશે ! "

વસતિકાએ બૂમ પાડી કહ્યુ " તુ જ જોને તારે જોવુ હોય તો આરસામા તારૂ કાળુ મો ! મને જોવાની જરૂર નથી ! ઘર છોડી ગઇ પણ સ્વભાવ કઇ બદલાયો નહિ ! સવારના પહોરમા આની મારી માથે વઢવા ! "

તરલા તો હસવા જ લાગી ! જેમ જેમ તેનુ હસવુ વધતુ ગયુ તેમ તેમ વસતિકાનો રોષ વધતો જ ગયો અને તેનો કઠસ્વર પણ તે પ્રમાણમા બદલાતો ગયો તે સભળાવાથી ઘરમાથી કોઇએ મૃદુ સ્વરે પુછ્યુ " વસતિકા અરે વસતિકા, કોની માથે સવારના પો'રમા આમ વઢવા બેઠી છુ ? "

"વસતિકાએ હજી પણ ઊચા પચમ સુરમા જઇ કહ્યુ "આપણી આ તરલા, અરે મોટી બહેન તરલા ! આપની લાડકી તરલા આવી છે તે મોઈ મારી માથે વઢવા બેઠી છે ! "

" શુ કહે છે ? શુ કહ્યુ, વસતિકા ? "

આખુ ઘર ધમધમાવી નાખતી વસતિકાએ બૂમ પાડી "આપની તરલા, આપની પ્રાણ સખી, હમેશ જુવાનીમા રહી નાજુક બનેલી પુતળી તરલા આવી છે, મોટી બહેન ! સાભળ્યુ ?"

અદરથી કૃશ શરીરની એક તરૂણી બહાર આવી તરલાને જોઇ તે આશ્ચર્યથી છક્ક બની ગઈ હોય એમ જણાયુ ક્ષણવાર પછી

આગળ આવી તે તરલાના હસ્ત સ્વહસ્તમા લેઇ મૃદુ હાસ્ય કરતી બોલી “કેમ રાણી સાહેબ ભલુ આપને આટલા દિવસે–વર્ષે સ્તો–અમારા જેવા ગરીબનુ સ્મરણ થયુ ?”

તરલાએ હાથ ખેચી લઇ યુથિકાને અભિવાદન કરી કહ્યુ-‘ બળ્યુ બહેન ? એવુ બોલશો નહિ !”

યુથિકાએ ખિન્ન સ્વરે કહ્યુ ‘ ખરુજ છે તરલા, આ ઘરનો રસ્તો પણ તુ ભૂલી ગઇ, નહિ ?”

‘ભૂલી ગઇ હોઇશ તો તે તમારા જ માટે બહેન’

યુથિકાના નેત્રમાથી ધડધડ પ્રવાહ નીકળી ગાલપર સરી પડવા લાગ્યો તેણે પાલવથી અશ્રુ લુછી નાખી તરલાનો હાથ પકડયો અને તેને અતઃપુરમા લઇ ગઇ તે જોઇ વસતિકા મનમાજ બડબડતી નીચે પડેલી સાવરણી હાથમા લઇ પોતાના કાર્યમા પ્રવૃત્ત થઈ

પોતાના પ્રથમના માલીકને ઘેર આવ્યા પછી તરલાએ સર્વને નમન કરી કુશલ પ્રશ્ન પુછયા યુથિકાપણ તેની સાથે ફરતી હતી. સર્વને મળ્યા પછી છેવટે તે તરલાનો હાથ પકડી પોતાના શયન ગૃહમા ખેચી ગઇ અને દ્વાર બધ કરી સાકળ ચડાવી દીધી

તરલા જમીન પર જ બેસતી હતી પરતુ જોરથી તેને પોતાના પલગ પર બેસાડી યુથિકા તેના ગળે વળગી પડી તે ગદ્ગદ સ્વરે બોલી “ મારૂ શુ થશે તરલા ?”

તરલાએ હસીને જવાબ આપ્યો “અરે, બીજુ વળી શુ થવાનુ હતુ બહેન ?–લગ્ન !”

તેના ગાલપર તમાચ મારી એક ખિન્ન હાસ્ય કરી યુથિકાએ પુછ્યુ “ ક્યારે ?”

“ થોડા વખતમા !”

“ કોની સાથે પણ ?”

"બીજા કોની સાથે બહેન ? મારી સાથે !'

યુથિકાએ હસીને કહ્યુ 'તારી સાથે તો મારૂ લગ્ન ક્યારનુએ થઈ ગયુ છે, તરલા !"

"ત્યારે શુ જોઈએ છે બહેન ? બીજુ લગ્ન કરવાનો તમારો વિચાર હોય એમ લાગે છે !"

"જા મર, એક વખત ! તારૂ મોઢુ એક ઘડી પણ ઠઠ્ઠા મશ્કરી કર્યા સિવાય રહેતુ નથી ! કહે બહેન કહે ! હુ આવીજ રીતે છેવટે મરીશ ' "

'અલામલા ટળો, તમારી બહેન ! તમે શા માટે મરો તમે જો મરશો તો તમારા શ્રેષ્ઠી કુટુબમા આવા પ્રેમના રગ કોણ રમશે' "

'પ્રેમના રગ રમીશ, હા, રમીશ સ્વર્ગમા ! બહેન તરલા, આ વખતે જરૂર હુ મરણ પામીશ જ હવે હુ સારી રીતે જાણી ગઈ છુ કે, મારે આ જીવનમા કઈ બહુ દિવસ કાઢવાના નથી ગયા ત્રણ વર્ષમા એક વખત પણ—એક ક્ષણ સુદ્ધા તેમનુ દર્શન આ ભાગ્યહિનને થયુ નથી ! તરલા, એક વખત પણ છેવટે તેમનુ દર્શન થાય તે માટે હુ ઘણી અધીરી બનેલી છુ "

યુથિકા આગળ બોલી શકી નહિ તેનુ હૃદય ભરાઈ આવ્યુ તે પોતાની બાલ્યસખીના ગળે વળગી અશ્રુ સારવા લાગી

તરલાએ અતિ મુશ્કેલીથી યુથિકાને સહજ શાત કરી છેવટે કહ્યુ "બહેન ! સાચુ કહું છુ, આટલા ઉતાવળા થશો નહિ વસુમિત્ર તે કેદખાનામાથી મુક્ત થયા છે અને સુખશાતિમા છે જીવને જોખમમા નાખી તેમને મે મુક્ત કર્યા છે તે તમારા માટે જ ને ? વસુમિત્રપર હમણા યશોધવલની સપૂર્ણ પ્રીતિ છે—તેમનાપર મહાનાયકનો અતિ વિશ્વાસ છે—એ સર્વ વાત મે તમને કેટલાક દિવસપર કહેવડાવી હતીને ?"

“ તરલા એ સર્વ વાતો મે સાભળી છે પરતુ તેમની મુક્તતા અન્યને અર્થરૂપ થઇ છે પિતાજી કહે છે, ‘સ્ત્રી અને ધન માટે જેણે સધનો તીરસ્કાર કર્યો છે, ભિક્ષુના પવિત્ર વસ્ત્રનો જેણે ત્યાગ કર્યો છે, તેને હૂ કદી પણ મારી પુત્રી આપીશ નહિ !’ ”

“ એ વાત પણ મે સાભળી છે, બ્હેન ! ”

“ ત્યારે હવે મારી શી સ્થિતિ થશે ? ”

‘ બહેન, ધૈર્ય ધરો, બ્હીશો નહિ—”

“ તરલા, તને ખબર નથી કે મારાપર દુખના ડુગર પડવાના છે પિતાજી ગુપ્ત રીતે મારા નાશની તૈયારી કરી રહ્યા છે ! મારા લગ્ન માટે તે બહુ ઉતાવળ કરે છે તરલા, તને કહુ છુ કે મારૂ લગ્ન અન્ય કોઈ સાથે થશે તો હુ મારો પ્રાણ કાઢીશ આ જીવનમા તેમનુ દર્શન કદી થશે કે નહિ, તે હું સમજી શક્તિ નથી પણ તેમને તુ નિશ્ચયપૂર્વક કહેજે કે, આ યુથિકાનો દેહ કદી પણ અન્યનો બનશે નહિ પરપુરૂષના સ્પર્શથી કદીપણ કલકિત થશે નહિ ! કહેજે કે, યુથિકાના દેહમા પ્રાણ હશે ત્યાસુધી તેનો પિતા અન્યને આપી શકશે નહિ ! હાય ! તેમના દર્શનની મને પ્રબળ ઈચ્છા છે ! એક વખત પણ દર્શન થાય તો કેવુ સારૂં ? તરલા, જો હુ એમને એમ મરી જાઉં તો કહેજે કે તમારા દર્શનની પ્રબળ વાસનામા યુથિકાએ દેહ તજ્યો છે ! ”

હૃદયભાવનાના આવેશમા યુથિકાનો કઠ રૂધાયો તરલા પણ બોલી શકી નહિ યુથિકાનુ મસ્તક હૃદય સાથે સજ્જડ દબાવી તે તેના કેશપર પ્રેમથી હાથ ફેરવવા લાગી ઘણીવારે તરલામા બોલવાનુ સામર્થ્ય આવ્યુ. તેણે કહ્યુ “ એક વાત મે સાભળી છે, બહેન ! પરતુ એ સર્વ બધુગુપ્તનુ કારસ્થાન છે, એ વાત યશોધવલને ગુપ્ત પત્રદ્વારા જણાઈ છે તેમણે જ આજે ખાસ આગ્રહપૂર્વક મને

મોકલી છે ! આજ સુધી તેમની ઈચ્છાને લીધે જ હુ આવી શકી ન હતી ! મારા મનને તો આવવા માટે કઈનુ કઈ થઈ રહ્યુ હતુ ’

કેટલીકવાર સુધી બન્ને સ્તબ્ધ બેસી રહ્યા થોડીવાર પછી મુખ ઉચુ કરી યુથિકાએ પુછ્યુ, “ ત્યારે હુ શુ કરૂ, તરલા ’

“ અહીંથી જતા રહો છો ? ’

“ જતા રહેવુ ? અરે બાપ ! કોની સાથે ? બહુ બ્હીક લાગે છે મને ! તરલા, શુ કહે છે તુ ? ’

“ એમ ડરશો નહિ, બહેન ! મારી સાથે કઈ નાશી જવાનુ નથી ! તમારા સ્વપ્નનો પેલો અનિરુદ્ધ જ સ્વત તમને લેવા આવશે પછી છે કઈ ?”

શરીરે કપારી ખાઈ યુથિકા બોલી “ છટ્, બહેન ! ઘરમાથી નાસી જવુ ? મારા જેવી કુલવાન કન્યાને એ કેમ શોભે ? ”

લજ્જા, ભય વગેરે વિકારોથી યુથિકાના વદનકમલપર એકાએક લાલી ચઢી આવી તે જોઈ તરલાએ કહ્યુ “ ત્યારે તો શુ કરશો ? વસુમિત્ર સાથે જવા પણ તમે તૈયાર નથી ? ”

“ તરલા, શુ કહે છે ? પિતાજી મને શુ કહેશે સર્વ જગત શુ કહેશે ? ”

બહેન, હુ તો સાફ સ્પષ્ટ કહુ છુ—દૂધ અને દહીંમા પગ રાખો તો તે ન ચાલે ! ઠીક, તમારે આવવુ નથીને ? તમારા હૃદયેશ્વરને હુ શુ કહુ ? તેમને જઈને કહુ કે—રાજા સાહેબ, નૌકાની પવનમા તમારૂ હૃદય સિંહાસન વમડાઈ ગયુ છે અને તે બીજો કોઈ દબાવી બેઠો છે ! ”

“ મર, અહીંથી તુ ! ”

‘ ત્યારે તમે કરશો શુ ? ’

“ નક્કી—જઈશ હવે ! ”

“ એ ઉત્તરની જ આશા રાખીને હુ આવી હતી ” તરલાએ કહ્યુ

યુથિકાએ પોતાની પ્રિય સખીને દઢ આલીગન આપી ચુબન પર ચુબન લઇ તેને હેરાન કરી નાખી તેમાથી જેમ તેમ છૂટયા પછી તરલાએ કહ્યુ “ અરે બાઇ સાહેબ, તે બિચારા ગરીબ પ્રાણી માટે કઇ તો સીલક રહેવા દો સર્વ થાપણ મને આપીને દેવાળુ કાઢવાનો વખત લાવશો નહિ !”

યુથિકાએ હસી પડી તરલાના ખભાપર એક મુક્કી મારી ! તરલાએ કહ્યુ “ ત્યારે વખત ગુમાવવામા લાભ નથી ”

“ આજે જ જવાનુ છે ? ”

“ હા, આજે રાત્રે જ ”

“ ક્યારે ? ”

“ બે પ્રહર પછી ”

“ કયે રસ્તે આવી શકશો ? ”

“ અતપુરના બાગનુ દ્વાર ઉઘાડુ રાખજો હુ આવીને તમને તેડી જઇશ વસુમિત્ર બાગની બહાર ઘોડાપર ઉભા રહેશે પણ ઘોડાપર બેસતા આવડશે કે બહેન ? ”

“ શી રીતે આવડશે ? ”

“ ત્યારે તમે જઇ શકશો નહિ, એમજ લાગે છે ”

“ તુ તારી મેળે જઇને કહે કહેજે કે જે જે કરવા કહેશો તે તે કરશે ”

“ ઠીક, ત્યારે જાઉ છુ હવે ! ”

યુથિકાને આલિગન આપી ઘરના સર્વ મનુષ્યોની રજા લઇ તરલા ઘરમાથી બહાર નીકળી પરતુ બારણામા જતા જ સામેથી વસતિકા આવતી જણાઇ તેને જોતા જ તરલાએ હસીને કહ્યુ “ વસતિકા ! મારા પર રીસાઈ તો નથી ને ? ”

વસતિકા પ્રથમથી જ રોષે ભરાઇ હતી વાક્યુદ્ધમા જશ નહિ મળવાથી તે બહુજ ચીડાઇ હતી તરલાનુ આ ભાષણ

કાને પડતા તે ગર્જના ડગી ઉઠી “ આવી પાછી રાડ વઢવા! સવારથી ગધેડીને કઇ કામ જ નથી વઢતી ઝગડતી ઘેરઘેર ભીખ માગતી ફરે છે ! ”

તરલાએ જોયુ કે, વસતિકા જેવી રણજાતિ કુશળ પડિતા સાથે યુદ્ધ કરી વિજય મેળવવામા બહુ વખતની જરૂર પડે તેમ છે અને હમણા: એવા કાર્યમા વખત ગુમાવવો ઈષ્ટ નથી ! તેથી તે અતિશય નમ્રતાથી અહીની તહીની કેટલીક વાતો કરી વસતિકાને શાત પાડી સાથેના દડધરો સહ મેના તરફ ગઇ વસતિકા હવે ખૂલ્લી રીતે બોલી શકી નહિ ત્યારે મનમા જ બબડતી અદર ગઇ

પ્રકરણ ૬ ઠું.

આચાર્યનુ અભિમાન.

રાજભુવનમા આવી પહોચતા જ તરલા અતપુરમા ન જતા યશોધવલદેવના સ્થાન તરફ ગઇ મહેલના સર્વ પ્રતીહાર અને દડધર તરલાને સારી રીતે ઓળખતા હતા, તેમણે આદર અને કઇક ભયથી બાજુએ ખસી જઇ રસ્તો આપી દીધો મહાનાયકના શયનગૃહના દ્વારમા જ હાથમા સાધારણ લાકડી લઈ સ્વત મહાપ્રતીહાર વિનયસેન ઉભો હતો તેણે તરલાને અટકાવી પુછ્યુ “ શુ કામ છે તરલા? ”

તરલાએ કહ્યુ “ મહાનાયકને ઘણી જરૂરની વાત કહેવા આવી છુ ”

હસ્તમાની સોટી દ્વાર આગળ આડી કરી વિનયસેને કહ્યુ “અદર મહારાજ છે આ વખતે અદર જવા રજા મળશે નહિ”

“ પણ પ્રતીહાર ! બાતમી અતિશય મહત્વની છે ”

વિનયસેને માથુ હલાવી કહ્યુ “ ત્યારે વાત મને કહે.

હુ અદર જઈ મહાનાયકને કહીશ નહિ તો થોડો વખત અહીજ ઉભી રહે ! ”

તરલાના મનમા એકવાર એવો વિચાર આવ્યો કે વિનયસેન અતિશય વિશ્વાસુ અધીકારી છે, તેની પાસે યુથિકાની વાત કરવાથી કઇ હાની થવાની નથી માટે તેને કહેવી, પરતુ પુન તેને એવુ લાગ્યુ કે એમ વાત કોઇને ન કરવી એજ સર્વથા ઇષ્ટ છે આવી રીતે આગળ પાછળનો વિચાર કરી તરલા બોલી “મહા પ્રતીહાર, ક્ષમા કરો બાતમી અતિશય ગુપ્ત છે કોઈને પણ કહેવાની મને રજા નથી હુ અહીજ રહું છુ, મહારાજ જાય કે મને ખબર આપજો, હુ પોતે જ મહાનાયક પાસે જઇશ ”

તરલાને અદર જવામા પ્રતિબધ થવાથી થોડેક દૂર સ્તભની બાજુમા બેસીને તે મનમા વિચાર કરવા લાગી યુથિકાને તેના ઘરમાથી લઇ આવવા કેવી યોજના કરવી અને તેને કયા સુરક્ષિત રાખી શકાશે તેના જ વિચારમા તે હતી પુષ્કળ વખત વિચાર કરવા છતા પણ તે એક નિશ્ચય પર આવી શકી નહિ. તેથી “ એક શુદ્ર દાસીએ એ વિષે વિચાર કરવાની જરૂર નથી ” એમ તેણે ધાર્યું પોતાની બુદ્ધિ અને યુક્તિ પ્રયુક્તિને મનમાને મનમા અનેક વાર ધિક્કાર આપતી તે પુન મહાનાયકના શયનગૃહ તરફ જવા લાગી પરતુ તે એક બે પગલા આગળ આવી ન આવી તેટલામા જણાયુ કે, દ્વારમા સમ્રાટ યશોધવલદેવ, યૂવરાજ કુમાર માધવ ગુપ્ત અને મહામત્રી હૃષીકેશશર્મા ઉભા છે તેમને જોઇને તે એક સ્તભની આડે ડબાઈ ગઇ,

સમ્રાટ યશોધવલને ઉદ્દેશી બોલ્યા “ત્યારે તમે કયારે જશો ?”

યશોધવલે કહ્યુ “ કાર્તિક સુદ તેરસે ! ”

“ બહુસારૂ ! માધવ તો તમારાથી વહેલો નીકળવા કહે છે ! મને લાગે છે કે, ચરણાદ્રિદુર્ગ તરફથી કઇ સમાચાર આવતા પહેલા માધવે જવુ ઠીક નથી ”

‘ પ્રભાકરવર્ધને પણ ખુલ્લી રીતે શત્રુત્વ જાહેર કર્યું છે, તદપિ મહાદેવીના વાર્ષિક શ્રાદ્ધપર સમ્રાટના કુટુમ્બનો કોઈપણ મનુષ્ય ઠાણેશ્વર હોવો જોઇએ કુમાર માધવગુપ્ત આ લાંબો પ્રવાસ જલદી પૂર્ણ કરી શકશે નહિ તેમને ઠાણેશ્વર પહોચવામા ઓછામા ઓછા સાડાઆઠ મહિના થયા સિવાય રહેશે નહિ માટે એ વહેલા નીકળે એજ ઠીક છે અમે સ્વારી લઈ નીકળીએ તે પહેલા જ કુમાર પ્રવાસ શરૂ કરે એમ હુ ઇચ્છુ છુ ”

સમ્રાટ ઉંડો નિશ્વાસ નાખી નીચુ મુખ કરી ઉભા રહ્યા ક્ષણવારે તે બોલ્યા “ ત્યારે તમારી ઇચ્છા પ્રમાણે થવા દો નીકળવા માટે કયો દિવસ તમે નિયત કર્યો છે ? ”

યશોધવલે કહ્યુ “ અશ્વિનના શુક્લ પક્ષમા જવાનો સારો સમય છે ”

હૃષીકેશશર્માએ આમાનુ કઇ સાભળ્યુ નહતુ તેથી તેમણે વિનયસેનને પુછ્યુ ‘ કેમ વિનયસેન ? છેવટે શો વિચાર નિશ્ચિત થયો ? ”

પરંતુ વિનયસેન તેમને ઉત્તર આપે તે પહેલા યશોધવલે હૃષીકેશના કાનમા મોટેથી કહ્યુ ‘ મંત્રીવર ! અશ્વિન શુક્લ પક્ષમા કુમાર માધવગુપ્તે ઠાણેશ્વર જવુ એવુ ઠરાવ્યુ છે ”

મહામંત્રીએ કહ્યુ “ ઠીક, સારૂ છે ! ”

ત્યારપછી સમ્રાટને કહ્યુ “ મહારાજ કાલે રાત્રે એક ગુપ્તચરને પકડ્યો છે તે આપે જાણ્યુ ? ”

“ ના ક્યા પકડાયો ? ”

“ તે પ્રાતકાળે નૌકાદ્વારા નગર છોડી જવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ આપણા ગૌડ નૌકાસૈનિકોએ કુશલતા પૂર્વક તેને નૌકાસહ પકડી લીધો છે ”

‘ તે મગધનો જ રહીશ છે કે ? ”

“આપણા ગુપ્તચરોએ તેને ઓળખ્યો છે તેનુ નામ બુદ્ધશ્રી છે ને જોકે મગધ નિવાસી નથી, તોપણ સામ્રાજ્યની પ્રજામાનો જ છે કાલે સવારે મહારાજાધિરાજની આજ્ઞાથી જ્યારે આપણુ નૌકાસૈન્ય નગર છોડી નીકળ્યુ, ત્યારે એક નાની નૌકા આપણી નૌકાઓમા મળી ભીડમા જલદીથી નીકળી જવા પ્રયત્ન કરતી હતી પરતુ આપણી નૌસેનાની હુશીયારીથી તેનો તે પ્રયત્ન વ્યર્થ ગયો અને તે પકડાયો પકડ્યા પછી તપાસ કરતા તે અગ દેશમાથી વારાણસી જતો હતો છતા તેને પકડવામા આવ્યો છે એમ કહેવા લાગ્યો, પરતુ આપણા ગુપ્તચરોએ અમોને તેના વિષે એવી ખબર આપી છે કે ગયા બે વર્ષથી તે કપોનિક સઘારામના મહાસ્થવીર બુદ્ધઘોષના આશ્રયમા આવી રહેલો છે એ બુદ્ધશ્રીને શી શિક્ષા કરવી ?”

કંઈક વિચાર કરી સમ્રાટે કહ્યુ “તમે તેને કઈ શિક્ષા કરવા સલાહ આપો છો ?”

“બુદ્ધશ્રી શત્રુનો ગુપ્તચર છે એમા લવલેશ શકા નથી તેમ જે ન હોત તો ખોટા વેશમા જુદા જ વખતે નગર છોડી જવાની તેને શી જરૂર હતી ? મારુ તો અનુમાન એવુ છે કે, ચરણાદ્રિ તરફ આપણુ સૈન્ય નીકળી ગયુ છે, એ વાત કોઈ પણ રીતે બુદ્ધઘોષે મેળવી હોવી જોઈએ અને બુદ્ધશ્રી એ સમાચાર ઠાણેશ્વર પહોચાડવા જતો હશે બુદ્ધશ્રી અતિશય ભયકર અને કપટી મનુષ્ય છે તેને પકડતા જ તેણે બે માણસને ઘાયલ કર્યા છે અને કારાગ્રહમા તેનો અતિશય છળ થયો તોપણ તેણે પોતાની ગુપ્ત વાતનો એક અક્ષર પણ ઉચ્ચાર્યો નથી ! ગુપ્તચરને યોગ્ય એવી જ શિક્ષા બુદ્ધશ્રીને થવી ઘટે છે ”

“શુ કહો છો ? તેને મૃત્યુની શિક્ષા કરશો તમે ?” સમ્રાટે ધ્રૂજારી છૂટવા જેવુ કરી કહ્યુ

“હા, પણ મહારાજની આજ્ઞા થશે તો જ !”

“એના કરતા બીજી કોઈ સૌમ્ય શિક્ષા કરવામા આવે તો નહિ ચાલે ?”

"ફક્ત તેના એકજ અપરાધપર દૃષ્ટિ રાખી ચલાવી લેવા જેવુ નથી એ ભયકર માણુસ જો જીવતો રહેશે તો સામ્રાજ્યનુ કેટલુ અનિષ્ટ કરી શકશે તે તરફ પણ દૂર દૃષ્ટિ રાખી વિચાર થવો જોઇએ છે."

"યશોધવલ, હજી આપણે કેટલી નરહત્યા કરવાની છે? નિરર્થક રક્તપાત કરવામા શો અર્થ ?"

"ત્યારે મહારાજાધીરાજની શી આજ્ઞા છે ?"

"બુદ્ધશ્રીને છોડી દઇશુ તો નહિ ચાલે ?"

યશોધવલે દૃઢ સ્વરે કહ્યુ "બિલકુલ નહીં, મહારાજ !"

"ત્યારે તેને કારાગ્રહમા રાખો"

"જેવી આજ્ઞા !"

સમ્રાટ ચાલ્યા ગયા અને યશોધવલ શયનગૃહમા પાછા જતા હતા એટલામા થાભલા પાછળથી બહાર આવી તરલાએ પ્રણામ કર્યા

મહાનાયકે હસીને પુછ્યુ "તરલા, શુ થયુ તારા કામનુ ?"

"આપના આશિર્વાદથી કામ પાર પાડીને જ હુ આવી છુ"

"યશોધવલે કહ્યુ "ઠીક ! તારી સખી પિતાનુ ઘર છોડીને આવવા તૈયાર છે ને ?"

"હા,–હમણા જ !"

"કુલવાન કન્યા પિતાનુ ઘર કેમ છોડી નાસી જઈ શકે ? જગત્ શુ કહેશે ? એવી શકા કુશકા યુથિકાએ કાઢી નહિ કે ?"

"શકા થઇ હતી, પણ છેવટે થવુ જોઇએ તેજ થયુ ! પ્રેમનો વિજય થયો !"

"વાહ–અતિ ઉત્તમ ! ત્યારે હવે વ્યર્થ સમયનો વ્યય કરવામાં શો અર્થ છે, તરલા ?"

"આર્યની આજ્ઞા થશે તો આજે રાત્રે જ હુ યુથિકાને લઈ આવીશ"

યશોધવલે કહ્યુ “ ઘણ સારૂ, તારી સાથે વસુમિત્ર આવશે જ બીજા કોની જરૂર છે તે કહે ।”

થોડીવાર વિચાર કરી તરલાએ કહ્યુ “ વિશેષ મનુષ્યોને લઇ જવાની જરૂર જ છે કે ? ”

“ વસુમિત્ર સિવાય બીજો કોઇ વિશ્વાસુ માણસ તારી સાથે રાખવાની આવશ્યકતા છે ”

“ જેવી આપની આજ્ઞા ! પણ એવો વિશ્વાસુ માણસ ક્યાથી મળશે ? ”

યશોધવલે સહજ હસીને કહ્યુ “ તેવો માણસ તુ જ શોધી કાઢને ? ” તરલા કઇક વિચાર કરી બોલી “ મને એવો માણસ ક્યાથી મળશે આર્ય ? ”

“ તરલા, શોધી જો, તેવો માણસ પણ તને મળ્યા સિવાય નહિ રહે તુ ચતૂર છે ! ” એટલુ કહી યશોધવલ શયનગૃહમા ચાલ્યા ગયા

તરલા પોતાના મનમા વિચાર કરવા લાગી—મહાનાયકે મને ક્યા ગુચવાડામા નાખી ? વસુમિત્ર સિવાય બીજો માણસ અને તે પણ અત્યત વિશ્વાસુ જોઈએ, એવો માણસ મને ક્યાથી અને કેવી રીતે મળશે ? મહાનાયકના કથનનો અર્થ તરલાના લક્ષમા નહિ આવવાથી તે વિચાર વમળમા પડી જ્યા ને ત્યા સ્થિર થઇ ઉભી હતી

એટલામા અકસ્માત કેટલાએ દિવસે તરલાને આચાર્ય દેશાનદનુ સ્મરણ થયુ તેનુ સ્મરણ થતા જ તે એટલુ તો હસી કે તેનુ પેટ પણ દુખી ગયુ

સઘારામમાથી જીવતપણે નીકળી આવ્યા પછી આચાર્ય દેશાનદ રાજભૂવનમા જ રહ્યો હતો. યશોધવલે તેને અભય વચન આપી તેના અન્ન વસ્ત્રની સારી વ્યવસ્થા કરી દીધી હતી પ્રાણભયથી દેશા-

નંદ રાજભૂવનની ચતુસીમા છોડી કદી ક્યાઇ પણ જતો નહતો. અને કોઇ બૌદ્ધ તેની દૃષ્ટિએ પડતો તો તે તેને ગાલી પ્રદાનથી વધાવી લેતો હતો દેશાનંદ હમેશ પોતાના પોષાકમા અવનવા રંગ પુરવામા નિમગ્ન રહેતો હમણા તેણે મસ્તિષ્કપરના કેશ વધારી, દાઢી અને મછોને ઝાડપાનનો રસ લગાડી રંગી દીધી હતી ! તેને જો કોઈ તેના પોતાના વિષે કંઇ પુછતુ તો તે રોકડુ કહેતો કે, “ મારા શૌર્યની મહાનાયકે સારી પરીક્ષા કરેલી હોવાથી તેમણે મને પોતાના શરીર રક્ષક તરીકે રાખ્યો છે ! અરે, એથી તો હુ રાજભુવન છોડીને બહાર જઇ શકતો નથી ! મહાનાયક સાથે હવે હુ બંગદેશની સ્વારીમા જવાનો છુ ! ”

પોતાના અત્યંત એકનિષ્ઠ સેવકનુ સ્મરણ થતા જ તરલા પેટ પકડીને હસી હતી તે યશોધવલના મહાલયમાથી તરત જ બહાર નીકળી તોરણ તરફ ગઈ અને ચોક ઓળગી પહેલા તોરણમા–પ્રતીહાર અને દ્વારપાલને રહેવાના સ્થાનો એ આવી પહોચી ત્યાની બે ત્રણ ઓરડીમા દેશાનંદને ખોળ્યો પણ તે મળ્યો નહિ દેશાનંદ મળ્યો નહિ તેથી તરલા ફીકરમા પડી કારણ, સમયનો વ્યય કરવાનો અવકાશ રહ્યો નહતો ! પુન બે ચાર ઓરડીઓ તે જોઈ વળી, પરંતુ આચાર્યશ્રીનો પત્તો લાગ્યો નહિ છેવટે તે પહેલા ચોકના તોરણમાથી બહાર આવી તેણે સ્હામુ જોયુ તો ખાઈના કીનારે એક વિશાળ પીપળ વૃક્ષ નીચે દેશાનંદ બેઠેલો જણાયો ડોસાની સામે એક મોટો ચકચકતો આરસો પડ્યો હતો સ્નાન કરીને તે પોતાના કેશ ઓળવામા લીન થઈ ગયો હતો !

રાજભૂવનમા રહેવા આવ્યો ત્યાર પછી દેશાનંદને તરલા મળી જ નહતી એમ કહીશુ તો ચાલશે તેને મળવા તે હમેશ ઉત્કંઠા પૂર્વક પ્રતીક્ષા કર્યા કરતો હતો, પણ રાજભૂવનના અંતપુરમા

પગ મુકવાની તેને કદી પણ ઇચ્છા થતી નહતી તરલાને તો એ બુદ્ધા મંદરની ભેટ લેવાનુ અત્યાર સુધી કઇ કારણ જ મળ્યુ નહતુ

પુષ્કળ દિવસે તરલાનુ દર્શન થવાથી દેશાનંદ આનંદાવેશમા ભાન ભૂલી ગયો ! તરલાએ સ્ત્રી વેષ આપી સંઘારામના જીર્ણમંદિરમા પુરી રાખ્યો હતો, કેવળ તરલા માટે જીવ જવાનો વખત આવ્યો હતો અને યશોધવલે જો રક્ષણ કર્યું નહોત તો ભિક્ષુઓએ યમસદનમા પહોચાડી જ દીધો હોત વગેરે વાતો તેના સ્મરણમાથી ખસી ગઇ હશે કે શુ ! તરલાને જોતા જ તે ઘેલો બની ગયો દેશાનંદને ચોતરફ અંધકાર જણાવા લાગ્યો ડોસાને પ્રથમ તો એવુ લાગ્યુ કે, તરલા કંઈ પણ કામ માટે રાજભવનની બહાર જાય છે ! પણ જ્યારે તે તેના તરફ આવે છે, એવુ તેને જણાયુ, ત્યારે તેનો સર્વ ભ્રમ એક નિમિષમા દૂર થઈ ગયો હવે માત્ર અત્યંત પ્રબલ એવા અભિમાને દેશાનંદના મગજપર સત્તા જમાવી ! તરલા કેવળ મળવા આવી છે, એમ હવે ડોસાએ જાણ્યુ એટલે તેના પર રીસાઇ બેસવાનો નિશ્ચય કરી તે પોતાના રહેલા લાંબા કેશ વીખેરવામા જાણે કે મગ્ન થઇ ગયો હોય તેમ બતાવવા લાગ્યો !

તરલાએ ધીમે ધીમે ગજગતીથી દેશાનંદ પાસે આવી ભૂમિ સુધી નીચે વળી પ્રણામ કર્યાં મૃદુ હાસ્ય કરતા કરતા તેણે પુછ્યુ “ આચાર્ય, કેમ છે ? ઠીક છે ને ? ઓળખી કે આપની આ દાસીને ?”

પણ દેશાનંદ ઉત્તર શેનો આપે ? તે તરત જ તેના તરફ પીઠ કરી બેઠો !

તરલાએ જાણ્યુ કે આચાર્ય રોષે ભરાયા છે માટે તેમને મનાવવા જોઇએ આવો વિચાર કરી તરલા સહજ મોટેથી હસી અને દેશાનંદની છેક પાસે જઈ બેઠી ડોસાનુ માથુ ફરવા લાગ્યુ, પણ તેથી તેણે કઇ તરલા તરફ મુખ ફેરવ્યુ નહિ !

તરલાને લાગ્યુ કે, આચાર્યે આ વખતે રોષનુ પ્રદર્શન ભરવાનો નિશ્ચય કર્યો છે મારે પણ તેને સહજ જાલીમ માત્રા આપવી જોઇએ તરત જ તેણે એક નાનો પણ દેશાનદ સ્પષ્ટ સાભળે તેવો નિશ્વાસ નાખી કહ્યુ "પુરૂષની જાતજ એવી હોય છે જેમને એક વખત પણ જોઈને નેત્રને સતોષ આપવા ત્રણ વર્ષથી ટળવળતી હતી, તે તો મારા તરફ નજર કરીને જોતા પણ નથી !"

હવે દેશાનદ સ્તબ્ધ બેસી રહે તે અશક્ય હતુ તરત તરલા તરફ મુખ ફેરવી તે અસ્પષ્ટ સ્વરે બોલ્યો "તુ–ત–તુ–પુન —"

બુઢ્ઢા તરફ એક તીવ્ર કટાક્ષ બાણ નાખી તરલા બોલી બહુ સારૂ, બહુ સારૂ, ઠીક ! વળી પાછા તમેજ મને સતાંવા છો ને ? અરે આચાર્ય, કેવળ તમારે લીધે જ મારી જાત ગઈ, કુળ ગયુ, આબરૂ ગઈ અને લોક લજ્જા પણ ખોઇ, છતા તમેજ મને ન છળો ત્યારે કળી શેનો ?"

દેશાનદ આશ્ચર્યથી દીગજ બની ગયો ! તદન અસ્પષ્ટ સ્વરે ગભરાઈ જઇ તેણે પુછ્યુ "તરલા, અરે આ બધુ તુ શુ બોલે છે, તે મારા લક્ષમા જ આવતુ નથી ! તારા મનમા છે શુ ? દુષ્ટ બધુગુપ્તના હાથમા સપડાઇને તુ મને પકડી જવાને આવી છેને ? કહે એક વખત સ્પષ્ટ કહી દે ! તુ કેમ આવી છે ?"

દેશાનદનુ અભિમાન દૂર થવુ અતિ કઠિન છે એવી તરલાની ખાત્રી થઇ, અને તેણે છેવટે સ્ત્રીઓના અમોત્ર અસ્ત્રનો પ્રયોગ કરવાનો નિશ્ચય કર્યો તેણે એકદમ પાલવ ચક્ષુપર નાખી દીધો અને અદરથી ડુસકા પર ડુસકાની શરૂઆત કરી તેના નેત્રોમા જો કે જળનુ બિદુ પણ ન હતુ, તો પણ સ્ત્રી જાતિના સ્વાભાવિક એવા કૌશલ્યથી કહો કે અન્ય કારણથી કહો, પણ તરલાના તે કાળા નેત્ર અશ્રુથી ભરાઇ આવ્યા છે એમ દેશાનદને જણાવા લાગ્યુ !

હવે માત્ર બિચારા દેશાનદનુ ધૈર્ય ટકી શક્યુ નહિ ! તરલાના અશ્રુ જળમા તેણે કરેલો નિશ્ચય ક્યાનો ક્યા વહી ગયો ! તેનુ હૃદય તદ્દન વ્યાકુલ થઇ ગયુ. તરલાની પાસે જઇ તેણે અત્યત પ્રેમમૃદુ સ્વરે પુછ્યુ ' તરલા, શુ થયુ ? કેમ રડે છે ? કહે-કહે તરલા મને કહે ! ”

તદપિ તરલા તરફથી કઈજ ઉત્તર મળ્યો નહિ ! બિચારો દેશાનદ તદ્દન ના ઈલાજી થઈ સ્તબ્ધ રહ્યો લગભગ એક ઘડી સુધી ડુસકા ભર્યું રૂદન કર્યા પછી તરલા સહજ શાત થઈ અને તેનુ રડવુ અટક્યુ પછી તેણે દેશાનદને કહ્યુ “ આચાર્ય, તમે મારાપર ચીડાયા તે તમારી દૃષ્ટિએ બરાબર હતુ—પણ ખરેજ કહું છુ કે તમે તે મદિરમા સપડાઈ ગયા તેમા મારો લેશ માત્ર અપરાધ નથી ! તેનુ કારણ હુ નથી— ”

“ ત્યારે કોનો ? ” દેશાનદે આશ્ચર્ય ચકિત થઇ પુછ્યુ

“ અદૃષ્ટ ! બીજુ શુ ? અરે, મેજ તમારો છુટકો કરવા માટે મહાનાયકને તમારા સમાગમમા બીજે દિવસે મોકલી દીધા હતા ! ”

તરલાના આ ભાષણથી દેશાનદને પોતાની ભૂલની સપૂર્ણ ખાત્રી થઈ તેનો ગુસ્સો વગેરે નષ્ટ થઈ ઉલટ તે તરલા પર અત્યત પ્રસન્ન થઇ ગયો

પોતાનો હેતુ પ્રગટ કરવાની ઉત્તમ સધી છે એમ જોઈ તરલાએ દેશાનદને કહ્યુ “ આચાર્ય, કઈક અતિ અગત્યના કામ માટે હું આજે તમારી પાસે આવી છુ ”

દેશાનદે આશ્ચર્યચકિત થઇ પુછ્યુ “ હા ! મારૂ કામ છે ? શુ કામ છે ? ”

“ પણ આમ જુઓ હ !—તે કામ અતિશય—અતિશય એટલે અતિશય જ ગુપ્ત છે પણ તમારા પર હુ કદી પણ ગેર

વિશ્વાસ કર તે શક્ય છે કે ? ખરૂ કહુ તો, તમને મારા મનની ગુપ્ત વાત કહેવાને બીલકુલ હરકત નથી !–પણ જુઓ વારૂ, તે કદી ક્યાંઈ–કદી પણ ઉઘાડી પડી ન જોઈએ ? ”

‘ છ છ તરલા ! મારાથી અને તે પણ તારી ગુપ્ત વાત ઉઘાડી પડે ! વ્યર્થ–! ”

તરલા આમ તેમ જોવા જેવુ કરી ધીમા સ્વરે બોલી, “ રાજકન્યા પોતાના વલ્લભને મળવા આજે રાત્રે પોતાના સંકેત સ્થળે જવાની છે તેણે પોતાની સાથે કોઈ વિશ્વાસુ માણસ લઈ જવાનો હોવાથી શોધી કાઢવા મને કહ્યુ છે તમે જશોને રાજકન્યા સાથે ? ”

“ એટલો જ ? ” શરીરે કંપારો ખાઈ આચાર્યે કહ્યુ

“ અરે એમ શુ કહો છો ? હુ છુ ને સાથે ! ”

દેશાનંદ આનંદમા આવી જઈ બોલ્યો ‘ ત્યારે તો હુ જરૂર જ આવીશ ! ”

“ રાજકુમારીને તેના કુંજવનમા પહોંચાડીને તરત જ તમારે અને મારે સાથે વેગે આવવાનુ છે, સમજ્યા ? ” દેશાનંદે બહુ સારી ઉત્કૃષ્ટ રીતે ‘સમજ્યો’ હોય તેવા ભાવ વ્યક્ત કરી એકદમ તરલાનો હાથ પકડયો ! તરલા યુક્તિથી હાથ છોડાવી લઈ દૂર જઈ ઉભી રહી અને બોલી ‘ ત્યારે રાત્રે હુ તમોને બોલાવીશ સભાળો ! જાગતા રહેજો–નહિતો નિરાતે પોઢી રહેશો !”

“ નહિ ! આખમા તેલ આંજી જાગતો રહીશ તેની તુ ચિંતા ન કરીશ ! પણ આવવાનુ માત્ર ન ભૂલીશ ! ’

“ નહિ ભૂલુ ! ”

પ્રકરણ ૭ મું.

સમુદ્રગુપ્તનુ ગીત

જુના રાજભુવનના તળમજલા પરની એક નાની ઓરડીમા જમી પરવારી યદુભટ્ટ પોતાની પથારી પહોળી કરી સ્વસ્થ પડયો હતો પડયા પડયા ડોસાને સહજ તદ્રી આવી ગઇ હોવી જોઇએ એમ લાગે છે કારણ યશોધવલદેવ ખોલીમા આવ્યા છે તે એ જાણી શકયો નથી !

યશોધવલે યદુભટ્ટ પાસે જઇ તેને હાક મારી તે સાથે જ તે ચટ્ટ દઇને જાગ્રત થઈ ગયો અને પથારી પર ઉઠીને બેઠો સામે મહાનાયક ઉભા છે એમ સમજાતા તે ઉતાવળો ઉતાવળો ઉભો થઈ ગયો પોતે આટલી અસાવચેતતાથી કેમ સૂઇ ગયો, તેનુ તેને આશ્ચર્ય થવા લાગ્યુ

મહાનાયકે પુછ્યુ “ ભટ્ટ, ભોજનાદિ પરવાર્યા કે ? ”

“ જી, આર્ય ! ક્યારનુ થઇ ગયુ આર્ય ! આટલે દૂર આવવાનો શ્રમ કેમ લીધો ? ”

“ તારી પાસે કઇ વિશેષ કામ છે તેથી આવ્યો છુ ”

યદુએ હાથ જોડી કહ્યુ “ મને બોલાવ્યો હોત તો હુ જ આપની પાસે આવ્યો હોત, મહારાજ ! ”

‘ મારૂ કાર્ય ગુપ્ત છે તેથી ફરતો ફરતો હુ જ તારી ઓરડીમા આવ્યો છુ ! ”

“ રકની ઝુપડીમા મહારાજ બીરાજશે કે ? ”

એમ કહી યદુએ એક જુનુ પુરાણુ આસન કાઢી જમીન પર નાખ્યુ, અને મહાનાયકે તે પર સ્થાન લીધુ પછી તેમણે ભટ્ટને કહ્યુ “ યદુ ! તારે મારૂ એક કામ કરવુ જોઇશે ”

“ સેવક તૈયાર છે, પ્રભુ ! શુ કામ છે ? ”

“ અમે સર્વ સ્વારીપર નીકળીએ તે પહેલા તારે એક દિવસ સમુદ્રગુપ્તની વિજયી સ્વારીનું મગલ ગીત ગાઇ સભળાવવુ જોઇએ ”

ભટ્ટ, તને સ્મરણ છે કે ? અમે તે વખતે તો ઉગતા જુવાન હતા ત્યારે સ્વારીમા નીકળતા પૂર્વે તુ અમોને તે સભળાવતો હતો ! ”

“ એમા કઇ વિશેષ નથી, આર્ય ! સમુદ્રગુપ્તની વિજયવત સ્વારીનુ ગાન મે સેકડો વખત કહી સભળાવ્યુ છે ! ”

“ પણ હમણા તને તે ગીત સારી રીતે આવડે છે ને ? ”

યદુએ ખિન્ન હાસ્ય કરી કહ્યુ “ વાસ્તવિક રીતે તે ગીતનુ મને સ્મરણ પણ ન થવુ જોઇએ એવા જ બનાવ બને છે, પ્રભુ ! હવે મહારાજાધિરાજાએ આજ્ઞા જ કરી છે કે, ભાટ ચારણોએ પોતાના ગીત ગાવા નહી ! પછી અમે તે સર્વ ભૂલી જઇએ તો નવાઇ શી છે, આર્ય ? સમુદ્રગુપ્તની સ્તુતીના ગીત તો અનેક જણાએ રચ્યા છે કહો, તેમાથી કોનુ ગાઉ ? ”

યશોધવલ કીચિત અટકી બોલ્યા “ મને લાગે છે કે, હરિષેણનુ ગીત જ સર્વોત્કૃષ્ટ છે તને તે આવડે છે ને ભટ્ટ ? ”

“ સરકાર, ગીતતો બધાએ અદ્યાપિ મને સારી રીતે આવડે છે ! અત્યાર સુધી કેવળ મારા ગીતોના શ્રોતા જ મળતા નહતા ! મહારાજાએ ગીત ગાવાની મને મના કરેલી હોવા છતા યૂવરાજના આગ્રહને વશ થઈ એક બે વખત ગુપ્તવશની કીર્તિના કથા–ગીત સભળાવ્યા હતા કદી કદી વાતના રૂપે અમારા ઉત્કૃષ્ટ ગીત મે તેમના કાન પર નાખ્યા છે પરતુ મહારાજાએ એક દિવસ તેમાની એક વાત સાભળવાથી તરત જ મારા કાન ખુલ્લા કરી નાખ્યા હતા, પ્રભુ ! ”

“ યદુ, તે દિવસ હવે જતા રહ્યા છે ! તુ ક્યારે તે ગીત ગાઈશ તે કહે ! ”

યદુએ હાથ જોડી કહ્યુ “ આપની આજ્ઞા હશે તો આ ક્ષણે પણ ગાવા તૈયાર છુ ”

“તે ગીત ફક્ત મને જ સભળાવવાનુ નથી, યદુ ! પોતાના સર્વ જીવનમા પ્રથમ જ આ પ્રસગે જે યુદ્ધ યાત્રાએ જાય છે, તેમને પણ સભળાવવાનુ છે ”

“ ત્યારે જેમને સાભળવુ હોય, તે મને આપ એકત્ર કરો, એટલે બસ ! ”

“ ત્યારે તો હમણા જ સર્વ મડળને એકત્ર કરૂ છુ ! ઠીક છે ”

યશોધવલે તાળી પાડી એક પ્રતીહાર દરવાજાની બાજુમા ઉભો રહ્યો હતો, તેણે અદર આવી મહાનાયકને પ્રણામ કર્યા યશોધવલે કહ્યુ “ અરે, નરસિહદત્તને બોલાવી લાવ તો ! ”

પ્રતીહારના ગયા પછી મહાનાયકે યદુભટ્ટને પુછ્યુ “ પણ યદુ, તું એકલો ગાઈ શકીશને ? ગગાતટે સૈન્યની છાવણીના મેદાનમા તે ગીત બોલવુ પડશે ”

આનદથી પ્રફુલ્લ થઇ યદુ બોલ્યો “ પ્રભુ તે માટે આપ તલ માત્ર ફીકર ન કરશો આ યદુના કઠમા અદ્યાપિ સારૂ બળ છે. કોઇની પણ સહાયતાની અપેક્ષા નથી ”

થોડા જ વખતમા પ્રતીહાર નરસિહદત્તને લઇ આવ્યો. નરસિહે આવતા જ નાયકને પ્રણામ કર્યા મહાનાયકે પુછ્યુ નરસિહ, કુમાર ક્યા છે ? ”

“ મહાદેવીના મહાલયમા ”

“ તેમને જઇને કહે કે, હમણાને હમણા ગગાતીરે છાવણીમા જવાનું છે સ્વારીપર જતા પહેલા એક દિવસ મગલગીત સાભળવાની વીર પ્રથા છે આજે યદુ સમુદ્રગુપ્તની વીજયી સ્વારીનુ ગીત ગાનાર છે તમે સર્વ તૈયાર થઇ આવો ! ”

“યવરાજને લઇ અમે હમણા જ શિબિર તરફ જઇએ છીએ’ એટલુ કહી નરસિહ ચાલ્યો ગયો પછી મહાનાયકે ભટ્ટને કહ્યુ ‘ ભટ્ટ, ચાલ આપણે પણ જઇએ ! ’

યદુભટ્ટે પોતાના વસ્ત્ર લીધા અને બન્ને જુના રાજભુવનથી નવા રાજભુવન તરફ નીકળી ગયા

મધ્યાહ્ન કાળે મહાનાયક યશોધવલનો રથ જે વખતે ગગાતીર છાવણીમા આવી પહોચ્યો તે વખતથી સહેજ પહેલા યવરાજ અને તેમનુ મિત્રમડળ ત્યા આવી પહોચ્યુ હતુ મેદાનમા છાવણીના સર્વ સ્વાર અને પદાતી સૈનિકો પોતપોતાના શસ્ત્રો લઇ સમાન અતરે સરળ રેષામા ઉભા રહ્યા હતા વીસ હજાર પાયદળ અને સાત હજાર સ્વારનુ સૈન્ય નવીન શસ્ત્રાસ્ત્રો અને નવીન પોષાકોથી સજ્જ થઇ તેમની રાહ જોતુ હતુ, ગગાના પ્રદેશમા ગૌડ દેશના નાવિકોથી ભરાયલી ત્રણસો નૌકા દસ હારમા સમાનતાથી ઉભી હતી

મહાનાયક દષ્ટીએ પડતા જ એકત્ર થયેલા હજારો મનુષ્યોએ એક સ્વરે જયધ્વની કર્યો ! મહાનાયક યશોધવલ દેવ અને યદુભટ્ટ રથમાથી ઉતર્યા યૂવરાજની આજ્ઞાથી ત્રણ હજાર ગૌડનાવિક પોતપોતાની નૌકા છોડી મેદાનમા આવી સ્વતત્ર જગ્યાએ હારબધ ઉભા રહ્યા રામગુપ્ત, યશોધવલદેવ, યવરાજ શશાક કુમાર માધવગુપ્ત, નરસિહદત્ત, માધવવર્મા, અનતવર્મા વગેરે પ્રમુખ મનુષ્યો સૈન્યના મધ્યભાગમા ઉભા રહ્યા, વૃદ્ધ યદુભટ્ટ વીણા લઈ તેમની સામે આવી બેઠો

ભટ્ટની વીણા વાગવા લાગી આરભમા ધીમી, પછી ત્વરાથી. અતિશય ત્વરાથી તે વાગવા લાગી, વળી કેટલીક ક્ષણે તે અટકી. થોડીવાર પછી યદુભટ્ટે પુન વીણા વગાડવા માડી અને તેના સૂર સાથે આલાપ મેળવી ગાવાની શરૂઆત કરી વીણાના સૂર સાથે યદુ-

ભટ્ટનુ ગીત એક જીવ બની ક્રમે ક્રમે અધિકાધિક ઉચે ચઢવા લાગ્યુ એકત્ર થયેલા સર્વ મનુષ્યો ચિત્ર સમાન સ્તબ્ધ બની ભટ્ટનુ ગીત સાભળવા લાગ્યા

ભટ્ટ ગાવા લાગ્યો —

“ એ કોણ જાય છે ભલા ? આર્યાવર્ત અને દક્ષિણ પ્રદેશને ધ્રુજાવતો એ કોણ જાય છે ? સેકડો રાજાના મુગટ રત્નોથી જેનો ગરૂડધ્વજ વિભૂષિત થયેલો છે પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી અને હિમાલયથી કન્યાકુમારી પર્યંત સર્વ ભરતખડ જેની વિજયી સેનાના પાદધ્વનીથી કપે છે, એવો કોણ છે ?—મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત !

“ મગધવીરો ! સમુદ્રગુપ્તનુ નામ તમે સાભળ્યુ છે ? ધાન્યના ખેતરોમાના વ્યર્થ તણખલા માફક જેણે અચ્યુત અને નાગસેનને ઉથલાવી નાખ્યા છે, જેના પગલા પર પગલા મુકી સેકડો વર્ષે મગધસેના પુન વિજય સ્વારીપર નીકળે છે, તેજ એ સમુદ્રગુપ્ત !

“ સાતમો વર્ષે મગધરાજ દિગ્વિજય માટે નીકળ્યા છે આર્યાવર્તમા રૂદ્રદેવ, મતિલ, નાગદત્ત, નન્દી, બલવર્મા વગેરે રાજાઓનો અધિકાર નષ્ટ થયો છે, દિગ્વિજયની અભિલાષા રાખનાર ચદ્રવર્મા લાકડીના સપાટાથી ભીરૂ બનેલા કુત્રાની માફક નાસી ગયો છે, નલપુરમા ગણપતિ નાગનુ ઉચ્ચ મસ્તક હવે અવનત થયુ છે, સર્વ આર્યાવર્ત પુન એક વખત એક છત્ર નીચે આવ્યુ છે ! મસ્તક અવનત કરી જગલી રાજાઓએ દાસ્યત્વ સ્વીકાર્યું છે આર્યાવર્ત જીતાયો છે ! સમુદ્રગુપ્તની વિજયી સેના દક્ષિણ તરફ જવા નીકળી છે

“ મહાકોશલમા મહેન્દ્રનો અધિકાર નષ્ટ થયો છે ! ભયકર મહારણ્યના વ્યાઘ્રરાજે કુત્રા પ્રમાણે પૂછડી હલાવી દાસત્વનો સ્વીકાર કર્યો છે, પૂર્વ સમુદ્રતીરે જેનુ શીખર વાદળાથી આચ્છાદાઇ ગયુ છે, એવા મહેન્દ્રગીરીપરના દુર્જય કોટટુરદુર્ગના અધિપતિ સ્વામિદત્ત,

પિષ્ટપુરના+ રાજા મહેન્દ્ર, પશ્ચિમ તરફના કેરલના મદરાજ અને એરડપલ્લાના દમન વિગેરે સિહાસન છોડી માડલિક બન્યા છે।

“ મગધસેના દક્ષિણ તરફ જવા નીકળી છે સેકડો યુદ્ધમા વિજય મેળવી પલ્લવરાજ કાચી નગરમા જઈ રહ્યો હતો, પરતુ કાચીનો પત્થરકોટ કે શકરનુ ત્રિશૂલ વિષ્ણુગોપ સામે રક્ષણ કરી શક્યા નહિ નગરતોરણપર ગરૂડધ્વજ ઉડવા લાગ્યો મહાદેવના ત્રિશૂલની જગ્યાએ વિષ્ણુના ચક્રની સ્થાપના થઈ અવિમુક્ત ક્ષેત્રમા નીલરાજ, વેગીનગરમા હસ્તિવર્મા, પલક્કમા* ઉગ્રસેન એ સર્વએ દાતમા તૃણ પકડી મહારાજાધિરાજના ચરણમા પોતપોતાના મુગટ અર્પણ કર્યા। ડુગરોથી ઘેરાયલા દેવરાષ્ટ્રના× કુબેરે અને કુસ્થલપુરના ધનજયે પોતાના રાજ્ય ગુમાવ્યા। ભયથી સમતટ, ડબાક કામરૂપ, નેપાલ, કર્તૃપુર વગેરે ઘણે દૂર આવેલા પ્રદેશોના રાજાઓએ પણ તેમની સત્તા સ્વીકારી તેમને ખડણી આપવાનુ કબુલ કર્યુ

“ વિજયી સેના મગધ તરફ પાછી ફરે છે। અવતિકાના માલવ, આભીર અને પ્રાર્જુન જાતિ, જગલી પ્રદેશની સનકાનિક, કાક, ખરપરિક જાતિ અને મરુસિધુની અર્જુનાયન યૌધેયમદ્રકાદિ જાતિ, કે જે કદી કોઈપણ રાજાને આધીન થઈ નહતી, એવી એ જાતિઓ પણ મહારાજાધિરાજના ચરણમા નમ્ર થઈ છે।

“ મહારાજાધિરાજ પાટલીપુત્રમા પાછા આવ્યા છે। દેવપુત્ર શાહી શાહાનુશાહી, શક, મુરૂડ વગેરે જાતિઓએ ભયભીત બની બહુ મૂલ્ય રત્નોનો નજરાણો મોકલ્યો છે સમુદ્રપારના સિહલરાજનુ સિહાસન કપવા લાગ્યુ છે। કુળવતી સન્નારીઓના વૃદો વિજયી સેનાનુ પુષ્પાદિથી સ્વાગત કરે છે સેકડો રાજાઓના મુગટપરના રત્નો રાજમાર્ગમા ફેકી મહારાજાધિરાજાએ ભિક્ષુકોના ભિક્ષાપાત્ર

+ પિષ્ટપુર—આધુનિક ‘પિઠાપુરમ્’ કોકોનાડાની ઇશાનમા નાર મૈલપર છે * પલક્ક—મલબારનુ ‘પલઘાચેરી’ × દેવરાષ્ટ્ર—મહારાષ્ટ્ર

ભરી નાખ્યા છે! નૃગ, નહુષ, યયાતિ અબરીષ ઇત્યાદિ રાજાઓએ પણ એવો દિગ્વિજય કર્યો નથી!

"કલીયુગમા કોણે અનેક વખત અશ્વમેધ કર્યા છે? જેણે દાસી પુત્રનો વશ પવિત્ર મગધ સિહાસનથી દૂર કર્યો, જેના ભયથી પર્વતના શૃગો અને મેદાનો પર પરદેશીઓ ધ્રુજતા હતા, તેણે જ એવા અશ્વમેધ કર્યા છે અન્ય કોણ કરે? કોનો અશ્વ આ દિગન્તથી તે દિગન્ત સુધી ફરી આવ્યો છે? કોના યજ્ઞની દક્ષિણા લઈ બ્રાહ્મણ 'બ્રાહ્મણ' પ્રમાણે જ ગણાયા છે? તે કોણ? મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત!"

ગીતધ્વની સ્તભ્યો, હજારો કઠમાથી જય ધ્વનીની પ્રચડ ગર્જના નીકળી! તે ભયકર ધ્વની સાભળી પથ્થરથી બધાયેલા કિલ્લા જેવા મજબુત કપોતિક સઘારામમા મહાસ્થવીર બુદ્ધઘોષ પણ થરથરવા લાગ્યો!

પુન ગીત ધ્વનીથી નભોમડલ ગાજી ઉઠયુ —

"બધુઓ! બસો વર્ષ વહી ગયા છે પરતુ મગધ અદ્યાપિ મગધ જ રહ્યો છે! મગધની સેના દિગ્વિજયાર્થે હવે જલદી બહાર પડવાની છે મારી ખાત્રી છે કે, તમે પ્રાચીન મગધના માનનુ, પ્રાચીન સામ્રાજ્યના માનનુ, મહાનાયકના માનનુ રક્ષણ કરી પાછા આવશો! સમુદ્ર જેવા વિશાલ મેઘનાદના તીરપર તમારા બાહુબલની પરીક્ષા થશે! મેઘનાદનુ કાળુ પાણી તમારે શત્રુ સૈન્યના રક્તથી લાલ કરી નાખવુ પડશે! શત્રુની કુલવતી સ્ત્રીઓના કપોલ પ્રદેશ પરના કુકુમ તમારે ભૂસી નાખવા પડશે! મગધવીરો, તૈયાર થાવ તૈયાર થાવ!"

પુન ગીતધ્વની અટક્યો પુન હજારો કઠમાથી પ્રચડ જયધ્વની થયો! સેનાપતિની આજ્ઞાથી સૈનિકો છાવણીમા ગયા

યશોધવલ ધીમેધીમે યદુભટ્ટ પાસે ગયા અને બોલ્યા "ભટ્ટ, હરિષેણનુ ગીત આજે કેમ તે વખતના જેટલુ મધુર લાગ્યુ નહિ?"

યદુ આશ્ચર્ય પામી બોલ્યો "એમ કેમ બને? હુ તો પ્રાણાન્તક શ્રમ લઈ ગાતો હતો!"

એક દીર્ઘ નિશ્વાસ નાખી યશોધવલે કહ્યુ "એમ છતા કેમ મધુર લાગ્યુ નહિ? તે દિવસે ચદ્રગુપ્તનુ ગીત જેમ મર્મ સ્થળે પહોચ્યુ હતુ, તેમ સમુદ્રગુપ્તનુ ગીત આજે મર્મ સ્થળે પહોચ્યુ નથી!"

પ્રકરણ ૮ મું.

રાજકુમારીનો અભિસાર

રાત્રે તરલાએ રાજભૂવનની બહાર નીકળી દેશાનદની ઓરડી આગળ આવી દરવાજા પર ધીમી થાપ મારી

બીચારા દેશાનદને નિદ્રા ક્યાથી હોય? તે જાગ્રત જ હતો બારણુ ઉઘાડી તેણે કહ્યુ "આવની તરલા જરા અદર!"

તરલા ઉતાવળા સ્વરે બોલી "અરે, મૂળમા જ કેટલીવાર થઇ ગઈ છે, આચાર્ય! હુ અદર આવતી નથી, તમે જ ઝટ બહાર આવો!"

"જ્યારેને ત્યારે તારૂ કામ જ એવુ!"

નિરૂપાય બની દેશાનદ બહાર આવ્યો તેનો પોષાક અને ઠાઠ જોઇ તરલા તો આશ્ચર્યથી મનજડ થઇ તેના મોઢા સ્હામે જ જોતી ઉભી રહી! બુઢ્ઢાએ આજે ખરો ભપકો કર્યો હતો! તેણે એકરગી વસ્ત્ર પહેરી મસ્તકે જરીનો પટકો બાધી દીધો હતો અને કમરે તલવાર બાધી હાથમા લાબો ભાલો ધારણ કર્યો હતો

તરલા ટગર ટગર પોતાના તરફ જોઈ રહી છે જાણીને બુઢ્ઢાને લાગ્યુ કે, મારો વીરવેષ જોઇ એ મારા પર ગુલતાન બની ગઇ છે! તેણે રોફથી પુછ્યુ "કેમરે, પસદ પડુ છુ ને?"

તરલાએ હસીને કહ્યું "અરે, ઘણા દિવસથી પસંદ થયેલા છો! પણ આટલો ભપકેબાજ પોષાક તમને મળ્યો ક્યાંથી?"

ગંભીરતાથી મસ્તક હલાવી દેશાનંદે કહ્યું "મળ્યો ગમે ત્યાંથી!"

"તો પણ?"

"કેટલીક વસ્તુઓ મેં વેચાતી લીધી હતી અને કેટલીક મહાનાયકે બક્ષીસ આપી હતી"

"બાપરે! વસ્તુઓ વેચાતી લીધી અને તે પણ તમે? પણ વેચાતી લેવાને પૈસા ક્યાંથી લાવ્યા?"

દેશાનંદે કહ્યું "અરે, હું જે દિવસે તારી સાથે અહીં આવ્યો તે દિવસે તારા માટે સવારામના ખજાનામાંથી થોડું ઘણું લઈ આવ્યો હતો ની!"

તરલા હસીને બોલી "એમ?"

તરલા આગળ ચાલવા લાગી દેશાનંદ તેની પાછળ જવા લાગ્યો થોડા પગલા તે દૂર ગયો નહિ, તેટલામાં ઠોકર ખાઈને તે નીચે પડ્યો!

તરલાએ પુછ્યું "શું થયું, આચાર્ય?"

દેશાનંદે અટકતા અટકતા કહ્યું "પગ ખસી ગયો!"

"શાથી?"

દેશાનંદ કંઈજ બોલ્યો નહિ તે પડ્યો તેનું વાસ્તવિક કારણ એ હતું કે, હમણાં હમણાં તેને રાત્રે બરાબર દેખાતું નહતું! પરંતુ પોતાનું અંગ તે પ્રાણાંતે પણ તરલાને કહેવા તૈયાર નહતો!

બન્ને પુનઃ ચાલવા લાગ્યા થોડે દૂર ગયા નહિ તેટલામાં સામે એક ઝાડનું થડ હતું, તે ન દેખાવાથી તેના ઝપાટાથી દેશાનંદે બીજીવાર જમીન પર સાષ્ટાંગ નમસ્કાર કર્યા!

હવે માત્ર આચાર્યનુ વ્યગ ચતુર તરલાના લક્ષમા આવ્યા સિવાય રહ્યુ નહિ ડોમો રતાધળો છે, એવો તેજ ક્ષણે તેણે તર્ક કર્યો એક રીતે એ મારી વાત છે એમ તેને લાગ્યુ ડોસાને રાત્રે દેખાતુ નથી તેથી યુથિકાને તે રાજકુમારી જ સમજશે, એવી કલ્પના મનમા આવવાથી તરલા મનમા જ સહજ હસી

દેશાનદને સાથે લઈ તરલા ત્રીજુ તોરણ ઓળગી ગઇ તે જોઇ દેશાનદે કહ્યુ "અરે તરલા, આ શુ? તુ અત પુર તરફ તો ગઇ નહિ?"

તરલાએ હાસ્ય કરી કહ્યુ "તમારી અક્કલ પ્રમાણે હુ ચાલી હોત તો આચાર્ય, અત્યાર સુધીમા ક્યારનીએ મારા હાથમા લોહ શૃખલા પડી ગઈ હોત! શાબાશ છે તમને! આ સેકડો માણસો વચ્ચે થઇને તમને અત પુરમા લઈ જઉ, એટલે હુ પણ મરૂ, અને તમારા એ સો વર્ષ પુરા થાય!"

દેશાનદ શરમાઇ ગયો! તદાપિ તેણે તેને પુછ્યુ "ત્યારે રાજકુમારી કેવી રીતે આવશે, તરલા?"

તરલાએ પોતાના વસ્ત્ર નીચેથી દોરીનુ એક પીલ્લુ કાઢી આચાર્યને બતલાવી કહ્યુ "આ જોયુ? એની મદદથી રાજકુમારી નીચે ઉતરી આવશે, સમજ્યા?"

ઉભય આગળ ચાલવા લાગ્યા, બનતી ત્વરાથી નગરના માર્ગનુ ઉલ્લઘન કરી તે બન્ને શ્રેષ્ટીના ચોક આગળ આવી પહોચ્યા યુથિકાના પિતાના ઘર પાસે આવ્યા પછી તરલા પાછળના બાગમા ગઈ તેણે યુથિકાને બાગનો દરવાજો ખૂલ્લો રાખવા કહ્યુ હતુ, પરતુ તેણે જોયુ તો દરવાજો બધ જણાયો! હવે બીજો કઇ ઉપાય જ નહતો દેશાનદની સહાયથી તરલા બાગની દીવાલપર ચઢી, અને ત્યાથી દોરી નાખી તે ભીત પરથી નીચે ઉતરી દેશાનદ દોરીનો છેડો પકડી બહાર જ ઉભો રહ્યો.

કેટલીક વારે તરલા દીવાલ પાસે આવી, અને કહેવા લાગી “ આચાર્ય તમે દીવાલની આ બાજુએ આવો બાગના દરવાજાને કોઈએ તાળુ માર્યું છે તે કેમે કરતા મારાથી નીકળતુ નથી ! ”

દેશાનદ મહાપ્રયત્ને દીવાલપર ચઢી અદર ઉતરી તરલા પાસે ગયો પરતુ અતિશ્રમ કરવા છતા તાળુ કાઢી શકાયુ નહિ ! તે જોઇ તરલાએ કહ્યુ “આચાર્ય, તમે આ દીવાલની છાયામા લપાઇ રહો ! હુ રાજકુમારીના પ્રિયકરને બોલાવી લાવુ છુ ”

રાત્રીના બે પ્રહર વ્યતીત થઈ ચદ્રોદય પણ થયો હતો ચદ્ર-પ્રકાશ જો કે મદ હતો, તો પણ તેથી દેશાનદની ક્ષીણ દષ્ટીને ઠીક સહાય મળી તરલાની આજ્ઞા પ્રમાણે તે છાયામા સહજ ઠીક જગ્યો જોઇ દબાઇ ગયો

તરલા પુન દીવાલપરથી ઉતરી બહાર આવી, અને યુથિકાના પિતાના ઘર સાથેની એક નાની ગલ્લીમા ગઈ

ત્યા અધારામા એક વ્યક્તિ દબાઈ રહી હતી તેણે ધીમેથી પુછ્યુ “ કોણ ? તરલા ? ”

તરલાએ ઉત્તર આપ્યો “ હા, તમે હવે જલદી આવો ”

“ ઘોડો લઈને જ આવુ ? ”

“ હા, ભલે ! ”

“ કેટલે સુધી કામ આવ્યુ છે ? ”

“ અદ્યાપી હું અદર જઈ શકી નથી શ્રેષ્ઠીએ બાગના બારણે તાળુ લગાવેલુ જણાય છે ! ”

ઘોડાપર બેઠેલા વસુમિત્રને સાથે લઇ તરલા પુન શ્રેષ્ઠીના બાગ પાસે આવી પછી દોરીની સહાયથી બન્ને દીવાલ ઓળગી શ્રેષ્ઠીના ઘરમા જવાના દ્વાર આગળ આવી પહોચ્યા વસુમિત્રે તાળુ ઉઘાડવા ઘણો પ્રયત્ન કર્યો, પણ તે સર્વ વ્યર્થ ગયો !

છેવટે તરલા બોલી "ત્યારે, બહેનને દીવાલ પર ચઢી કુદકો મારીને આવવુ પડશે એમ લાગે છે હવે વધારે વખત જવા દેવામા કઇ અર્થ નથી રાત્રી વહેતી જાય છે શ્રેષ્ઠીના અંત પુરમા જવાનો બીજો એક રસ્તો હું જાણુ છુ"

વસુમિત્રે તરલાની સલાહ પસદ કરી તરલાએ દેશાનદને કહ્યુ "આચાર્ય, તમે અહી જ દબાઇ રહેજો, સમજ્યા? બીજુ કોઈ આવે તો દોરી ખેચી લેજો."

દેશાનદે કહ્યુ "પણ તમે બહુ વાર લગાડશો નહિ! અરે, આ રાત્રીનો ભયકર વખત! ભૂત પ્રેત પણ આ વખતે ફરવા નીકળવાના!"

તરલાએ હસીને કહ્યુ, 'તમે બીલકુલ બ્હીશો નહિ, આચાર્ય! અમે હમણા જઇને તરત આવીએ છીએ!"

વસુમિત્ર અને તરલા ઘરમા ગયા જતા જતા વસુમિત્રે પુછયુ "તરલા, તારી સાથે એ કોણ આવ્યો છે?"

"તમે ના ઓળખ્યો!"

"ના!"

તરલાએ કહ્યુ "કેટલાએ દિવસ તમે બન્ને એક જગ્યાએ રહેલા હતા, તોએ ઓળખાણ ના પડયુ?"

"ના, કોણ છે એ? તુ જ કહે!"

"અરે, મઘારામનો આચાર્ય દેશાનદ!"

વસુમિત્રે આશ્ચર્ય પામી કહ્યુ "શુ? દેશાનદ? શુ કહે છે તુ તરલા?"

તરલાએ સ્મિત હાસ્ય કરી કહ્યુ "ત્યારે જતી વખતે તમે પોતેજ પુછી લેજો—"

"એમ? ત્યારે આપણા આચાર્ય, કેમ?"

બન્નેએ પગનો બીલકુલ અવાજ ન થવા દેતા યુથિકાના શયનગૃહમા પ્રવેશ કર્યો.

આ તરફ તરલા અને વસુમિત્ર શ્રેષ્ટીના ઘરમા ગયા પછી બિચારો દેશાનદ મોટા સકટમા પડયો ! તરલા જ્યારે વસુમિત્રને બોલાવવા ગઈ હતી ત્યારથી તેને ભય લાગવા માડયો હતો પરતુ એ વાત તરલાને કહેવાનુ તેનામા ધૈર્ય જ ન હતું, હીમત જ થતી ન હતી દેશાનદે પ્રથમ કમરમા લટકતી તરવાર ખેચી સ્હામે મુકી અને પોતાના ભાલાનુ ફળ તપાસી જોયુ આથી તેના મનને સહજ ઠીક લાગવા માડયુ, પરતુ તેટલામા તેની દૃષ્ટિ પાછળ ફરી તો એક બે આબાના વૃક્ષ નીચે ગાઢ અધકાર જણાયો તે જોઇને જ તેની કમર નરમ થઈ ગઈ તે પોતાની જગ્યા છોડી પાચ પગલા આગળ આવ્યો, અને ધીમે ધીમે અન્તપુરના દ્વાર આગળ આવી ઉભો બાગ તરફ જોયુ તો વસુમિત્રનો ઘોડો સ્વસ્થતાથી ઉભેલો જણાયો ઘોડાના સાનિધ્યથી દેશાનદમા સહજ હિમતનુ સ્ફૂરણ થયુ કારણ, તેને ખાત્રી હતી કે, કોઇ ભૂત ખૂત જો નજીકમા આવ્યુ હોત, તો ઘોડો શાત પણે ઉભો રહત નહિ !

આ સ્થિતિમા લગભગ એક ઘડી વહી ગઇ, પરતુ તરલા કઈ પાછી આવી નહિ બાગમા ઝાકળથી ભીના થયેલા વૃક્ષોની શાખાઓ વાયુના સપાટાથી ઝુલતી હોઈ, તેના પાન પરના હજારો ઝાકળ બિદુમા ચદ્રના કિરણ પ્રતિબિબિત થયા હતા આ દેખાવ જોઇ બુઢ્ઢાને એવો ભાસ થયો કે, સફેદ વસ્ત્રોથી જેનુ સર્વ શરીર આચ્છાદાયલુ છે, એવો એક અતિ ઉચો ધીટ પુરૂષ પોતાને સંકેત કરી બોલાવે છે ! દેશાનદના ભયની હવે સીમા રહી નહિ ! ભયથી તેની બુદ્ધિ શુદ્ધિ નષ્ટ થઈ ગઇ ! બારણા આગળજ તરવાર અને ભાલો નાખી જે તરફ વસુમિત્ર અને તરલા ગયા હતા, તે તરફ તે હાફતો હાફતો દોડવા લાગ્યો દીવાલના મધ્યભાગમાથી એક અતિશય સાકડો રસ્તો અતપુર તરફ જતો હોઇ, તે રસ્તાના અતે એક આડો રસ્તો હતો વસુમિત્રે અદર જતી વખતે આ દ્વાર

ઉવાડુ રાખ્યુ હતુ, તેમા થઇ દેશાનંદ શ્રેષ્ઠીના અત પુરમા સહેલાઇથી જઈ શક્યો ! અધકારમા ચો તરફ ઘૂમતા છેવટે તે રસ્તો ભૂલ્યો ! હવે માત્ર ભયથી તેના હોશ કોશ ઉડી ગયા અને તે ગાડાની માફક હાફળો ફાફળો ફરવા લાગ્યો

યુથિકા અને વસુમિત્રનુ પ્રેમી યુગ્મ આજે ચાર વર્ષે પ્રથમ મળ્યુ હતુ ! આવી ભેટમા જે જે પ્રકાર બનવા જોઇએ તે સ્વાભાવિક રીતે જ બની ચુક્યા ! પ્રથમ મૌન્ય, પછી રીસામણાનુ પ્રદર્શન, પછી મનામણુ, ડસ્કા ભરતા રડવુ અને છેવટે આવેગ દૂર થતા મધુર મીલન, ઇત્યાદિ ઈત્યાદિ સર્વ પ્રકાર નવલકથામા થતા વર્ણન પ્રમાણે તે પ્રણયી યુગ્મની આ ભેટમા બન્યા !

આ સ્થિતિમા લગભગ એક ઘટિકા નીકળી ગઇ ઓરડીના દ્વાર વચ્ચે ઉભી રહી તરલા તે બન્નેને બહાર આવવાને અતિ આગ્રહ કર્યા કરતી હતી, પરંતુ તેના શબ્દનો દશમો ભાગ પણ આ વખતે તે પ્રણયી યુગલના કર્ણપટે જતો હતો કે કેમ, તેની શંકા હતી ! યુથિકા હવે પોતાના પિતાનુ ગૃહ ત્યજી જતી હતી. પુન પોતે આ ઘરમા આવશે કે નહિ તે બદલ તેને સંદેહ થતો હતો તે પોતાની પાળેલી એક બિલાડીને પંપાળતી પંપાળતી પોતાના પ્રિયકર સાથે ધીમે ધીમે વાર્તાલાપ કરતી હતી, વચ્ચેજ પાંજરામા પોઢેલા લાડકા પોપટને ચુંબન કરતી હતી અને તેટલામા જ તરલાની સૂચનાથી ગભરાઇ જઈ પિતૃગૃહને હમેશને માટે ત્યજી જવા ઉદ્યોગ પણ કરતી હતી

આવી રીતે રાત્રીનો ત્રીજો પ્રહર પણ વહી ગયો નગરના પ્રત્યેક તોરણોમા અને દેવાલયમા મંગલવાદ્ય વાગવા લાગ્યા તેનો અવાજ કાને પડતા જ તરલાએ ઉતાવળે ઉતાવળે અદર જઇ યુથિકાને હાથ પકડી બહાર લઇ આવી વસુમિત્ર પણ તે ઉભયની પાછળ પાછળ આવ્યો છેવટે એક વખત યુથિકા અશ્રુસારતી પોતાના પિતાના ગૃહમાથી નીકળી.

તરલાએ બાગની દીવાલ પાસે આવી જોયુ તો દેશાનદનો પત્તો લાગ્યો નહિ ! માત્ર અત પુરના દ્વાર આગળ તેની તરવાર અને ભાલો પડેલા હતા ! આ બાજુ વસુમિત્ર તે વખતે યુથિકાનુ સાત્વન કરવામા નિમગ્ન થઈ ગયેલો હતો !

તરલાએ તેમને કહ્યુ "અરે, આપણો આચાર્ય તો કઈ જણાતો નથી !"

"એટલે, પણ ગયો ક્યા ?" વસુમિત્રે કઈક ભયમિશ્રિત આશ્ચર્યથી પુછ્યુ

આ વખતેજ ઘરમા કઈ ધડ લઇને પડ્યુ અને તેનો અવાજ થયો તે સાથે જ વમતિકા, "ચોર, ચોર ! દોડો દોડો !" એમ મોટેથી ખૂમ પાડતી હોય તેમ લાગ્યુ !

વમતિકાની આ ખૂમ સાભળી તરલાએ કહ્યુ ' મહારાજ ! હવે સત્યાનાશની પાટી વળવાનો પ્રસગ આવ્યો જણાય છે ! આપણને શોધવા બુઢ્ઢો અત પુરમા પેઠો લાગે છે ! તેને રાત્રે કઈ દેખાતુ નથી—અવશ્ય કોઇ સુતેલા માણસ સાથે અથડાઇ પડ્યો હોવો જોઇએ ! હવે બીજુ ત્રીજુ કઇ નહિ, ચાલો, નાશો અહીથી ! "

પરતુ તરલાનુ વાક્ય પુરૂ થતા પહેલા જ યાતના સૂચક એવા કઇ અસ્ફૂટ ઉદ્ગાર કાઢી યુથિકા મૂર્છિત થઇ તરત જ જો વસુમિત્રે તેને પકડી લીધી ન હોત તો તે જમીન પરજ અફળાઇ પડી હોત !

વસુમિત્રે ગભરાઈ જઈ કહ્યુ "તરલા, હવે શુ કરીશુ ?"

"હુ એને પકડી રાખુ છુ, તમે સપાટાબધ દીવાલ પર ચઢી જાવ જોઇએ !"

એમ કહી તરલાએ મૂર્છા પામેલી યુથિકાને પકડી રાખી, અને વસુમિત્રે એક જ કુદકે ભિતનુ મથાળુ પકડી યુથિકાને ઉપર

ખેચી લીધી પછી તરલા પણ ઉપર આવી અને તેણે યુથિકાને પુન પકડી રાખી ક્ષણમા વસુમિત્રે બહાર કુદી પડી યુથિકાને નીચે ઉતારી

તરલાએ નીચે કુદી પડી કહ્યુ “ હવે ઘોડા પર સ્વાર થઈ યુથિકાને પણ ઉપર લઇ લો ! ”

તરલાની સૂચના પ્રમાણે ઘોડા પર સ્વાર થઇ વસુમિત્રે યુથિકાને પણ ઉપર લીધી ત્યારપછી તરલાએ કહ્યુ “ આજુબાજુના લોકો જાગ્યા હોય એમ જણાય છે તમે ભાગો—નાશો તાબડતોબ ! એકદમ મહાનાયકના મહાલયમા જાવ, પછી સર્વ વ્યવસ્થા તે કરશે ! ”

વસુમિત્ર જરા ગુચવાતા ગુચવાતા બોલ્યો, “ અને તુ અહી રહીને શુ કરીશ ? ”

“ મારા વિશે લેશ માત્ર ચિતા કરશો નહિ મારી સટકી જવાની ઇચ્છા હોય છતા મને કોઇ પકડી રાખે, એવો માણસ હજુ સુધી તો આ પાટલીપુત્રમા જનમ્યો નથી ! ”

વસુમિત્રે તીરની માફક ઘોડો છોડી મુકયો, અને નિમિષમાત્રમા તે અદૃશ્ય થયો !

આ તરફ વસતિકાની બૂમાબૂમથી આજુબાજુના લોકો જાગી ઉઠયા અને કેટલાક મશાલો દીવા લઇ ચોર શોધવા બહાર પણ નીકળ્યા અધારામા અને મકાનોની છાયામા દબાતી દબાતી અવાજ ન થવા દેતા તરલા પણ ત્યાથી છટકી નાઠી !

ખરી વાત એ હતી કે, અધારામા બ્હીકથી આમ તેમ ભટકતા ભટકતા દેશાનદ વસતિકા સાથે અથડાઈ તેના પર પડયો હતો ! વસતિકા એ કઈ સામાન્ય ન હતી ! તેણે દેશાનદના પગ સજ્જડ પકડી રાખી ચોર ચોર ! ધાજો, ધાજો ! એવી બૂમો પાડી સર્વ મહોલ્લો ગજાવ્યો ! ઘરના માણસોએ ઉઠીને જોયુ તો ખરેખર એક અપ-

રીચીત માણુસ વસન્તિકાના હાથમા સપડાયેલો જણાયો ! અર્થાત સર્વએ મળી તે ચોરની યથેચ્છ સેવા કરવાની શરૂઆત કરી

મારના સપાટાથી ગભરાઇ જઇ બિચારો દેશાનદ પોકાર કરવા લાગ્યો “ અરે, પ્રતિજ્ઞા પૂર્વક કહું છુ કે હુ ચોર નથી ! મને ન મારશો, ન મારશો ! પ્રાણ જાય છે ! અરે, હુ ચોર નથી ! મહાનાયક યશોધવલદેવનો હુ તો શરીર રક્ષક છુ રાજકન્યા પોતાના પ્રિયકરને મળવા આવેલી હોઇ તે મને સાથે લઇ આવી છે ”

દેશાનદનો આ બબડાટ સાભળી એક બે જણાએ તેને પુછયુ ‘ કયાની રાજકન્યા ? ”

“ કયાની એટલે ? સમ્રાટ મહાસેનગુપ્તની પુત્રી ! ”

દેશાનદનો આ ઉત્તર સાભળી સર્વ મોટેથી હસવા લાગ્યા કારણ સમ્રાટને પુત્રી જ ન હતી !

એટલામા કોઇએ કહ્યુ “ એને સારી પેઠે પુષ્પાજલી આપો ! મોટો પક્કો ચોર છે ! એને સવારે નગર રક્ષકને સ્વાધીન કરો ! ત્યા એને ખબર પડશે કે રાજકન્યા કોણ છે ? ”

દેશાનદ ઉત્તમ–મધ્યમ–કનિષ્ઠ એમ ત્રણે પ્રકારના તડાકા સહન કરી સ્વસ્થ રહ્યો સવારે નગર રક્ષકો તેને કારાગૃહમા લઈ ગયા એકત્ર થયેલા લોકો નિદ્રાની લહેરમા પોતપોતાના ઘરમા ચાલ્યા ગયા યુથિકા પિતાના ઘરમાથી ગઇ, એ વાત તે રાત્રે કોઇ પણ જાણી શકયુ નહિ

અશ્વ ફેકતો વસુમિત્ર થોડા જ વખતમા રાજભુવનમા આવ્યો રસ્તામા શીતલ વાયુ લહરીથી યુથિકા સાવધ બની હતી તોરણના રક્ષકો વસુમિત્રને સારી રીતે ઓળખતા હોવાથી કોઇએ કઇ ન પુછતા રસ્તો ખૂલ્લો કરી આપ્યો નવા રાજભુવન સામે ઘોડા પરથી ઉતરી વસુમિત્ર યશોધવલદેવના મહાલયમા ગયો.

મહાનાયક અદ્યાપિ સુધી નિદ્રાધિન ન થતા તેની જ રાહ જોતા હતા તેમની આજ્ઞાથી એક દાસી યુથિકાને અત પુરમા લઇ ગઈ, ત્યાર પછી વસુમિત્ર પણ મહાનાયકને પ્રણામ કરી ત્યાથી ચાલ્યો ગયો

પ્રકરણ ૯ મું.

સ્વારી

આશ્વિન માસના શુકલ પક્ષના પ્રારભમા મહાધર્માધ્યક્ષ નારાયણ શર્મા કુમાર માધવગુપ્તને સાથે લઇ દાણેશ્વર જવા નીકળ્યા ચરણાદ્રિથી હરિગુપ્તે 'યુદ્ધ સિવાય કિલ્લો હસ્તગત થયેલો હોઇ દાણેશ્વરના સૈન્યે હજુ પ્રતિષ્ઠાન છોડયુ નથી' એવો સદેશો મોકલ્યો હતો આથી નિશ્ચિત ચિત્તે યશોધવલદેવ બગ ભૂમિપર સ્વારી લઈ જવાની તૈયારી કરવા લાગ્યા

હેમત ઋતુના અતમા પાયદળ અને રણનૌકા વગેરે ગૌડ તરફ નીકળી ગયા, પાયદળ સૈન્યે ખીણ સર કરી લીધા પછી યશોધવલદેવ અને યુવરાજ શશાક એમણે ઘોડેસ્વાર સૈન્ય સાથે લઇ નીકળવુ એમ ઠર્યું તે વખતે ગૌડ કે બગદેશમા પ્રવેશ કરવામા મડલની વિશાળ ડુગરી ખીણ તાબામા લેવાની અતિ આવશ્યકતા રહેતી હતી એક હજાર વર્ષ પછી બગાલનો છેવટનો સ્વતત્ર નવાબ કાસિમઅલ્લિખાનો આ દુર્ગમ ખીણમા પરાભવ થવાથી, તેને સર્વ રાજ્યસત્તાથી વિમૂખ થઈ છેવટે ભિક્ષાપાત્ર લેવુ પડયુ હતુ ગુપ્તવશના સમ્રાટના અમલમા અત્યત વિશ્વાસુ સેનાપતિ સિવાય કોઈને પણ મડલદુર્ગનો અધિકાર આપવામા આવતો નહતો નરસિંહદત્તના પૂર્વજો તરફ ઘણા લાબા કાલથી આ દુર્ગની કિલ્લેદારી

ચાલતી આવી હતી તેના બાપ તક્ષદત્તના મૃત્યુ પછી જંગલી લોકોએ મંડલદુર્ગ હસ્તગત કરી લીધો હતો સમ્રાટે દુર્ગની કિલ્લેદારી બીજા એક સેનાપતિને આપી હતી, કારણ નરસિંહદત્ત આ વખતે બાલ્યાવસ્થામા હતો યશોધવલદેવની અનુમતિ લઈ નરસિંહદત્ત પાયદળ સૈન્ય સાથે મંડલદુર્ગ તરફ ચાલ્યો ગયો હતો બંગદેશની સ્વારીનો અંત આવ્યા પછી નરસિંહને તેના પૂર્વજોના અધિકારનુ સ્થાન આપવાનુ સમ્રાટે વચન પણ આપ્યુ હતુ

ગત પ્રકરણમા કહ્યા પ્રમાણે યુથિકા રાજભૂવનમા આવી પહોચી તે સાથે જ યશોધવલદેવે તેને અંતપુરમા મહાદેવી પાસે મોકલી દીધી હતી બંગદેશનુ યુદ્ધ સમાપ્ત કરી પાછા આવ્યા પછી વસુમિત્ર સાથે તેનુ લગ્ન કરવાનો તેમણે વિચાર કર્યો હતો, અને ત્યાસુધી યૂથિકાએ રાજભૂવનના અંતપુરમા જ રહેવુ એમ ઠરાવ્યુ હતુ તરલા સ્વારીપર જતા પહેલા જ વસુમિત્ર અને યુથિકાનો લગ્નસમારંભ કરી નાખવા યશોધવલદેવને આગ્રહ કરતી હતી પરંતુ મહાનાયકે કેમે કરતા તેના આગ્રહને સંમત્તિ આપી નહિ યશોધવલ કહેતા, “ પોતાની નવવિવાહિત વધુને પાછળ મુકી યુદ્ધમા જવુ એ વીરને માટે સર્વથા અશક્ય છે યુદ્ધ અવસ્ય થવાનુ જ છે તેમા શુ થશે શુ નહિ તે કંઈ નક્કી નથી હોતુ તેથી કોઇપણ વીરે વિવાહબંધનથી બંધાઇ જવુ તે ઉચિત નથી!”

છેવટે તરલાને પોતાનો આગ્રહ છોડી દેવો પડ્યો

કેટલાક દિવસે તે ડુંગરી ખીણુ સ્વાધિન કરી પાયદળ સૈન્યે ડુંગરી પ્રદેશના જંગલી લોકોને પરાજય પમાડી સ્વસત્તા નીચે તેમની પાસે સેવાનો સ્વીકાર કરાવ્યો છે, અને થોડુ સૈન્ય તે ખીણુના રસ્તા પર રાખી નરસિંહદત્ત ગૌડદેશ તરફ ચાલ્યો ગયો છે, એવા સમાચાર આવી પહોચ્યા. આ પછી થોડા જ દિવસમા શુભ મુહુર્ત જોઇ યશોધવલદેવ યૂવરાજ શશાંકને લઈ પાટલીપુત્રથી

નીકળ્યા તે દિવસે માહારાજાધિરાજની આજ્ઞાથી રાજધાનીમા મોટો ઉત્સવ થયો નગરના પૂર્વ તોરણમાથી બે હજાર સ્વાર સહ યૂવરાજ બંગદેશ પર સ્વારી લઈ નીકળ્યો માધવવર્મા અને અનંતવર્મા તેના શરીર રક્ષક થઇ તેની સાથે નીકળ્યા અને વૃદ્ધ સમ્રાટ મહાસેનગુપ્તે નગરતોરણમા આવી પુત્રને પોતાના બાલમિત્રને સ્વાધીન કર્યો તે વખતે સમ્રાટનુ વામનેત્ર વારવાર ફરકતું હતુ ! યશોધવલદેવે તેમને પુષ્કળ ધૈર્ય આપી તેમની રજા લીધી.

યોગ્ય સમયે યૂવરાજ મંડલદુર્ગમા આવી પહોચ્યો પાયદળ સૈન્ય લઇ નરસિહદત્ત ગૌડ પહોચ્યા પછી રસ્તામા મંડલ છોડી એ સર્વ ગૌડ તરફ વળ્યા તે વખતે ગૌડ એક નાનુ શહેર હોઇ તે પ્રદેશની રાજધાનીનુ સ્થાન હતુ સામ્રાજ્યની નૌકા ગૌડ પહોચતા જ ગૌડના મહાકુમારામાત્યે મોટા સમારંભથી યૂવરાજનુ સ્વાગત કર્યું બંદરની નૌકાઓપર નાનાવિધ રંગની પતાકાઓ ઉડવા લાગી અને નગરના રસ્તાઓમા સર્વ પ્રકારે શણગારવામા આવ્યા સંધ્યાકાળ થતાજ લાખો દિપમાલાઓથી તે નાનુ શહેર અત્યંત ઉજ્જવલ દેખાવા લાગ્યુ ગૌડમા પુષ્કળ સુશિક્ષિત સૈનિકો સ્વેચ્છાથી યૂવરાજના સૈન્યમા આવી મળ્યા પ્રત્યક્ષ સમ્રાટ કુમારગુપ્તનો વંશજ પોતે દિગવિજયાર્થે નીકળ્યો છે, એમ સાભળી ગૌડના અમાત્યો પોત પોતાના શરીર રક્ષક સૈન્યની ટુકડીઓ લઇ સામ્રાજ્યના ગરૂડધ્વજ નીચે એકત્ર થયા યૂવરાજે જ્યારે ગૌડ છોડયુ, ત્યારે બે હજારને બદલે દસ હજાર સ્વાર તેમની સાથે નીકળ્યા

પૌંડ્રવર્ધનની હદ પૂર્ણ થતા જ બંડખોર સામંતોના અમલના પ્રદેશોનો પ્રારંભ થયો બિચારી નિરપરાધી પ્રજાએ આનંદથી સમ્રાટના યૂવરાજનુ સ્વાગત કર્યું તેમનુ પાયદળ ગામોના ગામો

---

* મહાકુમારામાત્ય—રાજકર્તાની પદવી

કબજે કરતુ વધવા લાગ્યુ એકાદ બે ઠેકાણે નાના નાના જમીનદારોએ પોતાના માટીના કિલ્લાની મદદથી સામ્રાજ્યના સૈન્યને અટકાવવા પ્રયત્ન કર્યો, પરતુ યશોધવલદેવે તેમના કિલ્લા પોતાના તાબામા લઇ તે કિલ્લાદારોને એવી સખત શિક્ષા કરી કે ઘણા મહત્તર* અને મહત્તમ+ ભયથી ગુપચુપ નમતુ મુકી મહાનાયકને શરણે આવ્યા આ પ્રમાણે મેઘનદના પશ્ચિમ કીનારા સુધીનો પ્રદેશ સમ્રાટની સત્તામા આવ્યો પોષ મહીનાના છેવટના ભાગમા સર્વ પાયદળ, ઘોડદળ અને નૌકાસૈન્ય મેઘનદના કીનારે એકત્ર થયુ, દૂરદૂરથી મહાનાયકે શરણ આવેલા સામંતોને પુન તેમના સર્વ અધિકાર આપી દીધા તેઓએ અતિ આનદથી પુષ્કળ વર્ષોની બાકી રહેલી ખંડણી યૂવરાજને આદરપૂર્વક અર્પણ કરી એક લાખથી વિશેષ સુવર્ણ મુદ્રા પાટલીપુત્ર મોકલવામા આવી, પરાભવ પામેલા સામંતોની રીત જોઇ મેઘનાદના બીજા કીનારા પરના સામંતોએ પણ ધીમે ધીમે મહાનાયક તરફ પોતાના વકીલો મોકલવાનો આરંભ કર્યો

મેઘનાદના પૂર્વ તરફના કીનારાપરનો અને સમુદ્ર તીર પરનો સમતટ પ્રદેશ જે સામંતોની સત્તામા હતો, તેમાના ઘણાખરા મહાયાન મતના બાૌદ્ધ અનુયાયી હોઇ બ્રાહ્મણ ધર્મના કટ્ટા શત્રુ હતા તે વખતે પશ્ચિમ તટ તરફ જે સામંતોના રાજ હતા તે જો કે બૌદ્ધાનુયાયી હતા, પણ તે બ્રાહ્મણ ધર્મના દ્વેષી નહતા કારણ, બ્રાહ્મણ ધર્મના લોકો સાથે તેઓ દીર્ઘકાળ પર્યંત રહ્યા હતા, તેથી તેમના મનમા તે ધર્મવિષે દ્વેષના મળ ઉડાણમા ગયા નહતા આજ અરસામા વજ્રાચાર્ય, શત્રુસેન, સંઘસ્થવીર બંધુગુપ્ત વગેરે બૌદ્ધસંઘના નેતાઓ બંગદેશમા આવેલા હોઇ, તેમની સહાયથી

---

* મહત્તર—જમીનદાર

+ મહત્તમ—એક વિશિષ્ટ પ્રકારના સંસ્થાનિક

બંડખોરોને થાણેશ્વર તરફથી જોઈએ તેટલી આર્થિક સહાય ઉત્સાહ અને ઉત્તેજન મળેલુ હતુ કાન્યકુબ્જમા બુદ્ધભદ્ર અને થાણેશ્વરમા અમોઘરક્ષિત, નરસેન અને બન્ધુગુપ્તની સહાય અને ઉત્તેજનથી આર્યાવર્તમા એકછત્રી બૌદ્ધરાજ્ય સ્થાપન કરવા પ્રયત્ન કરતા હતા બગ અને સમતટ પ્રદેશના સામતોએ પોતાના વકીલો મોકલ્યા તેપરથી યુવરાજ શશાકને લાગ્યુ કે, બગદેશ અલ્પ પ્રયત્નથી તાબામા આવ્યો છે પરતુ માનવ ચરિત્રના પૂર્ણ અનુભવી વૃદ્ધ મહાનાયક, એ વાત પર સહેલાઈથી વિશ્વાસ ધરાવે તેમ નહતા તે સારી રીતે જાણતા હતા કે મેઘનાદના પશ્ચિમ કીનારા તરફનો ફક્ત સામતો જ બડખોર છે, પરતુ નદના પૂર્વ કીનારે સામતથી તે છેવટના સામાન્ય ખેડુત સુધીના સર્વ કોઈ ગુપ્ત સામ્રાજ્યની વિરુદ્ધ છે

મેઘનાદના કીનારાપરની છાવણીમા નિવાસ હતો ત્યારે યશોધવલને એવી ખબર મળી કે, ઉત્તર તરફ કામરૂપનો રાજા ખૂલ્લી રીતે બડખોરોને મદદ કરે છે ! મગધના ગુપ્ત વશના રાજા સાથે ભગદત્ત વશીય કામરૂપના રાજાને ઘણા દિવસથી ફાવતુ ન હતુ અર્થાત તે ઉભયમા ઘણા દિવસથી તટો ચાલતો આવ્યો હતો એ કારણથી બગ અને કામરૂપ પ્રદેશની સીમાપરનો એકફળદ્રુપ પ્રદેશ જન—શૂન્ય અરણ્યરૂપ બની ગયો હતો ! સમ્રાટ મહાસેનગુપ્તે યુવાવસ્થામા કામરૂપના રાજા સુસ્થિતવર્માને પરાજય આપી કેટલાક વખત માટે એ તટાનો ભડકો ઓલવી નાખ્યો હતો સુસ્થિતવર્માના પુત્ર સુપ્રતિષ્ઠિત વર્માની કારકીર્દીના પ્રારભમા કામરૂપના રાજા સાથે ગુપ્ત સમ્રાટનો કોઈ જાતનો વાધો ન હતો પરતુ એકવાર યુદ્ધની શરૂઆત થયા પછી કામરૂપનો રાજા સવસ્થ બેસશે નહિ, એ વાત યશોધવલદેવે સમ્રાટને સ્પષ્ટ રીતે સમજાવી હતી મેઘનાદના કીનારા પર સામ્રાજ્યનું સૈન્ય શિબરમા માત્ર આળસમા દિવસો પસાર કરતું હતુ કામરૂપના રાજાની હીલચાલની ચોક્કસ બાતમી મળ્યા

સિવાય યશોધવલદેવ પણ મેઘનાદ ઉતરી સામે કીનારે જવાની હીમત કરી શકતા ન હતા પરંતુ હવે કામરૂપનો રાજા સામ્રાજ્ય સાથે ખૂલ્લી રીતે શત્રુત્વ દર્શાવે છે, એવા સમાચાર આવવાથી તે એક પ્રકારે નિશ્ચત થયા હતા એમ કહીશુ તો તે ચાલવા જેવુ છે

થોડા જ દિવસમા યશોધવલના ગુપ્તચરો એવી ખબર લાવ્યા કે, સુપ્રતિષ્ઠિત વર્માનો ન્હાનો ભાઇ ભાસ્કર વર્મા પોતાના સૈન્યસહ બંગદેશના બંડવાળાઓને સહાય આપવા નીકળ્યો છે આગળ વધેલુ કામરૂપનુ સૈન્ય બ્રહ્મપુત્રાના પશ્ચિમ તીરે રહી ત્વરીત ગતીથી આવે છે ભાસ્કરવર્મા સૈન્યની બીજી ટુકડીઓ સહ તૈયાર થયો છે ! પરંતુ અદ્યાપિ પણ બંગદેશના સામંત સુલેહ માટે વિનંતિ કરવા વકીલો મોકલે જ જતા હતા !

યશોધવલદેવે સેનાપતિઓની સલાહ લેવા માટે એક સભા ભરી મેઘનાદના કીનારા પરના વિશાળ આમ્રવનમા ધવલની છાવણી પડી હતી એક મોટા વિસ્તીર્ણ આમ્રવૃક્ષ નીચે આ સભા માં નવી રાવટી ઉભી કરેલી હોઇ, યશોધવલદેવ, યુવરાજ શશાંક, નરસિંહ, માધવવર્મા, વિરેન્દ્રસિંહ અને અનંતવર્મા એટલા તેમ એકત્ર થયા હતા

યશોધવલદેવે તે વખતની પરિસ્થિતિ સર્વને સમજાવી છેવટે પુછ્યુ “ આ વખતે આપણે શુ કરવુ તે વિષે તમો સર્વના કેવા વિચાર છે ? ”

તેજ ક્ષણે યૂવરાજે કહ્યુ, “ શત્રુ સૈન્ય બંડખોરોને આવી મળે તે પહેલા જ બન્ને સૈન્યપર તૂટી પડવુ જોઇએ !

યૂવરાજની આ સૂચનાથી યશોધવલને પૂર્ણ સંતોષ થયો હોય એમ જણાયુ આનંદથી મસ્તિષ્ક હલાવી તેમણે કહ્યુ, “ ઉત્તમ. અત્યુત્તમ ! વત્સ, તારી એ સલાહ તદ્દન યોગ્ય છે પરંતુ શત્રુના

બન્ને સૈન્ય એકત્ર થતા પહેલા તેના પર હલ્લો કરી, તેમને હતાશ કરવા કેવી યોજના કરવી ‘ ”

યૂવરાજે કહ્યુ “ મને લાગે છે કે, આપણે સૈન્યના બે વિભાગ કરવા બગદેશ માટે બે હજાર સ્વાર અને સર્વ નૌકા રાખી બાકીના ઘોડદળ અને પાયદળ સૈન્યનો અર્ધો ભાગ કામરૂપ તરફ મોકલી દેવો ”

“ પરતુ એ સૈન્યની જવાબદારી કોના પર નાખવી ? ”

“ આપની અનુમતિ હશે તો એ સૈન્ય સાથે હુ જવા તૈયાર છુ કીવા નરસિહ અથવા માધવ એ એમાંથી કોઇ પણ જશે ”

યશોધવલે મૃદુ સ્વરે કહ્યુ “ વત્સ, એ સ્વારીનો તુ જ સેનાપતિ થા ભગદત્તનુ કુટુબ સમુદ્રગુપ્તના કુટુબની સમાનતા ધરાવનારૂ નહિ હોય પણ તે અતિપ્રાચીન રાજકુટુબ છે ભાસ્કરવર્મા પણ તારા જેવો તરુણ છે એ તો સ્પષ્ટ છે કે, બડનો નાશ કરવામા જો કે ધનનો લાભ થવા જેવો હશે, પણ તેમા યશનો ભાગ ઘણો જ થોડો હોય છે એમા કઇએ શકા નથી કે, તુ આગળ વધી જો ભાસ્કરવર્માને પરાજય આપીશ તો યુદ્ધનો અત જલદી આવશે સર્વ સૈન્ય જો બગદેશ પર જ તૂટી પડશે તો બગને તોડી પાડવામા બહુ દિવસ લાગશે નહિ જો એકાદ ભૂલથી કદાચિત તુ હાર પામીશ, તો આ યોજનાથી તારી પીઠ સાચવવાને મને મુશ્કેલી પડશે નહિ ઠીક, તારી સાથે કોણ કોણ આવશે ? ”

નરસિહ, માધવ, વિરેદ્ર વસુમિત્ર વગેરે,સર્વ એકદમ સાથે જ બોલી ઉઠયા “ હુ—હું જઇશ ! ”

તેમની પાછળ બાલક અનતવર્મા પણ બોલી ઉઠયો “ આર્ય, હુ પણ યૂવરાજ સાથે જઇશ ! ”

યશોધવલદેવ સહજ હસીને બોલ્યા “ અરે, તમે સર્વ જ

યુવરાજ સાથે જવાનુ કહો છો, ત્યારે મારી 'સાથે કોણ રહેશે? શુ હુ વૃદ્ધ એટલે મારી પાસે કોઇ જ નહિ હોય તો ચાલશે?" યશોધવલદેવના આ શબ્દો સભળાતા જ સર્વ નીચુ મુખ કરી સ્તબ્ધ બેસી રહ્યા શો ઉત્તર આપવો તે કોઇને સમજાયુ જ નહિ છેવટે મહાનાયકે કહ્યુ "તમે સર્વ યુવાન છો મને લાગે છે કે યુવરાજ સાથે એક પ્રૌઢ વીરે જવાની જરૂર છે, વિરેન્દ્રસિહને યુવરાજ સાથે જવા દો નરસિહ, વસુમિત્ર અને માધવ એમાથી એક જણ યૂવરાજ સાથે જશે"

આ સબધમા ઘણી વાર સુધી ઉહાપોહ થયો, અને છેવટે ઠર્યુ કે, નરસિહે જ યુવરાજ સાથે જવુ

પાછળથી અનતવર્મા ધીમે રહીને બોલ્યો "આર્ય યુવરાજ સાથે મને જવા સમત્તિ આપો"

યશોધવલે હસીને પુછ્યુ "અનત, તુ પણ જવાનુ કહે છે? તુ જઇને શુ કરીશ?"

અનતે શરમાઇ નીચુ જોઇ કહ્યુ "આર્ય, યુવરાજને છોડી હુ પાછળ રહી શકીશ નહિ!"

અનતનો વિશેષ આગ્રહ જોઈ યૂવરાજ તેને પણ સાથે લઈ જવા તૈયાર થયો, અને યશોધવલે પણ તેમા અનુમતિ આપી

બીજે જ દિવસે પ્રાત કાળે દશહજાર પાયદળ, આઠહજાર ઘોડેસ્વાર અને પચાસ રણનૌકા લઇ યૂવરાજ શશાકે યશોધવલને વદન કરી છાવણી છોડી

પાયદળ સૈન્ય અને નૌકાએ ધીરે ધીરે ગભીર ગતીથી પ્રયાણ કર્યું નરસિહદત્તને શકરનદના તીર પર રહેવા કહી યૂવરાજ સ્વાર સૈનિકોને લઇ આગળ વધ્યો સીમા ઉલઘી કામરૂપના સૈન્યે તે સમયે ઉત્તરની સીમા નજીકનુ ગામ લૂટવા માડ્યુ હતુ અદ્યાપિ ભાસ્કરવર્મા શકરનદ ઉતરી આવ્યો ન હતો જે સૈનિકો યૂવરાજ

સાથે આવ્યા હતા, તેમાના ઘણાખરા ગૌડનિવાસી હોઈ, તેમનુ સર્વ જીવન યુદ્ધ વ્યવસાયમા વ્યતિત થયુ હતુ શત્રુ સૈન્યને નિશ્ચિત પણે ગામ લુટવામા નિમગ્ન થયેલુ જોઇ, વીરેન્દ્રસિંહ અને ગૌડ સામતોની સલાહ મેળવી યુવરાજ પોતાનુ સર્વ સૈન્ય લઈ એકદમ તેનુ સૈન્ય પર તૂટી પડયો! કામરૂપનુ સૈન્ય જુદી જુદી સો બસો ટોળીઓ લુટવામા વહેચાઇ જઇ લુટાલુટ કરવામા નિમગ્ન થઈ ગયુ હતુ તેના સેનાપતિને યુવરાજના આગમનની ખબર મળી હતી, પરતુ આટલા અલ્પ અવકાશમા તે છેક સીમાએ આવી પહોચશે, એવી તેને સ્વપ્ને પણ કલ્પના ન હતી! એકાએક ઘોડેવારોના પ્રચડ સૈન્યે હુમલો કરવાથી કામરૂપનુ સૈન્ય વારવાર હાર ખાવા લાગ્યુ તેમાનો ઘણો ભાગ ખપી ગયો અને રહ્યા તેમણે લુટ છોડી ‘ય પલાયતે’ નો સહેલો માર્ગ ગ્રહણ કર્યો! સેના નાયકે ધૈર્ય આપી વિખરાયલા સૈન્યને એકત્ર કરવા પુષ્કળ પ્રયત્ન કર્યા, પરતુ તેમા તેને બીલકુલ જય મળ્યો નહિ!

અતે વારવાર પરાજય પામેલુ કામરૂપનુ સૈન્ય શકરનદના કીનારા પર એકત્ર થયુ પરતુ પુન પુન સજ્જડ માર ખાવો પડયાથી તે સૈન્ય એટલુ કમકૌવત અને ધૈર્ય ગલિત બન્યુ હતુ ફક્ત બે હજાર સ્વાર સહ વીરેન્દ્રસિહે તેના પર હલ્લો કરી તેને શકરનદના બીજા તટની પાર પહોચાડયુ હતુ! સ્વત યુવરાજ શશાક પુષ્કળ સૈન્ય લઇને કામરૂપ પર હલ્લો કરવા આવે છે, એવી બાતમી દૂત દ્વારા ભાસ્કરવર્માને મળી તે પણ તૈયારી કરી દડમજલ કરતો ત્વરિત ગતીથી આગળ ચાલવા લાગ્યો રસ્તામા જ જીવ લઇને નાસતા તેના પોતાના સૈનિકોના મુખથી મહાન પરાજયની વાત સાભળી શકરનદના કીનારે આવીને તેણે જોયુ તો ઠેકાણે ઠેકાણે મગધસૈન્યે નાકે બધી કરી નદીનો સર્વ કાંઠો દુર્જય બનાવી દીધો હતો તેને લાગ્યુ કે યુદ્ધ સિવાય નદી ઓળગવી શક્ય નથી!

એક લક્ષ કરતા વિશેષ સૈન્ય લાવી યૂવરાજ ભાસ્કર વર્માએ શંકરનદના ઉત્તર કીનારે છાવણી નાખી તે સ્વત શૂર હતો, વીર બચ્ચો હતો–તત્ક્ષણે નદી ઓળંગવાની તે પણ તૈયારી કરવા લાગ્યો પરંતુ તેના ઘોરણી સેનાપતીએ તેને પુષ્કળ રીતે સમજાવી જેમ તેમ અટકાવી રાખ્યો તેણે તેને સમજાવીને કહ્યું કે, આપણે લાંબો પ્રવાસ કરી આવેલા હોવાથી આપણુ સૈન્ય આ વખતે તદ્દન થાકી ગયેલુ છે મગધ સામ્રાજ્યનુ સૈન્ય અત્યત પરાક્રમી અને દુર્જય હોઈ યૂવરાજ શશાંકના અંગમા કઇ પણ દૈવી શક્તિ છે, એવો પોકાર પરાજિત સૈન્યના મુખથી જ્યા ત્યા પડી રહ્યો છે! તે પ્રમાણે જ શંકરનદ નાનો છે પણ તે ઉંડો હોઈ, તેનો પ્રવાહ પણ ભયકર છે, અન્ય સમયે પણ પાર ઉતરવાને માટે તે મુશ્કેલ પૂર્ણ હોય છે તો જે વખતે સામો કીનારો શત્રુ સૈન્યના તાબામા હોય તે વખતે થાકેલા પાકેલા સૈન્ય સાથે ભયકર પ્રવાહમાથી સામી બાજુ જવુ તે શુ આપણે આપણા પર જ અનર્થ પરંપરા ખેચી લેવા જેવુ નથી? યૂવરાજ ભાસ્કરવર્મા જો કે તરૂણ હતો, તો પણ તે ચચળ સ્વભાવી નહોતો શાત અને યુદ્ધકળામા પારંગત હતો પોતાના વૃદ્ધ, દૂરદર્શી સેનાપતિની સલાહને માન આપી શંકરનદના કીનારા પર જ છાવણી નાખી તે શાત રહ્યો

નદીના બીજા તટે હજારો રાવટીઓ ઠોકવાનુ કામ ચાલતુ જણાતા ભાસ્કર વર્મા સારી સંધીની રાહ જુએ છે, એવો તર્ક યુવરાજ શશાંકે સ્વાભાવિક રીતે કર્યો ત્રણ દિવસ અને ત્રણ રાત્રી નદના બન્ને કીનારા પર પડેલી બેઉ પક્ષની સેના એક બીજાના હલ્લાની રાહ જોઇ રહી હતી ચોથે દિવસે સવારે મગધ સેનાએ જાગ્રત થઈ જોયુ તો સામી બાજુની છાવણીમા રાવટીઓની સખ્યા ઓછી થયેલી લાગી. આ જોઈ શશાંકના લક્ષમા આવ્યુ કે, શત્રુ નદી ઉતરવાનો પ્રયત્ન કરે છે યુદ્ધકળા વિશારદ

ભારકરવમાં પોતાના સૈન્યની જુદી જુદી ટુકડીઓ કરી એકજ સમયે જુદા જુદા સ્થળે નદી ઉતરવાનો પ્રયત્ન કરશે, તે પણ કુમારના લક્ષમા આવવાને વાર લાગી નહિ. યૂવરાજ શશાક અને વીરેન્દ્ર મોટી ચીતામા પડયા કારણ, પાયદળ સૈન્ય લઈ નરસિહ દત્ત અદ્યાપિ આવી પહોચ્યો ન હતો

ઘાયલ થયેલા સૈનિકો અને નિરૂપયોગી સૈન્ય સિવાય સાડા સાત હજાર ઘોડેસ્વારોનુ સૈન્ય આપણી પાસે તૈયાર છે, એમ શશાક અને વીરેન્દ્રને ગણત્રી કરતા જણાયુ આ સૈન્યના બે વિભાગ કરી કામરૂપના એક લાખ સૈનિકને તે અટકાવી રાખવાની તૈયારી કરવા લાગ્યો યૂવરાજને એવુ વિલક્ષણ સાહસ નહિ કરવા વીરેન્દ્ર અને ગૌડ સામંતોએ પુષ્કળ રીતે સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ રણાગણ છોડીને જવાને શશાક બીલકુલ તૈયાર થયો નહિ, આટલા મુઠભર સૈન્યથી કામરૂપની પ્રચડ સેના સામે થવુ તે એક ભ્રમિષ્ટ–ગાડાનુ કામ છે, અને આ સાહસનુ મૃત્યુ એ એકજ પરિણામ છે એવી વીરેન્દ્ર અને ગૌડ સામંતોની સંપુર્ણ રીતે ખાત્રી હતી તેથી તેમણે એક સ્વાર યશોધવલદેવ તરફ અને એક સામંત નરસિહદત્ત તરફ એમ બેને તરતજ મોકલી દીધા નરસિહદત્ત અને પાયદળ સૈન્ય અહીથી ચાળીસ ગાઉ દૂર હતુ ! યશોધવલ મેઘનદના કીનારે છાવણીમા હતા શકરનદના કીનારેથી તે છાવણી એક મહિનાના માર્ગપર હતી

કેમે કરતા યૂવરાજ સમરાગણ છોડીને જવા કબુલ થતા નથી એમ જ્યારે સામંતોને જણાયુ, ત્યારે તેની સાથે તે પણ પ્રાણ આપવા તૈયાર થયા ! સૈન્યની ચળવળની સર્વ વ્યવસ્થા સેનાપતિના હાથમા મુકી મુખ્ય મુખ્ય સામંતો યૂવરાજના શરીરરક્ષક સૈન્યમા આવી મળ્યા અને સો શરીર રક્ષકને બદલે ત્રણસે શરીર રક્ષક લઇ યૂવરાજ શશાક છાવણીમાથી બહાર પડયો

રજા લેતી વખતે યૂવરાજનો હાથ પોતાના હસ્તમા લઇ નેત્રમા પાણી લાવી વીરેન્દ્ર કહ્યુ " કુમાર ! જો પાછા આવ્યા પછી આ

સ્થળે આપ મને જોઇ શકો નહિ, તો સમજજો કે વીરેન્દ્ર હવે આ ભૂતલપર નથી ! જો કદી આપ સ્વદેશમા જાવ તો મહાનાયકને કહેજો-કે, મહેન્દ્રસિહના પુત્રે પણ સેવામા પોતાનુ જીવન અર્પણ કર્યુ છે ! જ્યા સુંધી દેહમા પ્રાણદીપ ઝળકતો હશે ત્યાસુધી એક પણ સ્વાર ઘાટ છોડશે નહિ, એવી ખાત્રી રાખજો !”

ચાર હજારમા થોડા જ ઓછા સ્વાર લઇ યૂવરાજ પર્વન તરફ નીકળી ગયો આપણી કથાના સમયે શંકરનદના બન્ને કીનારા ઘનઘીચ અરણ્યથી ઢકાઈ ગએલા હતા બ્રહ્મપુત્રના સગમસ્થાનથી એ ત્રણ ગાઉમા બે ત્રણ સ્થળ સિવાય ઉતરવાનુ ક્યાંઈ પણ શક્ય નહતુ યૂવરાજે છાવણી છોડી તેટલામા તરત જ આકાશ વાદળાથી ભરાઈ ગયુ ! સૈન્ય ધીમેધીમે નદના કીનારે કીનારે ચાલવા લાગ્યુ છાવણીથી સુમારે બાર ગાઉ દૂર આવ્યા પછી કામરૂપના સૈન્યની એક ટુકડીની તેમને ખબર પડી યૂવરાજે નજીક જઇ જોયુ તો લગભગ દસહજાર સૈનિકો સામે કીનારે એકત્ર થયેલા હોઇ જગલમાથી લાકડા મેળવી પુલ બાધવાનો પ્રયત્ન થતો જણાયો આ સ્થળે બે મોટી ટેકરીઓની વચ્ચેથી પ્રવાહ જતો હતો, તેથી નદીનુ પાત્ર બહુ પહોળુ નહતુ

યુવરાજે સૈન્યને અટકાવી હવે શુ કરવુ તે વિષે સામતોની સલાહ પુછી તેઓએ એકમત થઈ કહ્યુ કે, આવા સ્થળે નજીવુ સૈન્ય લઈને પણ પુષ્કળ સૈન્યને અટકાવી શકાશે !

સામતની સલાહ પ્રમાણે તે ઠેકાણે એક હજાર સ્વાર રાખી બાકીનુ સૈન્ય લઇ યુવરાજ આગળ ચાલવા લાગ્યો. તેના વદન પર ભયની લેશમાત્ર પણ છાયા જણાતી નહતી

ચાલતા ચાલતાં સંધ્યા સમય થયો ચાલી ચાલીને સર્વ થાકી ગયા હતા તેથી વિશ્રાતિ માટે નદતટે યુવરાજની આજ્ઞાથી સૈન્યે મુકામ કર્યો આ સૈન્ય પાસે માત્ર એક તબૂ હતો ! પોતાના

સામત અને સેના નાયક સહ યુવરાજ શશાક આ તબૂમા આવી બેઠા, અને બીજા સૈનિકોએ મોટા મોટા વૃક્ષોનો આશ્રય લીધો, પરતુ તેથી તે કઇ પર્જન્ય વૃષ્ટિમાથી બચી શક્યા નહિ, એક સરખો વરસાદ પડતો હોવાથી તેમને ટાઢપણ લાગવા માડી જગલમા આ વખતે સૂકા લાકડા મળવા અશક્ય હોવાથી તેનો ઉપયોગ કરવાની સવડ પણ રહી નહિ

મધ્યરાત્રી વહી ગયા પછી તો મુશળધાર વૃષ્ટિ થવા લાગી ! ક્ષણવાર પણ તે અટકી નહિ ! તે માઘના ઠડીના દિવસ ! સર્વ અગ જળથી તળબોળ બનેલા ! વળી ઉપરની અસ્ખલિત પર્જન્ય ધારા ! માથુ મુકવાનુ પણ સ્થાન નહિ ! આવી સ્થિતિમા યુવરાજના સૈન્યે તે રાત્રી હાલ બેહાલમા પૂર્ણ કરી

સવાર થયુ, તો પણ વરસાદતો એક સરખો જ પડતો હતો ! તેવી વૃષ્ટિમા જ યુવરાજે પોતાનો મુકામ ઉઠાવી સૈન્યસહ આગળ ચાલવા માડ્યુ જગલના રસ્તાઓમા જ્યા ત્યા પાણી જ પાણી થઇ ગયુ હતુ ! વૃષ્ટિથી અતિશય શીતળ બનેલો વાયુ સપાટાથી વહેતો હોવાથી સ્વારોને પોતાના ઘોડાને વ્યવસ્થિત રાખવામા પણ હરકત આવતી હતી !

આ પ્રમાણે મધ્યાન્હ થયા પછી યુવરાજનુ સૈન્ય એક વખત જગલમાથી બહાર નીકળ્યુ સેના નાયકોને બહાર નીકળતા જ સામે એક મોટુ મેદાન લીલાછમ ઘાસથી છવાઈ ગયેલુ જણાયુ આ સ્થળે નદનુ પાત્ર વિશાળ હતુ પરતુ પાણીની ઉડાઈ ઘણીજ થોડી હતી સામા કીનારા પર લીલાછમ મેદાનમા શત્રુની મોટી છાવણી પડેલી હોઇ તેમા પચાસ હજાર જેટલા સૈનિક હોય તેમ લાગતુ હતુ, ચાલી ચાલીને થાકી ગએલા પોતાના સૈનિકોને સેનાપતિએ એકત્ર કર્યા ક્ષુધા અને ઠડીથી મૃતપ્રાય બનેલા સ્વાર ઘોડા પરથી ઉતરી યુદ્ધમાટે તૈયાર થવા લાગ્યા પણ યુદ્ધ કરે કોણ ?

સામે કીનારે પડેલી શત્રુ છાવણીમા તો એકે માણસ જણાતો નહતો

ત્રણ પ્રહર દીવસ વહી ગયા પછી એક સ્વારે આવીને યૂવરાજને જણાવ્યુ કે "કેટલાક ગ્રામ્યનિવાસી આગેવાનો આવ્યા છે અને તે આપને મળવા ઇચ્છે છે"

યૂવરાજે તેમને લઇ આવવા સ્વારને હુકમ કર્યો થોડીજવારમા કેટલાક ઠીગણા અને ચપટા નાકના કામરૂપ નિવાસીઓને તે યૂવરાજ પાસે લઇ આવ્યો તેઓએ યૂવરાજને પ્રણામ કરી કહ્યુ "સરકારના ચારપાચ હજાર અશ્વ અમારા ઘાસના બીડના બીડ ખાઇને સાફ કરી નાખે છે જો સરકાર તેમને ત્યાથી કાઢી લેવા પોતાના સ્વારોને હુકમ કરશે તો સૈન્ય અને ઘોડા માટે ખાદ્યાદિ મુબલક પદાર્થ લાવી આપવા અમે તૈયાર છીએ"

યૂવરાજની આજ્ઞાથી છૂટા મુકેલા ઘોડાઓને ખીડમાથી સૈનિકો પાછા લઇ આવ્યા, અને તે ગ્રામ્યજનોએ પણ કૃતજ્ઞતા બુદ્ધિથી જોઇએ તેટલો ખોરાક અને ચારો લાવી આપ્યો તે સર્વ પદાર્થોનો યથેચ્છ ઉપયોગ કરી તાજા બન્યા સધ્યાકાળ થતા જ નદીના બન્ને કીનારે હજારો ધૂણીયો સળગી પણ તે દિવસે કઇ યુદ્ધ થયુ નહિ !

જગલમાથી ડાળીઓ, કાટા વગેરે લાવી સૈનિકોએ નદી કીનારે સમય પુરતી પુષ્કળ ઝુપડીઓ ઉભી કરી મધ્યરાત્રે યૂવરાજ અને અનતવર્મા તબૂ છોડી એક એવી જ ઝુપડીમા આવી બેઠા હતા આકાશ હજુ પણ વાદળાથી ભરેલુ હોઇ વાયુનો વેગ જોસભેર વધે જતો હતો, પણ માત્ર વરસાદ પડતો નહતો

યૂવરાજે પુછ્યુ "અનત, નદીનુ પાણી વધ્યા જેવુ લાગે છે, કેમ નહિ ?"

અનતવર્મા ઉઠીને નદીમા ઉતરી બોલ્યો "હા મહારાજ! પાણી બહુ વધી ગયુ છે !"

"ઠીક છે તુ ઉપર આવ"

સવારે આકાશ વાદળા રહિત બન્યુ અને વાયુ પણ બધ પડયો નદીનુ પાણી પણ ધીમે ધીમે ઓછુ થવા લાગ્યુ સેનાપતિને યુદ્ધ માટે તૈયાર થવા યૂવરાજે આજ્ઞા કરી નદી તટનુ રક્ષણ કરવા સ્વારોની કઇ જરૂર ન હોવાથી યૂવરાજની આજ્ઞાથી પચાસ સ્વાર બાકીના સ્વારોના ઘોડા લઇ જગલમા જઈ બેઠા અને અઢી હજાર સૈનિકો યુદ્ધ માટે તૈયાર થઇ નદ કીનારે આવી ઉભા રહ્યા

આ બાજુ સહજ સાજ દેખાવા લાગતા પૂર્વેજ કામરૂપનુ સૈન્ય નદ ઉતરવા તૈયાર થયુ સ્વત ભાસ્કરવર્મા આ સૈન્યની ચળવળ કરતો હતો રાત્રે ધૂણીઓ જોઇ તેણે તર્ક કર્યો હતો કે, સામે કીનારે શત્રુ સૈન્ય આવી પહોચ્યુ છે ! સૂર્યોદય પૂર્વેજ સૈન્યને આગળ વધવા તેણે હુકમ કર્યો

પ્રચડ જયધ્વની કરી હજારો સૈનિક શાકરનદના શીતળ વારિમા ઉતર્યા !

પ્રકરણ ૧૦ મું.

શાકરનદનુ યુદ્ધ

આ પછી એ ઘડીએ ભગવાન સૂર્યનારાયણે જ્યારે આકાશના પૂર્વ ભાગમા પોતાનુ અસ્તિત્વ પ્રકટ કર્યું, ત્યારે ભાસ્કર વર્માના સૈન્યનો ઘણો ખરો ભાગ નદના પાત્રની મધ્ય પર્યત આવી પહોચ્યો હતો આ તરફના તટપર એ અઢી હજાર સૈનિકો સહ શશાક એક નિશ્ચલ, અભેદ્ય ખડકની માફક, સજ્જ થઇ શત્રુ સૈન્યની પ્રતિક્ષા કરતો ઉભો હતો ઘોડદળ સૈન્ય પાસે ધનુષ્ય બાણ કદી હોતા નથી આપણે દૂર રહેલા શત્રુસૈન્યને કઇપણ હાની કરી શકીશુ નહિ, એવો વિચાર કરી શશાકનુ સૈન્ય તદ્દન સ્વસ્થતાથી જ્યાને ત્યા ઉભુ હતુ

જેમ જેમ શત્રુનુ સૈન્ય નજીક જણાવા લાગ્યુ, તેમ તેમ કામરૂપનુ સૈન્ય પ્રચંડ જયધ્વના કરતુ અધિક વેગથી આગળ આવવા લાગ્યુ વાદળા એક બીજા સાથે વેગથી અફળાતા જેવી પ્રચંડ ગર્જના થાય છે તેવી રીતે બન્ને પક્ષના સૈન્ય એકબીજા પર ધસ્યા ત્યારે તેમના શસ્ત્રાસ્ત્રોનો ભયંકર ખણખણાટ ઉત્પન્ન થયો ! કામરૂપના સૈન્યના મુખડાની ગતિ કુંઠિત થઇ અને તે આગળ વધી શક્યુ નહિ મગધ સૈન્યના આઘાતના સપાટાથી ભય પામી આગળના સૈનિકો પાછળ હઠવા લાગ્યા, પરંતુ તેમની પાછળ હજારો સૈનિક આવતા હતા તેમણે તેઓને પાછા ન હઠવા દેતા આગળ ધસવાની ફરજ પાડી કામરૂપના સૈન્યે પુન કીનારા પર ચઢી જવાનો પ્રયત્ન કર્યો પરંતુ મગધ સૈન્યે તેમને બીજી વખત નદીના પાત્રમા પાડી દીધા !

પરંતુ કામરૂપના વીર એટલી સહેલાઇથી પરાજિત થાય તેવા સામાન્ય ન હતા ગતી કુંઠિત થવાથી તે હજારો સૈનિકોએ મગધના મુઠભર સૈન્યપર બમણા આવેશથી હલ્લો કર્યો પરંતુ તેમનો ફરી પણ પરાજય થયો અને તેમને પાછુ જ હટવુ પડ્યુ ! બે હજાર ગૌડવીર પાષાણની માફક નિશ્ચલ ઉભા હતા ! હજારો શત્રુસૈનિકોના આવેશ પૂર્ણ હૂમલાથી તેઓ એક પગલુ પણ પાછા હઠ્યા નહિ ! આ વખતે જય મળવો અશક્ય છે, એવો વિચાર કરી તેઓ મૃત્યુ આધિન થવાને તૈયાર થઇ ગયા હતા મૃત્યુ માટે તૈયાર થઇ રહેલા મગધવીર જીવંત હોતા તેમનો પરાભવ કરે તેવુ સૈન્ય તે સમયે સમગ્ર જગતમા એક પણ ન હતુ, એમ કહેવાને હરકત નથી

શંકરનંદના બીજા કીનારે હાથીપર બેસી યૂવરાજ ભાસ્કરવર્મા સૈન્યને હુકમો આપ્યા કરતો હતો પોતાનુ સૈન્ય વારંવાર ધૈર્ય ખોઇ પાછુ હઠે છે, એમ જોઇ તેના ક્રોધ અને અધીરાઇની મર્યાદા રહી નહિ ! તેણે માવતને હાથી આગળ કરવા આજ્ઞા કરી. હાથી પાણીમા

ઉતર્યો, પરતુ એક વખત પાણીનો નામ લેતાજ તે એક પત્થરના સ્તંભ પ્રમાણે ત્યાનો ત્યા નિશ્ચલતાથી ઉભો રહ્યો ! તે આગળ ખસે તે માટે માવતે પોતાથી બનતા સર્વ પ્રયત્ન કર્યા—અંકુશના મજબૂત આઘાતથી જર્જર થઇ હાથી ચીસો પાડવા લાગ્યો,—પરતુ એક પણ પગલુ આગળ વધ્યો નહિ !

ક્રોધથી રાતોચોળ બની ભાસ્કરવર્મા હાથી ઉપરથી કૂદી પડ્યો પાસે ઉભેલા એક સેનાપતિનો ઘોડો લઇ, તરતજ તે તેના પર સ્વાર થયો આ વખતે યુદ્ધ ખરા રંગમા આવ્યુ હતુ એટલામા એકદમ મેઘના ગડગડાટ પ્રમાણે ભયંકર નાદ થઇ જાણે સર્વ જગતજ ગગડી ઉઠ્યુ હોય એમ લાગ્યુ ! પક્ષી પોતાના માળા છોડી અને પશુ સ્થાન વનભાગનો આશ્રય દૂર કરી ચોતરફ હાફળા ફાફળા નાશવા લાગ્યા ! યુવરાજ ભાસ્કરવર્માને પીઠપર લઇ ઘોડો નદી તીરપરથી ક્યાનો ક્યા નાશી છૂટ્યો ! પુષ્કળ પ્રયત્નથી પણ ભાસ્કરવર્મા તેને અટકાવી શક્યો નહિ !

તે અવર્ણનીય પ્રચંડ શબ્દ સાભળી ઉભય પક્ષના સૈનિકો સ્તંભિત થઇ જ્યાને ત્યા ઉભા રહ્યા ખેંચેલી તલવારો જેવીને તેવી અટકી ગઇ ! હાથમા લાબા ભાલા લઇ ગૌડસૈનિકો ચોતરફ જોવા લાગ્યા ક્ષણમાત્રમા યુદ્ધ બંધ થયુ ! વિસ્મયતાથી મૂઢ બનેલા સૈનિકોએ દૂર નજર કરી તો, નદીના પાત્રમા પર્વતપ્રાય પાણીનુ પૂર અત્યત વેગથી ધસી આવતુ હોઇ, તેમા હજારો પશુ પક્ષી, વૃક્ષો, લતાઓ વગેરે ખેંચાઈ આવતા જણાયા ગૌડસૈન્ય આ ભયંકર પ્રકાર જોઇ તરતજ પાછુ હઠ્યુ જોતજોતામા ક્ષણ બે ક્ષણમા તો પાણીનો પ્રચંડ પ્રવાહ ત્યા આવી પણ પહોચ્યો ! ક્ષણવારમા કામરૂપના અસંખ્ય સૈનિકો દૃષ્ટિથી દૂર થયા ! ગૌડસૈનિકોએ પોતાથી બન્યુ તેટલુ કરી શત્રુસૈનિકોને તે જંગી પૂરમાથી બચાવ્યા નદીનુ પાત્ર વિસ્તૃત થતુ જોઇ યુવરાજે સૈનિકોને ઘોડાપર સ્વાર થવા આજ્ઞા આપી. જોતાજોતામા બન્ને બાજુના મેદાન પાણીથી ભરાઈ ગયા સામા

કીનારપર દુશ્મનના બે ત્રણ હજાર સૈનિકો ગયા હતા તેમણે કયારનુએ ય પલાયનના સહેલા માર્ગનુ અવલબન કર્યુ હતુ ગૌડસૈન્યે સમીપના ઉંચ પ્રદેશનો આશ્રય લીધો

પહેલા વાટ પર યુવરાજ શશાંકે જે હજાર સ્વાર રાખ્યા હતા, તે સ્વારો પરાક્રમની પરાકાષ્ઠા કરી શત્રુને પુલ બાધવામા વિઘ્ન કરતા હતા. એટલામા અણચીતવ્યુ આવતુ પ્રચડ પૂર તૈયાર થવા આવેલો પુલ પોતાની સાથે ઘસડી આગળ ધસી ગયુ! ઉભય પક્ષના સૈનિકોએ તરત જ જેમ તેમ કરી ઉંચાણના ભાગમા આશ્રય મેળવી પોતાના પ્રાણ બચાવ્યા!

ત્રીજા દિવસે સવારે જ્યારે શશાંકનુ સૈન્ય આ પથકને આવી મળ્યુ ત્યારે નદીનો સામો કીનારો જન શૂન્ય થઇ ગયો હતો! ભાસ્કરવર્માના સૈન્યમાથી ભયના માર્યા નાશી છૂટેલા સૈનિકોના મુખથી બનેલા વિદ્યુત્પાતની વાર્તા સાભળી ત્યાનુ કામરૂપનુ સૈન્ય રાત્રેને રાત્રે જ નાશી ગયુ હતુ!

વીરેન્દ્રસિહ શત્રુ સૈન્યના ધસારાની રાહ જોઇ રહ્યો હતો પરતુ કામરૂપના સૈન્યે નદી ઓળગવાનો પ્રયત્ન જ ન કર્યો! પ્રચડપૂરથી જ્યારે નદીનો પ્રવાહ અતિશય ચચલ બની ગયો, સેકડો સશસ્ત્ર સૈનિકોના પ્રેત જ્યારે કાંઠે લાગ્યા, ત્યારે વીરેન્દ્રસિહને યુવરાજ માટે અતિશય ચિંતા થવા લાગી

ચોથે દિવસે સવારે વીરેન્દ્રસિહને કેટલેક છેટે કંઈ મોટો ગડબડાટ અને જય ધ્વની સભળાવવા લાગ્યો તે જ ક્ષણે તે લડાઇ માટે તૈયાર થયો તેને એવુ લાગ્યુ કે યુવરાજના નાના સૈન્યને હાર આપી તેમાના ઘણા સૈનિકોના પ્રાણ કાઢી વિજયી ભાસ્કરવર્મા આપણા પર હલ્લો કરવા આવતો હોવો જોઇએ! પરતુ જયધ્વની નજીકમા આવતા જ, સમ્રાટ મહાસેનગુપ્તના નામનો જ તે જય જયકાર છે, એમ તેને સ્પષ્ટ સભળાયુ તે સાભળી વીરેન્દ્રસિહના આશ્ચર્યની મર્યાદા જ રહી નહિ!

વિચાર કરતા કરતામા યૂવરાજનુ સૈન્ય છાવણીમા આવી પહોચ્યુ તે વખતે સાત–સાડાસાત હજાર કઠમાથી જે પ્રચડ જયઘોષ થયો, તેનાથી દશે દિશાઓ કપિત થઈ ગઈ ! સામા તીર પર પડેલા ભાસ્કર વર્માના સેનાપતિની પોતાનો પરાજય થવાની ખાત્રી થવાથી, તેણે છાવણીમાથી સૈન્ય સહ પોબારા ગણ્યા ! યૂવરાજના મુખથી બનેલા બનાવની વાત સાભળી, વીરેન્દ્રસિહની ખાત્રી થઈ કે યુદ્ધમા આપણો જય થયેલો ન હોઇ, ભગવાને જ અકલ્પિત ચમત્કાર ઉત્પન્ન કરી આપણુ રક્ષણ કર્યુ છે

શકરનદના યુદ્ધ પછી સાત આઠ દિવસે પાયદળ સૈન્ય લઈ નરસિહદત્ત નજીકમા આવ્યો છે, અને એક દિવસમા તે છાવણીમા આવશે એવી બાતમી આવી નદીનુ પાણી ઉતરતા જ વીરેન્દ્રસિહે સામા કાઠા પરની શત્રુ છાવણી પોતાના તાબામા લીધી હતી નરસિહદત્તના આગમનની વાત સાભળતા જ ઘણુખરૂ સૈન્ય સાથે લઇ યૂવરાજે શકરનદના બીજા કોનારા પર મુકામ નાખ્યો

બીજે દિવસે સવારે સુમારે પ્રહર દિવસે પાયદળ સૈન્ય આવી પહોચ્યુ તેણે નદી ઓળગી શકરના તે તટે પોતાની છાવણી નાખી વારવાર પરાજય થવાથી અને વિશેષત અકસ્માત થયેલા વિદ્યુત્પાતથી ભાસ્કરવર્માનુ બચેલુ સૈન્ય નિરૂત્સાહી બની નાશી ગયુ હતુ પુષ્કળ પ્રયત્ન કરવા છતા તે એક સ્થળે એકત્ર થઇ શક્યુ નહિ શકરનદના યુદ્ધ પછી એક મહીને પચીસ હજાર સૈનિક લઇ ભાસ્કર વર્મા શશાક સાથે યુદ્ધાર્થે તત્પર થયો શશાક હજુ પણ શકરતટપરની છાવણીમાજ હતો તેની ઇચ્છા કામરૂપપર ચઢાઇ લઇ જવાની હતી, પરતુ સૈન્ય ઘણુ ઓછુ હોવાથી નરસિહદત્ત અને વીરેન્દ્રસિહે મહામહેનતે તેને અટકાવી રાખ્યો હતો

યૂવરાજની છાવણીની નજીકમા જ સૈન્યની હારોની હારો હતી નરસિંહના પાયદળ સૈન્યે પર્વતના શીખર, ખીણો અને સાકડા રસ્તા પોતાના તાબામા લઈ લીધેલા હોઇ, વીરેન્દ્ર અને શશાક પોતાના

સ્વાર લઇ ખીણમા લપાઇ બેઠા હતા ભાસ્કરવર્માએ જ્યારે તે ડુગરી રસ્તો હલ્લો કરી પોતાના તાબામા લેવા પ્રયત્ન કર્યો ત્યારે નરસિંહે તેને સખત હાર આપી હતી આથી કામરૂપનુ સૈન્ય થાકી ગયુ આ સંધીનો લાભ લઇ શશાક અને વીરેન્દ્રના સ્વારોએ શત્રુપર અતિ આવેશ અને શૌર્યથી હૂમલો કર્યો આ પ્રચડ આઘાત સહન ન થવાથી ભાસ્કરવર્માના સૈન્યે ભય પામી પીઠ ફેરવી નાશવાનો આરભ કર્યો લડાઈ પુરી થતી જોઇ, કેટલાક એકનિષ્ઠ સામંતોએ ભાસ્કરવર્માને જૂલમથી હાથીપર બેસારી રણાગણનો ત્યાગ કર્યો

તેમની આકૃતીથી સ્વાભાવિક રીતે જ શશાકના સૈન્યનો ઉત્સાહ વધી ગયો યૂવરાજ અને વિરેન્દ્રે પોતાના વીરો સહ નાશી જતા શત્રુસૈન્યની પૂઠ પકડી તેમાના હજારો સૈનિકોનો નાશ કરી, સેંકડોને કેદ કર્યા ભાસ્કર વર્માના પચીસ હજારનો ચોથો ભાગ પણ કામરૂપનુ દર્શન કરી શક્યો નહિ !

વીરેન્દ્રે કહ્યુ "તમે સર્વ ગાડાપીર જ લાગો છો ! કામરૂપ દેશ ડુગરાળ છે એકલાખ સૈનિકોને માટે પણ તેને જીતવાનુ કાર્ય મુશ્કેલ પૂર્ણ છે વળી નીલચલપર હલ્લો કરવાનો એટલે આરમારી સૈન્યની પણ જરૂર પડે તેમ છે અને અઢાર હજાર સૈનિકોએ એકલાખ સૈનિકોને અટકાવ્યા તેમા આપણા પરાક્રમ કરતા પરમેશ્વરી કૃપાનો જ લાભ વિશેષ છે !"

શશાકે કહ્યુ "મહાનાયકને વસુમિત્ર સાથે સર્વ આરમારી સૈન્ય મોકલવા હુ લખુ છુ "

વીરેદ્રે પુછ્યુ, "આ સ્વારી માટે સઘળુ દરીયાઇ સૈન્ય લાવશો ત્યારે બગની સ્વારીની શી વ્યવસ્થા થશે ? પાછળ શત્રુને ઉભો રાખી દૂરના પ્રદેશપર ચઢી જવુ ને રણનીતિથી તદ્દન વિરૂદ્ધ છે !"

ગૌડસામતોએ પણ એકમતથી વીરેદ્રના વિચારને પુષ્ટિ આપી

તેઓએ કહ્યું, "કામરૂપપર સ્વારી લઇ જવાનો મુખ્ય ઉદ્દેશ સિદ્ધ થયો છે જ? જે સૈન્ય બંડખોરોને સહાય કરવા જતુ હતુ, તે સૈન્યનો સમૂળ નાશ થયો છે હવે નવીન સૈન્ય એકત્ર કર્યા સિવાય ભાસ્કરવર્મા પુન યુદ્ધ કરે તે અશક્ય છે એ સર્વ વાતોનો વિચાર કરતા, આ તક સાધી લઇ બંગદેશમા જઇ બંડખોરોનો નાશ કરવો એ જ ઇષ્ટ છે, એમ અમને લાગે છે"

સર્વના મત આ પ્રમાણે વિરૂદ્ધ પડવાથી કામરૂપપર સ્વારી લઇ જવાનો વિચાર દૂર કરવાની શશાકને જરૂર પડી છેવટે એ હજાર સ્વાર અને બે હજાર પાયદળ લઈ ભાસ્કરવર્માની હીલચાલપર લક્ષ રાખવા માટે એક સેનાપતિએ બ્રહ્મપુત્રના કીનારે રહેવુ અને બીજા સૈન્યે પાછુ ફરવુ એમ ઠર્યું

સભા બરખાસ્ત થયા પછી વીરેન્દ્રસિંહે યૂવરાજને કહ્યું "કુમાર ભાસ્કરવર્માની છાવણીમા એક ડબામાથી કેટલાક અમૂલ્ય રત્નો મને મળી આવ્યા છે, તે આપને બતલાવવાની સુધી જ આટલા દિવસમા મળી નહિ !"

"ત્યારે બતાવોને હમણા જ !" શશાકે ઉત્સુકતાથી કહ્યું

યુવરાજ અને નરસિંહદત્ત કુતૂહલ અને જીજ્ઞાસાથી પ્રેરાઇને વીરેન્દ્રસિંહ સાથે તેની રાવટીમા ગયા ત્યા જતા જ વીરેંદ્રસિંહે એક વસ્ત્રમાથી એક નાનો રૂપાનો ડબો બહાર કાઢયો, અને તે તેમને બતાવી હસતા હસતા કહ્યું "આ ડબામા શુ છે તે આપ બન્ને જાણી શકશો કે ?"

યૂવરાજે હસીને કહ્યું, "ના ભાઇ ! પણ આ ડબાપર યૂવરાજ ભાસ્કરવર્માનુ નામ કોતરેલુ જણાય છે !"

વીરેંદ્રસિંહે તે ડબો ઉઘાડી તેમાથી રત્નને બદલે કેટલાક ફાટેલા ભૂજપત્રો બહાર કાઢયા !

તે જોઇ કુમારે કહ્યું "આતો પત્રો જણાય છે ! કોના છે ?"

"આપ જ વાચી જુઓ !"

એક એક ભૂજ પત્ર લઇ યુવરાજ વાચવા લાગ્યો પહેલા ભૂજ પત્રમા નીચે પ્રમાણેની બે ત્રણ લીટી હતી —

“ આશા નથી ! મારૂ લશ્કર સત્વરે ચરણાદ્રિદુર્ગપર ચડી જશે માધવ અહીં આવ્યો છે, યશોધવલ અને શશાંક ગમે તેમ થાય પણ પાછા ફરવા ન જોઇએ ! મામા જીવત હોવાથી ખૂલ્લી રીતે હું તેમની સાથે શત્રુત્વ કરી શકતો નથી !

પ્રભાકર વર્ધન

પત્ર વાચતા વાચતા યૂવરાજનો ચહેરો ફીક્કો પડી ગયો ! તે જોઈ વીરેન્દ્રે કહ્યુ “ કુમાર, એમ ગભરાશો તે કેમ બનશે ? હજી બે પત્ર વાચવાના છે ! ”

મહાકષ્ટપૂર્વક મનનો આવેગ દબાવી શશાક બીજો પત્ર વાચવા લાગ્યા —

“ મહારાજ ગ્રહવર્મા— ..

એકલાખ સુવર્ણ મુદ્રા આવી છે

ઠાણેશ્વરથી મહારાજાધિરાજનો પત્ર આવ્યો છે જો કોઇપણ ઉપાયથી શશાકને જગત્માથી નષ્ટ કરી શકશો, તો જોતજોતામા યુદ્ધ પૂર્ણ થશે અને યશોધવલ પણ અમારા હાથમાથી છટકી પાછા સ્વદેશમા જઇ શકશે નહિ.

આશીર્વાદક

સંઘસ્થવીર બન્ધુગુપ્ત ”

“ ત્યારે બંધુગુપ્ત હજી બંગદેશમા જ છે ? ”

“ સ્પષ્ટ છે આ પત્રો મહાનાયકને બતલાવવા જોઇએ ! ’

“ ત્યારે હમણાને હમણા એક સ્વારને રવાના કરો ”

“ છટ્, એમ કરવુ ઠીક નથી આપણે જ સાથે લઈને જવુ ઠીક છે પણ કુમાર, હજુ એક પત્ર રહ્યો છે ”

યૂવરાજે ત્રીજો પત્ર વાચવાની શરૂઆત કરી –

“ આ વખત પાટલીપુત્રમા સુશિક્ષિત સૈનિકોની સંખ્યા બે ત્રણ હજારથી અધિક નથી આપ યૂવરાજનો પરાભવ કરો તે સાથે જ એકદમ પાટલીપુત્રપર ચાલ્યા આવજો ચરણાદ્રિની પેલીતરફ ઠાણેશ્વરની સેના તૈયાર થઇ રહેલી છે

આશીર્વાદક

મહાસ્થવીર બુદ્ધઘોષ ”

પત્ર વાચી ખિન્ન ચિત્તે શશાક વિચારમા નિમગ્ન બની ગયો. વીરેદ્રસિહ અને નરસિહદત્ત તેના મનને શાત કરવાનો પ્રયત્ન કરી તેને તબૂમા લઇ ગયા

બીજે દિવસે નરસિંહદત્તને ત્યા રાખી શશાક અને વીરેદ્રસિહ મેઘનાદની છાવણી તરફ નીકળી ગયા

પ્રકરણ ૧૧ મું

ભાગ્યકથન

પાટલીપુત્ર નગરના નવીન રાજભુવનની નજીક એક ફુલબાગમા શકરનુ એક જુનુ દેવળ હતુ એક દિવસે સવારે દેવળના ગુબજની બહાર બેસીને એક તરુણી ભીના વસ્ત્રોસહ મહાદેવની પૂજા કરતી હતી તે તરુણીનુ શરીર સળી જેવુ પાતળુ હોઈ વર્ણ ગૌર હતો તેની કાતિ તપ્ત સુવર્ણ પ્રમાણે તેજપૂજ હતી તેના તે ભીના વસ્ત્રમાથી તેના અગની ઉજ્વળ સુવર્ણકાતિ દગ્ગોચર થતી હતી અને તેના ઘૂટણ સુધી લટકતા ભ્રમર જેવા કાળા વિપુલકેશ વાયુની લહરીથી તેની પીઠ અને ગાલપર આમતેમ ફરફરતા હતા !

એક હસ્તે પોતાના વસ્ત્રનો છેડો દબાવી તે તરુણી એકાગ્રચિત્તે શકરનુ પૂજન કરતી હતી અર્ઘ્ય ચદન, પુષ્પ, બિલ્વદલ અને નૈવેદ્ય તેણે યોગ્ય સમયે મૂર્તિને અર્પણ કર્યા પછી ઘૂટણીએ પડી હસ્ત જોડી, નેત્ર મીચી તે મહાદેવની પ્રાર્થના કરવા લાગી –

“ દેવાધિદેવ ! યુદ્ધમા સમ્રાટને સપૂર્ણ જય મળવા દે મહાનાયકને સુખરૂપ પાછા ફરવા દે, યુવરાજ શશાકને વિજયી બનાવી પુન સુખરૂપ આવવા દે, અને–અને–”

એટલામા તે યુવતીની પાછળ કોઇએ હસતા હસતા કહ્યુ “અને શ્રેષ્ઠી વસુમિત્રને તારૂણ્ય અને સૌદર્યમા લેશ માત્ર ખામી ન

આવવા દેતા યુથિકાદેવીના હૃદય પર્યંત સુખરૂપ આવી પહોચવા દે ! એમને બહેન ? ”

યુવતીએ ગભરાઈ પાછળ વળી જોયુ તો દુષ્ટ તરલા હસતી હસતી પોતાના તરફ જોતી ઉભેલી જણાઈ લેશમાત્ર પાદધ્વની ન થવા દેતા તરલા પાછળ ક્યારની ઉભી રહી છે તે તે બીચારી જાણી પણ શકી ન હતી !

તરલાએ હસતા હસતા પુછ્યુ “ હવે કેમ બોલતા નથી, બહેન ? વસુમિત્ર માટેજ આટલી હૃદયપૂર્ણ પ્રાર્થના ચાલતી હતીને ? કહો–કહો બાઇ સાહેબ ! ”

તરલાના આ ભાષણથી તે સુદરીના સુદર મુખપર એકદમ લજ્જાની લાલી પ્રસરી ગઇ ! તેના રમણીય કપોલપરની રક્ત છટા જાણે કે વિદ્યુત વેગે સર્વ શરીર પર વ્યાપી ગઈ !

તે સુદર દેખાવ જોઇ તરલા પણ તદ્દન મોહિત બની ગઇ ! તેણે કહ્યુ “ અહાહા ! આ વખતે વસુમિત્ર ક્યા હશે ? આવી અપૂર્વ શોભાનુ દર્શન તેમના નસીબમા ક્યાથી હોય ? ”

તે તરુણીએ પોતાના દાડમકળી જેવા દતથી અધર કરડયો, અને તે એટલે સુધી કે તેનો ઓષ્ટ જોતા જ જોનારને સહજ વિદિત થાય કે ઓષ્ઠ હમણાજ દતથી દબાયા છે ! પછી નેત્રમીચી, હસ્ત જોડી તેણે ભક્તિ ભાવથી પુન મહાદેવને નમસ્કાર કર્યા

તરલા તેજ વખતે હાસ્ય કરી કહેવા લાગી “ દેવાધિદેવ ! મારા મનમા જે ઇચ્છાથી ખળભળાટ થઇ ગયો છે તે લજ્જાથી હું તારી પાસે પ્રગટ કરી શકતી નથી ! મારા હૃદયનુ રત્ન મારા હૃદયમા પાછુ આવી ત્યા અક્ષય રહે તેમ કર ! કૃષ્ણચતુર્દશીના દિવસે અમે બન્ને આવી તારી પૂજા કરીશુ ! પ્રભુ, મારી એક દુષ્ટ સખી અહીં આવીને ઉભી ઉભી પ્રાર્થના સાભળે છે, નહિ તો મે બીજી કેટલીએ ગુપ્ત ગોષ્ટીઓ તને કહી હોત ! ”

દેવને પ્રણામ કરી યુથિકા ઉઠી અને તરલા તરફ વક્ર દષ્ટીએ

જોઇ બોલી "લુચ્ચી, મરતી પણ નથી એક વખત—"

તરલા ખડખડ હસી પડી અને બોલી "તમારામા જો પૂર્વના ઋષી પ્રમાણે પોતાનો શાપ ખરો કરવાનુ સામર્થ્ય હોત તો, બહેન, દિવસમા મારે ઓછામા ઓછા સો વખત મરવુ પડ્યુ હોત ! 'મર જા એક વખત !' એક વખત મરતી પણ નથી લુચ્ચી !' સિવાય તમે મને બીજુ શુ કહોછો ? ઠીક, બહેન, તમારી ઇચ્છા પ્રમાણે હુ જો મરીશ તો તમોને તમારો શ્યામ સુદર કોણ લાવી આવશે ? તેમ જ વિચાર કરી જુઓ—"

"તરલા, તે બહુ ચબાવલાપણ ચલાવ્યુ છે ! મહાદેવીના કર્ણપર જો કઈ જશે તો તે આપણને શુ કહેશે ?"

"અહાહાહા ! કેટલી આબરૂની કાળજી બળી છે ! જાણે કે મહાદેવી તમારા ઉછાછળા ગુણ જાણતા જ નથી !"

યુથિકા ચીડાઇને બોલી "મારા ગુણ મહાદેવીને ખબર હો કે ન હો, પણ તુ તારી મેળે હમેશ મારી મશ્કરી કરીશ નહિ ! તને હુ કહી રાખુ છુ—મને બહેન, ઘણી શરમ આવે છે !"

'શુ બાઇ સાહેબ કહો છો ? મનની વાત છુપાવી રાખે તે માણસ ઉત્તમ, અને ઉઘાડુ બોલે કે, તેના જેવુ કોઇ ખરાબ જ નહિ ! અરે, તમે તો હવે વૃદ્ધ થઇ ગયા છોને ? તમારૂ ગુહ્ય બહાર પડે કેટલા દિવસ થયા છે વારૂ ! તમને હુ એક વિલક્ષણ દેખાવ બતલાવવા માટે બોલાવવા આવી ત્યારે જન્મમા કદી નહિ ભૂલવા જેવા બીજો જ એક દેખાવ અહીં જોવા મળ્યો અહાહા ! વસુમિત્ર જો આ વખતે અહીં હોત તો કેવી મઝા આવી હોત ? પણ તે તો આ વખતે લશ્કરી છાવણીમા ભયકર સ્થિતિમા દિવસ કાઢતા હશે !"

તરલાના મુખના આ છેવટના શબ્દો સાભળી યુથિકાના નેત્ર અશ્રુવારિથી ભરાઇ આવ્યા, પણ મનનો ભાવ ગુપ્ત રાખવા તેણે પુછ્યુ "કેમ, તું શુ મને બતાવવાની હતી ?"

“ ચાલો મારી સાથે, હું બતલાવુ છુ દેવીના દેવળમા તમારા જેવી એક ગાડી છોકરી પૂજન કરતી બેઠી છે—”

વિશેષ કઈ ન બોલતા બન્ને બાગમાથી બહાર પડી.

ભાગીરથીના કાઠે ગગાદ્વાર નજીકમા જ દેવીનુ એક મદિર હતુ. અતિશય જુના પત્થરથી બાધેલા તે દેવળમા ઉપાધ્યાય મહારાજ દેવીની પૂજા કરતા હતા દેવળના આગળના ભાગમા મહાદેવી હસ્ત જોડી ઉભા હતા સામે ચિત્રવિચિત્ર કળાકૌશલ્ય યુક્ત સ્તભથી અત્યત શોભાસ્પદ બની રહેલા મડપમા બહુ મૂલ્ય રેશમી વસ્ત્રો પરિધાન કરેલી કેટલીક તરૂણ સ્ત્રીઓ અને બાલિકાઓ ઉભી હતી મડપના એક ખૂણામા બેસી એક યુવતી લાલ જાસવદીના પુષ્પો રક્તચદનના ગધમા ડુબાવી એકાગ્ર ચિત્તથી પૂજન કરી રહી હતી તેને આરાધ્ય દેવ કે દેવી કોણ હતુ તે બીલકુલ જણાતુ ન હતુ પ્રભુના બદલે તેની સામેના સ્તભ નીચે, રક્તચદનના ગધમા ભીંજવેલા લાલ જાસવદીના પુષ્પોની એક મોટી ઢગલી જણાતી હતી!

યુથિકા અને તરલાએ દેવી મદિરના આગણામા પ્રવેશ કરતા જ આ યુવતીને જોઇ ધીમે રહી, પગલાનો અવાજ ન થવા દેતા તે બન્ને તેની પાછળ ઉભી રહી! તે વખતે પૂજા પૂર્ણ કરી, નેત્ર મીચી, હાથ જોડી તે રમણી પોતાની આરાધ્ય દેવીને પ્રણામ કરતી હતી

યુથિકા અને તરલાને તેની પ્રાર્થનાના અસ્પષ્ટ શબ્દ સભળાયા તે બોલતી હતી—“ મા, કુમારને સુખરૂપ યુદ્ધમા વિજયી બનાવી પાછી લાવજે! તે સુખરૂપ આવશે ત્યારે મારા રક્તથી તારા દેવળની જમીન ભીંજવીશ, માતા, યુવરાજને વિજયી બનાવી પાછા લાવ કુમાર સાથે ભાઇ, અનન્તવર્મા, માધવવર્મા, મહાનાયક, વીરેન્દ્રસિંહ એ સર્વને પણ સુખરુપ લાવજે! મા, કોઇને પણ સમરાગણપર કાળને આધીન થવા ન દઇશ! કોઈનુએ મરણ થશે તો તારા ચરણમા હુ મારો ભોગ આપીશ! મરણનો હવે મને બીલકુલ

ભય લાગતો નથી મા, મા, કુમારને સુખરૂપ પાછા લાવ તારા ચરણમા મારી બીજી કોઈ જાતની પ્રાર્થના નથી !"

એટલામા તરલા પાછળથી હસતી હસતી બોલી "ચિત્રાદેવી, 'કુમાર' 'કુમાર' કહી તમે કોને હાક મારો છો ?"

ચિત્રા ચમકીને એકદમ ઉઠી ઉભી થઇ ! તેણે પાછળ ફરી જોયુ તો તરલા અને યુથિકા દૃષ્ટીએ પડી લજ્જાથી તેનો ચહેરો લાલચોળ થઇ ગયો અને તે ત્યાથી એકદમ નાશી ગઈ !

તેના પગલા સાભળી મહાદેવીએ પુછ્યુ "કોણ છે રે ?'

તરલા બોલી 'ચિત્રાદેવી !"

"ચિત્રા તો પુજન કરતી હતી–તે આમ એકાએક નાશી કેમ ગઈ ?"

તરલાએ કહ્યુ "પુજા પુરી કરી તે દેવીને નમસ્કાર કરતા હતા, તેટલામા અમે આવ્યા તેમની પ્રાર્થના અમે સાભળી ગયા છે એવુ સમજાતા જ તે શરમાઇને એકદમ નાશી ગયા !"

મહાદેવીએ હસીને પુછ્યુ, "કેમ વારુ ? કેવી પ્રાર્થના કરતી હતી ?'

'તે બોલતા હતા, 'કુમાર સુખરૂપ યુદ્ધપરથી પાછા આવશે તો હુ હુણના રક્તથી મહાકાળીની પૂજા કરીશ' !"

તરલાના આ શબ્દો સાભળી મહાદેવી મોટેથી હસવા લાગ્યા ગંગા, લતિકા વગેરે સ્ત્રીઓ પણ હસી હસીને આડી પડી ગઇ ! મહાદેવીના કહેવાથી લતિકા ચિત્રાને શોધી લાવવા દેવળમાથી ગઈ

પછી મહાદેવીએ પુછ્યુ "તરલા, યુથિકા ક્યા ગઇ ? તે આજે મારી પાસે બીલકુલ આવી જ નથી કેમ વારુ ?"

ચિત્રાની પ્રાર્થના સભળાતા યુથિકાના નેત્ર પાણીથી તરબોળ બની ગયા હતા સમદુઃખી એવી તે બાલિકાની પ્રાર્થના સાભળી તેને પોતાના પ્રિય વલ્લભનુ સ્મરણ થઇ આવવાથી તે પોતાને ભૂલી ગઇ હતી ! થોડા વખત પૂર્વે કરેલી પ્રાર્થના તરફ તેનું સર્વ લક્ષ

ગયેલુ હોઇ, વસુમિત્રનુ મગળ કરવા તે આ વખતે દેવાધિદેવને મનમાને મનમા વારવાર વિનવતી હતી તરલા અને મહાદેવીના સવાદનો એક અક્ષર પણ યુથિકાના કાનમા પ્રવેશી શક્યો ન હતો! મદિરમાની યુવતીઓનો હાસ્યધ્વની સાભળી તે ચમકીને ભાનપર આવી! એટલામા મહાદેવીએ તરલાને પુછેલો પ્રશ્ન સાભળી તેના ગાલ અને કાન પુનરપિ લજ્જાથી રક્તમય બની ગયા!

તરલાએ મહાદેવીને ઉત્તર આપ્યો "આ રહ્યા—આ અહીં છે!

યુથિકાએ ધીમે ધીમે આગળ થઇ મહાદેવીને પ્રણામ કર્યા તે ચુપચાપ તેમની પાસે ઉભી રહી તેના વદનપર લજ્જાના લક્ષણ જોઇ મહાદેવીએ પ્રેમાળ સ્વરથી પુછ્યુ "તુ આજે કેમ હમેશની માફક મારી પાસે ન આવી, યુથિકા? તને શુ થાય છે ભલા?"

"કઇ પણ ઉત્તર ન આપતા યુથિકા પગના અગૂઠાના નખથી જમીનની માટી ઉખડવા લાગી"

તરલાએ કહ્યુ "દેવી, બહેન તો મહાદેવના દેવળમા પૂજન કરતા હતા!"

"ઠીક, પૂજન કરતી હશે! પણ તેથી આટલી શરમ શા માટે?' મહાદેવીએ હસીને કહ્યુ

તરલાએ મૃદુહાસ્ય કરી યુથિકા તરફ જોઈ કહ્યુ "એમની પણ લગભગ ચિત્રાદેવી જેવી જ સ્થિતિ થઇ છે, બીજુ શુ?"

યુથિકાએ શરમાઇ માથુ વિશેષ જ નીચુ ઘાલ્યુ એટલામા ચિત્રાનો હસ્ત પકડી તેને ખેચતી ખેચતી લતિકા પણ ત્યા આવી પહોચી

મહાદેવીએ ચિત્રાને પુછ્યુ "ચિત્રા, તુ દેવી આગળ શી પ્રાર્થના કરતી હતી?"

ચિત્રાનો ચહેરો લજ્જાથી આસક્ત બની ગયો. તે પણ તરત નીચે જોવા લાગી મહાદેવીએ ચિત્રાને તરત જ પાસે ખેચી લઇ

તેના શરીરપર હસ્ત ફેરવતા ફેરવતા કહ્યુ "ચિત્રા, તેમા એટલુ શરમાવા જેવુ શુ થયુ તને ? તુ મને કહે–મારા કાનમાં કહે એટલે આમાનુ બીજુ કોઇએ નહિ સાભળે !"

પણ મહાદેવીનુ આશ્વાસન સાભળી ચિત્રા તેમના વક્ષસ્થળમા મુખ છુપાવી ડુસ્કા ભરવા લાગી ! મહાદેવીએ તેને પુષ્કળ સાત્વન આપી તરલાને હસીને કહ્યુ "તરલા આ સર્વ આજે તો મોટી ભક્ત બની ગઇઓ છે ! દેવીને પ્રાર્થના કરવા જેવુ તારૂ કોઇ નથી ?"

તરલાએ સ્મિત કરી કહ્યુ "દેવી ! મારા જેવી ગરીબ દાસીને કોણુ હોય ? છે–મારે મારો યમ છે જ છેવટે !"

લતિકા મહાદેવી પાસે જઇ તેમના કાનમા ધીમે ધીમે કહેવા લાગી "ના દેવી ! તરલા તદ્દન–તદ્દન અસત્ય બોલે છે ! એને પણુ એક છે ! તેનુ નામ જાણો છો તમે ?"

મહાદેવીએ હસીને મસ્તિષ્કથી "ના" એવો ઈસારો કર્યો

"તેનુ નામ વીરેન્દ્રસિંહ ! તરલાએ પોતાની ઓરડીની ભીંતપર એક દિવસે ધીમે રહી વીરેન્દ્રનુ નામ લખ્યુ હતુ, પણ મે તે જોયુ છે એવુ લક્ષમા આવતા તેણે તે તરતજ ભૂસી નાખ્યુ હતુ !"

લતિકા જો કે આ સર્વ માહિતી મહાદેવીના કાનમા તદ્દન ધીમે રહી કહેતી હતી, તોપણુ તેનો અક્ષરે અક્ષર ત્યા બેઠેલી પ્રત્યેક વ્યક્તિને સભળાતો હતો તેનુ કથન પૂર્ણ થતા જ તે સ્ત્રી વૃદમા જે હાસ્ય પ્રસર્યુ તેનુ વર્ણન કરી શકાય તેમ નથી !

તરલાની સ્થિતિ ચમત્કારી બની ગઈ ! તે પીઠ ફેરવી નીચુ મુખ કરી ઉભી રહી લતિકા કંઈક વિશેષ બોલવાની હતી પણ તેટલામા એક દાસીએ આવી મહાદેવીને કહ્યુ "દેવી, મહાપ્રતીહાર વિનયસેન આપનુ દર્શન કરવા આવે છે"

"ઠીક છે તેમને અહી જ લઇ આવ !"

કેટલીક ક્ષણે વિનયસેને આવી મહાદેવીને પ્રણામ કર્યા દેવીએ પુછ્યુ “ કેમ, વિનયસેન શુ કામ છે ? ”

“ મહાદેવીની આજ્ઞાનુસાર મહામત્રીએ એક જોશીરાજને મોકલી આપ્યા છે ”

“ એમ ? ક્યા–ક્યા છે તે ? ”

“ જોશીરાજને ગગાદ્વાર આગળ ઉભા રાખી, હુ આપની પરવાનગી લેવા આવ્યો છુ ”

“ જાવ, તેમને અહી જ લઇ આવો ”

વિનયસેન મહાદેવીને પ્રણામ કરી ત્યાથી ચાલ્યો ગયો કેટલીકવારે એ વૃદ્ધ બ્રાહ્મણને લઇને તે પુન અદર આવ્યો. દેવીની આજ્ઞાથી દાસીએ પાથરેલા દર્ભાસન પર જોશીરાજ બેઠા

મહાદેવીએ તેમની સામે જઇ નમસ્કાર કર્યા જોશીરાજે તેમને હાથ બતાવવા વિનતિ કરી તેમણે હસ્ત આગળ ધર્યો ઘણીવાર સુધી લક્ષપૂર્વક નિરીક્ષણ કરી જોશીરાજે કહ્યુ “ દેવી, થોડા જ દિવસમા આપના મનને ભારે કષ્ટ થવાનુ છે–પરતુ તે બહુ દિવસ ટકી રહેશે એમ લાગતુ નથી ”

મહાદેવીએ અત્યત ઉત્કઠાથી પુછ્યુ “ પણ મારો પુત્ર સુખરૂપ યુદ્ધપરથી પાછો આવશેને જોશી મહારાજ ? ”

જોશીરાજે જમીનપર રેષાઓ દોરવાનો આરભ કર્યો કેટલીકવારે તે બોલ્યા “ યુધમા જય મેળવી અવસ્ય પાછા આવશે ! તેમને યુદ્ધમા ભયકર ઘા થશે,–પરતુ તેનાથી તેમનો કાળ થવાનો સભવ દેખાતો નથી ! ”

“ કેટલા દિવસે આવશે મારો પુત્ર ? ”

“ હજુ ઘણા દિવસ લાગશે, મહાદેવી ! ”

મહાદેવીએ આતુરતાથી પુછ્યુ “ પણ હુ મરીશ તે પહેલા આવશેને ? હુ જીવતા તેને મળી શકીશ કે ? ”

જોશીરાજે પુન મહાદેવીનો હાથ જોઈ કહ્યું “ હા દેવી ! આપ અવશ્ય રાજમાતા થશો

મહાદેવી અતિશય સતુષ્ટ થઇ જોશીરાજની સભાવનાની યોગ્ય વ્યવસ્થા કરવા અત પુરમા ગયા આ ઉત્તમ સધી જોઈ લતિકા યુથિકાને હાથ પકડી જોશીરાજ પાસે ખેચી લાવી અને બોલી અરે જોશીરાજ, આ છોકરીનુ કેમે કરતા લગ્ન થતુ નથી ! જુઓ ! એના સર્વ જીવનમા કદી પણ લગ્ન થવાનો સભવ છે કે ? ”

યુથિકાનો હાથ બરાબર જોઇ જોશીએ કહ્યું “ હા, એનો વિવાહ અવશ્ય થશે ”

“ થશે ? પણ ક્યારે ? ”

જમીન ઉપર કઇ આકડા મુકી જોશીએ કહ્યુ “ પાચ વર્ષે ! ”

યુથિકાએ પોતાના કાનમાથી એક બહુ મૂલ્ય રત્નાભૂષણ કાઢી જોશીરાજના હસ્તપર મુક્યુ બ્રાહ્મણે કૃતજ્ઞહૃદયે તેને આશીર્વાદ આપ્યો “ બેટા, તુ રાજાની રાણી થઇશ ! ’

ત્યારપછી ચિત્રાનો હાથ જોઇ જોશીએ કહ્યુ “ તારો પણ રાણી થવાનો યોગ છે બેટા ! પણ માત્ર એકજ રાત્રી ! ”

પછી લતિકાનો હસ્ત તે જોશીએ પોતાના હાથમા લીધો તેમણે બરાબર અવલોકન કર્યુ જમીન ઉપર આકડા લખ્યા અને ભૂસ્યા પછી કહ્યું ” સમુદ્રતટે મહારાજ સાથે ગાધર્વ વિવાહ થવાનો યોગ જણાય છે બેટા, તુ પણ એક દિવસ માટે રાજાની રાણી થઇશ ! ”

ચિત્રા અને લતિકાને જોશીરાજના ભવિષ્યનો કાઇ અર્થ સમજાયો નહિ ! ખિન્ન બની તે બન્ને સ્તબ્ધતાથી ઉભી રહી.

હવે યુથિકાએ સધી સાધી ! તેણે તરલાને ખેચી આણી તેનો હાથ પકડી કહ્યુ ‘ એનો પણ હાથ જુઓ, જોશી મહારાજ ! ”

જોશીરાજે તરલાના હાથ તરફ ઘણીવાર સુધી જોઈ કહ્યુ ' તારા જીવનના આરભના દિવસો કષ્ટમા જશે ખરા, પણ પછી તુ રાજાની રાણી થઈશ એક દિવસ રોહિતાશ્વદુર્ગની સ્વામીની બનીશ ! ”

જોશીરાજનુ આ ભવિષ્ય સાભળી તરલા ખડખડ હસી પડી અને બોલી “ અરે જોશીરાજ, તમે ગાડાતો નથી થયાને ? અરે, હુ તો, એક ગરીબ દાસી છુ, હુ રાજાની રાણી થઈશ ક્યાંથી ? ”

એટલામા જોશીરાજની સભાવના હસ્તમા લઇ મહાદેવી ત્યા આવ્યા આશા ઉપરાત દ્રવ્યલાભ થવાથી જોશીરાજ અત્યત પ્રસન્ન મનથી દેવીની રજા લઈ જવા તૈયાર થયા, ગગા, લતિકા વગેરે યુવતીઓ મડપમાથી ચાલી ગઈ, યુથિકા પદર-પાલવ વગેરે સભાળી નીચે જોવા લાગી, મહાદેવીએ આશ્ચર્યથી પાછળ વળી જોયુ તો સમ્રાટ ઉભા રહેલા જણાયા

સમ્રાટે અદર આવી પુછ્યુ “ દેવી શુ ચાલે છે ? ”

મહાદેવીએ કહ્યુ “ આ જોશીરાજને મહામત્રીએ મોકલ્યા હતા તે હાથ જોતા હતા ”

“ તારો હસ્ત જોયો કે ? ”

“ હા ”

“ શુ કહ્યુ ? ”

“ શશાક યુદ્ધમા જય મેળવી અવશ્ય પાછો આવશે ”

મહાસેનગુપ્તે આગળ આવી પોતાનો હસ્તપણ જોવા જોશીરાજને વિનતિ કરતા કહ્યુ “ મારા જીવતા શશાક પાછો અવશે કે ?”

સમ્રાટનો હસ્ત જોતા જોશીરાજ મોટા સકટમા પડયા હોય એમ જણાયુ નીચે બેસી તેમણે જમીન ઉપર ઘણા આકડા લખ્યા અને ભૂસ્યા !

" નથી સમજાતુ કંઈ ? સમ્રાટે ચિતાતુર થઈ પુન પુછ્યુ જોશીરાજે અસ્પષ્ટપણે કહ્યુ " કંઈ બરાબર સમજાતુ નથી ! "

નીચુ મુખ કરી સમ્રાટ વિચાર કરતા કરતા ત્યાથી જડ પગલે ચાલ્યા ગયા

પ્રકરણ ૧૨ મું.

મેઘનદનુ યુદ્ધ.

શંકરનદના કીનારાપર યુવરાજ શશાક મહાન સકટમા સપડાયો છે, એવા સમાચાર આવતા જ યશોધવલદેવે બાકીના બે હજાર સ્વાર સાથે આપી વસુમિત્રને યુવરાજને મદદ કરવા તરત જ મોકલ્યો તે, પણ બીલકુલ વિલબ ન કરતા મેઘનાદ ઉતરી બીજા કીનારા પર ચઢી ગયા ત્યા વિશેષ હરકત આવી નહિ અને તેમણે નદીના પૂર્વ તીરપર પોતાની છાવણી નાખી

પ્રથમ પ્રથમ એક બે બડખોર સૈન્યની ટુકડીઓએ વિશેષ સાહસ બતલાવી યશોધવલને ત્રાસ આપવાનો આરભ કર્યો જળયુદ્ધનો બીલકુલ અનુભવ વહિ હોવાથી મગધસેના નદ્દન ગભરાઇ ગઈ, પરતુ પ્રયત્નની પરાકાષ્ટા કરી ગૌડ—નાવિકોએ મગધ સૈન્યની કીર્તિનુ રક્ષણ કર્યુ યુદ્ધદિશા અન્ય તરફ જ ઝુકેલી જોઇ યશોધવલ પણ સહજ ગભરાયા પાયદળ સૈન્યને છાવણીમા રાખી ત્રણ હજાર ગૌડસૈનિકોની સહાયથી એક એક ગામપર હલ્લો કરી મહાનાયક તે તે ગામો પોતાની સત્તામા લેતા જતા હતા યુદ્ધકલાનો પરિચય ન હોવા છતા ગામના લોકો પગલે પગલે અતિ ત્રાસ આપે છે એમ જોઈ યશોધવલદેવની ખાત્રી થઇ કે, આવા પ્રકારનુ યુદ્ધ ચાલુ રહેશે તો સો વર્ષે પણ બગદેશ આપણી સત્તામા આવે એવી આશાને લેશ પણ સ્થાન રહેતુ નથી !

યશોધવલ દેવ આવા સકટમા હતા તેટલામા શકરનદના યુદ્ધના સમાચાર બગદેશમા જઇ પહોચ્યા બડખોર સામતો કામરૂપના સૈન્યની રાહ જોતા હતા ભાસ્કરવર્મા પોતાના સૈન્ય સાથે આવી પહોચે તે પૂર્વેજ યુદ્ધનો અત આવશે, એમ જ્યારે તેમણે જાણ્યુ ત્યારે શસ્ત્રો મુકી દઇ તેઓ મહાનાયકને શરણે આવ્યા છેવટે રહી સામતોની તોફાની પ્રજા ! બૌદ્ધધમના કેવળ આધાર સ્તભ એવા બધુગુપ્ત, શત્રુસેન, જીનેન્દ્રબુદ્ધિ વગેરે બૌદ્ધાચાર્યોની ઉશ્કેરણીથી આ પ્રજા સમ્રાટની સત્તા સ્વાકારવા કેમે કરતા કબૂલ થતી નહતી ! આ કારણુથી સામતો વિકટ ચિંતામા પડ્યા ! છેવટે પોતાનો દેશ છોડી, પોતાની પ્રજા છોડી તેઓ યશોધવલ દેવના આશ્રયે છાવણીમા આવી ગયા

યુદ્ધ જોસભેર ચાલુ થયુ ઠાણેશ્વરના રાજા તરફથી ઉત્તેજન મળતુ હોવાથી ભાસ્કરવર્માનો મોટો પરાજય થવા છતા બધુગુપ્તે બીલકુલ પાછા ન પડતા યુદ્ધ તેવુ જ જોરથી ચલાવ્યુ હતું પરતુ યોગ્ય નેતા નહિ હોવાથી બડખોરોના અશિક્ષિત સૈન્યનો વારવાર પરાભવ થવા લાગ્યો ! આથી મગધ સૈન્યમા ઉત્સાહનુ અવનવુ તેજ પ્રકટ્યુ અને તે પુન વિશેષ વ્યવસ્થિત રીતે યુદ્ધ કરવા લાગ્યુ ગામ ઉપર ગામ, શહેર ઉપર શહેર તાબે થઇ તે ઉજ્જડ થવા લાગ્યા તોપણુ બગદેશની બૌદ્ધધર્માનુયાયી પ્રજા સામ્રાજ્યની સત્તા કેમે કરતા કબૂલ કરતી નહતી ! દૂરદર્શી યશોધવલને વિચારાતે એવુ જણાયુ કે આવા પ્રકારની લઢાઇથી કઇપણ ફળપ્રાપ્તિ શક્ય નથી ! પ્રદેશ ઉપર પ્રદેશને ઉજ્જડ બનાવવાથી સ્વત ને કે સમ્રાટને યત્કિચિત્ ફાયદો થાય તેમ નથી એ કારણુથી સામતોની સહાયથી યશોધવલદેવે સામદામનો ઉપાય યોજવા માડ્યો

પરતુ યશોધવલની ઇચ્છા પ્રમાણે બન્યુ નહિ સુલેહ થઇ નહી બન્ધુગુપ્તની ઉશ્કેરણીથી પ્રજાજનોએ યશોધવલને કહેવડાવ્યુ કે,

અમે ઠાણેશ્વરની પ્રજા છીએ, પાટલીપુત્રની સત્તા પ્રાણ જતા પણ સ્વીકારીશુ નહિ !

વસતના પ્રારભમા યુદ્ધયાત્રાનો ઉદ્યોગ પુન શરૂ થયો. એટલામા યુવરાજ શશાકપણ પાછો આવી યશોધવલ દેવને મળ્યો મહાનાયક તે વખતે ધવલેશ્વરના કીનારે છાવણી નાખી ગયા હતા ઘણે દૂરથી આવવાથી યૂવરાજનુ સૈન્ય વિશ્રાતી માટે તદ્દન અધીરૂ બની ગયુ હતુ તેથી યુદ્ધ અટકાવી તેમને કેટલાક દિવસ વિશ્રાતી આપવી એવી યશોધવલની ઇચ્છા હતી પરતુ ગૌડ સામતોએ તેમને આગ્રહપૂર્વક કહ્યુ કે, જો ગ્રીષ્મ ઋતુમા યુદ્ધ પૂર્ણ નહિ થાય તો પાટલીપુત્રને બીજુ એક વર્ષ છાવણીમા વ્યતિત કરવાની જરૂર પડશે ! કારણ, વર્ષારૂતુમા બગદેશમા યુદ્ધ અશક્ય છે !

યુદ્ધ શરૂ થયુ ચૈત્ર મહિનાના અતમા સુવર્ણ ગ્રામ સામ્રાજ્યની સત્તામા આવ્યુ પછી મહાનાયક અને શશાક વિક્રમપૂર પર ધસી ગયા ગૌડ સામતોની સહાયથી નાની મોટી અનેક નૌકાઓ સામ્રાજ્યના સૈન્યને આવી મળી હતી પાયદળ સૈન્યને પણ હવે જળયુદ્ધનો સારો અનુભવ થયો હતો ઘોડદળ સૈન્ય છાવણીમા રાખી મહાનાયક, યુવરાજ, વીરેદ્રસિહ, વસુમિત્ર અને માધવવર્મા એમણે યુદ્ધનૌકાના અનેક ભાગ કરી ચોતરફ બડખોરો પર જુદા જુદા હલ્લા કરવાની શરૂઆત કરી આથી નાઇલાજ થઇ બડખોરોની સેનાને પાછુ હઠવુ પડયુ

વૈશાખ મહિનાના આરભમા બહુધા યુદ્ધ પૂર્ણ થવા આવ્યુ હતુ જય મેળવી યૂવરાજ ત્વરાથી દક્ષિણ તરફ જતો હતો એટલામા એકાએક શત્રુની સેકડો નૌકાઓ આવી પહોચી અને તેમણે મેઘનાદના તીરપર યૂવરાજપર હુમલો કર્યો ! તે વખતે યૂવરાજ પાસે ફક્ત વીસ નૌકા અને સુમારે ચારસો સૈનિક હતા વીરેદ્રસિહના સૈન્યની ટુકડી તે સ્થાનથી સુમારે પદર ગાઉ દૂર

હતી અને યશોધવલની છાવણી તો દસ દિવસના માર્ગપર હતી ! યૂવરાજને રજા આપતી વખતે મહાનાયકે વિદ્યાધરનદી નામના એક અનુભવી વૃદ્ધ સામતને તેમની સાથે ખાસ મોકલ્યો હતો તેણે યૂવરાજને આ વખતે ધીમે ધીમે પાછા ફરવાની સૂચના કરી. પરતુ તેની એ સલાહ યૂવરાજને કદી પણ માન્ય થાય તેવી નહતી, અને તે ગ્રહણ પણ થઇ નહિ ! ગમે તે થાય તોપણ યુદ્ધ જ કરવુ, એવો યૂવરાજ અને અનતવર્માનો દૃઢ નિશ્ચય થયો તેમણે એવુ ઠરાવ્યુ કે અરૂણોદય વખતે શત્રુ સૈન્યપર ધસી જવુ કોઇપણ ઉપાયે શત્રુનો ભેદ થશે તો બસ છે ! પછી પાછા ફરવાનો કંઇપણ સભવ રહેશે, નહિતો સર્વ પૂર્ણ થશે !

ઉજ્જડ મેદાનમા એકાદ શ્વાપદ મરણોન્મુખ થઇ પડેલુ હોય છે તો જેમ ઘણે દૂરદૂરથી હિંસ્રપક્ષીઓના ટોળા આવી પહોચી તેના ચરણની રાહ જોતા દૂર બેસી રહે છે તેમજ બડખોરોનુ સૈન્ય યુવરાજના સૈન્યની ચોતરફ ઘેરો નાખી યોગ્ય સમયની રાહ જોઇ રહ્યુ હતુ પ્રત્યેક ક્ષણે તેમની શક્તિની વૃદ્ધિ થતી હોઈ પ્રત્યેક ક્ષણે જુદાજુદા ગામોમાથી નાની મોટી નૌકામા બડખોરોની સેના મરણના દ્વારમા પડેલા શત્રુના આયુષ્યની છેવટની ઘડીનો નાશ કરવા આનદથી દોડી આવતી હતી

હવે કાળક્ષેપ કરવામા કઇ અર્થ નથી, એક વખત સોક્ષમોક્ષ કરવો જ ઇષ્ટ છે, એવો વિચાર કરી યૂવરાજ બીજે દિવસે સવારે એકદમ શત્રુ સૈન્યપર તૂટી પડયો ! પરતુ તેનો હેતુ બીલકુલ સધાયો નહિ ! શત્રુનો બ્યૂહ લેશમાત્ર ભેદાયો નહિ !

બપોરે સર્વ સૈન્યને તીરપર એકત્ર કરી યૂવરાજે તેમની રજા લીધી “ જો શત્રુ સૈન્યની હાર ભેદી શકાશે તો આપણે ફરી મળી શકીશુ—નહિ તો મળીશુ સ્વર્ગમા ! પ્રત્યેક નૌકાએ શત્રુની હાર ભેદી પાર જવાનો પ્રયત્ન કરવો, કોઈએ કોઇની રાહ જોવી નહિ ! ” સૈન્યને આજ્ઞા મળી

તે દિવસે યૂવરાજ ના ના કહેતો રહ્યો અને અનતવર્મા તથા વિદ્યાધરનદ યૂવરાજની નૌકામા ચઢી ગયા રણકુશળ એવા વીસ નાવિકો તેની નૌકા ચલાવતા હતા પ્રચડ આવેશથી યૂવરાજની વીસે નૌકા શત્રુનૌકાપર તૂટી પડી ! યુદ્ધની એકજ ધુમશ્ચક્રી ચાલી ! યૂવરાજના નજીવા સૈન્યે બતાવેલા અવર્ણનીય પરાક્રમથી અજાઇ જઇ બડખોર સૈન્યની નૌકાઓ પાછી હઠી ! પરતુ યૂવરાજ તેમની હાર ભેદી શક્યો નહિ !

યૂવરાજની આજ્ઞાથી સર્વ નૌકા પાછી ફરી સુશિક્ષિત ઘોડદળની માફક મુઠભર મગધસેના પુન શત્રુ સૈન્યપર ધસી ગઇ આ વખતે યૂવરાજની નૌકા સર્વથી આગળ હતી તેના અગ્રભાગે પોતાના વિજયી અસ્ત્રાશસ્ત્ર લઇ સ્વત યૂવરાજ શશાક યુદ્ધ કરતો હતો ! આ વખતે માત્ર શત્રુની હાર ભેદાઇ ! જીવપર ઉદાર થયેલા સુશિક્ષિત રણકુશળ વીરોના પ્રચડ આવેશનો હલ્લો સહન ન થવાથી તે અશિક્ષિત ગ્રામ્ય નૌકાઓ શત્રુને પીઠ બતાવી નાશવા લાગી ! યૂવરાજની નૌકા વિધુત વેગે શત્રુના વ્યૂહની વચ્ચે ફરતી હતી તેના અત્યત તીક્ષ્ણ અસ્ત્રશસ્ત્રોના પ્રચડ આઘાતથી સેકડો બડખોર હમેશને માટે પોઢી ગયા ! શત્રુપક્ષના એક પ્રહારના આઘાતથી વિદ્યાધરનદ બેશુદ્ધ થઇ પડયો હતો અનતવર્મા અને દસ નાવિકો સહજ પણ વિશ્રાતી ન લેતા યૂવરાજનુ રક્ષણ કરતા હતા

બડખોરની એકાદી નૌકા દષ્ટીએ પડતા જ યૂવરાજ તેની પૂઠ પકડી તેજ વખતે તેના પર પ્રહાર કરતો હતો તરતજ તે નૌકા જલદેવને અર્પણ થતી, કીંવા ચુપકીથી પોતાનો પરાજય સ્વીકારી યૂવરાજને શરણે આવતી છેવટે વ્યૂહ પૂર્ણ રીતે નષ્ટ થયો, શત્રુની નૌકાઓ છિન્નભિન્ન થઇ ગઇ ! સેકડો નૌકાઓએ નાશી જઈ પોતાના પ્રાણ બચાવ્યા

સધ્યા સમયના અરસામા બહુધા લઢાઇ પૂર્ણ થઇ ! એટ-

લામા શશાકને જણાયુ કે, એક સ્થળે બડખોરોની કેટલીક નૌકા એકત્ર થઈ આવેશથી યુદ્ધ કરે છે, ને ગૌડવીરો કેમે કરતા તેનો પરાભવ કરી શકતા નથી તેજક્ષણે યૂવગાજે નાવિકોને એકદમ નૌકા ત્યા લઇ જવા આજ્ઞા કરી યૂવરાજને મદદેઆવતા જોઇ ગૌડવીર બમણા ઉત્સાહથી યુદ્ધ કરવા લાગ્યા નૌકાપરનૌકા રસાતાળ પહોચવા લાગી, પરતુ કોઈપણ શરણે આવ્યુ નહિ તે જોઈ યૂવરાજને મોટુ આશ્ચર્ય લાગ્યુ

યુદ્ધનો પ્રચડ કોલાહલ, શસ્ત્રાસ્ત્રોનો ખણખણાટ, ઘાયલ થયેલા અને કાળના મુખ આગળ પડેલા સૈનિકોના કરૂણ આર્તસ્વરમા પણ “ શત્રુ ! આ વખતે શશાકની નૌકા દાવમા આવી છે ! ” એમ કોઇએ બૂમ પાડી કોઈને કહ્યુ હોય એવો શશાકને ભાસ થયો !

યૂવરાજે આશ્ચર્યથી સામે ચોક્કસ દૃષ્ટા કરી જોયુ તો શત્રુની અનેક નૌકાના મધ્યભાગમા એક તદ્દન નાની નૌકામા બે બૌદ્ધ ભિક્ષુ બેઠેલા જણાયા તેમાથી એકને તો શશાકે બરાબર ઓળખ્યો ! તે ભિક્ષુ બીજો કોઈ નહિ પણ, ખુદ વજ્રાચાર્ય શત્રુસેન છે એવી શશાકની ખાત્રી થઇ

એટલામા જ બીજા ભિક્ષુએ તાકીને મારેલા શરથી જખમી થઇ એક નાવિક જળમા પડયો! પાછળથી અનતવર્માએ બૂમ પાડી “ કુમાર ! સાવધ રહો ! ”

પરતુ અનતની સૂચના તરફ બીલકુલ લક્ષ ન આપતા યૂવરાજે નૌકાને આગળ કરવા આજ્ઞા કરી એટલામા બીજા ભિક્ષુએ નેમધારી શર ફેકયુ તરત જ શશાકના લક્ષમા તે આવ્યુ અને આત્મરક્ષણાર્થે ઢાલ ઉચી કરી પરતુ તેને સ્પર્શપણ ન કરતા શર તેનાથી દસહાથપર પાણીમા પડયુ તેજ વખતે બીજા એક બાણથી બીજો એક નાવિક ઘાયલ થઇ કાળવશ થયો

યુદ્ધપૂર્ણ થવા આવ્યુ હતું એ નૌકા પ્રયત્નની પરાકાષ્ઠા કરી ને ભિક્ષુઓનુ સંરક્ષણ કરતી હતી યુવરાજના હુકમથી સર્વ નૌકાઓએ તે બે નૌકા પર એકદમ હલ્લો કર્યો !

એટલામા “ શત્રુ ! તુ શુ કરે છે ? ” બીજા ભિક્ષુના મુખમાથી નીકળેલા શબ્દો શશાકને સભળાયા

શત્રુસેને કહ્યું “ મારૂ શરીર તદ્દન બધિર થઇ ગયુ છે ! હાથ ઉચકાતો જ નથી !”

આ જ ક્ષણે બીજા ભિક્ષુએ યુવરાજ તરફ નિશાન તાકી એક શર જોરથી ફેંક્યુ પરતુ તેણે યૂવરાજને સ્પર્શ પણ કર્યો નહિ વિદ્યુત વેગથી દોડી આવી અનતવર્માએ તે પોતાની છાતી પર લીધુ તેજ વખતે સર્વ ભાન નષ્ટ થઈ અનત ધડ દઇને નૌકા પર પડયો !

આ વખતે યૂવરાજની નૌકા તે ભિક્ષુની નૌકાની પાસે જ આવી પહોચી હતી અનત તરફ લક્ષ આપવાના જેટલો યૂવરાજને અવકાશ ન હતો જોતજોતામા બીજો ભિક્ષુ હાથમા તલવાર લઈ શશાક પર તૂટી પડયો પોતાનુ રક્ષણ કરવા યૂવરાજે પોતાની વિજયી ફરસી ઉપાડી તે ફરસીનો ભિક્ષુને માત્ર સ્પર્શ થયો હોત તો તેને આ જગતમાથી આટી પોટી વાળી ‘ નિર્વાણ ’ ને પ્રાપ્ત થવુ પડયુ હોત ! પરતુ એક બખતરી સૈનિકે દોડી આવી ફરસીનો પ્રચડ આઘાત પોતા પર ઝીલી લીધો ફરસીથી બખતર નિમિષ માત્રમા તૂટી ગયુ અને તેનુ મસ્તિષ્ક પણ દૂર થઈ ગયુ !

આજ સધી સાધી તે બીજા ભિક્ષુએ તલવારથી યૂવરાજના શિરસ્ત્રાણપર જબરજસ્ત આઘાત કર્યો તત્ક્ષણે શશાક અચેતન બની મેઘનાદના ઉડા જળમા પડયો ! તે સાથે જ વજ્રાચાર્ય શત્રુસેને પણ પાણીમા કુદકો માર્યો !

સધ્યાકાળથી જ આકાશમા ઇશાન ખુણામા વાદળા એકત્ર થવા લાગ્યા હતા જે ક્ષણે શશાકનુ ચેતન શૂન્ય શરીર મેઘનાદના કાળા ધગમા પડ્યુ, તે જ ક્ષણે પ્રચડ ગર્જના થઈ એકદમ ભયકર તોફાન શરૂ થયુ ! ઉભયપક્ષ યુદ્ધ બધ કરી સ્વરક્ષણના ઉપાય કરવા લાગ્યા શત્રુકે મિત્રની શોધ કરવાનો તેમને આ વખતે અવકાશ જ રહ્યો ન હતો !

પ્રકરણ ૧૩ મું

માછીની ઝૂપડીમા

શીતળા નદીના કીનારે આબા અને ફણસના વૃક્ષોની ઘનઘોર છાયામા એક નાની ઝૂપડી હતી ઝૂપડીના, છાણથી લીપી સ્વચ્છ કરેલા આગણામા એક કાળા રગની સ્ત્રી ઉતાવળથી જાળ ગુથતી બેઠી હતી તેની સામે એક ગૌરવર્ણો તરૂણ બેઠેલો હોઇ તે તેનુ કૌશલ્ય વિસ્મિત દૃષ્ટિથી જોઈ રહ્યો હતો

ઝુપડી તરફ જોતા જ તે એકાદ માછીની હોવી જોઇએ એમ સ્વાભાવિક રીતે જણાઇ આવતુ હતુ જ્યા ત્યા નાની મોટી જાળો પડેલી હતી અને ઝુપડીના બારણામા જ ભરેલા માછલાના ઢગલાના ઢગલા પડયા હતા નદીના સફેદ રેતાળ ભાગ પર બે ત્રણ નાની હોડીઓ પડી હતી નજીકમા મનુષ્ય વસ્તીનુ ક્યાઇ ચિહ્ન પણ દેખાતુ ન હતુ ચોતરફ જ્યા જોઇએ ત્યા પાણી જ પાણી અને સ્થળે સ્થળે લીલી છમ વનલતાના કુદરતી રીતે બનેલા કુજ દૃષ્ટિએ પડતા હતા

ઝૂપડીના આગણામા બેઠેલી તે યુવતી રગે કાળી હતી ખરી, પરતુ રૂપમા સુદર હતી તેના સુડોલ, સુદર અને પ્રમાણ બદ્ધ

અવયવ તરફ જોતા, એકાદ અત્યત કુશળ કારીગરે કાળા લીસા પત્થરની સુદર મૂર્તિ જાણે નિર્માણ કરી હોય એમ લાગતુ હતુ તે તરૂણી અત્યત રમ્ય એવી બેઠકમા ઠીકઠાક બેઠેલી હોઈ માથુ વાકુ કરી બન્ને હસ્તે જાળ ગુથવામા મગ્ન થઇ ગઈ હતી વચ્ચે વચ્ચે કિંચિત હાસ્ય કરી તૃષિત દૃષ્ટિથી તે સામે બેઠેલા તરૂણ તરફ જોતી હતી તેની તે રમણીય દૃષ્ટિનો અર્થ બીજો શો હોય ? અસહનીય એવી તૃષ્ણા, અટકાવવાને કઠિન એવી લાલસા અને હૃદયને થતી અવ્યક્ત—પરતુ અત્યત દારૂણ એવી યાતના, એ સર્વ તે મધુર દૃષ્ટિથી વ્યક્ત થતા હતા !

તે યુવતીનો સોબતી તદ્દન યુવાન હતો. તેનુ વય કઈ વીસ વર્ષથી વિશેષ જણાતુ ન હતુ પરતુ તેનુ રૂપ તદ્દન અસાધારણ હતુ તે અત્યત—અત્યત—નિસ્વરૂપ સુદર સૌદર્ય ઢીમર—માછી કુળમા દૃષ્ટિએ પડવુ કદી જ શક્ય ન હતુ ! કોમળ સૂર્યકિરણથી વિકસેલા લાલ કમળના ગર્ભરગ પ્રમાણે તેની કાત તદ્દન અવર્ણનીય હતી ! ધૂળની બીછાત પર તે બેઠો હતો, અને મેલા તથા ફાટેલા વસ્ત્રો તેના શરીર પર હતા, પણ તે રક્ષાના સૂક્ષ્મ આવરણથી આચ્છાદાયલા લાળા જેવો જણાતો હતો મુડી નાખેલુ તેનુ મસ્તક હતું અને તેના સર્વ અગ પગ શસ્ત્રાસ્ત્રના આઘાતના ઘા દેખાતા હતા તેના મસ્તિષ્કની ડાબી બાજુએ એક મોટો ઘા હોઇ, તે અદ્યાપિ પૂર્ણ રીતે ભરાઈ આવ્યો ન હતો માછીઓની ઝૂપડીઓમા આવુ અમાધારણ, દિવ્યરૂપ કદી પણ જણાતુ નથી તેથી જ તે માછીની પુત્રી કદી કદી નેત્રની પાપણ પણ ન હલાવતા તે તરૂણ તરફ જોતી હતી તે તરૂણ માત્ર એકાદ અજાણ્ બાલક પ્રમાણે વિસ્મય અને આનદથી તે તરૂણીનુ ચપળ હસ્ત કૌશલ્ય જોતો હતો.

એટલામા તે બન્નેને ન સમજવા દેતા એક બીજો તરૂણ ધીમે ધીમે તેમની પાછળ આવી ઉભો રહ્યો તે બન્નેના લક્ષ્યમાં આ વાત

આવી નહિ હમણા જ આવેલા તરૂણના એક હાથમા એક લાબોલચ ભાલો હોઇ બીજા હાથમા પાણીમા ભીંજેલી એક સાધારણ જાળ હતી.

આ બીજો યુવક કેટલીકવાર સુધી આ તરૂણીની હીલચાલ તરફ ચુપકીથી જોતો હતો પછી તેણે તે તરૂણીને કહ્યુ “ભવ, શુ કરે છે?”

તરૂણીએ ચમકીને એકવાર ઉંચે જોયુ, અને તે સહજ ગુસ્સામા જ બોલી! “તને આખો નથી કે? હુ શુ કરૂ છુ તે તને બરોબર જણાય છે ને?”

તે બીજા તરૂણે હાથમાનો ભાલો સજ્જડ પકડ્યો અને કહ્યુ “મને બાપુ, કઇ બરાબર સમજાતુ નથી!”

“ત્યારે અહી નકામો શુ કરવા ઉભો રહ્યો છે? અહીથી જતો રહેને!”

તે તરૂણ માથુ હલાવી દૃઢ સ્વરે બોલ્યો “હુ નથી જતો બાપુ ક્યા છે?”

મુખ ઉચુ પણ ન કરતા ભવ જાળ ગૂથતી રહી

“ભવ, બાપુ ક્યા છે?”

ભવે કપાળે કરચલીઓ પાડી ઉચે જોઇ તીવ્ર સ્વરે કહ્યુ “સૂતા છે ઝૂપડીમા!”

તે તરૂણ ક્ષણવાર વિચાર કરતો ઉભો રહ્યો પછી કપાળે આટીઓ પાડી તેણે એકવાર ભવ તરફ જોયુ અને કઇંક નિશ્ચય કરી તે ઝૂપડી તરફ ગયો

આ જોઇ તે તરૂણીએ મોટેથી બૂમ પાડી “નવીન, અરે નવીન—” નવીને પાછા ફરી તિરસ્કારથી કહ્યુ “કેમ?”

‘ત્યા શા માટે જાય છે તુ?”

“બાપુને બોલાવવા.”

“બાપા થાકી પાકી સૂઈ ગયા છે તેમને નકામો ઉઠાડીશ નહિ, સમજ્યો ?”

ભવની સૂચના તરફ લક્ષ ન આપતા નવીન આગળ જવા લાગ્યો કર્કશ સ્વરે તરુણીએ પુન તેને કહ્યુ “નવીન—નવીન ! પાછો ફર—બાપાને ઉઠાડીશ નહિ—”

નવીન નિરૂપાય બની પાછો ફર્યો અને ભવ પાસે આવી ઉભો રહ્યો પરતુ ભવે તેના તરફ દષ્ટી પણ ન કરી તે તો જાળ ગૂથતીજ બેસી રહી

નવીન કેટલીકવાર સુધી નિસ્તબ્ધતાથી તે તરુણી તરફ જોતો ઉભો હતો છેવટે તેણે હાક મારી “ભવ—”

પણ તેનો કઈ ઉત્તર મળ્યો નહિ !

“ભવ !”

તોપણ ઉત્તર મળ્યો નહિ !

“ભવ—ભવ !”

ભવે કપાળ ચઢાવી પુછ્યુ “કેમ ?”

તરુણી એક વખત છેવટ પોતાની માથે બોલી એ વિચારથી નવીનને આનદ થયો હોય એમ જણાયુ તે વિનવણી યુક્ત સ્વરે બોલ્યો “ચાલ ભવ, આપણે જઈ આવીએ—”

“ક્યા રે ?”

“હોડીમા બેસી જરા ફરી આવીએ કહુ છુ ”

“જા, હુ નથી આવતી !”

“કેમ, ભવ ?” નવીને ખિન્ન સ્વરે પુછ્યુ

“મને હોડીમા બેસીને જવાનુ નથી ગમતુ !”

“આટલા દિવસ તો ગમતુ હતુ !”

“ઠીક, પછી ?”

“ હવે કેમ નથી ગમતુ ? ”

“ ચાલ જા–તારા સવાલનો હુ કઇ જવાબ આપતી નથી ! ”

બિચારો નવીન મુખ ચઢાવી ભવ તરફ જોતો સ્તબ્ધ રહ્યો જાળ ગૂથવામા ભવે ઘણી ભૂલો કરી ! પરસ્પરને અત્યત વિરોધી એવી બે ભાવના આ વખતે તેના હૃદયની સત્તા માટે એકબીજા સાથે દારૂણ યુદ્ધમા પડી હતી

કેટલીકવાર સુધી રાહ જોઈ નવીને પુન હાક મારી “ ભવ—”

“ કેમ તુ મારી પાછળ આમ એક સરખો પડયો છે નવીન ? ”

“ તને હોડીમા બેસીને ફરવાનુ ઘણુ ગમે છે તેથી હુ તને બોલાવવા આવ્યો હતો ચાલને ભવ !—”

“ હુ તારી સાથે નથી આવતી ! ”

“ મારી સાથે નથી આવતી કેમ ? ”

“ તારી સાથે આવુ તો લોકો મને અપવાદ આપેને ! તારી સાથે હુ નથી જ આવતી, જા ! ”

“ આટલા દિવસ મારી સાથે આવવા માટે લોકોએ તારૂ નામ પણ દીધુ નથી ! આજે જ તે અપવાદ આપશે ? ”

“ જા, મને કઇ ખબર નથી ! ”

એમ કહી હાથમાની જાળ જમીન પર પછાડી ભવ ગુસ્સે થઇ ત્યાથી જવા ઉઠી

“ ભવ–જઇશ નહિ, જઇશ નહિ ! ”

પણ ભવ શેની ઉભી રહે ‘ તે ફડફડાટ કરતી ક્યારનીએ ત્યાથી જતી રહી હતી !

નવીન પણ ખિન્ન હૃદયે ધીમે ધીમે બીજી દિશાએ નીકળી ગયો નવીન જતો રહેલો જણાતા જ ભવ તરતજ પુન ત્યા આવી પેલો ગૌરવર્ણો તરૂણ અદ્યાપિ બેઠો હતો ત્યાજ બેસી રહ્યો

હતો તેના તરફ પ્રેમપૂર્ણ દૃષ્ટીથી જોતા જોતા ભવે પુન જાળ ગૂથવાનુ કામ ચલાવ્યુ.

તે તરૂણે વચ્ચે જ એક વખત તેને હાક મારી “ભવ—”

પ્રસન્ન મુદ્રાએ ભવે પુછ્યુ “કેમરે ?”

“ભવ, નવીન કેમ એમ અહીથી ચાલ્યો ગયો ?”

“અરે તે તો ચીડાઇને ગયો !” ભવે હસીને કહ્યુ

“‘ચીડાવુ’ એટલે શુ ભવ ?”

તેના આ પ્રશ્નથી ભવનુ પેટ હસી હસીને દુખી ગયુ અને તે એટલે સુધી કે હસી હસીને તે પેલા તરૂણના શરીરપર આડી પડી ગઇ ! તે તરૂણ ગભરાયલાની માફક તેના સામુ ટકટક જોઇ જ રહ્યો ! ભવે તેને પુછ્યુ “ગાડા, તને કેમ કઇ જ સમજાતુ નથી ?”

“ના !”

“ચીડાવુ એટલે શુ રે ?”

‘કોને ખબર !”

“ઠીક, પ્રેમ એટલે શુ ?”

“કોને ખબર !”

“પ્રેમ પણ જાણતો નથી તુ ?”

“ના, ભવ !”

“મારો કેની, તારા પર પ્રેમ સજ્જડ ચોટયો છે ગાડા !”

“કોને ખબર !”

“ત્યારે તને શેની ખબર છે ?” ભવે હસીને પુછ્યુ

“ના ભવ ! મને કઇપણ ખબર નથી !”

“ખરૂ ક્હે છે ?”

“ખરેખર !”

ભવ તો હસી હસીને થાકી ગઈ કેટલીકવારે તેણે પુન પુછ્યુ

“ ગાડા, સાચુ કહે ! આટલા દિવસ તુ ક્યા હતો ? ”

“ હુ નથી જાણુતો ભવ ! ”

“ તારૂ ઘર ક્યા છે ? ”

“ કોને ખબર, ભવ ! ”

“ તને માબાપ, ભાઇ બહેન, કોઇ જ નથી કે ? ”

તે તરૂણ ગળગળા ખિન્ન સ્વરે બોલ્યો “ હતા, ભવ, હતા ! કોઈ પણ મારા, કોઇ પણ જગ્યાએ હતા, એમ મને લાગે છે ! પણ ક્યા ? કયા અધાર દેશમા ? એ સર્વ પર જાણે કે અધકારનો પડદો પડયો છે ! ”

“ બરાબર યાદ કરી જો ગાડા, તારૂ કોણ ક્યા હતુ તે ! ”

“ ના, ભવ ! મને તે યાદ આવતુ નથી ! યાદ આવવા માંડે છે કે, મારા માથામા કઇનુ કઇ થઇ જાય છે ! ”

“ ભવ, તુ નવીન સાથે ફરવા કેમ ન ગઈ ? ”

“ મને તેની સાથે જવાનુ નથી ગમતુ, ગાડા ! ”

“ પણ પહેલા તો તને તેની સાથે જવાનુ ઘણુ પસદ હતુ, ભવ ! ” ભવે ખિન્ન હાસ્ય કરી કહ્યુ “ તુ તો ગાડો છે ! તારે તે જાણીને શુ કરવુ છે ? તુ આવે છે કે ફરવા ? કહે ”

“ આવુ છુ ”

“ તને હોડીમા બેસી ફરવા જવાનુ ગમે છે ? ”

“ ગમે છે—ઘણુ ગમે છે ! નદીના પાણીમા મારૂ કઈપણ ખોવાઇ ગયુ છે, અને તે શોધીશ તો પુન મને જડશે એમ લાગે છે અને તેથી મને નદીમા ફરવાનુ ઘણુ ગમે છે ! ”

“ ચાલ ત્યારે ! ”

“ નવીનને બોલવી લાવુ ? ”

“ શા માટે ? ” ભવે કપાળ ચઢાવી કહ્યુ.

“ તે તો હમેશ આવે છે તારી સાથે—”

“ જવાદે ! પણ આજે હુ તેને નથી બોલાવતી ”

“ કેમ ? ”

“ હુ તને નથી કહેતી તુ આવતો હોયતો ચાલ મારી સાથે– આવે છે ? ”

ઇચ્છા ન હોવા છતા તે તરુણ ઉઠયો ભવે પાલવ કમરે ખેચી બાધ્યો તેણે એક નાની હોડી રેતીમાથી ખેચી જઇ પાણીમા નાખી તે તરૂણ તેમા ચઢીને બેઠા પછી ભવ બન્ને હાથથી હલેસા મારી હોડી ચલાવવા લાગી

હોડી દૃષ્ટિ બહાર જતા જ નવીન નદી કીનારાપરના એક આમ્રકુજમાથી બહાર આવ્યો જ્યા સુધી તે બન્નેની હોડી જણાતી હતી ત્યા સુધી તે તીરપર ઉભો હતો તે દૃષ્ટિથી દૂર થતા જ એક નિશ્વાસ નાખી ધીમેધીમે ઝુપડી તરફ પાછો ફર્યો

એટલામા કીનારા પરથી તેને કોઇએ બૂમ પાડી “ નવીન–”

“ જીહા–”

“ ભવ ક્યા છે ? ”

“ હોડીમા ફરવા ગઈ છે ”

‘ તુ નથી ગયો કે તેની સાથે ’ ”

“ ના ”

“ કેમ ? ”

નવીન કઈ ઉત્તર ન આપતા માથુ નીચુ કરી ઉભો રહ્યો

“ ભવ સાથે કોણ ગયુ છે ? ”

‘ ગાડો ? ”

‘ ઠીક, તુ આવ સંન્યાસી મહારાજ આવ્યા છે ”

નવીને કાંઠાપર ચઢી જોયુ તો એક ફણુસના ઝાડ નીચે ભગવા વસ્ત્રથી પરિધાન થયેલો એક વૃદ્ધ બેઠેલો જણાયો. તેની પાસે જઈ નવીને તેને ભક્તિપૂર્વક પ્રણામ કર્યા

વૃદ્ધે પુછ્યુ " તે ક્યા છે ભલા ? "

" કોણ ? "

" તમારો અતિથિ ! "

" ભવ સાથે હોડીમા ફરવા ગયો છે ! "

" ઠીક, તે કેવો છે ? "

" સારો છે "

" પાછળની વાતો તેને કઈ સાભળે છે કે ? "

' કઈ નહિ તે ગાડાનુ ગાડપણ હજુ તેવુ જ છે ! "

" ઠીક ત્યારે, હુ હમણા જાઉ છુ પુન આવીશ '

' એમ કહી તે વૃદ્ધ સન્યાસી ચાલ્યો ગયો

" જેણે નવીનને હાક પાડી હતી તેણે તેને પુછ્યુ " નવીન, તુ કેમ ભવ સાથે ગયો નહિ ? "

" મને આજે ઠીક લાગતુ નથી ! "

બન્ને નાના પ્રકારની વાતો કરતા બેઠા અને એવી સ્થિતિમા ઘણો મમય વહી ગયો બે ઘડી રાત્રે ગીત ગાતી ગાતી ભવ ગાડાને લઇ પાછી આવી નવીન હજુ સુધી તટપર બેસી રહ્યો હતો, પરતુ ભવ તેની સાથે બીલકુલ બોલી નહિ

એક મોટો નિ શ્વાસ નાખી નવીન ત્યાથી ચાલ્યો ગયો

પ્રકરણ ૧૪ મુ.

અનન્તવર્માનુ બડ

સાયકાળ થવાને વિશેષ અવકાશ નહતો. મેઘનાદ નદના કીનારે રેતીપર બે સૈનિક વાતો કરતા બેઠા હતા સામે છાવણીનો વિશાળ વિસ્તાર દેખાતો હતો હજારો રાવટીઓથી નદનો કાંઠો છવાઇ ગયો હતો કીનારાપર આવેલા વૃક્ષો નીચે ચૂલા ચેતાવી સૈનિકો પોતાના પેટપાણીની વ્યવસ્થા કરવામા લીન થઇ ગયા હતા

બોલતા બોલતા પહેલા સૈનિકે કહ્યુ “ છટ ! હવે અહી મન જ લાગતુ નથી ! ઘેર ક્યારે જઇ શકાશે તે કઇ સમજાતુ નથી, ભાઇ ! ”

બીજો સૈનિક બોલ્યો “ તેનુ કઇ અનુમાન થતુ નથી, હાય ! યૂવરાજ જો જીવતા હોત તો ક્યારનાએ આપણે આપણા દેશમા જઇ બેઠા હોત ! ”

“ હાય, હાય ! કેવો ભયકર અનર્થ તૂટી પડયો ! ગુપ્ત સામ્રાજ્ય હવે રસાતાળેજ પહોચ્યુ

“ એકદર પરિસ્થિતિ જોઇ તેમ લાગે છે ખરૂ ! મહાનાયક કહે છે, માધવગુપ્ત પ્રભાકરવર્ધનનો વેચાયલો ગુલામ થઇને રહેશે ! તે રાજ ચલાવી શકે એ વાત જ શક્ય નથી ! ”

“ સમ્રાટ તરફ ખબર ગઇ કે ? ”

“ મને લાગે છે કે હવે પહોચી હશે ! ”

“ યૂવરાજના મરણનો વૃતાત તે સાભળ્યો છે કે ? ”

“ હા સાભળ્યો છે ”

“ ક્યા સાભળ્યો ? ’

“ યૂવરાજની નૌકાના નાવિકો અનતવર્મા અને વિદ્યાધરનદને લઇ આવ્યા છે તેમના મુખથી મે તે વાત સાભળેલી છે

" તેમણે શુ કહ્યું ? "

" તેમણે કહ્યુ, ' એક દિવસે બડખોરોના અસખ્ય સૈનિકોએ યૂવરાજના સૈન્યને ઘેરી લીધુ એટલા મોટા સૈન્ય સાથે અલ્પ સખ્યાએ યુદ્ધ કરવુ તે આત્મઘાત કરવા જેવુ છે જાણી વિદ્યાધરે યૂવરાજને પાછા ફરવા સલાહ આપી પરતુ કુમાર તેમનું કહેવુ શેના સાભળે ? વિદ્યાધરની સલાહ તેમણે ધૂતકારી કાઢી, એટલુજ નહિ પણ મુઠીભર સૈન્યસહ તે અસખ્ય શત્રુપર તૂટી પડયા !"

" ઠીક પછી ? પછી શુ થયુ ? " પહેલા સૈનિકે અત્યત આતુરતાથી પ્રશ્ન કર્યો

" ફક્ત વીસ નૌકા અને ત્રણસો ચારસો સૈનિકો લઈ તે વીરશ્રેષ્ટ સો કરતા અધિકનૌકા પર એકદમ તૂટી પડયો ' અને સર્વમા આશ્ચર્ય જેવુ એ હતુ કે, બડખોરોનો નાશ થઇ તેમને નાશતા ભારે પડયુ ' લઢાઇ બહુધા પૂર્ણ થતા એક સ્થળે શત્રુની દસબાર નૌકા આવેશથી યુદ્ધ કરી રહી છે અને તેમનો પરાજય કરી શકાતો નથી એમ યૂવરાજને જણાયુ, ત્યારે તેમણે પોતાની નૌકા એકદમ ત્યા લઇ જવા હુકમ કર્યો, અને તે શત્રુપર તૂટી પડયા ' તેજ વખતે જગી યુદ્ધ થઇ ઉભયપક્ષના ઘણા માર્યા ગયા, વિદ્યાધરનદ અને અનતવર્માને ઘાયલ થવાથી મૂર્ચ્છિત થઈ પડયા એટલામા અકસ્માત પ્રચડવાયુ અને વાદળાનુ તોફાન થયુ અને કોણ કયા ગયો તે કોઇના લક્ષમા આવ્યુ નહિ ' ત્યારથી યૂવરાજનો પત્તો લાગતો નથી ! કોઇ કહે છે, તે યુદ્ધમા માર્યા ગયા અને કોઈ કહે છે તે પાણીમા પડી મરણ પામ્યા ! "

પહેલા સૈનિકે ખેદ પામી પુછયુ " આ વાત સાભળી યશોધવલદેવે શુ કહ્યું હશે ? "

" મહાનાયકને એ વાતની ખબર આપવાનુ કામ અત્યત મુશ્કેલી ભરેલુ હતું યશોધવલને સમાચાર પહોચાડવાની કોઇ હિમત

કરી શકયુ નહિ ! યુદ્ધ પછી ત્રણ દિવસે વિદ્યાધરનદ શુદ્ધિ ઉપર આવ્યા ત્યારે તેમણે મહાનાયકની મુલાકાત લીધી અનતવર્મા તો અદ્યાપિ શુદ્ધિ પર આવ્યા નથી ! આજે ત્રણ દિવસથી યશોધવલે મુખમા પાણી પણ મુક્યુ નથી, કે પોતાની રાવટીમાથી બહાર પણ આવ્યા નથી ! વિરેન્દ્રસિહ, વસુમિત્ર, માધવવર્મા વગેરે કોઇએ સેનાપતિને તે દર્શન આપતા નથી ! શકરનદના તીર પર નરસિહદત્તને સર્વ સમાચાર જણાવવામા આવ્યા છે તે પણ થોડા દિવસમા આવશે જ ! ”

“ હાય ! ત્યારે યૂવરાજ સર્વને ત્યજી ગયા ! હવે સમ્રાટદેવની કેવી સ્થિતિ થશે ! યશોધવલદેવ હવે પાટવી પુત્રને મુખ કેવી રીતે બતલાવશે ? ”

આ વખતે અધકાર વિસ્તૃત થતો જતો હોઇ ચો તરફ સર્વ શાત હતુ, તે સૈનિકના મુખથી ઉક્ત શબ્દ બહાર પડયા ન પડયા, તેટલામા પાછળ યશોધવલદેવ આવી બોલ્યા “પાટલીપુત્રને હુ કેવી રીતે મુખ બતાવુ, એજ વિચાર મને થયા કરે છે !”

બન્ને સૈનિકોએ પુઠ ફેરવી જોયુ તો તેમને જણાયુ કે, સ્વત યશોધવલદેવ પાસે જ ઉભેલા હોઇ, તેમની પાછળ કેટલાક અતર પર મુખ્ય મુખ્ય સેનાપતિ અને સામન્ત માથુ નીચુ ઘાલી ઉભા છે મહાનાયકના મસ્તક પર વસ્ત્ર વગેરે કઈ નહોતા, તેમના લાબા લચ શુભ્ર કેશ વાયુથી ઉડતા હતા, તેમનુ ચિત્ત સ્થિર ન હોઇ તે બહુધા પાગલ જ બન્યા હોય એમ લાગતું હતુ !

નિસ્તબ્ધતાનો ભગ કરી મહાનાયકે તીવ્ર સ્વરે કહ્યુ “ વીરેન્દ્ર, સાભળ ! હજુ પણ હુ ગાડો બન્યો નથી તો પણ થોડા જ વખતમા હુ પુરો પાગલ બનીશ, વસ્ત્રો ફેકી દઇ નગ્ન સ્થિતિમા નાચવા લાગુ ત્યારે મને પાટલીપુત્રમા લઇ જજે હત ભાગ્ય

મહાસેનગુપ્ત જ્યા સુધી જીવતા રહે ત્યા સુધી તેમને કહેજે કે યશોધવલને તેના પાપનુ પૂર્ણ પ્રાયશ્ચિત મળ્યુ છે! પ્રાચીન ધવલવશ નિર્મૂલ થવા છતા યરોધવલના પાપનો ઘડો ભરાયો ન હતો, તે માટે જ વૃદ્ધનો વિશ્વાસ, આધળાનો આધાર, તેના હાથમાથી ખેચી લઈ યશોધવલ દૈવ સાથે દ્યુતક્રીડા કરવા ગયો!"

"સાભળ, વસુમિત્ર, સાભળ! મગધસૈન્યનો સામાન્ય સૈનિક પણ 'વૃદ્ધ યશોધવલ હવે પાટલીપુત્રને મુખ કેવી રીતે બતાવશે?' એમ કહે છે! ખરૂ જ છે! મારા બાલમિત્રને તેના પુત્ર વધની વાત હુ કેવી રીતે જણાવુ? જોશીનુ ભવિષ્ય સાભળી મહાસેનગુપ્ત સદા સર્વદા પુત્રશોકના ભયથી વ્યાકુલ રહેતા તેમનુ સાત્વન કરી, તેમને જુદી જુદી વાતો સમજાવી યુવરાજ શશાકને—મહાસેનગુપ્તની આખની કીકીને મે ખેચી આણી તે વખતે હુ સમજી શક્યો નહિ, પણ હવે મને સારી રીતે સમજાયુ છે કે, આ ડોસો યશોધવલ યુદ્ધ કરવા આવ્યો નહોતો પણ અદષ્ટ સાથે રમત રમવા આવ્યો હતો!"

વીરેન્દ્રસિહ મહાનાયકને ઉદ્દેશી કઈ શાતિદાયક શબ્દ કહેવા જતો હતો, પણ તેટલામા તેને અટકાવી યશોધવલ જ વચ્ચે બોલવા લાગ્યા "ઉભો રહે, વીરેન્દ્ર! મને શાત કરવાના તારા સર્વ પ્રયત્ન વ્યર્થ છે! ઓષ્ઠ દાબે તોએ હજુ દૂધ નીકળે, તેવા કોમળ બાલકને લઇ હુ પ્રત્યક્ષ મૃત્યુની મશ્કરી કરવા આવ્યો! પણ હુ શુ કરૂ છુ, તે તે વખતે મને સમજાયુ નહિ! જેને પુત્ર કેવળ પ્રાણરૂપ છે, તેવા વૃદ્ધ મહાસેનગુપ્ત નગરના તોરણમા સ્વત આવ્યા, અને પોતાના હસ્તે શશાકને મારે સ્વાધીન કરી કહ્યુ હતુ કે, 'યશોધવલ, યુદ્ધનુ પરીણામ ગમે તેવુ આવવાનુ હોય તે આવે! પણ મારા શશાકને માત્ર પાછા લઈ આવજે!' તેના નેત્રની પુતળી હું હમેશને માટે કાઢી લઉ છુ, એમ સમ્રાટને તે વખતે જ લાગ્યુ હતું! વીરેન્દ્ર, વસુમિત્ર, મહાસેનગુપ્ત મારો સમ્રાટ નથી, મગધનો ચક્રવર્તી નથી તે મારો

પ્રિય બાલમિત્ર છે હાય ! કીર્તિધવલના શોકથી વ્યાકુલ બની હુ તેને વિસરી ગયો હતો, પણ પછી એ પુત્રશોકને પણ વિસારે મુકી પ્રિય મિત્રના પુત્રનો વધ કરવા હુ પાટલીપુત્રમા આવ્યો ! હા, કુમાર શશાકનો વધ મે જ કર્યો છે ! તેની ખાત્રી હતી કે, જ્યા સુધી યશોધવલના દેહમા પ્રાણ છે ત્યા સુધી તેનો વાળ પણ કોઇથી વાકો નહિ થઈ શકે ! એજ સમજથી શ્રદ્ધા પૂર્વક ગણ્યાગાઠ્યા સૈનિકો લઇ યૂવરાજ વિકરાળ વનરાજ સમો શત્રુની લાખની ગણત્રીએ ગણાતી સેનાપર તુટી પડયો હતો મૂઠીભર માણસો લઈ તે બગના ખડને તોડી નાખવા ધસી ગયો હતો તેની ખાત્રી હતી કે યશોધવલ સેકડો ગાઉ દૂર હશે, પણ સકટ સમયે તે દોડી આવીને હૃદય સરસો ચાપ્યા સિવાય નહિ રહે પણ મારો એ શશાક હવે ક્યા છે? મારો કુમાર ક્યા છે? હુ અભાગી તેનુ રક્ષણ ન જ કરી શક્યો ! કુમારને યુદ્ધ કેમ કરવુ તે શીખવ્યુ પણ આત્મરક્ષણની કળાનુ ભાન નહોતુ કરાવ્યુ બસ યુદ્ધનો અત આવ્યો અને તે સાથે મારા શશાકનો અવતાર પણ પૂર્ણ થયો ”

ગાત્ર શિથીલ થઇ જવાથી ધ્રૂજતા ધ્રૂજતા મહાનાયક રેતીપર ઢળી પડયા સેનાપતિ અને સામત હાથ આપી ઉઠાડવા દોડી આવ્યા, પણ મહાનાયકે તેમને અટકાવી કહ્યુ “હુ હજુ શુદ્ધિમા છુ પણ જો ખરેખર શુદ્ધિ મારી જશે તોજ કઇક સ્વસ્થતા પામી શકીશ કીર્તિધવલ મને ત્યજી ગયો અને તે અસહ્ય દુ:ખ સહી લીધુ તેમ શશાકનુ મૃત્યુ પણ સહી લેવુ જોઇએ પરતુ ત્રણ દિવસને ત્રણ રાત્રી કેવી ગઈ છે તે જાણો છો? શશાકની માતાને શુ કહીશ? વૃદ્ધ મહાસેન ગુપીને ક્યા શબ્દોથી શાત કરીશ? બીજો પણ એક ભયકર વિચાર મારા ચિત્તને ચીરી રહ્યો છે !—સમ્રાટ સમુદ્રગુપ્તનુ સિહાસન પ્રભાકરવર્ધનને કેવી રીતે દબાવી પડવા દઉં?”

નદી કીનારાની રેતીમા બેઠેલા તે બન્ને સૈનિક લગભગ ગાંડા બની ગયેલા મહાનાયકની શોચનીય સ્થિતિ, ચિત્રની માફક સ્તબ્ધ બની જોઈ રહ્યા હતા ! કેટલેક દૂર ઉભી રહેલી મગધસેના મૂકરૂપણે નેત્રો માથી અશ્રુ સારતી સારતી વૃદ્ધ મહાનાયકના શબ્દો સાભળતી હતી !

એટલામા અણુચીંતવ્યા કરૂણસ્વરે કોઈએ ચીસ પાડી "યૂવરાજ, શશાંક તમે ક્યા છો ? હજુ મારા શરીરમા શક્તિ આવી નથી, મને બરાબર દેખાતુ નથી, પગ ઉંચકવાનુ સામર્થ્ય નથી યૂવરાજ, કુમાર, એમ છુપાઇ ન બેસો ! આવો, આવો, દોડી આવી મને હૃદય સાથે દાબો ! તમારા માટે મારો પ્રાણ કેવો વ્યાકુળ બની ગયો છે ? યૂવરાજ, શશાંક આવો—"

આ કરૂણસ્વર સાભળી માધવવર્મા ચમકીને બોલ્યો "કોણ ! અનત તો ન હોય !"

ક્ષીણસ્વરે પુન કોઈ બોલ્યુ "ક્યા છો તમે કુમાર ? તમે મને કઇએ દેખાતા નથી યૂવરાજ, તમે દૃષ્ટિએ નહિ પડો તો હુ કેવી રીતે જીવી શકીશ ? હવે મારો અત ન જૂઓ, શશાંક, પ્રભુ ! હવે લપાઇ બેસશો નહિ ! નિદાન એક વખત પણ તમને જોઇ નેત્ર તૃપ્ત કરી લેઇશ મને પાસે બેસાડી બે શબ્દ મારી સાથે બોલો અને પછી એ સતાકુકડી રમો !"

અનતવર્મા ધીમે ધીમે મહાનાયક તરફ જવા લાગ્યો મહાનાયકના હૃદયમા વિલક્ષણ રીતે શોકસમુદ્ર ઉછળવા લાગ્યો તેમણે ગદ્ગદિત થઇ પુછ્યુ "અનત, મારો કુમાર શશાંક ક્યા છે ?"

તેમનો સ્વર ઓળખી અનતે કહ્યુ "કોણ ? મહાનાયક ? યુવરાજ ક્યા છે ? મને હજુ આખે બરાબર દેખાતુ નથી !"

વૃદ્ધ મહાનાયકે અનતને તરત જ ખેચી પોતાના ખોળામા બેસાડયો અનતે વિસ્મયતાથી પુછ્યુ 'મહાનાયક કુમાર ક્યા છે ?"

યશોધવલદેવે ડુસકાં ભરતા કહ્યુ “બેટા, તેને જ શોધતો હુ ભટકુ છુ !”

અનતને અધિક જ આશ્ચર્ય થયુ તેણે કહ્યુ “ત્યારે શુ, યૂવરાજ આપને પણ દર્શન દેતા નથી ?”

માધવવર્માએ પાસે જઈ તેનો હાથ પકડયો અને કહ્યુ, “અનત, તુ સહજ આમ આવ તો !”

અનત કરુણ સ્વરે બોલ્યો “માધવ, યૂવરાજ ક્યા છે રે ?”

યશોધવલ હવે હૃદયનો આવેગ અટકાવી શક્યા નહિ ! એક બાલક પ્રમાણે તેમણે રડતા રડતા કહ્યુ “અનત, મને લાગે છે, તારો યૂવરાજ સર્વને છોડીને ચાલ્યો ગયો ! સર્વ જન્મ માટે છોડી ગયો !—પુન તે પાછો આવશે નહિ !”

અનતે ધીમેધીમે મહાનાયકના ખોળામાથી ઉઠી ચોતરફ દૃષ્ટી ફેરવી કહ્યુ “ત્યારે યૂવરાજ અમને ત્યજી ગયા કેમ ? તેથી જ મને કોઈ લઢાઈની વાત કહેતુ નથી !”

કેટલીકવાર પુન સર્વત્ર સ્તબ્ધતા છવાઈ રહી પછી યશોધવલે કહ્યુ ‘ તમે સર્વ હવે પાટલીપુત્ર જાવ હુ અહી બગદેશમા [illegible] ”

મહાનાયકનુ આ ભાષણ પુરૂ થયુ નહિ તેટલામા અનતે ગર્જના કરી કહ્યુ શુ કહ્યુ મહાનાયક, અમોને ? પાટલીપુત્ર પાછા જઈએ ! પાટલીપુત્ર જઈ મહારાજાધિરાજને કયુ મુખ બતલાવવુ ? મહાદેવીને અમારે શુ કહેવુ ? ‘ જ્યાસુધી દેહમા પ્રાણ હશે, ત્યાસુધી યુવરાજની પીઠ હુ નહિ છોડુ, ’ એવી દેવીના દેવળમા પ્રતિજ્ઞા કરીને હુ આવ્યો છુ પણ હુ અભાગી હજુ જીવુ છુ—યૂવરાજ મને છોડી ગયા ? કયુ મુખ લઈને હુ પાટલીપુત્રમા પ્રવેશ કરૂ ? ”

એમ કહી જોતજોતામા અનતે વસુમિત્રની કમરે લટકતી તલવાર સરરર બહાર કાઢી, અને તે પોતાને કપાળે લગાડી કહ્યુ “આ

તલવારને સ્પર્શ કરી હુ પ્રતિજ્ઞા કરૂ છુ કે, યૂવરાજ શશાક જો કદી પાછા આવશે તોજ આ અનંતવર્મા પાટલીપુત્રમા પગ મુકશે, નહિ તો આખા જન્મમા પણ ત્યા જશે નહિ !"

એવા શપથ લઈ અનંતે મસ્તકપરથી તલવાર નીચે ઉતારી ઘૂટણ આગળ રાખી તેના બે ટૂકડા કરી નાખ્યા અને પછી ઘૂટણીએ પડી તેણે મહાનાયક પાસે બેસી હાથ જોડી કહ્યુ "દેવ, આ મૌખરી બંડખોર બન્યો છે ! આપ મુખ્ય સેનાપતિ !—પણ હું આપની આજ્ઞા બીલકુલ માનનો નથી ! મને કેદ કરવાની આજ્ઞા કરો !"

એકદમ હજારો કંઠમાથી પ્રચંડ જયધ્વની થયો ! મગધ વીરોના હૃદયમા વિલક્ષણ વિચાર વમળ ઉદ્ભવ્યા અને સર્વ ભાન ભૂલી પ્રચંડ જયધ્વની કરવા લાગ્યા ગાડાની માફક ડસકા ભરતા એક બીજાને આલીંગન કરવા લાગ્યા ! 'યૂવરાજ પાછા નહિ આવે તો કોઈપણ મગધમા પાછો જશે નહિ !' એવા સર્વએ શપથ લીધા

પછી માધવવર્મા, વસુમિત્ર, વીરેન્દ્રસિંહ વગેરે એકએક સેનાપતિ આગળ આવી યશોધવલને કહેવા લાગ્યો "અમે સર્વ બંડખોર છીએ !—અમારામાનો કોઈપણ આપનો હુકમ માનતો નથી !—અમે પાટલીપુત્રમા પાછા જતા નથી !"

વૃદ્ધ યશોધવલ નિસ્તબ્ધપણે ઉભા હતા ! તેમના ચક્ષુ બંધ હોઈ તેમના ગાલપરથી અસ્ખલિત અશ્રુધારા વહી જતી હતી !

પરંતુ તેટલામા અનંતના જખમમાથી રક્તસ્રાવ થવા લાગ્યો તે મૂર્છિત થઇ યશોધવલના પગ આગળ ધબ દઈને પડયો !

પ્રકરણ ૧૫ મું.

જ્યોતીપરનું પતંગીયું!

નદી કીનારે આવેલા આમ્રકુજમા બેસીને ભવ એક ગીત ગાતી હતી, અને પેલો ગૌરવર્ણો તરૂણ તેના પગ આગળ બેસી મોહિત બની તેનુ તે ગીત સાભળવામા તલ્લીન બની ગયો હતો!

સધ્યા સમય થઇ ગયો હતો દક્ષિણ દિશામાથી શીતળ વાયુની લહરીપર લહરી આવી નદીના જળસ્પર્શથી વિશેષ જ શીતળ બની જગતને તદ્દન શાત કરી નાખતી હતી! જ્યા ત્યા શાત નિસ્તબ્ધતા પ્રસરેલી હોઇ જાણે કે સર્વ જગત જ મુગ્ધ બની તે ઢીમર કન્યાના, અપ્સરાને પણ શરમાવનારા કઠમાથી નીકળતુ મધુર સગીત સાભળી રહ્યુ હતુ.

આ સ્થિતિમા કેટલોક સમય વહી ગયો ભવે પોતાનુ તે મધુર ગીત બધ કર્યું તેજ વખતે જાણે કે જગતનુ માયાબધન તડ લઇને તૂટી ગયુ! પક્ષી પોતાના માળામા પુન કિલકિલાટ કરવા લાગ્યા! શીતળતાની હજારો લહરી કીનારાપર અથડાઈ ઉછળવા લાગી!

ભવનુ ગાન અટકતા જ તે તરૂણ પણ એકદમ ચમકયા જેવુ કરી બોલ્યો "ભવ, અટકી કેમ?"

ભવે તેને કઈ ઉત્તર આપ્યો નહિ માત્ર તેના તરફ વક્ર દૃષ્ટિથી જોઇ તે હસી!

ગાડાએ પુન પુછ્યુ "ગાતી ગાતી અટકી કેમ, ભવ?"

"અરે, ગીત પુરૂ થયુ તેથી!"

"પણ તારૂ ગીત પુરૂ કેમ થયુ?"

ભવ પુન હસીને સ્તબ્ધ રહી

"ભવ, તારૂં ગીત પુરૂં કેમ થયું ?"

"'કેમ' નો હું કંઇ ઉત્તર આપી શક્તિ નથી !"

"કેમ ઉત્તર આપી શક્તિ નથી ?"

"તું તદ્દન ગાડો છે તેથી ! સમજ્યો ગાડા ?"

"સમજ્યો !"

કેટલીકવાર સુધી ઉભય ચૂપ હતા ભવ એક સરખી ટગરટગર ગાડા તરફ જોતી હતી ત્યારે તે નદી તરફ જોતો હતો

પછી કેટલીકવારે ગાડાએ હાક મારી "ભવ—"

"કેમ રે ?"

"ભવ ! તારૂં ગીત મને સાભળવું બહુ ગમે છે !"

ભવે હસીને કહ્યું "એમ ! મારૂં ગીત તને કેમ ગમે છે, ગાડા ?"

"તારૂં ગીત ઘણું મીઠું છે તેથી !"

"એમ ?"

પુન કેટલીક ક્ષણસુધી બન્ને સ્તબ્ધ રહ્યા પછી એક નિઃશ્વાસ નાખી ભવે ગાડાને પુછ્યું "ગાડા, હું તને ગમું છું કે ?"

"હા, ગમે છે ભવ, બહુ ગમે છે"

ભવને આ ઉત્તરથી ઘણો આનંદ થયા જેવું જણાયું. તેણે હસીને પુછ્યું "કેમ વારુ હું તને ગમું છું, ગાડા ?"

"તારૂં ગીત બહુ જ મીઠું લાગે છે તેથી ! કેવું મીઠું ગાય છે !"

"એટલા માટે જ હું તને ગમું છું ?"

"હા ?"

"અને બીજા કશા માટે નહિ ?"

"નથી ખબર !"

ભવે એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો, તે મુખ ફેરવી નદીના પ્રવાહ તરફ જોઇ રહી

ગાડાને તેના આ વર્તનથી કિંચિત્ આશ્ચર્ય થયા જેવુ દેખાયુ. ક્ષણવારે તેણે કહ્યુ "ભવ—"

"કેમરે!"

"ભવ, આજ તુ બીજુ કઇ નથી ગાતી કે?"

"ના—"

"કેમ?"

"અરે, સંધ્યાકાળ થઇને? હવે ઘેર જવુ છેકેનહિ?"

"સંધ્યાકાળ તો દરરોજ થાય છે,!"

ભવે ખડખડ હસી કહ્યુ "ત્યારે હુ પણ દરરોજ નથી ગાતી કે?"

"તો પણ તુ ગા જ!"

"શા માટે?"

"તારૂ ગીત સાભળી મનની તૃપ્તી જ થતી નથી!" તે તરૂણે તરુણી તરફ કરૂણ દષ્ટિથી જોઇ કહ્યુ

ભવના મુખ પર આનદ અને હાસ્યની લહરી પ્રસરી, પરતુ તે ક્ષણ માત્ર જ! કેટલીક વાર સુધી તે સ્તબ્ધ બેસી રહી અને પછી બોલી "ગાડા, વારૂ તુ કોણ છે?"

"હુ કોણ છુ! ગાડો છુ" ગાડાએ હસીને કહ્યુ તેના હાસ્યમા ખિન્નતાની છાયા ભરેલી હતી!

"ગાડા, તુ જન્મથી જ આવો ગાડો છે?"

ગાડો ગભરાઇને કેવળ તેના મુખ તરફ ટગરટગર જોઇ રહ્યો!

"ગાડા! મે તને શુ પુછ્યુ?"

"શુ?"

"તુ જન્મથી જ ગાડો છે?"

"એટલે શુ, ભવ?"

ભવ મોટેથી હસીને બોલી "ગાડા, ખરૂ જ છે, તુ તદ્દન ગાડો છુ તને પહેલાની વાત કદીપણ યાદ આવતી નથી કે? કદી એકલો બેસે છે, ત્યારે પણ—કદી–રાત્રે—"

"કદી કદી મને કઈક યાદ આવે છે, ભવ !–"

"શુ યાદ આવે છે?"

"બરોબર નથી સાભળતુ ! મને એવુ લાગે છે કે, કોઇપણ કદી પણ ક્યાઈ પણ, મારા હતા ! પણ એ સર્વ તદ્દન છાયા જેવુ ભાસે છે સ્પષ્ટ દેખાતુ નથી !"

"ઠીક, તુ અહી કેવી રીતે આવ્યો? છે યાદ કઈ તને?"

"ના !"

"પણ તે સમજવુ જોઇએ એમ તને નથી લાગતુ?"

"ના !"

"ગાડો જ છે ને તુ?"

"પણ તુ તારી મેળે ગાને, ભવ !"

"શુ ગાઉ?"

"આ ચદ્રની ચાદરણીનુ ગીત !"

ભવે મનમા ગણુગણી તે ગીત ગાવાનો પ્રારભ કર્યો શુક્લ પચમીના ચદ્રનો ક્ષીણપ્રકાશ આમ્ર કુજનો ઘનઘોર અધકાર નષ્ટ કરવા અપૂર્વ પ્રયત્ન કરતો હતો, પણ તેનો તે પ્રયત્ન બીલકુલ વિજયી થતો નહતો ! નદીના કાળા જળના તરગમા પ્રતિબિબિત થઇ તે તે કૃષ્ણકામિનીને વિદ્યુલ્લતાનુ રૂપ આપતો હતો ! તે ઢીમર કન્યાનો કઠ જે પ્રમાણે મધુર હતો, તે પ્રમાણે જ તે ચદ્રના ચાદરણાનુ ગીત અત્યત સુદર હતુ તે ગાડો તે તરૂણી તરફ પલકારો પણ ન મારતા એક સરખો જોઈ રહ્યો હતો, તેને તેનાથી અનિર્વર્ણનીય આનદ થતો હોય તેમ દેખાતુ હતુ !

અકસ્માત ગીત અટક્યુ ને તેની સાથેજ ગાડો ગભરાઇને ભવ તરફ જોવા લાગ્યો

" ગાડા, તને ચદ્રનુ ચાદરણુ ગમે છે કે ? "

" હા, ઘણુ ગમે છે, ભવ! "

" હુ ગમુ છુ કે તને ? "

" હા, ભવ! "

" કેમ ? "

" કોને ખબર! "

" ગાડા, તુ અહીં આવ્યો ત્યારથી તુ પણ મને ઘણો ગમે છે! "

તે ઢીમર કન્યા તો પ્રેમથી ભાન ભૂલી ગઇ હતી! તે ગાડાનું અસાધારણુ સૌદર્ય જોઇ એકાદ ક્ષુદ્ર પતગીયા પ્રમાણે તેણે સૌદર્ય જ્યોતીમા કુદકો માર્યો હતો! ડોસા દીનનાથે પોતાની પુત્રી હમેશ ઘેરજ રહે તે માટે અનાથ બાળક નવીનને દૂર દેશથી ખાસ લઇ આવી ઘર જમાઈ કરવાના હેતુથી નાનપણુથી પોતાની નજર નીચે ઉછેર્યો હતો હવે ભવને નવીનનો તિરસ્કાર કરતી જોઇ ડોસાને ઘણુ ખોટુ લાગતુ, અને તે પોતાની પુત્રીને સમજાવવાનો પ્રયત્ન પણુ કરતો. પરતુ ભવ હવે તેને બીલકુલ સાભળતી ન હતી! ગાડો ત્યા આવતા પૂર્વે તે ઘણી સારી, આજ્ઞાધારક પુત્રી હતી પણુ તે આવ્યા પછી સર્વ ચક્કર એકદમ ફર્યું! હવે ભવ ઘર સસાર તરફ બીલકુલ જોતી નહતી દિવસ હો કે, રાત હો, પીંજરામાથી મુક્ત થયેલી એકાદ પખીણીની માફક તે ગમે ત્યા ફરતી હતી! કદી ખેતરમા, મેદાનમા અને કોતરમા ફરતી તો કદી નદીમા હોડી નાખી હલેશા મારતી ગમે ત્યા જતી! ડોસા દીનનાથને તેનુ આ વર્તન બીલકુલ પસદ પડતુ નહતુ, તો પણુ ભવ તેની એકની એક પુત્રી હોવાથી તેના પર તે કદી ગુસ્સે થતો નહતો નવીનને ભવનુ આ

વર્તન પસદ થવુ અસભવિત જ હતુ પરતુ તેને પણ તે મૂગા રહી સહન કરવુ પડતુ હતુ. કદી એક અક્ષર પણ ભવની વિરૂદ્ધ ન કાઢતા તે સસાર કૃત્યમા ડોસાને મન પૂર્વક મદદ કરતો હતો

કેટલીકવાર સુધી બન્ને ચૂપ રહ્યા હતા, ગાડો ચદ્ર તરફ સ્થિર દૃષ્ટિએ જોતો હતો, ભવ શૂન્ય દૃષ્ટિથી દૂર જોતી હતી

ભવે પુન એકદમ વચ્ચે જ પુછ્યુ "ગાડા, કહેને કહે મને–'

" શુ ભવ ? "

" તુ છે, કોણ ? "

" કોને ખબર, ભવ ! "

" સન્યાસી મહારાજ તો કહે છે કે, તુ રાજપુત્ર છે ખરૂ ?"

" રાજપુત્ર એટલે શુ ? "

" રાજપુત્ર એટલે રાજાનો પુત્ર. "

" કયો રાજા ? "

" સન્યાસી મહારાજ આવશે એટલે હુ તેમને તે પુછીશ ! '

" પણ સન્યાસી મહારાજ કોણ ? "

" જે તને અહીં મુકી ગયા તે—"

" મને સન્યાસી મહારાજ અહીં લાવ્યા ? "

" હા—"

" કોણ છે તે ? "

" તે તો ગારૂડી છે બાપ !—"

" ગારૂડી એટલે શુ ? "

" જાદુ કરે છે તે, અરે ! તે સન્યાસી મહારાજ ઝાડની ડાળી ઉપર બેસીને અહીં આવે છે ! '

" તે મને તમારી પાસે કેમ લાવ્યા ? "

" હા, કહે છે કે તુ લઢાઈમા મરી ગયો હતો !–એ સન્યાસી મહારાજે તને હોડીમા લઇને બચાવ્યો પણ તોફાનનેલીધે હોડી ઉધી

વળી ગઇ હતી ! સારા નશીબે બાપુ માછલા પકડવા ગયા હતા તે વખતે તમે નજરે પડયા તેથી બચાવીને અહીં લાવ્યા ”

“ મને તો એમાનુ કઈ સાભળતુ નથી ! ’

“ કેવી રીતે સાભળે ? ”

“ કેમ ભલા ? ”

‘ તુ તો તે વખતે તાવથી બેભાન પડયો હતો ! ”

“ તે સન્યાસી ક્યા ગયા ? ”

“ તને અમારી ઝૂપડીમા રાખી ઝાડ પર ચઢી ઉપર ને ઉપર ક્યાએ ઉડી ગયા ! ”

“ પુન તે અહીં ક્યારે આવશે, ભવ ? ”

“ તેની મને ખબર નથી ! પણ એટલુ નક્કી છે કે તે આવ્યા સિવાય નહિ રહે ! ”

“ ઠીક, પછી શુ થયુ ? ”

“ તારા શરીર પર શુ છે તે બરાબર જો ! ”

“ શુ છે ? ”

“ આ આટલા ડાઘા શેના દેખાય છે ? ”

“ નથી કાંઈ દેખાતુ ”

“ બાપુ નદીમાથી બચાવી જ્યારે તને અહીં લઇ આવ્યા ત્યારે તારા શરીરપર જ્યા ત્યા ઘા પડેલા હતા ! નવીને મલમ પટા બાધી તારા એ ઘા રૂઝવ્યા છે

“ નવીને ? ” એમ કહી ગાડો કેટલીક વાર સુધી ચૂપ રહ્યો પછી માથુ હલાવી તેણે કહ્યુ “ ના ભાઇ, મને એમાનુ કઇ યાદ આવતુ નથી ! ”

એટલામા પાછળથી નવીને બૂમ પાડી કહ્યુ “ ભવ, બાપુ બોલાવે છે તને ”

“ શા માટે ? ”

“ હુ નથી જાણતો ”

“ ત્યારે જા, હુ નથી આવતી ”

ગાડો બોલ્યો “ ભવ, તુ કેમ નથી જતી ? નવીનને ખોટુ લાગશે બાપુને ગુસ્સો આવશે—”

“ ગમે તે થવાદે—હુ જઈશ નહિ—’

“ ત્યારે અહીં બેસીને તુ શુ કરીશ ? ”

“ ગીત સાભળીશ ? ”

સાભળુ છુ—સાભળીશ ”

ભવ ગીત ગાવાને ગણગણવા લાગી, એટલામા પાછળથી ડોસાએ હાકમારી “ ભવ આમ આવ તો ”

“ બાપુ, હુ હમણા નથી આવતી ! ”

‘ ખાવુ પીવુ કઈ નથી ? ”

“ ના ! ”

“ ગીત ગાવાથી પેટ ભરાશે કે ? ’

“ ભરાશે ! ”

ડોસો ગુસ્સે થઈ બોલ્યો “ મર જા ત્યારે !—”

ગાડો ઉઠીને ઉભો થઈ બોલ્યો “ ભવ, ચાલ ઘેર જઈએ

“ ગીત નથી સાભળતો ? ”

“ ના—બાપુ ગુસ્સે થયા છે ”

વિશેષ કઈ ન બોલતા ગાડાનો હાથ પકડી ભવ ઝૂપડી તરફ જવા નીકળી

પ્રકરણ ૧૬.

મહાસેનગુપ્તનુ ભવિષ્ય

મેઘનાદના યુદ્ધ પછી પાચ વર્ષનો દીર્ઘકાળ વહી ગયો છે અદ્યાપિ પણ યશોધવલદેવ સેનાપતિઓ અને સામંતો પાટલીપુત્રમા પાછા આવ્યા નથી

વીરેન્દ્રસિંહ ગૌડમા, વસુમિત્ર બંગદેશમા, માધવવર્મા સમતટ પ્રદેશમા, નરસિંહદત્ત રાઢમા અને યશોધવલદેવ તથા અનંતવર્મા મેઘનાદ તટપરની પોતપોતાની છાવણીમા રહેતા હતા આજ અરસામા સમ્રાટ મહાસેનગુપ્તનો મૃત્યુકાળ સમીપ આવેલો હોઇ તેમણે યશોધવલદેવનુ સ્મરણ કર્યું છે, એવી બાતમી પાટલીપુત્રથી આવી

મહાનાયકે જુદા જુદા સ્થળોએ વીરેંદ્રસિંહાદિ સેનાપતિ તરફ દૂત મોકલ્યા, પરંતુ તે સર્વએ મહાનાયકને કહેવડાવ્યુ કે “અમોને કેદ કરી મોકલ્યા સિવાય અમે અમારી મેળે પાટલીપુત્રમા પગ મુકીએ એ તદ્દન અશક્ય છે!” તેમનો આ સંદેશ સાભળી યશોધવલ ચિંતામા પડયા એક બાજુ વાર થાય તો સમ્રાટનો મેળાપ કઠિન થઇ પડશે એવા સમાચાર વારંવાર આવવા લાગ્યા તેથી ગમે તે થાય તો પણ પાટલીપુત્રમા જવાની જરૂર છે, એવો વિચાર કરી યશોધવલ ત્યા જવાની તૈયારી કરવા લાગ્યા

સમ્રાટને શશાંકના કાળ સમાચાર પુષ્કળ દિવસથી મળ્યા હતા તે ભયંકર—અત્યંત દારૂણ વાત વિદ્યુત્પાત પ્રમાણે અથડાઈ ત્યારથી સમ્રાટ તદ્દન નિશ્ચલ જ થઇ પડયા હતા! તે દિવસથી દરબારમા તેમને કોઈ જોઈ શકયુ નહિ! તે ક્ષણથી અંતઃપુરમા જ તે રહેલુ આયુષ્ય વ્યતિત કરવા લાગ્યા જીવનચૈતન્યશક્તિ વૃદ્ધના જર્જરિત થયેલા શરીર પીંજરમાથી ધીમે ધીમે ઘટતી જતી હતી સમ્રાટ

હવે થોડા જ દિવસના અતિથી છે, એ વાત અમાત્યને ક્યારનીયે સમજાઈ હતી

જોતજોતામા પાચ વર્ષ વહી ગયા માધવગુપ્ત ઠાણેશ્વરથી પાટલીપુત્રમા પાછો આવ્યો હતો પ્રભાકરવર્ધન અને તેના બે પુત્રને નવીન યૂવરાજ માધવગુપ્ત અતિ પ્રિય થઇ પડયો છે, એવી વાત નારાયણશર્માને મળી હતી ચરણાદ્રિદુર્ગમા હવે સૈન્યની વિશેષ જરૂર નથી એવુ જોઈ હરિગુપ્તને ત્યાથી સૈન્યસહ પાછા બોલાવવામા આવ્યા હતા યશોધવલદેવ બગદેશમા રહીને જ સામ્રાજ્યના સૂત્ર હલાવતા પારાવાર શોક કરતા હતા હૃષીકેશશર્મા, નારાયણશર્મા, રામગુપ્ત, હરિગુપ્ત, વગેરે આશ્વાસન આપી નભાવે જતા હતા. માધવગુપ્ત દિવસે દિવસે અધિકાધિક પરાક્રમી થતો જતો હતો વચ્ચે સામ્રાજ્યના કારોબારમા ગાડાની માફક કઈપણ ઉધુચત્તુ કરતો હતો, તેથી તે તે વખતે રાજ વ્યવસ્થામા ઘણો ગોટાળો થઇ જતો હતો ! એ સાભળી યશોધવલ અત્યત ઉદ્વિગ્ન બની જેમ તેમ દિવસો કાઢતા હતા

થોડા જ દિવસમા લુપ્ત થનાર દીપકની જ્યોત હમણા ઉજ્વલ થયેલી જણાય મૃત્યુપૂર્વે મહાસેનગુપ્તમા અતિ હુશીયારી આવવા માડી અને ચૈતન્ય પણ રમવા લાગ્યુ તેમણે યશોધવલને જોવાની ઇચ્છા પ્રદર્શિત કરી અને તેજ વખતે દૂતને મોકલવામા આવ્યા

પાચવર્ષે યશોધવલદેવ પાટલીપુત્રમા પાછા આવ્યા બગદેશ જીતીને મહાનાયક પાટલીપુત્રમા આવે છે, એ વાત સાભળી નાગરિકોએ ઉલ્હાસપૂર્વક તેમનુ સ્વાગત કરવાની પ્રચડ તૈયારીઓ કરવા માડી પરતુ 'સમ્રાટ મૃત્યુશય્યા પર હોય તે વખતે મહોત્સવ કરવા એ નાગરિકોને શોભાસ્પદ નથી, એવો મહાનાયકે સદેશ મોકલ્યો પરતુ નાગરિકોએ તે તરફ વિશેષ લક્ષ આપ્યુ નહિ નગર તોરણમા અને રાજમાર્ગમા હજારો નાગરિકોએ પ્રચડ જયધ્વની

કરી મહાનાયકનુ સ્વાગત કર્યું યશોધવલ નીચુ મુખ કરી મૂકપણે રાજભુવનના તોરણમાથી અદર આવ્યા

ત્રીજા તોરણમા મહા પ્રતીહાર વિનયસેન મહાનાયકની રાહ જોતો જ ઉભો હતો તેના તરફથી સમ્રાટનુ મૃત્યુ હવે દૂર નથી એવી ખબર યશોધવલને મળી કપિત પગલે મહાનાયક અત પુરમા આવ્યા પાચ વર્ષે પાછા આવેલા દાદાને ડડકડીને ભેટવા લતિકા દોડી આવી, પરતુ દાદાનુ મુખ જોતા ભયથી તે બેચાર પગલા પાછળ હઠી ! મહાનાયક સમ્રાટના શયનગૃહ તરફ ગયા

શયનગૃહના દરવાજામાથી જ ‘ કયા છે યશોધવલ ? કયા છે મારા બાલસ્નેહી ‘ ” એવા અત્યત ક્ષીણ અવાજે સમ્રાટે ઉચ્ચારેલા શબ્દો મહાનાયકે સાભળ્યા મહાલયમા પ્રવેશ કરી, અતકાલની યાતનાથી જર્જરિત થયેલા પોતાના બાલમિત્રનો હસ્ત હાથમા લઇ વૃદ્ધ મહાનાયક જમીન પર બેસી ગયા અશ્રુના જબરજસ્ત પ્રવાહથી તે અધ બની ગયા !! તેમનુ હૃદય ભરાઇ આવ્યુ, તેમનુ વદન કરુણાજનક થઈ થઇ ગયુ–મુખમાથી શબ્દ પણ નીકળ્યો નહિ !

ક્ષીણ સાદે મહાસેનગુપ્ત બોલ્યા “છટ્, છટ્, યશોધવલ, એમ ગાડા જેવુ શુ કરો છો ? રડો નહિ, રડો નહિ, રુદનને હવે અવકાશ નથી તમારો મેળાપ થયો નહતો તેથી જ જર્જર બનેલા આ દેહ પીંજરમાથી પ્રાણ ઉડી ગયો નહતો ! ”

સમ્રાટના ઉશીકા આગળ પત્થરની મૂર્તિ પ્રમાણે મહાદેવી નિશ્ચલ બેઠા હતા પતિનો કઠ સૂકાયલો જોઇ તેમણે તેમના મુખમા થોડુ ગગાજલ મુકયુ

મહાસેનગુપ્ત પુન બોલવા લાગ્યા “ સાભળો–યશોધવલ, બરાબર સાભળી લો શશાક જરૂર મૃત્યુવશ થયો નથી ! ભવિષ્ય કદી અસત્ય થવુ શક્ય નથી મારો પુત્ર અગ, બગ અને કલિંગનો એક છત્રી ચક્રવર્તિ સમ્રાટ બનશે ! તેના બાહુબળથી ઠાણેશ્વરનુ સિંહાસન ધ્રૂજી ઉઠશે ! ”

યશોધવલ કઇ બોલવાના હતા, પરતુ તેમને તેમ ન કરવા દેતા સમ્રાટ બોલ્યા “ સાભળો, યશોધવલ, પ્રથમ બરાબર સાભળી લો વાદવિવાદ કરવાને પળ માત્ર અવકાશ નથી ! મારો શશાક અવશ્ય પાછો આવશે ! પણ બ્રહ્મદેવની ઇચ્છા જ તેની હોવાથી મારા પુત્રનુ તે સુદર વદન કમળ મારીદષ્ટિએ પડશે નહિ ! શશાક પાછો આવે કે તરત જ તેને તમે સિહાસનપર બેસાડજો,–વિનય–”

તત્ક્ષણે મહાપ્રતીહાર વિનયસેને આવી સમ્રાટના મુખ આગળ કાન ધર્યા

સમ્રાટે કહ્યુ “ વિનય ! સત્વરે ગરૂડધ્વજ લઈ આવ ! હૃષીકેશ ક્યા છે ? ”

“ પેલી તરફના મહાલયમા ! ” એમ કહી તરત જ વિનયસેન ગરૂડધ્વજ લેવા દોડી ગયો

સમ્રાટ કહેવા લાગ્યા “ યશોધવલ, મારૂ મૃત્યુ હવે સમીપમા છે જ્યાસુધી શશાક આવે નહિ ત્યાસુધી સામ્રાજ્યનો કારભાર યશોધવલ, તમે છોડશો નહિ તમે કારભાર છોડશો, કે માધવ સામ્રાજ્યનુ સત્યાનાશ કાઢી નાખશે ! ”

એટલામા ગરૂડધ્વજ હસ્તમા લઇ વિનયસેન ત્યા આવ્યો મહાદેવીની સહાયથી પાછળના તકીએ અઢેલી સમ્રાટ જેમતેમ કરી બેઠા અને અચકાતા અચકાતા બોલ્યા “ યશોધવલ, આ ગરૂડધ્વજને સ્પર્શ કરી શપથ લો–‘ જ્યા સુધી શશાક પાછો આવશે નહિ ત્યા સુધી હું રાજ્યકાર્યભાર છોડીશ નહિ ! ”–

સમ્રાટના કહેવા પ્રમાણે ગરૂડધ્વજને સ્પર્શ કરી યશોધવલે શપથ લીધા

સમ્રાટ પુન બોલ્યા “ દેવી, તુ સતી થઇ શકીશ નહિ તારો પુત્ર અવશ્ય પાછો આવશે તારો શશાક સિહસનાધિસ્થ થયા પછી ચિતારોહણ કરવાનુ સ્વતત્ર છે ”

મહાદેવીએ પતિના ચરણનો સ્પર્શ કરી તેવા શપથ લીધા ત્યાર પછી સમ્રાટે અત્યંત સંતુષ્ટ થઇ સર્વ અમાત્યોને બોલાવવા આજ્ઞા કરી.

થોડા જ વખતમાં હૃષીકેશશર્મા, નારાયણશર્મા, હરિગુપ્ત, અને માધવગુપ્ત મહાલયમાં આવ્યા તે વખતે સમ્રાટ અત્યંત આકુલ થઇ ગયા હતા

પરંતુ તે મંદનો જીવન દીપ નષ્ટ થતા પૂર્વે પુનઃ એકવાર ઉજ્વલ થયો સમ્રાટે કહ્યું “નારાયણ, મારો ક્ષીણસ્વર હૃષીકેશના કર્ણ સુધી પહોંચશે નહિ હું જે કહું તે તમે તેમને સમજાવીને કહેજો આ છત્ર, આ દંડ અને સિંહાસન હું તમો સર્વના હાથમાં આપું છું મારો—તમારો યુવરાજ શશાંક અદ્યાપિ જીવે છે—તે ખાત્રીથી પાછો આવશે તે પાછો આવે કે તરત તેને સિંહાસનપર બેસાડજો જ્યાંસુધી તે પાછો આવે નહિ ત્યાંસુધી માધવ રાજ્ય પ્રતિનિધિ તરીકે સિંહાસનપર બેસશે મારી છેવટની આ આગ્રહભરી વિનતિ માન્ય કરી છે એવી આ ગરૂડધ્વજને સ્પર્શ કરી પ્રતિજ્ઞા લ્યો

એકએક અમાત્યે ગરૂડધ્વજને સ્પર્શ કરી સમ્રાટની આજ્ઞા અનુસાર પ્રતિજ્ઞા લીધી પછી સમ્રાટે માધવને કહ્યું ‘ માધવ, તું પણ પ્રતિજ્ઞા લે ”

માધવગુપ્તને પ્રતિજ્ઞા કરવામાં આનાકાની કરતો જોઇ યશોધવલદેવે તીવ્ર સ્વરે કહ્યું ‘ કુમાર, સમ્રાટ મૃત્યુ શય્યાપરથી આજ્ઞા કરે છે ! ”

સમ્રાટે કહ્યું “ માધવ, ‘વડીલબન્ધુ પાછો આવશે ત્યારે કંઈ પણ હરકત ન કરતાં સિંહાસન તેને આપીશ ’ એવા શપથ લે ‘ભાઇ સાથે કદી પણ વિરોધ કરીશ નહિ ’ એવા શપથ લે ”

કપિત સ્વરે સમ્રાટે કહ્યા પ્રમાણે માધવ જેમ તેમ શબ્દોચ્ચાર કર્યો। યશોધવલદેવે કહ્યુ “મહારાજાધિરાજ આ વૃદ્ધની છેવટની એક વિનતિ છે સકટમા સપડાવા છતા પોતે ઠાણેશ્વરનો આશ્રય કદી પણ લે નહિ, એવા શપથ કુમારને આપો।”

મૃત્યુપાશમા સપડાયલા સમ્રાટે મસ્તક ઉચ્ચુ કરી અત્યત ક્ષીણ સ્વરે કહ્યુ “માધવ, મહાનાયક કહે છે તેવા શપથ લે”

ધ્રુજતા હસ્તે ગરૂડધ્વજને સ્પર્શ કરી માધવે શપથ લીધા, “સકટમા સપડાઈશ તો પણ ઠાણેશ્વરનો આશ્રય કદીપણ લઈશ નહિ।”

મહાસેનગુપ્તને તેમની પોતાની આજ્ઞાથી જ શય્યાપરથી નીચે ઉતાર આવ્યા ત્રીજા પ્રહરે આપ્તમિત્ર, બધુ માધવ અને પાટલીપુરના સરદાર સામતો સમક્ષ સમ્રાટ મહાસેનગુપ્તે આ નશ્વર જીવનનો ત્યાગ કર્યો।

પ્રકરણ ૧૭ મુ.

નવીનનુ વેર'

જોતજોતામા પાચવર્ષનો દીર્ઘકાળ પણ પૂર્ણ થયો પાછળના બે ત્રણ પ્રકરણમા નિર્દિષ્ટ કરેલો ગૌરવર્ણી સુદર તરુણ તે માછીની ઝૂપડીમા પાચ વર્ષ સુધી રહેવાથી તેનામા માછી જાતિના કેટલાક ગુણોએ પ્રવેશ કર્યો હોય તો તેમા આશ્ચર્ય જેવુ નથી। હવે તે ઝપાટાબધ હોડી ચલાવી શકે છે નદીમા જાળ નાખવામા પણ તેણે અપ્રતિમ કૌશલ્ય સપાદન કર્યુ હતુ. તે તરુણના હૃદયમા ભય કે શકાને લેશમાત્ર સ્થાન નહતુ તે સાહસિક પણ ભારે હતો આથી

માછી સમાજમા શક્તિ, સાહસ અને શૌર્ય વિષયમા તે અતિ પ્રસિદ્ધ થઇ બેઠો હતો

તે તરૂણે આટલા બધા ગુણ પ્રાપ્ત કર્યો હતા ખરા, પરતુ તેનુ પૂર્વનુ નામ અદ્યાપિ કઇ બદલવામા આવ્યુ નહતુ હજુ પણ સર્વ તેને ‘ગાડો’ એ નામથી જ બોલાવતા હતા ડોસો દીનનાથ તો તેને પ્રાણ સમાન માનતો હતો ! એટલુ જ નહિ પણ એક નવીન સિવાય સમગ્ર માછી કોમને તે પ્રિય થઇ પડયો હતો એમ કહીશુ તો ચાલશે આ પાચ વર્ષમા તે તરૂણના આપ્તેષ્ટમાનુ કોઇ પણ તેની શોધ કરવા આવ્યુ નહિ ! નામ, ગામ, કુલીશીલની તરૂણ ધીમે ધીમે માછીની ન્યાત સાથે તદ્દન મળી ગયો !

દીનનાથ તે તરૂણને નદીમાથી બચાવી પોતાની ઝુપડીમા લાવ્યો, તે વખતે તેની ઉત્કૃષ્ટ શુશ્રુષા કરી નવીને જ તેના પ્રાણ બચાવ્યા હતા એમ કહીશુ તો ચાલશે પરતુ તે તરૂણ પર ભવનો પ્રેમ ચોટયો છે એ વાત લક્ષમા આવી ત્યારથી નવીન તેના પ્રતિ ઈર્ષાથી બળવા લાગ્યો હતો દીનનાથને કે ભવને ખરાબ લાગશે ધારી નવીન મુખદ્વારા એ સબધી કદી એક અક્ષર પણ કાઢતો નહતો, પરતુ ઇર્ષા અને અસૂયાની જ્વાળાથી નવીન બળી મરતો હતો ! મહા કષ્ટથી, અત્યત દીર્ઘ પ્રયત્નથી તેણે પોતાના હૃદયની આગ આજ સુધી જેમ તેમ દાબી રાખી હતી. પરતુ નૈસર્ગિક સ્વભાવ આગળ કૃત્રીમ પ્રયત્નનુ શુ ચાલે ? ખૂદ નવીનનીજ ખાત્રી હતી કે, આ ઇર્ષાગ્નિને ગમે તેટલો દબાવી રાખીશ તોપણ એ સર્વ બધનોને એક ચપટીની માફક ઉડાવી દઇ તે એકાદ વખત ભડભડ સળગી ઉઠયા સિવાય નહિ રહે એક વખત એ ભડભડ બળવા લાગશે તો આશ્રયદાતા વૃદ્ધ દીનનાથનો ગરીબ સસાર તેમા બળીને ખાખ થઇ જશે, એવી પણ તેને ભીતિ હતી તેમ ન થાય તે માટે નવીન પોતાનુ અત -

ઝરણુ દબાવવા અતિશય પ્રયત્ન કરતો હતો

એક દિવસે હમેશની માફક નદી કાઠાપર એક ઝાડની વિશાળ ઘટામા ભવ અને ગાડાનું પ્રણયી યુગ્મ બેઠેલુ હતુ ભવ ઉત્સુકતા પૂર્વક પોતાના નૂતન વલ્લભની પ્રેમારાધના કરી રહી હતી આ દશ્ય નવીનને જો કે અપરિચિત ન હતુ, તોપણ આજે તે સ્થિતિ નજરે પડતા તેના સર્વ શરીરે આગ આગ ઉઠી રહી! સૌંદર્યની કેવળ ખાણુજ, એવો આ તરુણ, ગાડો દીનનાથની ઝૂંપડીમા આવ્યો ત્યારથી ભવનો પ્રેમ ઉડી ગયેલો હોઈ, ગાડો તેનો સ્વામી થઈ બેઠો છે, એ જો કે નવીનના લક્ષમા ચોક્કસ હતુ, તોપણ પોતાના પ્રતિપાલકને અત્યંત દુઃખ થશે એ વિચારથી આ ચાલતા પ્રકાર તરફ વિશેષ લક્ષ ન આપતા તે ચુપકીથી પોતાના ગૃહકૃત્યો કરવામા લીન રહેતો હતો અને મનનો સંયમ કરવામા તેને ઘણેભાગે યશ પણ મળ્યો હતો.

પરંતુ દૈવી યોગાયોગ! આજે શુ થયુ વિચિત્ર હશે કોણ જાણે! આજે સામેનો દેખાવ જોઇ નવીનનુ ભાન જતુ રહ્યુ! સર્વ કૃત્રીમ બંધનનો વિધ્વંશ થઈ તેનો ઇર્ષાગ્નિ ભભક્યો! નવીનના શરીરનો પ્રત્યેક કણ બળવા લાગ્યો અને તેની સર્વ નસોનુ રક્ત જોરથી ઉછળવા લાગ્યુ! તેના દેહના લાખો છીદ્રોમાથી અગ્ની જ્વાળા બહાર આવવા લાગી!

નવીનનુ માથુ ફરી ગયુ! તે તરતજ ઝૂંપડી તરફ વળ્યો અને આમતેમ જોઇ ખૂણામાથી એક લોખંડનો મોટો ખીલો મેળવી વસ્ત્રમા છુપાવી નદીતટના ગીચ વનમા છુપાઇ ગયો

કેટલીકવારે દીનનાથે બૂમ પાડયાથી ભવ ઝૂંપડી તરફ જતી રહી હતી અને એ પછી ગાડો એક નજરથી પત્થર ઉપર બેસી નદીના પાણી તરફ જોઇ રહ્યો હતો

જોઇએ તેવી સંધી પ્રાપ્ત થયેલી જોઇ નવીન ગાડાની પાછળ જઈ ઉભો નવીનનો અસૂયાગ્નિ સતેજ થયો !

ક્ષણવારે નવીને હાક મારી “ ગાડા—”

ગાડાએ ચમકીને પાછળ જોયુ તો આગના ભભૂકા ઉડાવતા ચક્ષુથી નવીન પોતાના તરફ જોતો જણાયો !

“ ગાડા—”

“ કેમ ? ”

“ ઝાડ ઉપરથી નીચે આવ જોઇએ—”

નવીનને ઉલટ કઈ પણ પ્રશ્ન ન કરતા ગાડો ઝાડ ઉપરથી નીચે ઉતરી તેની સામે આવી ઉભો રહ્યો

ક્ષણવાર સુધી ક્રોધાતિશયથી નવીનના મુખમાથી એક શબ્દ નીકળ્યો નહિ ! તેનુ સર્વાંગ થરથર કપતુ હતુ !

“ કેમ નવીન ? તુ આવો કેમ જણાય છે ? ’

નવીને પ્રશ્નનો જવાબ ન આપતા કહ્યુ “ તુ અહી શુ કરતો હતો ? ”

“ પાણી સામે જોતો હતો !”

“ નહિ–તે પહેલા ? ”

“ ભવ સાથે વાતો કરતો હતો ”

“ કેમ ? ”

ગાડાને આ પ્રશ્નનો શો ઉત્તર આપવો તે સૂઝ્યુ નહિ ! તે ટગર ટગર નવીનના મુખ તરફ જોઇ રહ્યો

“ કહે—ગાડા, ભવ સાથે તુ કેમ વાતો કરતો હતો ? ”

‘ ભવ મને અહીં બોલાવી લાવી તેથી ! ”

“ પણ તુ કેમ આવ્યો ? ”

“ હુ આવતો નથી તો ભવ મારા પર ગુસ્સે થાય છે ! ”

આગળ શુ બોલવુ તે નવીનને જ સુઝયુ નહિ ! કુપિત સ્વરે થોડી વારે તેણે પુછ્યુ "તુ ભવપર પ્રેમ રાખેછે, ગાડા ? '

" હા. "

" કેમ ? તેના પર તુ કેમ પ્રેમ રાખે છે ? "

" ભવનુ ગીત મને બહુ ગમે છે, નવીન ! "

" માટે જ તુ તેના પર પ્રેમ રાખે છે ? "

" હા "

નવીન ક્ષણવાર પોતાના પ્રત્યે જ વિચાર કરતો સ્તબ્ધ રહ્યો પછી ઓષ્ઠ ચાવીને તે બોલ્યો " હુ તને આજે ઠાર મારીશ ગાડા ! "

" મને તુ ઠાર મારીશ ? "

" હા—તને હુ ઠાર મારીશ ? "

" કેમ વારુ નવીન ? "

નવીન બોલવામા ગુચાવા લાગ્યો—" તુ—તુ—ભ—"

" કેમ તુ મને ઠાર મારશે, નવીન ? "

" તુ ભવ પર પ્રેમ રાખે છે, તેથી ! સમજ્યો ? "

" વાહ ! ભવ પર મે પ્રેમ રાખ્યો માટે તુ મને ઠાર મારશે ? "

" હા—"

" નવીન મારો તારા ઉપર પણ પ્રેમ છે ! "

" ખોટુ—તદ્દન ખોટી વાત ! "

" ના—નવીન ! "

" શુ નહિ ? "

" હુ ખોટુ કહેતો નથી—મારો તારા પર અતિશય પ્રેમ છે, ! "

" ત્યારે તુ ભવ પર શા માટે પ્રેમ રાખે છે ? "

“ કેમ ભલા નવીન ? એક ઉપર પ્રેમ કર્યો એટલે બીજા કોઈપર પણ પ્રેમ કરી શકાય નહિ ? ”

“ ના ! ”

“ તે હું જાણતો નહતો ! ”

“ જાણતો નહતો માટે શુ થયુ ? ’

“ ત્યારે ? ”

“ હુ તને ઠાર મારીશ બસ ! ”

“ પણ શા માટે ? ”

નવીનને કેમે કરતા ગાડાના આ પ્રશ્નનો ઉત્તર જડયો નહિ ! તે કેટલીકવાર સુધી વિચાર કરતો સ્તબ્ધ ઉભો રહ્યો વળી પાછો બોલ્યો “ ઠીક છે ત્યારે તુ કોઈપણ એકાદ શસ્ત્ર લઈ આવ તારી સાથે હુ લઢાઈ કરૂ છુ ”

“ પણ લઢાઇ શા માટે કરે છે ? ”

“ તેનુ કારણ એટલુ જ કે આપણા બન્નેમાથી હવે એકે મરવુ જ જોઈએ ઉભયને માટે આ જગતમા સ્થાન નથી ! ”

“ કેમ ભલા ! આપણે બન્ને સારી રીતે જીવતા રહીએ તો શી હરકત છે નવીન ? ”

“ ભવ ઉપર આપણો બન્નેનો પ્રેમ હોવો ઉપયોગનો નથી ! ”

થોડીવાર વિચાર કરી ગાડાએ કહ્યુ “ હુ તારી સાથે લઢી શકીશ નહિ ! ”

“ કેમ ? ડર્યો કે ? ”

“ ના, હું મરણથી ડરતો નથી—”

“ ત્યારે પછી ? ”

“ તે મારા પ્રાણ બચાવ્યા છે માટે હું તારી સાથે લઢીશ નહિ ! ”

"ગમે તેમ હશે તો પણ હું તને મારીશ ! તુ નહિ લડે કે મારી સાથે ?

"ના તે તે વખતે મને કેમ બચાવ્યો, ?"

"તે હું કઇ જાણુતો નથી ! બસ, હુ હવે તને ઠાર મારીશ !"

"ઠીક છે, હુ તૈયાર છુ ! માર મને !"

નવીન મોટી ગૂચવણુમા પડયો ! ગાડાને ઠાર મારવાની તેણે ધમકી આપી ખરી, પણ તેને મારવા તેનો હાથ મહા મહેનતે પણ ઉંચો થયો નહિ તે મુકપણે શૂન્ય દૃષ્ટીથી જોતો ઉભો રહ્યો

"નવીન, તુ મને ઠાર કર ! હું તારા ઉપર બીલકુલ ગુસ્સે થઇશ નહિ,

"કેમ ?"

"અરે તેજ મને બચાવ્યોને નવીન !"

"માટે શુ થયુ ?"

"મને કોઇ પણ એવુ કહે છે કે, નવીનને મારીશ નહિ !"

નવીન કઇજ બોલી ન શકયો, ત્યારે તેનો હાથ પકડી ગાડો બોલ્યો

"નવીન, ભવપર મે પ્રેમ કર્યો તેથી તને કેમ ક્રોધ આવે છે ?"

નવીન કઇ જ બોલ્યો નહિ !

"ભવ પર તુ પ્રેમ રાખે છે, હુ પણ રાખુ છુ, પણ હુ તો તારા પર કદી પણ ચીડાતો નથી !" તોપણ નવીન ચૂપ જ રહ્યો

દૈવલિખિત ખડન કોણ કરી શકે ? એટલામા વનમાથી ભવે હાક પાડી "ગાડા, કયા છે તુ ?"

ભવના પ્રત્યેક શબ્દમા તીવ્ર પ્રેમભાવના સ્પષ્ટ થતી હતી ભવની તે બૂમ સાભળી નવીનના હૃદયનો ઠંડો પડેલો ઇર્ષાગ્નિ

પુન પ્રજ્વલિત થયો તે વખતની પોતાની પ્રખર મનોવૃત્તિ દાબી દેવાનો તેણે અપૂર્વ પ્રયત્ન કર્યો ! પણ તેમા તે ફાવ્યો નહિ !

ભવે પુન હાક મારી “ ગાડા, ક્યા છે તુ ? ”

આગમા ઘી પડ્યુ ! હાથમા છુપાએલો અણીદાર ખીલો ઉંચો કરી નવીને જોરથી ગાડાના મસ્તકપર પ્રહાર કર્યો તીવ્ર વેદનાથી ચીસ પાડી ગાડો જમીન ઉપર મુર્છા ખાઇ પડયો નવીન નાશી છૂટયો ! દૂર હોવા છતા ગાડાની તે કારમી ચીસ ભવને સ્પષ્ટ સભળાઇ તેણે દોડી આવી તે જગ્યાએ જોયુ તો ગાડાનુ રક્તમય બનેલુ શરીર ઝાડ નીચે અસ્તવ્યસ્ત પડયુ હતુ ! એક મોટી ચીસ પાડી ભવ પણ તેના દેહ પર પડી !

પુત્રીની ચીસ સાભળી દીનનાથ ઝુપડીમાથી દોડતો ત્યા આવ્યો બાપદીકરીએ મલી મતપ્રાય ગાડાને શુદ્ધિમા લાવવા પુષ્કળ પ્રયત્ન કર્યા, પરતુ તે શુદ્ધિ પર આવ્યો નહિ છેવટે તે બન્ને ગાડાને ઉંચકીને ઝૂપડીમા લઇ ગયા

પ્રકરણ ૧૮ મું.

જ્ઞાનોદય

તું કોણ છે ?”

“ ગાડા, મને ના ઓળખી કે તે ? બરોબર મારા તરફ જો ! અરે, હુ ભવ ન હોય કે તારી ?”

“હા, હા ! તુ ભવ જ છે ? પણ ભવ, મારો અનત ક્યા છે ? ”

માછીની ઝૂપડીમા મલીન, ફાટી તૂટી ગોદડી પર પડેલા આપણા પરિચિત ગાડા તરૂણ અને ભવ વચ્ચે ઉપરોક્ત

પ્રશ્નોત્તર શરૂ થયા હતા ગત પ્રકરણમા કહ્યા પ્રમાણે નવીને જોરથી કરેલા ખીલાના આઘાતથી તે રક્તથી તરબોળ બની બેશુદ્ધ થઈ પડયો હતો તેમાથી તે દીનનાથ અને ભવે કરેલા ઉપાયોથી ત્રણ દિવસે શુદ્ધી પર આવ્યો હતો !

ભવ ગાડાને તાડના પખાથી વા નાખતી બેઠી હતી તેણે વિસ્મીત થઇ પુછ્યુ “ ગાડા, અનત કોણ ? તુ શુ પુછે છે ? અનત કોણ ? ”

“ તુ નહિ સમજે ! વિદ્યાધરનદ ક્યા છે ? ”

ભવ ને લાગ્યુ કે, ગાંડો બેભાન સ્થિતિમા કઇ પણ બડબડે છે ! તેથી તે પોતાના પિતાને બોલાવવા લાગી “ બાપા, ગાડો શુ બોલે છે આ ? ”

દીનનાથ તે વખતે નદી કીનારે ઉભો રહી એક વિલક્ષણ દેખાવ જોતો હતો તેણે ઘણી મોટી મોટી નૌકાઓને મેઘનાદ નદ ઓળગી જઇ પોતાના જ ગામ તરફ ઝપાટાબધ આવતી જોઇ

ગાડાએ પુન પુછ્યુ “ ભવ, તુ જઇને મારા અનતને બોલાવી લાવ યુદ્ધનુ છેવટ કેવુ આવ્યુ તે જાણવાને મારા પ્રાણ આકુળ વ્યાકુળ થઇ ગયા છે ।”

એટલામા દીનનાથ સાથે એક વૃદ્ધ અને એક તરુણ એમ બે મનુષ્ય ઝૂપડીમા આવ્યા ઝૂપડીના દ્વાર આગળ કેટલાએ માણસોનો પાદધ્વની સભળાવા લાગ્યો ભવ તદ્દન આશ્ચર્ય ચકિત થઇ બહાર જોવા લાગી

દીનનાથની સાથે આવેલો તરૂણ ગાડાને જોતા જ તેની પથારી આગળ ઘૂટણીએ ટેકી નીચે બેઠો અને કમરમા લટકતી અસી બહાર કાઢી કપાળે લગાડી બોલ્યો “ મહારાજાધિરાજનો જય ! મહારાજે મને ઓળખ્યો કે ? ”

"કેમ ન ઓળખુ ? તમે વસુમિત્ર ! અનત ક્યા છે ?"

"તે ખુશીમા છે આપને હવે કઈ ઠીક લાગે છે કે, મહારાજ ?"

"હા પણ યુદ્ધ સમાચાર કેવા છે ?"

"યુદ્ધમા આપણો વિજય થયો છે મહારાજ ! પ્રભુ ઉઠીને ઉભા થઇ શકશે કે ?"

શશાક પથારી પરથી ઉઠી ઉભો રહે તે પૂર્વે દીનનાથ સાથે આવેલા વૃધ્ધે પાસે આવી પુછ્યુ "મહારાજ, આપ મને ઓળખો છો કે ?"

"હા, તમે વજ્રાચાર્ય શત્રુસેન !"

દીનનાથે આગળ આવી કહ્યુ "એમણે જ તને આપને પાચ વર્ષ ઉપર પાણીમાથી બહાર કાઢી બચાવ્યા હતા"

શશાકે અત્યત આશ્ચર્ય ચકિત થઇ પુછ્યુ, "વજ્રાચાર્ય ! તમે મને પાચ વર્ષ પૂર્વે—વસુમિત્ર, હુ ક્યા છુ ?"

'મહારાજ આપ બગદેશમા છો !"

વસુમિત્રના ખભા ઉપર ભાર રાખી શશાક ઉઠી ઉભો રહ્યો એક પત્થરના પૂતળાની માફક નિશ્ચલ ઉભી રહેલી ભવ આ સર્વ પ્રકાર જોતી હતી શશાક ઉઠે છે એમ જોઈ તે પણ ઉઠીને ઉભી રહી શશાક ઝપડીના બારણા આગળ આવી ઉભો રહ્યો પટાગણમા અને નદીના કીનારે હજારો સૈનિક ઉભા હતા તેમાના કોઇ શકુગ તટે તો કોઈ બગદેશમા શશાકના હાથ નીચે લઢયા હતા પોતાનો નાયક દૃષ્ટિએ પડયો તે સાથે જ સર્વએ તેને ઓળખી પ્રચડ જયધ્વની કર્યો જે દૂર ઉભા હતા તેમણે અને નૌકામા રહેલા લોકોએ પણ પોતાનો જયઘોષ તેમા મેળવ્યો હજારો કઠમાથી 'મહારાજાધિરાજનો વિજય થાવ !' એવો ઘોષ નીકળવાથી દીગન્તર ધમધમી ગયુ !

આ જયજયકાર સાભળી શશાક આશ્ચર્ય પામ્યો તેણે પુછ્યુ “ વસુમિત્ર, મને એ સર્વ ‘મહારાજાધિરાજ’ કેમ કહે છે ? ”

વસુમિત્રે કહ્યુ “ શાત થઈ આપ નીચે બીરાજો પછી હું સર્વ વૃતાત આપને કહુ છુ ”

શશાંકે આવેશથી કહ્યુ “ નહિ, વસુમિત્ર, નહિ—હું શાત થઇશ નહિ ! શુ થયુ છે તે મને પ્રથમ કહો ”

“મેઘનાદના યુદ્ધમા આપને જખમ થઇ આપ પાણીમા પણ ડુબી ગયા હતા પણ વજ્રાચાર્ય શત્રુસેને આપને પાણી બહાર કાઢી આ માછીની ઝુપડીમા લાવી રાખ્યા છે વજ્રાચાર્ય આપને વચ્ચે વચ્ચે જોઈ જતા હતા પરતુ બધુગુપ્તના જાણવામા એ વાત આવી તેથી એમને કારાગૃહમા પુરી દેવામા આવ્યા વજ્રાચાર્ય ત્યાથી પોતાનો છુટકો કરી લઈ અમારી પાસે નાશી આવ્યા અને તેથી જ પાચ વર્ષે આપનુ દર્શન થયુ છે આટલા દિવસમા અમારામાથી કોઇ સ્વદેશ ગયુ નથી કેવળ મહાનાયક યશોધવલદેવ સમ્રાટ મૃત્યુ શય્યાપર હોવાના—”

શશાંક એકદમ વચ્ચે જ બોલી ઉઠ્યો “ શુ ? મૃત્યુશય્યા પર ? પિતાજી આ જગત્મા નથી જ ત્યારે ? ”

“ મહારાજાધિરાજ સમ્રાટ મહાસેનગુપ્ત પરલોકવાસી—”

“ વસુમિત્ર, મરતી વખતે પિતાજીએ મારૂં સ્મરણ કર્યું હતુ કે ? હુ યુદ્ધમા મૃત્યુ પામ્યો એમ જ પિતાજીએ સાભળ્યુ હતુ ને ?”

“ મહારાજ, લોકોના મુખથી મે એવુ સાંભળ્યુ છે કે સમ્રાટ મૃત્યુશય્યાપર હતા તે જ વખતે તેમણે યશોધવલને બોલાવી આપ જીવો છો જ, એમ નિશ્ચય પૂર્વક કહ્યુ હતુ જ્યોતિષ જોતા આપનો જીવનકાળ પૂર્ણ થયેલો ન હોવાથી આપ જીવતા હોઈ પાછા સ્વદેશમા આવશો, એવો સમ્રાટને દઢ વિશ્વાસ હતો તેમના એ જ વિશ્વાસથી મહાદેવી સતી થયા નથી

અને એંસી પચ્યાસી કરતા વધુ વય થવા છતા મહાનાયક અદ્યાપિ રાજકાર્યભાર ચલાવે છે—

“ પિતાજી—પિતાજી ! અરે, તમે મને કેમ છોડી ગયા ! ”

પિતાના મૃત્યુ સમાચાર સાભળી શશાક એક બાલકની માફક ઉચ્ચ સાદે રડવા લાગ્યો કેટલોક સમય આ પ્રમાણે ગયા પછી, તેનો શોકાવેગ સહજ નરમ થયો પછી તેણે વજ્રાચાર્યને પુછ્યુ ‘ વજ્રાચાર્ય, હમણા બધુગુપ્ત ક્યા છે ? ’

“ મને લાગે છે કે હમણા તે પાટલીપુત્રમા છે

‘ તેને મારી ખબર મળી છે કે ? ”

“ મને લાગે છે કે, આપ ક્યા છો તે તે જાણતો નથી, પરતુ આપ આ ભૂતળ પર છો એ વાત તેની ધ્યાનમા હોઇ આપને નિઃસહાય સ્થિતિમા સળી ઠાર મારવાના પ્રયત્નમા રહેલો છે ? ”

‘ મને બધુગુપ્ત મારશે ! કેમ ! વસુમિત્ર, મહાનાયક ક્યા છે ? ’

“ પાટલીપુત્રમા જ છે વૈકુઠવાસી સમ્રાટની અતિમ આજ્ઞા પ્રમાણે તે પ્રથમની માફક રાજકાર્યભાર જુએ છે—પણ કેટલાક દિવસ પર ગૌડેશ્વરથી એક અમાત્ય આવેલો છે અને હાલમા માધવગુપ્તનો મુખ્ય પ્રધાન તે જ બન્યો છે”

મહાનાયકે રાજકાર્યભાર છોડી દીધો કે ? ”

‘ તેમણે પોતાની મેળે છોડયો નથી છોડવાની તેમને ફરજ પાડવામા આવી છે ”

“ ત્યારે નરસિહને પણ મડલનો અધિકાર મળ્યો નહિ કે ? ”

“ ચિત્રાદેવીને મુખ બતલાવવુ પડે તેથી નરસિહ પાટલીપુત્રમા ગયો નથી—”

શશાક વચ્ચે જ બોલ્યો મિત્ર !—ચિત્રાદેવી !—”

“ ચિત્રાદેવી સુખરૂપ છે, મહારાજ ! ”

શશાંકે અચકાતા અચકાતા પુછયુ “ ચિત્રાનુ લગ્ન થયુ કે વસુમિત્ર ? ”

વસુમિત્રે આશ્ચર્ય પ્રદર્શક સ્વરે કહ્યુ ‘ ચિત્રાદેવીનુ લગ્ન ‘ અશક્ય, તદ્દન અસંભવનીય વાત, મહારાજ ! ચિત્રાદેવી આપનીજ રાહ જોતા એક વિધવા પ્રમાણે કઠોર વ્રત સાધનમા દિવસ વ્યતિત કરે છે, રાજાધિરાજ ! ”

શશાંકે ખિન્ન હાસ્ય કરી કહ્યુ ‘ તમારી યુથિકા પ્રમાણેજને, વસુમિત્ર ! ”

વસુમિત્રે નરમાઈ નીચે જોયુ શશાંકે પુન પુછયુ “ નરસિંહ ક્યા છે હમણા ? ”

‘ તે હમણા રાઢમા છે તેણે પણ માધવગુપ્તની સત્તા કબૂલ કરી નથી ”

વસુમિત્ર તરફ આશ્ચર્યથી જોઈ શશાંકે પુછયુ “ વસુમિત્ર, માધવનુ નામ તમે એવી રીતે કેમ લો છો ? માધવને તમે સમ્રાટ તરીકે માનતા નથી કે ? ’

વસુમિત્ર આવેશથી બોલ્યો “ મહારાજાધિરાજ, હુ પણ બંડખોર બન્યો છુ ! સમ્રાટના મૃત્યુ પછી એક કોડી પણ મે પાટલીપુત્ર મોકલી નથી આપણી સાથે જે જે બંગદેશમા આવ્યા હતા, તેમાના કેવળ એક મહાનાયક યશોધવલદેવ માધવગુપ્તની આજ્ઞા માન્ય કરે છે, અન્ય કોઈએ તેની આજ્ઞા સ્વીકારતુ નથી ! રાઢમા નરસિંહદત્ત, સમતટમા માધવવર્મા, બંગદેશમા હુ, એમ સર્વ બંડખોર બન્યા છે, મહારાજ ! મંડલમા રહી ડુંગરી પ્રદેશમા રહેતી જંગલી જાતિની મદદ લઈ અનંતવર્મા તો ખુલ્લી રીતે માધવગુપ્તના સૈન્યપર હૂમલા કરે છે ! દક્ષિણ મગધ પણ તેની સત્તામા છે મંડલથી તે રોહિતાશ્વ સુધી સર્વ ડુંગરી પ્રદેશ તેના

અધિકારમા છે વૃદ્ધ મહાનાયકના મુખ તરફ જોઇ ગૌડમા વીરેન્દ્રે હજુ સુધી બડ કર્યું નથી એટલુ જ ! રામગુપ્ત અને હરીગુપ્ત પાટલીપુત્રમા રહી ઠાણેશ્વરના ગુલામ બની હુકમ માને છે !”

ચૂપકીથી ઉભો ઉભો શશાક આ વાત સાભળતો હતો પછી કેટલીકવારે તેણે પુછ્યુ “ વસુમિત્ર, મારે હવે શુ કરવુ ?

વસુમિત્રે આવેશથી કહ્યુ “ મહારાજાધિરાજે એકદમ પાટલીપુત્ર જવુ !”

ખેદમય હાસ્ય કરી શશાંકે કહ્યુ ‘ ફક્ત તને એકલાને જ સાથે લઇ જઉ એમ કહે છે ?”

સમ્રાટ તરફ જોઇ વસુમિત્રે દૃઢ સ્વરે કહ્યુ “ સર્વ મગધ સામ્રાજ્યમા બધુગુપ્ત અને બુદ્ધઘોષ સિવાય એવો એક પણ માણસ નથી કે જે આપનુ નામ સાભળતા જ મદદે દોડી ન આવે ! મહારાજ, હુ હમણાને હમણા દેશે દેશ સમાચાર મોકલુ છુ—એક મહિનામા પચાસ હજાર પાયદલ આપને આવી મળશે !’

‘ વસુમિત્ર, એકદમ એવી ગરબડ કરીશ નહિ હમણા ફક્ત માધવ અને નરસિહને ખબર આપ હમણાને હમણા માધવને સૈન્ય સહ આવવા કહે પણ નરસિહને ભગીરથના કીનારે જ રહેવા દેજે વીરેદ્ર અને અનતને ખબર આપવાની જરૂર નથી”

“ કેમ, મહારાજ ?”

‘ હું જાણુ છુ કે, તે બન્ને મારા કાર્ય માટે હમેશ સજ્જ થઈ રહેલા હોય છે ”

“ મહારાજ, હુ નૌકા તરફ જાઉ છુ આપ ત્યા સુધી પોષાક પહેરી તૈયાર થઇ રહો !”

એટલુ કહી વસુમિત્રે પોતાની તલવાર મસ્તકે લગાડી નવીન સમ્રાટનુ અભિવાદન કર્યું પછી વજ્રાચાર્યને લઇ તે નૌકા તરફ ગયો

ભવ આશ્ચર્યથી દિગમૂઢ બની આ સર્વ પ્રકાર જોતી હતી વસુમિત્ર વગેરે ગયા પછી તે ધીમે ધીમે આગળ આવી તેણે પુછ્યુ, ' ગાડા તુ કોણ છે ' ?

શશાકે હસીને કહ્યુ, " હુ હવે ગાડો નથી, ભવ ! હુ હવે રાજા છુ, સમજી ' "

એક નિશ્વાસ નાખી ભવ બોલી, " તુ હવે અહીંથી જતો રહીશ લાગે છે ? "

" હા, ભવ ! મારે હવે મારા દેશમા જવુ જોઈએ "

" ક્યારે જઈશ તુ ? "

' મને લાગે છે કે, આજે કે કાલે મારે અહીંથી નીકળવુ પડશે ! "

ભવ અત્યન્ત કરુણ સ્વરે બોલી, " ના, ગાડા, નહિ ! નિદાન આજ તો તુ ન જ જઈશ ! આજનો દિવસ હુ તને મારી આખો ભરાય ત્યા સુધી જોઈ લેઈશ તુ કઈ ફરી ફરી અમારા જેવી ગરીબની ઝુપડીમા આવવાનો નથી ? "

ભવના નેત્રમાથી અશ્રુધારા વહેવા લાગી તે માથુ નીચુ વાળી ઝુપડીમાથી બહાર ગઈ શશાક પણ ખિન્ન હૃદયે ઝુપડી બહાર નાખેલી રાવટીમા વસ્ત્ર બદલવા નીકળી ગયો

મધ્યરાત્રિનો સમય હતો નદી કીનારે ઉભા કરેલા તબૂ સામે શશાક એકલોજ બેઠો હતો દૂર ધૂણીયો સળગતી હોઇ શશાકની ચોતરફ કેટલેક છેટે પહેરગીરો હતા તે અધકારમય મધ્યરાત્રે નવીન સમ્રાટ એકલોજ બેઠેલો હોઇ, વિચારતરગમા લીન બની ગયો હતો, મેઘનાદના યુદ્ધ પછી તેના ગાડપણમા જે છ વર્ષ નીકળી ગયા, તે દીર્ઘકાળમા જગત્મા કેટલુ પરિવર્તન થઈ ગયુ હતુ ! હાય ! સમ્રાટ—પિતા—પરલોકવાસી થઈ માધવ મગધના સિહાસન પર બેઠો છે ! દ્રોણેશ્વરના વકીલે વૃદ્ધ મહાનાયકને પદચ્યુત કરી

સામ્રાજ્યનો કારભાર પોતાના હાથમા લીધો છે ! ચિત્રાનુ હજુ લગ્ન થયુ નથી, એમ વસુમિત્રે કહ્યુ હતુ તે વિષે વિચાર તરગ કદી કદી સમ્રાટના ચિતનમા ઉદ્ભવતા હતા

એટલામા નદીના જળમાથી એક માનવમૂર્તિ બહાર આવી શશાકના ચરણમા ઢળી પડી !

શશાકે આશ્ચર્ય ચકિત થઈ તે માણસ તરફ જોયુ, તેટલામા હસ્ત જોડી ને બોલ્યો " ગાડા, મને તુ ક્ષમા કર ! તુ રાજા છે, મારા જેવો તુ ગરીબ નથી, એમ આજે મે સાભળ્યુ છે તુ રાજા છુ દયાનો સાગર છુ મારા ભયકર અપરાધની ક્ષમા કર ! '

સમ્રાટે વિસ્મયથી જોયુ તો કાદવથી શરીર ખરડાયલુ છે, અગપર ભીના વસ્ત્ર છે, એવો નવીન પગમા પડેલો જણાયો સમ્રાટના નેત્રમા જળ આવી ગયા નવીનને ઉંચકી લઈ હૃદય સરસો ચાપી શશાકે ગદ્ગદ્ સ્વરે કહ્યુ " નવીન ! તને હુ શા મફલ ક્ષમા કરે ભાઈ ? તુ ઈર્ષાથી ગાડો બન્યો હતો, તેથી તે મને માર્યો હુ પણ ગાડો થયો હતો, તેથી તારા હૃદયની તીવ્ર વેદના હુ જાણી શક્યો નહિ ! નવીન, ભવ તારી જ છે, સમજ્યો ? તેની સાથે લગ્ન કરીને સુખી થા ! "

સમ્રાટના આલીંગનમાથી મુક્ત થયા પછી નવીને કહ્યુ " તુ ખરેખર, તદ્દન ખરેખરો રાજા છે ! આટલો દયાવાન માણસ મે કદી જોયો નથી, રાજા, મે સાભળ્યુ છે કે હવે તુ તારા દેશમા જઈશ હુ પણ તારી સાથે આવીશ ! મે તારા મસ્તકમાથી લોહી કાઢ્યુ છે તેનુ પ્રાયશ્ચિત હજુ મને મળ્યુ નથી તે જો નહિ મળે તો મનના તાપમા હુ બળી મરીશ ! આ નવીન આજથી તારો ગુલામ બન્યો છે ! તુ ગાદીએ બેસીશ એટલે હુ જીવતો રહીશ તો પાછો અહી આવીશ "

એમ કહી નવીને શશાંકના પગ પકડયા શશાંકે પુનઃ તેને ઉઠાડી હૃદય સાથે દાબ્યા સમ્રાટના બહુ મૂલ્ય વસ્ત્રો કાદવથી ખરડાઈ ગયા

બીજે દિવસે સવારે શશાંક પોતાના સૈન્યસહ નીકળ્યો. સેંકડો સશસ્ત્ર તરુણ માછી લઇ દીનનાથ અને નવીન પણ તેની સાથે નીકળ્યા

તે વખતે ભવ કંઇ જ જણાઇ નહિ ! રાતથી જ તેનો કંઇને કંઇ પત્તો લાગ્યો નહતો !

◆

તૃતીય ખંડ

સંધ્યા

પ્રકરણ ૧ લું.

અતિથી !

શીતકાળનો આરંભ હતો એક દિવસે મંદાર મંડલનો ભયંકર ડુંગરી રસ્તો ઓળંગી એક ઘોડેસ્વાર મંડલદુર્ગના સિંહદ્વાર સામે આવી ઉભો રહ્યો કીડીઓની હાર પ્રમાણે પુંકળ ઘોડેસ્વાર અને પદાતીઓ તેની પાછળ આવતા હતા

ઘોડેસ્વારે દુર્ગદ્વાર સામે ઉભા રહી પુછ્યુ "કિલ્લામા કોણ છે ?"

કિલ્લાના તટ પરથી એક પહેરાવાળાએ ઉલટ પુછ્યુ "પણ તમે કોણ છો ?"

"અમે છીએ અતિથી !" સ્વારે હસીને ઉત્તર આપ્યો

"અતિથી ! ત્યારે અહી શા માટે ? અતિથી ગૃહ તરફ જાવ !"

સ્વારે મોટેથી હસીને કહ્યુ "અમે તો આ કિલ્લાના અતિથી છીએ ! અમે શા માટે અતિથી ગૃહ તરફ જઈએ ?"

પહેરાવાળાએ આશ્ચર્યથી પુછ્યુ "કિલ્લાના અતિથી એ ના વાત ? મે તો એવી વાત અદ્યાપિ સુધી સાભળી નથી !"

"તુ તારી મેળે કિલ્લેદારને જઈને કહે—કિલ્લાનો એક અતિથી આવેલ છે, અને તેને કિલ્લામા આવવુ છે"

પહેરેગીરે સહજ ચીડાઈને કહ્યુ "કિલ્લેદાર સાહેબ હજુ સુધી

ઉડયા નથી તમારા માટે આ ભલતા જ વખતે હું જઈને ખબ આપવા બેઠો છું ! તમારી પાછળ ઘણા મનુષ્ય આવે છે એ તમારાજ છે કે ? ’

“ હા ”

પહેરાવાળાએ ધમકી યુક્ત સ્વરે કહ્યું “ ત્યાર તો તેમને કિલ્લાથી સહજ દૂર રહેવા કહો ! તે પાસે આવશે તો પરીણા મા- નહિ આવે તમોને હું પ્રથમથી જ કહી રાખું છું !

ત્યારે હસીને પુછ્યું ‘ અતિથી દુર શા માટે રહેશે ?

એટલા વખતમા તો આગળ આવેલા સ્વાર પાસે પુષ્કળ ઘોડેસ્વાર અને પદાતીઓ આવી ઉભા રહ્યા તે જોઈ પહેરાવાળાએ તરત સીંગ ફૂંકી જોતાજોતામા કિલ્લાના દ્વારની પાસે સહસ્ર સૈનિકો એકત્ર થઇ ગયા !

ત્યારે પુછ્યુ “ તમારા માલીક કોણ છે ? ”

પહેરગીરે કહ્યું “અમારા માલીક છે અનતવર્મા ! ’

“ તેમને બોલાવ તો આ તરફ ! ”

‘ પ્રથમ તમારા સૈનિકોને પાછળ હટવા કહો ! નહિ તો હલ્લા કરીને તેમને હઠાવવા પડશે

સ્વારની આજ્ઞા થતા જ તેની સાથેનુ સૈન્ય કિલ્લાથી કેટલે છેટે જઈ ઉભુ રહ્યું

થોડા જ વખતમા બખતરથી સર્વાંગે આચ્છાદાયેલા એક પુરૂષ બુરજપર આવી આપણા સ્વારને પુછ્યુ “ આપ કોણ છો ? ’

સ્વારે કહ્યું “ અમે દુર્ગના અતિથી છીએ ! તમે યજ્ઞવર્મના પુત્ર અનતવર્મા કે ?’

‘ હા, પણ આપ કોણ ? આપનો અવાજ મને પરિચિત હોય તેમ લાગે છે ”

‘ મારા સ્વર પરથી તમે મને ઓળખ્યો નહિ ? ”

“ ના ’

“ મને કદી તમે પાટલીપુત્રમા જોયા છે કે ? ”

“ જોયા હશે ! પણ હમણા હુ આપને ઓળખી શકતો નથી, એ ખરૂ છે ”

જરા સ્મરણ કરો પુષ્કળ વર્ષ પૂર્વે એક દિવસે ઠાણેશ્વરના સૈન્યની છાવણીમા કેદી બની તમે ગગા તટે ઉભા હતા—યાદ આવે છે કે ? ”

“ સાભળે છે, સારી રીતે સાભળે છે ! પણ આપ કોણ ? તે મેંહ તો નહિ ? ”

આ ઉત્તર સાભળી આપણો સ્વાર એકદમ ખડખડ હસી પડયો ક્ષણવારે તેણે પોતાના મસ્તકપરનુ શીરસ્ત્રાણ દૂર કર્યુ તેજ ક્ષણે સૂવર્ણરગી, સુદર અને મૃદુ કેશ તેની પીઠ પર લટકવા લાગ્યા ! બાલસૂર્યના સૌમ્ય કીરણોનો સ્પર્શ થતા જ જાણે કે અગ્નીજ્વાલા કુદકાજ મારવા લાગી !

સ્વારના સૂવર્ણ કેશ દૃષ્ટિએ પડતા કિલ્લાના બુરજ પર ઉભા રહેલા પુરૂષે હર્ષભેર બૂમ પાડી ‘ ઓળખ્યા ! ઓળખ્યા ! આપ યુવરાજ—મહારાજાધિરાજ શશાક છો ! ’

એટલામા નરસિહદત્ત, વીરેન્દ્ર, માધવમા, વસુમિત્ર વગેરે મુખ્ય મુખ્ય સેનાપતિઓ શશાક પાસે આવીને ઉભા રહ્યા અલ્પ સમયમા કિલ્લાના દરવાજા ઉઘડી ગયા અને સર્વ અદર આવ્યા આખો દિવસ મડલદુર્ગમા સૈન્ય આવ્યા કર્યું અને સધ્યાકાળ પૂર્વે થોડા બાકી રહેલા સૈનિકોને લઈ વિદ્યાધર પણ આવી પહોચ્યો વસુમિત્રે કહેલી વાત ખરી પડી ! શશાક સાથે પચાસ હજાર કરતા પણ વધુ સૈનિકો પાટલીપુત્ર જવા નીકળ્યા હતા !

શશાક બગદેશમાથી નીકળ્યા પછી થોડા જ વખતમા સમતટથી માધવવર્મા સસૈન્ય આવી મળ્યો ત્રણે જણ પોતાનુ લશ્કર

લઇ ભાગીરથી તટે આવ્યા એટલે શશાક પાટલીપુત્ર જાય છે, એ વાત વિશેષ રીતે કોઇના જાણવામા આવી નહિ

ભાગીરથી તટે નરસિહ પોતાના સૈન્ય સાથે મુકામ નાખી પડયો હતો આ સૈન્યને એકત્ર થયેલુ જોઇ કોઇને પણ આશ્ચર્ય થયુ નહિ

માધવગુપ્ત પોતાના પવિત્ર શપથનો ભગ કરી સિહાસનપર બેઠો ત્યારથી સામ્રાજ્યના મુખ્ય મુખ્ય પ્રધાન તેના પર અત્યત અસતુષ્ટ થયા હતા આ પછી થોડા જ વખતમા ઠાણેશ્વરના અમાત્યની શીખવણીથી તેના હાથે જ્યારે વારવાર વૃદ્ધ મહાનાયકનુ અપમાન થવા લાગ્યુ, ત્યારે રાજના સરદાર સામતો ઘણાજ ક્ષુબ્ધ થયા ! પરતુ જો કે સર્વ આ પ્રમાણે અત્યત ક્રોધી અને અસતુષ્ટ થયા હતા, તોપણ માધવગુપ્ત એ સમુદ્રગુપ્તનો વશજ હોવાથી કોઇએ સ્પષ્ટ રીતે પોતાનો ક્રોધ કે અસતોષ પ્રકટ કર્યો નહતો !

મહાસેનગુપ્તના મૃત્યુ પછી એક વર્ષમા જ મગધના પ્રાચીન સામ્રાજ્યમા વિલક્ષણ ફેરફાર થઈ ગયા હતા ! ગૌડ અને બગ દેશમા શશાકના મિત્રોએ બડ ઉઠાવ્યા હતા, દક્ષિણ મગધ કબજે કરી અનતવર્માએ મડલદુર્ગ પણ પોતાના તાબામા લીધો હતો પ્રભાકરવર્ધનના આગ્રહથી માધવગુપ્તે ચરણાદ્રિ અને વારાણસી અવન્તિવર્માને આપી દીધા હતા યશોધવલદેવે મસ્તક અવનત કરી ચુપકીથી આ સર્વ અપમાન સહન કર્યા ! શશાક પાછો આવશે એ આશા દિનપ્રતિદિન મહાનાયકના હૃદયમાથી લુપ્ત થતી ચાલી બુદ્ધઘોષ, બધુગુપ્ત વગેરે બૌદ્ધ સઘના નેતાઓ હવે ખુલ્લી રીતે બ્રાહ્મણ ધર્મીયોપર અત્યાચાર કરવા લાગ્યા ! તેમના અત્યાચારથી પાટલીપુત્રના નાગરિકો હતાશ થઇ ગયા હતા ! સેકડો દેવાલયોની જમીન અને અન્ય સપત્તિ જોતજોતામા નષ્ટ થવા લાગી હજારો દેવ મદિરોમા મહાદેવ અને વાસુદેવની મૂર્તિને સ્થાને બૌદ્ધ મૂર્તિની સ્થાપ-

નાઓ થઇ! બૌધ નેતાઓના ભયકર અત્યાચારથી નાસી ગયેલી પ્રજા મહાનાયકને શરણે આવી પરતુ બિચારા યશોધવલદેવ શુ કરે? તેમનામા તેમનુ રક્ષણ કરવાનુ સામર્થ્ય જ રહ્યુ નહતુ!

ચોતરફથી આવતુ મહેસુલ બધ થવાથી રાજકોષ ખાલી થયો હતો! વેતન બીલકુલ નહિ મળવાથી સૈન્ય અન્નના અભાવે ક્ષુધાથી પીડાતુ હતુ ધીમેધીમે સૈનિકોની સહનશીલતાની અવધી આવી અને તેઓ પણ અત્યત ક્ષુબ્ધ થયા સેનાપતિના હુકમને નહિ માનતા તેઓ ગામેગામ લૂટ ચલાવવા લાગ્યા ગામના લોકોને પણ આત્મરક્ષણાર્થે તેમની સાથે લડવાની જરૂર પડવા લાગી દેશમા ચોતરફ અધેર ચાલવા લાગ્યુ! યશોધવલદેવ પાટલીપુત્રમા હોવા છતા, એક ચિત્રિત મૂર્તિ પ્રમાણે તેમને પણ ખુલ્લા નેત્ર સામ્રાજ્યની આ ભયકર સ્થિતિ જોવી પડતી હતી

પ્રભાકરવર્ધનને ખબર મળી કે, મગધમા હવે બડનો ભડકો ઉઠ્યા સિવાય રહેશે નહિ તેને એજ જોઇતુ હતુ સમુદ્રગુપ્તનો વશ રહે ત્યા સુધી તેને ચક્રવર્તી કહેવા કોઇ તૈયાર ન હતુ! આથી પોતાના મામાના કુટુબની 'સમ્રાટ' પદવીનો નાશ કરવા તે કમર કસી તત્પર બન્યો હતો પ્રભાકરને ઉક્ત બાતમી મળવાથી અત્યત આનદ થયો અદરના તોફાન અને આતર કલહથી જ્યારે મગધ નિર્બળ થઈ જશે, પરાજય પર પરાજય પ્રાપ્ત કરી મગધ જ્યારે પોતાની પાસ આશ્રયની યાચના કરશે, ત્યારે તેને ખડણી ભરનારો એક ક્ષુલ્લક સામત બનાવી ગુપ્તવશની 'સમ્રાટ' પદવી નષ્ટ કરી નાખીશ, એવો નિશ્ચય પ્રભાકરે કર્યો હતો

મગધની આવી અધેર સ્થિતિ હતી તેજ વખતે શશાક બગદેશમાથી મગધ આવ્યો હતો

મડલદુર્ગમા નવીન સમ્રાટે પોતાના સલાહકારોની સભા ભરી એવુ ઠરાવ્યુ કે, યશોધવલને કઇપણ ન જણાવતા આપણે પાટલી-

પુત્રમા જવુ જોઇએ જરૂર હશે, તો પછી શહેરપર હુમલો કરી શકાશે ! માર્ગશીર્ષ સુદ ત્રયોદશીને દિવસે માધવગુપ્તનુ લગ્ન છે, એવી વાત અનતવર્માએ સભામા પ્રકટ કરી આજે જ પાટલીપુત્રપર હલ્લો કરવો એમ નરસિહદત્ત અને માધવવર્માએ જણાવ્યુ પાટલીપુત્ર શહેરમા કોઈપણ હિદુ પોતાની વિરૂદ્ધ શસ્ત્ર ઉઠાવશે નહિ એવી શશાકને પણ ખાત્રી હતી, પરતુ તે વિચાર તેણે કોઇને પણ જણાવ્યો નહિ

શશાકના સહચરોને આ વિચાર વિશેષ પસદ પડયો નહિ તેણે એક ઠરાવ્યુ કે આપણે ગૌડ દેશના સામતો છીએ એમ કહી વીરેન્દ્રસિહ સાથે સર્વ એ છુપા વેષેનગરમા પ્રવેશ કરવો ફક્ત નરસિહ દત્તે સૈન્ય લઇ ઉપનગરમા રહેવુ અને દશ હજાર સૈનિકોએ લગ્ન સમારભમા ફરતી કેટલીક ટોળીમા મળી જઇ શકાય તે માટે આગળથી જ નગરમા જઈ રહેવુ

આ પ્રમાણે નિશ્ચય થતા હવે થોડા જ વખતમા પાટલીપુત્રમા આવીશ, એવા સદેશો વીરેન્દ્રે મહાનાયક યશોધવલને પહોચાડયો તેથી તેના આવાગમન માટે કોઈને આશ્ચર્ય થયુ નહિ દસહજાર સૈનિકોને જોઈને પણ કોઇને કઇ કલ્પના થઈ નહિ આજ અરસામા સમ્રાટના લગ્ન નિમિત્ત નિમત્રિત સામત અને જમીનદારો પોતપોતાના અગરક્ષક—રક્ષકસેનાસહ નગરમા આવતા હતા પદર દિવસ સુધીમા હજારો સૈનિકો ધીમે ધીમે આવી ગયા અને શશાકનુ બીજુ સૈન્ય નગરની ચોતરફના ગામોમા છુપા વેષે જઇ રહ્યુ

સમ્રાટ માધવગુપ્ત આ વખતે નિશ્ચિંત મને ઉત્સવ અને આનદમા નિમગ્ન બની ગયો હતો આ વખતે સકટની કલ્પના પણ તેને થતી ન હતી તે નિશ્ચય પૂર્વક માનતો હતો કે યુદ્ધમા પ્રભાકરવર્ધન પોતાને સાચવી લેશે, પ્રજા બડ કરશે તો તે મદદ કરશે અને જરૂર પડશે તો પોતે પણ સમરાગણમા ઉતરશે !

પ્રકરણ ૨ જું.

ચિત્રા જળપ્રવાહમાં—

પાટલીપુત્ર નગરમા આજે જ્યા ત્યા મોટો ઠાઠમાઠ અને ભપકો જણાતો હતો ! પ્રત્યેક તોરણમા મંગળવાદ્યનો ગડગડાટ થતો હતો સર્વ રાજમાર્ગ પર પતાકાઓ ઉડતી હતી, પ્રત્યેક માર્ગ પુષ્પપલ્લવથી ભૂષિત બનેલો હતો નાગરિકોમા પણ ઉત્સાહ અને આનંદની રેલછેલ ઉડી રહી હતી ભિન્નભિન્ન રંગના ચિત્રવિચિત્ર અને મલ્યવાન વસ્ત્રો ધારણ કરી નાગરિકોની ટોળાઓ ખંજરી વગાડતી ગાન કરતી ચોતરફ ભટકતી હતી ! વચ્ચે વચ્ચે નગરમા જ્યા ત્યા શંખનો ગંભીરનાદ થતો હતો શુભ્ર પુષ્પહાર અને પુષ્પો ચોતરફ વેરતી પુરસ્ત્રીઓ રસ્તાઓમા ફરતી હતી સુગંધીથી આકાશ ભરાઇ ગયુ હોય તેમ જણાતુ હતુ નગરના દેવદેવળોમાના હજારો ઘંટાનો ગંભીરનાદ એક સરખો સભળાતો હતો

આજે સમ્રાટ રાજાધિરાજ માધવગુપ્તનુ લગ્ન હતુ !

એજ દિવસે મધ્યાહ્ન સમયે બખતરથી પરિધાન થયેલો એક વીરપુરૂષ શહેરમાના મુખ્ય રસ્તેથી રાજભૂવન તરફ જતો હતો તેને જોતા દારૂના નિશામા ચકચૂર બની મઝા ઉડાવતો એક નાગરિક બોલ્યો “ અરે જુઓ જુઓ ! ગૌ–ગૌ–ગૌડ સૈનિક બખતર પહેરી લગ્નમા જાય છે ! ”

આપણા સૈનિકે મુખ ફેરવી તેને પુછ્યુ “ રાજભૂવન તરફ આજ રસ્તો જાય છે ને ? ”

નાગરિકે કહ્યુ “હા, હા ! ઉ–ઉ–ઉત્તર તરફ જો ! ”

સૈનિક આગળ જવા લાગ્યો, એટલામા તે નાગરિકે પોતાના મિત્રને કહ્યું “કેમ-કેમરે ? એ એ ચિત્રાદેવી-દે-દેવી કોણ છે ?”

બીજા નાગરિકે કહ્યું “એટલે ? તુ નથી જાણતો ? એ ચિત્રાદેવી તે મડલદુર્ગના તક્ષદત્તની કન્યા !”

“અ-અરે-એટ-એટલે, જે, જેની સાથે યૂ-યૂવરાજ શશાકનુ લ-લગ્ન થવાનુ નક્કી થયેલુ હતુ, તે, તેજ કે, એ ચિ-ચિત્રા ?”

તેનુ આ ભાષણ સાભળી તરત જ આપણો સૈનિક જતો અટક્યો તેણે પુછ્યુ “ચિત્રાદેવીનુ શુ થયુ કહો છો ?’

બીજા નાગરિકે સામે પુછ્યુ “તમે નગરમા ક્યારે આવ્યા ? ચિત્રાદેવી સાથે સમ્રાટ માધવગુપ્તનુ આજે લગ્ન થવાનુ છે તે તમે રસ્તામા નથી સાભળ્યુ કે ?”

તેના મુખના આ શબ્દો કર્ણપટે અથડાતા જ આપણા વીરનુ માથુ ફરવા લાગ્યુ ! તે સમતોલ ચૂકી જઇ નીચે પડવાની તૈયારીમા હતો, પણ સમીપની ભીતનો આધાર મળવાથી તે જેમ તેમ કરી સ્થિર થયો !

તે જોઇ પહેલો નાગરિક બોલ્યો “અ-અરે-આ-આ શુ ? અરે આ આ-ગૌડ-ગૌડ-વી-વીર પ-પડ્યો ને !”

બીજા નાગરિકે હાસ્ય કરી કહ્યું “અરે, રાજકીય આમંત્રણથી આવેલા અતિથી જ કેની ! દીકરાએ દારૂ પર ઝપાટો માર્યો લાગે છે !”

“શા-શા માટે લુચ્ચાઓ દા-દારૂ પીએ છે કો-કોણ જાણે!”

તે બન્ને દારૂ બાજોની ટીકા આપણા સૈનિકે સાભળી નહિ એમ લાગે છે એકાદ મદ્યપાન કરી બેભાન બનેલા માણસની માફક તે ઝોકા ખાતો ખાતો રસ્તાની બાજુએ છેક પુષ્કરણીના કીનારે જઈ તે પડ્યો ! પછી તો તેની શુદ્ધિ નષ્ટ થયેલી જણાઈ !

ધીમે ધીમે દિવસ પૂર્ણ થઈ સંધ્યા સમય થયો, પણ તે સૈનિક પડયો ત્યાથી ઉઠયો નહિ ! તે દારૂ પીને પડયો હશે એમ સમજી કોઈએ તેની પાસે ગયુ નહિ અને એવી સ્થિતિમા રાત્રિનો પહેલો પ્રહર વહી ગયો અપૂર્વ રંગરાગથી મંગલ વાદ્યોના પ્રચંડ ખળભળાટ વચ્ચે સમ્રાટનો લગ્ન-વિધિ રાજભવનમા સંપૂર્ણ થયો ત્યારે [illegible] આપણો સ્વાર-વીરપુરુષ શુદ્ધિ પર આવ્યો પછી તેણે શરીરપરથી બખતર દૂર કરી પુષ્કરણીમા નાખી દીધુ અને નજીકની એક દુકાનમાથી શુભ્ર વસ્ત્ર ખરીદી લીધા પુષ્કરણીના કીનારા પર આવેલા એક વૃક્ષની ઘન છાયામા તેણે નવીન વસ્ત્રો ધારણ કર્યા અને પુનઃ રાજભુવનનો માર્ગ પકડયો

રાજભુવનમા પ્રવેશ કરતા જ ત્યા એકત્ર થયેલા વિશાળજન સમુદાયમા ભળી જઈ ધીમે ધીમે તે અંતઃપુર તરફ ગયો કોઈની પણ જાણમા નહિ એવા એક ગુપ્ત માર્ગથી નવીન રાજભુવનના અંતઃપુરના બીજા માળપર તે થોડા જ વખતમા આવી ઉભો રહ્યો લગ્નોત્સવમા લીન બની ગયેલી પુરાંગનાઓ કે અંતઃપુરના પહેરેદારો તેને બીલકુલ જોઈ શક્યા નહિ ! ગંગાકાંઠા પાસે, રાજભુવનના જે ભાગ નીચેથી ગંગા પ્રવાહ ગયો હતો, તેજ ભાગના બીજા માળ પરની ગચ્ચી પર આવી આપણો સૈનિક એક અંધકારમય સ્થાનમા છુપાઈ રહ્યો અંતઃપુરનો તે ભાગ એક તરફ હોઈ તે વખતે ત્યા કોઈ ચકલુએ ન હતુ. તે ભાગ તદ્દન શાંત હોઈ રાજભુવનમા ચાલના ગડમડાટનો ત્યા અંશ પણ ન હતો !

સર્વ દિશા ઉજ્જ્વલ અને રમ્ય ચંદ્રકિરણથી પ્રકાશિત થઈ હતી ક્વચિત દૂરથી લગ્નોત્સવનો કોલાહલ ત્યાસુધી પહોચીને ગંભીર શાંતિનો ભંગ કરતો હતો !

કેટલીકવારે એક સ્ત્રી ગચ્ચીપર આવી ઉભી રહી તે સ્ત્રી ખરી યુવાવસ્થામા હતી, તો પણ દૂરથી જોતા તો તે બાલિકા હોય

એવોજ ભ્રમ થતો હતો ! તે યુવતી અસાધારણ સુદર હોઇ સર્વાગે રત્નાલકારથી છવાઇ ગઇ હોય તેમ લાગતુ હતુ તેના અલકારના બહુ મુલ્ય રત્નો ચદ્ર પ્રકાશમા ચકમકતા હતા ! તેનો કેશકલાપ મુક્ત હતો તેણે હમણા જ સ્નાન કર્યું હોય તેમ લાગતુહતુ તેણે એક બહુમુલ્ય શુભ્ર વસ્ત્ર ધારણ કરેલુ હતુ અને તેનો અગ્રભાગ જમીનપર લટકતોહતો એટલામા એકદાસીએ તે રમણીના વસ્ત્રનો નીચે લટકતોભાગ સહજ ઉપર ખોસ્યો અને તેના કેશ લુછવા માડયા. તે તરૂણીને દાસીનુ કાર્ય ગમ્યુ ન હોય એમ લાગ્યુ તે કટાળી હોય તેમ કરી બોલી ‘ અરે રહેવા દે એમને એમ, માલિની ! કેશ સુકાશે આપો આપ વાયુથી ! તુ તારી મેળે જા અહીંથી ! ”

બિચારી દાસી ઝાખી પડી ત્યાથી ચાલી ગઇ અને તે યુવતી અગાશીમા આમતેમ ફરવા લાગી

એટલામા બીજી એક દાસીએ આવીને કહ્યુ “ મહાદેવી ! નિદ્રાનો સમય થયો છે ! ”

યુવતીએ પુછયુ “ એમ તે કેટલી રાત્રી થઇ છે ? ”

“ મધ્યરાત્રી થઈ હશે મહાદેવી ! ”

‘ હુ એટલામા નથી સૂતી તું જા ! ”

દાસીને ત્યાથી જવુ જ પડયુ કેટલીકવારે આપણો સૈનિક અધકારમય આશ્રય સ્થાનમાથી બહાર આવ્યો તેણે દૂરથી જ આમતેમ જોઇ હાક મારી “ચિત્રા–”

યુવતીએ ચમકીને પાછુ જોયુ તો દૂર ચદ્રપ્રકાશમાં શુભ્ર વસ્ત્રો પરિધાન કરી ઉભો રહેલો યુવક જણાયો

પુન સૈનિકે કહ્યુ “ ચિત્રા !–”

તે તરૂણીને સ્પષ્ટ ભાસ થયો કે, કઠસ્વર પરિચિત જ છે તેણે કપિત સ્વરે પુછયુ “ આપ કોણ છો ? ”

સૈનિકે જરા નજીક આવી ઉત્તર આપ્યો ' ચિત્રા !—
હુ તે ?—”

“ કંઠસ્વર ઉપરથી પણ તુ મને ઓળખી શકી નથીને, ચિત્રા ? શુ હુ તારાથી એટલો બધો દૂર થઇ ગયો છુ ? ”

એટલુ કહી તે વીરે તરત જ મસ્તકપરનો ફેટો દૂર કર્યો આજ વખતે નીલ આકાશમા એક વાદળુ ફરતુ ફરતુ આવ્યુ અને તેણે ભગવાન શશાકને ઢાકી દીધો પરતુ તે દૂર થતા જ ચદ્રપ્રકાશ પુન અધિક જ ઉજ્જ્વલ જણાવા લાગ્યો તે પ્રકાશની સહાયથી ચિત્રાદેવીએ જોયુ,—તે પુરૂષ અતિ સુદર અને ગૌરવર્ણીય હોઈ તેના સુવર્ણ કેશ વાયુની લહરીમા નૃત્ય કરી રહ્યા હતા !—તે દૃશ્ય દૃષ્ટિએ પડતા જ ચિત્રાએ ઝીણી ચીસ પાડી !

તે વીરપુરૂષે ચિત્રાની પાસે આવી કહ્યુ ' બ્હીશ નહિ ચિત્રા ! ચિત્રા ! બીલકુલ ડરીશ નહિ ! હુ તારા જેવો મનુષ્ય જ છુ ! —ભૂતપિશાચ નથી નરકમાથી હુ કઇ તને મળવા આવ્યો નથી ! ”

ભય આશ્ચર્ય ઈત્યાદિ ભાવનાથી હૃદય એકદમ વ્યથીત થવાથી ને યાતનાને લીધે ચિત્રાનો શ્વાસ આ વખતે ગુચવાઇ ગયા જેવુ થયુ ! અતિશય પ્રયત્ને આત્મસયમન કરી તે કપતી કપતી બોલી
તમે કુમાર શશાક !—”

મૃદુ હાસ્ય કરી તે પુરૂષે કહ્યુ “ પટ્ટમહાદેવી ! તેજ હુ હુ શશાક જ ! એ સમયે હુ કુમાર હતો ખરો,—પણ તારો તો બાલ્ય સ્નેહી જ ચિત્રા દેવી ! ”

' કોણ ?—યૂવરાજ, યુવરાજ ! તમે ? ”

“ હા ચિત્રા ! હુ શશાક જ છુ ! તે મને પાછા આવવા કહ્યુ હતુ તેથી હું પાછો પાટલીપુત્રમા આવ્યો, ચિત્રા ! કેમ, મારી પ્રતિજ્ઞા મે પૂર્ણ કરીને ? ”

ચિત્રા રડતી રડતી નીચે બેસીને બોલી યૂવરાજ, યૂવરાજ ! ક્ષમા કરો મને ક્ષમા કરો ”

‘શેના માટે તને ક્ષમા કરૂ ચિત્રા‘ તે મને ખાસ પાછા આવવા કહ્યુ હતુ તેથી હુ આવ્યો ! બાલ્યસખીએ લેવડાવેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે મૃતપ્રાય થયેલો આ શશાક જીવતો અહી આવ્યો છે ! એમા ક્ષમા શેની કરવાની ચિત્રા ! ”

“ યૂવરાજ ! શશાકરાજ ! એક વખત, ફક્ત એક જ વાર મને ક્ષમા કરો ! યૂવરાજ ! તમે મારા અપરાધ બદલ કેટલી કેટલીએ વાર ક્ષમા આપી છે ! એક વખત–હવે એક વખત–”

“ પણ ચિત્રા શેની ક્ષમા ? આજે નગરમા આવ્યા પછી મે સાભળ્યુ કે, આજે તારૂ લગ્ન છે ! તારા લગ્નોત્સવના આનંદનો ઉપભોગ લેવા હુ આવ્યો છુ, ચિત્રા ! ”

ચિત્રાદેવી ડુસકા ભરતા ભરતા શશાકના પગ પકડવા જતી હતી, પરતુ સમ્રાટે બે હાથ પાછા ખસી કહ્યુ “ હા, હા ! ચિત્રા મને સ્પર્શ કરીશ નહિ ! આજે તુ મારી તે પૂર્વની ચિત્રા નથી મારા બધુની વિવાહીત ધર્મપત્ની છુ ! હવે પરપુરૂષનો તને સ્પર્શ પણ થવો ન જોઇએ ! ચિત્રા ! આજે તુ મગધ જેવા વિશાલ સામ્રાજ્યની પટ્ટ મહાદેવી છુ ! મારા જેવા દીન નહી ભીખારીના પગમા પડવુ તને યોગ્ય છે કે ? ઉઠ, મહાદેવી ઉઠ, અને તારા આ બાલમિત્રનુ સ્વાગત કર ! ”

ચિત્રાએ શશાક તરફ જોઈ દૃઢ સ્વરે કહ્યુ “સાભળો યૂવરાજ ! મારૂ કહેવુ એકવાર તો સાભળી લો ! સ્વેચ્છાથી આ ચિત્રાએ કઈ લગ્ન કર્યુ નથી ! મારા કથન પર વિશ્વાસ રહેશે કે ? ”

એક દીર્ઘ નિ શ્વાસ નાખી શશાકે કહ્યુ “વિશ્વાસ રાખવો નહિ એમ મને લાગે છે ખરૂ ! પરતુ ચિત્રા, હવે તુ માધવની

એક લક્ષ્મી છુ ! મારી તુ કોઈ પણ રીતે નથી ! પણ તેમા તારો દોષ નથી ! સર્વ દોષ મારો ! મારા અદૃષ્ટનો ! ”

ચિત્રા ઉઠીને ઉભી રહી છ વર્ષના દીર્ઘકાળે તે એક બીજાની સામે ઉભા રહ્યા ! વિમલચંદ્ર પ્રકાશમા સ્નાન કરતુ સર્વ જગત અદ્યાપિ પણ તદ્દન શાંત–નિસ્તબ્ધ હતુ ! નીલાકાશમા નાના નાના શુભ્ર વાદળા વેગથી ધસી જતા હતા, નગરમા ચાલતો લગ્નોત્સવ હવે મંદ થતો જતો હતો, ગડબડ અને કોલાહલ ઓછો થયો હતો, લગ્નોત્સવાર્થે થયેલી દીપમાલા પણ હવે મંદ થઈ લુપ્ત થવાની તૈયારીમા હતી !

ચિત્રાદેવીએ રુદન કરતા કરતા કહ્યુ ‘ કુમાર ! મારે જે કહેવાનુ છે તે પ્રથમ કહેવાદો ! મને એકવાર–ફક્ત એકવાર ક્ષમા કરો ! શશાંકરાજ, હુ તક્ષદત્તની કન્યા છુ, મારા કથન પર પૂર્ણ વિશ્વાસ રાખો ! ”

‘ તક્ષદત્તની કન્યાપર મારો પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તો ચિત્રા, મૃતપ્રાય બનેલો આ શશાંક પાટલીપુત્ર આવ્યો ! વિશ્વાસ નહોત, તો આટલુ કષ્ટ સહન કરી હુ શા માટે પાછો આવ્યો હોત ? પટ્ટ મહાદેવી ! તુ રમણી તેમા પણ અતુલ રૂપ સંપન્ન અને ભર યુવાવસ્થામા છુ ! જેનો જગતમા કંઈ પત્તો નથી તેવા પૃથ્વીપર કોઈપણ ખૂણે ભટકતા ભીખારીની રાહ ન જોતા મગધ સામ્રાજ્યના સમ્રાટ રાજરાજેશ્વરના કંઠમા તે વિવાહ માલિકા આરોપી, તે પૂર્ણ રીતે યોગ્યજ કર્યુ છે ચિત્રા ! એમા કયા છે તારો દોષ ? ”

“ યુવરાજ, શશાંકરાજ ! આપ મને એટલી સામાન્ય સ્ત્રી સમજતા હતા કે ? ”

‘ ના, ચિત્રા નહિ ! બીલકુલ નહિ ! હુ સારી રીતે જાણતો હતો કે તુ એક સામાન્ય સ્ત્રી છે પણ મારા તે વિશ્વાસનુ ફળ મને આવુ મળવુ જોઈતુ હતુ કે ચિત્રા ? ”

" ક્ષમા કરો, યૂવરાજ, મને ક્ષમા કરો ! મે સ્વેચ્છાથી લગ્ન કર્યું નથી—"

શશાંકે તીવ્ર હાસ્ય કરી કહ્યુ ' લગ્ન કદી જૂલ્મથી થઈ શકેછે ખરૂં કે, ચિત્રા ' "

" હા, યૂવરાજ ! મહાદેવી અને ઠાણેવગના વકીલે મારા ઉપર શુદ્ધ જૂલ્મ કરીને જ સમ્રાટ સાથે મારૂ લગ્ન કર્યું છે ! "

" સાભળ, બરાબર સાભળી લે, મહાદેવી ! હા, આજથી તુ મગધ સામ્રાજ્યની મહાદેવી બની છે ! તુ હવે પૂર્વની બાલિકા નથી ! તે હવે યુવાનીમા પ્રવેશ કર્યો છે ચિત્રા, કોઇનુ હૃદય કોઈ જૂલ્મથી કાઢી લે, એ શક્ય છે કે ? એમ તને લાગે છે કે ? આ ક્ષણુભગુર માનવ શરીર પર કોઇ પણુ જૂલ્મ કરે એ શક્ય છે, પરતુ બલથી, જૂલ્મથી, કોઈનુ મન કોઇ કદી વશ કરી શકશે કે ?"

" યૂવરાજ, શશાકરાજ, ફરી ફક્ત એકજ વખત આ ચિત્રાને ક્ષમા કરો ! "

" મે તો ક્યારનીએ તને ક્ષમા આપી છે, ચિત્રા ! નહિતો હુ તને આ કાળુ મુખ બતાવવા આવ્યો જ ન હોત ! "

" ત્યારે પછી—"

" પછી શુ ચિત્રા ? "

" ફરી ફક્ત એકજવાર—"

" અશક્ય ! ચિત્રા, તદ્દન અસભવિત વાત ! તેમ થવુ શક્ય જ નથી ! અશક્ય—અસભવનીય ! "

" સાભળો યૂવરાજ, પણુ મે કઇ જ અપરાધ કર્યો નથી '

" છટ્ ! ચિત્રા ! તુ તક્ષસેનની કન્યા છે, ગુપ્તકુલ વધુ છે ! તારા મુખે આવા શબ્દો બીલકુલ શોભતા નથી ! એકાદ સામાન્ય ક્ષત્રીય સ્ત્રી જો આચારભ્રષ્ટ થશે, તો લોકો તેને દોષ નહિ આપે પરતુ ચિત્રા, તુ તક્ષદત્તની કન્યા, સમ્રાટ મહાસેન ગુપ્તની પુત્રવધુ,

આ શશાકની ભોજાઇ, મગધ સામ્રાજ્યની રાજરાજેશ્વરી છે ! એ વાત તારા જેવી લોકોત્તર સ્ત્રીને માટે યોગ્ય નથી, મહાદેવી !”

“ ત્યારે પછી શુ યૂવરાજ—”

“ બીજુ હવે તને શુ કહુ ? મારા શપથ, મારી પ્રતિજ્ઞા પુર્ણ કરવા માટે હુ પાછો આવ્યો, એટલુ જ ! મારી પ્રતિજ્ઞા હવે પૂર્ણ થઈ છે હવે દેવી, આ ભિખારી શશાકને તદન ભૂલી જા આ શશાક ખરેખર મૃત્યુ પામ્યો છે એમજ સમજ પાણીનો પરપોટો જેમ ક્ષણમા જ પાણી સાથે મળી જાય છે—નષ્ટ થઇ જાય છે, તે પ્રમાણે હું એક ક્ષણવારમા અનતમા ક્યાનો ક્યા નષ્ટ થઈ જઇશ ! આ વિશાલ જગતમા હુ કોઇનેએ શોધવા છતા મળી શકીશ નહિ. તુ સુખી રહે, એવો હુ તને આશીર્વાદ આપુ છુ હુ અત્યત સુખથી કાળને આધીન થવા જાઉં છુ ચિત્રા ! હવે મારા મનમા કોઈ જાતનુ દુઃખ નથી ! યુદ્ધમા મસ્તક પર સજ્જડ શસ્ત્રાઘાત થતા મારી શુદ્ધિ–બુદ્ધિ નષ્ટ થઇ અને દુરદેશમા મે કેવળ આટલા દિવસ અજ્ઞાનવાસમા કાઢયા પાચવર્ષે જ્યારે હુ શુદ્ધિ પર આવ્યો, ત્યારે પિતાજી મને છોડી ગયાછે, એમ મે સાભળ્યુ, પરતુ તે ભયકર દુઃખ પણ જેમતેમ કરી સહન કરી બનતી ઉતાવળે હું પાટલીપુત્રમા દોડી આવ્યો આટલી ત્વરાથી હુ અહીં કેમ આવ્યો તે તુ જાણે છે ? તારા દર્શનથી જગતમા હુ અત્યત ધન્ય, અત્યત સુખી થઈશ, એજ આશાથી ચિત્રા, હુ આટલા વેગથી પાટલીપુત્રમા દોડતો આવ્યો હતો ! આશા હતી કે, પૂર્વ પ્રમાણે જ તુ મને મળવા તીરની માફક ધસી આવીશ, મને જોઇ વિમલ ઉચ્ચ હાસ્યથી તુ સર્વ દિગત ભરી નાખીશ, તને મળતા જ મારૂ દારૂણદુઃખ અને શોક નષ્ટ થશે ! જો, ચિત્રા, જો વિમલ ચદ્ર પ્રકાશમા આ રેતીનુ મેદાન કેવુ સુદર દેખાય છે ! એજ મેદાનપર તારી સાથે ક્રીડા કરતા કરતા કેટલીવાર હુ ફર્યો છુ ! હાય ! હવે એ મેદાનપર તુ કદી પણ રમતી જણાઈશ નહિ ! ચિત્રા ! જો, બરોબર લક્ષ આપી જો ! આ તારૂ રમ્ય

પુષ્પોદ્યાન ! તારા માટે આ બાગમા હુ હદબહાર શ્રમ કરતો હતો જે દિવસે લતિકા પ્રથમ જ આવી તે દિવસની વાત તને યાદ આવે છે કે ? ચિત્રા, લતિકાને મે પુષ્પ તોડી આપ્યુ ત્યારે તુ મારા પર કેટલી ચીડાઈ હતી, કેટલી રડી હતી હુ તને સમજાવતો હતો પણ તુ સમજતી નહતી ! સાભળે છે કે એ બધુ ?"

"યુવરાજ—યૂવરાજ—!" ચિત્રાના હૃદયના ટુકડા થવા લાગ્યા !

"આજે આનદના દિવસે આનદ કરવા જ હુ અહીં આવ્યો છુ તારા મનને દુઃખ થાય તેવુ કંઈપણ કરીશ નહિ યુદ્ધ પર જતી વખતે તારી પાસે શપથ લીધા હતા, તે પૂર્ણ કરવા માટે જ હૂ આવ્યો હતો. જો ચિત્રા, જા હવે, આ શશાંકને તુ હવે તદ્દન ભૂલી જા ! બાલ્યકાળની ક્રીડાને, તે પ્રેમને અને તે શપથને તદ્દન વીસરી જા ! મારો આશીર્વાદ છે—" શશાંકે બન્ને હસ્તે પોતાનુ મુખ છુપાવી દીધુ !

"યૂવરાજ ! શશાંકરાજ—"

"કેમ ચિત્રા ?"

"પુનઃ એકવાર—એકવાર—મને બોલાવો—"

"કેવી રીતે બોલાવુ ? કહે, આ—આ છેવટના મીલનમા તને હૂ દુઃખ કેવી રીત દઉં ? કહે, હુ કેવી રીતે બોલાવુ ?"

"જેવી રીતે પૂર્વે બોલાવતા હતા તેવી—"

"ચિત્રા, ચિત્રિતા, ચિત્રાકિતા, ચિત્રાવલી,—પણ નહિ—નહિ ! માયાનો પ્રબળ મોહ હવે મારે અટકાવવો જોઈએ ! જા ચિત્રા, તુ જા હવે ! પરમેશ્વર તને પૂર્ણ સુખમા રાખે ! જા ચિત્રા, જા હવે !"

ચિત્રા અશ્રુ સારતી બોલી, "ક્યા જાઉ ? યૂવરાજ, હુ અભાગીની હવે ક્યા જાઉ ?"

' કેમ ? એમ કેમ પુછે છે ? તારા પતિ જા પાસે આજે તારૂ પ્રથમ જ મીલન છે ને ? જા હવે, તારો પતિ તારી રાહ જોતો હશે ! "

" હુ અહીં જ રહીશ "

" છટ, ચિત્રા, એવી કલ્પના પણ ન કરીશ ! તેમ કરવુ તે મહત્ પાપ છે ! ચિત્રા, હુ જાઉં છુ હવે, પ્રયત્ન કરી મનને સભાળ ! જા—જા—હવે ! "

એમ કહી સમ્રાટે કેટલાક પગલા ભર્યા ચિત્રાદેવી તેમના તરફ સ્થિર દૃષ્ટિથી જોતી જોતી દઢસ્વરે બોલી " ત્યારે યુવરાજ, આ ભેટ—"

કઠ ભરાઇ આવ્યો શશાકની આખોમાથી અશ્રુપ્રવાહ છુટયો તો પણ સયમ કરી શશાકે કહ્યુ " હા ચિત્રા, આ જગતમા આપણૂ આ છેલ્લુ જ મીલન ! હુ જાઉં છુ હવે "

મહાકષ્ટથી આત્મસયમન કરી શશાક બીજા પણ ચાર પાચ પગલા જોરથી ખસી ગયો તેટલામા ભાગીરથીના જળમા કઇપણ ભારે પદાર્થ પડયો હોય તેવો એકદમ ભાસ થયો ! શશાકે તરત જ પાછા ફરી જોયુ તો શુ ? ગચ્ચી પર કોઇપણ નહતુ !—ગગાના જળપ્રવાહમા હજારો પરપોટા થતા હતા !

જાણે શશાકના મસ્તકપર વજ્રઘાત થયો હોયની ! સર્વ બુદ્ધિ શુદ્ધિ નષ્ટ થઈ હોયની તેમ મહારાજાધિરાજ શશાકે પણ એકદમ અગાશીમાથી ગગમા કુદકો માર્યો !

આ વખતે આકાશના ઇશાન ભાગમા વાદળા એકત્ર થવા લાગ્યા હતા થોડાંજ વખતમા તેનાથી સર્વ આકાશ ભરાઇ ગયુ ! વિમલ ચદ્રપ્રકાશ નષ્ટ થયો અને વૃષ્ટિનો આરભ થયો. સર્વ પૃથ્વી અધકારમય બની ગઇ !

પ્રકરણ ૩ જું.

બે સમ્રાટ !

દરબાર ભરાયો હતો સમ્રાટ રાજાધિરાજ માધવગુપ્ત ઉદાસ મુખે સિંહાસન પર બેઠો હતો તેજ પ્રમાણે સભામા સ્થિત થયેલા સર્વ મનુષ્યોના વદન ઉતરી ગયેલા હોઈ સર્વ અવનત મુખે બેઠા હતા કોઇના પણ મુખ ઉપર પ્રસન્નતા કે આનંદનુ લેશમાત્ર ચિહ્ન જણાતુ નહતુ કાલે તો પાટલીપુત્રમા જ્યા ત્યા આનંદ અને ચેન સિવાય કંઈ નહતુ ! પણ આજે વિષાદના કાળા ઘનઘોર વાદળાએ આનંદોત્સવના ચંદ્ર પ્રકાશને પૂર્ણ રીતે ઢાંકી દીધો હતો !

પણ એકાએક એવુ પરિવર્તન થવા જેવુ બન્યુ શુ ? પટ્ટ મહાદેવી ચિત્રાદેવીનો લગ્ન રાત્રીથીજ કંઇ પત્તો લાગતો નહતો ! હમણા હમણા દરબારમા જે વિશેષ આવતા નહતા તે પણ આજે આવ્યા હતા વેદીની નીચે પૂર્વના અમાત્ય હૃષીકેશશર્મા, મહાનાયક યશોધવલદેવ વગેરે સર્વ અધિકારી બેઠા હતા ઠાણેશ્વરથી આવેલો વકીલ મુખ્ય અમાત્યના આસન પર બેઠો હતો સર્વ મંડળ તદ્દન ચિંતાક્રાંત બેઠેલુ હોઇ દરબારમા જ્યા ત્યા ગાઢ શાંતિ પ્રસરી રહી હતી

મહાપ્રતીહાર વિનયસેન સભામંડપના તોરણ પાસે ઉભો રહી પહેરો ભરતો હતો તેની પાસે બે ત્રણ દંડધર અને પ્રતીહાર ઉભા હતા એટલામા સામે દૃષ્ટિએ પડેલા દેખાવથી એકાએક વિનયસેન ચમક્યો સફેદ પોષાક ધારણ કરી આવતી એક વ્યક્તિ સાથે માધવશર્મા, વસુમિત્ર, વિદ્યાધરનંદ વગેરે ‘બંડખોર’ સેનાનાયક સભામંડપ તરફ આવતા હોય તેવો તેને ભાસ થયો ! વિનયસેને જોરથી આંખો ચોળી, શરીરે ચૂંટીઓ ભરી અને સામે જોયુ, તો શુ ? સામે વીરેંદ્રસિંહ ઉભો હતો !

વીરેંદ્રસિંહે મહાપ્રતીહારને અભિવાદન કરી કહ્યુ "મહાપ્રતીહાર, ગૌડદેશમાથી એક સામત મહાનાયકને મળવા આવ્યા છે–"

વિનયસેન આશ્ચર્ય ચકિત થઇ બોલ્યો "એટલે ? પણ પ્રથમ તમે ક્યારે ગૌડથી આવ્યા ?"

"હુ હમણા જ આવુ છુ કહોને ? લગ્નસમારભમા હાજર રહેવા આવ્યો હતો, પણ રસ્તામા વાર લાગવાથી કાલે હુ પાટલીપુત્રમા આવી શક્યો નહિ !"

એટલામા બડખોર મડળ માથેથી શુભ્ર વસ્ત્રધારી વ્યક્તિ પણ વિનયસેન સામે આવી બોલી "વિનયસેન, કઈ ઓળખ પડે છે ?"

મહા પ્રતીહાર આશ્ચર્ય ચક્તિ થઇ તેના ચહેરા તરફ જોઈ રહ્યો પુન ક્ષણ વાર તે વ્યક્તિએ પુછ્યુ "વિનયસેન, એટલામા જ મને ભૂલ્યો કે ?"

વિનયસેને પુછ્યુ "તુ–આપ કોણ છો ?"

અનતવર્માએ તરત જ તે વ્યક્તિના મસ્તકપરનો ફેટો દૂર કર્યો પળવારમાં તેના ચકચકિત સુવર્ણરગી કેશ તેની પીઠપર ઝૂલવા લાગ્યા તે જોઇ વિનયસેનની કઈ અવર્ણનીય જ સ્થિતિ થઈ ! તે તરત જ ઘૂટણીએ પડી હસ્ત જોડી બોલ્યો "યુવરાજ—મહારાજાધિરાજ !"

વિનયસેનને ઉઠાડી શશાકે તેને પ્રેમથી દઢ આલિગન કર્યુ તેજ વખતે સમ્રાટને દડધર અને પ્રતીહારોએ ઓળખી લઇ જયધ્વની કર્યો "મહારાજાધિરાજનો જય થાવ !" યુવરાજ શશાકનો જય !" ઇત્યાદિ જય શબ્દથી તે સભામડપ ગાજી ઉઠ્યો !

આ વખતે યશોધવલદેવ એકાગ્રચિત્તે ચિત્રા વિષે વિચાર કરતા હતા તક્ષદત્તની એકની એક કન્યાને ઉદ્દેશી કોઈ ન જાણે

તેમ મહાનાયકે એક બે અશ્રુબિંદુ કાઢયા ! તેજ વખતે શશાકનુ નામ સાભળી તે ચમકીને એકદમ ઉભા થયા

પુન “ મહારાજાધિરાજનો જય ! મહારાજ શશાકનો જય !” એવો ધ્વની થયો તત્ક્ષણે જાણે કે ગાડા બન્યા હોય તેમ મહાનાયક તોરણ તરફ દોડી ગયા ! તેટલામા તોરણ આગળ ખૂલ્લા માથે ઉભેલો એક તરૂણ મહાનાયકના ચરણમા નમી પડયો ! મહાનાયક શશાકને ઉઠાડી છાતી સરસો ચાપવા જતા હતા, પણ તે અચાનક મૂર્છિત થઇ પડયા ! હરિગુપ્ત, રામગુપ્ત અને નારાયણ શર્મા પણ તોરણ તરફ દોડી આવ્યા સામે યૂવરાજ શશાક જ ઉભો છે, એવી તેમની પણ અલ્પકાળમા ખાત્રી થઇ !

શશાકે સર્વને અભિવાદન કરી તેમની ચરણરજ મસ્તક પર મુકી જયઘોષથી સભામડપ વારવાર કપિત થવા લાગ્યો માધવગુપ્ત પણ આશ્ચર્ય ચકિત થઇ સિહાસન પરથી ઉઠી ઉભો થયો વીરેદ્ર અને વિનયસેન મૂર્ચ્છા પામેલા યશોધવલદેવને ઉચકી આગળ જવા લાગ્યા તેમની પાછળ શશાક, નારાયણશર્મા, રામગુપ્ત, હરિગુપ્ત, અનતવર્મા અને વસુમિત્ર સભામડપમા આવ્યા

આશ્ચર્યથી સ્તભિત થયેલા સભાજનો પોતાની જગ્યાએથી ઉઠી ઉભા થઇ ગયા સર્વને પોતાના આસન ઉપરથી ઉઠતા જોઈ હૃષીકેશશર્મા પણ ઉઠી ઉભા થયા. સામે શશાકને જોઇ તેમના આશ્ચર્યની સીમા રહી નહિ ! તેમણે દોડી જઇ શશાકને હૃદય માથે દબાવ્યો તે ગદ્ગદ્ સ્વરે બોલ્યા “ ઓળખ્યા, તમોને મે ઓળખ્યા ! તમે શશાક જ ! શશાક મહારાજ પાછા આવ્યા ! અરે કોણ છે ? મહાદેવીને સત્વરે બોલાવી લાવો, તેમને કહો કે શશાક, તમારો શશાક પાછો આવ્યો છે ! હે પ્રભુ, ભગવન, જગદિશ, ખરેજ, તુ અનાથનો નાથ છે ! તુ સત્યની મૂર્તિ છે, તારો મહિમા જાણવાને કોણ સમર્થ છે ? શશાક પાછો આવ્યો ! દામોદરગુપ્તના પુત્રનુ વચન અસત્ય કેમ થાય ? ”

વૃદ્ધે શશાકને હૃદય સાથે દઢ પકડી રાખ્યો હતો તેને તેમણે પ્રણામ પણ કરવા દીધા નહિ ! ત્યાંસુધી વૃદ્ધના બધિર કર્ણમા ચોતરફ થયેલા પ્રચડધ્વનીએ પણ પ્રવેશ કર્યો નહતો !

ધીમે ધીમે યશોધવલદેવ પણ શુદ્ધિમા આવ્યા તેમણે ઉભા થઇ કહ્યુ “ હૃષીકેશ, નારાયણ, તમે ક્યા છો ? મારો શશાક પાછો આવ્યો છે ! મહાસેનગુપ્તનુ વચન સત્ય થયુ છે ! મહાદેવી ક્યા છે ? તેમને તરત જ બોલાવી લાવો-!”

ક્ષણવાર મહામત્રીની શ્રવણશક્તિ પાછી આવી હોય તેમ જણાયુ, તે યશોધવલ પાસે જઇ બોલ્યા “ સાભળ્યુ યશોધવલ ? ખરેખર શશાક પાછો આવ્યો ! ”

યશોધવલે દઢ સ્વરે કહ્યુ “ ત્યારે હૃષીકેશ આપણી પ્રતિજ્ઞા પૂર્ણ કરો ’

“ હા, હવે વિલબ કરવામા અર્થ નથી ! ’

બન્ને વૃદ્ધે હાથ પકડી માધવગુપ્તને સિંહાસન પરથી નીચે ઉતારી પાડ્યો !

એક શબ્દ પણ ન બોલતા નીચુ મુખ કરી માધવગુપ્ત મગધનુ સિંહાસન છોડે છે, એવુ જોઇ થાણેશ્વરના વકીલે બૂમ પાડી કહ્યુ “ મહારાજાધિરાજ ! કોના કહેવાથી આપ સિંહાસન ત્યજો છો ! અજ્ઞ અને અશિષ્ટ જનોના ! યૂવરાજ શશાક તો મરણ પામ્યો છે, હવે આપ એકલા જ આ સિંહાસનના અધિકારી છો દુષ્ટ લોકોના પ્રપચના ભોગ થઈ પડી આપ કોણ છો તે ભૂલી ન જાવ ! ”

તે રાજપ્રતિનિધીનુ આ વાક્ય પુરૂ થયુ નહિ તેટલામા તો વાઘ પ્રમાણે કુદકો મારી અનતવર્મા વેદી વેદી તરફ ધસ્યો અને થાણેશ્વરના વકીલને લાત મારી બાજુએ કર્યો !

તેટલામા સભામડપમા ચોતરફથી, “ રસ્તો છોડો, રસ્તો છોડો, મહાદેવી આવે છે ! “ એવો પોકાર થવા લાગ્યો સભાસદોએ

આદરપૂર્વક મહાદેવીને રસ્તો આપ્યો ! માધવગુપ્ત વેદી નીચે આવી ઉભો રહ્યો ! વાર્ધક્યથી જર્જરિત થયેલા, શોકથી નમી ગયેલા મહાદેવી એક પાગલ પ્રમાણે દોડતા સભામડપના મધ્યમા આવ્યા એક ક્ષણવાર જ તેમણે શશાક તરફ જોયા કર્યું અને ભેટી પડી હૃદય સાથે તેને વટ્ટ દબાવ્યો સર્વ લોકોએ આનદથી પ્રચડ જયધ્વની કર્યો !

મહાદેવીની સાથે જ લતિકા, ગગા, યુથિકા, તરલા અને અન્ય પુષ્કળ પૂર સ્ત્રીઓ પણ સભા મડપમા આવી હતી તે સર્વને એક બાજુએ ઉભા રહેવાનુ કહી યશોધવલે કહ્યુ " મહાદેવી, શાત થાવ અને ખરા મહારાજાધિરાજને સિહાસન પર બેસાડો "

કાણેશ્વરનો વટીલ હમવેગ કુટિલ નીતિકુશળ અને વિચક્ષણ હતો લત્તાપ્રહારનુ અપમાન પળવારમા વીસરી જઇ તે મોટેથી બોલ્યો " મહાનાયક, આપ જ્ઞાનવૃદ્ધ અને રાષ્ટ્રનીતિ નિપૂણ છો ! મહામાયાથી ભ્રમિષ્ટ બની આપ કોને સિહાસન પર બેસાડો છો ? યૂવરાજ શશાકતો ક્યારનો એ આ જગત ત્યજી ગયો છે ! આ કોઇ લુચ્ચો, દાભિક, વેષધારી જણાય છે ! "

પોતાના ઘન ગભીર સ્વરથી સર્વ સભા મડપ કપાવતા મહા- નાયકે કહ્યુ " સાભળ ચોર ! રાજનીતિ તને યમને સોપી દેવામા હરકત કરે છે ! નહિતો આટલી વારમા ક્યારનોએ મે તારો પ્રાણ લીધો હોત ! મને આ જગતમા પગ મુકે લગભગ ૮૦ વર્ષ થયા છે લુચ્ચા કોણ છે, વેષધારી કોણ છે તે હુ સારી રીતે જાણુ છુ, સમજ્યો ? લુચ્ચા, સામે તને મગધનો ખરો સમ્રાટ જ દેખાય છે ! તેના આગળ ઘુટણીએ પડી તેને અભિવાદન કર લુચ્ચા વેષધારી કોણ તે પ્રત્યક્ષ બાલકની માતાનેજ પુછ ! હૃષીકેશશર્મા, નારાયણશર્મા, રામગુપ્ત, હરિગુપ્ત, રવિગુપ્ત વગેરે રાજવશના જુના સેવકોને પુછ ! કોને માટે અનતવર્મા, વસુમિત્ર, માધવવર્મા વગેરે બડખોર સેના-

પતિ પાટલીપુત્રમા આવ્યા છે તેનો બરાબર વિચાર કરજો, વ્યર્થ બડબડાટ કરવામા શો અર્થ છે ?”

બિચારો હસવેગ નિરૂત્તર બન્યો ! પછી હર્ષિકેશ અને યશોધવલ એ બન્નેએ શશાકને સિહાસને બેસાડયો પુરસ્ત્રીઓએ મગલ ગીત ગાઇ નૂતન સમ્રાટનો જયજયકાર કર્યો એકત્ર થયેલા જન સમૂહે પ્રચડ જયઘોષ કરી દિગ દિગાતર ધ્વની પ્રતિધ્વનીથી ભરી નાખ્યુ મહાદેવીની આજ્ઞાથી એક પરિચારિકા સૂવર્ણપાત્રમા ચદન, દૂર્વા અને અક્ષત લઇ આવી, ત્યા ઉભા રહેલા બ્રાહ્મણ અને વયોવૃદ્ધ અમાત્યે નવીન સમ્રાટને આશીર્વાદ આપ્યો

સર્વએ પોતપોતાનુ સ્થાન લીધા પછી વિનયસેને સિહાસન સામે આવી પ્રણામ કરી કહ્યુ “ મહારાજાધિરાજ, આપનો વૃદ્ધ સેવક લલ્લ તોરણમા ઉભો છે તે એક વખત આપનુ દર્શન કરવા ઇચ્છે છે ”

સમ્રાટે લલ્લને અદર લાવવા આજ્ઞા કરી ઘણીવારે વૃદ્ધાવસ્થાના કારણે વાકો વળી ગયેલો અને જ્યા ત્યા લથડી પડેલી ચામડીવાળો લલ્લ હાથમાની લાકડીથી ટેકતો ટેકતો સભા મડપમા આવ્યો. તેની તે મૂર્તિ જોઇ શશાકને ઘણુ આશ્ચર્ય થયુ તરત જ તે સિંહાસન પરથી ઉતરી લલ્લ તરફ જવા લાગ્યો સર્વ સભાસદોએ આશ્ચર્ય ચકિત થઇ જયજયકાર કર્યો

શશાકને આવતા જોઇ લલ્લ ઉભો રહ્યો તેના ચક્ષુ તેજ હિન અને મ્લાન થયા હતા, તો પણ તેમાથી અશ્રુધારા વહેવા લાગી ! તે કપિત સ્વરે બોલ્યો ‘ તમે—મારા કુમાર— તમે શશાક !”

સમ્રાટે દોડી જઇ લલ્લને આલિગન આપ્યુ લલ્લે પણ પોતાના અસ્થિચર્મ બનેલા હસ્ત શશાકના ગળે નાખી ગદ્ગદ કઠે કહ્યુ “ કુમાર ! તમે ખરેખર પાછા આવ્યા ! તમે અવશ્ય પાછા આવશો

એમ સમ્રાટ અમને નિશ્ચયપૂર્વક કહી ગયા હતા, અને તેથી તો હુ અદ્યાપિ સુધી જીવતો રહ્યો—નહિતો પ્રભુ તરફ ક્યારનો એ જઈ પહોચ્યો હોત !"

અશ્રુના કારણે શશાકને કઇ જણાયુ નહિ ! તે ગદ્ગદ સ્વરે બોલ્યો, " દાદા !—' આ વિલક્ષણ દેખાવ જોઇ ચોતરફ ઉભા રહેલા સભાજનો વારવાર જય જયકાર કરવા લાગ્યા

સમ્રાટે વૃદ્ધ લલ્લને વેદી પર લાવી બેસાડવા માડયો, પરતુ તે ત્યા બેસવા કબૂલ થયો નહિ ! લાઠી પર ભાર લઇ ધ્રૂજતા ધ્રૂજતા ઉભા રહી તેણે કહ્યુ ' કુમાર, મહારાજાધિરાજ થઈ તમે એકવાર આ સિહાસન પર બેસો ! હુ તમને મારા નેત્ર તૃપ્ત થાય ત્યા સુધી જોઇ લેઉં !"

શશાક સિહાસન પર બેઠો, તેના તરફ જોઇ લલ્લે કહ્યુ " કુમાર, મને એક વાર તમારૂ પૂર્ણરૂપ જોવા દો તમારૂ છત્ર ક્યા છે ? ચમર ક્યા છે ? દડ ક્યા છે ? '

વિનયસેને ગરુડધ્વજ લાવી સમ્રાટના હાથમા મુકયો યશોધવલદેવની આજ્ઞાથી ધોળુ છત્ર લઇ માધવગુપ્ત સિહાસન પાસે ઉભો રહ્યો રામગુપ્તના બે પુત્ર હાથમા ચમરી લઇ સમ્રાટ પર ફેરવવા લાગ્યા આ દેખાવ જોઇ વૃદ્ધ લલ્લના નેત્ર અત્યત ઉજ્વલ જણાવવા લાગ્યા તલવારને બદલ લાકડી ઉચકી કપાળે લગાડી તેણે સમ્રાટને વીરોચિત અભિવાદન કર્યું પરતુ અત્યાર સુધી થયેલો વિશેષ પરિશ્રમ વૃદ્ધ લલ્લ સહન કરી શક્યો નહિ—વૃદ્ધ શ્રમથી થાકી જઇ નીચે પડી ગયો તેની આ સ્થિતિ જોઇ શશાકે તેની પાસે આવી તેનુ મસ્તક પોતાના અકમા લીધુ

ડોસા અચકાતા અચકાતા બોલ્યો " કુમાર, એકવાર મને બોલાવો—ફક્ત એક જ વાર !"

શશાકે લલ્લના ગળા પર હાથ નાખી કપિત સ્વરે કહ્યુ " દાદા—દાદા ! બ્હીશો નહિ !"

વૃદ્ધ હૃષીકેશ આસનપરથી ઉઠી મોટેથી બોલ્યા " હવે ભય શેનો મહારાજ ? લલ્લ ચાલ્યો,–વૈકુઠમા સમ્રાટ મહાસેન ગુપ્તની સેવા માટે તેની આવશ્યકતા જણાવા લાગી છે હે અનાથનાથ મધુસુદન, આ વૃદ્ધ જીવને ગતી આપ, ભગવન ! સર્વ હરિનામનુ સ્મરણ કરો ! "

હરિનામના સ્મરણથી સર્વ સભા મડપ કપિત થયો ! લલ્લની છેવટની સ્થિતિ જોઈ સમ્રાટે તેના કાન પાસે મુખ લઇ જઇ કહ્યું " દાદા ! દાદા ! હરિનુ નામ લો ! હરિનામ લો—કહો ' હરિ જય જય હરિ ! "

ડોસો ક્ષીણ સ્વરે બોલ્યો " હરિ—જય જય હરિ ! "

લલ્લનો કંઠ ભરાઇ આવ્યો, નેત્રની પાપણો બે ત્રણ વખત હાલી અને ક્ષણ માત્રમા તેણે અનત માર્ગે પ્રયાણ કર્યું ! તે સ્વામી ભક્ત સેવક જાણે કે ધણીનો વિરહ સહન ન થવાથી જ તેના તરફ ચાલ્યો ગયો

" દાદા—દાદા ! ક્યા ગયા મને મુકીને ? " એવો પોકાર કરતો શશાંક લલ્લના શબ પર પડ્યો !

પ્રકરણ ૪ થું.

નરસિંહનો ત્યાગ

સંધ્યા સમય થઇ ગયો હતો ચિત્રશાળામા શશાંક વિશ્રાંતિ લેતો હતો અસાધારણ સુંદર તરુણ નર્તિકાઓ નૃત્યગીતાદિ સાધનથી સમ્રાટના મનને આનંદ આપવા પ્રયત્ન કરી રહી હતી પરંતુ તે અભિષેકનો દિવસ હોવા છતા સમ્રાટ આજે તદ્દન ખિન્ન બની ગયો હતો તેનો ચહેરો અતિશય ગંભીર હોઈ તે પર ચિ-

તાની રેષાઓ દૃષ્ટિએ પડતી હતી તેના તરફ જોતા, ત્યા ઉદ્ભવતો મધુર સગિત ધ્વની તેના કાન સુધી બીલકુલ પહોચતો ન હતો, તે નૃતિકાના રમણીય હાવ ભાવ તેનુ મન આકર્ષી લેવાને સમર્થ થતા ન હતા, એમ સ્પષ્ટ જણાતુ હતુ શશાકનુ મન આજે ઘણે દૂર સચાર કરતુ હતુ રાજપદના વૈભવ અને ચિંતાને ભૂલી જઇ, સુખદુખની વિસ્મૃતિ પામી તે વખતે સમ્રાટનુ હૃદય ચદ્રકિરણથી શુભ્ર જણાતા નવીન રાજભુવનના અત પુરમા આમતેમ ભટકતુ હતુ કદી કદી ગગાના ઉડા જળ પ્રવાહમા કોઈને શોધતુ તરતુ હતુ !

શશાકની પાછળ વસુમિત્ર, માધવવર્મા અને અનતવર્મા બેઠા હતા તે સર્વના મુખ પણ ખિન્ન અને ચિતામગ્ન જણાતા હતા ચિત્રગૃહના દ્વાર આગળ મહાપ્રતીહાર વિનયસેન દડપગ ટેકી ઉભો હતો એટલામા એક દડધરે આવીને ધીમે ધીમે તેના કાનમા કઇ કહ્યુ વિનયસેન ઉદ્વિગ્ન બની અદર આવ્યો શશાક હજુ પણ વિચારમગ્ન હતો તે વિનયસેનને જોઇ શક્યો નહિ મહાપ્રતીહારે સમ્રાટ પાસે જઇ ધીમેથી જ કહ્યુ “ મહારાજાધિરાજ, નરસિંહદત્ત મહાલયમા આવ્યા છે ”

નરસિંહનુ નામ સાભળી શશાંકે એકદમ ચમકી કહ્યુ “ શુ બોલ્યો વિનય ? નરસિંહ આવ્યો છે ? ઉત્તમ ! હુ તેની જ રાહ જોઉ છુ તેને અહી લઇ આવ. ”

મહાપ્રતીહાર પ્રણામ કરી ચાલ્યો ગયો

તે જતા જ વસુમિત્રે સમ્રાટ પાસે આવી કહ્યુ, “ મહારાજ, મહાનાયક નરસિંહદત્તે કદાચિત ચિત્રાદેવીની મૃત્યુ કહાણી સાભળી હશે હમણા તેની ભેટથી આપના મનમા અતિ ત્રાસ થવાનો વિશેષ સભવ છે—”

વસુમિત્રને અટકાવી શશાંકે વચ્ચે જ કહ્યુ. ‘ નહિ, વસુમિત્ર,

નરસિહને અહી જ આવવા દે ચિત્રાનુ મરણ તેણે અવશ્ય સાભળ્યુ હોવુ જોઇએ ચિત્રાના મૃત્યુનુ કારણ અપ્રત્યક્ષ રીતે હું જ છુ ભગિનીના મૃત્યુથી હૃદયને થતી ભયકર યાતનામા નરસિંહને જે બોલવુ હોય તે બોલવા દે તેથી મારા મસ્તક પરનો જડભાર ઘણો હલકો થશે ”

વસુમિત્ર મૃકપણે પોતાની જગ્યા પર જઈ બેઠો અનતવર્મા માત્ર ઉઠીને દરવાજા પાસે જઇ ઉભો રહ્યો

થોડા જ વખતમા નરસિંહદત્તને લઇ વિનયસેન પાછો આવ્યો અદ્યાપિ પણ નરસિંહના શરીર પર બખતર હતુ તેના વસ્ત્રોપર ધૂળ પડેલી હતી તેના કેશ અસ્તવ્યસ્ત થયેલા હતા તેને આવતો જોઇ શશાક ઉઠી ઉભો થયો

નરસિંહ દૂરથી જ એક ગાડાની માફક પોકારી ઉઠયો “યુવરાજ—ચિત્રા—યુવરાજ !—”

પછી મહાલયમા આવી, સમ્રાટને જોતા જ નરસિંહ બોલ્યો “ યૂવરાજ ! મારી ચિત્રા ! ખરૂ જ કે !

શશાક તેના તરફ સ્થિર દૃષ્ટિએ જોતા બોલ્યો “ હા, નરસિંહ, ચિત્રા આ જગતમા નથી ! ”

તદ્દન લોથ પોથ થઇ જઇ નરસિહે પુછ્યુ “ત્યારે યૂવરાજ ! ખરૂ જ કે તમે—” નરસિહ કમર નરમ થઇ જવાથી એકદમ જમીન પર બેસી પડયો !

શશાકનુ મુખકમલ સફેદ પૂણી જેવુ બની ગયુ હતુ તેણે કહ્યું “ હા, નરસિહ, ચિત્રાના મૃત્યુના કારણરૂપ હું જ છુ ! મે મારા હસ્તે તેને ઠાર મારી નથી, એ જો કે ખરૂ છે, તો પણ તે મારા માટે જ મરણ પામી એ વાતમા કઇ અસત્ય નથી ! ”

નરસિહ ઉઠી ઉભો થયો અને તીવ્ર સ્વરે બોલ્યો “ યૂવરાજ શશાક ! તમારી સામે-તમારા માટે ચિત્રા મરણ પામી અને તમે

કંઈ ન કરતા કેવળ ઉભા રહ્યા ?–તેનુ રક્ષણ કરવા તમે કંઈ જ પ્રયત્ન કર્યો નહિ ?"

"એમ કેમ બને, નરસિહ ? ચિત્રાને બચાવવા મે મારાથી બનતો સર્વ પ્રયત્ન કર્યો, એ વાતમા ભગવાન ચદ્રમા, આકાશના વાદળા અને ભગીરથનુ અતૂલ જળ સાક્ષી છે ! ચિત્રાએ નદીમા ક્યારે કુદકો માર્યો તે મે જોયુ નહિ, પણ મે પાછુ જોયુ તો ચિત્રા ગચ્ચી પર જણાઈ નહિ ! તેજ ક્ષણે હું પણ ગચ્ચી પરથી એકદમ ગગા પ્રવાહમા કુદી પડયો તેટલામા દુર્ભાગ્યે અત્યાર સુધી પૂર્ણ તેજથી પ્રકાશી રહેલો ચદ્ર એકદમ વાદળા પાછળ ભરાયો, વાદળા તૂટી પડ્યા–વૃષ્ટિ થવા લાગી, નદીનુ જળ અધિક જ કુદવા લાગ્યુ ! એવી સ્થિતિમા પણ ચિત્રાને શોધતો હુ એક સરખો નદીમા તર્યા કરતો હતો નરસિહ જ્યા સુધી શરીરમા શક્તિ હતી, જ્યા સુધી હુ શુદ્ધિપર હતો, ત્યા સુધી ચિત્રાને હુ ખોળ્યા જ કરતો હતો પણ હાય ! તે મને મળી નહિ ! નરસિહ ! ચિત્રાને ભાગીરથીમા અર્પણ કરી હુ મારી મેળે પાછો ફર્યો નથી મારૂ ભાન નષ્ટ થવાથી હુ બેશુદ્ધ થયો, અને પોતાની ભયકર ક્રીડામા મસ્ત બની ગયેલા મોજાએ તેજ સ્થિતિમા મારૂ શરીર કીનારા પર નાખ્યુ ! મહાનાયક અને તેમણે મહત્પ્રયાસે ઉન્નત અવસ્થામા મુકેલા આ સામ્રાજ્યનો મારાપર હક્ક નહોત, તો મે તેજ ક્ષણે ભાગીરથીમા આત્માર્પણ કર્યું હોત ! ખરી રીતે, નરસિહ હુ જીવતો છતા મૃત્યુપ્રાય થયેલો છુ !

નરસિંહ આવ્યો ત્યારથી સ્વાભાવિક રીતે જ નૃત્યગીત અટક્યુ હતુ વસુમિત્રે ઈસારો કરતા જ વારગના અને ગવૈયા વગેરે ચાલ્યા ગયા હતા ! ચિત્રશાળા તદ્દન શાત નિસ્તબ્ધ હતી

કેટલીક ક્ષણે નરસિંહે ધીમેધીમે કહ્યુ "શશાક, રાત્રીના સમયે અતપુરના છેલ્લા ભાગમા ચિત્રાને મળવા તમે ચોરની માફક કેમ ગયા ? દિવસે શુ ચિત્રા તમને ન મળી હોત ?"

સાભળ નરસિહ ! ચિત્રાને એક બાજુએ મળી–ફક્ત એકજ વાર મળી આ મુખ લઇ નીકળી જવાનો મારો વિચાર હતો. તે વખતે પાટલીપુત્રના સર્વ નાગરિકો શશાક મૃત્યુ પામ્યો છે એમજ માનતા હતા ચિત્રાને એક વાર મળી, ખરેખર મરી જવુ એવો નિશ્ચય હતો ચિત્રાનુ આજે લગ્ન છે, આજે તે મગધની રાજરાજેશ્વરી થવાની છે એવુ મે જ્યારે સાભળ્યુ ત્યારે મારી રાજલાલસા, સર્વ ઇચ્છા, સર્વ મોહ એકદમ દુર થઈ ગયા ! નરસિહ, યુદ્ધમા જતા પૂર્વ ‘ હુ પાછો આવ્યા સિવાય રહીશ નહિ આ નગરમા આ પાટલીપુત્રમા તારી પાસે આવીશ !’ એવા ચિત્રાએ મારી પાસે શપથ લેવડાવ્યા હતા તે શપથ પૂર્ણ કરવા માટે અને જેને–તેને છેવટે એક વખત મળવુ એવા વિચારથી હુ અત પુરમા ગયો હતો. બાલ્યકાળની અને તારૂણ્ય અવસ્થાની સર્વ વાતો, સર્વ શપથ ભૂલી જઇ ચિત્રા જ્યારે માધવની અકલક્ષ્મી બની ત્યારે મે નિશ્ચય કર્યો કે, તેના જીવનક્રમમા મારે વ્યર્થકટકરૂપ થઇ રહેવુ નહિ—તેના સુખમાર્ગમા શલ્યરૂપ બનવુ નહિ ! એકજવાર ચિત્રાને પ્રત્યક્ષ મળવા ખાતર હુ અત પુરમા ગયો હતો. મનનો આવેશ અટકાવી ન શકાવાથી ચિત્રા એકદમ આત્મ હત્યા કરશે, એવી મને કલ્પના પણ નહતી —”

“ માધવની અકલક્ષ્મી ! શશાક, તમે મને શુ કહો છો ? ”

‘ ખરેખરજ નરસિહ, મે અસત્ય કહ્યુ નથી પાટલીપુત્રમા આવતા જ માધવનુ લગ્ન ચિત્રા સાથે થવાનુ છે તે તે સાભળ્યુ નહતુ ? છદ્મ વેષે નગરમા પ્રવેશ કરી હુ લગ્નોત્સવનો ઠાઠમાઠ જોતો હતો તે વખતે મધ્યાન્હકાળ હતો તક્ષદત્તની કન્યા સાથે માધવનુ લગ્ન થવાનુ છે એ વાત મને રસ્તામા એક નાગરિકે કહી હતી તે વખતે સર્વ જગત ભ્રમણ કરતુ હોય એમ મને લાગ્યુ હતુ મારા નેત્ર સામે કરોડો તારા નાચવા લાગ્યા હતા ! ”

“ પરતુ તે વખતે કઇ લગ્ન થયુ નહતુ ! શશાક, તેજ વખતે તમે રાજભૂવનમા કેમ ગયા નહિ ? ચિત્રાને તમે તે જ વખતે કેમ મળ્યા નહિ ? ”

“ તેનુ કારણ કેવળ અદૃષ્ટ, નરસિહ ! હુ ત્યાજ જતો હતો, પરતુ તે વાત સભળાતા જ શરીરપગના જડ બખતર નીચે જાણે હું દટાઈ જ ગયો, મારા પગની શરીર ઉચકવાની શક્તિ નષ્ટ થઇ ગઇ હોય તેમ લાગ્યુ ! હુ લથડીયા ખાતોખાતો રસ્તા પાસેની એક પુષ્કરણીના કાઠા સુધી જેમ તેમ ગયો અને છેવટે ત્યા પડયો ! હુ દારૂ પી પડયો છુ, એમ સમજી નાગરિકો મારી મશ્કરી કરવા લાગ્યા. ચિત્રાનુ લગ્ન માધવ સાથે થવાનુ ! એજ એક વિચારે મારા મનનુ ભક્ષણ કર્યું હતુ—મારૂં ચિત્ત ભમી ગયુ હતુ ! ધીમેધીમે મારા નેત્ર આગળનુ સર્વ વિશ્વ લુપ્ત થઇ ગયુ ! પછી—પછી જ્યા ત્યા ઘનઘોર અધકાર !—”

એટલુ કહી શશાક અટકયો ! કેટલીકવાર સુધી તે સ્તબ્ધ રહી પુન બોલ્યો “ જ્યારે હું શુદ્ધિપર આવ્યો ત્યારે દિવસ અસ્ત પામી ગયાને કેટલોએ વખત થઈ ગયો હતો લગ્નોત્સવનો ગડબડાટ પણ ઓછો થયો હતો તે વખતે લગ્ન વિધિ પૂર્ણ થઈ ગયો હતો તે વખતે મે એવો નિશ્ચય કર્યો કે, ચિત્રાને એક વખત મળી આવવુ, તેની અતિમ ભેટ લઇ શપથ પૂર્ણ કરી આ વિશાળ જલપ્રવાહમા પરપોટાની માફક મળી જવુ ! ચિત્રા માટે માધવના માર્ગમા કાટા બનવુ નહિ—તેને સુખરૂપ રાજ કરવા દેવું !—”

“ ચિત્રાને તમે મળ્યા હતા ને ? તેણે શુ કહ્યુ ? ”

નરસિહના નેત્ર તદ્દન શુષ્ક દેખાતા હતા, તેનો અવાજ મેઘધ્વની પ્રમાણે ગભીર હતો શશાક માત્ર વાયુ પ્રવાહથી કપતા કમલપત્ર પ્રમાણે થરથર ધ્રૂજતો હતો ! તેણે કહ્યુ “નરસિહ, ‘યૂવરાજ, મને ક્ષમા કરો, મે કઇ સ્વઇચ્છાથી લગ્ન કર્યુ નથી,’ એમ ચિત્રા મને વારવાર કહેતી હતી છેવટે તે જ્યારે મારા ચરણ પકડવા

આવી ત્યારે મે તેને તેમ કરવા દીધુ નહિ, કારણ તે કઇ તે વખતે 'મારી ચિત્રા' નહતી–માધવની ધર્મપત્ની હતી, નરસિહ, તે વખતે ચિત્રા મારી બધુ પત્ની હતી! ચિત્રાએ વારવાર મારી પાસે ક્ષમાની યાચના કરી, મે તેનો સખ્ત ઉપહાસ કર્યો, તેનો તૂચ્છકાર કર્યો, તેના પર વ્યંગોક્તિના કઠિન પ્રહાર કર્યા, તો પણ મારા પગ પકડી તે ક્ષમા માગવાનો પ્રયત્ન કરતી હતી પરતુ તે વખતે હું તેને ક્ષમા કરૂ તેથી શુ બનાવવાનુ હતું? કદી પણ ન તૂટે એવા શાસ્ત્ર બધથી તે માધવ સાથે જીવન પર્યંતને માટે સજ્જડ બધાઈ ચુકી હતી તે વખતે મારે ચિત્રાને કેવળ સ્પર્શ કરવો તે પણ પાપ ઠર્યું હોત, લોકાચારનો પ્રચડ શીલાની માફક અભેદ્ય અને કઠિન એવો પડદો અમારા ઉભય વચ્ચે પડ્યો હતો હવે ચિત્રાને વ્યથીત કરવી નહિ એવો નિશ્ચય કરી તેની રજા–હા, આ જીવનની અતિમ રજા–લઈ હું ત્યાથી જવા નીકળ્યો ત્રણ ચાર પગલા દૂર ગયો નહિ, તેટલામા નદીના પ્રવાહમા કઇ જડ પદાર્થ પડ્યો હોય તેવો શબ્દ સભળાયો તેજ વખતે મે પાછા ફરી જોયુ તો શુ? ચિત્રા ક્યાએ નહતી! નરસિહ, ચિત્રાનો વધ મે જ કર્યો! મને અધમને ઠાર કર! આ દારૂણ અસહ્ય યાતનામાથી મને મુક્ત કર! નરસિહ તુ મારો બાલમિત્ર છે મિત્રને ઉચિત એવુ તુ આ કર્તવ્ય કર! આ નિર્બલ હૃદયમા હવે આ ભયકર યાતના સહન કરવાનુ બળ રહ્યુ નથી! મીયાનમાથી અસિ ખેચી મારા હૃદયમાની યાતનાને ઉડી જવા માર્ગ ખૂલ્લો કરી આપ! ચિત્રાને ખોળવા છતા પણ તે મળી નહિ હુ હતભાગી માત્ર અદ્યાપિ જીવુ છુ! સિહાસનપર બેસી રાજાનો અભિનય કરૂ છુ! પણ હૃદયના દુખની જ્વાળા ભયકર!–હાય! એ યાતના સહન નથી થતી!–મારી સામે પણ અનત, નિસીમ અસહ્ય યાતના સિવાય મને કઇ જ દેખાતુ નથી!"

શશાક નગ્ન થઇ જઇ નીચે પડ્યો! અનંતે જો તેને સભાળી

લીધો ન હોતતો તે જમીન પર જ અથડાઈ પડ્યો હોત ! નરસિહ એક પત્થરના પૂતળાની માફક નિશ્ચલ ઉભો હતો. આવી સ્થિતિમા અર્ધી ઘટિકા જતા નરસિહે હાક પાડી “શશાક—”

“કેમ, નરસિહ !”

“યુવરાજ તમે હવે મહારાજાધિરાજ છો, તમારા અતુલરાજ્ય વૈભવનો તમે ઉપભોગ લો નરસિહને માટે હવે સર્વ જગત શૂન્ય બન્યુ છે ! માબાપ વગરની અનાથ બાલિકાને લઈ અસહ્ય સ્થિતિમા મડલ દુર્ગ છોડી તમારા પિતાના આશ્રયમા હું આવ્યો દેવ દિવસ બતાવશે તો મારી બાલક બહેન રાજરાજેશ્વરી થશે, અને પછી તમો બન્નેને લઈ હું મડલ જઈશ, એવી મને આશા હતી પણ હાય ! મારી તે પ્રિય ભગિની તો જતી રહી ! તેના સિવાય આ વિશાળ જગતમા મારૂ કોઇ જ નથી ! મારી તે બહેન, મારા જીવનના સારરૂપ—મારૂ સર્વસ્વ જગતમાથી નાશ પામ્યુ ! હવે મડલ દુર્ગમા આ હતભાગી નરસિહને સ્થાન નથી ! સિહદત્તના દુર્ગમા તક્ષદત્તના પુત્રને માટે હવે જગ્યા રહી નથી ! નહિ, હવે મારે મડલ ન જોઇએ ! રાજાધિરાજ, મને હવે રજા આપો, પાટલીપુત્રમા હવે મારાથી રહેવાતુ નથી આ વિસ્તીર્ણ નગર, આ વિશાળ રાજધાની મને ચિત્રમય જણાય છે ! હવે મારાથી અહી રહેવાતુ નથી. શશાક તમારા કાર્યમા મે મારા પ્રાણ અર્પ્યા છે, જ્યારે તમારા પર મહાન સંકટ આવશે, ત્યારે આ નરસિહને પુન તમે જોશો !”

એટલુ બોલી નરસિહ ચિત્રશાલામાથી વાયુની લહરી માફક ત્વરાપૂર્વક નીકળી ગયો શશાક અસહાય સ્થિતિમા જમીન પર પડી રહ્યો

પ્રકરણ ૫ મું

◆

દૈવ ફર્યું !

જુના મંદિરના ભોયરાની ઓરડીમા દર્ભાસનપર બેઠી મહાસ્થવીર બુદ્ધઘોષ અને સંઘસ્થવીર બંધુગુપ્ત કંઈ મસલત કરતા ના દૈવચક્રના અદ્ભુત ફેરાથી આ વખતે તે હાર ખાઇ ગયા હતા. જે વખતે બૌદ્ધમત નિષ્કંટક બની બૌદ્ધસામ્રાજ્ય દૃઢ પાયાપર સ્થાપન થયુ છે, એમ તેમને લાગતુ હતુ, તેજ વખતે બૌદ્ધસંઘ ભયંકર સંકટમા હોઈ બૌદ્ધરાજ્યનો નાશ થવાનો સમય આવ્યો છે, એમ તેમને જણાયું ! જે દિવસે એકાએક શશાંકે દરબારમા ઉપસ્થિત થઇ માધવગુપ્તને સિંહાસન પરથી પદચ્યુત કર્યો તેજ દિવસે માધવગુપ્તને લઇ હંસવેગે પાટલીપુત્રમાથી પોબારા ગણ્યા ! બુદ્ધઘોષ તે વખતે દરબારમા હાજરજ હતો, તેણે પણ રાજસભામાથી તત્ક્ષણે રસ્તો પકડયા ! પણ તે નગર છોડીને ગયો નહિ તેની એવી ખાત્રી હતી કે, પાટલીપુત્રમા ઘણા મનુષ્યો બૌદ્ધધર્માનુયાયી છે. તેમના પર અત્યાચાર કરવાનું સાહસ બહુધા શશાંકથી થઈ જ નહિ શકે બંધુગુપ્ત માત્ર તે દિવસે દરબારમા નહતો.

માધવગુપ્તના અમલમા હંસવેગની સલાહથી મહાનાયક યશોધવલદેવના સર્વ અધિકાર ધીમે ધીમે ખેંચી લેવામા આવ્યા હતા. આથી બંધુગુપ્ત ખૂલ્લી રીતે રાજદરબારમા જતો હતો ખરો, પણ યશોધવલની દૃષ્ટિએ પડવાની તેની છાતી ચાલતી ન હતી પરંતુ ભાગ્યચક્ર એકાએક ફરવાથી બંધુગુપ્ત અને બુદ્ધઘોષ પ્રબલ પ્રતાપી રાજમંત્રી થઇ બેઠા હતા તે અચાનક પ્રાણભયથી લપાઇ છુપાઇ દિવસ કાઢતા અપરાધી જેવા થયા ! આ વખતે ઠાણેશ્વરનો સમ્રાટ

પ્રભાકરવર્દ્ધન એક ભયકર રોગથી પથારીવશ હોઈ તેનો પાટવી પુત્ર પચનદ દેશમા હુણુ આક્રમણુને અટકાવવામા પડયો હતો

શશાંકનો અભિષેક થયા પછી બીજા દિવસે, બુદ્ધઘોષ અને બધુગુપ્ત નાશી જવા વિષે ભવતિ ન ભવતિ કરતા બેઠા હતા. બોલતા બોલતા બધુગુપ્તે પુછ્યુ "હવે એનો શો ઉપાય ?" " બુદ્ધઘોષે કહ્યુ " ભગવાન શાક્યસિંહ એક માત્ર આધારરૂપ છે

"ये धर्मा हेतुप्रभवा हेतुस्तेषां तथागतो— ,
ह्यवदत् तेषां च यो निरोध एवंवादी महाश्रमणः

બધુગુપ્તે ક્રોધથી કહ્યુ " હવે તમારી એ સૂત્રાત્મક વાતો બાજુએ રહેવા દો ! ધર્મની વાતો આ વખતે મને ઠીક નથી લાગતી !

" સઘસ્થવીર ! તમે આજસુધી એવી જ રીતે ધર્મપરાઙ્મુખ હતા, અને અદ્યાપિ પણ છો ! હજુ પણ ત્રિરત્નનો આશ્રય લો ! '

બધુગુપ્ત ચિડાઈને બોલ્યો " અરે મહાસ્થવીર, ત્રિરત્નનો આશ્રય તો આજે મે કેટલાએ દિવસથી લીધો છે ! પણ યશોધવલના હસ્તથી ત્રિરત્ન મને બચાવશે કે ? "

" સઘસ્થવીર, ઐહિકનો ત્યાગ કરી તમે એકદમ હવે પારત્રિકનુ ચિંતન કરવા માડો "

બધુગુપ્તે કરૂણુ સ્વરે કહ્યુ " મહાસ્થવીર, હજુ પણ ઐહિકનો ત્યાગ મારાથી થઇ શકતો નથી ! હવે શો ઉપાય કરવો ? "

" શત્રુસેન ક્યા છે, તે જાણો છો તમે ? "

" એક દિવસ પણ તે હરામખોરનો પત્તો લાગ્યો નથી ! અરે તે ફીતુરીને લીધે જ આપણા સર્વનો આવી રીતે કાળ પાસે આવ્યો ! તે જો ન હોત તો મરણુ પામેલો શશાંક બચ્યો હોત કે ? કદાચિત શત્રુસેન ગુપ્ત રીતે આપણાપર જ વેર લેવાને ટાપી રહ્યો હશે ! હજુ પણ આપણે આત્મરક્ષણુનો કઇ પણ ઉપાય કાઢીએ ચાલો આપણે પાટલીપુત્રમાથી જતા રહીએ— "

બુદ્ધઘોષે માથુ હલાવી કહ્યુ "સઘ આવી રીતે ભયકર સકટમા હોય તે વખતે પાટલીપુત્ર છોડી કઇ પણ જઈશ નહિ !"

"ત્યારે શુ, અહીં જ તમે મરશો ?"

બુદ્ધઘોષ તુચ્છતાથી બન્ધુગુપ્ત તરફ તીવ્ર દૃષ્ટિથી જોતો બોલ્યો "મરણથી હુ એટલો બ્હીતો નથી, મહાસ્થવીર !

બન્ધુગુપ્ત દયાજનક સ્વરે બોલ્યો મહાસ્થવીર, આ બન્ધુગુપ્ત પણ મરણથી બ્હીતો નથી ! પણ યશોધવલદેવના હાથનુ મૃત્યુ અત્યત ભયકર ! અત્યત ભયકર !"

"ત્યારે તમે નાશી છૂટોને ?"

"ક્યા જાઉ ?"

ક્ષણમાત્ર વિચાર કરી બન્ધુઘોષે કહ્યુ "મહાબોધિ વિહારમા જાવ ત્યા જીનેન્દ્રબુદ્ધિ છે"

"ઠીક છે" એમ કહી બન્ધુગુપ્ત તરત જ ઉઠયો

"એટલે ? હમણા જ જાવ છો ?" બુદ્ધઘોષે આશ્ચર્યથી પુછ્યુ.

'હા, આજ ક્ષણે !"

"ઠીક છે, ભગવાન તમારૂ કલ્યાણ કરો !"

બન્ધુગુપ્ત બહાર પડયો અને તે શાન્ત, નિર્જન મંદિરમા બુદ્ધઘોષ બેસી રહ્યો

આ પછી અર્ધ ઘટિકા વ્યતિત થઈ હશે મદિરની બહાર ઘોડાના પગલા સભળાવા લાગ્યા

તરત જ બુદ્ધઘોષ ઉઠી ઉભો થયો. જોતજોતામા હરિગુપ્ત, દેશાનદ અને કેટલાક નગરરક્ષકો એકદમ મદિરમા આવ્યા

દેશાનદે બુદ્ધઘોષ તરફ આગળી કરી કહ્યુ "આજ તે મહાથવીર બુદ્ધઘોષ !"

તેજ ક્ષણે બે રક્ષકોએ મહાસ્થવીરના હસ્ત પકડયા હરિગુપ્તે કહ્યુ "મહાસ્થવીર બુધઘોષ, મહારાજાધિરાજની આજ્ઞાથી રાજદ્રોહના આરોપ માટે હુ તેમને કેદ કરૂ છુ."

બુદ્ધઘોષે કઈ ઉત્તર આપ્યો નહિ. રક્ષકો તેને હાથ બાધી બહાર લઇ ગયા

હરિગુપ્તે પુછ્યુ “ દેશાનદ, બધુગુપ્ત ક્યા છે ? ”

“ કદાચિત સધારામમા હશે ”

સર્વ મદિરમાથી બહાર નીકળી સધારામ તરફ ગયા

આ પછી કેટલીકવારે ગર્ભગૃહ નીચે આવેલી એક ગુપ્ત ઓરડીમાથી એક વૃદ્ધ ભિક્ષુ બહાર આવ્યો તેણે ચોતરફ બરોબર નજર કરી જોયુ ! કેટલીકવારે સધસ્થવીર બન્ધુગુપ્ત પુન મદિરમાં આવ્યો અને ભોયરામા આસન પાથરી બેઠો તે જમીનપર કઈ રેખાઓ દોરવા લાગ્યો !

લગભગ અર્ધ ઘડીએ તે વૃદ્ધ ભિક્ષુ મદિર તરફ પુન આવ્યો. પરતુ ભોયરાની ઓરડીમા કોઈ મનુષ્ય છે, એમ જોઇ મદિરના દ્વાર આગળ જ તે ઉભો રહ્યો ! મદિરના દ્વારમા મનુષ્ય છાયા જોઇ બન્ધુગુપ્તનુ શરીર કપી ઉઠ્યુ ! તરત જ લેખિની નાખી દઈ ધીમે રહી સાવધપણે તે ઉઠી ઉભો થયો. દ્વાર આગળ ઉભેલા ભિક્ષુના લક્ષમા તે આવ્યુ પણ નહિ !

બન્ધુગુપ્ત મદિરના દ્વાર પાછળથી એકદમ કુદી બહાર આવ્યો અને તરત જ તેણે વૃદ્ધ ભિક્ષુનુ ગળુ પકડી પુછ્યુ “ કોણ છે તુ ?”

બન્ધુગુપ્તના સપાટામાથી છૂટવા તેણે પોતાની સર્વ શક્તિ એકત્ર કરી નિસીમ પ્રયત્ન કર્યો ! તે ખેચાખેચીમા તેના મસ્તકપરનો પટકો નીચે પડ્યો. તે જોઇ બન્ધુગુપ્તે એકદમ આનદથી બૂમ પાડી “ અરે દુષ્ટ તુ તો શત્રુસેન ! આ વખતે તારો પ્રાણ લઉં છું ! છોડવાનો જ નથી ! ”

ક્ષુધાથી વ્યાકુલ બનેલા વાઘ પ્રમાણે કુદકો મારી સધસ્થવીર અશક્ત શત્રુસેનપર એકદમ તૂટી પડ્યો ! વૃદ્ધ તેજ ક્ષણે જમીનપર પડ્યો. એટલામા કેટલેક દૂર અશ્વનો પાદધ્વની સભળાવા લાગ્યો તે

સભળાતા જ શત્રુસેનના હાથ પગ ઉતાવળે ઉતાવળે તેનાજ ફેંટાથી બાધી બધુગુપ્ત સપાટાબધ મંદિરમાથી નાશી પણ ગયો !

બધુગુપ્ત નાશી ગયા પછી થોડીજવારમા મહાબલાધ્યક્ષ હરિગુપ્ત પોતાના કેટલાક રક્ષકો સાથે ત્યા આવ્યા વજ્રાચાર્યને તે સ્થિતિમા જોઈ તેમને મોટુ આશ્ચર્ય લાગ્યુ. હાથ પગ છોડી રક્ષકોએ શત્રુસેનને છૂટો કર્યો.

શત્રુસેને કહ્યુ· “ બધુગુપ્ત હમણા જ અહીંથી નાશી ગયો ! ”

“ ક્યા ? ”

“ તે હુ જાણતો નથી ”

“ કઇ દિશામા ગયો તે ? ”

“ તે પણ હું જોઈ શક્યો નથી ”

“ કેટલા વખતપર તે ગયો ? ”

“ બે ચાર ક્ષણ પહેલા ! ”

બન્ને ત્વરાથી બન્ધુગુપ્તને શોધવા તરત જ નીકળ્યા.

પ્રકરણ ૬ ઠું.

બોધિવૃક્ષનો નાશ.

સામ્રાજ્યના અધિકારી અને સૈનિકો પાટલીપુત્રની ચોતરફ બધુગુપ્તને શોધી કાઢવા અપૂર્વ પ્રયત્ન કરવા લાગ્યા, પરતુ તેમાના કોઇને તે મળી શક્યો નહિ ! એક નાગરિક સઘસ્થવીરને ઓળખતો હોઇ તેણે તેને મહાબોધિના માર્ગે દક્ષિણ તરફ જતા જોયો હતો પરતુ બધુગુપ્ત નગર ત્યજી ગયો છે એ વાત તેના મુખથી અધિકારીઓએ બે દિવસ પછી સાભળી. આ વાત જાણવામા આવતા જ

સ્વત સમ્રાટ શશાક, મહાનાયક યશોધવલદેવ, વસુમિત્ર અને અનતવર્મા પાટલીપુત્રમાથી મહાબોધિ તરફ જવા નીકળ્યા

મધ્યાહ્નકાળ થયો હતો બોધિરૂપ પ્રચડ અશ્વત્થ વૃક્ષની છાયા નીચે વિહાર સ્વામી જીનેન્દ્રબુદ્ધિ અને સઘસ્થવીર બધુગુપ્ત વાતો કરતા બેઠા હતા તેમની સામે જ વજાસન હોઈ તેની પાસે ઉભા રહી બે ભિક્ષુ કેટલાક યાત્રાળુઓ પામે વજાસનની પૂજા કરાવતા હતા બોધિવૃક્ષની પાછળ આવેલા મહાવિહારમાથી અસખ્ય શખ અને ઘટનો નાદ આવતો હતો, ધૂપનો સૂગધ પણ ચોતરફ વ્યાપી રહ્યો હતો

એટલામા એક ભિક્ષુએ દોડી આવી દમભર્યા શ્વાસે કહ્યુ “દેવ, વિષ્ણુ ગયાથી એક સ્વાર કઈ મહત્વની બાતમી લઈને આવ્યો છે તેને અહીજ લઇ આવુ કે ?”

જીનેન્દ્રબુદ્ધિએ મસ્તક હલાવ્યુ ભિક્ષુ ચાલ્યો ગયો અને અલ્પકાળમા એક યુદ્ધ વેષધારી પુરૂષ ત્યા આવ્યો તેણે જીનેન્દ્રને પ્રણામ કરી કહ્યુ “દેવ, વાત અતિશય ગુપ્ત છે ”

જીનેન્દ્રે કહ્યુ ‘ આ તો સઘસ્થવીર બધુગુપ્ત છે એમનાથી મહાસઘની કોઇપણ વાત ગુપ્ત ગખવાનુ કારણ નથી તારે જે કહેવાનુ હોય તે ખુશીથી કહે ”

તે પુરૂષે પુન પ્રણામ કરી કહ્યુ “સમ્રાટ અને મહાનાયક યશોધવલદેવ સાથે પુષ્કળ અશ્વારોહી સૈન્ય લઈ મહાબોધિ* તરફ જ આવે છે અમારા ગુપ્તચરે કાલે રાત્રે પ્રવરગિરીની+ તળેટીમા પડેલી છાવણીમા તેમને જોયા, અને તે પણ તરત જ ખબર આપવા નીકળી આવ્યો મને આજે સવારે જ એ વાત મળી અને તે સાથે જ મારતે ઘોડે આપની પાસે આવ્યો હુ આટલા વખતમા મને લાગે છે કે તે લોકો વિષ્ણુપાદગિરી ઉતરી આવ્યા હશે ! ”

---

* મહાબોધિ—બુદ્ધગયા

+ પ્રવરગિરી—બરાબર પહાડ

સ્વારના મુખથી આ બાતમી સભળાતા જ બધુગુપ્તના હોશકોશ ઉડી ગયા! તેની તેવી સ્થિતિ જોઈ જીનેન્દ્રે કહ્યુ "સઘસ્થવીર! ગભરાઈ જશો નહિ આપણુને બ્હીવાનુ લેશમાત્ર કારણુ નથી"

એટલુ કહી જીનેન્દ્ર સ્વારને રજા આપી બધુગુપ્તને સાથે લઇ મહાબોધિ વિહારમા આવ્યો. તે સમયે મહાબોધિ વિહારના ઉપરના માલે જવાના બે દાદર—જીના હોઇ વિહારના બીજા માલ ઉપર ઉભી રહેલી શાક્યસિંહની પાષાણુ મૂર્તિનુ પૂજન થતુ હતુ જીનેન્દ્રબુદ્ધિ અને બધુગુપ્ત દક્ષિણુ તરફના જીનાદ્વારા બીજા માલપર આવ્યા, અને ત્યાથી તેમણે ગભગૃહમા પ્રવેશ કર્યો ત્યા રક્ત વસ્ત્ર પરિધાન કરી એક ભિક્ષુ ઉપાસના કરતો બેઠો હતો જીનેન્દ્રે તેને બહાર જવા આજ્ઞા કરી ભિક્ષુની ત્યાથી જવાની ઇચ્છા નહતી: પરતુ જીનેન્દ્રની આજ્ઞા! તેને ઉઠીને જવુ જ પડયુ!

જીનેન્દ્રે ઓરડીના દ્વાર બધ કરી લઇ મદિરનો મહાદિપ બધુગુપ્તને આપી કહ્યુ "આપને એવા સ્થળે લઇ જઇ છુપાવુ છુ કે, તે સ્થળે સો વર્ષસુધી જો આપનો શોધ થશે તોપણ આપ કોઇને એ મળી શકશો નહિ! વિહારની અતિશય વિસ્તૃત દિવાલમા એક ભોયરૂ છે, તે બોધિવૃક્ષ અને વજ્રાસનની નીચે ગયેલુ છે"

એટલુ કહી જીનેન્દ્રે તે ઓરડીની ભીતે એક ઠેકાણે સ્પર્શ કર્યો તરત જ એક ગુપ્તદ્વાર ઉઘડયુ! બન્ને તે દ્વારમાથી અંદર ગયા.

પેલો રક્તાબરધારી ભિક્ષુ ઓરડી આગળ ઘૂટણીએ ટેકી દરવાજાને કાન લગાડી તે બન્નેનુ સભાષણુ સાભળતો હતો 'ભોયરૂ,' 'બોધિવૃક્ષ અને વજ્રાસનની નીચે ગયુ છે' એટલા શબ્દો સાભળ્યા પછી તે ભિક્ષુ ઘણીવાર સુધી ત્યા બેસી રહ્યો હતો, પરતુ પછી તેને કઇપણુ સભળાયુ નહિ પછી તે લોખડી જીનાદ્વારા મદિરના ઉચ્ચ શીખરપર ચઢી ગયો. કેટલીકવારે તેને એવુ જણાયુ કે, દૂર નૈરજનીના કીનારા પાસેના રાજમાર્ગે કૃષ્ણમેઘ પ્રમાણે ઘોડેસ્વાર સૈન્ય

મહાબોધિ વિહારની દિશાએ અત્યન્ત વેગે ધસી આવે છે ! તે ભિક્ષુએ શિખરપરથી નીચે ઉતરી આવી જોયુ તો ગર્ભગૃહનુ દ્વાર ખુલ્લુ હતું અને અદર ચકલુ પણ જણાયુ નહિ ! પછી તે બહાર નીકળી રસ્તાપર આવી ઉભો રહ્યો

જીનેન્દ્રબુદ્ધિ ભોયરાના રસ્તે બધુગુપ્તને માથે લઈ નીચે ઉતર્યો જ્યા રસ્તો પૂર્ણ થતો હતો ત્યા એક નાનુ લોખડી દ્વાર હતુ જીનેન્દ્રે તે ઉઘાડવાની યુક્તિ બધુગુપ્તને બતલાવી કહ્યુ “આપ અહી નિશ્ચતીથી દબાઇ રહો. મહાબોધિવિહારના સ્વામી સિવાય અન્ય કોઇને આ ભોયરાની ગધ પણ નથી ! જો દુર્દૈવશાત વિહારમા ભોયરૂ હોવાની બાતમી કોઇને મળી હોય અને તે દ્વારા તે શત્રુને પણ સમજાય તો પણ ભય રાખવાનુ કારણ નથી ખુશીથી આ દ્વાર ઉઘાડી આગળ જજો. એટલે બસ ! આ રસ્તો નૈરજનના સામા તીર સુધી ગયો છે તે ઠેકાણેથી નાનો જગલી રસ્તો પકડી આપ સહેલાઇથી કુક્કુટપાદગિરી × જઈ શકશો ! ”

એમ કહી ઉપર આવી જીનેન્દ્રે તે ગુપ્તદ્વાર બધ કરી ગર્ભગૃહમાથી બહાર આવી જોયુ તો જ્યા ત્યાં શૂન્ય ! તે વિહારમાથી બહાર આવી બોદ્ધિવૃક્ષ નીચે બેઠો

આશરે અર્ધે ઘટિકામાજ હજાર બારસો અશ્વારોહીઓએ આવી મહાબોધિ વિહાર અને સંવરામ પર ઘેરો નાખ્યો. સમ્રાટ શશાક અને યશોધવલદેવ એમણે વિહાર સ્વામી જીનેન્દ્રને બન્ધુગુપ્ત વિષે પુછ્યુ

જીનેન્દ્રે કહ્યુ “સઘસ્થવીર બધુગુપ્ત હમણા તો અહીં નથી જ. એટલુ જ નહિ પણ આજે પુષ્કળ દિવસમા તે મને મળ્યા પણ નથી !”

તેના આ ભાષણપર શશાક વિશ્વાસ રાખે એ શક્ય જ ન હતુ ! ચોતરફ બધુગુપ્તની ખોળ થવા લાગી, પણ ક્યાઇ કોઇને પણ

---

* કુક્કુટપાદગિરી—ગુરપ પહાડ

તેનો પત્તો લાગ્યો નહિ ! યશોધવલદેવની આજ્ઞાથી સંઘારામનો એક એક ભિક્ષુ આવી બોધિવૃક્ષ નીચેના વજ્રાસનનો સ્પર્શ કરી શપથ લઈ કહેવા લાગ્યો કે, " આજે બંધુગુપ્તને બીલકુલ જોયો નથી ! " સર્વ ભિક્ષુઓએ મનમા લેશ માત્ર ન અચકાતા અસત્ય શપથ લીધા માત્ર એક ભિક્ષુએ તેવા શપથ ન લીધા ! તે ભિક્ષુ તે ઉપર વર્ણવેલો રક્તામ્બર ધારી ભિક્ષુ હતો

યશોધવલદેવે બંધુગુપ્તની માહિતી પુછતા તે ભિક્ષુએ કહ્યુ "બંધુગુપ્ત કયાછે તે હુ જાણતો નથી, પરંતુ તે ક્યા રસ્તે ગયો છે તેટલુ માત્ર મે સાભળ્યુ છે"

યશોધવલે આતુરતાથી પુછ્યુ "ક્યા રસ્તે ?"

"ભોયરાને રસ્તે ! "

" ભોયરૂ ક્યા છે ? "

" વજ્રાસન અને બોધિવૃક્ષ નીચે !"

ક્રોધ અને ક્ષોભથી જીનેન્દ્રબુદ્ધિનો ચહેરો લાલચોળ બની ગયો ! મહાકષ્ટથી ક્રોધને દબાવી તેણે સમ્રાટને કહ્યુ " મહારાજાધિરાજ બોધિવૃક્ષની નીચે ભોયરૂ છેજ નહિ ! "

શશાંકે કહ્યુ " છે કે નહિ, પ્રત્યક્ષ જોઈશુ એટલે આપો આપ સમજાશે ! "

શરીરે કંપારી આવ્યા જેવુ કરી જીનેન્દ્રે કહ્યુ " સર્વ નાશ, મહારાજ ! બોધિવૃક્ષ પર આપ હાથ નાખવાનુ કહો છો ? "

" કેમ ? તેમ કરીશુ તો શુ થશે ? "

" સૃષ્ટીના પ્રારંભથી બુદ્ધ મંડળ આ વૃક્ષ નીચે સમ્યક્સબુદ્ધ થયુ છે, તેનુ કંઈ પણ અનિષ્ટ આપના હાથે થશે તો આપનુ કલ્યાણ થશે નહિ મહારાજાધિરાજ ! "

" નહિ કલ્યાણ થાય તો અકલ્યાણ થશે, બીજુ શુ ? "

સમ્રાટે કેટલાક સૈનિકોને બોધિવૃક્ષ કાપી નાખવા આજ્ઞા કરી. ભિક્ષુ મોટેથી પોકાર કરતો રહ્યો અને તે અશ્વત્થવૃક્ષની શાખા,

ઉપશાખાઓ સપાટા બધ તૂટવા લાગી ! કેટલીકવારે વૃક્ષનુ તળીયુ પણ મૂળ સાથે ઉખડી આવ્યુ ! વજ્રાસનની જડ અને પ્રચડ શીલા પણ જગ્યાથી છૂટી પડીગઈ ! તેજ ક્ષણે જમીનમા એક લાબો માર્ગ જણાવા લાગ્યો સધ્યાસમયના અરમામા ભોયરાની છેવટે આવેલુ લોખડી દ્વાર જે વખતે તોડી નાખવામા આવ્યુ, તે વખતે બધુગુપ્ત તે સ્થળેથી ઘણે દૂર, આકાશ સાથે સ્પર્ધા કરનાર ત્રણ શીખરના કુક્કુટપાદગિરી પાસે જઇ પહોચ્યો હતો !

શશાક અને યશોધવલદેવ નિરાશ થઇ પાટલીપુત્રમા પાછા આવ્યા !

આ વાત બન્યા પછી ચાલીસ વર્ષે કેટલાક કુપથગામી ભિક્ષુઓએ એક ધર્મનિષ્ટ ચિની ભિક્ષુને એવુ કહ્યુ હતુ કે “ કેવળ દ્વેષથી પ્રેરાઈ મહારાજ શશાંકે બોધિવૃક્ષને સમૂળ ઉખેડી નાખ્યુ તેથી તેજ વખતે ચીરાઇ જઇ તે નરકમા સંદેહે ચાલ્યો ગયો હતો ! પણ છેવટે અશોકના વશજ પૂર્ણવર્માની મહાન ભક્તિ અને તેજના પ્રતાપે કેવળ એક રાત્રીમા મહાબોધી વૃક્ષ પૂર્વ પ્રમાણે જેવુને તેવુ ઉભુ થઇ ગયુ હતુ ! ” ટુકડે ટુકડા થઇ સમૂળ છૂટુ પડેલુ વૃક્ષ એક રાત્રીમા સાઠ હાથ ઉચુ કેવી રીતે તૈયાર થયુ, તેનુ વર્ણન આ કથામા કરવાની આવશ્યકતા નથી ! પરતુ તે સરળ ધર્મનિષ્ઠ ચિની પરિવ્રાજકે તદન વિશ્વાસ પૂર્વક એ સર્વ કહાણી પોતાના પ્રવાસવૃત્તમા લખી રાખી છે !

◆

પ્રકરણ ૭ મું.

વેરની વસુલાત !

બંધુગુપ્તને શોધી કાઢવા પુષ્કળ પ્રયત્ન થયા પણ તે મળ્યો નહિ ! મહાદડ નાયક રવિગુપ્તે સઘસ્થવીર બુદ્ધઘોષનો ન્યાય કરી રાજ-

દ્રોહના અપરાધપરથી તેને પ્રાણદડની શિક્ષા કરી ન્યાયના સમયે બુદ્ધઘોષે બેફિકરાઈથી કહ્યુ “જે બૌદ્ધ ધર્માવલબી નથી, તેને લોકો રાજા તરીકે કદીપણ સ્વીકારશે નહિ! અને તેને પદચ્યુત કરવામા કે તેની હત્યા કરવામા લેશમાત્ર પાપ નહોતા મહાન પુન્ય જ છે! પ્રભાકરવર્ધન જ દેશનો ખરો રાજા છે, પ્રજાનો તે એકલો જ પ્રતિપાલક અને સ્વામી છે, તેથી મારાપર રાજદ્રોહનો આરોપ સિદ્ધ થવો સુતરામ શક્ય નથી!”

પરતુ ગગાદ્વાર સામે આવેલુ સફેદ રેતીનુ મેદાન તરત જ બુદ્ધઘોષના છૂટા પડેલા મસ્તકના રક્તથી લાલ બની ગયુ! આટલા વર્ષે છેવટે ઉત્તર પ્રદેશના બૌદ્ધસઘનો કોઇપણ યોગ્ય એવો નેતા રહ્યો નહિ!

એકાદ હડકાયા શિઆળ પ્રમાણે મગધમાથી હડધૂત થયેલો બધુગુપ્ત છેવટે પાટલીપુત્રમા પાછો આવ્યો રાજસેવકો મગધમા જ્યા ત્યા તેને શોધ્યા જ કરતા હતા તેથી બધુગુપ્તે મનમા વિચાર કર્યો કે, આવા સમયે ખૂદ રાજધાનીમા જ અધિક સુરક્ષિત રીતે રહી શકાશે અને કેટલોક વખત શાતિમા કાઢી શકાશે! એ વિચારથી બધુગુપ્તે પાટલીપુત્રમા પ્રવેશ કરી પેલા જુના જીર્ણ મદિરના ભોયરાની ઓરડીમા નિવાસ કર્યો! તે અધારી ઓરડીમા દિવસે તે દબાઇ રહેતો, અને રાત પડતા જ ઉદર પોષણાર્થે એકાદ વન પશુ પ્રમાણે બહાર નીકળતો, પણ સદા સર્વદા યશોધવલની છાયા જાણે કે તેને તદ્દન વળગેલી જ રહેતી હોય તેમ લાગતુ હતુ!

જે જીર્ણમદિર સામે ભિક્ષુ જીનાનદ ઉર્ફે વસુમિત્ર અને તરલા મળ્યા હતા, તેની પાસે જ એક દિવસે સધ્યા સમય પૂર્વે બે ઘોડેસ્વાર ફરતા હતા તે સ્વાર ધીમેધીમે ઘોડા ચલાવતા તે મદિર તરફ જ આવતા હોઇ, તેઓ એક બીજા સાથે હલકા સ્વરે વાતો કરતા હતા મદિર તરફથી એક માણસ તે બન્ને તરફ જતો

હતો, પરતુ અશ્વારોહીયોને જોતા જ તે નજીકની ઝાડીમાં છુપાઇ બેઠો

એક સ્વારે બોલતા બોલતા બીજાને કહ્યુ "આર્ય, કેમે કરતા બધુગુપ્તનો પત્તો જ લાગતો નથી! હવે કરવુ પણ શુ?"

બીજા સ્વારે પ્રત્યુત્તર આપતા કહ્યુ "વત્સ, કીર્તિધવલના ખૂનનો સપૂર્ણ બદલો મળ્યા સિવાય મારૂ મરણ થવુ શક્ય જ નથી! કોઇ પણ ઠેકાણે, કોઇપણ રીતે એક દિવસ હુ બધુગુપ્તને પકડીશ જ પકડીશ, એવી મારા મનને પાકી ખાત્રી લાગે છે"

તેટલામા પગરસ્તા પાસેના એક ઝાડ આગળ સહજ સળવળાટ થયો! તે જોતા જ સમ્રાટે એકદમ બૂમ પાડી "કોણ? કોણ છે?"

પરતુ કોઇએ કઈ જ ઉત્તર આપ્યો નહિ! સમ્રાટ, યશોધવલદેવ ઘનઘીચ લતા અને જાળામા ઘોડા ચલાવવા લાગ્યા તે થોડે દૂર ગયા નહિ, તેટલામા જ એક માણસ જીર્ણમદિર તરફ અતિશય વેગથી દોડતો જણાયો તે જોઈ તે બન્ને પણ તેની પાછળ પડયા અને એક ક્ષણમા શશાકે તેની પાસે જઇ તેનો ફેટો પકડી ખેચ્યો. પરતુ તેણે ફેટો જેમનો તેમ ફેકી દઇ દોડવા માડયુ! તેનો ફેટો દૂર થતા જ તેનુ મસ્તક કેશ રહિત જણાયુ અને તે વિષે તેને આશ્ચર્ય પણ થયુ

આ પ્રકાર યશોધવલની દૃષ્ટિએ પણ પડયો હતો તેમણે બૂમ પાડી કહ્યુ "શશાક એ અવશ્ય કોઇ બૌદ્ધ ભિક્ષુ હોવો જોઇએ. પૂઠ છોડીશ નહિ!" એટલુ બોલી તેમણે પણ ઘોડો ફેકયો!

તે માણસ પણ તીવ્ર વેગથી જીર્ણ દેવળ તરફ દોડે જતો હતો. મંદિરના દ્વાર આગળ જ યશોધવલે તેને પકડી અત્યત ત્વરાપૂર્વક તેના શરીરપરનુ વસ્ત્ર ખેચી પકડયુ તેથી તેનુ સમતોલ અવ્યવસ્થિત થતા તે નીચે પડયો!

પડતા પડતા યશોધવલને તેણે અત્યત દયાજનક વાણીથી

કહ્યું "યશોધવલ, મને મારશો નહિ, મારશો નહિ! ક્ષમા કરો! મારૂં રક્ષણ કરો!"

પોતાને ભિક્ષુ ઓળખે છે જાણી યશોધવલને અત્યત આશ્ચર્ય લાગ્યુ તે તેના મુખ તરફ જોઇ જ રહ્યા થોડીવારે તેમણે પુછ્યુ "તુ કોણ છે? હુ યશોધવલ જ છુ એમ તે શા ઉપરથી જાણ્યુ?"

તે ભિક્ષુએ કઇ જ ઉત્તર આપ્યો નહિ

મહાનાયકે શશાકને કહ્યુ "વત્સ, આ માણુસ કોણ છે, તે તુ બરોબર જો તો હુ તો એને કઈ ઓળખતો નથી પણ એ મને ઓળખે છે હમણા જ એણે મારૂં નામ દીધુ હતુ"

સમ્રાટે તેની પાસે આવી સૂક્ષ્મતાથી તેનુ અવલોકન કર્યું ક્ષણમાત્રમા રોમાચ ઉભા થઈ ગયા! એકદમ તેને યાદ આવ્યુ કે, મેઘનદના પ્રવાહમા, ભગવા વસ્ત્ર ધારણ કરી શગ ફેકનારી એજ વ્યક્તિ હતી! શસ્ત્રાસ્ત્રોના ખણખણાટ, રણોન્મત્ત સૈનિકોની ભયકર ગર્જના, એ સર્વમાથી પણ આ વ્યક્તિએ કર્કશ સ્વરે ઉચ્ચારેલા, પોતાને ઠાર મારવા વિષેના શબ્દ તે વખતે સ્પષ્ટ સભળાયા હતા! —આ વ્યક્તિ અન્ય કોઈ નહિ—પ્રત્યક્ષ બૌધ સઘનો બોધિસત્વવાદી સઘસ્થવીર બધુગુપ્ત હતો!

સમ્રાટે અસ્ફુટ સ્વરે એકદમ કહ્યુ "ભયાનક—આ—આ બધુગુપ્તજ" શશાકના મુખના આ શબ્દ સાભળતા જ ક્ષણમાત્રમા વૃદ્ધ મહાનાયકના શરીરમા વિલક્ષણ પરીવર્તન થઈ ગયુ! એક નિમિષમા એસી–પચ્ચાસી વર્ષના વૃદ્ધમા પચીસીમા પ્રવર્તતા યુવકનુ બળ ઉત્પન્ન થઇ વિલક્ષણ સ્ફુરણ ઉદ્ભવ્યુ એકના એક પુત્રના ક્રૂર વધના વેરની વસુલાત લેવાની ઇચ્છા વૃદ્ધના મન અને શરીરના પ્રત્યેકઅણુમા વ્યાપી ગઇ અને વૃદ્ધત્વ ક્યાનુ ક્યા જતુ રહ્યુ! વૃદ્ધાવસ્થાથી મહાનાયકનુ નમી ગયેલુ શરીર એકદમ ઉંચુ ટટાર બન્યુ! તેમણે

કર્કશ સ્વરે કહ્યુ “વત્સ, આ વખતે–આ વખતે–આ વખતે—” એક પત્થરના પૂતળાની માફક શશાક નિશ્ચલ ઉભો હતો તેના તરફ જોઈ હાથ જોડી બધુગુપ્તે અત્યત કરૂણ સ્વરે કહ્યુ “ સમ્રાટ, શશાક મહારાજ ક્ષમા, મને ક્ષમા–કરો–મારૂ રક્ષણ કરો–મને મારશો નહિ ! મને મારવાનો જ જો તમારો નિશ્ચય હોય તો, માત્ર યશોધવલના હાથમાથી મને છોડાવો અને બુદ્ધઘોષની માફક ચાડાલના હાથમા મુકો, પણ હિસ્ર પશુ પ્રમાણે હાલબેહાલકરી ઠાર મારશો નહિ—સમ્રાટ–મહારાજ ! મારૂ રક્ષણ કરો ! ”

પાગલની માફક ખડખડ હસી બધુગુપ્ત તરફ તીવ્ર દૃષ્ટિથી જોઇ યશોધવલદેવે કહ્યુ ‘ બધુગુપ્ત, તે જ્યારે અત્યત ક્રૂરતાથી મારા કીર્તિધવલનો વધ કર્યો ત્યારે કેટલી દયા બતાવી હતી ? ”

બધુગુપ્તે ધ્રુજતા ધૂજતા કહ્યુ “ત્યારે યશોધવલ, તે સર્વ જાણ્યુછે”

યશોધવલે ભેદક સ્વરે કહ્યુ “હા, બધુગુપ્ત, પ્રત્યેક અક્ષર મારા જાણવામા છે ! મારો પુત્ર મર્માતિક ઘા લાગવાથી જ્યારે પડયો હતો ત્યારે, બધુગુપ્ત, તે તેનાપર કેટલી દયા કરી હતી ?”

બધુગુપ્ત કાલાવાલા કરી બોલ્યો, “યશોધવલ, તે વખતે હુ શુદ્ધિપર નહતો ! મારા અગમા પિશાચનો સચાર થયોહતો ! હું–હુ યશોધવલ–”

યશોધવલે વચ્ચે જ ગભીર સ્વરે કહ્યુ “શરીરમાથી અતિશય રક્તસ્રાવ થવાથી તીવ્ર તૃષાથી મારા પુત્રે તરફડીયા મારતા જ્યારે પાણી પાણીનો પોકાર કર્યો ત્યારે નરપિશાચ, તે શુ કર્યુ હતુ તે તને યાદ છે કે ?”

“ યાદ છે, યશોધવલ, મને તે સારી રીતે યાદ છે ! કીર્તિધવલના ગરમ ગરમ રક્તથી મારૂ સર્વ શરીર તરબોળ બનાવી હુ તે વખતે એક પિશાચની માફક ઉન્મત્ત થઇ નાચતો હતો ! પણ યશોધવલ તુ મને ક્ષમા કર ! ધવલ ધવલવશને કલકિત ન કર ! યશોધવલ, મારા સર્વ અપરાધની ક્ષમા કર ! ”

“ મારો કીર્તિધવલ કોઇ દુષ્ટે છુપાઇ રહી તીર માર્યાથી ઘાયલ થઇ પડયો હતો ! પણ બધુગુપ્ત, એટલુ રક્ત તે શી રીતે મેળવ્યુ હતુ તે કહીશ ?”

બધુગુપ્તે થરથર ધ્રૂજતા કહ્યુ “ મહાનાયક, મે કીર્તિધવલના હાથપગની રક્તવાહિનીઓ તોડી નાખી હતી તે રક્તથી દેવી મદિરનુ પટાગણુ ભરાઇ ગયુ હતુ ! તે દેખાવ અદ્યાપિ મારી દૃષ્ટિ આગળ તરવરે છે ! ક્ષમા કર—મહાનાયક, મને ક્ષમા કર ! ”

“ કીર્તિધવલની ક્રૂર હત્યાના વેરની વસુલાત માટે તો આ યશોધવલ અદ્યાપિ જીવેછે ! તેના ખૂનીના—તારા રક્તથી જો હું જમીન પલાળી ન નાખુ તો તેનો સ્વર્ગમા તરફડતો આત્મા તૃપ્ત થાય નહિ ! મારા પીતૃ તૃષાતુર છે, તે મને શાપ આપશે ! ચાડાળ, બધુગુપ્ત, અધમ, તે જે રીતે મારા પુત્રનો વધ કર્યો છે તેજ રીતે તારે પણ આજે મરવુ જોઈએ ! ”

અત્યાર સુધી સ્તબ્ધ બની ઉભો રહેલો શશાક હવે સહેજ આગળ આવ્યો તેણે ઘૂટણીએ પડી હાથ જોડી મહાનાયકને કહ્યુ “ પિતા તુલ્ય—’

સવ વનને કપાવી નાખતા મહાનાયકે કર્કશ સ્વરે કહ્યુ “ વત્સ શશાક, તુ અહીંથી ચાલ્યો જા ! આ યશોધવલ ખરેખરો પિશાચ બન્યો છે ! મારા કીર્તિધવલના ખૂનીનુ રક્ત પ્રાશન કરવાની ઇચ્છાથી હું આ વખતે તદ્દન ગાડો બની ગયો છુ ! આ વખતે હુ કોઇનુ કઇપણ સાભળીશ નહિ ! વિશેષ શુ ? મારા પ્રિય મિત્ર મહાસેનગુપ્તના પુત્રની—મને કીર્તિધવલ પ્રમાણે જ પ્રિય એવા સમ્રાટ શશાકની—વિનતિ પણ આ વખતે નકામી જશે ! જા, વત્સ, આ વખતે તુ અહીંથી ચાલ્યો જા—હુ હવે તદ્દન આધળો બન્યો છુ—’

મનમા ચાલતા ખળભળાટને જેમ તેમ કરી અટકાવી ગદ્ગદ કઠે શશાક પુન બોલ્યો “ ભટ્ટારક, ધૈર્ય ધારો—”

પરતુ શશાકનુ આ વાક્ય પૂર્ણ થતા પૂર્વેજ યશોધવલદેવે પ્રચડ બલથી ડાબા હાથથી સમ્રાટને પાછળ ધકેલ્યા અને જમણા હસ્તે સરરર તલવાર ખેચી કાઢી !

શશાક બન્ને હસ્તથી આખો દાબી દઇ ત્યાથી ખસી ગયો

આ પછી સુમારે એક ઘડીએ વસુમિત્ર અને હરિગુપ્ત શશાકની આજ્ઞાથી તે જીર્ણ મદિર પાસે આવ્યા તેમણે આવી જોયુ તો, મદિરનુ સવ પટાગણુ રક્તથી ભરાઇ ગયુ છે, વજ્રાસન બુદ્ધ મૂર્તિરૂપ સામે સઘસ્થવિર બધુગુપ્તનુ પ્રેત અસ્તવ્યસ્ત પડેલુ હોઇ રક્તથી તરબોળ બનેલી ભીષણ મૂર્તિ, વીવૃદ્ધ યશોધવલ પાગલ પ્રમાણે નૃત્ય કરી રહ્યા છે ! એવો ભયકર દેખાવ દૃષ્ટિએ પડયો !

આ દેખાવ જોઇ વસુમિત્ર અને હરિગુપ્ત દિંગ્મૂઢ જ બની ગયા ! અતે મહાકષ્ટ પૂર્વક યશોધવલને રથમા નાખી તે રાજભૂવન તરફ ચાલ્યા ગયા

પ્રકરણ ૮ મું.

નરસિંહનું બંડ !

પાટલીપુત્રના સિંહાસનપરથી પદચ્યૂત થયો ત્યારથી મહાકુમાર માધવગુપ્ત ક્યા રહ્યો હતો તે પાટલી પુત્રમા કોઇપણ જાણતુ નહતુ. કોઇ કોઈ કહેતા કે, તે હસવેગની સાથે નાશી જઇ ઠાણેશ્વરના રાજમા કોઇપણ જગ્યાએ રહ્યો છે, પરતુ માધવગુપ્ત વિષેની સત્ય હકીકત કોઇના જાણવામા નહતી ! શશાકે પોતાના લઘુબધુને શોધવા ચોતરફ દૂત મોકલ્યા હતા, પરતુ તેમાથી એકને પણ તેની ખબર મળી ન હતી !

બન્ધુગુપ્તને યમઆધીન કરી કીર્તિધવલના ખૂનનુ વેર લીધા

પછી યશોધવલદેવ એકદમ અત્યંત જરા ગ્રસ્ત બની ગયા ! એક દિવસના સમયમા તેમની સર્વ શક્તિ નષ્ટ થઇ ગઈ ! એટલે સુધી કે ઉઠીને ઉભા થવાનુ પણ સામર્થ્ય રહ્યુ નહિ ! પોતાનુ આ લોકનુ કાર્ય પૂર્ણ થયેલુ હોઇ હવે મૃત્યુ દૂર નથી એમ જોઇ શ્રેષ્ટિ કન્યા યુથિકા અને અનંતવર્માની બહેન ગંગાદેવી એમના લગ્ન જલદી કરી નાખવા યશોધવલદેવે સમ્રાટને સૂચવ્યુ થોડા જ દિવસમા એક શુભ મુહુર્તપર વસુમિત્ર સાથે યુથિકાના, માધવવર્મા સાથે ગંગાદેવીના અને વીરેન્દ્ર સાથે તરલાના લગ્ન કરવામાં આવ્યા શશાંકે લતિકાના લગ્ન વિષે મહાનાયકની સલાહ માગી પરંતુ તેમણે તે પ્રશ્નનો કંઇ જ ઉત્તર આપ્યો નહિ

લગ્નોત્સવ પૂર્ણ થયો હતો એક દિવસે રાત્રે સમ્રાટ ગંગાદ્વારના સામેના ઘાટપર બેઠા હતા દૂર દ્વાર પાસે મહાપ્રતીહાર વિનયસેન અને મહાનાયક અનંતવર્મા હસ્તમા નગ્ન અસિ લઇ ઉભા હતા તે બન્ને કદીપણ સમ્રાટને છોડી એકક્ષણ સુદ્ધા દૂર જતા નહતા ભાગીરથીના પ્રશાંત જલ પ્રવાહપર શાંત, શુભ્ર, મધુર ચંદ્ર જ્યોત્સના જાણે મૂર્છા પામી પડેલી હોય તેમ લાગતુ હતુ સમ્રાટ એકાગ્ર ચિત્તે તે સુંદર દૃશ્ય જોઇ રહ્યા હતા આ વખતે શશાંકના અંતઃકરણમા હજારો વિચાર લહરી ઉછળતી હતી ભાગીરથીના વિશાલ જલ પ્રવાહ નીચે લાખો અભ્રકકણુથી ભરાયલી તરબોળ રેતીના કયા વિવક્ષિત સ્થાને ચિત્રા દબાઇ રહી હશે ! હવે માત્ર એક વખત તેનુ દર્શન થશે—તો તો—પણ—હાય ! ચિત્રાનુ ધોળા શંખ જેવુ બની ગયેલુ હાડપીંજર નદીના આંતર ભાગમા એકાદ એકાંત શાંત પ્રદેશમા લીલીછમ લીલથી લપેટાઇ પડી રહ્યુ હશે, અને પોતે માત્ર મણીમુક્તાથી ભરેલા સૂવર્ણ સિંહાસન પર, બહુ મૂલ્ય આવરણ વસ્ત્રથી આચ્છાદિત બનેલી એવી અત્યંત કોમલ સુખ શય્યાપર પડી કાલ ક્રમણ કરે છે ! હા, તેજ એ ચિત્રા !—પુષ્પ વૃક્ષપરથી પુષ્પ લેતા કોમલ અંગુલીને કાંટો લાગતા જેને અમર્યાદ યાતના થતી, જેનુ સર્વાંગ પ્રસ્વેદમય થતુ,

તેજ એ ચિત્રા ! તેણે જે વખતે નદીમા ઝંપલાવ્યુ, તે વખતે તેને કેટલી વેદના થઈ હશે ! તેના તરવાના કાર્યમા કુશળ એવા હસ્ત જે સમયે દારૂણ માનસિક વ્યથાના કારણે શક્તિ હીન બની નિશ્ચલ થયા હશે, તે વખતે કેવી અનતયાતનામા તેણે મૃત્યુને આલિંગન આપ્યુ હશે ! ઘેરી રાખેલા જલપ્રવાહ પ્રમાણે સર્વ બધનોને તોડી શશાકના નેત્રમાથી અશ્રુધારા ,ખળખળ વહેવા લાગી ! ચદ્રકિરણમા સ્નાન કરતુ જગત તેના દૃષ્ટિપથમાથી ક્યાનુ ક્યા જતુ રહ્યુ !

તેટલામા એક દડધરે દોડી આવી સમ્રાટને પ્રણામ કરી કહ્યુ "દેવ, ઉત્તર માલવામાથી મહારાજ દેવગુપ્તે એક દૂત મોકલ્યો છે. તે મહારાજાધિરાજનુ હમણા જ દર્શન કરવા ઇચ્છે છે !"

દુ ખી દીલે સમ્રાટે કહ્યુ "ઠીકછે, તેને અહીં જ લઇ આવ !"

દડધર પ્રણામ કરી ત્યાથી ચાલ્યો ગયો અને થોડા જ વખતમા એક બખતર યુક્ત પુરૂષ સહ તે પુન આવ્યો સમ્રાટને નમ્રતાથી પણામ કરી તે ઉભો રહ્યો

"શી ખબર છે ?"

"મહારાજાધિરાજ, માલવાથી મહારાજ દેવગુપ્તે મને અહીં મોકલ્યો છે રાત દિવસ દોડતે ઘોડે પ્રવાસ કરી બે મહીને હુ પાટલીપુત્રમા આવી પહોચ્યો છુ "

"શી ખબર લઇને આવ્યો છુ ? "

"વાત ઘણી મહત્વની અને તેવીજ રીતે તે અતિશય ગુપ્ત પણ છે "

"ખુશીથી કહે ! જે મડળ અહીં છે, તે સર્વ સામ્રાજ્યનુ હિત ચિંતક છે. એ મર્વ સામ્રાજ્યના અત્યત વિશ્વાસુ અધિકારી છે "

"મહારાજ દેવગુપ્તે મહારાજાધિરાજના ચરણમા મને એવુ કહેવા આજ્ઞા કરી છે કે, બે મહીનાપર ઠાણેશ્વર નગરમા વિષમજ્વરથી મહારાજ પ્રભાકરવર્ધનનો કાળ થયો છે !"

અનતવર્માએ આશ્ચર્ય પામી પુછ્યુ " શુ કહ્યુ ? "

" વિષમજ્વરથી બે મહિના પર મહારાજ પ્રભાકરવર્ધન ઠાણેશ્વરમા મૃત્યુ પામ્યા છે ! "

શશાંકે કંઈક આશ્ચર્ય પામી પુછ્યુ " પણ એ બાતમી મને જણાવવા માટે દેવગુપ્તે ખાસ દૂત મોકલ્યો તેનુ શુ કારણ ? ઠાણેશ્વર તરફથી યોગ્ય વખતે દૂત આવ્યો જ હોત !"

" દૂતે હાથ જોડી કહ્યુ " મહારાજાધિરાજ, બીજુ પણ કેટલુક કહેવાનુ છે મહારાજ, પ્રભાકરવર્ધનના મૃત્યુ સમયે મહાકુમાર રાજ્યવર્ધન હૂણદેશ તરફ યુદ્ધમા ગયો હતો નગરહાર અને પુરૂષપુર ઓળગી તે ગાધારના ડુગરાળ પ્રદેશમા પેઠો હતો પરતુ તે અદ્યપિ પાછો આવ્યો નથી ! "

શશાંકે પુછ્યુ " ત્યારે શુ, હર્ષે પોતાના વડીલબધુનુ સિંહાસન દબાવ્યુ ? "

' ના, મહારાજાધિરાજ ! મહાદેવી યશોમતીએ પતિ સાથે ચિતારોહણ કર્યું છે અને રાજ્યવર્ધન હજીસુધી પાછા આવેલા ન હોવાથી હર્ષવર્ધન શોકથી મૃતપ્રાય બન્યો છે એટલે સમ્રાટ સમુદ્રગુપ્તના નષ્ટ થએલા સામ્રાજ્યનો ઉદ્ધાર કરવાને ઉત્તમ સધી છે કાન્યકુબ્જપર હલ્લો કરી તે ઠાણેશ્વર તરફ વધતા જાય છે, અને પૂઠ સભાળવા માટે આપે પ્રતિષ્ઠાન સર કરવો, એવી મહારાજે આપને આગ્રહ પૂર્વક વિનતિ કરી છે. "

શશાકે કંઇક તીવ્ર સ્વરે કહ્યુ " દૂત, તારો માલવરાજ કઇ ગાડો તો નથી થયો ને ? સ્વર્ગસ્થ થયેલો પ્રભાકરવર્ધન એ સમ્રાટ દામોદર ગુપ્તની પુત્રીનો પુત્ર છે, ને વાત એ ભૂલી ગયો છે કે ? મગધ સામ્રાજ્ય સાથે ઠાણેશ્વરના રાજાને પ્રત્યક્ષ કોઈ જાતની તકરાર નથી એમ તારા મહારાજને કહેજે અસહાય સ્થિતિમા સત્રુપર હલ્લો કરવો તે પણ ક્ષાત્રધર્મ વિરૂદ્ધ છે—વળી તે મારા

ભાઈનો પુત્ર છે ! દૂત, તુ જલદી જઈને મહારાજ દેવગુપ્તને માલવા તરફ પાછા ફરવા કહે અન્યાયી કાર્યથી સમુદ્રગુપ્તના નષ્ટ થયેલા સામ્રાજ્યનો ઉદ્ધાર કદી પણ શક્ય નથી ! ”

દૂતે હસ્ત જોડી કહ્યુ “ મહારાજાધિરાજ ! ઠાણેશ્વરનો રાજા આ સામ્રાજ્યનો કટ્ટો શત્રુ છે યજ્ઞવર્માના વધની વાત, અવન્તીવર્માના બડની વાત અને ખૂન પાટલીપુત્રમા ઠાણેશ્વરના સૈન્યે ઉદ્ધતાઈથી જે અત્યત ભયકર અત્યાચાર કર્યો હતો તે વાતનુ એ આપને સ્મરણ કરાવવા મહારાજ દેવગુપ્તે મને ખાસ કહ્યુ છે ”

“ તારા મહારાજાને-કહેજે, શશાકને સર્વ વાતનુ સ્મરણ છે પરતુ અન્યાયથી તે કદી પણ કોઈની સાથે શત્રુત્વ કરશે નહિ ! ”

“ મહારાજાધિરાજ—”

“ તારે જે કહેવુ હોય તે ભય ન રાખતા કહે—”

“ આપ સમ્રાટ મહાસેનગુપ્તના પુત્ર-સમ્રાટ સમુદ્રગુપ્ત, ચદ્રગુપ્ત અને કુમારગુપ્તના વશજ છો ! ગુપ્તકાલનુ પૂર્વ ગૌરવ ચિરકાળ આપના અતકરણમા જાગૃત રહેવુ ઉચિત છે સામ્રાજ્ય અસહાય સ્થિતિમા હતુ તે વખતે એજ વિશ્વાસઘાતી શત્રુએ નવીન રાજ કેવી રીતે સ્થાપ્યુ તે કોણ નથી જાણતુ ! ”

તેટલામા મહાબલાધ્યક્ષ હરિગુપ્ત ઉતાવળા ઉતાવળા ગગાદ્વારમાથી અદર આવી દડધરને પુછવા લાગ્યા “ મહારાજાધિરાજ કયા છે ? ”

દડધરે આખના ઇસારથી શશાકનુ દર્શન કરાવ્યુ

માલવરાજનો દૂત, અનતવર્મા અને શશાક એ ત્રણે જણ હરિગુપ્તની ક્ષુબ્ધ થયેલી મુખચર્યા તરફ આશ્ચર્યથી જોવા લાગ્યા તે પાસે આવી કઈ કહે તે પહેલાજ સમ્રાટે પુછ્યુ “ મહાનાયક, શુ છે ? ”

હરિગુપ્તે હસ્ત જોડી ગભરાયલા સ્વરે કહ્યુ " મહારાજાધિરાજ ! મહાન અનર્થ થયો છે ! "

" એવુ શુ થયુ છે "?

"ચરણાદ્રિદુર્ગના સર્વ સૈનિકોએ બળવો કર્યાની વાત આવીછે '

શશાકે આશ્ચર્યથી પુછ્યુ " એટલે ? પુન અવતીવર્મા આવ્યો કે શુ ? " માલવદૂતે વચ્ચે જ કહ્યુ " મહારાજાધિરાજ, મૌખરિરાજ અવતીવર્મા તો પ્રતિષ્ઠાનના કિલ્લામા છે "

શશાકે જરા તીવ્ર સ્વરે કહ્યુ " દૂત, મૌખરિરાજ અનતવર્મા આ મારી પાસે ઉભા છે

હરિગુપ્તે કહ્યુ " મહારાજાધિરાજ, દૂતના અપરાધ બદલ તેને ક્ષમા કરો હાલમા વારાણસી ભુક્તિનુ સર્વે સૈન્ય બડ કરી ચરણાદ્રિદુર્ગના લશ્કરને આવી મળ્યુ છે એ બન્ને સૈન્યો નરસિંહ નામના એક પાયદળ સૈનિકને પોતાનો સેનાપતિ બનાવી પ્રતિષ્ઠાન પર આક્રમણ કરવા ઉપડી ગયા છે ! "

શશાકે આશ્ચર્યથી પુછ્યુ " નરસિહ ! એ નરસિહ કોણ ભલા ? "

" તે હુ જાણુતો નથી તોપણ હું ખાત્રીથી કહુ છુ કે એ નરસિહ કઈ મહાનાયક નરસિહદત્ત નથી કારણ, તક્ષદત્તનો પુત્ર સામ્રાજ્ય વિરૂદ્ધ કદીપણ બડ કરે નહિ ! "

" એ સમાચાર કોણ લાવ્યુ ? " શશાકે પુછ્યુ

" બડખોર સૈન્યે એક ઘોડેસ્વારને પોતાના વકીલ તરીકે સમ્રાટ પાસે મોકલ્યો છે "

" ત્યારે તેને અહી લઇ આવવાને કોઇને કહો વૃદ્ધ મહાનાયક આ વખતે ક્યા છે ? "

" યશોધવલદેવ નગરમા નથી પરતુ મહારાજાધિરાજ, ગગા દ્વાર જેવુ ખુલ્લુ સ્થળ રાજકીય ચર્ચા અને મત્રણા માટે યોગ્ય નથી ! "

શશાકે હાસ્ય કરી કહ્યુ “ તેમા શી હરકત છે, મહાનાયક ? પિતાજીના વખતમા તો ગગાદ્વારે કેટલીએ મત્રણા થયેલી છે ! ”

એક દડધરને બોલાવી તે વકીલને શોધી લાવવા આજ્ઞા કરી હરિગુપ્ત પગથીયા પર બેઠા

સમ્રાટે અનતવર્માને પુછ્યુ “ અનત, એ નરસિહ કોણ હશે ભલા ? તુ કઈ તર્ક કરી શકે છે ? ”

“ કઇ સમજાતુ નથી, મહારાજ ! ”

શશાકે ક્ષણવાર વિચાર કરી પુન પુછ્યુ “ પણ પૂર્વે કદી તે એનુ નામ સાભળ્યુ હતુ કે ? ”

એટલામા માધવવર્મા, વીરેન્દ્રસિહ, દડધર અને બખતરધારી સૈનિક એટલા ગગાદ્વારમાથી અદર આવ્યા સૈનિકે સમ્રાટ અને અન્ય મુખ્ય જનોને યોગ્ય રીતે પ્રણામ કરી કહ્યુ “ મહારાજાધિરાજ, અમે ‘ બળવાખોર ’ છીએ એમ મહાબલાધ્યક્ષે આપને કહ્યુ છે, પરતુ અમે તેવા નથી ! શકરનદના તટે અને મેઘનદની પેલી તરફ જેમણે આપના હાથ નીચે યુદ્ધ શિક્ષણ મેળવ્યુ છે, તેઓ કદી પણ બડખોર થશે નહિ ! વારાણસી ભુક્તિના સર્વ સૈન્યે સમતટ બગ અને કામરૂપના યુદ્ધમા મહાનાયક યશોધવલદેવ અને આપના હાથ નીચે શત્રુનો રક્તપાત કર્યો છે તેઓ મહાનાયક નરસિહદત્તને ભૂલી જાય એ તદ્દન અસભવિત છે ! તેમની જ આજ્ઞાથી વિશ્વાસઘાતી સેનાપતિને કેદ કરી ચરણાદ્રિદુર્ગનુ તેમણે શત્રુના સજ્જડ સપાટામાથી રક્ષણ કર્યું છે—’

અનતવર્માએ વચ્ચેજ પુછ્યુ “ શુ ? શુ કહ્યુ તે ? ”

સૈનિકે આવેશથી કહ્યુ “ મહાનાયક નરસિહદત્તની આજ્ઞાથી અમે, મહાકુમાર માધવગુપ્ત અને અવતીવર્મા તરફથી રૂશવત લઈ નિમકહરામ બનેલા સેનાપતિને કેદ કરી ચરણાદ્રિદુર્ગ અમારા તાબામા લીધો છે દેવ, તેમની જ આજ્ઞાથી વીસ હજાર અશ્વારોહી સૈન્ય પ્રતિષ્ઠાન તરફ ગયુ છે મહારાજાધિરાજ, આપને યાદ છે કે

નહિ, તે હું જાણતો નથી. આપની સમક્ષ એક દિવસે બધુગુપ્તની તલવાર મે આ મસ્તકપર ઝીલી હતી હજુ પણ તેનો ઘા અહીં છે—આ જુઓ!" એમ કહી તે સૈનિકે શિરસ્ત્રાણ કાઢી પોતાના મસ્તકપર થયેલા ઘાનો ખાડો સમ્રાટને બતાવ્યો. તત્કાળ અનતવર્માએ દોડી જઈ તેને દૃઢ આલિગન આપી ગળગળા સ્વરે કહ્યું 'ઓળખ્યો, તને મે ઓળખ્યો! તુ તેજ ગૌડનાવિક!"

તલવાર ઉચી કરી અભિવાદન કરી નાવિકે કહ્યું "મહારાજાધિરાજ, અમે આપના જુના વિશ્વાસુ સેવક છીએ, અમે બળવાખોર નથી! તક્ષદત્તના પુત્રના હાથ નીચે અમે યુદ્ધ વ્યવસાય કર્યો છે અમે નરસિહદત્તને ઓળખીએ છીએ તેમણે આપને એમ કહેવા કહ્યું છે કે, સમ્રાટ જો પોતાના સૈન્ય સાથે આવે તો પોતે ઠાણેશ્વર તરફ જાય. નહિ તો—"

અનતવર્માએ વચ્ચે જ પુછ્યુ "નહિ તો શુ?"

"નહિ તો જ્યાસુધી એક પણ ગૌડસૈનિક જીવતો હશે ત્યાસુધી નરસિહદત્ત એકલો હર્ષ અને રાજ્યવર્ધન સાથે યુદ્ધ કરશે!"

શશાઙ્ક ગદ્ગદિત થઈ કહ્યું "ઠીક છે, તુ આગળ જા અમે પાછળ આવીએ છીએ માલવદૂત, દેવગુપ્તને મારો એવો સંદેશ કહેજે કે નરસિહદત્તના રક્ષણ માટે આગળ જઉ છુ અન્યાયી યુદ્ધ કરવા હુ તત્પર નથી સાભળો, સર્વજન સાભળો, 'આપના સકટના સમયે હુ પુન આપને દર્શન દઇશ,' એમ નરસિહદત્ત જતી વખતે મને કહી ગયો હતો. હવે અવસ્ય આપણા ઉપર કઈ પણ સકટ છે, નહિ તો નરસિહ પોતે થઇને પ્રકટ થયો નહોત આજેને આજે હુ સૈન્ય લઇને નીકળીશ વસુમિત્ર, અનન્તવર્મા અને માધવવર્મા મારી સાથે આવશે. વીરેન્દ્ર, મહાનાયકને અગ, બગ અને ગૌડસેના લઈ તરત જ નીકળી આવવા કહો અનત, અને હુ કાલે સવારેજ નીકળીશુ. નગરનુ સર્વ અશ્વારોહી સૈન્ય મારી સાથે આવશે!"

પ્રકરણ ૯ મું.

પ્રતિષ્ઠાનનું યુદ્ધ.

જે સ્થળે કાલિંદીનું કાળું પાણી ભાગીરથીના જલપ્રવાહમાં આવી મળ્યું છે તે ઠેકાણે પ્રાચીન સમયે પ્રતિષ્ઠાનનો કિલ્લો હતો હજુ પણ કદી કદી ગ્રીષ્મઋતુમાં ભાગીરથી તટે પ્રચંડ એવો પ્રતિષ્ઠાનદુર્ગનો ભાગ્યો તૂટ્યો ભાગ દૃષ્ટિએ પડે છે પ્રયાગનો વર્તમાન કિલ્લો ગંગા અને યમુનાના સંગમના ખૂણાપર બાંધવામાં આવ્યો છે, પરંતુ ચૌદમા શતકની પૂર્વે આ સ્થળે બીલકુલ કિલ્લો ન હતો તે વખતે ભાગીરથીના બીજા તટપર ગંગા અને સરસ્વતીના સંગમપર કિલ્લો બંધાયલો હતો આ દુર્ગ અતિ પ્રાચીન હોઇ તદ્દન સ્મરણાતીત કાલથી અંતર્વેદી (યમુના અને ગંગા વચ્ચેનો દુઆબ) ના સંરક્ષણનું એક માત્ર સાધન મનાતો હતો પ્રાચીન ગુપ્તરાજવંશના કાલમાં ગંગા અને યમુનાના સંગમપર એક નાનો કિલ્લો બાંધવામાં આવ્યો હતો, પરંતુ તે વખતે પણ પ્રતિષ્ઠાનનો જ કિલ્લો મધ્ય પ્રદેશમાં મુખ્ય કિલ્લો હતો

ચૌદમા શતક પૂર્વે એક માર્ગશીર્ષ મહિનાના પ્રારંભમાં સૈન્યનો એક ભાગ પ્રતિષ્ઠાનદુર્ગને ઘેરીને પડ્યો હતો દુર્ગની ત્રણે બાજુ વિશાળ છાવણી હોઇ તેની વચ્ચે મધ્યમાં ઉંચા એવા તંબૂપર સૂવર્ણનિર્મિત ગરૂડધ્વજ હમણાં જ ઉદય પામેલા સૂર્યકિરણમાં અગ્નિ સમાન ઝળકતો હતો ! છાવણીમાંના સર્વોપરી તંબૂ સામે એક કાષ્ઠાસન પર એક યુવાન પુરૂષ બેઠો હતો તેની સામે કેટલાક સૈનિકોથી ઘેરાયલા બે તરૂણ ઉભા હતા છાવણીની ચોતરફના મેદાનમાં હજારો સૈનિકો દુર્ગપર આક્રમણ કરવા જવાની તૈયારી કરી રહ્યા હતા

આસનસ્થ તરૂણ પુરૂષે કહ્યુ “માધવ, તુ મહાસેનગુપ્તનો પુત્ર, દામોદરગુપ્તનો પૌત્ર! તે પ્રભાકરવર્ધનની સત્તા કેમ સ્વીકારી તેનુ રહસ્ય મને સમજાતુ નથી! જો તારી કઈ ભૂલ થઇ હોય તો હજુ પણ તે સુધારવાને માર્ગ છે, હજુ સમય વહી ગયો નથી શશાક ઉદાર છે, તેમનુ હૃદય વિશાલ છે હુ ખાત્રીથી કહુ છુ કે તેમના તરફથી લેશ માત્ર ભય નથી માધવ, શશાક અહીંજ આવે છે, પણ હુ તેમને મળીશ નહિ આજે ને આજે જ આ કિલ્લો હુ કબજે કરીશ, નહિ તો સધ્યાકાળ પૂર્વે તનુદત્ત અને તક્ષદત્તના વશને આ જગતમાથી લુપ્ત કરી દઈશ! માધવ, તુ સમુદ્રગુપ્તનો વશજ છુ, પૂર્વનો દ્વેષ ભૂલી જઇ સમુદ્રગુપ્તનો ગરૂડધ્વજ લઇ રણક્ષેત્રપર અગ્રસ્થાને ઉભો રહે—સધ્યાકાળ પહેલા આ કિલ્લાના તટપર ચદ્રાકિત નિશાનને બદલે ગરૂડધ્વજ ઉગાડ! એવુ કાર્ય જો તારા હાથે થશે તો માધવ, મગધ પ્રજા તારા સર્વ અપરાધ પળમાત્રમા ભૂલી જશે!”

પરતુ સૈનિકોથી ઘેરાયલા તે યુવકે કઇંજ ઉત્તર આપ્યો નહિ ત્યારે કેટલીકવારે તે તરૂણે પુન કહ્યુ “માધવ, અદ્યાપિ પણ તારા મોહનો નાશ થયો નથી. એમ છે ત્યારે તું મગધ સૈન્યમા કેદી બનીને જ રહે હુજ પ્રતિષ્ઠાનદુર્ગપર ધસી જાઉ છુ અને સૂર્ય અસ્ત પામે તે પહેલા ગરૂડધ્વજ ફરકાવુ છુ! અરે, એને લઇ જાવ અહીંથી!”

સૈનિકો તે બન્ને તરૂણને ત્યાથી બીજી બાજુએ લઇ ગયા

તેને લઈ ગયા પછી તે તરૂણ અધિકારી પોતાના આસનપરથી ઉઠ્યો. તેણે પોતાનુ બખતર લાવવા હુકમ કર્યો બખતર આવ્યા પછી તે પહેરતા પહેરતા તેણે કહ્યુ “સર્વ સેનાપતિઓને અહીં બોલાવી લાવો”

તેજ વખતે એક સૈનિકે ત્યા આવી પ્રણામ કરી કહ્યુ “ચરણાદ્રિ દુર્ગ તરફથી કઇંક સમાચાર લઇ એક સ્વાર આવ્યો છે.”

શિરસ્ત્રાણ હાથમા લઇ તરૂણે કહ્યુ “તેની અહીં જ લઇ આવ”

તરત જ એક બખ્તરયુક્ત સૈનિક ત્યા આવ્યો તે સૈનિકે અભિવાદન કરી કહ્યુ "હુ પરમદિવસે સાજે ચરણાદ્રિદુર્ગથી નીકળ્યો હતો તે વખતે સમ્રાટને વારાણસીથી આવેલા મે જોયા હતા,–કાલે સવારે તે ત્યાથી નીકળી ચુક્યા હશે અને આજે બપોરે કે સાજે અહી આવી પહોચશે "

શિરસ્ત્રાણ મસ્તકપર મુકી તે તરુણે કહ્યુ "ઠીક ! તુ જઇને વિશ્રાતિ લે "

સૈનિક પ્રણામ કરી ચાલ્યો ગયો

કેટલીકવારે બખતરયુક્ત બે સવારો સેનાપતિ ત્યા આવી તે તરુણને પ્રણામ કરી ઉભા રહ્યા તલવાર ઉચી કરી તેણે પણ વળતુ અભિવાદન આપી તેમાથી એકને સબોધી કહ્યુ ' સૂરનાથ, ચરણાદ્રિદુર્ગથી હમણા જ એક સ્વાર આવ્યોછે પરમ દિવસે સધ્યાકાળે સમ્રાટ ચરણાદ્રિ આવી પહોચેલા હોઇ આજે બપોરે અહી આવશે એમ તેણે કહ્યુ છે

સૂરનાથે કહ્યુ "અતિ ઉત્તમ ! મહારાજ ! સમ્રાટ આવ્યા પછી યુદ્ધ સિવાય સહેલાઇથી કિલ્લો સર થઇ જશે !"

તરુણે મસ્તક હલાવી કહ્યુ "છટ્, છટ્ ! એમ કદી બને નહિ સૂરનાથ ! આજેને આજે કિલ્લો તો લેવો જ જોઇએ મારી ઇચ્છા છે કે સમ્રાટે એક અતિથીની માફક પ્રવેશ કરવો જોઇએ "

સૂરનાથ આશ્ચર્યચકિત થઇ તે તરુણના મુખ તરફ જોઇ જ રહ્યો પછી તે તરુણે સર્વ સેનાપતિને ઉદ્દેશી કહ્યુ "સેનાપતિઓ, આજે બપોરે સમ્રાટ આપણી છાવણીમા આવી પહોચશે, એવા સમાચાર હમણા જ એક દૂતે મને કહ્યા છે એ વાત સાભળી મે ઠરાવ્યુ છે કે, આજેને આજે પ્રતિષ્ઠાન કિલ્લો લેવો જ જોઇએ ગમે તેવો ઉપાય યોજી કિલ્લો આપણે મેળવવો જ જોઇએ ! સમુદ્રગુપ્તનો વશજ આવીને સમુદ્રગુપ્તના દુર્ગમા પ્રવેશ કરે તેમા કોઇ પણ કટક વેરી

શકે નહિ, એવી વ્યવસ્થા કરવી જોઇએ ! વીર પુત્રો ! હુ તક્ષદત્તનો પુત્ર છુ–આ તલવારના શપથ લઈ હું કહુ છુ કે, આજે સાયકાળ પૂર્વે પ્રતિષ્ઠાનદુર્ગમા સમ્રાટનો પ્રવેશ કરાવવા હુ રસ્તો ખૂલો કરી આવીશ મારી સાથે આવવા કોણ તૈયાર છે ? ”

સેકડો કઠમાથી “ હુ આવીશ ! ” એવો એકજ ધ્વની થયો !

કોલાહલ અટકયા પછી નરસિહે પુન કહ્યુ “ કેવળ ‘ હુ ’ આવીશ ” એટલા શબ્દ ઉચ્ચારવાથી આ વખતે ચાલે તેમ નથી ! પ્રથમ સૂર્યાસ્ત પૂર્વે કિલ્લો સર કરવો, નહિ તો ખાઇમા તટની નીચે ચિરકાળને માટે વિશ્રાતી લેવી, એ સિવાય બીજો માર્ગ નથી, તે લક્ષમા રાખો ! આજે જે શૂરપુત્રો મારી સાથે આવવા તૈયાર હોય તેમણે તલવારને સ્પર્શ કરી ‘ આજે હું વિજય મેળવ્યા વિના પાછો ફરીશ નહિ ’ એવી પ્રતિજ્ઞા લેવી જોઇએ છે ”

એક બે વૃદ્ધ સૈનિકો નરસિહ તરફ આવતા હતા તેમને પાછા ફરવા હાથથી જ સકેત કરી નરસિંહે કહ્યુ “ બધુઓ, અપરાધને માટે ક્ષમા કરો, સલાહ મસલત માટે સમય નથી, વિચાર કરવાને માટે ક્ષણનો પણ અવકાશ નથી ! યુદ્ધ વ્યવસાયમા જેના મસ્તક પરના કેશ કાળાના ધોળા બન્યા છે, તેમની પાસે ક્ષમાની ભિક્ષા માગી હુ તેમને કહુ છુ કે, આજે હુ પ્રાચીન રણનીતિની વિરૂદ્ધ મહાનાયક યશોધવલદેવના ઉપદેશ પ્રમાણે ચાલવાનો છુ પ્રતિષ્ઠાનનો કિલ્લો ભયંકર છે, જીતવાને માટે અશકય વાત છે, તેના પર લશ્કરની પૂર્ણ તૈયારી છે, એ સર્વ હુ સારી રીતે જાણુ છુ પરતુ આજે સધ્યા સમય પર્યંત એ દુર્જય કિલ્લો તાબે થવો જ જોઇએ ! સમ્રાટ આવે છે. તેમના માટે કિલ્લાના દ્વાર ખૂલા કરવા જ જોઈએ રણવીરો, આજનુ યુદ્ધ રણનીતિની વિરૂદ્ધ છે ! આજના યુદ્ધમાથી પાછા આવવાની લેશમાત્ર આશા નથી ! આજના યુદ્ધમા પરાજય નથી ! બોલો, મારી સાથે કોણકોણ આવશે ? ”

નિમિષ માત્રમા સો સવાસો તલવારો મીયાનમાથી બહાર નીકળી, વૃદ્ધ પ્રૌઢ અને તરૂણ સર્વએ પોતપોતાની તલવારને સ્પર્શ કરી " આજે કિલ્લો તાબે થવો જ જોઇએ, આજના યુદ્ધમાથી વિજય મેળવ્યા વિના પાછા ફરીશુ નહિ ! " એવા શપથ લીધા

પ્રતિષ્ઠાનનો કિલ્લો કદીપણ તાબે થવો શક્ય નથી, તે ખરેખર પૂર્ણ દુર્જય છે, એવી તેની અનેક શતકથી આર્યાવર્તમા ખ્યાતિ હતી કિલ્લાની ચોતરફ ઘણીપહોળી એવી ખાઇઓ હોઈ તે હમેશ જળથી પરીપૂર્ણ રહેતીહતી એક પછી એક એ પ્રમાણે કિલ્લાને ત્રણકોટ હતા, એટલુ જ નહિ પણ તે પર્વતની માફક ઉચાહતા સાહિત્યથી પરીપૂર્ણ એવા કિલ્લાના તટપર ખૂલ્લી રીતે ચઢી જવુ એ વાત સર્વથા અશક્ય હતી આ વાત સારી રીતે લક્ષમા હોવાથી, દુર્ગનું રક્ષણ કરનાર ઠાણેશ્વરી સૈન્ય રાત્રે માત્ર કાળજીપૂર્વક જાગૃત રહેતુ હતુ પરતુ દિવસે તે ખુશીથી આરામ લેતુ હતુ ! અત્યાર સુધી જેટલી વખત પ્રતિષ્ઠાનનો કિલ્લો શત્રુના તાબામા ગયો હતો તેટલી વખત કિલ્લામા ધાન્યધુન્ય અને પીવાનુ પાણી ખૂટી પડવાથી અદરનુ સૈન્ય શત્રુના હસ્તમા ગયુ હતુ, એમજ ઈતિહાસ કહે છે કેવળ બળથી કોઇએ કદી પણ પ્રતિષ્ઠાન મેળવ્યો નહતો !

આજે દિવસનો પહેલો પ્રહર વ્યતિત થયો નહિ એટલામા જ મગધસેનાને કિલ્લા પર હલ્લો કરવાની તૈયારી કરતી જોઇ ઠાણેશ્વરના સેનાપતિને અતિ આશ્ચર્ય થયુ. રાત્રીના જાગરણને લીધે થાકી ગયેલા સૈનિકોને તેણે કિલ્લાના રક્ષણનુ કામ સોપ્યુ બે પ્રહર દિવસ ગયો નહિ, તેટલામાજ મગધ સૈન્યે કિલ્લાપર આક્રમણ કર્યુ ઠાણેશ્વરના સેનાપતીને તેમનો આ ઉદ્યોગ તદ્દન અભિષ્ટ મલક લાગતો હોવાથી તેણે કિલ્લાના રક્ષણાર્થે સ્વાભાવિક રીતેજ વિશેષ પ્રયત્ન કર્યા નહિ. જોતજોતામાં વાસ અને લાકડાની તૈયાર કરેલી હજારો નીસરણીઓ તટપર લાગી અને તે પરથી હજારો સૈનિક તટપર ચઢવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પરતુ કડકડતુ તેલ, ખળખળતુ સીસુ અને

પત્થરની એક સરખી વૃષ્ટિ થવાથી સૈનિકો પટોપટ ખાઇમા પડવા લાગ્યા આ યોગથી બાકીનુ સર્વ સૈન્ય પાછુ હઠયુ કીંવા આગળ જવાનો પ્રયત્ન છોડી દેવામા આવ્યો એવુ કઇ બન્યુ નહિ ! એક વખત બે વખત, ત્રણ વખત મગધસેના સીડીઓપર ચડી, પાછી ફરી અને કિલ્લાની ખાઇ શબથી ભરાઇગઇ ! એવી સ્થિતિ પ્રાપ્ત થવા છતા પણ મગધસેનાએ જ્યારે ચોથી વખતે કિલ્લાપર હલ્લો કર્યો ત્યારે માત્ર ઠાણેશ્વરનો સેનાપતિ આશ્ચર્યમા ડુબી ગયો ! આ ચોથા હલ્લામા પણ સેકડો મગધવીરો કાળવશ થયા પરતુ ઉપર ચડવાનો પ્રયત્ન અસ્ખલિત ચાલુ રહ્યો કેટલીકવારે તટના માથાપર જ ઘનઘોર યુદ્ધનો આરભ થયો જીવપર ઉદાર બનેલા મગધ સૈનિકોથી હારખાતુ ઠાણેશ્વરનુ સૈન્ય ધીમેધીમે પાછુ હઠવા લાગ્યુ

આ કલ્પનાતિત વિલક્ષણ સકટ જોઇ ઠાણેશ્વરનો સેનાપતિ સૈન્યને મોખરે આવી આવેશથી યુદ્ધ કરવા લાગ્યો હવે મગધસેના પાછી પડવા લાગી

તે જોઇ ઝળહળતા બખતરથી વેષ્ટિત થયેલો એક ઉચો મજબૂત વીર હાથમા ગરૂડધ્વજ લઇ એકજ કુદકે શત્રુ સૈન્યમા આવી ઉભો તેણે ઉચ્ચ ધનગભીર સ્વરે કહ્યુ “ આજે સમુદ્રગુપ્તના દુર્ગમા સમુદ્રગુપ્તના વશજ પ્રવેશ કરશે ! આ વખતે પાછો કોણ ફરશે ? ”

તેના તે શબ્દની વિલક્ષણ અસર થઇ મગધ સૈન્ય પાછુ જોસમા આવ્યુ આકાશમાથી પડતા તારકની ગતીથી ગરૂડધ્વજ સર્વની આગળ દોડવા લાગ્યો ! પહેલો કોટ જોત જોતમા તાબે થયો !

હવે મગધ સૈન્યે બીજા તટ–કોટપર પણ આક્રમણ કર્યુ ત્યા હજારો સૈનિકો ઠાર થયા, તો પણ બીલકુલ ન હઠતા મગધ સૈન્ય તટપર ચઢી જવા પ્રયત્ન કરવા લાગ્યુ પરતુ તે કેટલીકવારે

કઇક નિરાશ થવાના પ્રસગમા છે એમ જોઇ, પેલો બખતર ધારી વીર હાથમા ગરૂડધ્વજ લઇ એક સીડીપર અતિશય ત્વરાથી ચઢી જઇ તટના શીખરે પહોચ્યો !

ત્રીજા પ્રહરના પ્રખર સૂર્યકિરણમા તે બખતર ધારી દઢ વીરપુત્ર અને તેના હાથમા સુવર્ણનો ગરૂડધ્વજ ઉડતો જોઇ મગધ સૈન્યે પ્રચડ જયધ્વની કર્યો ! કાણેશ્વરનુ સૈન્ય ભયથી ક્ષણવાર પાછુ હટ્યુ એ એકક્ષણની સધી જોઇ હજારો મગધ સૈનિકો કિલ્લાના તટપર ચઢી ગયા અને બીજો તટ પણ સત્વરે હાથમા આવ્યો

કિલ્લો સત્વરે શત્રુના હાથમા જશે જાણી ક્રોધ અને ક્ષોભથી કાણેશ્વરનો સેનાપતિ પ્રાણની દરકાર ન રાખતા શૌર્યની પરાકાષ્ઠા બતાવવા લાગ્યો, અને ત્યા મગધ સૈન્ય વારવાર હાર ખાવા લાગ્યુ સૈન્યનુ ધૈર્ય ખુટી ગયેલુ જોઇ મગધવીર નેતાઓ હવે શુ કરવુ તે નક્કી નહિ થવાથી મસ્તક અવનત કરી વિચાર કરતા ઉભા રહ્યા મગધ સૈન્યમા ખરા વિજય પ્રસગે ભયનો પ્રાદુર્ભાવ થયો ! ત્રીજો તટ તાબે નહિ થાય તો પૂર્વનો સર્વ શ્રમ અને સૈન્યની હાની પણ વ્યથ જવાનો ભય ઉત્પન્ન થયો !

આ સ્થિતિ જોઇ પેલો બખતર ધારી વીર વેગથી એકલો જ આગળ થઇ ગરૂડધ્વજસહ સપાટાબધ નીસરણી ચઢવા લાગ્યો તેના પર ઉપરથી પત્થરનો મારો એક સરખો ચાલતો હતો, પણ તેમાથી એકે તેને વાગ્યો નહિ !

કેટલીકવારે તે વીર તટપર જઇ ઉભો રહ્યો, અને તેણે મોટેથી જયધ્વની કર્યો તે સાભળી લજ્જાથી અવનત મુખ કરી ઉભા રહેલા સેનાપતિઓ પોતપોતાના પથક લઇ તટ શીખરે ચઢવા દોડવા લાગ્યા તટપરનુ સૈન્ય આ મુઠભર શત્રુના ચૂરેચૂરા કરવા અપૂર્વ બળ વાપરવા લાગ્યુ !

તેટલામા દુર્ગની બહાર હજારો સૈનિકોએ સમ્રાટ શશાક નરે-

દ્યુમ્નના નામનો જયજયકાર કર્યો ! પળવારમા મગધ સૈન્યમા વિલક્ષણ ચૈતન્યનો સચાર થયો ! તટનો રસ્તો ખૂલ્લો હોઇ તટના માથા પર યુદ્ધ મચી રહ્યુ છે, એમ તેમને જણાયુ તે સૈન્ય પણ જયધ્વની કરી તટપર ચઢવા લાગ્યુ !

સધ્યાકાળ પૂર્વે થોડા સમયે પ્રતિષ્ઠાનનો કિલ્લો તાબે થયો !

કિલ્લાના પૂર્વ તોરણમા ઉભો રહી બખતર ધારી વીર શિરસ્ત્રાણ ઉતારી પાડી સહજ વિશ્રાતિ લેતો હતો એટલામા એક સૈનિકે તેની પાસે આવી પ્રણામ કરી કહ્યુ “ મહાનાયક, સમ્રાટ દુર્ગમા આવે છે ”

મહાનાયકે અત્યત આશ્ચર્યચકિત થઇ પુછ્યુ ‘ સમ્રાટ આવ્યા ? ક્યારે આવ્યા તે ?”

“ જે વખતે છાવણીમા સૈન્યે મોટો જયજયકાર કર્યો તેજ વખતે મહારાજાધિરાજ આવી પહોચ્યા હતા ”

થોડીવાર વિચાર મગ્ન થઇ તે બખતરધારી વીરે કહ્યુ “ ઠીક છે, કિલ્લાના દ્વાર ઉઘેડવા કહે !”

તે વખતે સધ્યાસમય થયો હતો અધકાર પણ પ્રસરવા લાગ્યો હતો. શીતળતાનુ નિવારણ થાય તે માટે સૈનિકોએ જ્યા ત્યા તાપણીઓ કરી હતી

મહાનાયકે પોતાની પાસે ઉભા રહેલા સેનાપતિને કહ્યુ “ સૂરનાથ, તમે આ ગરૂડધ્વજ પકડો હુ હમણા આવુ છુ ”

એમ કહી સૂરનાથના હાથમા ગરૂડધ્વજ મુકી મહાનાયક અધકારમા અદૃશ્ય થયો !

કેટલીકવારે સમ્રાટ શશાકે ઠાઠમાઠથી પ્રતિષ્ઠાન દુર્ગમા પ્રવેશ કર્યો ત્યા આવતા વેતજ નરસિહદત્તનો શોધ કરવા માડ્યો હતો, પરતુ જેના એક શબ્દથી દસ હજાર મગધ વીરોએ આત્માર્પણ કર્યું, હતુ જેણે કેવળ પોતાના અતુલપરાક્રમના પ્રતાપે જ પ્રતિષ્ઠાન

જેવો અભેદ, દુર્જયદુર્ગ આટલા અલ્પ કાળમા તાબે કર્યો હતો, તે વીર વીરમણી કિલ્લામા કે છાવણીમા કોઇ પણ સ્થાને દૃષ્ટિએ પડ્યો નહિ !

બીજા તટના તોરણમા ઉભા રહી શશાકે ગળગળા સ્વરે કહ્યુ “ અનન્ત—”

“ કેમ, મહારાજાધિરાજ ? ”

“ તેજ ભલા તે, અનન્ત ! ”

“ કોણ ? ”

“ નરસિહ–મારો નરસિહ ! ચીત્રાને લીધે તે આ હતભાગીને દર્શન નહિ આપે ! ”

પ્રકરણ ૧૦ મુ.

દ્વંદ્વ યુદ્ધ.

પ્રતિષ્ઠાન આવ્યા પછી શશાકને એવા સમાચાર મળ્યા કે, પિતાના મરણની વાત સાભળી રાજ્યવર્ધન ગાધારથી પાછો ફર્યો છે, દેવગુપ્તે કાન્યકુબ્જ લીધેલુ હોઈ યુદ્ધમા મૌખરિ રાજપુત્ર ગ્રહવર્મા સ્વર્ગવાસી થયો છે ! તેની રાણી, પ્રભાકરવર્ધનની પુત્રી રાજ્યશ્રી ઉદ્ધત વર્તનને લીધે કારાગૃહમા પડેલી હોઈ દેવગુપ્ત કાન્યકુબ્જ લઇ ઠાણેશ્વર તરફ વધતો જાય છે ! દેવગુપ્તે સમ્રાટ શશાકને કુરૂક્ષેત્ર તરફ સૈન્યસહ આવવા આગ્રહપૂર્વક વિનતિ કરી હતી

પ્રતિષ્ઠાનના કિલ્લામા મુકામ નાખી શશાક નરસિહદત્તને ખોળવા લાગ્યો પરતુ પુષ્કળ શોધ કરવા છતા ક્યાએ તેનુ દર્શન થયુ નહિ ! એટલામા એવી ખબર આવી પહોચી કે હિમાલયની તળેટીમા ગગા તટે દેવગુપ્તનો પરાજય થતા તે માલવા તરફ નાશી ગયો છે,

અને આપણા પર ચઢી આવવા રાજ્યવર્ધન ઝપાટાબંધ આગળ આવે છે! આથી પ્રતિષ્ઠાન છોડી શશાક પોતાના સૈન્યસહ કાન્યકુબ્જ તરફ જવા નીકળ્યો

કાન્યકુબ્જ આવી પહોચ્યા પછી શશાકને થાણેશ્વરનુ સૈન્ય પુષ્કળ દૂર હોવાની ખબર મળી ત્યારે નગર અને કિલ્લો પોતાના નામમા લઇ કાન્યકુબ્જ નગરની પશ્ચિમે ગગા કીનારે પ્રાચીન વરાહ ક્ષેત્રમા શશાંકે પોતાની છાવણી નાખી આજ ઠેકાણે નારાયણે વરાહાવતાર લીધો હતો, એવી આખ્યાયિકા ચાલતી આવી છે

આ વરાહક્ષેત્ર અતિ પ્રાચીન તીર્થ હોઈ કુરુક્ષેત્ર જેવુ એ પણ એક અતિ જુનુ રણાગણ છે સ્મરણ પૂર્વના કાળથી મધ્ય દેશના રાજાઓના ભાગ્યનો નિર્ણય આજ સ્થળે થતો આવ્યો છે, ઈ સ ની બારમી સદીમા જ્યારે આર્યાવર્તના રાજાઓનો ભાગ્ય રવિ હમેશને માટે અસ્ત પામ્યો હતો ત્યારે પણ આજ વરાહ ક્ષેત્રમા મહમ્મદ-બિન-સામને સપાટો લગાવવાનો જયચદ્રે પ્રયત્ન કર્યો હતો

આ વરાહક્ષેત્રમા મુકામ હતો તેજ વખતે સમ્રાટને ખબર મળી કે, રાજ્યવર્ધને પોતાની ગતી એકદમ ફેરવેલી હોઇ તે માલવા તરફ ધસતો જાય છે, દેવગુપ્તનો પરાજય થઇ તે માર્યો પણ ગયો છે, રાજ્યવર્ધન કાન્યકુબ્જપર હલ્લો કરવા આવે છે!

દેવગુપ્તના મૃત્યુની વાત સાભળી શશાકને અતિ દુ ખ થયુ, પરતુ તેણે વરાહક્ષેત્રમાથી પોતાનો પડાવ ઉઠાવ્યો નહિ તેટલામા મગધથી એવી વાત આવી કે, યશોધવલદેવ માદગીથી પથારી વશ હોઈ, ગૌડ અને બગમાથી સેના લઇ વિદ્યાધરનદ બનતી ત્વરાથી આવે છે શશાકના દૂત રાજ્યવર્ધનની હીલચાલોના પણ વારવાર સમાચાર લાવવા લાગ્યા

રાજ્યવર્ધન મથુરામા આવ્યા પછી સમ્રાટે તેના તરફ પોતાનો વકીલ મોકલ્યો. પરતુ તેનુ ત્યા અપમાન થયુ. તે પાછો આવી

કહેવા લાગ્યો “પાટલીપુત્રમા જ આવી શશાકને હુ મળીશ, એમ ઠાણેશ્વરના રાજાએ આપને કહેવડાવ્યુ છે!”

અનતવર્મા અને માધવવર્માએ જણાવ્યુ કે યમુના તટે જ રાજ્યવર્ધનને અટકાવી રાખવો પણ શશાકને એ સલાહ પસદ પડી નહિ છેવટે રાજ્યવર્ધન સ્વસૈન્યસહ વરાહ ક્ષેત્રમા આવી પહોચ્યો, તો પણ શશાકે તેના પર હલ્લો કર્યો નહિ! મહાધર્માધ્યક્ષ નારાયણશર્માને પોતાના વકીલ તરીકે સમ્રાટે ઠાણેશ્વર સૈન્યમા મોકલ્યા સ્વર્ગવાસી મહાદેવી મહાસેનગુપ્તના શ્રાદ્ધનિમિત્ત નારાયણશર્મા, મહાકુમાર માધવગુપ્ત સાથે ઠાણેશ્વર ગયા હતા, તે વાચકને યાદ હશે જ તે વખતે રાજ્યવર્ધન સાથે તેમનો ઉત્કૃષ્ટ પરિચય થયેલો હતો, તે અને તેનો બધુ હર્ષ એ બન્ને તેમની સાથે અત્યત પ્રેમાળ અતકરણથી વર્ત્યા હતા

સમ્રાટ શશાકે, નારાયણશર્મા દ્વારા રાજ્યવર્ધનને કહેવડાવ્યુ કે, ‘મારી અનુમતિ ન લેતા જ દેવગુપ્તે કાન્યકુબ્જપર હલ્લો કર્યો હતો. તે પ્રમાણે જ મહાનાયક નરસિહદત્તે પણ મારી ઇચ્છા વિરૂદ્ધ જ પ્રતિષ્ઠાનનો કિલ્લો સ્વસત્તામા લીધો હતો ઠાણેશ્વરના સેનાપતિએ માધવગુપ્ત સાથે મળી જઇ વારાણસીભુક્તિ પોતાના તાબામા લેવા પ્રયત્ન કર્યો, તેથી નાછૂટકે મારે સૈન્ય લઇને આવવુ પડ્યુ હતુ ઠાણેશ્વરનો રાજા મારા આપ્તમાનો હોઇ તેની સાથે ખૂલ્લી રીતે યુદ્ધ તટો કરવાની મારી લેશ પણ ઇચ્છા નથી આદિત્યવર્ધન અને પ્રભાકરવર્ધનના વખતે બન્ને રાજ્યમા જે પ્રેમ સબધ હતો તે હજી પણ અચળ રહે એવી મારી ઇચ્છા છે તો પણ ઠાણેશ્વર અને મગધની નિયત થયેલી સીમા સ્પષ્ટ બનાવવા માટે આપ મને મુલાકાત આપશો, એવી આશા છે એ હદ નક્કી થયેલી નહિ હોવાથી ત્યા જે અનેક નાના નાના રાજ અને સસ્થાનો છે, તે ક્યારે બળવો કરશે તે નક્કી નથી સમજાતુ માટે ઉભય રાજની હદ એક વખત હમેશને માટે નિયત થશે એટલે ભવિષ્યમા વાદનુ કારણ જ રહેશે નહિ દેવગુપ્તને પ્રાણનાશના રૂપે અકલ્પિત રીતે કાન્યકુબ્જપર હલ્લો કર્યા બદલ પ્રાયશ્ચિત મળ્યુ છે! તે વિષે ઠાણેશ્વરાધિપતિ સાથે મારે કઇ વાદ કરવાનો નથી!”

એ ઘડી પછી નારાયણશર્મા પાછા આવ્યા અને પોતાની વકીલાત વ્યર્થ ગયાનુ જણાવ્યુ ! અતિશય ઉદ્ધતાઇથી રાજ્યવર્ધને સમ્રાટની વિનતીનો અનાદર કર્યો હતો, પરતુ રાજમર્યાદાના રક્ષણ ખાતર છાવણીના મધ્ય ભાગે ભાગીરથી કીનારે તેણે માત્ર સમ્રાટની મુલાકાત લેવાનુ સ્વીકાર્યું હતુ

સમેટ થવો અશક્ય છે, એમ જોઈ શશાક યુદ્ધની તૈયારી કરવા લાગ્યો કાન્યકુબ્જ નગર અને દુર્ગ હલ્લા માટે તૈયાર થઇ શત્રુની રાહ જોવા લાગ્યા વિદ્યાધરનદ અદ્યાપિ ઘણે દૂર હતો

બીજે દિવસે મધ્યાહ્ન સમયે છાવણીના મધ્ય ભાગે આવેલા મેદાનમા બે રાજછત્ર ઉભા કરવામા આવ્યા ઉભય પક્ષના સૈન્ય યુદ્ધ માટે સજ્જ થઇ ઉભા રહ્યા એકજ વખતે શશાક અને રાજ્યવર્ધન પોતપોતાની છાવણીમાથી બહાર નીકળ્યા શશાક સાથે માધવવર્મા અનત અને પાચ શરીર રક્ષક હતા ત્યારે રાજયવર્ધન સાથે બે અમાત્ય અને પાચ સૈનિક હતા

ઉભય નૃપતીઓએ પોતપોતાના છત્ર નીચે ઉંભા રહી એક બીજાને યોગ્ય રીતે અભિવાદન કર્યા પછી શશાકે આગળ આવી કહ્યુ “ મહારાજ, મારા સાભળવામા આવ્યુ છે કે, આપે યુદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે એ કાર્યમા વિઘ્ન કરવુ તે ક્ષાત્ર ધર્મ વિરૂદ્ધ છે પરતુ એ વિષે આપને એક વિનતી કરવાની છે તે વકીલદ્વારા કરી હોત તો વ્યર્થ ગઈ હોત રાજ કારણ પરત્વે આપની સાથે મારે તકરાર છે, તે માટે હજારો સૈનિકના પ્રાણ લેવાથી આપને કે મને શો લાભ છે ? આપ શસ્ત્રાસ્ત્રવિદ્યામા પારગત છો, મે પણ યુદ્ધવ્યવસાય જીવનમા વ્યતીત કર્યુ છે માટે મારી વિનતી છે કે, ઢાલ લીધા સિવાય આપણે કેવળ તલવારથી યુદ્ધ કરવુ જો આ યુદ્ધમા મારો પરાભવ થશે તો બીલકુલ લઢાઇ ન કરતા ‘સમ્રાટ’ પદવીનો ત્યાગ કરી હુ ચાલ્યો જઈશ પરતુ જો આપ પરાજય પામો તો

આપે મારી માફક રાજ્ય છોડવાની જરૂર નથી માત્ર આપે યમુના અથવા ચબલ નદીની પૂર્વ તરફના તટપર કદી પણ પગ મુકવો નહિ એટલેથી જો વાદનો નિર્ણય થતો નહોય તો ઉભય પક્ષના સૈન્યના બાહુબલની પરીક્ષા થવા દેવાને કઇ હરકત નથી ! ”

શશાકનુ આ ભાષણ સાભળી રાજ્યવર્ધને નીચુ મુખ કરી કેટલીકવાર વિચાર કર્યા પછી અમાત્યોની સલાહ પુછી તેમના સકેત ચિહ્ન પરથી તેઓ આ પ્રસ્તાવ અમાન્ય કરવા આગ્રહ કરતા હતા, એમ સ્પષ્ટ જણાતુ હતુ પરતુ રાજ્યવર્ધન ખરી યુવાવસ્થામા હોઇ સ્વભાવે તીવ્ર અને સાહસિક હતો તેને અમાત્યોની સલાહ બીલકુલ પસદ પડી નહિ

કેટલીકવારે તેણે સમ્રાટને ઉદ્દેશી કહ્યુ “ મહારાજ, આપ સાચા ક્ષત્રીય હોઈ મને યુદ્ધ માટે વિનતી કરો છો, એટલે આપની એ વિનતી અમાન્ય થવી સર્વથા અશક્ય છે યુદ્ધનો સમય અને સ્થાન મને કહો, દ્વદ્વ યુદ્ધ માટે મારી પૂર્ણ તૈયારી છે ! ”

શશાકે કિંચિત વિચાર કરી કહ્યુ “ કાલે પ્રાત કાળે સૂર્યોદય પૂર્વે ગગા તટે આપણે મળીશુ —”

“ રાજ્યવર્ધને સતોષ પામી કહ્યુ, “ ઠીક છે, શસ્ત્રમા ફક્ત તલવાર જ લેવી ને ? ”

“ હા, ઢાલબાલ લેવાની નથી ”

“ સાથે કેટલા અનુચર રાખવા ? ”

“ બે, મારી સાથે માધવવર્મા અને અનતવર્મા આવશે ”

“ અને મારી સાથે ભડી અને ઇશ્વરગુપ્ત આવશે ”

પછી એક બીજાની રજા લઇ શશાક અને રાજ્યવર્ધન પોતપોતાની છાવણીમા પાછા ગયા

પાછા આવતા અનતવર્માએ કહ્યુ “ મહારાજ આપે આ શુ કર્યું ? ”

" કેમ અનત, મેં શુ કર્યું ? "

" આ દ્વદ્વ યુદ્ધ મહારાજે કેમ ઠરાવ્યુ ? "

ખિન્ન હાસ્ય કરી સમ્રાટે પુછ્યુ " કેમ ભલા ? "

" કલીયુગમા કોઈએ કદી દ્વદ્વ યુદ્ધ કર્યું છે ? "

" તેમા નુકશાન શુ છે ? "

" આપ શુ કહો છો તે મારા લક્ષમા જ કઈ આવતુ નથી, મહારાજ ! "

" એમા ન સમજવા જેવુ છે પણ શુ, અનત ? "

" મહારાજ, એ દ્વદ્વમા જો આપ જખમી થયા—"

શશાંકે વચ્ચે જ કહ્યુ " ફકત જખમી જ નહિ, પણ હુ જો આ યુદ્ધમા પડીશ, તો પણ તેથી વિશેપ શુ થવાનુ છે ? "

અગપર કપારી આવ્યા જેવુ કરી અનતે કહ્યુ " સર્વ નાશ, મહારાજ ! તેમ થાય તો શત્રૂએ છિન્નભિન્ન કરેલુ મગધ પુન કદી મસ્તક ઉચુ કરશે કે ?

એક દીર્ઘનિશ્વાસ નાખી શશાંકે કહ્યુ " અનત ! મરવુ એજ ઇચ્છા છે મૃત્યુને આધીન થવા માટે જ હુ એકલો રાજ્યવર્ધન સાથે યુદ્ધ કરવાનો છુ "

" આપણે યુદ્ધ કરવાની કઈ જરૂર નથી ચાલો, આપણે પાટલીપુત્ર જઇએ રાજયવર્ધનને કાન્યકુબ્જ અને પ્રતિષ્ઠાન ખુશીથી લેવાદો !"

" તેમ હુ કરી શકતો નથી, અનત ! કોઇપણ તેમ કરતા મને અટકાવેછે, એમ મને લાગેછે મને બીકણ સમજી રાજયવર્ધન જો સલાહ કરવા તૈયાર થયો હોત, તોપણ મે મારૂ સર્વ રાજ્ય તેને આપી દીધુ હોત હુ એકલો જાત ! મારે નથી સ્ત્રી કે નથી પુત્ર ! મારે રાજ લઇને શુ કરવુ છે ! માધવ રાજનુ રક્ષણ કર-

વાને તદ્દન અસમર્થ છે મગધ જેવા વિશાલ સામ્રાજ્યનુ રક્ષણ તેના હસ્તે થાય એ કદી સભવિત નથી ”

“ પણ આપને સામ્રાજ્યની શી જરૂર છે ? માધવને મગધ રાજ આપી આપે વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરવો ”

“ અનત, હુ મશ્કરી કરતો નથી ! હુ કાલે મરીશ ! મારા મરણ પછી તમે સર્વ સ્વદેશમા જઈ માધવને સિહાસનપર બેસાડજો.”

“ ઠીક છે, તેમજ થશે ! તો પણ જે પ્રમાણે અમે બગમાથી પાછા સ્વદેશ ગયા હતા તેજ પ્રમાણે આ વખતે પણ જઈશુ !”

“ આમ જો અનત, હું જો મરૂ તો મરતી વખતે—”

“ આપની છાતી પર તેનુ નામ લખુ ? ”

“ અનત, ભલતા જ વખતે એવી મશ્કરી કરીશ નહિ !—તે વખતે—નરસિહને એક વખત બોલાવી લાવ—”

“ પણ મને તે તે વખતે ક્યા મળશે ? ”

સમ્રાટે એક નિશ્વાસ નાખી કહ્યુ ‘ નરસિહ નજીકમા છે, અનત ! મને દર્શન નહિ આપવા માટે જ તે છુપાઈ રહ્યો છે ! ”

“ મહારાજ, આપ મૃત્યુ પામ્યા પછી નરસિહને બોલાવવા માટે આ યજ્ઞવર્માનો પુત્ર જીવતો રહેશે જ નહિ ! ”

* * *

બીજે દિવસે ઉપ કાળે ભાગીરથી કાંઠે એક પક્ષ તરફથી શશાક, માધવ અને અનતવર્મા અને બીજા પક્ષ તરફથી રાજ્યવર્ધન, ભડી અને ઈશ્વરગુપ્ત આવી ઉભા હાથમા ફક્ત એક તલવાર લઈ શશાક અને રાજ્યવર્ધન દ્વદ્વ યુદ્ધ કરવા લાગ્યા

શશાક તલવારથી માત્ર પોતાનુ રક્ષણ કરતો હતો તે તલવારનો રાજ્યવર્ધનની તલવારને એક વખત પણ સ્પર્શ થયો નહિ !

જોતજોતામા શશાક બે ત્રણ સ્થળે ઘાયલ થયો, તેના વસ્ત્ર રક્તસ્રાવથી લાલ બની ગયા. તો પણ તેણે રાજ્યવર્ધનના શરીરને

સ્પર્શ કર્યો નહિ ! એટલામા એકાએક શશાકની તલવાર રાજ્યવર્ધનની તલવારપરથી છટકી નીકળી જઈ રાજ્યવર્ધનના ગળાપર પડી ! એકદમ રાજ્યવર્ધનનુ ગળુ કપાઈ ગયુ ! આ આઘાતથી તોલની સમાનતા જતી રહેવાથી શશાક નીચે પડયો અને તે સાથે રાજ્યવર્ધનનુ પ્રાણહીન શરીર પણ ધૂલિમા પડયુ !

રાજ્યવર્ધનના મૃત્યુ સમાચાર સભળાતા ઠાણેશ્વરનુ સૈન્ય નાશી છૂટયુ ! ભડી આ અશુભ સમાચાર લઈ ઠાણેશ્વર ગયો.

શશાક પણ આગળ ન જતા કાન્યકુબ્જમા જ પાછો ગયો.

પ્રકરણ ૧૧મું.

મૃત્યુ શય્યાપર !

સૂર્ય નારાયણે અસ્તાચળે જવાની તૈયારીમા—પશ્ચિમાકાશમા વિન્ધ્યપર્વતના વક્ષઃસ્થલનો આશ્રય લીધો હતો દૂર પર્વતના અને વૃક્ષોના અગ્રસ્થાન અસ્તાચળે જતા સૂર્યના મ્લાન અને તાપ શૂન્ય કિરણથી સુવર્ણના રગ સમા રગાયલા જણાતા હતા ! રોહિતાશ્વ પર્વતના શૃગપર એક સ્વચ્છ વાદળુ લાલ રગથી વિભૂષિત થએલુ જણાતુ હતુ પર્વતની તળેટીમા માત્ર તે વખતે અધકાર પ્રસરેલો હતો એવા સમયે દુર્ગના પૂર્વ તોરણમા એક સૈનિક કોઈની અત્યત આતુરતાથી રાહ જોતો હોય તેમ લાગતુ હતુ

હમણા કેટલાક વર્ષથી રોહિતાશ્વદુર્ગમા કેટલુએ પરિવર્તન થઈ ગયુ હતુ ! વૃદ્ધ અમાત્ય વિધુસેન અને ધનસુખ સોનીના પ્રયત્નથી કિલ્લાના તૂટેલા, નાશ થવાની સ્થિતિમા આવેલા તટની દુરસ્તી થઇ હતી, ચોતરફની ખાઇ સાફ કરવામા આવેલી હતી પૂર્વે જે કિલ્લામા ચકલુ પણ આવતુ નહિ તે કિલ્લો હવે મનુષ્યોથી

ભરાઇ ગયેલો હતો ! પ્રત્યેક તોરણમા સશસ્ત્ર અને હમેશ સજ્જ રહેતા સૈનિકો યોગ્ય પ્રકારે દુર્ગદ્વારનુ રક્ષણ કરતા હતા કિલ્લામા પુષ્કળ લોકોનો કઠસ્વર સભળાતો હતો દુર્ગાધિપતિનો જુનો મહેલ હવે પૂર્વની માફક જગલી વૃક્ષલતાઓથી ગુચવાઇ ગયેલો નહતો

કેટલાક દિવસપર રોહિતાશ્વદુર્ગાધિપતિ મહાનાયક યશોધવલદેવ માદગીમાપડી પાટલીપુત્રથી પોતાના કિલ્લામા આવ્યા હતા અને મહાનાયકનો આજાર અસાધ્ય હોઇ તે તેમાથી બચેતેવી બીલકુલઆશા ન હતી કહોકે મૃત્યુપૂર્વે જન્મભૂમિનુ દર્શન કરવાના આશયથી તે રોહિતાશ્વ આવ્યા હતા

પાટલીપુત્રથી સમ્રાટ તરફ દૂત મોકલવામા આવ્યો હતો વૃદ્ધ મહાનાયકનો વ્યાધી જો કે વિશેષ સ્વરૂપનો નહતો, તોપણ મૃત્યુકાળ હવે નિકટમા છે, એમ તેમને સ્પષ્ટ રીતે સમજાયુ હતુ તેમણે દૂતને કહી રાખ્યુ હતુકે, યુદ્ધમા જો જય થાય તો પોતાનો સદેશ કહેવો, નહિ તો કહેવો નહિ મૃત્યુપૂર્વે રોહિતાશ્વદુર્ગ અને લતિકા સબધી સમ્રાટ સાથે કઇક વાત કરવી, એવી ઇચ્છા આ વખતે મહાનાયકના મનમા અતિશય તીવ્રપણે ઉત્પન્ન થઈ હતી વિદ્યાધર નદ સહ વીરેન્દ્રસિહ મધ્યદેશ તરફ નીકળી ગયો હતો, પરતુ મહાનાયકના બોલાવવાથી તે પણ રોહિતાશ્વ આવ્યો હતો દૂર્ગના તોરણમા એક સૈનિક સાય કાળે કોઈની રાહ જોતો બેઠો હતો એમ પ્રથમ કહ્યુ છે, તે વીરેન્દ્રસિહ જ હતો !

રાજ્યવર્ધનના મૃત્યુપછી, મહાનાયકના માદગીના સમાચાર સાભળી શશાક પાછો ફર્યો હતો કાન્યકુબ્જમા વસુમિત્રને અને પ્રતિષ્ઠાનમા વિદ્યાધરનદને રાખી તે અતિશય ત્વરાથી અશ્વપર બેસી મગધ તરફ આવતો હતો ઠાણેશ્વરમા રાજ્યવર્ધનના મૃત્યુ સમાચાર પહોચ્યા હતા ત્યાનુ સિહાસન ખાલી હતુ અમાત્ય અને સેનાપતિએ હર્ષને અદ્યાપિ ગાદી પર બેસાડયો નહતો ઠાણેશ્વરની

આવી શોચનીય સ્થિતિ હતી તો પણ શશાંકે દાણેશ્વરપર સ્વારી કરી નહિ ! મગહદપરના પ્રદેશના રક્ષણનો બરાબર બંદોબસ્ત કરી, પિતૃતુલ્ય મહાનાયકની મૃત્યુ શય્યાપર ભેટ લેવા તે ઉતાવળથી ચાલ્યો આવતો હતો જે દિવસે સાયકાળે વીરેન્દ્રસિહ તેની રાહ જોતો તોરણમા બેઠો હતો તે જ દિવસે સમ્રાટ કિલ્લામા આવવાનો હતો વીસ દિવસમા બસો કોસનો પ્રવાસ કરી આગલા દિવસે શશાક શોણ તટપર આવી પહોચ્યો હતો

સધ્યાસમય થઇ ગયો, પણ સમ્રાટનુ આગમન થયુ નહિ, એમ જાણી યશોધવલદેવે વીરેન્દ્રને બોલાવવા મોકલ્યુ વીરેન્દ્રસિહ મહાનાયકના શયનગૃહમા આવી દ્વાર પાસે ઉભો રહ્યો ઓરડીમા એક પલગપર યશોધવલ સૂતા હતા તેમના મસ્તક પાસે લતિકાદેવી અને પગ આગળ તરલા બેઠી હતી મહાનાયક આ વખતે તદ્દન વિહ્વળ થઇ પડયા હતા બોલવાની શક્તિપણ નહિ જેવી બની ગઇ હતી જે વખતે વીરેન્દ્રસિહ ઓરડીમા આવ્યો તે વખતે યશોધવલ તદ્રીમા પડયા હતા કેટલીકવારે તેમણે નેત્ર સહજ ઉઘાડયા પછી લતિકાએ કાનઆગળ મુખ રાખી મોટેથીકહ્યુ "દાદા, વિરેન્દ્ર આવ્યાછે"

મહાનાયકે ધીમે રહી અતિશય ક્ષીણ સ્વરમા લતિકાને કઈ કહ્યુ દૂર ઉભેલો વીરેન્દ્ર તેમાનુ કઇ સાભળી શક્યો નહિ તે જોઇ લતિકા બોલી " મહારાજ આવ્યા કે નહિ એમ પુછે છે"

" ના હજુ મહારાજ આવ્યા નથી ! હુ કિલ્લાના તોરણમાં તેમની જ રાહ જોતો બેઠો હતો " વીરેન્દ્રે જવાબ આપ્યો

યશોધવલદેવે અસ્પષ્ટ સ્વરે પુન કઈ કહ્યુ તે બરાબર સાભળી લઇ લતિકા બોલી " જાપિલના રસ્તે સો મસાલચી મોકલવા કહે છે ! "

તે સાભળી વીરેન્દ્રસિહ પ્રણામ કરી ચાલ્યો ગયો. કેટલીક વારે હાથમા મશાલો લઇ સો સૈનિકો જાપિલ નગરના ફૂરસમદી

રસ્તા તરફ જવા લાગ્યા રાત્રી પડી ગઈ ઉચે કિલ્લાના માથાપર પ્રચડ અગ્નિકુડ ધડધડ બળવા લાગ્યો ! ડુગરના મેદાનપરના પ્રત્યેક ગામમા સેકડો દીપક પ્રકટયા જાપિલનગરના ફરસબદી રસ્તાપરથી સેકડો ઘોડાના પગલા સભળાવા લાગ્યા

જોત જોતામા મશાલવાળા તોરણ તરફ ઝડપથી આવવા લાગ્યા તે જોઇ કિલ્લાપરનુ સૈન્ય તોરણમા અને પટાગણમા હારબધ ગોઠવાઈ ગયુ સમ્રાટ દુર્ગ તરફ આવે છે એ વાત સ્વત વીરેન્દ્રસિહે જઇ મહાનાયકને કહી થોડાજ વખતમા સમ્રાટ શશાક કિલ્લામા આવી પહોચ્યો

વીરેન્દ્રસિહ તરફથી મહાનાયકની સ્થિતિના સમાચાર મળતા જ શશાક તેવોને તેવો યશોધવલ પાસે આવ્યો સમ્રાટનુ દર્શન થતા જ અનત માર્ગે જવા તત્પર થયેલો આત્મા તેજસ્વી બન્યો ! મૃત્યુશય્યાપર પડેલા વૃદ્ધના અગમા એકાએક નવીન જ બળનો સચાર થયો !

સમ્રાટને જોતાજ એકદમ મહાનાયક બેઠા થયા તેમના ચરણમા મસ્તક નમાવી ચરણરજ ધારણ કરી શશાક એક બાજુએ બેઠો મહાનાયકે ક્ષીણ સ્વરે કહ્યુ “બેટા, રાહ જોઈ આજે સાત આઠ દિવસથી મહામુશ્કેલીએ જેમ તેમ કરી પ્રાણને અટકાવી હુ જીવતો રહ્યો છુ પરતુ હવે કઇ બહુવાર હુ રહેવાનો નથી ! હુ તો જાઉ છુ, પણ મારી પાછળ આ લતિકા રહી છે શક્ય હોયતો વિચાર કરી રોહિતાશ્વમા જ તેના નિવાસની વ્યવસ્થા કર–”

એમ કહી ઉશીકા નીચેથી એક રત્ન ખચિત સૂવર્ણવલય બહાર કાઢી યશોધવલે કહ્યુ “લતિકાનુ લગ્ન થાય તો તે વખતે આ તેને ભેટ આપજે આ વલય તે તેની દાદીનો તેને ઉપહાર છે અનેક પેઢીથી રોહિતાશ્વદુર્ગાધિપતિની સ્ત્રીઓ આ વલયનો ઉપયોગ કરતી આવી છે ઘણા વર્ષ પૂર્વે ચદ્રગુપ્તે જે વખતે શકરાજાને મથુરામાથી કાઢી મુકયો, તે વખતે ધવલવશીના રોહિતાશ્વ-

દુર્ગના પહેલા કિલ્લેદારે શકરાજાના હાથમાથી એ ખેચી લીધા હતા, એવી દતકથા આ વલય વિષે મે સાભળી છે"

પરતુ વાચાનાશ્રમથી મહાનાયક તદ્દન થાકીજઈ બીછાના પર પડયા તે રત્ન ખચિત વલય હસ્તમા લઇ શશાક ત્યા જ બેસી રહ્યો. કેટલીક વારે સહજ દૂધ પી યશોધવલ ધીમે ધીમે બોલવા લાગ્યા "વત્સ હુ તો જાઉં છુ જ, આ બાલિકા માત્ર પાછળ રહી, તેના તરફ જો જો એનો વશ પણ લુપ્ત થાય તો વીરેન્દ્રને રોહિતાશ્વનો અધિકાર આપજે આ વખતે તેના સિવાય અન્ય કોઇ પણ આ કિલ્લાનુ રક્ષણ કરી શકશે નહિ હુ જાઉં છુ હવે! તુ માત્ર સાવધ રહેજે! તારો માર્ગ નિષ્કટક બનાવી હુ જઇ શકતો નથી તેનુજ આ વખતે મને વિશેષ દુ ખ થાય છે! બહારના શત્રુથી તુ બ્હીશ નહિ ગૃહ કલહથી, ગૃહ તોફાનથી જ જો મગધ વ્યાપી નહિ જાય તો બાહ્ય શત્રુ તારો વાળ પણ વાકો નહિ કરી શકે! હવે આર્યાવર્તમા હર્ષ એજ તારો મહાન શત્રુ છે કામરૂપના રાજા સિવાય અન્ય કોઇ પણ તારા વિરૂદ્ધ તે પક્ષને જઇ મળશે નહિ રાજ્યવર્ધન મૃત્યુ પામ્યોછે પણ પ્રભાકરનો બીજો પુત્ર કઇ સ્વસ્થ રહેશે નહિ પોતાના બધુના મૃત્યુના વેરનો બદલો લેવા તે આવશે એમ ખાત્રીથી માની લે ગૌડ અને બગની સીમાપરના પ્રદેશની યોગ્ય વ્યસ્થા રાખજે જો કદી તુ પ્રચડ સકટની સૂક્ષ્મ જાળમા સપડાઇશ, તો આર્યાવર્તમા તને કોઈ તરફથી સહાય મળવાની નથી એવા વખતે દક્ષિણ તરફ જગદ્દવિજયી ચાલુક્યરાજા મગલેશ તરફ સહાય માટે તુ વાતાપીપુર વકીલને મોકલજે!"

મહાનાયક પુન શ્રમિત થઇ પડયા ઘણીવારે તે બોલ્યા "પુત્ર, તુ થાકયો છુ, હવે વસ્ત્ર બદલવા જા મને હમણા સહજ ઠીક લાગે છે કાલે સવારે પુન એક વખત મને મળજે."

મહાનાયકને વદન કરી શશાક વીરેન્દ્ર સાથે ધીમે ધીમે ત્યાથી નીકળી ગયો

પ્રકરણ ૧૨ મું.

પ્રેમ યાચના

બે પ્રહર રાત્રી વહી ગઇ હતી કૃષ્ણપક્ષનો ચદ્ર ઉદય પામી પર્વતની પીઠ પરનો અધકાર ધીમે ધીમે નષ્ટ થતો જતો હતો ભોજન વીગેરે આટોપી લઇ સમ્રાટ શશાક કિલ્લાના તટ પર આમ તેમ ફેરા મારતો હતો આખો દિવસ ઘોડા પર પ્રવાસ કરી આવવાથી તે તદ્દન થાકી ગયો હતો, પરતુ બિછાનાપર પડવા છતા આજે તેને નિદ્રા જ આવતી નહતી !

પુષ્કળ વખત પથારી પર પડી કહાડયા પછી શશાક મહેલની બહાર આવ્યો અને સ્વચ્છ ચદ્ર પ્રકાશથી શુભ્ર બનેલા કિલ્લાના પ્રશસ્ત તટ પર આમ તેમ ફરવા લાગ્યો તે વખતે રોહિતાશ્વદુર્ગના મનુષ્યો નિદ્રાસુખમા લીન થઇ ગયેલા હતા તોરણના દીપક સિવાયના અન્ય સર્વ દીપને ઓલવી નાખવામા આવ્યા હતા દૂર પર્વત પરના મેદાનમા આવેલા ગામમા સમ્રાટના આગમન નિમિત્ત ઉત્સવ ચાલતો હતો ગ્રામ્ય જનોના ગ્રામ્યગીતના કોલાહલથી વચ્ચે વચ્ચે દુર્ગની ગભીર નિસ્તબ્ધતાનો ભગ થતો હતો સમ્રાટને મહેલ બહાર નીકળેલ જોઇ એક શરીર રક્ષક તેની પાછળ પાછળ આવતો હતો, પરતુ શશાકે તેને ન આવવા ઇસારો કર્યાથી તે તટની તળેટીમા અધકારમા અટકી ગયો

શશાક તટ પરથી તોરણ તરફ આવતો હતો, તેટલામા કોઇ માણસના પગલા સાભળી તે જ્યા નો ત્યા ઉભો રહ્યો તેણે પાછા ફરી જોયુ તો કેટલેક દૂર ચદ્રકીરણમા સફેદ વસ્ત્ર યુક્ત એક સ્ત્રી ઉભેલી જણાઇ સમ્રાટ વિસ્મયતાથી સ્તબ્ધ બની ઉભો રહ્યો. તેણે પોતાની કમરે તલવાર છે કે નહિ તે તપાસી જોયુ આ

વખતે કોઇ પણ ઉપાયે સમ્રાટનુ ખૂન કરવાના બૌદ્ધ મતના અસ્ખલિત પ્રયત્ન ચાલતા હતા આ કારણથી કદી કદી રાજપક્ષીય પુરૂષોને સ્ત્રીઓ પર શસ્ત્ર ઉંચકવાની પણ જરૂર પડતી હતી

સમ્રાટે ધીમેથી પુછ્યુ “કોણ છે?”

“મહારાજ, હુ તરલા છુ!”

શશાંકે એકવાર તે સ્ત્રી તરફ જોયુ ખેંચેલી તલવાર મીયાનમા નાખી તેણે હસતા હસતા કહ્યુ “તરલા, આટલી રાત્રે કયા આશયથી તુ મારી પાસે આવી છુ?”

તરલા પણ સહજ હસીને બોલી “મહારાજ, જો આપ મને અભય આપો તો કહું”

‘કહે, તને અભય વચન છે, તરલા!”

“મહારાજ, હુ પ્રેમ કાર્ય માટે આ વખતે બહાર આવી છુ!”

શશાંકે કઇક આશ્ચર્ય અને કઇક ઉદ્વેગથી કહ્યુ “સત્યાનાશ! ત્યારે વીરેન્દ્ર તને ગમતો નથી એમ લાગે છે, તરલા?”

તરલાએ હાસ્ય કરી કહ્યુ “તે તો જુની વાત છે, મહારાજ! દેશ તેવો વેષ! હમણાની રીતી પ્રમાણે પરોપકારાર્થે એકાદ રસિક શ્યામસુદર હાથમા રાખવો જોઇએ!”

“મારે કબુલ કરવુ જોઇએ કે તરલા, હુ જો કે પ્રબલ શત્રુ સામે અનેક યુદ્ધમા વીજયી થયો હોઇશ, પણ વાક્યુદ્ધમા તારી પાસે મને જયમળે તેવુ વીરત્વ કઇ મારામા નથી, તે હું કબુલ કરૂ છુ! તરલા, તુ શુ કહે છે તે કઇ મારા લક્ષમા આવતુ નથી!”

“મહારાજ! જેના ઉદરમા ક્ષુધાએ ખળભળાટ મચાવ્યો હોય છે, પણ જેને શિકાર કરતા શરમ આવે છે, તેને માટે કદી કદી જરૂર પડે છે!”

શશાંકે હસીને પુછ્યુ “પણ તે જેનો શિકાર કર્યો છે તે કઇ પણ કહેતો નથી તને?”

“ મહારાજ ! તેમની તો હવે ભગાર તાબા પીતળમા જ ગણના કરવા જેવી છે કહોને !”

“ ત્યારે તું હવે કોના પર લક્ષ રાખી બહાર નીકળી છુ ?”

“ આપના પર !

“ મારા પર ? મારા માટે તુ આવી છુ ?”

“ હા, મહારાજ !”

“ તરલા આ તુ શુ બોલે છે ?”

“ મહારાજ !—”

“ તરલા, મને લાગે છે કે, તુ ભ્રમિત બની છુ !” શશાંકે ખિન્નપણે કહ્યુ .

તરલા દૃઢ સ્વરે બોલી “ નહિ મહારાજ ! હુ બીલકુલ ભ્રમમા નથી, મે કઇ પણ ભૂલ કરેલી નથી !—ખરેખર હુ આપનુ જ નિશાન તાકીને બહાર આવી છુ ,”.

“ તરલા, તું કહે છે શુ ?”

તરલા ક્ષણ વાર ચૂપ રહી, પછી તે બોલી “ હું એમ કહુ છુ કે એક અનાથ પ્રાણી કેવળ આપના માટે મરણ દ્વારમા પડયુ છે, મહારાજ !”

શશાક પણ કટલીક વાર સુધી વિચારમા રહ્યો પછી તેણે ઉંચુ મસ્તક કરી પુછયુ “ તરલા, તું સર્વ ભૂલી ગઈ કે ?”

“ ના મહારાજ ! હું કેમ ભૂલુ ?”

“ ત્યારે પછી ?”

શશાંક તરફ તીવ્ર દૃષ્ટિ કરી તરલાએ કહ્યુ ‘ હુ પણ શુ કહું મહારાજ ? કોને માટે કોણ કેવી રીતે મરે છે, તે કોઈ કદી નિશ્ચિત પણે કહી શકે ખરૂ ?”

“ પણ માણસે શક્ય અશક્યતા વિષે કઇ જ વિચાર કરવા ન જોઇએ ? ”

તરલાએ નીચુ મુખ કરી કહ્યુ “ મહારાજ, આપની સામે બોલવાને પણ શરમ આવે છે, પરતુ ભગવાન કામદેવના સામ્રાજ્યમા શક્ય—અશક્ય જેવુ કઇ જ નથી ! અને અમારી-જે અમે આપના જ અન્નથી પોષાયા છીએ, તે સર્વની સદા સર્વદા એવી ઇચ્છા છે કે, રાજભુવનમા પુન પટ્ટ મહાદેવી ઉપસ્થિત થાય, અને અમે તેની સેવા કરી ધન્યધન્ય બનીયે ! ”

એક દીર્ઘ નિશ્વાસ નાખી શશાકે કહ્યુ “ અશક્ય ! નદ્દન અસભવનીય વાત, તરલા ! ”

“ મહારાજ, ત્યારે પછી શુ ?—”

“ શું તરલા ? ”

સમ્રાટના મુખ તરફ સ્થિર દૃષ્ટિથી જોતા તરલાએ પુછ્યુ “ ત્યારે પછી શુ મહારાજ, એવી સ્થિતિમા જ સર્વ જીવન પૂર્ણ કરવાનો વચાર છે ? મહારાજ, મહારાજ, જરા વિચાર કરો ! આપના આયુષ્યના ત્રણ ભાગ તો હજુ બાકી છે ! મહારાજ, માણસે—”

શશાકે વચ્ચે જ કહ્યુ “ તરલા, સર્વ વાતનો વિચાર કરીને જ મે મારા મનનો નિશ્ચય કાયમ કરી દીધો છે ! ”

“ મહારાજ–વિચાર કરો ! આપના આ વિશાલ સામ્રાજ્યની શી સ્થિતિ ? આપની પાછળ તેનો સ્વામી કોણ ? ”

“ કેમ વારુ તરલા ? માધવનો પુત્ર ! ”

“ હારી મહારાજ આપની આગળ ! પણ એક નિરપરાધ અનાથ અબળાનુ તો આપ રક્ષણ કરો ! ”

“ કોણ છે તે ? હુ તેનુ રક્ષણ કેવી રીતે કરૂં ? ”

‘ તેને કોઇ જાતનો આધાર નથી આપને પણ વિશ્વાસ નથી ત્યારે તે સબધી કંઈ પણ વાત હુ કહીશ નહિ મહારાજ, આપને એક જ વિનતી છે ”

“ શી ? ”

“ કૃપા કરી તેને આપે એક વખત મળો—’

“ ક્યા છે તે ? ”

“ અહી જ ! ”

શશાકે આશ્ચર્યથી પુછ્યુ “ શુ કહે છે તરલા ? આ રોહિતાશ્વદુર્ગમા ?”

હા, મહારાજ ! આ રોહિતાશ્વદુર્ગમા, એટલુ જ નહિ પણ આ તટની છાયામા તે ઉભી છે !”

“ એમ કહી તરલા આગળ જવા લાગી એક સ્વપ્નસ્થ મનુષ્યની માફક શશાકપણ તેની પાછળ પાછળ જવા લાગ્યો કિલ્લાના તટની છાયામા બીજી એક સ્ત્રી તટને ટેકી ઉભી રહી હતી સમ્રાટને જોતા જ તેણે લજ્જાથી મુખ નીચુ વાલ્યુ

શશાક તદ્દન તેની સમીપમા ગયો તેના વદનપરની રૂપરેખા દૃષ્ટિએ પડતા જ તેના અગે કપ છૂટ્યો તે બોલ્યો “ છટ્ ! તરલા! અશક્ય વાત !—લતિકા ! ”

“ હા, મહારાજ ! લતિકા ! ”

તરલાએ આગળ થઈ ગભરાઇ ગયેલી લતિકાના કાનમા ધીમેથી કઇ કહ્યુ પછી સમ્રાટ તરફ વળી તેણે કહ્યુ “ મહારાજ, આપે જે મને કહ્યુ તે મે લતિકાને કહ્યુ, પરતુ એ આપની સાથે બે શબ્દ બોલવા ઇચ્છા રાખે છે હુ હમણા જાઉ છુ અહીંથી ! ”

તરલા અધકારમા અદશ્ય થઈ ગઇ

શશાકે કપિત સ્વરે પુછ્યુ “ તુ મને શુ પુછવાની છે, લતિ ?”

લતિકાના મુખમાથી શબ્દ નીકળ્યા નહિ ! નીચુ મુખ કરી તે નિસ્તબ્ધપણે ઉભી હતી !

“ તુ શુ કહેવાની છે ? કહે, લતિકા, કહે ! ” સમ્રાટે અત્યત મૃદુ સ્વરે કહ્યુ

તોપણ લતિકા તરફથી ઉત્તર મળ્યો નહિ !

શશાકે ખિન્ન હાસ્ય કરી કહ્યુ “ તારાથી જ્યારે બોલાતુ નથી ત્યારે તરલાને બોલાવી લાવુ કે, લતિ ? જઉ હુ ? – બોલાવી લાવુ તેને ? ”

નીચે જોતી લતિકા તદ્દન અસ્ફુટ સ્વરે બોલી “ ના— મહારાજ ! ”

“ મને તે કેમ બોલાવ્યો ? ”

લતિકા કઈ જ બોલી નહી !

શશાક વિશેષ નિકટમા ગયો તે બોલ્યો “ લતિકા, તારો પ્રેમ માગ પર સ્થિર થયો છે એમ મે સાભળ્યુ છે, તે ખરુ છે કે?”

તોપણ ઉત્તર ન મળ્યો

“ લતિકા, તુ સર્વ વાત જાણે છે ! તારો પ્રેમ મારા પર દઢ થયો હશે એ વાત જો કે ખરી હશે, તો પણ હુ તને પુછુ છુ કે જાણી જોઇને તે તેમ કેમ બનવા દીધુ, લતિકા ? ધવલવશની સર્વ આશા હવે માત્ર તારા ઉપર છે ! મહાનાયકે હમણા જ મને આજ્ઞા કરી છે કે, તારુ લગ્ન કરી આ રોહિતાશ્વદુર્ગની તને સ્વામીની બનાવવી ! તારા પુત્ર, પૌત્ર ‘ધવલ’ નામ ધારણ કરી જાપિલ ગ્રામના મહાનાયકની કીર્તિનુ રક્ષણ કરશે ! લતિ, લતિકા, તુ હજુ બાલિકા છે ! અવિચાર અને ચચલત્વના આવેશમા તારા હસ્તે જો એકાદ ભૂલ થઈ હોય તો તે સુધારવાને હજુ પણ ઉપાય છે અદ્યાપિ સમય ગયો નથી ! ”

લતિકાએ દૃઢ સ્વરે ઉત્તર આપ્યો “ અશક્ય, તદ્દન અશક્ય, મહારાજ ! ”

લતિકાના આ ઉત્તરથી શશાક આશ્ચર્યચકિત થયો ! તેણે પૂછ્યુ ‘ શુ કહ્યુ તે લતિકા ? ”

“ અશક્ય—તદ્દન અસભવિત વાત ! ”

“ સાભળ લતિકા, સાભળ ! મારા માટે ચિત્રાએ પ્રાણ ત્યજ્યા, એ વાત સર્વ જીવનમા હુ કદી પણ ભૂલવાનો નથી ! એ મહાપાતકનુ પ્રાયશ્ચિત લેવામા જ મારૂ જીવન હું પૂર્ણ કરીશ ! હુ કમભાગી મારા જીવનની સહચારિણી કેવી રીતે બનાવુ, લતિકા ? ”

લતિકાએ અવનત મુખ ઉચ્ચુ કર્યુ, ચદ્ર પ્રમાણે શુભ્ર એ ! તેના મુખ મડલપર મંદ કિરણ પડ્યુ લતિકા દેવીના બન્ને નેત્ર તેજ–પુજ હતા અને પાપણો અશ્રુથી ભીની થયેલી જણાઇ તેણે મંદ પણ દૃઢ સ્વરે કહ્યુ “ મહારાજ, મહારાજ ! હુ વ્યભીચારિણી કેવી રીતે થઉ ? ધવલ વશમા તો એ વાત તદ્દન અસભવનીય છે ! ’

“ તારા કથનનો અર્થ હુ સમજ્યો નહિ, લતિ ! ’

“ હુ તો પ્રથમથી જ એકને વરી ચુકી છુ ”

“ કોને ? ”

“ આપને, મહારાજ, આપને ! ”

“ મને ? મને લતિકા ? ક્યારે ? ” સમ્રાટે અત્યત આશ્ચર્ય પામી પુછ્યુ

“ તેજ દીવસે–જે દિવસે તે રીસાઇ–તેજ દિવસે ! ઉદ્યાનની વાત આપના લક્ષમા છે કે મહારાજ ? ”

“ છટ, લતિકા ! તે વાત તદ્દન ભૂલી જા ! ”

“ અશક્ય—તદ્દન અશક્ય છે મહારાજ ! ”

“ લતિકા, બાલ્યાવસ્થાની એવી વાત શુ કોઇ તેમને તેમ હૃદય સાથે દૃઢ કરી બેસે છે ? એ વાત ભૂલી જા તારૂ કર્તવ્ય કર ! લતિકા, મારૂ સાભળ, યોગ્ય વર સાથે લગ્ન કર ! કાળના પ્રવાહ સાથે ધીમે ધીમે તુ તે ભૂલી જઈશ અને અવશ્ય સુખી થઇશ ! ”

લતિકાએ અવનત મુખે કહ્યુ “ મને વ્યભિચારિણી થવાનો ઉપદેશ આપ કેમ કરો છો, મહારાજ ?

“ તારા મનની ઇચ્છા પ્રમાણે બનવુ સર્વથા અશક્ય છે ! લતિકા, હુ મર્મયાતનાની જવાલાથી બળી મરૂ છુ !–મને તેનુ–ચિત્રાનુ વિસ્મરણ ત્રીકાલે થવુ શક્ય નથી ! મને તુ ક્ષમા કર લતિકા ! તુ કહે છે તે તદ્દન અસભવિત છે–આ જન્મમા તો તે મારે માટે અશક્ય છે ! ભ્રમથી–ચૂકથી જો તે તારા હૃદયમા મને સ્થાન આપ્યુ હોય તો તે ભૂલી જા ! તારા સ્મૃતિ પટપરથી મારૂ નામ ભૂસી નાખ ! મન કઠોર કરી લતિકા, એ કટુકર્તવ્ય કરવા સિદ્ધ થા હુ જાણુ છુ કે લતિકા, તારા મનને હુ વિલક્ષણ કષ્ટ આપી રહ્યો છુ, પણ તે માટે મને ક્ષમા કર તારા ઉચ્ચ પ્રેમની, આદરની હુ ઉપેક્ષા કરૂ છુ, તે માટે તુ મને ક્ષમા કર ! લતિકા, હુ અત્યત દુર્ભાગી છુ ! શત્રુમેને એક વખત મને એ વાત કહી હતી, પરતુ મે તેના પર વિશ્વાસ રાખ્યો નહિ હાય ! આ માનવ જીવન મધુમય નથી–અતિશય વિષપૂર્ણ, કટુ છે ! લતિકા હજુ સમય ગયો નથી–હજુ પણ મને કમનશીબને ભૂલી જા, અને તારા યોગ્ય કર્તવ્યને આધિન થા ! અસભવનીય—”

‘ મારે માટે પણ અસભવનીય છે, મહારાજ ? ”

એકાએક તે રાજરાજેશ્વર, સમગ્ર આર્યાવર્તનો ચક્રવર્તી મહારાજાધિરાજ શશાંક નરેન્દ્રગુપ્ત લતિકા દેવીના ચરણમા ઘૂટણીએ પડ્યો અને અત્યત કરૂણ સ્વરે બોલ્યો, “ ક્ષમાકર–લતિકા, મને

ક્ષમા કર ! હુ વયમા તારા કરતા મોટો છુ, પણ તારા પાદ પકડી તારી ક્ષમા માગુ છુ હાય ! અસહ્ય યાતના ! ભયકર જવાલા ! ચિત્રા–ચિત્રા ! ”

સમ્રાટનો કઠ ભરાઇ આવ્યો ! લતિકાદેવીના ચક્ષુમાથી અશ્રુ પ્રવાહ ખળખળ વહેવા લાગ્યો તે શશાકનો હસ્ત પકડી બોલી ‘ છટ્, મહારાજ ! જેણે આપના ચરણમા જીવન અર્પ્યું છે, તેના હસ્તે એવુ પાપ થવા ન દેશો ! મે તો આ ચરણ પગ મારૂ મન અને જીવન અર્પણ કર્યું છે મારા માટે અન્ય ગતી જ નથી ! પટ્ટ મહાદેવી થવાની મારી લેશ માત્ર ઇચ્છા નથી ! સિંહાસન, રાજમુકુટનો પણ, મને તલ માત્ર લોભ નથી ! આપના પ્રેમ કે અનુરાગની પણ આશા નથી ! આપના રાજભૂવનમા સેકડો દાસી છે, તેમાની જ એક બની આપના ચરણની સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકુ એજ આશા, એજ ઇચ્છા અને એજ પ્રાર્થના છે આ જગતમા મારી પાસેથી એ અધિકાર લઇ લેવાનુ એક પણ પ્રાણીમા સામર્થ્ય નથી, રાજ રાજેશ્વર મગધ ચક્રવર્તીને પણ નથી ! ”

“ તેમ બનવુ શક્ય નથી ! લતિકા–અસભવનીય–અસભવનીય ! એ વાત તુ વીસરી જા ! લતિકા, મને ક્ષમા કર !–”

એટલુ કહી લતિકાદેવીનો હસ્ત છોડી મગધેશ્વર અત્યત ત્વરાથી ચાલ્યો ગયો ! જ્યા સુધી શશાકની મૂર્તિ દેખાતી હતી ત્યા સુધી સ્થિર દૃષ્ટિએ લતિકા તેના તરફ જોઇ રહી પછી ધીમે ધીમે દીર્ઘનિશ્વાસ નાખી તે બોલી “ કયા જશો, હૃદયેશ્વર, મને છોડીને આપ કયા જશો ? આપ જો નરકમાં જશો તો ત્યા પણ હુ આપની સાથે જ આવીશ હુ તો આપના જીવનની સહચારિણી છુ ! ”

ઉપ કાલે રોહિતાશ્વ દુર્ગાધિપતિ મહાનાયક યશોધવલદેવનો કાલ થયો, તેમની દહનક્રીયા પૂર્ણ કરી સમ્રાટે પાછા આવી જોયુ તો જણાયુ કે, લતિકાનો પત્તો નથી દુર્ગ સ્વામી નીચા વલય પણ ઘૂમ થયા છે !

હર્ષવર્ધને કાન્યકુબ્જપર હલ્લો કર્યાની બાતમી લઈ આજ વખતે પ્રતિષ્ઠાનથી એક દૂત આવ્યો હતો !

પ્રકરણ ૧૩ મુ.

પાટલીપુત્રને શાપ !

લતિકાદેવીનુ ક્યાએ દર્શન થયુ નહિ ! છેવટે ઉદ્‌વિગ્ન હૃદયે શશાક પાટલીપુત્રમા પાછો આવ્યો. વૃદ્ધ બનેલા અમાત્ય વિધુસેને રોહિતાશ્વદુર્ગનુ રક્ષણ કાર્ય વીરેન્દ્રને આપવા આગ્રહ પુર્વક વિનતી કરવાથી સમ્રાટે યશોધવલ દેવના તે વિશ્વાસુ સેવકને રોહિતાશ્વદુર્ગની કિલ્લેદારી આપી આ પ્રમાણે સેકડો વર્ષ પછી રોહિતાશ્વદુર્ગ જાપિલ ગ્રામના ધવલવશના મહાનાયકના અધિકારમાથી દૂર થઈ ધવલવશ નષ્ટ થયો ! તે જોઇ સામ્રાજ્યની પ્રજાને અતિશય દુખ થયુ, વીરેન્દ્રસિહ જ્યા સુધી જીવ્યો હતો ત્યા સુધી યશોધવલદેવની યશસ્વી તલવાર મહાનાયકના સિહાસન પર રાખી, તે એક સામાન્ય સેવક પ્રમાણે નજીકમા ઉભો રહ્યો હતો. તે જો કે હવે દુર્ગાધિપતિ થયો હતો, તોપણ ધવલવશીય દુર્ગાધિપતિના સિહાસન પર તે કદી પણ બેઠા નહિ વધુસેન અને ધનસુખને કિલ્લાના રક્ષણ માટે રાખી વીરેન્દ્રસિહ સમ્રાટ સાથે પાટલીપુત્રમા પાછો આવ્યો.

હર્ષે કાન્યકુબ્જપર હલ્લો કર્યો છે એવી વાત સભળાતા જ સમ્રાટની આજ્ઞાની રાહ ન જોતા સામ્રાજ્યના વૃદ્ધ સેનાપતિ હરીગુપ્ત પોતાના સૈન્યસહ પશ્ચિમ તરફ ચાલ્યા ગયા હતા પાટનગરમા આવ્યા પછી શશાક સ્વત ચરણાદ્રિ તરફ જવાની તૈયારી કરવા લાગ્યો, પરતુ મહાધર્માધિકારી નારાયણશર્મા પાટનગર છોડીને ન જવા આગ્રહયુક્ત વિનતી કરતા હતા માધવવર્મા, અનતવર્મા અને વિરેન્દ્રસિહ યુદ્ધમા ભાગ લેવાને અત્યત અધીરા બન્યા હતા તેથી હવે શુ કરવુ ને વિષે શશાકથી કઇ નિશ્ચય જ થતો નહતો

રોહિતાશ્વદુર્ગથી પાછો આવ્યા પછી સમ્રાટ એકાએક નિર્બળ બની ગયો ! હમેશ તે કોઈપણ વિચારમા નિમગ્ન રહેતો અને સ્વપ્નમય મનુષ્ય પ્રમાણે વાતો કરતો ! શશાકની આવી સ્થિતિ જોઇ માધવવર્મા અને અનતને અતિશય ચિતા થવા લાગી. ઠાણેશ્વરના સૈન્યને એક વખત પરાજય મળ્યો હતો ખરો પરતુ હર્ષવર્ધનની સત્તાનો પ્રભાવ અદ્યાપિ પણ જ્યા ત્યા વ્યાપેલો હતો ! પ્રાચીન ગુપ્ત કુલના લોપ પામેલા ગૌરવની પુન સ્થાપના કરવી હોય તો હર્ષવર્ધનને નષ્ટભ્રષ્ટ કરવાની અતિ આવશ્યકતા છે એમ સામ્રાજ્યના આબાલ વૃદ્ધ સર્વ માનતા હતા નવીન સમ્રાટના નેતૃત્વ નીચે વારવાર જય મળવાથી સામ્રાજ્યનુ સૈન્ય અત્યત ઉત્સાહથી નવીન સ્વારી માટે તત્પર થવા લાગ્યુ હતુ સમુદ્રગુપ્તના વશજ સમુદ્રગુપ્તનુ સામ્રાજ્ય પોતાની સત્તા નીચે લીધા સિવાય નહિજ રહે, એવી પાટલીપુત્રની રકથી રાય સુધીની સર્વ પ્રજાની ખાત્રી થઇ ચુકી હતી જય અને પરાજય, યશ અને અપયશના અતિમ પગથીયા પર સામ્રાજ્ય હોવા છતા સમ્રાટને કિકર્તવ્ય મઢ બનેલો જોઈ ગુપ્ત રાજકુલ હિતચતકોને મોટી ફીકર થવા લાગી !

ભાગ્યનિયતાના અદૃશ્ય હસ્તે ફરતું અદૃષ્ટ ચક્ર કયા અદૃષ્ટ માર્ગે જશે તે અખિલ ભૂવન નિર્માણ કરનારા ચક્રધર સિવાય બીજા

કોઈને કેવી રીતે સમજાય ! ગુપ્ત સામ્રાજ્યના સેનાપતિ જે વખતે નવીન સ્વારી માટે અધીરા બની ગયા હતા તે વખતે ગુપ્ત સામ્રાજ્યનુ અદૃષ્ટ ચક્ર તદ્દન જુદે જ માર્ગે ફેરવવામા આવતુ હતુ ! તે માર્ગે જવાથી પણ કાર્ય સિદ્ધ થવા જેવુ હતુ. વારવાર પ્રચડ આઘાત થઈ નવીન સમ્રાટનુ કોમલ હૃદય જો ચૈતન્યથી પુર્ણ હોત, જો કોમળ વયમા આઘાત પર આઘાત થઈ શશાકનુ હૃદય દુર્બળ થયુ નહોત, તો કદાચિત ઇતિહાસકારોને આર્યાવર્તનો ઇતિહાસ જુદી જ રીતે લખવો પડયો હોત ! હજારો નવીન નવીન ભયકર કટક અને સકટો આવવા છતા શશાક નરેદ્રગુપ્તના પુર્વજોની વૈભવ અને સત્તાપણ કદાચિત તેને પુન પ્રાપ્ત થયા હોત ! પરતુ વિધિની લિપિ અન્યથા થવી શક્ય નથી ! સર્વતોપરી આશ્ચર્યકારક પૌરૂષકાર પણ તેનુ ખડન કરી શકતો નથી ! આ વિષય સબધી તત્વવેત્તા પડિતોમા એકમત થઇ શકશે પરતુ અદૃષ્ટદેવી આગળ તે તદ્દન સપુર્ણ સત્ય છે !

નવીન સમ્રાટ જે વખતે થાણેશ્વરના રાજા સાથે યુદ્ધ કરવાની તૈયારી કરતો હતો તે વખતે વૃદ્ધ અનુભવી મહાધર્માધિકારી તેને રાજધાનીમા જ રહેવાને અતિશય આગ્રહ કરતા હતા, સામ્રાજ્યના શસ્ત્રાસ્ત્રધારી વીર જે વખતે તેને તરત જ રણાગણમા ઉતરવાની સલાહ આપતા હતા, તે વખતે પુર્ણિમા પુર્ણ શશાકનો ગ્રાસ કરવા, પૃથ્વી પરથી પ્રાચીન ગુપ્ત સામ્રાજ્યનુ છેવટનુ ચિહન લુછી નાખવા માટે આર્યાવર્તના ઇશાન ખૂણામા એક નાનુ કાળુ—અતિ કાળુ વાદળુ ઉદય પામ્યુ હતુ !

ભગદત્તવશીય કામરૂપના રાજા અને ગુપ્તવશીય સમ્રાટ એ ઉભય વચ્ચે ચિરકાળથી શત્રુત્વ ચાલી આવ્યુ હતુ લૌહિત્ય તીરપર કામરૂપના રાજા સુસ્થિતવર્માનો મહાસેનગુપ્તે પરાભવ કર્યો હતો

મહાવીર યજ્ઞવર્માએ પોતાના સ્કધપર સુસ્થિતવર્માની તીક્ષ્ણ ફરસીનો જબરજસ્ત આઘાત લઇ સમ્રાટના પ્રાણનુ રક્ષણ કર્યું હતુ શકરનદના કાંઠે કેવળ દૈવની સહાય નહિ હોવાથી જ કુમાર ભાસ્કરવર્માનો શશાકના હસ્તે પરાજય થયો હતો. ત્યાર પછી જે સધિ થઇ હતી તે અદ્યાપિ સુધી સ્થિર રહી હતી પણ રાજવર્ધનના મૃત્યુ પછી બન્ધુના મરણનો બદલો લેવાની અને આર્યાવર્તમાથી શશાકની સત્તા નષ્ટ કરી નાખવાની હર્ષવર્ધને જ્યારે પ્રતિજ્ઞા લીધી ત્યારે આ તક ઉત્તમ છે, એમ સમજી કામરૂપના રાજાએ પોતાના ચિરકાલિન શત્રુ સામે એકદમ યુધ પોકાર્યું શશાક પાટલીપુત્રમા હતો તે વખતે તેને એવી ખબર મળી કે, કામરૂપની સેના શકરનદ ઓળગી બગદેશ તરફ ધસતી આવે છે કામરૂપના રાજાના આ ઉઘડ શત્રુત્વના સમાચાર મળતા જ સમ્રાટનો મોહ સહજ દૂર થયો સૂતેલો સિંહ ગર્જના કરી ઉઠયો ! સકટને તદન સમીપમા આવેલુ જોઇ શશાકની તદ્રા દૂર થઇ તે સાવધ થયો ! વીરેન્દ્રસિંહ અને માધવવર્માને ભાસ્કરવર્મા સામે મોકલી પોતે અનતવર્માસહ કાન્યકુબ્જ જવાનુ ઠરાવ્યુ અને નૌબલાધ્યક્ષ રામગુપ્ત અને મહાધર્માધિકારી નારાયણશર્માને પાટલીપુત્ર તથા મગધનુ રક્ષણ કરવા કહ્યુ

આજ સમયે ભાગ્યનિયતાના અદૃષ્ટ હસ્તે ફરનારા અદૃષ્ટ ચક્રે ક્ષણવાર પોતાનો હમેશનો યોજિત માર્ગ છોડયો, અને તેથી પાટલીપુત્રનુ રક્ષણ કરવાનુ અનાવશ્યક થયુ ! યુદ્ધાર્થે પ્રયાણ કરતા પહેલા એક દિવસ ચિત્રાદેવીના ઉદ્યાનમા બેસી શશાક કાન્યકુબ્જ અને પ્રતિષ્ઠાન તરફથી આવેલા દૂતોના સમાચાર સાભળતો હતો શશાક ચિત્રાદેવીની વેદીપર બેઠો હતો હાથમા એક લાબો ભાલો લઈ અનતવર્મા તેની પાછળ ઉભો હતો અને કાન્યકુબ્જનો દૂત કિલ્લામા વસુમિત્રની કેવી દશા થઈ છે થાય તેનુ વર્ણન કરતો હતો.

દૂતે કહ્યુ “મહારાજાધિરાજ ! ઠાણેશ્વરના અસખ્ય પદાતીઓએ નગરને ઘેરો ઘાલેલો હોઈ મહાનાયક વસુમિત્ર પોતાના સૈન્યસહ નગરમા ઘેરાઇ ગયો છે કિલ્લામા અનાજપાણીની અછત નથી પરતુ સામ્રાજ્યનુ સૈન્ય તરત જ મહાનાયકને સહાય આપવા નહિ નીકળે તો કિલ્લાનુ રક્ષણ થતુ મુસ્કેલ છે। કાન્યકુબ્જની પ્રજા મહા નિમકહરામ છે। દ્રવ્યલાલસમાથી તે કિલ્લાના દ્વાર ગમે ત્યારે ઉઘાડશે। ખૂલ્લી રીતે બળવો કરવાનુ સાહસ તેમનાથી થતુ નથી, પરતુ જો બળવાનો સમય આવશે તો નગરના રક્ષણનુ કાર્ય અશક્ય જ થઈ પડશે। દરરોજ ઠાણેશ્વરના અસખ્ય સૈનિકો નગરના કોટના ભિન્ન ભિન્ન ભાગ પર હલ્લા કરે છે અને પુરાઇ રહેલા માહાનાયકની શક્તિનો હમેશ ક્ષય થતો જાય છે પરતુ શત્રુનુ બલ લેશ માત્ર ઓછુ થતુ નથી।”

“શશાકે પુછ્યુ “વિદ્યાધરનદ ક્યા છે ? ’

“તે પણ પ્રિષ્ઠાનના કિલ્લામા પુરાયા છે।”

“હરિગુપ્ત ક્યા સુધી પહોચ્યા છે ?”

‘ મહારાજાધિરાજ, તેમનુ ઘોડદળ સૈન્ય ચરણાદ્રિની આગળ ગયુ છે ”

શશાકે આવેશથી કહ્યુ “અનત, ચાલ, આપણે કાલે જ અહીંથી સૈન્ય સહ નીકળીએ। માધવ અને વીરેન્દ્ર જો કે ભાસ્કરવર્માને પરાજય આપી શક્યા નથી, તોપણ તે તેને આગળ આવવા દે તેમ નથી એ વાત નક્કી છે। એટલા વખતમા જો આપણે હર્ષવર્ધનનો પરાભવ કરી શકીશુ નહિ તો પછી માત્ર સામ્રાજ્યની કઠિન સ્થિતિ છે।”

અનતે કહ્યુ “મહારાજ, આજ્ઞા થાય તો હુ હમણા પણ નીકળવાને તૈયાર છુ ”

શશાકે પુછ્યુ “ દૂત, વિદ્યાધરનદ પ્રતિષ્ઠાનમા કેવી રીતે ઘેરાઇ પડયો ?”

“ મહારાજ ! બૌદ્ધ આચાર્યોની ઉશ્કેરણીને લીધે મધ્યદેશના સર્વ લોકોએ બળવો કર્યો છે બૌદ્ધાચાર્યો તેમને એક સરખા ભણાવી ગયા છે કે, ‘ જે રાજા બૌદ્ધ ન હોય, તે રાજાજ્ઞા લોકોએ પાળવી તે બીલકુલ યોગ્ય નથી ! ”

એટલામા એક વૃક્ષવાટિકા પાછળથી એક માણસ વેગપૂર્વક દોડી આવી એકદમ સમ્રાટપર તૂટી પડયો ! ક્ષણમાત્રમા બીજા ઝાડ પાછળથી મહાપ્રતીહાર વિનયસેને આવી પોતાના શરીરથી સમ્રાટનુ શરીર ઢાકી દીધુ ! નિમિષ માત્રમા તે ખુનીની તલવાર મહાપ્રતીહારના હૃદયમા પ્રવેશી ચુકી ! વિનયસેન સમ્રાટના ચરણમા પડયો ! અનતવર્મા તે ખુનીનો વધ કરવા જતો હતો પણ તેને તેમ ન કરવા દેતા સમ્રાટ વિનયસેનને થયેલા ઘા ની શુશ્રૂષા કરવા લાગ્યો તે તીક્ષ્ણધારી તલવારે વૃદ્ધ મહાપ્રતીહારનો હૃતપિંડ ચીરી નાખ્યો હતો ! શશાકને જણાયુ કે, અદ્યાપિપણ વિનયસેનના શરીરમા કઇક ચૈતન્યતા છે

અલ્પ સમય પછી વિનયસેને નેત્ર ઉઘાડયા તે જોઇ શશાકે કરૂણ સ્વરે તેને બોલાવ્યો “વિનય—”

“ ક્ષીણ સ્વરે મહાપ્રતીહાર બોલ્યો “ મહારાજ—”

“ વિનય, તે આ કેવુ સાહસ કર્યું ?” શશાકનુ ગળુ ભરાઈ આવ્યુ

“ મહારાજ,–તૃ–તૃષા–તૃ–તૃષા ! ”

અનંતે પાણી લાવી મરણદ્વારે પડેલા મહાપ્રતીહારના મુખમા મુકયુ તેથી કઇક ઠીક લાગતા વિનયસેન બોલ્યો “ મહારાજ, બૌદ્ધોનુ કપટ !—ભયકરે દગો—એ મહીના—થી આપનુ ખુન—

કરવાના સતત પ્રયત્ન-કરે છે-પાણી-પાણી! આજ બે મહીના-બે મહીનાથી આ-મારા લીધે-તે કંઈ-કરી શક્યા-ન-નહિ. હા-હા-ખુની બુદ્ધ શ્રી! મ-મહારાજ! પાણી-પાણી!—"

અને તે વિનયસેનના મુખમા પુન થોડુ પાણી મુકયુ આ વખતે તેની છાતીના ઘામાથી પ્રચડ રક્તસ્રાવ થતો હોઈ ચોતરફની જમીન ભીની થઈ ગઈ હતી! સમયના વહેવા સાથે વૃદ્ધ વિનયની શક્તિ નષ્ટ થતી જતી હતી મહાકષ્ટે સર્વ શક્તિ એકત્ર કરી તે બોલ્યો "મહારાજ-શશાક! હજુ પણ સકટ દૂર થયા નથી! હમણાને હમણા પાટલીપુત્ર ત્યજી જાવ! સર્વ બૌ-બૌદ્ધ શશા—"

આ વાક્ય પૂર્ણ થતા પૂર્વેજ વિનયસેનના મુખમાથી રક્ત વમન થયુ અને તે સ્વામિભક્ત વૃદ્ધ મહાપ્રતીહારનુ મસ્તક સમ્રાટના ચરણમા લટકવા લાગ્યુ શશાકના નેત્ર અશ્રુવારિથી ભરાઈ ગયા હતા તે કેટલીક વારે ગદ્ગદ કઠે બોલ્યો "અનત આજે જ—"

"શુ મહારાજ?"

"આજે જ પાટલીપુત્ર છોડી—"

"કેમ-કેમ મહારાજ?"

શશાંકે આવેશથી કહ્યુ "ચિત્રા, પિતાજી, લલ્લ, વૃદ્ધ મહાનાયક અને છેવટે વિનયસેન! આજે જ પાટલીપુત્રનો ત્યાગ! બસ, મારો નિશ્ચય થયો! રામગુપ્તને જઈને કહે, પદર દિવસમા સર્વ નાગરિકો પાટલીપુત્ર ત્યજી જાય, તેવી વ્યવસ્થા કરો! શિઆળ, કુતરા, કાગડા, અને ગીધ સિવાય એક પણ પ્રાણી પાટલીપુત્રમા રહેવુ ન જોઈએ! હુ પાટલીપુત્રને શાપ આપુ છુ કે, આજથી એક હજાર વર્ષ સુધી પાટલીપુત્રમા જે કોઈ રહેવા આવશે તેનો નિર્વંશ

જશે, શિઆળ અને કુતરા તેના શરીરને ફાડી ખાશે, તેને પિંડ આપવા પણ કોઈ નહિ રહે ! વિનયની યોગ્ય રીતે દહન ક્રિયા કરો ’

તે ક્ષણે જ સમ્રાટ શશાક પાટલીપુત્ર–નગરમાથી નીકળી ગયો ! એક પખવાડીયામા તે વિશાલ નગરમા એક પણ માનવ પ્રાણી રહ્યુ નહિ ! શશાકના શાપ ભયથી એક હજાર વર્ષમા પાટલીપુત્ર શહેરમા કોઈએ પણ નિવાસ કર્યો નથી !

પ્રકરણ ૧૪ મું

આત્મબલિદાન

“ શુ કહ્યુ ? ”

“ સત્ય જ કહુ છુ મહારાજ ! બગદેશમા અને પ્રતિષ્ઠાનમા તેને તલવાર ચલાવતો મે જોયો છે, તેના અદ્‌ભુત પરાક્રમની પરાકાષ્ઠા મે જોઈ છે! નરસિહદત્ત સિવાય એવુ અત્યત આશ્ચર્યકારક અસાધારણ અદ્‌ભૂત પરાક્રમ અને વીર્ય કોણ બતાવી શકે,

“ મહારાજ! ”

“ શુ ? સત્ય કહે છે તુ ? ”

“ સપૂર્ણ સત્ય ! તેમાનો પ્રત્યેક પ્રત્યેક અક્ષર સત્ય છે ! વીસ વર્ષ સુધી આ હસ્તમા મે ગરૂડધ્વજ ધારણ કરેલો છે મહારાજ, શાકરતટે અને પ્રતિષ્ઠાનમા જેમણે નરસિહને યુદ્ધ કરતો જોયો છે, તેમને તેનુ કદી પણ વિસ્મરણ થાય, એ સભવિત છે કે ? મહારાજ ! આ હસ્તમા ગરૂડધ્વજ લઈ પ્રતિષ્ઠાનદુર્ગના કોટપર હુ ચઢયો, હજારો ગૌડવીરોના શબ પગ નીચે દબાવી, મનુષ્યોના તસ

રક્તથી સર્વ શરીરને રગી જેની પાછળ હુ જતો હતો, તેને એક બે વર્ષમા હું કેવી રીતે ભૂલી જઉ ? મહારાજ હુ મંડલદુર્ગનો સૈનિક–હું તક્ષદત્તનો સેવક છુ. મારો નરસિહ નાનો હતો, ત્યારે આ હાથે તેને આ ખભા પર રમાડયો છે ! તેના પિતા અને તેના હાથ નીચે હું અનેક યુદ્ધમા ઉતરેલો છુ હાય ! છેવટે આજ અભાગી હસ્તે તક્ષદત્તના પુત્રનુ શબ મે ચિતાપર મુકી અગ્નીને આધીન કર્યું, મહારાજ ! ”

“ હાય ! ત્યારે મારો નરસિહ આ જગતમા નથી ! ”

“ નથી, મહારાજ ! નથી ! નરસિહના જીવન દરમીયાન કાન્યકુબ્જ શત્રુના હસ્તમા પડે એ કદી પણ શક્ય નહતુ ! જ્યા સુધી તક્ષદત્તનો પુત્ર જીવતો હતો ત્યાસુધી ઠાણેશ્વરની એક માખી પણ કાન્યકુબ્જ શહેરમા પ્રવેશ કરી શકી નહતી ! મહારાજ ! નરસિહદત્ત વીર પુત્ર હતો, વીર કુલમા તેનો જન્મ થયો હતો તક્ષદત્ત વ શજોએ સામ્રાટની સેવામા જ પોતાના તન અર્પણ કર્યા છે તનુદન્તના પુત્રે એક વીરને શોભે તેવી રીતે કાળને દઢ આલિગન આપ્યુ ! અગણુલીત કાળથી તનુદતના વ શજોએ સમ્રાટની સેવામાજ પોતાના તન અર્પણ કર્યા છે તનુદત્તના છેવટના વ શજે, મ ડલના અતિમ અધિપતિએ પોતાના કુલનુ એ ગૌરવ લુપ્ત થવા દીધુ નથી ! અને મહારાજ ! નરસિંહને મૃત્યુ પામેલો જોઈ આ હતભાગી વૃદ્ધ આપને ખબર આપવા આવ્યો છે ! હાય રણનીતિ અત્યત કઠોર છે ! જે વખતે મૃત્યુ પ્રાપ્ત થાય એવી મારી ઈચ્છા હતી તેજ વખતે રણનીતિએ રણક્ષેત્રનો ત્યાગ કરી મને મગધના આ ભયાનક સ્મશાનમા આવવાની જરૂર પાડી ! ”

“ શુ થયુ, તે મને પુન કહે ”

“ ફરી કહું ? ઠીક છે–કહું છુ સાભળો મહારાજ ! પ્રતિષ્ઠાનનો કિલ્લો જ્યારે પડયો ત્યારે આપ કિલ્લાના તોરણમા આવ્યા હતા.

મહારાજ, આ વૃદ્ધ સૈનકની કઠોર ભાષા તરફ આપ લક્ષ આપશો નહિ–જે વખતે આપ નગરના તોરણમા આવી પહોચ્યા હતા, તે વખતે પ્રતિષ્ઠાનનો ત્રીજો કોટ સત્તામા આવ્યો નહતો તે વખતે, ‘ સમુદ્રગુપ્તના વશજ સમુદ્રગુપ્તના કિલ્લામા પ્રવેશ કરશે જ,’ એમ કહી તે એક કુદકે તટપર ચઢી ગયો! મૃત્યુને આહ્વાન કરતો તે વીર આગળ ધસ્યો! તેણે એમ કેમ કર્યું તે આપ જાણો કે, તે જાણે! પરતુ મહારાજ, તે પ્રસગે કાળ તેનાથી બ્હીધો, અને પ્રતિષ્ઠાનનો કિલ્લો તેજ વખતે તાબામા આવ્યો. મહારાજ, સમુદ્રગુપ્તના વશજે, આખરે–સમુદ્રગુપ્તના દુર્ગમા પ્રવેશ કર્યો, પણ જેણે કિલ્લાના બધદ્વાર આપને માટે ખૂલ્લા કરાવ્યા, તે વીરનુ આપ દર્શન કરી શકયા કે? ચિત્રા–મહારાજ! ચિત્રા તેને અત્યત પ્રિય હતી, તેનાપર જ નરસિહનુ જીવન હતુ ચિત્રાને લીધેજ તેણે પોતાનુ મુખ આપને બતાવ્યુ નહિ તેણે ભિષ્મ પ્રતિજ્ઞા કરી હતી સર્વ જીવનમા કદીપણ સમ્રાટને મુખ બતલાવવુ નહિ એજ કારણને લીધે, મહારાજ, આપ રાજરાજેશ્વર હોવા છતા પણ આપ તેને જોઈ શકયા નહિ! નરસિહ કઈ નાસી છૂટયો નહતો તે આપની પાસે જ હતો! નાસી જવાનો વિચાર તનુદત્તના વશજને સ્વપ્ને પણ કદી આવ્યો નથી! પ્રત્યેક યુદ્ધમા નરસિહ આપની પાસે જ રહેતો, પ્રત્યેક રણાગણમા તે આપની પીઠ સાચવતો, પરતુ આપને માત્ર તે કદી દેખાયો નથી!”

“ વીરશ્રેષ્ઠ! હુ તે સારી રીતે જાણુ છુ–હુ તે ક્ષણવાર ભૂલ્યો નથી! વીરા! તુ મનુષ્ય જ છે–નિષ્ઠુર નથી, મને યાતનાની એવી દારૂણ જ્વાળામા બાળીશ નહિ–દયાકર, દયાકર! નરસિહ અને ચિત્રા મને હમેશા બાળે છે તેમા તુ ઘીની વૃષ્ટી કરી મારી જ્વાળાને વધારીશ નહિ! નરસિહ આ જગતમા નથી–મારા

માટે તેણે પોતાના પ્રાણની આહુતિ આપી—એજ મારા હૃદયને અસહ્ય થયુ છે! ઠીક છે—તુ સર્વ હકીકત કહે! છેવટ સુધી ે તે નહિ સાભળુ તો મને શાંત મૃત્યુ મળવુ પણ અશક્ય છે!”

“સાભળો ત્યારે મહારાજ! આ વૃદ્ધનો અપરાધ જોશોનહિ મને સ્ત્રી નથી—પુત્ર નથી અને કદીપણ નહતા! આજ હસ્તે તક્ષદત્તના પુત્ર અને પુત્રનુ મે લાલન પાલન કર્યું, અને આ હસ્તે મે નરસિંહને ચિતાપર પણ મુક્યો! હું પણ ભયકર જ્વાલામા બળુ છુ મહારાજ! તનુદત્તના નિર્વંશમા આપ કારણભૂત છો! આપના માટે ચિત્રા મરી અને આપના માટે જ નરસિહેપણ પ્રાણ આપ્યા! આપ જો પરમેશ્વર નહોત તો ર્વ વિશ્વ ે આપનુ રક્ષણ કરવા એકત્ર થયુ હોત તોપણ આ વૃદ્ધના હસ્તે તે આપનુ રક્ષણ કરી શક્યુ નહોત!”

“સૈનિક—”

“પણ મહારાજ! આપ અવધ્ય છો! આપ મારા પ્રત્યક્ષ પ્રભુ છો! કારણ આપ સમુદ્રગુપ્તના વંશજ છો! સાભળો આગળ મહારાજ! લાચ ૯ઇ કાન્યકુબ્જના નાગરિકોએ જ્યારે બળવો કર્યો ત્યારે મહાનાયક વસુમિત્રને નગર છોડીને જવાની ફરજ પડી સર્વ સૈન્યે ચુપકીથી નીચુ મુખ કરી સેનાપતિની આજ્ઞા માન્ય કરી કિલ્લો છોડી તે પ્રતિષ્ઠાનના માર્ગે નીકળ્યો ફક્ત બે હજાર સૈનિકોએ મહાનાયકની આજ્ઞા સ્વીકારી નહિ! એક સામાન્ય પદાતી તેમનો નેતા થયો મહારાજ! બે હજાર સૈનિકો બળવાખોર બન્યા! તેમણે કેવુ બડ કર્યું તે જાણો છો આપ; મહારાજ! સેનાપતિની આજ્ઞાનુ ઉલઘન કરી કિલ્લાનુ રક્ષણ કરવાનો તેમણે નિશ્ચય કર્યો તેમના માટે કાન્યકુબ્જ દુર્ગના શીખર પર ગરૂડધ્વજ તે વખતે પણ ગર્વથી ટટાર ઉભો હતો આ બડ તદ્દન નવી રીતનુ ખરૂ કે નહિ મહારાજ? આપના

રાજમા એક વખત એવુ જ એક બડ થયુ હતુ તે આપ ભૂલી શકશો કે? તે વખતે પણ એક સામાન્ય પદાતીએ ‘બળવાખોર’ બની આપને માટે સામ્રાજ્યના સિંહદ્વારનુ રક્ષણ કર્યું હતુ! મહારાજ તક્ષદત્તના પુત્ર સિવાય એવુ અતુલ સાહસ અને પરાક્રમયુક્ત કાર્ય કોણ કરે? નરસિહ સિવાય એવુ વિલક્ષણ ધૈર્ય કોનામા સભવિત હોય? મહારાજ! સામ્રાજ્યના હજારો સૈનિક પ્રતિષ્ઠાન તરફ ચાલ્યા ગયા, પરતુ બે હજાર ગૌડ અને મગધવીરો આપને માટે પ્રાણ વિસર્જન કરવા તત્પર બની કાન્યકુબ્જના પત્થરી કારાગૃહમ' બેસી રહ્યા! બે હજાર વીર એક લાખ સૈનિકો સામે કયા સુધી ટકી શકે? પરતુ જ્યા સુધી તેમના તનુમા પ્રાણ હતા ત્યા સુધી કાન્યકુબ્જ દુર્ગના શીખરપર ગરૂડધ્વજ ગર્વપૂર્વક ઉડી રહ્યો હતો! તોફાનથી ક્ષુબ્ધ થયેલા સમુદ્રના પ્રચડ મોજાં પ્રમાણે ઠાણેશ્વરના એકલાખ સૈનિકો જે વખતે વારવાર કિલ્લાના તટપર હૂમલા લાવવા લાગ્યા, તે વખતે મુઠભર વીર મહારાજ, આપના માટે હસતા મુખે મૃત્યુને આલિગન આપતા હતા! કાન્યકુબ્જના ગગાદ્વારમા, તોરણના સેકડો ભદ્રદ્વારોનુ રક્ષણ કરતા, તક્ષદત્તનો પુત્ર ચિત્રાનો શોક વીસરી ગયો, છેવટે તેને શાતિ મળી! મહારાજ, તેની જ આજ્ઞાથી કાન્યકુબ્જની યુદ્ધવાર્તા કહેવા હુ અહીં આવ્યો છુ ગગાતીરે ગરૂડધ્વજ વક્ષસ્થલપર ધારણ કરી આપના નામનુ સ્મરણ કરતા કરતા નરસિહદત્ત સ્વર્ગ માર્ગે ચાલ્યો ગયો તે પછી તે બે હજાર સૈનિકોમાથી જેઓ જીવતા રહ્યા હતા, તેઓ હસ્તમા તલવારો પકડી સમુદ્ર જેવા વિશાલ ઠાણેશ્વરી લશ્કરમા હાસ્ય કરતા કુદી પડ્યા! મહારાજ! તે સાચા રણવીર! તે પ્રાતસ્મરણીય વીર! હાય! પણ તેમાનો એકે જીવતો નથી!”

ચરણાદ્રિદુર્ગની તળેટીમા એક પત્થર પર બેસી શશાક એક વૃદ્ધસૈનિકના મુખથી કાન્યકુબ્જદુર્ગની પતનકથા સાભળતો હતો,

અનતવર્મા પત્થરની માફક તેની પાછળ ઉભો હતો કેટલેક દૂર હજારો સૈનિક સ્તબ્ધ બની નરસિહદત્તના અદ્ભુત પરાક્રમનુ કવિત સાભળતા હતા ! તે વીરકથા પૂર્ણ થતા જ સમ્રાટ સમીપમા છે એ વાત ભૂલી જઇ સર્વ વારવાર જયધ્વની કરવા લાગ્યા ! તે વૃદ્ધ સૈનિક મૂર્ચ્છા પામી નીચે પડયો વજ્રઘાત થયો હોય તેમ નિશ્ચલ બની સમ્રાટ તે શીલા પર બેસી રહ્યો !

કેટલીકવારે અનતવર્માએ ધીમે ધીમે પુછ્યુ “ નરવીર ! મહાનાયક નરસિહદત્તનુ શરીર કાન્યકુબ્જમા પડતુ જ મુકીને તુ અહી આવ્યો છે કે ? ”

‘ ના, મહારાજ ! મે નરસિહને અગ્ની આપ્યા પછી કાન્યકુબ્જ છોડયુ છે તે વખતે પણ યુદ્ધ ચાલવાનુ હતુ, વસુમિત્ર નગર છોડી ગયા પછી ઠાણેશ્વરના લશ્કરે કોટ તાબે કર્યા હતા પરતુ નરસિંહે તેમને દુર્ગમા આવવા દીધા નહતા ! મહાનાયક નરસિંહની ચિતાનો અગ્ની શાત થયો ત્યારે જ રહેલા વીરો કિલ્લાના દ્વાર ખૂલ્લા કરી શત્રુના અગણિત સૈન્યપર તૂટી પડયા હતા ! ”

તે વીરની કહાણી સાભળી શશાક શુદ્ધિપર આવ્યો ! તેણે તે વૃદ્ધ સૈનિકને પુછ્યુ “ મિત્ર, તે નરસિહની આજ્ઞાનુ પાલન કર્યું છે, તારૂ કાર્ય પુર્ણ થયુ તુ હવે કયા જઇશ ? શુ કરીશ ? ”

તે સૈનિક બોલ્યો “ હા, મહારાજ ! મારૂ સર્વકામ થઇ ગયુ છે ! આ જન્મમા હવે મને કોઇ જાતની ઇચ્છા રહી નથી, કોઇ જાતનો હેતુ પણ રહ્યો નથી ! હવે એકદમ હુ મૃત્યુની શોધમા બહાર પડીશ ! ”

શશાકે ખિન્નતાથી હસીને કહ્યુ “ સૈનિક ! તે માટે તારે કઇ દૂર જવાનુ નથી તુ મારી પાસે રહીશ તો પ્રત્યેક ક્ષણે મૃત્યુનુ દર્શન થયા કરશે ! ”

“ આપ હવે ક્યા જશો, મહારાજ ”

“ હું હવે તરત જ પ્રતિષ્ઠાન જવા નીકળીશ ”

અનંતના ખભા ઉપર ભાર નાખી શશાંક કિલ્લાપર ચઢવા લાગ્યો તે વૃદ્ધ સૈનિક પણ તેમની પાછળ પાછળ ચાલ્યો.

◆

પ્રકરણ ૨૫ મું

સહાય પ્રાર્થના.

સમ્રાટની આજ્ઞાથી પ્રાચીન પાટલીપુત્ર નગર જનશૂન્ય બન્યુ અને મગધ સામ્રાજ્યની રાજધાની કર્ણસુવર્ણ નામક નગરમા લઇ જવામાં આવી નદીથી ઘેરાયલા પ્રદેશ પર કર્ણસુવર્ણ નગર વસેલુ હોઇ તે સ્થળ સ્વભાવત જ સુરક્ષિત હતુ અદ્યાપિ પણ ઉત્તર રાઢ પ્રદેશમા પ્રાચીન કર્ણસુવર્ણ નગરનો વિસ્તીર્ણ એવો ભાગ્યો તૂટયો ભાગ દૃષ્ટિએ પડે છે નારાયણશર્મા અને ગમગુપ્ત કર્ણસુવર્ણમા આવી નવીન નગરની રચનામા રોકાયા પાટલીપુત્રના જુના અને નવા ભવ્ય મકાનો અને મહાલયો તૂટી પડી નષ્ટ થવા લાગ્યા !

પાટલીપુત્ર છોડયા પછી શશાંક અતિશય ત્વરાથી પશ્ચિમ તરફ જવા લાગ્યો તે ચરણાદ્રિદુર્ગમા હતો તે વખતે હર્ષવર્ધને કાન્યકુબ્જ લીધાની અને તે માટે નરસિંહે પ્રાણ આપ્યાની વાત તેને કેવી રીતે મળી, તે ગત પ્રકરણમા કહેલુ છેજ હરિગુપ્તે આગળ જઇ પ્રતિષ્ઠાન દુર્ગ પર પડેલો ઘેરો ઉઠાવ્યો, પરંતુ તે અને વિદ્યાધરનંદ એકત્ર થવા છતા તેઓ કાન્યકુબ્જ જઈ શકયા નહિ પૂર્વ તરફ બ્રહ્મપુત્ર અથવા લૌહિત્ય તીરપર વીરેંદ્રસિંહ અને માધવવર્મા ભાસ્કરવર્માને અટકાવી રાખવામા સારી રીતે

ફાવ્યા હતા પ્રતિષ્ઠાનદુર્ગમા આવ્યા પછી શશાક પોતે જ સેનાપતિ બન્યો યુદ્ધની ધમાધમી સર્વત્ર શરૂ થઇ ! મહિના પર મહિના અને વર્ષ પર વર્ષ જવા લાગ્યા, પરતુ યુદ્ધનો અત આવ્યો નહિ ! હર્ષવર્ધનની પ્રતિજ્ઞા પૂર્ણ થઇ નહિ તે રાજ્યવર્ધનના મૃત્યુનુ વેર પણ લઇ શક્યો નહિ, કે શશાકને સામ્રાજ્ય પદપરથી દૂર પણ કરી શકાયો નહિ ! યુદ્ધનો આરભ થયા પછી પાચ છ વર્ષે રણનિપૂણ મહાબલાધ્યક્ષ હરિગુપ્ત મૃત્યુ પામ્યા અને અનતવર્માની તેના સ્થાને યોજના થઈ, કેટલાક દિવસે કર્ણસુવર્ણ નગરમા વૃદ્ધ મહાધર્માધ્યક્ષ નારાયણશર્મા પણ પરલોકવાસી થયા એક પછી એક જુના રાજ્યાધિકારીની જગ્યાઓએ નવીન નવીન માણસો આવવા લાગ્યા.

કોઇપણ ઉપાયે શશાકને પરાજિત કરવાનુ અશક્ય થવાથી હર્ષવર્ધને છેવટે એક નવી જ યુક્તિ શોધી કાઢી રાષ્ટ્રનીતિના કુટિલ માર્ગે જવાની હર્ષવર્ધનને ટેવ જ હતી શશાક સાથે યુદ્ધ શરૂ થતા પૂર્વે જ તેણે કામરૂપના રાજા સાથે સધી કરી, એજ એક વાત આ વિધાન સિદ્ધ કરવાને બસ છે 'હર્ષચરિત' ના કર્તા મહાકવિ બાણભટે પોતાના ગ્રથમા કામરૂપના રાજાના વકીલ હસવેગનુ હર્ષની છાવણીમા થયેલા આવાગમનનુ જે વર્ણન કર્યુ છે તે જોતા કામરૂપના રાજાએ પોતે થઇને હર્ષ પાસે સહાય માગી હતી એમ જણાય છે આ પૂર્વે શશાક સાથે ઠાણેશ્વરના રાજાનુ યુદ્ધ ચાલતુ હતુ, પરતુ હર્ષચરિતમા કામરૂપના રાજા સુપ્રતિષ્ઠિતવર્મા અથવા તેના નાના બધુ ભાસ્કરવર્માને શશાક સાથે તકરાર હોવાનો આભાસ પણ જણાઇ આવતો નથી ! તે વખતે હર્ષવર્ધનની સત્તા કામરૂપના રાજાની સીમા પર્યંત પહોચેલી ન હતી. આ કારણથી કામરૂપના રાજાએ પણ ઠાણેશ્વર પાસે તહની વિનતી કેવી રીતે કરી તે અદ્યાપિ પણ ઇતિહાસકારો બરાબર સમજી શકતા નથી ! તે માટે માત્ર એવુ અનુમાન

નીકળે છે કે,–કહી શકાય છે કે, રાષ્ટ્રનીતિ કુશળ એવા હર્ષવર્ધનના ચપળ દાવપેચનુ એ પરિણામ હોવુ જોઇએ

કોઇ પણ ઉપાયે યુદ્ધનો અત આવતો નથી જોઇ હર્ષવર્ધને છેવટે માધવગુપ્તને પાટલીપુત્ર મોકલ્યો અને તેજ મગધનો ખરો રાજા છે એમ ચોતરફ જાહેર કર્યું બુદ્ધઘોષ અને બન્ધુગુપ્તના મૃત્યુ પછી મહાબોધિવિહારના સ્વવીર જીનેન્દ્રબુદ્ધિ પાસેજ ઉત્તર પ્રદેશના બૌદ્ધસઘનુ નેતૃત્વ આવ્યુ હતુ તેની ઉશ્કેરણીથી ગૌઠ, મગધ બગ અને ગઢની બૌદ્ધધર્માવલબી પ્રજાએ બળવો કર્યો શશાક આ વખતે મહાન સકટમા સપડાયો મગધના રક્ષણ માટે વીરેદ્રસિહને રોહિતાશ્વ દુર્ગમા અને વસુમિત્રને ગૌડમા મોકલવાની જરૂર પડી આ તક મળતા જ કામરૂપના રાજાના બધુ કુમાર ભાસ્કરવર્માએ બગ દેશનો કેટલોક ભાગ જીતી લીધો આજ વખતે પ્રતિષ્ઠાનમા વિદ્યાધરનદ અને કર્ણસુવર્ણમા રામગુપ્ત શશાકના અત્યત વિશ્વાસુ સહચર મરણ પામવાથી શશાક પાસેથી સામ્રાજ્યના વિશ્વાસુ, હિતચિંતક અને એક હૃદયી મનુષ્યો જ નષ્ટ થયા ! નવીન અધિકારી સહેલાઇથી દુશ્મનને મળી જવા લાગ્યા, કારણ હર્ષવર્ધન મુક્ત હસ્તે તેમના પર સૂવર્ણનો વરસાદ વરસાવતો હતો ! શશાંકે નિરૂપાય બની માધવવર્માને કર્ણસૂર્વણ પાછા આવવાની આજ્ઞા કરી, અને તે પોતે પ્રતિષ્ઠાનમા જઇ રહ્યો સમ્રાટ ઘણા દિવસથી રાજધાનીમા નહિ હોવાથી મગધમા જ્યા ત્યા ભયકર અધેર વ્યાપી રહ્યુ બૌદ્ધસઘના આગેવાનોની સહાયથી માધવગુપ્તે રોહિતાશ્વ, મડલ, પાટલીપુત્ર અને ચપાઇત્યાદિ કેટલાકમુખ્ય કિલ્લા સિવાય મગધ અને તીરભુક્તિના સર્વ મુખ્ય ગામ અને શહેર કબજે કર્યા માધવવર્મા કર્ણસૂવર્ણમા આવ્યા પછી ભાસ્કરવર્માએ સર્વ બગદેશ પોતાના હાથમા લઇ લીધો આ ઘોર સકટ પ્રસગે નરસિહનુ પગલે પગલે સમ્રાટને સ્મરણ થવા લાગ્યુ ! યશોધવલદેવ, હૃષિકેશશર્મા, નારાયણશર્મા,

હરિગુપ્ત, વિનયસેન વગેરે અત્યત વિશ્વાસુ, સામ્રાજ્યના હિતેચ્છુઓ શશાકને વારવાર યાદ આવવા લાગ્યા

વર્ષોના વર્ષોથી યુદ્ધ સતત ચાલવાથી ખજાનો ખાલી થઇ ગયો માધવગુપ્તે જે પ્રદેશ જીતી લીધા હતા તે પ્રદેશોમાથી એક પાઈ પણ સ્વાભાવિક રીતે આવતી અટકી ગઈ આવી સ્થિતિમા સમ્રાટને રાજધાનીમા પાછા આવવાની જરૂર જ પડી સમ્રાટની આજ્ઞાથી રોહિતાશ્વદુર્ગના રક્ષણનો ભાર વિધુસેનના એ ભત્રિજાને સોંપી વીરેન્દ્રસિહ પ્રતિષ્ઠાન ચાલ્યો આવ્યો અનતવર્માને પ્રતિષ્ઠાનમા રાખી પોતે કર્ણસુવર્ણ આવવુ, એવી સમ્રાટની ઇચ્છા હતી પરતુ નવીન મહાબલાધ્યક્ષ સમ્રાટને છોડી કોઇ પણ સ્થળે રહેવા તૈયાર થયો નહિ।

શશાક કર્ણસૂવર્ણમા આવ્યો, અને માધવવર્મા ભાસ્કરવર્મા સામે યુદ્ધ માટે ગયો એક વર્ષના અવકાશમા બગદેશ પુન સમ્રાટની સત્તામા આવ્યો ભાસ્કરવર્મા શકરના બીજા તટે પાછો ચાલ્યો ગયો અનતવર્મા અને વસુમિત્રે મગધ અને તીરભુક્તિના બળવો શાત કરી નાખ્યો માધવગુપ્ત કાન્યકુબ્જ નાસી ગયો સામ્રાજ્યનો કારોબાર પુન વ્યવસ્થિત થયો રાજનુ ઉત્પન્ન પણ આવવા લાગ્યુ આ બાજુ ઠાણેશ્વરમા પણ યુદ્ધ માટે નવીન સૈન્યની ભરતી થવા લાગી સમ્રાટ તેના પર થોડા જ વખતમા ચઢી આવશે, એવી બાતમી તેને બૌદ્ધાચાર્યદ્વારા મળી હતી

આજ વખતે જીનેન્દ્રબુદ્ધિના કૌશલ્યથી વારાણુશી, ચરણાદ્રિ અને પ્રતિષ્ઠાનના પ્રદેશની પ્રજાએ એકદમ બળવો કર્યો। ઠાણેશ્વરના સૈન્યે વિરેન્દ્રસિહને પ્રતિષ્ઠાનના કિલ્લામા ઘેરી રાખી શ્રાવસ્તી, વારાણુસી, ચરણાદ્રિ અને પ્રતિષ્ઠાન પ્રદેશ હસ્તગત કર્યા, ત્યારે નિરૂપાયે શશાક અને અનતવર્માએ રાજધાની છોડી ભાસ્કરવર્માનો

પરાજય કરી માધવવર્મા કોશલદેશ જીતવા ગયો હતો. તેણે કલિંગ, કોશલ, ઓડ્ર અને કોંગદમંડલ એટલા પ્રદેશ જીતી લઈ પાછા આવી જોયું તો સમ્રાટ અને મહાબલાધ્યક્ષ પ્રતિષ્ઠાન ગયેલા જણાયા સંધી સાધી ભાસ્કરવર્માએ પુન બંગદેશમા સ્વસત્તા સ્થાપન કરી હતી અને વસુમિત્ર રાજધાની છોડી તેનાપર આક્રમણ કરવા ગયા હતા વૃદ્ધ થયેલ મહાદંડનાયક રવિગુપ્તની યોજના શહેરના રક્ષણ માટે થઈ હતી

માધવવર્મા યુદ્ધમા જય મેળવી ત્વરાથી રાજધાની તરફ આવતો હતો, તેનુ સૈન્ય પણ ધીમે ધીમે પાછુ આવતુ હતુ તે જે દિવસે કર્ણસુવર્ણમા આવ્યો, તે દિવસે ફક્ત પાચ હજાર સૈનિકો કિલ્લાનુ રક્ષણ કરતા હતા

માધવને જોતા જ વૃદ્ધ મહાદંડનાયકને અતિશય આનંદ થયો, અને તેના હાથમા રાજધાની સોંપી તે નિશ્ચિત બન્યા. રાજધાનીમા આટલુ થોડુ સૈન્ય જોઈ માધવવર્માને અત્યંત આશ્ચર્ય થયુ તેણે તરત જ પોતાના સૈન્યને કર્ણસુવર્ણ આવવા એક દૂત દ્વારા જણાવ્યુ.

સમ્રાટે રાજધાની છોડી કે તરત જ મગધ અને તીરભુક્તિમા બંડ થયા હતા! વારાણસી અને શ્રાવસ્તી હસ્તગત કર્યા પછી તીરભુક્તિ હાથમાથી ગયુ અને મગધના બૌદ્ધ ધર્મીય લોકોએ રોહિતાશ્વ અને મંડલ પર ઘેરો નાખ્યો છે એવા સમાચાર શશાંકને મળ્યા મહાકષ્ટથી ચરણાદ્રિ અને પ્રતિષ્ઠાન પરગણાના તોફાન તોડી પાડી તેણે વીરેન્દ્રસિંહને રોહિતાશ્વ તરફ મોકલી દીધો મગધ ગૌડ અને બંગદેશમા સ્થાણ્વીશ્વરપર આક્રમણ કરવા જે સૈન્ય એકત્ર થયુ હતુ, તેને મગધ અને તીરભુક્તિમા બળવો તોડવા મોકલવાની જરૂર પડવાથી હર્ષવર્ધન તદ્દન નિશ્ચિંત બન્યો

આ પ્રમાણે પ્રચડ સંકટોએ ચોતરફથી શશાકને ઘેરી લીધો હતો, તેવા સમયમા એક દિવસે તેને વજ્રાચાર્ય શત્રુસેન અને તેના ભવિષ્યનુ સ્મરણ થયુ શશાક બાલ્યાવસ્થામા હતો તે વખતે ગગાતીરે વૃદ્ધ વજ્રાચાર્યે જે વાતો કહી હતી તેમાની ઘણીનો પ્રત્યક્ષ અનુભવ થયો હતો એટલે બાકીની સત્ય જ થશે, એમ શશાકને લાગ્યુ આ વિચાર મનમા આવતા જ વજ્રાચાર્યના દર્શનની પ્રબળ ઇચ્છા જન્મ પામી બધુગુપ્તના મૃત્યુ પછી વજ્રાચાર્ય શત્રુસેન શશાકને બીલકુલ મળ્યો નહતો. શશાકે તેને કપોતિક મહાવિહારનો અધિકાર લેવા કહ્યુ હતુ, પરતુ શત્રુસેને જ તે સ્વીકાર્યો ન હતો

આ પ્રમાણે શશાક શત્રુસેનના દર્શન માટે આતુર બની ગયો હતો તેવામા જ એક દિવસે પ્રાતકાળે શત્રુસેન એક વૃક્ષ શાખા પર બેસી પ્રતિષ્ઠાનના કિલ્લામા આવી પહોચ્યો ! શશાક તે વખતે કાન્યકુબ્જ જવાની તૈયારી કરતો હતો દુર્ગના તોરણમા વૃદ્ધ વજ્રાચાર્યને જોઇ શશાકને આશ્ચર્ય થયુ

સમ્રાટે પુછ્યુ “ આપ ક્યારે આવ્યા ? મે આજે કેટલાએ દિવસોથી આપને શોધવા ચોતરફ દૂત મોકલ્યા છે ! ”

વજ્રાચાર્યે હસીને કહ્યુ “ મહારાજ ! આપે મારૂ સ્મરણ કર્યું તેથી તો હુ આવ્યો છુ ”

“ આપે કેવી રીતે જાણ્યુ ? ”

“ ગણિતની સહાયથી, મહારાજ ! આપ આ યુદ્ધ યાત્રા હમણા બધ રાખો તો ઠીક આપ કાન્યકુબ્જ જઇ શકશો નહિ, કારણ આપને હવે અલ્પકાળમા પૂર્વ તરફ જવુ પડશે ”

“ આપ શુ કહો છો તે મને બીલકુલ સમજાતુ નથી ! ”

“ મહારાજ ! હુ જે બોલુ છુ તે હમેશ મને પણ સમજાય છે એમ કઇ નથી હોતુ ! પછી આપને ન સમજાય તો તેમા વિશેષ નવલ નથી ! ”

શશાંકે ખેદ પામી કહ્યુ " હમણા હુ ઘોર સકટમા પડયો છુ તેથી જ આજે કેટલાક દિવસથી અહર્નિશ તમારૂ સ્મરણ કરૂ છુ "

" મહારાજ ! બહારના શત્રુ આપને કદી પણ પરાજય આપી શકશે નહિ ! સામસામેના યુદ્ધમા આપનો પરાભવ કરવ હર્ષવર્ધન કદીપણ સમર્થ થશે નહિ "

" પરતુ હુ પણ હર્ષવર્ધનને હરાવી શક્તો નથી ! "

વજ્રાચાર્ય હાથમાની વૃક્ષશાખા નીચે નાખી પ્રતિષ્ઠાનદુર્ગના ફરસબદી પટાગણપર બેઠો તે પોતાના વસ્ત્રમાથી એક ચાકનો કટકો કાઢી પત્થર પર આકડા લખવા લાગ્યો

કેટલીકવારે વજ્રાચાર્યે કહ્યુ " મહારાજ આપના હસ્તે હર્ષવર્ધનનો પણ પરાજય નહિ થાય ભારતવર્ષમા હર્ષને પગ નીચે કચડી નાખે એવી એકજ વ્યક્તિ છે તે વ્યક્તિ દક્ષિણ દેશનો અધીશ્વર ચાલુક્યરાજ પુલકેશી જ છે !

વજ્રાચાર્યના મુખના આ શબ્દ સાભળી, મૃત્યુ શય્યા પર મહાનાયક યશોધવલદેવે સકટ સમયે ચાલુક્યરાજ મગલેશ પાસે સહાય માગજે, એમ કહ્યુ હતુ, તેનુ શશાકને સ્મરણ થયુ. આ વખતે મગલેશ મરણ પામેલો હોઇ, બીજો પુલકેશી દક્ષિણ દેશનો અધીશ્વર થયો હતો શશાકે તતક્ષણે ચાલુક્યરાજ તરફ વકીલ મોકલવાનો નિશ્ચય કર્યો

એટલામા વજ્રાચાર્યે શશાકને એકદમ કહ્યુ " મહારાજ હું પોતે વાતાપીપુર જવા તૈયાર છુ "

સમ્રાટે આશ્ચર્યચકિત થઇ પુછ્યુ " દેવ, આપ અતર્યામી છો કે શુ ? "

વજ્રાચાર્યે હસીને કહ્યું ' મહારાજ, આ જગતમા કોઈ પણ અતર્યામી નથી ! ભાષા જે પ્રમાણે માણસના મનના ભાવ પ્રકટ કરે છે તે પ્રમાણે વદનચર્યા પણ હૃદયના ભાવ સ્પષ્ટ કરે છે ! "

" ત્યારે આપ પોતે દક્ષિણ દેશ તરફ જવા તત્પર છો ? "

" હા-છુ. "

" ક્યારે જશો ? "

' આજે જ ! "

તેજ દિવસે સાયકાળે વજ્રાચાર્ય શત્રુસેન સમ્રાટ શશાક નરેદ્રગુપ્તનો વકીલ બની દક્ષિણ તરફ જવા નીકળ્યો !

પ્રકરણ ૧૬ મું.

કર્ણસુવર્ણનુ પતન.

એક દિવસે મધ્યાકાળે માધવવર્મા અને રવિગુપ્ત ભોજન કરી લઇ કર્ણસુવર્ણના નવીન મહેલની અગાશી પર વિશ્રાતિ લેતા હતા એટલામા એક દ્વારપાલે આવી કોશલથી હમણા કેટલાક સૈનિક આવ્યા છે અને તેઓ મહાનાયક માધવવર્માને મળવા ઇચ્છે છે, એમ કહ્યું

માધવવર્માએ સહજ કટાળી કહ્યું " તેઓ શુ સવાર સુધી ધીરજ રાખી શકે તેમ નથી ? "

'અમે ઘણી રીતે સમજાવ્યા, પણ તેઓ કેમે કરતા સમજતા નથી ! તેઓ કહે છે કે આપની પાસે ઘણુ મહત્વનુ કામ છે ! "

" તેમને અહીજ લઇ આવ ! " એમ કહી માધવવર્મા પુન શય્યાપર પડ્યો દ્વારપાલ તરત જ ગયો અને પળવારમા એક પ્રૌઢ વયના સૈનિકને લઇ અદર આવ્યો

સૈનિકે માધવવર્માને અભિવદન કરી કહ્યુ " પ્રભુ, અતિશય મહત્વની વાત છે "

તે સૈનિક નજરે પડતા જ માધવવર્મા એકદમ ઉભો થઇ બોલ્યો- ' નવીન, શી વાત છે ? '

તે સૈનિક બીજો કોઇ નહોઈ બગદેશના માછીનો નાયક, વાચકનો પરિચિત નવીનદાસ જ હતો !

નવીને કહ્યુ " પ્રભુ, અમારૂ સર્વ સૈન્ય હજુ પણ તામ્રલિપ્તિ આવી પહોચ્યુ નથી હુ મારૂ દરિઆઇ સૈન્ય લઈ હમણા જ ચાલ્યો આવ્યો છુ રસ્તામા, ભાગીરથી તટપર મને જણાયુ છે કે, કોઇએ મોટી છાવણી નાખેલી છે પશ્ચિમતટના ગામ ઉજ્જડ થયેલા હોઇ નદી કીનારે એક પણ નૌકા નથી આપને એમાની કઇ જ ખબર નથી ? "

" છટ—બીલકુલ નહિ ! " માધવવર્મા આશ્ચર્યથી બોલ્યો " પ્રભુ, ત્યારે તો રાજધાનીપર હલ્લો કરવા શત્રુ સૈન્ય આવ્યુ હોવુ જોઇએ એમ લાગે છે "

" નવીન, તુ હમણા જ જા અને નગરના દરવાજા બદોબસ્ત પૂર્વક બધ કરી સૈનિકોને યુદ્ધ માટે તૈયાર થવા સૂચના કર "

નવીનદાસ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો જોતજોતામા નગરમા વારવાર શખધ્વની થવા લાગ્યા. નગરના કોટપર સેકડો મશાલો બળવા લાગી !

આ તરફ માધવે સર્વ સમાચાર રવિગુપ્તને કહ્યા તેમણે હસીને કહ્યુ " મારાથી તમારૂ કઇ કાર્ય થઇ શકે તેમ છે કે ? "

માધવે સહજ વિચાર કરી કહ્યુ " હા છે ! "

" શુ ? "

“ આપે પાચ હજાર નગર રક્ષકોને લઇ નગરનુ રક્ષણ કરવુ મારૂ જે સૈન્ય રાજધાની તરફ આવ્યુ છે તે લઈ નદીકીનારે શત્રુને અટકાવી રાખવાનો હુ પ્રયત્ન કરૂ છુ ત્યા સુધીમા આપ તોરણનો બરોબર બદોબસ્ત કરી લેશો ”

“ ઠીક છે, તમે પાછા ક્યારે આવશો ? ”

“ હુ ગમે તે સ્થિતિમા હોઇશ તો પણ સવાર સુધીમા તો નગરમા અવશ્ય આવીશ જ. ”

રવિગુપ્ત અને માધવવર્મા તરત જ રાજભુવનમાથી બહાર આવ્યા

ભાસ્કરવર્માએ પુન બગદેશમા તોફાન શરૂ કર્યુ છે, એમ સાભળી વસુમિત્ર ઘણુ ખરૂ સૈન્ય લઇ તેના પર આક્રમણ કરવા નીકળી ગયો હતો વસુમિત્રને સ્વપ્ને પણ કલ્પના નહતી કે, પોતાને પાછળ કાઢી ભાસ્કરવર્મા કર્ણસુવર્ણ પર ચઢાઇ કરવાનુ સાહસ કરશે ! નગરના રક્ષણ માટે પાચ હજાર પદાતિ રાખી તે અત્યત ત્વરાથી બગદેશ તરફ જવા નીકળ્યો હતો તે વખતે બગદેશના બળવાખોરોની મદદથી સપાટાબધ બગ અને વાલવલભી ઓળગી જઈ કુમાર ભાસ્કરવર્મા ભાગીરથી કીનારે આવી પણ પહોચ્યો ! વસુમિત્રે મેઘનદના તટે આવી જોયુ તો બગદેશમા શત્રુનો પત્તો ન હોઈ કામરૂપના રાજાનુ સર્વ સૈન્ય પોતાની પાછળ રસ્તો અટકાવી ઉભુ છે, એમ જણાયુ તત્કાળ વસુમિત્ર યુદ્ધમાટે તૈયાર થયો યુદ્ધના આગલા દિવસે તેને એવી ખબર મળી કે સ્વત ભાસ્કરવર્માએ પદર હજાર ઘોડેસ્વાર સૈન્યસહ કર્ણસુવર્ણપર હલ્લો કર્યો છે

જે દિવસે કુમાર ભાસ્કરવર્માએ હલ્લો કર્યો તે દિવસે વસુમિત્રના સૈન્યમાથી પાચ હજાર પદાતિ અને માધવવર્માની સેનામાથી એક હજાર અશ્વારોહી અને બસો દરીઆઇ સૈનિકો જ

નદી કીનારે યુદ્ધાર્થે તૈયાર હતા અશ્વારોહી સૈન્ય લઈ માધવવર્મા નદી કાઠે અધકારમા શત્રુ સૈન્યને આગળ વધતુ અટકાવવા માટે તૈયાર થયો હતો નવીનદાસ પોતાના બસો મચ્છીમાર લઇ રવિગુપ્ત સાથે નગર રક્ષણનુ કામ કરવામા મગ્ન થઇ ગયો હતો. પણ અતે મધ્યરાત્રી સુધી શત્રુ સૈન્યનુ કોઇપણ ઠેકાણે દર્શન નહિ થવાથી માધવવર્મા પાછો નગરમાં આવ્યો દૈવયોગ વિચિત્ર હતો

માધવવર્માએ રાજધાનીમા પગ મુકયો તેજ વખતે ચોતરફથી નગરપર અચાનક હલ્લો થયો ભાસ્કરવર્માએ ઘણે દૂર પોતાના સૈન્ય સહ નદી ઉતરી અને અકલ્પિત રીતે કર્ણસૂવર્ણપર હલ્લો કર્યો હતો !

આખી રાત યુદ્ધ ચાલ્યુ પણ નગર સર થયુ નહિ ! સવારે ઉભય પક્ષના સૈન્ય થાકી જવાથી યુદ્ધ બધ રાખી વિશ્રાતિ લેવા લાગ્યા આ અવકાશ મળતા જ માધવવર્મા રવિગુપ્ત સાથે આગળનો વિચાર કરવા લાગ્યો પ્રથમત વસુમિત્રને આ વાતની ખબર આપવાની આવશ્યકતા છે એમ નક્કી થયુ તે પ્રમાણે જ મડલ અથવા રોહિતાશ્વ કિલ્લા તરફ મદદ માટે દૂત મોકલવાની તેટલી જ આવશ્યકતા જણાઇ કારણ, સમ્રાટ તે વખતે પ્રતિષ્ઠાનના કિલ્લામા હતા—એટલે તે તરફ દૂત મોકલવામા કઇ અર્થ નહતો. માધવવર્માની આજ્ઞાથી નવીનદાસ પોતે વસુમિત્ર તરફ જવા નીકળ્યો બીજા એક સેનાપતિએ પોતે થઇ મડલ દૂર્ગ તરફ જવાનુ કાર્ય માગી લીધુ

બીજા દિવસે એક પ્રહર પૂર્ણ થયા પછી કામરૂપના સૈન્યે પુનઃ નગરપર હૂમલો કર્યો. એક પ્રહર કરતા પણ થોડો વધુ વખત લડાઇ ચાલી હતી પરતુ માધવવર્મા અને રવિગુપ્તે પ્રત્યેક વખત શત્રુસૈન્યને હરાવી પાછુ વાળ્યુ હતુ !

હવે ભાસ્કરવર્માના સૈન્યે નગરની ચોતરફ છાવણી નાખી કર્ણસૂવર્ણને યથાશાસ્ત્ર ઘેર્યું ! ભાસ્કરવર્માનુ સૈન્ય પ્રત્યેક દિવસે બે ત્રણ

વખત હલ્લા કરતુ હતુ, પરતુ માધવવર્મા અને રવિગુપ્ત તેમને દરેક વખત હાકી કાઢતા હતા !

આ સ્થિતિમા લગભગ એક મહિનો વહી ગયો પરતુ વસુમિત્રની છાવણીમાથી કે મ ડલદુર્ગમાથી દૂત કઈ આવ્યો નહિ ! બહારની મદદની આશા ઉપર સર્વ સૈન્ય ઉત્સાહમા હતુ ! જોકે કામરૂપનુ સૈન્ય વારવાર હાર પામતુ હતુ, તોપણ તેના બળનો નાશ થયો ન હતો કે તેનુ ધૈર્ય પણ ખૂટયુ નહતુ ! આ સ્થિતિ જોઈ માધવવર્મા અને રવિગુપ્ત મહાન ચિંતામા પડયા શત્રુસૈન્ય સાથે સતત લડાઇ ચાલુ રહેવાથી નગરના સૈન્યની શક્તિ પ્રત્યેક ક્ષણે ઘટતી જતી હતી અને આ તરફ શત્રુની છાવણીમા દરરોજ નવીન સૈન્યની ભરતી થતી જતી હતી ! તે પ્રમાણે જ કર્ણસૂવર્ણનો કોટ જો કે નવીન બધાયલો હતો, તો પણ તે પાટલીપુત્ર કે મ ડલ જેવો મજબુત સુરક્ષિત નહતો. શત્રુના વારવાર હલ્લા થતા હોવાથી ઠેકાણે ઠેકાણે કોટમા ભાગ તૂટ થઈ હતી ચોતરફ ઘેરો પડેલો હોવાથી કોટની દુરસ્તી કરવામા માધવવર્માને અતિશય કષ્ટ પડતુ હતુ

કહ્લ'ગ સૈન્યનો દુષ્કાળ પડતો ચાલ્યો હવે નગર રક્ષણનુ કાર્ય શક્ય નથી એમ માધવવર્માને સ્પષ્ટ જણાયુ છેવટે તેણે પોતાની પત્ની ગ ગાદેવી તરફ મહાન યુક્તિથી એક દૂતદ્વારા એક પત્ર મોકલ્યો

પત્ર આ પ્રમાણે હતો —

" હુ તો જાઉ છુ ! કર્ણસૂવર્ણ નગરમા ભાસ્કરવર્માએ અમને પુરી દીધા છે ! અમારા સૈન્યનુ બળ પ્રત્યેક ક્ષણે ઘટતુ જાય છે; હવે બહુ દિવસ અમારાથી ટકી શકાશે એમ લાગતુ નથી સમ્રાટ પ્રતિષ્ઠાનમા છે અને વસુમિત્રનો પત્તો નથી મ ડલ અને રોહિતાશ્વ દુર્ગ તરફ મદદ માટે દૂત મોકલ્યા હતા પણ, તે આ ક્ષણ સુધી પાછા

આવ્યા નથી, એટલે મૃત્યુ સિવાય અમારા માટે બીજો માર્ગ નથી ગગા, તુ ગર્ભવતી છે, તને જો પુત્ર થાય તો તે મોટો થાય ત્યારે તેને કહેજે કે, જીવનપર્યંત તુ થાણેશ્વર અને કામરૂપની સામે યુદ્ધ જ કરજે, કદીપણ હર્ષવર્ધનની સત્તા કબૂલ કરીશ નહિ અનત સમ્રાટ સાથે પ્રતિષ્ઠાનમા છે તે જો કદાચ મળે તો તેને કહેજે કે, માધવ નરસિંહની માફક જ મરણ પામ્યો છે ! ઠીક ત્યારે, હવે હુ તારી રજા લઉ છુ !”

* * * *

આ પછી એક મહીને વસુમિત્રે મેઘનાદના તીરપર પોતાનીછાવણી પડી હતી તે વખતે છાવણીમા “ભાસ્કરવર્માએ કર્ણસૂવર્ણ લીધુ, પરતુ નગરરક્ષક સૈનિકમાથી એક પણ સૈનિક શરણે ગયો નથી !” એવી બાતમી સાભળી દૂર આવેલા રોહિતાશ્વમા અને તેથી પણ દૂર રહેલા પ્રતિષ્ઠાનમા કર્ણસૂવર્ણના પતન સમાચાર પહોચ્યા નરસિંહદત્ત પ્રમાણે જ માધવવર્માએ પણ પોતાના કાર્ય માટે પ્રાણ આપ્યા છે, એવી શશાંકની ખાત્રી થઈ !

પ્રતિષ્ઠાન છોડીને સમ્રાટ મગધ તરફ પાછો ફર્યો અને વસુમિત્ર પણ ધીમેધીમે ગૌડમા આવી પહોચ્યો

પ્રકરણ ૧૭ મુ.

અનત પડયો.

શશાક મગધમા પાછો આવ્યો શોણ તટે વીરેદ્ર અને મડલમા વસુમિત્ર તેને આવી મળ્યા ભાસ્કરવર્મા, માધવગુપ્ત અને હર્ષવર્ધન એકત્ર થઇ તેમને અટકાવવા પ્રયત્ન કરવા લાગ્યા પરતુ મડલદુર્ગની સામે તેમનુ સૈન્ય વારવાર પરાજય પામવા લાગ્યુ. માધવગુપ્ત તીરભુક્તિ નગર નાશી ગયો અને ભાસ્કરવર્મા કર્ણસુવર્ણનો આશ્રય લઈ બેઠો ત્યારે શશાકે કર્ણસુવર્ણ પર ઘેરો નાખવા વિચાર કર્યો.

માધવવર્મા અને રવિગુપ્ત જે વખતે કર્ણસુવર્ણ નગરમા ઘેરાઇ ગયા હતા તે વખતે એક તરૂણ સેનાપતિ પોતે થઇને દૂત બની મડલ અગર રોહિતાશ્વદુર્ગ તરફ સહાય માગવા નગરમાથી નીકળ્યો હતો, તે ગત પ્રકરણમા પ્રિય વાચકો જાણી શક્યા છે જ આ તરૂણ સેનાપતિ હમણા શશાકનો અત્યત પ્રિય મિત્ર બની બેઠો હતો કર્ણસુવર્ણપરના આક્રમણમા આ તરૂણ સેનાપતિને સમ્રાટે પોતાના અગરક્ષકોના નેતાની જગ્યાએ નીમ્યો હતો

આ તરૂણ સેનાપતિનુ નામ રમાપતિ હતુ યુદ્ધ સમયે રમાપતિ એક ક્ષણ પણ સમ્રાટને છોડી કઇએ જતો નહતો અને મહાબલાધ્યક્ષ અનતવર્માની માફક પોતાના પ્રાણ સકટમા નાખી સમ્રાટનુ ગમે તેવુ વિકટ કાર્ય પાર પાડવાનો પ્રયત્ન કરતો રમાપતિની ગણના અત્યત સુદર પુરૂષમા થઇ શકે તેવી હતી, તેનો રગ અતિશય ગૌર હોઈ તેની કાતિ લિંબૂ જેવી હતી તેનો બાધો સુડોલ અને પ્રમાણબદ્ધ હતો કઠોરતાનુ લેશમાત્ર ચિહ્ન તેની સુદર શરીર

ઘાટીમાં કઇએ જણાતુ ન હતુ રમાપતિના લાબા, મદુ, સુવાળા કાળા ભ્રમર જેવા વિપૂલ કેશ હમેશ પીઠપર છૂટા વહેતા હતા એ સુદર કેશપર ભિન્ન ભિન્ન રગથી રગાયલો પટકો બાધતો ત્યારે તેના તરફ જોતા સમ્રાટના શરીર રક્ષકના અધિનાયકને બદલે તે પાટલીપુત્રના વારગના મહાલયમા જતો આવતો કોઈ મોજીલો હોય એમ જ લાગતુ હતુ !

મડલદુર્ગમાથી કર્ણસૂવર્ણ તરફ આવતા શશાક ગગાના કિનારા પરથી જતો રસ્તો છોડી દઇ જગલનો ડુગરી રસ્તો પકડયો હતો. ત્યારે વસુમિત્ર અને વીરેન્દ્ર ગગાતટના રસ્તે કર્ણસૂવર્ણ તરફ જતા હતા શશાકનો આશય એ હતો કે, પોતે અને અનતવર્માએ દક્ષિણ તરફથી કર્ણસૂવર્ણ પર હલ્લો કરવો અને તેજ વખતે વીરેન્દ્ર અને વસુમિત્રે ઉત્તર તરફથી નગરપર ધસી આવવુ મડલમાથી નીકળ્યા પછી એક મહિને સમ્રાટ જગલનો વિકટ રસ્તો છોડી તામ્રલિપ્તિબદર પાસે આવી પહોચ્યો.

સર્વ ઘોડદળ સૈન્ય મોખરે ચાલતુ હોઇ મધ્યમા સ્વત સમ્રાટ અને તેનુ શરીરરક્ષક સૈન્ય હતું તેની પાછળ પદાતી સૈન્ય હતુ શીયાળાના અતે–વસતના પ્રારભમા એક દિવસે સધ્યાસમયે તામ્રલિપ્તિનગર પાસે સમ્રાટની છાવણી પડી ઘોડદળ સૈન્યે તે વખતે દસ ગાઉ આગળ મુકામ નાખ્યો હતો અને પદાતીઓએ પાછળ પાચ ૭ ગાઉ પર પડાવ રાખ્યો હતો

મધ્યરાત્રી સુધી રમાપતિ અને અનતવર્મા સાથે ભિન્ન ભિન્ન વિષયપર વાતો કરી સમ્રાટ પોતાના તબુમા નિદ્રસ્ત થયો હતો સવારે ઉઠીને ઉત્તર તરફ જવાનુ હતુ શરીરરક્ષક પણ નિદ્રા સુખ અનુભવતા હોઇ ઠેકાણે ઠેકાણે એકાદ બે પહેરાવાળા માત્ર જાગતા હતા એકાએક ત્રણપ્રહર રાત્રે પુષ્કળ ઘોડાના ડાબલાનો

શબ્દ સભળાવાથી પહેરગવાળાઓને આશ્ચર્ય થવા લાગ્યુ તેઓ શખ ફુકે તે પહેલા જ સમ્રાટની છાવણી પર ચોતરફથી એકદમ હુમલો થયો !

કેટલાક વખતથી સમ્રાટના શરીરરક્ષણ માટે એક હજાર પહેરેવાર રાખવામા આવતા હતા એ સર્વ શસ્ત્રાસ્ત્ર વિદ્યામા સુશિક્ષિત, બળવાન અને યુદ્ધ કાર્યના અનુભવી વીરપુરુષ હતા યુદ્ધમા કંઈપણ અપૂર્વ પરાક્રમ કે સાહસ દર્શાવી આપ્યા સિવાય કોઈને સમ્રાટના શરીર રક્ષક સૈન્યમા દાખલ થવાનું માન મળતુ નહતુ આ વખતે તદ્દન અકલ્પિત રીતે એકદમ હલ્લો થવા છતા સમ્રાટના શરીરરક્ષક ડર્યા નહિ, હવે શુ કરવુ એવા વિચારમા અકળાયા પણ નહિ ! તેઓ પોતાના બીછાના પાસે જ શસ્ત્રાસ્ત્રો રાખી સૂતા હતા શખ ધ્વની થતા જ સમ્રાટના સરક્ષણાર્થે સર્વ તત્પર થઇ ગયા

સમ્રાટના તબુમા તેમની શય્યાપાસે રમાપતિ અને અનતવર્મા વિશ્રાતિ લેતા પડ્યા હતા અગપર બખતર ચઢાવી તેમણે બહાર આવી જોયુ તો લડાઈ હાથોહાથપર આવી ગયેલી જણાઈ શત્રુના અસખ્ય, અગણિત સૈનિકો અધકારમા છાવણીપર તૂટી પડેલ હોઈ શરીરરક્ષકો અપૂર્વ પ્રયત્ન કરતા હોવા છતા શત્રુ સૈન્ય પાછુ હઠાવી શકાતુ ન હતુ !

સમ્રાટ દૃષ્ટિએ પડતા જ શરીરરક્ષકોએ એક જયઘોષ કર્યો અને ક્ષણવાર શત્રુનુ સૈન્ય પાછુ હઠ્યુ, પરતુ બીજી જ ક્ષણે શત્રુ પક્ષના હજારો સૈનિકો સર્વ હરકતો દૂર કરી છાવણીમા પેસી ગયા ! સમ્રાટના અગરક્ષકો પાછા હઠવા લાગ્યા

પોતાના તબૂ આગળ શશાક, અનતવર્મા અને રમાપતિ અતુલ શૌર્યથી ઘૂમતા હતા. તે વખતે ચોતરફથી શત્રુ શિબિરમા

પેસી ગયો હતો શરીર રક્ષકો પાછા હટતા હટતા સમ્રાટના તખ્ત સુધી આવી પહોચ્યા એટલામા રાત્રિના તે ભયકર અધકારનો ભેદ કરી શત્રુના સો સવાસો સૈનિકોએ એકદમ સમ્રાટપર હુમલો કર્યો ' એક બખતરયુક્ત ઉંચા શરીરનો સૈનિક તેમનો નેતા હતો તે ઉચા સૈનિકે સમ્રાટ સામે નિશાન તાકી પોતાનો ભાલો જોરથી ફેક્યો પળવારમા વિદ્યુતની માફક રમાપતિ જો સમ્રાટની આગળ ન આવ્યો હોત તો તે ભાલો છાતી ભેદી પાર પણ નીકળી ગયો હોત ' રમાપતિનો ખભો ચીરી ભાલો બહાર નીકળી ગયો. રમાપતિ મૂર્છિત થઇ સમ્રાટના ચરણમા પડ્યો એટલામા, કેવળ અર્ધી પળના અવકાશમા અનતવર્માએ તે ઉચા સૈનિકપર પોતાની તલવાર ચલાવી તલવારના આઘાતથી તેના મસ્તકપરનુ શિરસ્ત્રાણ નીચે ઉડી પડ્યુ અને તેનો ચહેરો સ્પષ્ટ જણાયો તરત જ અનતવર્માએ ઉત્સાહ અને આનદની એક બૂમ પાડી !

શશાકે પુછ્યુ "એનુ શુ છે ?"

અનતવર્માએ તે ઉચા સૈનિકના મસ્તકપર નેમ રાખી તલવાર ઉંચકી કહ્યુ "ચદ્રેશ્વર, મહારાજ !"

'ચદ્રેશ્વર કોણ, અનત ?'

એટલામા ચદ્રેશ્વરની પાછળથી એક પાતળા શરીરના પણ બખતરથી વષ્ટિત એવા સૈનિકે શશાક પર દૃષ્ટિ સ્થિર કરી જોરથી શર ફેક્યો સમ્રાટ કે અનતવર્મા એ બેમાથી કોઇએ તેને જોયો ન હતો બખતર છેદી તે શર સમ્રાટની છાતીમા પેસી ગયો !

તે પ્રચડ આઘાતથી શશાક લગભગ મૂર્છિત સ્થિતિમા આવી પડ્યો, પરતુ તેટલામા સર્વ શક્તિ એકત્ર કરી તેણે સમતોલ સભાળી છાતીમાથી શર ખેચી કાઢી દૂર ફેકી દીધો

આજ વખતે ચદ્રેશ્વરનુ મસ્તક લઈ આવી અનત બોલ્યો "ચદ્રેશ્વરે જ મારા પિતાને મારી નાખ્યા હતા, મહારાજ!"

પરતુ અનતનુ આ વાક્ય શશાકના કાને પડ્યુ નહિ કારણ અત્યત શૂરાવેશમા તે પેલા સૈનિકને ઠાર કરવા દોડી ગયો હતો સમ્રાટે તલવારથી બળપૂર્વક તેના ખભા પર આઘાત કર્યો, પણ તેટલામા તે રણાગણ છોડી નાસી ગયો!

ચોતરફથી અસખ્ય સૈનિકોએ સમ્રાટના શિબિરમા પ્રવેશ કરી દીધો હતો ગણ્યા ગાઠ્યા શરીરરક્ષકો અદ્‌ભુત પરાક્રમ બતાવી એક પછી એક સમરક્ષેત્રમા વિશ્રાતિ લેવા લાગ્યા હવે મૃત્યુ ટાળવુ શક્ય નથી, એમ જણાતા અનતવર્મા અને શશાકે આત્મરક્ષણ તરફ લક્ષ આપવાનુ જ છોડી દીધુ!

એટલામા પેલો પાતળો સૈનિક પાછળથી બોલી ઉઠ્યો "રત્નેશ્વર, જો શશાક તારી સામે જ છે! થા આગળ!"

બીજો એક ઉચો સૈનિક સમ્રાટ તરફ દોડી આવી બોલ્યો ‘માધવ, ભય પામવાનુ કઈ કારણ નથી! તુ પણ આવ!"

એટલામા પાછળથી એક સૈનિકે બરાબર લક્ષ આપી શશાકપર તલવાર ખેચી તે જોઈ અનતવર્માએ પળવારમા દોડી આવી તે આઘાત પોતાના જમણા હસ્તપર ઝીલ્યો! તેજ ક્ષણે તેનો હસ્ત તૂટી પડ્યો! હસ્તમા તલવાર લઈ રત્નેશ્વર શશાક સામે આવ્યો ઉભયમા તલવારનુ યુદ્ધ શરૂ થયુ તેટલામા બીજા એક સૈનિકે શશાકના મસ્તિષ્કપર તલવાર ઉંચકી તરત જ અનતવર્મા સમ્રાટની પાછળ આવી ઉભો! ડાબા હસ્તમા તલવાર લઈ તે યુદ્ધ કૌશલ્ય બતાવતો હતો. તોપણ ડાબા હસ્તથી તે જોઈએ તેવી રીતે ઘા ચૂકવી શક્યો નહિ! છેવટે તેના ખભા પર સખત રીતે તલવાર પડવાથી મૌખરીવીર

પુગવ મહાનાયક અનતવર્માનો પ્રાણશૂન્ય દેહ સમ્રાટના ચરણકમળમા પડ્યો !

શશાક જે વખતે રત્નેશ્વર સામે પોતાની તલવાર ફેરવતો હતો તે વખતે અનતવર્મા અને બીજો એક શરીર રક્ષક એમ બે જણ પીઠસાચવવામા હતો અનતવર્મા પડતા જ તે રક્ષક પણ પડ્યો આ ઉત્તમ સધી જોઈ પેલા દુર્બળ માધવગુપ્તે પાછળથી શશાકના મસ્તકપર તલવારનો ઘા કર્યો ! શરના આઘાતથી એક સરખો રક્તસ્રાવ થવાથી શશાક પ્રથમથી જ નિ શક્ત બન્યો હતો માધવગુપ્તનો આ બળપૂર્વક આઘાત થતા જ શશાક જમીન પર પડ્યો. !

મગધ સમ્રાટ શશાકને પડેલો જોઇ શત્રુસૈન્યે મહાન જય ધ્વની કર્યો ! સમ્રાટ અને મહાબલાધ્યક્ષને યુદ્ધમા પડેલા જોઈ રહ્યા સહ્યા શરીર રક્ષકો ચોતરફ નાસી છૂટવા લાગ્યા યુદ્ધ પૂર્ણ થયુ ! માધવગુપ્તના સૈન્યે સમ્રાટની છાવણી લૂટવાની તથા તેને આગ લગાડવાની શરૂઆત કરી

તેટલામા ઘાયલ થયેલો રમાપતિ શુદ્ધિપર આવ્યો, અને ધીમે ધીમે ભૂમિ શય્યાપરથી ઉઠીને શશાક પાસે ગયો અનતનુ મસ્તક જુદુ પડ્યુ છે, પરતુ શશાકના શરીરમા માત્ર સહજ બેશુદ્ધી છે, એમ રમાપતિને જણાયુ તરત જ તેણે પોતાના શરીર પરનુ બખતર દૂર કર્યું અને સમ્રાટના શરીર પરનુ પણ કાઢી ફેકી દીધુ પછી શશાકનુ શરીર પોતાના ખભાપર નાખી રમાપતિ અધકારમા ધીમે ધીમે અદૃશ્ય થઇ ગયો

માધવગુપ્તનુ સૈન્ય આ વખતે છાવણી લૂટવામાં લીન થઇ ગયુ હતુ.—રમાપતિને કોઇએ પણ જોયો નહિ !

પ્રકરણ ૧૮ મું.

અનંતમાર્ગનો પ્રવાસી !

ચોતરફ દૂર-ઘણે દૂર સુધી રેતીનુ મેદાન જ જણાતુ હતુ ! દૂર સમુદ્રની નીલ રેખાનો સહજ ભાસ થતો હતો ! અસ્ફુટ મેઘ ગર્જનાની માફક એક સરખો ગભીર ધ્વની કર્ણમા ઘૂચાતો હતો ! રાત્રી પૂર્ણ થઈ અરુણોદય થયો હતો ઉષાના શુભ્ર પ્રકાશથી પૂર્વદિશા ઉજ્વલિત બની હતી

આ રેતીના મેદાનપર એક ઘાયલવીર પોઢયો હતો અને તેની પાસે એક ઉગતી વયનો યુવક વચ્ચે વચ્ચે તેનુ નામ દઈ હાકો મારતો હતો તે કદી કદી તે ઘાયલવીરના ચહેરા તરફ જોઈ તેના વક્ષસ્થલ પર પડી એક અબળાની માફક રુદન કરતો હતો !

' સમ્રાટ, મહારાજ ! શશાક ! ઉઠો, અરે એકવાર ઉઠો ! એકવાર તો મારી માથે બોલો ! "

તે ઘાયલ થયેલા વીરમા હજુ ચૈતન્ય હોય તેમ જણાતુ હતુ કારણ તેના વક્ષસ્થલના ધબકારા હજુ બધ પડ્યા નહતા !

તે તરુણે પુન હાક મારી " શશાક મહારાજ—"

સમ્રાટ તરફથી કંઈજ ઉત્તર ન મળેલો જોઈ પુન તે તેના વક્ષસ્થલપર પડી રડતો રડતો બોલ્યો " ત્યારે શશાકરાજ ! પુન નહિ જ ઉઠો કે આપ ? કેવલ એકવાર, એકવાર નહિ બોલો કે મારી માથે ? જુઓ, હૃદયેશ્વર, એકવાર નેત્ર ઉઘાડી જુઓ હુ સૈનિક નથી ! હુ રમાપતિ પણ નથી ! નાથ, આપની દાસી લતિકા જ છુ આજે આપણા લગ્નની પહેલી રાત્રી છે ને ? "

એટલુ કહી તે તરુણ, કહો કે તે તરુણી સમ્રાટ પાસે જમીનપર પડી મોટેથી રડવા લાગી

કેટલીકવાર સૂર્યોદય થયો. સૂર્ય કિરણ કંઈક તીવ્ર થયા પછી શશાંક ધીમે ધીમે શુદ્ધિપર આવ્યો પણ લતિકાદેવીના લક્ષમાં તે આવ્યું નહિ. તે અદ્યાપિ રેતી પર પડી રડતી હતી

અઝાટ શશાંક હમણાં પૂર્ણ શુદ્ધિમાં આવ્યો હતો. લતિકાના મસ્તક પર હાથ મૂકી અત્યંત ક્ષીણ સ્વરે તે બોલ્યો “ અનંત–”

લતિકાના આનંદની સીમા રહી નહિ ! તે તરત જ ઉઠી અને બોલી “ શું મહારાજ ? ”

શશાંકે જેમ તેમ કરી કિંચિત માથું ઉંચું કરી પુછ્યું “ તું કોણ છે ? ”

લતિકાદેવી આનંદથી બોલી “ અરે પ્રભુ ! ત્યારે તો મહારાજ શુદ્ધિ પર આવ્યા ! તદ્દન શુદ્ધિપર આવ્યા ખરા ! યૂવરાજ, નહિ, ભૂલી, મહારાજ ! શશાંકરાજ, હું લતિકા–’

શું કહ્યું ? ”

“ હું લતિકા જ છું, મહારાજ ! રમાપતિ ન હોઈ હું ખરેખર લતિકા છું. આપે મારા પ્રેમનો અંગીકાર કર્યો તે દિવસથી જ, મહારાજ, મેં મારા માતૃગૃહનો ત્યાગ કર્યો છે. હું બાળપણમાંથી ઉછરી જે ઘરમાં મોટી થઈ તે ઘર મારે એકદમ છોડવું પડ્યું, પણ નાથ, આપનો ત્યાગ એક ક્ષણ પણ સહન થાય તેમ નહતો. એટલે ત્યારથી એક ક્ષણ પણ હું આપનાથી દૂર રહી નથી. પુરૂષવેષ લઈ સ્ત્રીને માટે અતિશય સાહસપૂર્ણ અને લગભગ અશક્ય એવા કામ મેં કેવળ પ્રેમના બળપર કર્યા છે ! આપનો એક ક્ષણ પણ વિયોગ ન થાય તે માટે હું મારો પ્રવેશ ખાનગી સૈન્યમાં કરાવી લઈ આપની સમક્ષ રમાપતિ બની રહી. ”

શશાંકે ગભરાઈ જઈ કહ્યું ‘ શું કહ્યું તે લતિ ? તું લતિકા કે રમાપતિ ? મને તો કંઈ જ સમજ પડતી નથી ! અનંત ક્યાં છે.”

લતિકા કઇ જ બોલી નહિ તે મસ્તક અવનત કરી ઉભી રહી

“ રમાપતિ—લતિ ! અનત ક્યા છે ? ”

“ અનત સ્વર્ગમા છે, મહારાજ ! ”

શશાકે નેત્ર વિસ્તૃત કર્યા ક્ષણવાર અટકી ગદ્ગદ સ્વરે તે બોલ્યો “ શુ ? અનત પણ મને ત્યજી ગયો ? અનત–હાય !–નરસિંહજી–ચિત્રા ! યુદ્ધનુ–શુ થયુ ? ”

લતિકા કરૂણ સ્વરે બોલી “ મહારાજાધિરાજ ! યુદ્ધ પૂર્ણ થયુ છે ”

“ શુ થયુ ? ”

“ યુદ્ધ પૂર્ણ થયુ ! માધવને જય મળ્યો ! ”

‘ માધવને જય મળ્યો ’ એ લતિકાના મુખના શબ્દ સાભળતા જ તે ઘાયલ, નિ શક્ત થયેલો વીર રેતીના મેદાનમા એકદમ ઉઠી બેઠો થયો ! દિપક અતકાળે એકદમ પ્રજ્વલિત થયો !

શશાક તીવ્ર સ્વરે બોલ્યો “ શુ માધવને જય મળ્યો ? અશક્ય–તદન અસભવનીય ! યશોધવલદેવ ગયા, નરસિહ ગયો, માધવ ગયો, અનત ગયો માટે શુ થયુ ? હજુ શશાક જીવે છે, વીરેન્દ્ર છે, વસુમિત્ર છે ! મગધના પ્રાચીન સામ્રાજ્યનુ પુર્વ ગૌરવ હુ પુન પ્રાપ્ત કરીશ ! પણ–પણ તુ કોણ છે ? તુ રમાપતિને નહિ–નહિ–તુ રમાપતિ નથી–તુ–તુ લતિકા ! લતિ, લતિકે, તુ આટલા દિવસ ક્યા હતી ? ના, તુ લતિકા નથી–તુ રમાપતિ ! તને તો મે આટલા દિવસ ઓળખ્યા નહિ ! ”

“ મહારાજ, હૃદયેશ્વર, સ્વામિન, હુ લતિકા જ છુ હમેશ આપનુ દર્શન થઈ શકે તેથી પુરૂષ વેષ લઇ મે રમાપતિ નામ ધારણ કર્યું હતુ ? ”

શશાકે પુન એકવાર લતિકા તરફ જોયુ અને કહ્યુ “ હા, લતિકા, લતિ,–ચિત્રા ! અસભવ ! ”

લતિકા અત્યત કરુણ સ્વરે બોલી "હવે 'અસભવ' એમ બોલશો નહિ, નાથ ! આપની આશાથી, આપના દર્શનની અભિલાષાથી, એક દિવસ, એકક્ષણવાર પણ આપનો લાભ થવાની આશામા, ધર્મપર, લજ્જાપર પાણી છોડી સ્ત્રીઓને અશક્ય એવુ કાર્ય પણ મે કર્યુ, મહારાજ ! એક દિવસ, એકક્ષણ પણ મારી આ છેવટની વિનતી પૂર્ણ કરો નાથ, હૃદયેશ્વર હુ સારી રીતે જાણુછુ કે, આપ ચિત્રામયછો પણ હુ શુ કરૂ ? હુ તો તદ્દન આપની છુ, હુ શશાંકમય છુ મારૂ આપના સિવાય, નાથ, કોઇપણ નથી, કઈ પણ નથી ! હુ અનાથ છુ ! મહારાજ, આ દીનની છેવટની પ્રાર્થના આપ પૂર્ણ નહિ કરો ? આપ તો ચિત્રાના જ છો ! પણ આપ કેવળ એકવાર, એકજવાર કહો કે, મારા દેહનો એક કણ, ચરણ અંગુલીનો અગ્રભાગ, લતિ તારો છે—ખરે જ તારો છે !, એમ આપ કહેશો, તેટલાથી પણ મારૂ શૂન્ય હૃદય પરિપૂર્ણ થશે ! મહારાજ ! હવે મારા પ્રેમનો તીરસ્કાર ન કરો—"

" લતિ ! કેમ, કોને ખબર ! પણ મને આજે એવુ લાગે છે કે, આજ મારા જીવનનો છેલ્લો દિવસ છે ! કાલે હુ કઇ સૂર્ય પ્રકાશ જોઈશ નહિ ! આ જીવનની સીમાપર હુ આવી પહોચ્યો છુ લતિકા તારા પર મારો પ્રેમ છે તારા મનને અનંત યાતના આપી મે પણ અતિશય ક્લેશ ભોગવ્યો છે ! હવે કોઇના પણ મનને વ્યથા કરીશ નહિ !"

" લતિ, લતિકા ! પણ બરાબર વિચાર કર, સ્થિર થા, શાંત થા—ચિતાશય્યાપર પડેલા પ્રાણહીન દેહ—પ્રેતનો અધિકાર મળવાથી તુ ખરેખર સંતુષ્ટ થઈશકે ? "

" મહારાજ, મારૂ દૈવ જ એવુ છે કે આ લતિકાની આપના સિવાય ગતી નથી, એ વાત હજુ પણ આપના લક્ષમા આવતી નથી ! જો મારે માટે બીજી ગતી હોત તો, આ ધવલવંશની

કુમારી, મહાનાયક યશોધવલની પૌત્રી, પોતાનુ પિતૃગૃહ છોડી ને એકલી આવી હોત કે ? હૃદયેશ્વર, નાથ, આજ જો આપની ચિતાશય્યાનો દિવસ હશે તો આપની ચિતાશય્યાપર એક બાજુએ આ લતિકાની પણ જગ્યા થશે ! તેજ મારી પહેલી શય્યા છે, એ આપ લક્ષમા રાખજો. "

"લતિ ! આજે તને આપવા જેવુ મારી પાસે કંઇ નથી ! કહે, લતિ, કહે, હુ શુ કરૂ ?"

" હૃદયેશ્વર. કહો, આપ મારા છો ને ?"

" લતિ ! આ શરીરમા મારૂ પોતાનુ જો કંઇ હોય તો તે તારૂ જ છે, એમ સમજ !"

" નહિ, તેમ નહિ, હૃદયનાથ ! હુ જાણુ છુ આપ ચિત્રાના છો. બીજો કોઇના પણ નથી ! પરંતુ આજે જીવનના અંતિમ દિવસે ચિત્રાની વિશાળ સત્તામાથી એક કણ, કેવળ એક કણજ પોતાનો કહી મને દાન કરો બીજુ કંઇજ મારે જોઇતુ નથી, મહારાજ !"

"તે આપવાનો પણ અધિકાર મને છે કે નહિ તે હુ જાણતો નથી લતિ ! જો હોય તો તે કણ હુ તને આપુ છુ"

" મહારાજ ! આપ રાજરાજેશ્વર છો આ દીન અનાથ ભીખારીણી સાથે વાગ્યુદ્ધ કરવુ આપને માટે યોગ્ય નથી નાથ ! ચિત્રાની સત્તાનો તે ચિત્રાનો જ છે તેમાથી કેવળ એક કણ આપી મને તૃપ્ત કરો. મહારાજ ! ચિત્રાનો આત્મા સ્વર્ગમા તેથી લેશ માત્ર અસંતુષ્ટ નહિ થાય ! "

"લતિ, ક્ષણે ક્ષણે હુ નિ:શક્ત થતો જાઉં છુ ચિત્રાની સત્તામાથી એક કણ મે તને આપ્યો ! થયુ હવે ! હવે તારા પ્રેમને તરછોડીશ નહિ આજ કોઇના પણ મનને દુ:ખી કરીશ નહિ મારા અધિકાર બહારનુ કાર્ય મે કર્યુ હશે તો તેથી ચિત્રા મારા પર

રીસાશે, પણ તે બહુવાર રિસાઈ રહેશે નહિ તેની પાસે જ જાઉં છુ, લતિ ! ”

લતિકા દેવીએ પોતાના વસ્ત્રમાથી રત્નવલય બહાર કાઢયા અને તે શશાકના હસ્તમા મુકયા.

શશાકે પુછયુ ‘ એ શુ, લતિ ? ”

“ હૃદયેશ્વર, એ મારી દાદીના વલય છે સાભળે છે ને આપને ?

‘ સાભળે છે, લાવ તે આમ ! તારા હસ્તમા પહેરાવુ છુ ”

શશાકે પોતાના કંપિત હસ્તે વલય લતિકા દેવીના હસ્તમા આરોપ્યા તેણે કહ્યુ “ આજે મોટા આનદનો દિવસ છે, લતિ ! આજે પિતાજી, માતાજી, લલ્લ, યશોધવલદેવ, નરસિહ માધવ, અનત એ સર્વને હુ મળીશ ! વિનયસેન પણ ત્યા જ છે ! લતિકે, કોઈ જાણે મને એમજ કહે છે કે, તુ પણ મારી સાથે જ ત્યા આવીશ ”

“ હૃદયનાથ આજે આપણો લગ્નોત્સવ છે ! આજે આપ જ્યા જશો ત્યા આપની છાયા પ્રમાણે હુ પણ આપની સાથે જ આવીશ આપને છોડીને એક ક્ષણ પણ કેવી રીતે રહી શકુ, મહારાજ ? ’

“ લતિ, આપણે કયા છીએ ? ”

“ તામ્રલિપ્તી પાસે સમુદ્ર કાંઠે ! ”

“ મારો અનત કયા છે ? ”

“ અનતધામમા–મહારાજ ! ”

“ એકજ વાર જો નરસિહ મને મળ્યો હોત ! તેણે મને એક વખત દર્શન આપ્યુ હોત, તો–મે તેને સમજાવીને કહ્યુ હોત કે મારો દોષ નહતો, ચિત્રાનો પણ નહતો !–સર્વ દોષ અદૃષ્ટનો ! લતિ ! તરસ–ભારે તરસ—”

ચોતરફ વિશાળ રેતી પથરાઇ રહેલી હતી ક્ષણે ક્ષણે આકાશમા ઉંચે ચઢતા સૂર્યનારાયણના પ્રખર કીરણથી રેતી એક સરખી તપતી જતી હતી રક્તસ્રાવ ચાલતો હોવાથી શશાંક તદ્દન નિ શક્ત અને ચૈતન્ય હીન થયો હતો. દિવસ જેમ જેમ ચઢતો ગયો તેમ તેમ તેની તૃષા પણ અધિકાધિક તીવ્ર થતી ચાલી તેણે અટકતા અટકતા કહ્યુ " લતિ ! પાણી ! અતિ-તરસ

સમુદ્ર કીનારે રેતીના મેદાનમા સમુદ્રના ખારા પાણી પાસે મીઠુ પાણી મળવુ હમેશ કઠિન હોય છે શશાકને તૃષાથી તરફડતો જોઇ લતિકાદેવીને અતિશય ચિંતા થવા લાગી છેવટે કંઇક નિશ્ચય કરી તેણે અત્યત મૃદુ સ્વરે શશાકને કહ્યુ

" નાથ, અહી સહજ પડી રહેજો ! કોઈ પણ સ્થળેથી હુ પાણી લઇ આવુ છુ "

" જા જા, લ લઇ આવ ! "

લતિકા મીઠા પાણીની શોધમા રેતીની ટેકરી ઓળંગી ગઇ શશાક તપ્ત વાલુકામા તંદ્રામય બની શીતલ સુંદર જળનુ સ્વપ્ન જોવા લાગ્યો એટલામા એકાએક તેને યુદ્ધનુ સ્મરણ થઈ આવ્યુ અન તવમાં અનતધામમા ગયો અને પોતે ઘાયલ થઇ પડ્યો છે સૈન્યને દોરનારો કોઈ નાયક બચ્યો નથી રાત્રીની તક સાધી દુશ્મને છાવણીપર હલ્લો કરી ઘણાખરા અંગ રક્ષકોને હણી નાખ્યા છે ઘોડદળ કે પાયદળ સેનાપતિના અભાવે છિન્નભિન્ન થતુ જાય છે અને હવે પોતે દૂર રહેશે તો જરૂર પરાજય પ્રાપ્ત થશે

આવો વિચાર આવતા જ શશાક ઉઠવાનો પ્રયત્ન કરવા લાગ્યો પરિણામે એકદમ ઘામાથી લોહીનો પ્રવાહ વહેવા લાગ્યો. ક્ષણમા પરમેશ્વર, પરમ ભટ્ટારક, પરમ વૈષ્ણવ, પરમ માહેશ્વર મહારાજાધિરાજ શશાક નરેન્દ્રગુપ્તનો મૃતદેહ ઢળી પડ્યો.

બે ઘડીમા જ લતિકા ભીના વસ્ત્રે દોડી આવી પણ દુરથી શશાકને પડેલો જોઈ તેને ભાસ થયો કે અતિશય શ્રમના કારણે ગાઢ નિદ્રા આવી હશે પરતુ કેટલીક ક્ષણે પાસે આવી તેણે જોયુ તો સમ્રાટનુ શરીર હીમ સમ શીતલ બનેલુ હોઈ હૃદયના ધબકારા બધ પડેલા જણાયા ! હાય ! સમ્રાટે સ્વર્ગ તરફ પ્રયાણ કરી દીધુ હતુ !

સમ્રાટના તેજહીન વદન તરફ જોઈ લતિકા ડુસ્કા ભરતી બોલી: “ હૃદયેશ્વર, અતે એકલા જ ચાલ્યા ગયા ને ? દાસીની રાહ પણ ન જોઈ ? મહાકષ્ટે આ મીઠુ જળ લઈ આવી પણ હાય ! કોને માટે એ હું લઈ આવી ? ”

આટલુ બોલી લતિકા પણ રેતી પર ભીનુ વસ્ત્ર પાથરીને શશાકના દેહ પાસે સુતી !

કાળનુ વહન થતા સધ્યા સમયે સૂર્યનારાયણ અસ્તાચલે જતા પૂર્વે એક વૃદ્ધ વૃક્ષ શાખા પર બેસી સમુદ્રકાંઠે આવી પહોચ્યો તેના મુખ પરથી તે કોઈની શોધમા હોય તેમ લાગતુ હતુ કેટલીકવારે દૂરથી શશાક અને લતિકાના દેહ દૃષ્ટિએ પડતા તે આનદમા પોકારી ઉઠયો: “ મહારાજ, આપનો હેતુ સફલ થયો છે ! ચાલુક્યરાજ આવે છે નર્મદાતટે હર્ષવર્ધનને સખત હાર મળી છે ! ઉઠો, ઉઠો હવે ! ”

પરતુ કઈ જ ઉત્તર મળ્યો નહિ. નજીક આવી ચૈતન્યહીન દેહ જણાતા ખેદ પૂર્વક તે બોલ્યો: “ શુ જોઉ છુ ? ” બધુગુપ્ત ! ખરે, તારૂ ભવિષ્ય કથન આશ્ચર્યકારક જ કહેવાય. ભાગ્યચક્ર લેશમાત્ર ચલિત નથી બનતુ—ન બન્યુ ! અનતના આ તટે ઉભો રહી, સઘસ્થવીર, તારા આશ્ચર્યપ્રદ ભવિષ્ય કથન સામર્થ્યની પૂર્ણ પ્રતીતિ પામેલો આ શત્રુસેન તને વદન કરે છે. ”

ભગવાન સહસ્ત્ર રશ્મિ અદૃશ્ય થવાની તૈયારીમા હતા સાયકાળના વાયુથી મહાસાગરનો પ્રશાન્ત વક્ષ પ્રદેશ ક્ષુબ્ધ થવા લાગ્યો હતો એકાએક એક પ્રચડ મોજાએ કૂદકો મારી આકાશવાસી વૃદ્ધ સૂર્યનો ગ્રાસ કરી લીધો અને બીજી જ ક્ષણે સમુદ્રમા ભળી ગયો !

અખિલ જગત અધકારમા ગારત થઇ ગયુ !

સમાપ્ત.

અથાણાં, શાક, જાત જાતનાં પકવાનો બનાવવાની
રીત દર્શાવનારૂં પુસ્તક

દરેક કુટુંબમા અવશ્ય રાખવા લાયક—નાની બાળા-
ઓએ અભ્યાસ કરવા લાયક

પાકશાસ્ત્ર અથવા

પકવાન પોથી.

લેખક અને પ્રકાશક—

ગં૦ સ્વ૦ લલિતાગોરી શામરાવ,
ગં૦ સ્વ૦ વિમલાગૌરી મગનલાલ.

એમા ૩૦૦ થી વધુ તરેહ તરેહના ખાવાના પકવાનો બનાવવાના જુદા જુદા પ્રકારો દર્શાવવામા આવ્યા છે જેવાકે—

જાત જાતના શાકો, ભજીયા, કચોરી, કસાર,
પાપડ, મુઠીયા, ગાઠીયા, દાળ, ભાત,
ઘારી, પુરી, તવાઇપુરી, ચીવડો વગેરે

કિમ્મત રૂ. ૩–૦–૦; સોનેરી ગીલ્ટનું
પુઠું. રૂ. ૩॥

મગાવાનું ઠેકાણું;

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,

કાલબાદેવી રોડ, મુંબાઇ.

અભિપ્રાયો.

સાહિત્ય મે ૧૯૨૩

"ગુજરાતી ભાષામા પાકશાસ્ત્રને લગતા ઘણા થોડા પુસ્તકો પ્રગટ થયા છે એ નવાઇ જેવુ લાગે છે. ગુજરાતમા રસોઇની કળા ઘણી આગળ વધી છે એટલુજ નહી પણ ઘણી સ્વાદિષ્ટ વાનીઓ બનાવવાનુ માન ગુજરાતની બહેનો લઇ શકે. આજ લગીમા બે ત્રણ પુસ્તકો બહાર પડ્યા હતા [illegible] શરૂઆતમા ઘર ઉપયોગી રસોઇ કળા, પાક [illegible], અને ઘર ઉપયોગી પદાર્થની પરીક્ષા તથા ખોરાકની સુચના આદિ ઘણા ઉપયોગી વિષય આપ્યા છે. પછી જુદી જુદી વાનીઓ કેમ બનાવવી તેની સુચનાઓ છે ભાત [illegible], [illegible] મિષ્ટાન્ન અથાણુ વગેરે વાનીઓ જુદી જુદી જાતની અને જુદી જુદી રીતે કેમ બને તે અને જોઇતી ચિજોના પ્રમાણો સાથે સ્પષ્ટતાથી સમજાવ્યુ છે. વાનીઓની સંખ્યા ઘણી મોટી છે, એ આ પાકશાસ્ત્રની [illegible] ખુબી છે

ઘણી બહેનોને રસોઇ વિષે વધુ [illegible] જ્ઞાન [illegible] છે, અને રસોઇ એ સ્ત્રીઓના ઘરની વિદ્યા [illegible] માને છે, એ લક્ષમા રાખીએ તો [illegible] જેવો ગ્રંથ ગુજરાત સમક્ષ મુકનાર બહેનોએ [illegible] આપણે [illegible] છે, [illegible] એ અતિશયોક્તિ નથી"

Opinion of

Rao Bahadur Govindbhai Hathibhai Desai.
B A LL B,

Chief Judge Varishta Court,
Baroda State.

Baroda, 24-4-23

Two Hindu Ladies, Ben Vimla and Lalita gaor, have prepared and published an excellent book on Cookery (પાકશાસ્ત્ર) They have taken great personal trouble and undergone great expenditure in this venture The book is nicely printed and supplies a long felt want for our households and schools I am sure it will be of great use to our girls in the study of Cookery The book indeed deserves a liberal patronage and encouragement”

THE MODERN REVIEW.

December 1923.

Pak-Sastra (પાક શાસ્ત્ર). *By G S Lalita-Gavri Samrao, and G S Vimala Gavri Maganlal of Nadiad. Printed at the Union Press Bombay Cloth cover, pp 285 Price Rs 3-0-0 (1923)*

This book is written by two Hindu ladies and thus a guarantee of the fact that whatever is stated there, comes from the most intelligent quarters and that the writers them selves being so to speak in the line of chefs, the recipes given are the result of their personal experience The book is necessarily confined to vegetable preparations, but the number and variety given are so large as to bewilder one Sweets, chutnies, pickles, sherbets and other toothsome viands have not been neglected Weights and measures are carefully given and prescribed and hints on cleanliness and its preservation in the kitchen and the materials to be used therein have not been passed over We think, the book is likely to prove greatly useful and popular.

પ્રજામિત્ર અને પારસી, તા૦ ૪ થી ઑગસ્ટ, ૧૯૨૩

"ઘર ઉપયોગી રસોઇ કરવાને લગતા અત્યાર સુધીમા જે પુસ્તકો બહાર પડયા છે તે ગણત્રીનાજ છે અને તેમા હાલમા બે હિન્દુ બેહનોએ એક નવા ઉપયોગો પુસ્તકનો કરેલો વધારો ઘણો આવકારદાયકજ લેખાશે. ગંગાસ્વરૂપ બેહેન લલિતાગૌરી શામરાવ તથા મુંબઈના જાણીતા બુકસેલર્સ મેસર્સ એન એમ ત્રિપાઠીની કંપનીના ભાગ્યા મી૦ ઝવેરભાઇ પંડયાના ભત્રીજી ગંગાસ્વરૂપ બેહેન વિમળાગૌરી મગનલાલ તરફથી પાકશાસ્ત્ર અથવા પકવાન પોથી નામનુ પુસ્તક બહાર પાડવામા આવ્યુ છે જેમા ત્રણસો જુદી જુદી જાતની વાણીઓ તે પકાવવાની સમજ સાથે ઘણી સરસ રીતે આપવામાં આવી છે આ વાણીઓ બનાવવા માટેની સાદી અને સેહેજમા સમજ પડે એવી સુચનાઓ આપવામા આવી છે, જેથી રાધણકળાના હુન્નરથી વાકેફગારને નવી ઘણી વાણીઓ બનાવવવાની સમજ પડશે, જ્યારે એ હુન્નરથી બીનવાકેફ આસામી પણ આ ચોપડીમા આપેલી સુચનાઓ અનુસાર ચાલીને પોતાનુ રોજીંદુ ખાણુ પોતાને હાથે પકાવી લઇ શકશે હીંદુ જેવી અનફળશાક આહારી મોટી કોમમા અનફળશાકની તરેહવાર વાણીઓ બનાવવાનુ શીક્ષણ આપનારા આવા એક પુસ્તકની ખરેજ ખુટ હતી તે પુરી પાડવા માટે કરતાઓને ધન્યવાદ આપી શકાશે અનફળશાક આહારના ફાયદા હાલમા ભાષણો તથા પુસ્તકોરૂપે જાહેર પ્રજા સનમુખ દાખલા દલીલો સાથે છુટથી રજુ કરવામા આવે છે, જેને પ્રતાપે હીંદુ સીવાય બીજી કોમોના આસામીઓની પણ મોટી સંખ્યા એ ખોરાકી લેવા તરફ ઢળેલો છે, જેઓની એવી વલણને તરેહવાર સ્વાદીષ્ટ વાણીઓથી લલચાવનાર આ પુસ્તક મકમ બનાવવામા સારો હીસ્સો આપી શકશે.

વાણીઓની ચુટણી પુસ્તકમા એવી તો સરસ રીતે ગુથવામા આવી છે કે જેઓને દાતના ચશતાનો બુરો રોગ લાગુ પડયો હોય તેઓને તેમજ તદન સાદા અને સુતરા ખોરાક ઉપર [illegible] કરનારા બને વરગોને તે ઉપયોગી થઇ પડશે કેટલીક વાણીઓ તો એવી છે કે જે બીજી પકવાન પોથીઓમા નજરે પડતી નથી અને ઘરસંસાર ચલાવનારાઓને તે ઘણી કામની થઇ પડે તેવી છે આ પોથીમા જે અસખ્ય વાણીઓનુ તરેહ તરેહ પ્રકારનુ મીનુ આપવામા આવ્યુ છે તે જોતા માત્ર રૂ ૩ ની કીમત ઘણી આકરી લેખાશે નહી વળી સોનેરી ગીલીટ કરેલી પુઠાવાળી ચોપડીની કીંમત રૂ ૩-૮-૦ રાખવામા આવી છે જે દેખાવમા ઘણી શોભાયમાન નજરે પડે છે હીંદુઓ સેવાયની બીજી કોમના—જેમકે પારસી અને મોહમેદન ભાઇઓ—જેઓ એકના એક ખાણાથી કંટાળ્યા હોયે તેઓને પાકશાસ્ત્રમા આપવામા આવેલા મીનુની અજમાએસ લેવા ભલામણ કરી શકાશે કે જેથી “વેરાયટી” તરીકે એક નવીનજ પ્રકારની વાણી બનાવવાનુ ઘણુ સુગમ થઇ પડશે આવી પકવાન પોથીઓ આપણી કન્યાશાળાઓમા પણ દાખલ કરવાની ઘણી જરૂર છે અને રાંધણકળાની તાલીમ માટે તે કન્યાઓને ઉપયોગી થઈ પડશે આ પુસ્તકમા વાણીઓ બનાવવાની સમજ કેવી ખુલ્લી ભાષામા આપવામા આવી છે તે દરશાવવા માટે તેમાથી “ઘઉંની રોટલી” અને “પાકા કેળાના ભજીયા” કેવી રીતે બનાવવા તેનુ આપવામા આવેલુ વરણન અમો હેઠળ ઉતારીયે છીએ —

રોટલી ઘઉંની—લોટ શેર ૧, ઘી શેર ૦)=, અને ચોખાનો લોટ શેર ૦)=

લોટ બાંધવાની રીત, દાળ સીજતી હોય તે વખત લોટ બાંધીને ભીજવવો નીચે પ્રમાણે —

લોટને મહેલ આંગળાં હાથથી ટુપવો, અને તે ઉપર પાણીનો છટકાવ કરી નાખી મુકવો. રોટલી કરતી વખત બાધેલા લોટને હાથથી ગુંદી નરમ કરેલુ હોય તો તેને બરેબર રીતે કરવો પછી જેવડી રોટલી કરવી હોય તે પ્રમાણે લુવો લઇ સાફ ચકલાણ વેલણ ઉપર વણવી, અટામણ ચોખાના લોટનુ લેવુ, તે રોટલી જાડા તવા ઉપર સેકવી, અને તેને એક વખત જરા ગરમ થાય એટલે ફેરવવી બીજી બાજુ ચુમકી પડે એટલે આચ કાઢી બાર ગજગ્યો હોય તે ઉપર નાખવી ફુલી જાય એટલે ઉતારી લઇ ચમચાથી ઘી ચોપડી દેવુ

પાકા કેળાના ભજીઆ—ચણાનો લોટ શેર ૧, કેળા શેર ૧, લુણ તોલા ૧, ખારો તોલા ૦।, હીંગ વાલ ૬, તેલ શેર ૦।।, મેથી સેકેલી તોલો ૦।।, લાલ મરચા નગ ૪ નો ભુકો

ચણાના લોટમા લુણ તથા ખારો તથા હીંગ તથા સેકેલી મેથી તથા લાલ મરચાનો ભુકો નાખી ઘોર કરવો કેળાના ગોળ ચગદા કરી વેસણમા લપેટી ઉપર પ્રમાણે તળી લેવા

વળી પહેલા પુસ્તકમા દુધ, ખાડ, માખણ જેવા રોજીદા ઉપયોગના પદાર્થો ભેળસેલ વગરના હોયાની ખાત્રી કેમ કરવી તેની માહિતી આપવામા આવી છે શરૂઆતમા જુદી જુદી વાનીઓની અનુક્રમણિકા આપવામા આવી છે જે ઉપરથી જે વાની પકવવી હોય તે કયા પાના ઉપર આવી છે તે ઝટ જોઇ શકાય છે”

બુદ્ધિપ્રકાશ, ફેબ્રુઆરી ૧૯૨૩

“રસોઇ કરતા શિખાઉને અને જુદી જુદી જાતની વાનીઓ તૈયાર કરવાને આ પાકશાસ્ત્રનુ પુસ્તક ઉપયોગી માહિતી પૂરી પાડે છે, રસોઇમા વિવિધતા અને નવીનતા આણવા માટે આવુ પુસ્તક ખરેખર એક મિત્રની ગરજ સારે છે પોતાના જ્ઞાન અને આવડનો લાભ, ઉપર મુજબ એક પુસ્તક તૈયાર કરી, અન્ય બહેનોને આપવા બદલ અને લેખક બહેનોને ધન્યવાદ ઘટે છે”

જામે જમશેદ, તા૦ ૧૮ મી આગસ્ટ ૧૯૨૩

"બે હીંદુ બાઇઓએ આ પાકશાસ્ત્ર યાને પકવાનપોથીનુ નાનકડુ પુસ્તક રચીને બાહેર પાડયુ છે પુસ્તક પોણીત્રણસો સફાનુ છે અને કપડાના સુશોભીત પુઠામા બાધેલુ છે મોટા હરફે સારા કાગળ ઉપર છાપેલુ છે જેઓ માસ, માછલી અને ઈંડાનો ખોરાક લેતા ન હોય, તેઓ માટે આ પુસ્તક ઉપયોગી છે તેમા અન્નફળ, શાકની તરેહવાર વાનીઓ બનાવવાની રીત સહેલી શાદી ભાષામા આપી છે આ પુસ્તક ખસુસ કરીને હીંદુ કુટુબોને બરનુ છે, કારણ કે હીંદુ ઘરોમા પકાવવામા આવતી વાનીઓ બનાવવાની રીત તેમા આપી છે પણ જે પાગ્સી કુટુબો માસનો ખોરાક લેતા ન હોય, અને માસ, માછલી વગર દરરોજ સવારે "શુ રાધવુ-શુ ખાવુ" ની મુઝવણ થતી હોય તેઓને આ પુસ્તક ઉપયોગી થઈ પડવુ જોઈએ ત્રણસોથી વધુ વાનીઓ બનાવવાની રીત એમા આપેલી છે દગ્રોજ ખપના તરેહવાર પકવાનો, જાત જાતની મીઠાઇ, ચટણી અચાર, મુરબા, મસાલા વગેરે બનાવવાની રીત આ પુસ્તકમા આપી છે. વળી શીયાળાની મોસમમા ખાવાના તરેહવાર જાતના શક્તીના પાકો બનાવવાની રીત પણ એમા આપી છે માસનો ખોરાક લેનારા પારસી કુટુબો પણ એકની એક વાનીઓથી કટાળી ગયા હોય અને વાર તહેવારે કાઇક નવી વાનીઓ બનાવવાની હોસ રાખતા હોય, તેઓને આ પુમ્તકમાથી ઘણુક નવુ જાણવાનુ અને શીખવાનુ મળશે—તેથી દાતના ચશટાનુ અભાગ્યુ દરદ દરે કરી શકાશે"

પુરસદ, સપ્ટેમ્બર—ઑક્ટોબર, ૧૯૨૩

"અન્ન ફળ શાકના ખોરાકપર ગુજારો કરનારા વેજીટેર્યનોને માટે ગગાસ્વરૂપ લલિતાગૌરી શામરાવ તથા ગગાસ્વરૂપ વિમલાગૌરી મગનલાલે અન્ન ફળ શાકની તરેહવાર વાનીઓ કેવી રીતે પકાવવી તે શિખાડવાને ઉપલા નામ હેઠળ ૩૨૦ સફાનુ એક કીંમતી પુસ્તક બાહેર પાડ્યુ છે જે વેજીટેર્યનોની એક ઘણી અગત્યની ખુટ પુરી પાડે છે તરેહ તરેહના ખોરાકના પદાર્થોમા કુદરતી રીતેજ અનેક તરાહના સ્વાદ ભરેલા રસો રહેલા છે, અને તેમને જો સારી રીતે પકાવેલા હોય છે તો તે ઘણાજ સ્વાદિષ્ટ બને છે આ પકવાન પોથીમા અકેક એવી વાણી આપેલી છે કે જેના નામો વટીક અદ્યાપિ હુ જાણતો ન હતો આગલા કાળમા સ્ત્રી પુરૂષો સ્વાદિષ્ટ રસોઇકળા ઉત્તમ પ્રકારે જાણતા હતા, પરતુ હાલમા તો એ શિક્ષણમા બહુજ ખામી જોવામા આવે છે ઘરના માણસોની ખાવા પીવાની વ્યવસ્થા કરવાનો મુખ્ય આધાર સ્ત્રીઓ ઉપર રહેલો છે, પણ તેમા હાલ ઘણી ન્યુનતા જોઈ શકાય છે જેમ ઘણી વિદ્યાવાળા પુરૂષને માનપ્રતિષ્ઠા મળે છે અને તેજ તેનુ ભુષણ થાએ છે તેમ સ્ત્રીઓને જો સારી રસોઇ કરતા આવડે છે તો તેમની પ્રતિષ્ઠા વધે છે મર્દોએ આણેલા ખોરાકી પદાર્થો સારી રીતે પકાવીને જમાડવા એ તો સ્ત્રીઓનુ મુખ્ય કર્તવ્ય ગણાય છે, અને જો એ આર્ટમા એક સ્ત્રી પછાત હોય તો તેના ભડોળની ત્યાજ પરીક્ષા થઇ જાય છે, આપણી પારસી કોમની કોલેજમા કેળવણી લેતી છોકરીઓમાના મોટા ભાગને આજે ઈંડુ ચાલવતા આવડતુ નથી, અને તેથી તેવીઓને માટે આવી પકવાન પોથીઓની ખરેખર બહુ જરૂર છે

આ પુસ્તકમા કેટલોક માલમસાલો ભરાયો છે તે આ માસીકના ગયા અંક સાથે વેહેચવામા આવેલાં હેંડબીલથી જોવાયુ હશે, અને એ પુસ્તકની એક કાયમની જાહેર ખબર જે આજના અંકથી ચાલુ કરવામા આવી છે તે ઉપર જીભના ચટાકાના શોખીનોનુ ખસુસ ધ્યાન ખેંચવામા આવે છે કુટુંબના બાનુઓના ગાઇડન્સ સારૂ આ પુસ્તકની એકેક નકલ દરેઘર મોજુદ હોવી ઘટે”

[illegible], સપ્ટેમ્બર ૧૯૨૩.

“લગભગ ત્રણસો સફાનુ આ સુંદર પુસ્તક ગં૦ સ્વ૦ લલિતાગૌરી શામરાવ તથા ગં૦ સ્વ૦ વિમલાગૌરી મગનલાલે રચીને બાહેર પાડયુ છે તે હીંદુ કુટુંબોને તેમજ માસનો ખોરાક તજી દઇને અન્નફળ શાકાહારી બનેલા પારસી કુટુંબોને ઘણુ ઉપયોગી થઇ પડવુ જોઇએ આ પકવાન પોથીને ત્રણ ભાગમા વહેંચી નાખીને દરરોજના ખોરાકની તેમજ મીઠાઇ મીષ્ટાનોના તરેહવાર વાનીઓ બનાવવાની રીતો તેમા આપી છે ખોરાકીની જણસોમા થતી નુકશાનકારક ભેળ કહાડવાના થોડાક નુસકા પણ આપ્યા છે અને દુધ, ખાંડ, માખણ, મધ, વગેરે ચીજોમા કાંઇ ભેળ કરી હોય તો તે પરખી કહાડવાની સહેલી રીત સમજાવી છે જુદી જુદી વાની પકાવવાની રીત પણ સહેલી સરળ ભાષામા આપી છે હિંદુ કુટુંબો માટે આવા એક પુસ્તકની જે મોટી ખોટ હતી, તે આ પુસ્તકના બાનુકર્તાઓએ દુર કરી આપી છે પુસ્તક સફાઇદાર કાગળ ઉપર છાપીને સુંદર પુઠામા બાંધેલુ છે સ્કુલમા અભ્યાસ કરતી બાળકીઓને ઇનામ આપવા માટે આવા પુસ્તકો ઘણા ઉપયોગી થઇ પડવા જોઇએ”

મુંબઇ સમાચાર, તા૦ ૬ ઠી ઓક્ટોબર, ૧૯૨૩

'ગુજરાતી સાહિત્યની વીવીધ શાખાઓમા અપુર્ણતા કેટલી છે, તેનો કાંઇક ખ્યાલ હાલમા ગંગાસ્વરૂપ લક્ષ્મીગૌરી શામરાવ અને ગંગાસ્વરૂપ વિમલાગૌરી મગનલાલ તરફથી રચાએલા અને બહાર પડેલા 'પાકશાસ્ત્ર' યાને 'પકવાન પેટી' નામના પુસ્તકપરથી જણાય છે દુનીઆમા અનેક કળાઓ છે, તેમા રસોઇની યાને પાકશાસ્ત્રની કળા એ ઘણીજ ઉપયોગી અને અગત્યની કળા છે કમનશીબે જ્યારે અંગ્રેજી અને ચ સાહીત્યમા રસોઇના સંબંધમા યાને પાકશાસ્ત્રના સંબંધમા અનેક પુસ્તકો છે ત્યારે ગુજરાતી સાહીત્યમા તો હજી હવે આ પુસ્તકથી પહેલજ થાય છે. આ પહેલ એ ખરેજ ઘણીજ ઉપયોગી દીશામા છે અને તે માટે ખરેજ આ બાનુ કરતાઓને ગુજરાતી આલમ જરૂર ધન્યવાદ આપશે આ પુસ્તકમા અન્નફલ તથા શાકની વીવીધ બનાવટો, તેમ તે બનાવવાની વીવીધ રીતીઓ ઘણીજ સાદી અને સરળ રીતે સમજાવવામા આવી છે, કે જેથી તે પુસ્તક વ્યવહારૂ ઉપયોગી થઇ પડે મીષ્ટાન, ચટણીઓ, રાઇતાઓ, અથાણાઓ, વીવીધતાઓ અને તે બનાવવાની રીતોઓથી ઘણી પાકટ ઉમરની સ્ત્રીઓ પણ પુરેપુરી જાણકાર નથી હોતી. આ પુસ્તક ખરેખર તેઓ માટે તેમજ સામાન્ય રીતે ગુજરાતી આલમને ઘણુજ ઉપયોગી અને લાભકર્તા થઇ પડશે એ બાબતમા શંકાને જરી માત્ર સ્થાન નથી"

કયસરે હીન્દ, તા૦ ૫ મી ઑગસ્ટ ૧૯૨૩

“ આ પુસ્તક બે હીદુ બાઇઓ ગ૦ સ્વ૦ લલિતાગૌરી સામરાવ અને ગ૦ સ્વ૦ વિમલાગૌરી મગનલાલ તરફથી રચીને પ્રકટ કરવામા આવ્યુ છે લેખકો પોતાના દીબાચામા જણાવે છે કે —

જેમ પુરૂષોને વીદ્યા આવડવી આવશકય છે તેમ સ્ત્રીઓને સારી રસોઇ કરતા આવડવી જરૂરની છે જેમ પુષ્કળ વિદ્યા વાળા પુરૂષને માન પ્રતિષ્ઠા મળે છે, અને તે તેનુ ભુષણ છે, તેમ સ્ત્રીઓને સારી રસોઇ કરતા આવડે છે, તો તેની પ્રતિષ્ઠા વધે છે પુરૂષોએ ઘરમા આણેલ પદાર્થો સારી રીતે તેયાર કરી જમાડવા એ સ્ત્રીઓનુ કર્તવ્ય છે, સારો ને સ્વચ્છ ખોરાક ખાવાને આવવાથી પ્રકૃતિ નીરોગી રહે છે અને મન સતુષ્ટ થાય છે સારી રસોઇ કરનાર સ્ત્રી કુટુબમા સર્વને વહાલી થઇ પડે છે. માટે હમેશા પોતાની પુત્રીઓને રસોઇ કરતા શીખવવી તે ઘણીજ જરૂરની છે અને દરરોજના અભ્યાસથી તેને કટાળો તેમજ મુઝવણ રહેતી નથી ’

લેખકોના ઉપલા વીચારો સાથ આપણે ખુશીથી મલતા થઈશુ. રાધણકળાનુ જ્ઞાન દરેક ઘર ધણીયાણી માટે અતી ઉપયોગનુ છે આ પુસ્તકમા તરેહવાર જાતની દેશી વાનીઓ તથા મીઠાઇઓ બનાવવાની રીત ટુકમા પણ સ્પષ્ટ સમજાવી છે દરેક વાણીમા કેટલો માલ મસાલો જોઇએ તેનુ કોષ્ટક શરૂઆતમા આપવામા આવ્યુ છે સઘળી વાણીઓ અલબતા વેજીટેરીયન છે, છતા પુસ્તક પારસીઓને પણ ઉપયોગી થઇ પડે એવુ છે ”

ગુણસુંદરી અને સ્ત્રી હીતોપદેશ, નવેમ્બર ૧૯૨૩.

“ આપણામા કહેવત છે, ‘ સુરતનુ જમણ અને કાશીનુ મરણ ’ ગુજરાત અને તેમાયે ખાસ કરીને સુરતે રસોઇ કળાની ખીલવણી માટે નામના મેળવી છે, છતા ગુજરાતી ભાષામા પાકશાસ્ત્ર ઉપર ઘણુ' ઓછુ સાહિત્ય પ્રકટ થયલુ જોવામાં આવે છે. એ નવાઇ જેવુ લાગે છે આપણા સમાજમા દરેક સ્ત્રીને રસોઇ બનાવતા આવડવી જોઇએ, કેમકે કુટુંબની અન્નપૂર્ણા તરીકે કુટુંબના ભરણપોષણનો ભાર સ્ત્રીવર્ગને માથેજ હોય છે જે સ્ત્રીને રસોઇ બનાવતા બરોબર નથી આવડતી, તે આપણા સમાજમા હાસીને પાત્ર થાય છે, અને સામાન્ય અનુભવની વાત છે કે, જૂદી જૂદી જાતની વાનીઓ બનાવવાને માટે અનુભવી સ્ત્રીઓને પણ બીજાનો સલાહ લેવી પડે છે, તો શીખાઉની તો વાતજ શી કરવી ? એ દૃષ્ટિએ જોતા આ પુસ્તક બહુ ભારે ખોટ પુરી પાડે છે, અને તે બહુ ઉપયોગી લાગે છે દરેક સ્ત્રીના પુસ્તકાલયમા જ નહિ પણ દરેક રસોડામા એ પુસ્તક રાખવાની જરૂર છે એમા ઘણી વાનીઓ બન'વવાનો રીત આપેલી છે, અને તોલ માપ વગેરે પણ દર્શાવ્યા છે એટલે સમજવામા મુશ્કેલી પડે એમ નથી પુસ્તકના છેવટના ભાગમા ચૂર્ણો વિગેરે બનાવવાની રીત આપી છે આ પુસ્તક પ્રકટ કરવાને માટે લેખીકાઓને ધન્યવાદ ઘટે છે, ”

સાંજ વર્તમાન, તા૦ ૧૧ મી જુલાઇ ૧૯૨૮

"આ પકવાન પોથીમા ખાસી ૩૦૦ જુદી જુદી વાનીઓ તે પકાવવાની સમજ સાથે આપેલી છે લખનાર બહેનોએ બહાર પાડેલુ પુસ્તક એ બહેનોની કોમની બેહનપણીઓને ઉપયોગી થઈ પડશે ખરૂ જુદી જુદી વાનીઓ પકવવાની સમજ ઉપરાંત ઘરઉપયોગી જુદી જુદી વસ્તુઓની પરીક્ષા કેમ કરવી તેને લગતી સમજણ પણ આપેલી છે, એટલે હિન્દુ બેહને ને રસોઈ બનાવવામા એ પુસ્તક ઘણી ઉપયોગી થઈ પડશે ખોરાક સબંધી તેમા આપવામા આવેલી સુચનાઓ તથા જુદા જુદા પદાર્થો કયા કયા વર્ગને ઉપયોગી છે તે બાબતની હકીકત પણ ઘણી મદદગાર થઈ પડશે

બાકી કોમેના વેજીટેરીયનોને તેમજ બીજી કોમની વાનીઓના શોખીન બીજા પારસીઓ તથા મુસલમાનોને પણ એ હિન્દુ પકવાન પોથી સારી ઉપયોગી થઈ પડશે મારી હમદીન બહેનોને પોતાનો ઘરસંસાર ચલાવવામાં "ભોજનકળા" ની ચોપડી ઉપર પણ વખતો વખત નજર ફેરવવાની હુ મજબુત ભલામણ કરીશ તમાથી તેઓને ઘણી નવી વાનીઓ જાણવાની, તે પકાવતા શીખવાની અને તેનો સ્વાદ પોતે ચાખવા ઉપરાંત પોતાના કુટુંબીઓને અવસરે ચખાડવાની ઘણી સરસ તક મળશે તેથી વળી ખોરાક રાંધવાના તેઓના જ્ઞાનમાં ઘણો વધારો થવા પામશે. ભોજનકળાના હુન્નરની આ ચોપડી હિન્દુઓ ઉપરાંત બીજી [illegible] જરૂરના ઉ[illegible]ને પણ એક [illegible]ખી લાયક છે."

જ્ઞાનવર્ધક અને માસિક મિત્ર-નવેમ્બર ૧૯૨૩.

પાકશાસ્ત્ર અને પકવાન પોથી.

કિમ્મત રૂા ૩-૦-૦ વી પી તથા પોસ્ટેજ જુદું.

ઉપલા નામનુ નવુ પુસ્તક તેના રચનાર અ. સૌ. લલિતાગૌરી શામરાવ અને અ. સૌ. વિમલાગૌરી મગનલાલ નામની બે બહેનો તરફથી પ્રગટ થયલુ મળ્યુ છે, આ બે બહેનોએ ઉપલુ પુસ્તક પોતાના અનુભવને અભ્યાસે બહાર પાડી પોતાની બ્હેનોને કાંઇક રીતે નવુ શીખવાડીયુ છે-જણાવ્યુ છે યા બતાવ્યુ છે, તો તેનો બનતો લાભ દરેક ઉમરે આવતી સ્ત્રીઓએ લઇ પોતાનુ માન ગૃહસંસારમા દિપાવવુ જોઇએ છે આ પુસ્તકમાં સેકડો રીતિઓ ને વાનીઓ છે કે તેનો અભ્યાસ જે સ્ત્રીઓ કરે તો પોતે ડાહી કરી ને નવુ જાણીને શીખી શકે

આ પુસ્તક હિંદુ બહેનોએ પહેલુંજ પ્રગટ કરેલુ ધારી શકાય અને આવા ઉપયોગી શિક્ષણની જરૂર આજ કાલ અનેકોએ વિચારી દરેક કુટુંબમા આ પુસ્તકની એક નકલ ખાસ કરીને માતા થનારી સ્ત્રીઓના અભ્યાસ માટે રાખવી જોઇએ આપણે જરૂર એમ ઇચ્છીએ કે સ્ત્રીવર્ગ

સ્કુલમા વિદ્યાનોજ અભ્યાસ કરે છે, ને એવા સ્થળોએ કાઇ રાધણ કરવાનુ શિક્ષણ ખાસ અપાતુજ નથી, તો સ્ત્રીવર્ગને આવુ ઉમદા શિક્ષણ ઘર સિવાય કયા મળી શકે ? આપણે જાણીએ છીએ કે “ પુરૂષવર્ગ પોતાની પ્રતિષ્ઠા વિદ્યા અભ્યાસથી વધારી, પોતે દિપાયમાન થઇ શકે છે, ” તો “ સ્ત્રીવર્ગ પોતાની લાયકાત રાધણકળાથી દેખાડી શકે, ” એ તો દુનીયાનો નિયમ છે પણ આજકાલ આપણે એથી ઉલટુજ દેખીએ છીએ. તે એજ કે અમુક કુટુમ્બોમા આજકાલ સઘળો કારભાર માણસોથીજ ચાલે છે ને ખાવા પીવામા સુઘડતા ને સ્વચ્છતા મુદલે દેખાતી નથી. ખરાબ, વાસી કે થંડુ ને કુસ્વાદનુ પકાવેલુ મનને રૂચતુ નથી અને તે ધીમે ધીમે રોગનુ મૂળ થઇ પડે છે. તો સ્ત્રીઓ આવુ ઉમદા શિક્ષણ લઇ પોતાના કુટુમ્બમા જાતે સ્વચ્છતાથી પકાવે-આવો અભ્યાસ માતા પોતે કરે ને પોતાની દીકરીને અને વહુને શીખવે તો કુટુમ્બમા બહુ રીતે ને કામે ઉપયોગી નીવડે ને પોતાના કર્તવ્યમા પણ પ્રવિણ થાય જો આવી રીતિઓ દરેક ગરીબ કે શ્રીમત વર્ગમા બહુ મોટા પ્રમાણે દાખલ થયલી હોય તો તે કુટુમ્બ સુખી ને સતોષી કહેવાઇ શકાય એમા શકા જેવું કાઇએ નથી ઉમરે આવતી છોકરીઓ પોતે પાકશાસ્ત્રનો અભ્યાસ પોતાને મળતી ફુરસદે કરતી રહે તો થોડા વખતમા તે પોતાના કુટુમ્બમા

અમોએ જણાવ્યુ તેમ એક ઉપયોગી ને કુશળતા ધરાવનારી સ્ત્રી થઇ પડે પણ તે કયારે ? કે પુસ્તો ને ખરો અભ્યાસ કરી જાતે ખાત્રી કરે, ને કુટુમ્બના માણસોને સતોષ આપે ત્યારેજ ઉપલા પુસ્તકમા સેકડો ચીજો રજુ કરેલી છે તે દરેક કુટુમ્બોમા ઉપયોગી નિવડે તેવી છે, ને ૩૨૫ પેજો એવી બાબદોના થયલા છે સારા કાગળો ને પાકા પુઠા સાથે કિમત રૂ ૩-૦-૦ રાખેલી છે એ પુસ્તક કાલબાદેવીપર મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કપનીની દુકાનેથી મળશે.

* * *

નવરાસ, નવેમ્બર ૧૯૨૩

‘ બેહનો ગગાસ્વરૂપ લલિતાગૌરી શામરાવ તથા ગગાસ્વરૂપ વિમલાગૌરી મગનલાલે અન્નફળ શાકની તરેહવાર વાનીઓ કેવી રીતે પકાવવી, તે અન્નફળ શાકના જ ખોરાકપર ગુજારો કરનાર વેજીટેરીયનો—જેઓમા મારી જાણ પ્રમાણે પારસી બાનુએ તથા ગ્રહસ્થોનો હાલમા ઘણો વધારો થતો જાય છે—માટે પકવાનપોથી અથવા પાકશાસ્ત્રના નામથી ૨૮૫ સફાનુ એક અતિ કિમતી પુસ્તક બાહેર પાડયુ છે કે જે મારા વિચાર પ્રમાણે વેજીટેર્યનોને માટે ઘણુ જ ઉપયોગી હોવા સાથે ગોયા તેમની એક ઘણી અગત્યની ખોટ પુરી પાડે છે અનેક તરેહના અન્નફળ શાકના ખોરાકો જો સારી રીતે પકાવેલા હોય છે, તો તે ખાનારને ઘણાજ સ્વા

દિષ્ટ લાગવા સાથે સ્વાદ ભરેલા રસો ચાખવાને મળે છે અને એક મારા ઇષ્ટ મિત્રને મે એ ઉપલી મારીપર આવેલી ચોપડી ભેટ આપતા તેમનાં કુશલ મોહોરદારને તે એટલી બધી ગમી ગઇ છે કે તેઓ તેમાથી દરરોજ નવી નવી વાણીઓ પકાવીને ખાય છે અને તેમના જણાવ્યા પ્રમાણે તેમને આગળ અન્નફળ શાકના ખોરાક પાછળ જેટલો ખર્ચ થતો હતો તેના કરતા તેમને ઘણો ઓછો ખર્ચ બેસે છે ઘેરના માણસોની ખાવા પિવાની વ્યવસ્થા કરવાનો મુખ્ય આધાર સ્ત્રીઓની રસોઇ પકાવવાની કુશળતા ઉપર રહેલો છે, પણ તેમા હાલ ઘણી ન્યુનતા જોઇ શકાય છે આગલા વખતમા સ્ત્રી પુરૂષો સ્વાદિષ્ટ રસોઇ કરવા ઉત્તમ પ્રકારે જાણતા હતા, પણ હાલમા દરેક કોમની સ્ત્રીઓમા એ પ્રકારના શિક્ષણમા બહુજ ખામી જોવામા આવે છે, પણ જેમ એક ઘણી વિદ્યાવાલા પુરૂષને માન પ્રતિષ્ઠા મળેછે અને તેજ તેનુ ભૂષણ થાય છે, તેમ સ્ત્રીઓને જો સારી રસોઇ કરતા આવડે છે, તો તેથી તેમના માન પ્રતિષ્ઠામા પણ ઘણો વધારો થાય છે. મરદોએ ખરિદી આણેલા ખોરાકી પદાર્થો સારી રીતે પકાવીને તેમને જમાડવા, એ તો એક સ્ત્રીનો ધંધોજ છે પણજો ઉપલા આર્ટમાએક સ્ત્રી કાચી યા પછાતપરેલી જણાય તો તેનામા સમાયલા ભંડોલની ત્યાજ પરીક્ષા થઇ જાય છે પારસી કોમની કોલેજમા તાલિમ મેળવતી છોડીઓમાના ઘણુ મોટા ભાગને આજે એક ઇંડુબી કરતા આવડતું નથી, એમ હુ હિમતથી કહી શકુ છુ અને તેથી તેવીઓને માટે ઉપલાના

જેવી પકવાન પોથીઓની વિશેષ જરૂર હુ જોઉં છુ. મારા વિચાર પ્રમાણે આપણા કુટુબના બાનુઓના 'ગાઇડન્સ' માટે ઉપલા પુસ્તકની એકેક નકલ ઘરેઘર અવશ્ય મોજુદ હોવી જોઇએ. ”

યુગધર્મ જેઠ ૧૯૯૯.

“ આ ઉપયોગી પુરતકની પ્રરતાવનામા રસોઇની વ્યવસ્થા, પાક સસ્કાર, ઘર ઉપયોગી પદાર્થો, જેવા કે.—દૂધ, ખાડ, મધ, આટો વગેરેની પરીક્ષા કરવાની રીત પણ બતાવેલી છે. પુસ્તક મોટુ છે અને તેમાં અનેક પ્રકારની વાનીઓ બનાવવાની વિગતો આપેલી ”

ભારતીય જ્યોતિષ ચંદ્રોદય ભાદ્રપદ ૧૯૭૯.

“ ઇશ્વરકૃત સૃષ્ટિમાં સર્વ પ્રાણીઓના જીવનનો મુખ્યતર આધાર તેમને માટે નિર્માણ કરેલા આહાર કરવા યોગ્ય પદાર્થોપર અવલબીને રહેલો છે અને તેમા પણ મનુષ્યના આહારની રસિકતા અથવા વિશિષ્ટતા હમેશાં ઉંચા પ્રકારની પ્રભુએ ઘડેલી છે હવે એ આહાર કે જેનાપર મનુષ્યના પ્રચલિત વ્યવસાયના આધારરૂપ શરિરમાં રહેલી રસાદિ સાત

ધાતુઓનો આધાર રહેલો હોય છે તેમા જો કોઇપણ પ્રકારે વિકૃતિ થાય તો મનુષ્યોની તે ધાતુઓ પણ વિકાર પામે અને તેથી મનુષ્યની પ્રકૃતી પણ વિકાર પામતા મનુષ્ય વિવિધ પ્રકારના રોગોથી પીડીત થાય એમા આશ્ચર્ય નથી

આથી આહાર હંમેશા નિયમિત તથા વિવિધ પ્રકારની વસ્તુઓના સંમિશ્રણથી યુક્ત અને રૂચિકર હોવો જોઇએ કે જેથી મનુષ્ય પોતાના શારીરિક સામર્થ્યની સિદ્ધિ મેળવી શકે.

આ સર્વ જોતાં ગ. સ્વ. બ્હેન લલિતાગોરી તથા ગ સ્વ બ્હેન વિમલાગૌરીએ બનાવેલુ 'પાકશાસ્ત્ર' નુ પુસ્તક આહારની વિવિધ પ્રકારની ચાલુ અથવા સામાયિક વાનીઓ બનાવવા માટે અત્યત ઉપયોગી છે એમ કહ્યા સિવાય ચાલતુ નથી જો કે પ્રકૃતિની વિરૂદ્ધતાના હેતુથી વસ્તુ માત્રમા કોઇ કોઇ વસ્તુની વિશેષતા અથવા ન્યુનતા કોઇને જોવામા આવે એ સ્વાભાવિક છે છતા પણ એમા આવેલી પ્રક્રિયા જોતા એ પુસ્તક ઉત્તમ જ ગણી શકાય અને વેજીટેબલ પારસીઓ, યુરોપીઅનો અને મુસલમાનો વિગેરે તમામ પ્રજાને ઘણુ ઉપયોગી નીવડશે જ--અને તમામ કોમની સ્ત્રીઓ આ પુસ્તકથી ઘણી સતોષ પામશે જ

આ પાકશાસ્ત્રના પુસ્તકમા લગભગ ૨૮૫ વસ્તુઓ બનાવવાનો સમાવેશ કરવામા આવ્યો છે જેમા ચાલુ ખોરાકીની

વસ્તુઓ જેવી કે વિવિધ જાતના ભાત, રોટલી, શાક વિગેરે તેમજ ચટણી, મુરબ્બાઓ, પાકો, તથા વિવિધ પ્રકારની મીઠાઇઓ વિગેરે આપવામાં આવ્યુ છે સાથે ઘરઉપયોગી રસોઇ કળા, પાક સસ્કાર, ઘર ઉપયોગી પદાર્થોની પરીક્ષા તથા ખોરાક સબધી કેટલીક ટુકી સૂચનાઓ પણ આપવામા આવેલી છે કે જે ઉપયોગી થઇ પડે તેવી છે. રસોઇની કળામા અનભિજ્ઞ એવી પ્રથમ ગૃહિણીને આ પુસ્તક ઘણુજ ઉપયોગી થઇ પડે એમ માનવામા અતિશયોક્તિ નથી અને તેથી ગુજરાતની ગૃહિણીઓ પાકકળામા કુશળ છે એવી સાર્વજનીક માન્યતાની સત્યતાને આ પુસ્તક દ્રઢતર રીતે પુરવાર કરે તો તેમા કાઇ નવાઇ નથી

અન્તમા જણાવવુ જોઇએ કે આ બને બેનોએ પોતાના સમયનો સદુપયોગ કરી ગુજરાતની ગૃહિણીઓની સેવા અર્થે આ જે પુસ્તક બહાર પાડયુ છે તે તેમનો પ્રયત્ન સ્તુત્ય છે અને ઇચ્છી શકીએ કે આવી જાતની સેવા કરવા અન્ય બહેનો પણ તત્પર થઇ સમયનો સદુપયોગ કરી જીવનનુ સાફલ્ય કરે”

રસિક નવીન નવલકથાઓ.

	રૂ.	આ.	પા
ચાલીશ ચ્હેરાનો માણસ	૩	૮	૦
સ્નેહલગ્નની સુંદરી ભા. ૧-૨	૩	૮	૦
કુટુમ્બીનું કારસ્થાન ભા. ૧-૨	૫	૦	૦
દુર્ભાગી દારા ખંડ ૧-૨-૩	૩	૮	૦
ભયંકર ભેદ ભા. ૧-૨	૨	૮	૦
શેરલોક હોમ્સનાં સાહસકર્મો	૨	૦	૦
આગ્રાનો ખજાનો	૨	૦	૦
ચમત્કારિક ખૂન	૨	૦	૦
વિચિત્ર જગત-ભા. ૧-૨	૬	૦	૦

ઉંચા કાગળ, લાયબ્રેરીને શોભવે તેવુ પાકું સોનેરી પુઠું અને સુંદર છપાઇ.

એક અમુલ્ય તક.

ઘણીજ થોડી નકલો બાકી છે.

ભારતાર્થ પ્રકાશ અથવા મહાભારત.

પર્વ ૧ લુ આદિ પર્વ	૫	૦	૦
,, ૨ જુ સભા ,,	૨	૦	૦
,, ૩ જું વન ,,	૫	૦	૦
,, ૪ થુ વિરાટ ,,	૩	૦	૦
,, ૫ મું ઉદ્યોગ ,,	૩	૮	૦
,, ૬ ઠુ ભીષ્મ ,,	૩	૦	૦
,, ૭ મું દ્રોણ ,,	૫	૦	૦
,, ૮ મું કર્ણ ,,	૩	૦	૦
,, ૯,૧૦,૧૧ શલ્ય, સૌપ્તિક અને સ્ત્રી પર્વ	૨	૧૨	૦
,, ૧૨ મુ શાતિ પર્વ ભાગ ૧ લો	૫	૦	૦
,, ૧૨ મું શાંતિ પર્વ ભાગ ૨ જો	૬	૮	૦
,, ૧૩ મું અનુશાસન પર્વ	૪	૦	૦
,, ૧૪ મું આશ્વમેધિક ,,	૨	૦	૦
,, ૧૫ થી ૧૮ આશ્રમવાસિક, મહાપ્રસ્થાવિક, મૌસલ અને સ્વર્ગારોહણ	૨	૦	૦

મળવાનુ ઠેકાણું—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

કાલબાદેવી રોડ, મુંબાઇ.

તૈયાર છે !   તૈયાર છે ! !

બહુજ રસદાયક એતિહાસિક નવલકથા

પ્રેમઘેલી-પન્ના.

કિંમત રૂ ૩-૮-૦

વી૦ પી૦ તથા પોસ્ટેજ ખર્ચ જુદુ.

અનુક્રમણિકા.

* * *

પ્રકરણુ ૧ લુ વેરની પ્રતીજ્ઞા. ૨ જુ પ્રેમઘેલી પ્રણયીનિ ૩ જુ મોહિત થયેલુ પતગીઉં ૪ થુ વીરની વીરતા ૫ મું પુરૂષ વેશમા પ્રમદા ૬ ઠું દુર્ગ જીતવાના ફાંફા ૭ મુ મદદ માટે કહેણુ ૮ મુ દુખી બ્હેનની વ્હારે ભાઇ ૯ મુ પ્રતિજ્ઞાનુ પાલન ૧૦ મુ પ્રતિજ્ઞા ને તોપખાનાનો નાશ. ૧૧ મુ અણધારી આફત ૧૨ મુ પ્રણય બંધન ૧૩ મુ શત્રુપક્ષમા હોવાનો આરોપ ૧૪ મુ પિંજરમુક્ત પક્ષીઓ ૧૫ મુ સુલેહનુ કહેણુ ૧૬ મુ દૂતના સંદેશા વિષે મસલત ૧૭ મુ પ્રપંચ સામે પ્રપંચ ૧૮ મુ અરિકદના સૈન્યના પરાક્રમ ૧૯ મુ અરિકદના સૈન્યના પરાક્રમ (ચાલુ) ૨૦ મુ રઘુવીરસિંહનુ જબરૂ સાહસ ૨૧ મુ નાગોરનો બચાવ ૨૨ મુ હર્ષઘેલી પન્ના. ૨૩ મુ રઘુવીરનુ મરણ ૨૪ મુ વિજય દરબાર ૨૫ મુ અરિકદની મહારાણી ૨૬ મુ રઘુવીર આશ્રમ